


પ્રસંગમ્

પ્રમુખસ્વામી મહારાજના
પ્રેરક પ્રસંગોનું હૃદયંગમ સ્મરણ

(સને ૨૦૦૭)



સ્વામિનારાયણ અક્ષરધામ : નવી દિલ્હી

બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બી.એ.પી.એસ.)

પવિત્ર નૈતિક જીવન માટે કટિબદ્ધ આ સંસ્થા એક વિશ્વવ્યાપી આધ્યાત્મિક સમાજ છે, એક શાંતિચાહક સમાજ છે. જીવનનો સાચો મર્મ સમજાવતી, શાશ્વત શાંતિ તરફ લઈ જતી આ ધર્મસંસ્થાનું લક્ષ્ય છે - માનવમાત્રનો ઉત્કર્ષ. ભગવાન સ્વામિનારાયણ (સને ૧૭૮૧-૧૮૩૦) પ્રબોધિત વૈદિક આદર્શોને કેન્દ્રમાં રાખી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સને ૧૯૦૭માં આ સંસ્થાની સ્થાપના કરી હતી. સંસ્થાનાં ૧૨,૫૦૦ સત્સંગ કેન્દ્રો(સંસ્કારધામ મંદિરો, બાળ કેન્દ્રો, યુવા કેન્દ્રો, મહિલા કેન્દ્રો વગેરે)નો વિશ્વવ્યાપી આધ્યાત્મિક પરિવાર માનવ-ઉત્કર્ષની અવિરત ગંગા વહાવે છે. સંસ્થાના ૮૦૦ સુશિક્ષિત સંતો તથા ૫૫,૦૦૦ યુવાનોનું વિરાટ સ્વયંસેવક દળ આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનું વહન કરે છે. ચાહે તે રાહત કાર્યો હોય કે શૈક્ષણિક અભિયાન હોય; ભૂકંપગ્રસ્ત ગામોનું પુનર્નિર્માણ હોય, વસ્ત્રવિતરણ કે જળસંચય અભિયાન હોય; શિક્ષણ સેવાઓમાં ગામડાંઓની પ્રાથમિક શાળાઓથી માંડી ઇંગ્લેન્ડમાં ભવ્ય વિદ્યાર્થી સંકુલ હોય – અનેક સોપાન સર કર્યાં છે. રોગનિદાન યજ્ઞો, વિક્રમસર્જક રક્તદાન યજ્ઞોથી માંડી હોસ્પિટલ સેવામાં સંસ્થાએ તબીબી સેવાઓ વિસ્તારી છે. વ્યસનમુક્તિથી લઈને એઈડ્સ અને પર્યાવરણ જેવી સમસ્યાઓના હલ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા, યુનો(UNO) દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે. લંડન (યુ.કે.), શિકાગો, હ્યુસ્ટન, એટલાન્ટા (યુ.એસ.એ.), ટોરન્ટો (કેનેડા), નૈરોબી (ઇસ્ટ આફ્રિકા), ઓકલેન્ડ (ન્યૂઝીલેન્ડ), સિડની (ઓસ્ટ્રેલિયા) વગેરે સહિત અનેક દેશોમાં અજાયબી સમાં મંદિરો રચીને સંસ્કાર-પ્રવૃત્તિ અને માનવસેવાની વિશિષ્ટ જ્યોત જગાવી છે. ગાંધીનગર તથા નવી દિલ્હીમાં અભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલ - અક્ષરધામનું નિર્માણ કરી સંસ્થાએ યુગસિદ્ધિ હાંસલ કરી છે. વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં, આપણી સનાતન સંસ્કૃતિને જનમાનસમાં પોષતી આ સંસ્થાએ, વિશ્વવ્યાપી સ્તરે લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે.



પ્રસંગમ્

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના
દિવ્ય જીવનપ્રસંગો



॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

પ્રસંગમ્

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવનપ્રસંગો

લેખક

સાધુ પ્રિયદર્શનદાસ

પ્રકાશક

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

PRASANGAM (Gujarati)
(Memories and Messages of Pramukh Swami Maharaj
from the diaries written by Sadhu Priyadarshandas)

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad - 380 004. India.

1st Edition:
January 2009. Copies: 10,000

Warning:
Copyright: ©Swaminarayan Aksharpith
This book is published by Swaminarayan Aksharpith. Material from this book cannot be used without due acknowledgement to Swaminarayan Aksharpith, Shahibaug, Amdavad.
For any reprints the written permission of the publishers is necessary.

ISBN:
81-7526-398-9

સૂચના :
કોપીરાઈટ : © સ્વામિનારાયણ અક્ષરપીઠ
આ પુસ્તકના અંશો કોઈપણ સ્વરૂપે રજૂ કરવા માટે પ્રકાશકની લેખિત પૂર્વ પરવાનગી મેળવવી અનિવાર્ય છે.

પ્રથમ આવૃત્તિ :
જાન્યુઆરી ૨૦૦૯

પ્રત :
૧૦,૦૦૦

કિંમત :
રૂા. ૬૦-૦૦
(સ્વામિનારાયણ અક્ષરપીઠના અનુદાનથી મૂળ કિંમત રૂા. ૯૦-૦૦માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

પ્રાસ્તાવિક

શ્રીમદ્ભાગવતમાં દેવતાઓની સ્તુતિનું ગાન છે. દેવતાઓ પરમાત્માને પ્રાર્થના કરે છે : અમને ભારત ભૂમિ પર જન્મ આપો, સ્વર્ગમાં અનેક વર્ષોના આયુષ્ય કરતાં અમને ભારત ભૂમિ પર ક્ષણનું પણ આયુષ્ય આપો.
કારણ ?
આ ભારત ભૂમિ જ એવી વિરલ ભૂમિ છે, જ્યાં પરમાત્મા કે પરમાત્માના સાક્ષાત્કારયુક્ત સંતનો પ્રસંગ પ્રાપ્ત થાય છે, અને તેમના પ્રસંગથી દિવ્ય શાશ્વત અક્ષર સુખ પ્રાપ્ત થાય છે.
ભારત ભૂમિનું એ સૌભાગ્ય છે.
પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને, ભારત ભૂમિના એ સૌભાગ્યને ચિરંતન કરી દીધું. જેમને તેઓ પોતાની મૂર્તિ તરીકે સંબોધે છે - એવા ગુણાતીત સંતની ચિરંતન પરંપરા, આ વસુંધરા પર સ્થાપીને તેમણે આ વસુંધરા પર, આ ભારતભૂમિ પર અને આવનારી અનેક પેઢીઓ પર મહાન ઉપકાર કર્યો છે. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને એ જ ગુણાતીત પરંપરાને આજે દીપાવી રહ્યા છે - પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ.
તેમનો પ્રસંગ એ જ જીવનનું પરમ સૌભાગ્ય !
પ્રમુખસ્વામી મહારાજનો એવો સહજ પ્રસંગ પામવા ઇચ્છતા લાખો મુમુક્ષુઓને એ લ્હાવો માણવા મળે એવા હેતુથી, આ પ્રકાશન 'પ્રસંગમ્' આપના હાથમાં મૂકતાં હર્ષ થાય છે.
સને ૧૯૭૧માં સ્વામીશ્રીએ યોગીજી મહારાજના અનુગામી તરીકે પોતાનું યુગવર્તી કાર્ય આરંભ્યું ત્યારથી તેમની રોજનીશી નોંધાઈ રહી છે. જુદા જુદા સમયે જુદા જુદા સંતોએ આ સેવાઓ આપી છે. તેમાં પૂજ્ય વિવેકસાગર સ્વામી અને ત્યારબાદ પૂજ્ય પ્રિયદર્શન સ્વામીએ વર્ષો સુધી આ સાધનામય સેવા કરીને સૌને ઉપકૃત કર્યા છે. સ્વામીશ્રીની આ દિવ્ય નિત્યનોંધોમાં એક અણમોલ અને વિરાટ ઇતિહાસનું દર્શન તો છે જ, પરંતુ તેથીય વિશેષ, સ્વામીશ્રીના અમાપ ગુણાતીત વ્યક્તિત્વનાં અનેક પ્રસંગ - પુષ્પો પણ મઘમઘે છે. પ્રત્યેક પ્રસંગમાં સ્વામીશ્રીની નિરાળી સુવાસ મન-આત્માને તરબતર કરી દે છે.
આ પુસ્તકમાં સ્વામીશ્રીની સને ૨૦૦૭ની રોજનીશીમાંથી એવા પ્રસંગોને માણવાની એક તક છે. અહીં એ પ્રસંગોને વિશેષણો કે ઉપમાઓના વાઘા ચઢાવ્યા સિવાય, સારાંશનો શબ્દશઃ અવબોધ કરાવ્યા સિવાય, યથાતથા, રોજનીશીના જ સરળ પ્રવાહમાં ગૂંથ્યા છે. દરરોજ સ્વામીશ્રીની દર્શન-મુલાકાતે આવતા સેંકડો ભક્તોની સમસ્યાઓ અને સ્વામીશ્રીએ તેમને આપેલા ઉત્તરોમાં અનેકને પોતાની સમસ્યાઓનું સમાધાન પણ મળી જાય તેમ છે. પ્રસંગોની વચ્ચે વચ્ચે દર મહિનાના પ્રારંભે, સ્વામીશ્રીના એ જ મહિનાની છબિ મૂકી છે, જે સળંગ ચાલતા રોજનીશીના પ્રવાહમાં સ્વામીશ્રીની મનભાવન છબિ અને તે મહિનાના વિશિષ્ટ અવસરની સ્મૃતિ કરાવે છે. આ છબિઓ માટે પૂજ્ય યોગીચરણ સ્વામીના અમે આભારી છીએ.
આશા છે, આ 'પ્રસંગમ્' ગ્રંથ સાચા અર્થમાં સ્વામીશ્રીના પ્રસંગનું એક દિવ્ય સાધન બની રહેશે.
આ ગ્રંથના પ્રદાન બદલ પૂજ્ય પ્રિયદર્શન સ્વામીના અમે અંતઃકરણપૂર્વક આભારી છીએ...

- સ્વામિનારાયણ અક્ષરપીઠ.

પૂર્વભૂમિકા...

જેઓની સહજ સન્નિધિ ક્ષણમાં સભર બનાવી મૂકે,
જેઓનું સહજ સ્મરણ ચિત્તમાં અલૌકિક સંવેદના જગાવે,
જેઓના સહજ સંકલ્પે વિચારોને નવું પરિમાણ સાંપડે,
જેઓના સહજ દર્શને લૌકિક વૃત્તિઓ વિરમે અને પરમ આનંદના ધરામાં ઝબકોળાયાની અનુભૂતિ થાય,
અને
જેઓના સહજ પ્રસંગે સહજાનંદનો સાક્ષાત્કાર થાય અને મોક્ષનું દ્વાર ઊઘડ્યાની પ્રતીતિ થાય,
એવા સંતવર્ય પ્રમુખસ્વામી મહારાજનું જીવન સ્વયં એક ચમત્કાર છે.
તેઓના જીવનની પારદર્શિતામાં અભિવ્યક્ત થતી સાદગી,
સાદગીમાં છુપાયેલી નિર્દંભ સાધુતા,
સાધુતામાં ફોરી રહેલા અનંત કલ્યાણકારી સદ્‌ગુણો,
સદ્‌ગુણોનાં તેજનો અંતર ભેદતો શાંત પ્રભાવ,
પ્રભાવમાં છુપાયેલી આધ્યાત્મિકતા,
આધ્યાત્મિકતામાં રસાયેલી પરમાત્મા સાથેની અખંડ તન્મયતાને જોતાં સૌ કોઈને પ્રતીતિ થાય છે કે
તેઓની ભગવી કંથામાં સાક્ષાત્ શ્રીહરિ જ તાણાવાણાની જેમ વણાયેલા છે.
અને એટલે જ
સ્વામીશ્રીનો સહજ પ્રસંગ જેને સાંપડ્યો છે એ સૌને તેઓની બ્રહ્મમસ્તીની છાલક લાગ્યા વિના રહી નથી.
તેઓની સાધુતાની ચિનગારીએ અનેકનાં ભીતર ઝળાહળાં કરી દીધાં છે.

સ્વામીશ્રી શિકાગોમાં હતા. સાંજની સભામાં સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા પછી એક મુમુક્ષુ ડૉ. શૈલેન્દ્રભાઈ શાહ સ્વામીશ્રી પાસે દોડી આવ્યા. તેઓના અંતરમાં અહોભાવ છલકાતો હતો. તેઓ સ્વામીશ્રીને કહે : 'આજે આપનાં ઉપદેશવચનો સાંભળીને મારા સંશય મટી ગયા. વર્ષોથી મૂંઝવતા પ્રશ્નનું સમાધાન મળી ગયું. હૃદય હળવું બની ગયું. વર્ષો પહેલાં હું જ્યારે કરજણ હતો ત્યારે આપનાં કેવળ દર્શનથી મારી સિગારેટ છૂટી ગઈ હતી.'

આ ફક્ત કોઈ એકલદોકલની અનુભૂતિ નથી. અનેકોએ અનુભવ્યું છે કે સ્વામીશ્રી જીવનનું એક એવું બળ છે કે જે શોકમાં ડૂબેલા, વિષમ પરિસ્થિતિમાં મુકાયેલા, અંધકારમાં ખોવાયેલા અને પોતાને અસહાય અનુભવતા સૌને તારે છે.

સ્વામીશ્રીના સહજ પ્રસંગે અનેકનાં ઘવાયેલાં હૃદય ઉપર શીતળતાનો લેપ લાગ્યો છે. દુ:ખ અને વિષાદથી છેરાયેલા અને ઘેરાયેલાઓને સાચી દિશા મળી છે. તેઓનો સત્સંગ મુમુક્ષુઓને બત્રીસે કોઠે દીવા પ્રગટ્યાની અનુભૂતિ કરાવે છે. આપણા સૌનાં એ સદ્‌ભાગ્ય છે કે આવા વિરલ, પરમ એકાંતિક ગુરુવર્ય યુગપુરુષે આપણા જન્મોજનમથી વળગેલા અંધકારને ભેદવા માટે આપણી વચ્ચે આસન માંડ્યું છે. આપણા જ અંધકારની વચ્ચે બેસીને આપણાં અંધારાં ઉલેચતા આ જ્યોતિર્મય પુરુષે લોકોત્તર હોવા છતાં લોકકલ્યાણનો માર્ગ ત્યજ્યો નથી.

તેઓ વિષે ઝાઝું ન લખતાં એટલું કહી શકાય કે વ્યવહારથી માંડીને અધ્યાત્મ સુધીના તમામ પ્રશ્નોના સ્વામીશ્રી સ્વયં ઉત્તર છે. તેઓનું જીવન સૌને પૂર્ણતા તરફ ગતિ કરાવે છે. તેઓનો પ્રસંગ બ્રહ્મરૂપ થવાનો ઉપાય છે અને મુક્તિનું દ્વાર છે.

प्रसङ्गमजरं पाशम् आत्मनः कवयो विदुः।

स एव साधुषु कृतो मोक्षद्वारम् अपावृतम्॥

પરમ એકાંતિક, બ્રહ્મસ્વરૂપ સંતના પ્રસંગે મુક્તિનાં દ્વાર ઊઘડે છે.

જન્મોજનમથી આપણે પોષેલાં અને આપણે જ બનાવેલાં અજ્ઞાનના કોશેટામાંથી આપણા બળે આપણે બહાર આવી શકતા નથી, કારણ કે એ અજ્ઞાન આપણને કોઠે પડી ગયું છે. અને એટલે આપણા મૂળ સ્વરૂપને ભૂલીને આપણે જ આપણને દીવાલ વગરનું કેદખાનું બનાવી મૂકીએ છીએ. અને છેવટે આપણી ઊભી કરેલી આવી સંકડામણ આપણને જ કનડે છે, નડે છે. આવા ઉપલકિયા અસ્તિત્વને વળગી રહીને સ્વભાવ, પ્રકૃતિ, વાસના અને દોષોને કારણે કાયમ દુઃખી રહેનારાઓ માટે સ્વામીશ્રી જેવા સત્પુરુષનો પ્રસંગ મુક્તિનાં દ્વાર સમો છે.

ભગવાન સ્વામિનારાયણે આ જ કહ્યું છે :

'ત્રીસ લક્ષણે યુક્ત એવા જે સંત તેનો સંગ તે મન, કર્મ, વચને કરીને રાખે તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે તેટલાં સર્વે તેના સંગમાં આવી જાય છે.' (વચનામૃત વરતાલ : ૪)

સ્વામીશ્રીએ પણ એક પ્રવચનમાં કહ્યું છે કે 'આત્યંતિક કલ્યાણ માટે મુમુક્ષુએ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ અને એમના અખંડ ધારક પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિને વિષે દૃઢ પ્રીતિ કરવી અને મન, કર્મ, વચને તેમનો દૃઢ પ્રસંગ કરવો.'

આ પ્રસંગ એટલે શું ?

સત્પુરુષ સાથેનું દૃઢ જોડાણ. તેઓ પ્રત્યે આરૂઢ સ્નેહ.

અર્થાત્ આપોપું.

યોગીજી મહારાજ ઉપર આફ્રિકાથી એક પત્ર આવ્યો. એમાં લખ્યું હતું કે 'જેમ અમુક અમુક હરિભક્તો આપનામાં જોડાયા છે એમ અમે પણ જોડાઈ શકીએ....' આ વાંચતાં યોગીજી મહારાજ સહસા બોલી ઊઠ્યા 'લ્યો ! લખતાંય નથી આવડતું. આ કંઈ જોડાયા કહેવાય ? જોડાયા તો ક્યારે કહેવાય ? જેમ અમે શાસ્ત્રીજી મહારાજમાં જોડાઈને એકમેક થઈ ગયા, એને જોડાયા કહેવાય, બાકી તો ઓળખ્યા કહેવાય.'

અર્થાત્ સત્પુરુષમાં જોડાણનો આદર્શ સત્પુરુષ પોતે જ છે. તેઓના જીવનમાંથી આપણને આ બોધ મળે છે. તેઓનાં દિવ્ય ચરિત્રો, લીલાઓ અને પ્રસંગોનાં વાંચન અને મનનથી આ વાત સમજાય છે. એવું જોડાણ સિદ્ધ પણ થાય છે અને બ્રાહ્મીસ્થિતિ પણ પમાય છે.

ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે કે 'એવી રીતે નિરંતર મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે તો એ બ્રહ્મનો ગુણ એ જીવને વિષે આવે છે.' (ગઢડા મધ્ય : ૩૧)

અને આ રીતે જો દૃઢ જોડાણ થાય તો....

અખંડ વૃત્તિ રહે. (ગઢડા પ્રથમ : ૪૪)

મરજી પ્રમાણે વર્તાય. (કારિયાણી : ૧૧)

વિશ્વાસ રહે. (વરતાલ : ૧૧)

અવગુણ ન આવે ને નિર્દોષબુદ્ધિ રહે. (ગઢડા મધ્ય : ૫૪, વરતાલ : ૧૧)

અને પરાકાષ્ઠા તો એ કે સત્પુરુષ પોતાનું સ્વરૂપ મનાય અને માયા ભેદવાની ગતિ પણ પ્રાપ્ત થાય. (જેતલપુર : ૧)

દારેસલામમાં લંડનથી આવેલા યુવક નીરજ તન્નાએ સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! આજે બપોરે મેં આપને કહ્યું હતું કે 'હું તમારો છું,' પણ પછી વિચાર કર્યો તો લાગ્યું કે હજી તો ઇન્દ્રિયો-અંતઃકરણનો પણ છું. ઘણી વખત લેવાઈ જઉં છું. લેવાવાય નહીં એ માટે શું કરું ?'

આ સાંભળીને સ્વામીશ્રી કહે : 'સત્પુરુષનો જે રોજ લાભ લીધો હોય એનું મનન કરવું.'

સત્પુરુષનાં દિવ્ય ચરિત્રો અને પ્રસંગોનું મનન, તેઓ સાથેના દૃઢ જોડાણ અને દૃઢ પ્રસંગનો અકસીર ઇલાજ છે. આવાં મનનથી જટિલ લાગતો સાધનામાર્ગ જાણે કે તેઓની જ આંગળી પકડીને ચાલતા હોઈએ એવો સરળ

બની જાય છે. તેઓનાં ચરિત્રો, લીલાઓ કે પ્રસંગો એક એવો અમૃતધરો છે કે જેમાં ડૂબકી મારનારને મૃત્યુના વમળમાંથી અનાયાસ મૃત્યુંજય મોતી મળી આવે છે. આ પુસ્તક પણ સ્વામીશ્રીના દિવ્ય જીવન પ્રસંગોમાં અવગાહન કરવાનો એક વિનમ્ર પ્રયાસ છે.

'પ્રસંગમ્' પુસ્તકમાં પણ સને ૨૦૦૭ના વર્ષની રોજનીશીમાંથી સ્વામીશ્રીના દિવ્ય જીવનના દિવ્ય પ્રસંગોની સહજ રજૂઆત છે. અહીં ઐતિહાસિક ઘટનાઓ, વિષય કે ક્રમનો મેળ રાખ્યા વગર 'વૃક્ષ ચલે નિજ લીલા'નો ન્યાય રાખવામાં આવ્યો છે.

તેઓના જીવનના નાના-મોટા કોઈપણ પ્રસંગોમાં અવગાહન કરનારને તેઓની અખંડ ભગવન્મયતા, પરમાત્માના કર્તાપણાનું અખંડ અનુસંધાન, ધીરતા, સ્વસ્થતા, સ્થિતપ્રજ્ઞતા, દયા, કરુણા, તિતિક્ષા, ઐશ્વર્ય, પ્રભાવ, પરદુઃખભંજકવૃત્તિ, નિપુણતા, વ્યવહારદક્ષતા, ૮૭ વર્ષની જૈફ વયે પણ ભીડો વેઠવાની તત્પરતા, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ પ્રત્યેની અખંડ સ્નેહયુક્ત દાસત્વભક્તિ, એમના સંબંધવાળા નાના-મોટાનો સૌનો મહિમા અને આવા તો અનંત દિવ્ય અને કલ્યાણકારી ગુણોનું સહજ દર્શન થાય છે. ખાસ તો તેઓના 'પ્રસંગ' દ્વારા જ તેઓનો પ્રસંગ કઈ રીતે કરવો એ શીખવા મળે છે.

જો કે અહીં આ રીતે સ્વામીશ્રીને માપવાનો પ્રયાસ હરગિજ નથી.

અહીં વિનમ્ર પ્રયાસ છે સ્વામીશ્રીને પામવાનો.

તેઓની જ કૃપા વગર એ પણ શક્ય છે ખરું ?

સ્વામીશ્રી જેવા વિરલ પરિવ્રાજકની આ જીવનમુખી અને પરમાત્મમુખી શબ્દયાત્રા છે. પ્રત્યેક શબ્દે અહીં તીર્થને પામ્યાની અનુભૂતિ થશે, કારણ કે સ્વામીશ્રી દિવ્ય છે, પૂર્ણ છે. એટલે જ અહીં પણ પૂર્ણતાનો સ્પર્શ છે. સ્વામીશ્રીના જીવન પ્રસંગો પૂર્ણતાની અનુભૂતિની સાથે પૂર્ણતા તરફ ગતિ પણ કરાવે છે.

અને એટલે જ,

અહીં તો આપણે એટલું જ કરવાનું છે,

સ્વામીશ્રીના દિવ્ય પ્રસંગોમાં ખોવાઈને આપણે આપણા અસલ સ્વરૂપને શોધવાનું છે.

સ્વામીશ્રીના પ્રસંગોમાં ડૂબવાનું છે,


સ્વામીશ્રીના પ્રસંગે તરવાનું છે.

एषः पन्थाः विद्यतेऽयनाय॥


પરમ પૂજ્ય સ્વામીશ્રીના કૃપાપાત્ર પૂજ્ય ઈશ્વરચરણ સ્વામી અને પૂજ્ય વિવેકસાગર સ્વામીની પ્રેરણા અને માર્ગદર્શન તથા પૂજ્ય અક્ષરવત્સલ સ્વામી, પૂજ્ય હરિસ્વરૂપ સ્વામી અને પૂજ્ય નીલકંઠપ્રિય સ્વામીના સહયોગના સહજ સ્મરણ સાથે....

– સાધુ પ્રિયદર્શનદાસના
જય સ્વામિનારાયણ

પ્રસંગમ્



જાન્યુઆરી ૨૦૦૯



'દુનિયામાં જીવપ્રાણીમાત્રનું પોષણ કરનારા ભગવાન છે.
આપણને જે કાંઈ પ્રાપ્ત થયું છે તે પરમાત્માનું છે, આપણે તેમને શું આપી શકવાના?
અનંતકોટિ બ્રહ્માંડનું પોષણ કરનારા ભગવાન, જે હજારો લાખોને આપનાર છે
એ આપણી પાસે માગે છે, એ આપણાં અહોભાગ્ય છે.
આ શરીર, બુદ્ધિ, ઇન્દ્રિયો, સંપત્તિ, પરિવાર, એ બધાંથી
ભગવાનને રાજી કરે એ જ ભક્ત.'

– પ્રમુખસ્વામી મહારાજ

૧-૧-૨૦૦૭, અમદાવાદ

સ્વામીશ્રી ઇ.ઇ.સી.પી.ની સારવાર લઈ રહ્યા હતા. સાંજની સભાનું આયોજન હતું નહિ, એટલે સંપ્રદાયની પ્રણાલિકાઓ તથા પરંપરાઓ ને સ્વામીશ્રીના જીવનના પ્રસંગો સાંભળવાનો લાભ મળે એવા હેતુથી સ્મૃતિ-સત્રનું આયોજન સંતોએ કરી દીધું. આજના દિવસે સંતોએ પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : 'ગોંડલમાં આપને શાસ્ત્રીજી મહારાજના દર્શનની ઇચ્છા હતી ને ઘનશ્યામ મહારાજે સાક્ષાત્ દર્શન આપ્યા એ પ્રસંગ સાંભળવાની ઇચ્છા છે:'

સ્વામીશ્રી કહે : ''દીક્ષા પછી સ્વામીએ (શાસ્ત્રીજી મહારાજે) મને ગોંડલમાં ભણવા માટે મૂક્યો હતો. એ વખતે આ પ્રસંગ બન્યો હતો. નાનપણથી સ્વામી સાથે જોડાયેલા એટલે સ્વાભાવિક એમની સાથે હેત. સ્વામી ગોંડલથી લાભ આપીને વિચરણ કરવા નીકળ્યા એટલે કાયમ યાદ આવે. ગોંડલમાં ભણવાની સાથે સાથે ઘનશ્યામ મહારાજની સેવા પણ મને મળી હતી. એટલે વહેલું ઊઠવાનું થાય. રાત્રે સૂઈએ ત્યારે સ્વામીને યાદ કરીને સૂઈએ. એમાં એક દિવસ સ્વામીને યાદ કરીને સૂતો હતો ને સવારે ૪:૩૦ વાગે જાગ્યો, નાહ્યો-ધોયો અને પૂજા કરતો હતો, ત્યારે કોઈકે કહ્યું કે 'શાસ્ત્રીજી મહારાજ આવ્યા છે.' એ દિવસોમાં સવારે ૪:૩૦ વાગે જેતપુર તરફથી ગાડી આવતી હતી. એટલે સમાચાર મળ્યા ને તરત હું તો પૂજા મૂકીને દોડ્યો કે સ્વામી ક્યાં છે ? મંદિરના પગથિયાં આગળ ગયો અને પૂછ્યું : 'શાસ્ત્રીજી મહારાજ આવ્યા છે તો તે ક્યાં છે ?' તો એક માણસ ઊભો હતો એણે કહ્યું કે 'ઉપર ગયા છે.' એટલે હું તો દોડીને પગથિયાં ચઢીને ઉપર પહોંચ્યો. ત્યાં મેં જોયું તો ઘનશ્યામ મહારાજ સિંહાસન છે ત્યાં પોઢેલા દેખાયા. હું એમને પગે લાગ્યો અને પૂછ્યું કે 'શાસ્ત્રીજી મહારાજ આવ્યા છે ?' આ સાંભળીને ઘનશ્યામ મહારાજ સૂતા હતા તે બેઠા થયા અને કહે : 'શાસ્ત્રીજી મહારાજ તો નીચે ગયા છે.' આ સાંભળીને હું તો પાછો નીચે દોડ્યો. અક્ષરદેરીમાં જોયું, ઉતારે જોયું, બધે જોયું, પણ કોઈ હતું નહીં. ત્યાં વળી કો'કે કહ્યું કે 'દર્શન કરવા માટે શાસ્ત્રીજી મહારાજ ઉપર ગયા છે.' એટલે વળી પાછો હું દોડીને ઉપર ગયો, તો ઘનશ્યામ મહારાજ પલંગમાં બેઠા હતા. અત્યારે જેમ મેં પગ રાખ્યો છે એ જ રીતે એ વખતે એ બેઠા હતા, દર્શન આપતા હતા અને શાસ્ત્રીજી મહારાજ એમની બાજુમાં ઊભા હતા. મેં દર્શન કર્યાં અને પગે લાગ્યો. એટલે ઘનશ્યામ મહારાજ અને શાસ્ત્રીજી મહારાજે મને આશીર્વાદ આપ્યા. થોડી વાર થઈ ત્યાં તો ઘનશ્યામ મહારાજ અને શાસ્ત્રીજી મહારાજ એક થઈ ગયા, સ્વામી અદૃશ્ય થઈ ગયા, ઘનશ્યામ મહારાજ એકલા બેઠા હતા. મને અંતરમાં ખૂબ આનંદ આવ્યો, સંતોષ થઈ ગયો. શાસ્ત્રીજી મહારાજ ઘનશ્યામ મહારાજમાં સમાઈ ગયા. એટલે પછી હું નીચે પહોંચી ગયો.''

પ્રશ્ન : 'આપ દર્શન કરવા માટે પૂજારીના પગથિયેથી ઉપર ચઢ્યા હતા ?'

સ્વામીશ્રી કહે : 'ના, આગલાં પગથિયાં છે ત્યાંથી. પાછળનાં પગથિયાં તો પછીથી થયાં છે. થાળ પણ તે વખતે આગળથી જ લઈ જતા. પૂજારી પણ આગળથી જતા. તે વખતે મધ્યખંડમાં અને ઘનશ્યામ મહારાજના ખંડમાં સિંહાસન થયા હતા. સીદીભાઈએ સેવા કરી હતી.'

પ્રશ્ન : 'મને ઘનશ્યામ મહારાજનનાં આવાં દર્શન થાય, વાતચીત થાય તો હું ત્યાં જ રહી જાઉં, પણ

આપને શાસ્ત્રીજી મહારાજ માટે વધારે આકર્ષણ રહ્યું...'

સ્વામીશ્રી : 'નાના હતા ને હેતથી એમની સાથે જોડાયેલા, એટલે દર્શનનું રહે. વધારે પડતા તો એમને જોયેલા ને ઘનશ્યામ મહારાજની પૂજા કરતો એટલે એમાં પ્રેમ ખરો. અને બેય એક થઈ ગયું પછી બીજો વિચાર રહ્યો નહીં.'

પ્રશ્ન : 'આવાં દર્શન થયાં, એ પ્રસંગની વાત આપે શાસ્ત્રીજી મહારાજ મળ્યા ત્યારે તેમને કરી'તી ?'

સ્વામીશ્રી : 'ના. કોઈ વાત ન'તી કરી.'

પ્રશ્ન : 'આ પ્રસંગની હરજીવનદાસ ને બીજા સંતો હતા એમને વાત કરેલી ?'

સ્વામીશ્રી : 'ના, કોઈને વાત નથી કરી, પણ બહુ વખત પછી વાતમાંથી વાત નીકળી ત્યારે જોગી મહારાજની હાજરીમાં વાત થઈ'તી. એટલે જોગી મહારાજ તો વિશેષથી વાત કરે. ત્યાર પછી બધાને ખબર પડી કે દર્શન થયાં'તાં. આ વાત શાસ્ત્રીજી મહારાજના વખતમાં થયેલી.'

•

૨-૧-૨૦૦૭, અમદાવાદ

સભામાં હર્ષનો ઉન્માદ પ્રગટ્યો. તાળીઓના ગડગડાટ વરસી રહ્યા. સૌ જાણતા હતા કે આ શું છે છતાં સૌ પોતાના આનંદની અભિવ્યક્તિને એકબીજા સાથે વહેંચતા હતા. જેને લીધે જન્મેલા કોલાહલમાં આનંદનું રસાયણ ભળેલું હતું. લાગણીઓને વહેંચવી અને ખાસ કરીને આનંદના અતિરેકમાં વહેંચવી એ આજના પૂજા દર્શનનો વિશિષ્ટ અનુભવ હતો, કારણ કે સ્વામીશ્રી પૂજામાંથી પરવારીને સૌને બે હાથ જોડીને 'જય સ્વામિનારાયણ' કહ્યા પછી પૂજાના આસન ઉપર વિરાજમાન હતા અને ત્યાં જ ઊડતું ઊડતું એક કબૂતર સ્વામીશ્રીનાં ચરણો આગળ આવીને નિરાંતવું ફરવા લાગ્યું. આ દૃશ્ય અદ્ભુત હતું. સત્પુરુષના અંતરમાં રહેલી જીવપ્રાણીમાત્ર પ્રત્યેની કરુણા અને પ્રેમભાવનાને લીધે સ્વાભાવિક રીતે જ ગભરુ એવું કબૂતર પણ નિશ્ચિંતપણે સ્વામીશ્રીનાં ચરણોની નજીકમાં જ ઘૂમવા લાગ્યું હતું. જેમાં સ્વામીશ્રીની સૌ પ્રાણીઓ પ્રત્યેની પ્રેમભાવના પ્રતિબિંબિત થતી હતી, અને વળી સ્વામીશ્રીનાં ચરણોમાં આશ્રય લેનાર સૌ નિર્ભય બની જાય છે, એ વાતની પ્રતીતિ પણ સૌને થતી હતી, અને તાળીઓ પાડવાનું કારણ પણ એ જ હતું. સ્વામીશ્રી પણ જાણે કે આ પરભવના મુમુક્ષુને આવકારતા હોય એ રીતે જેવું કબૂતર આવ્યું ને હાસ્ય સાથે એનો સત્કાર કર્યો. થોડીવાર આજુબાજુ ઘૂમીને ઊડ્યું એટલે લટકું કરીને સ્વામીશ્રીએ પણ જાણે વિદાય આપી.

આ આવન અને જાવનની વચ્ચે કયો સંકેત હતો એ તો સ્વામીશ્રીને જ પૂછવું રહ્યું. બંને વચ્ચે કયો સંવાદ હતો એ પણ સ્વામીશ્રી વગર કોણ જાણે ?

હા,

એટલું તો ખરું જ કે સૌ માટે આજનાં આ દર્શન અવર્ણનીય હતાં.

•

મુલાકાતના સમયે એક મુમુક્ષુ દર્શને આવ્યો. આ યુવાન પહેલાં અહીં અમદાવાદમાં હતો ત્યારે સત્સંગનો યોગ ન હતો, પરંતુ અભ્યાસ માટે અમેરિકા ગયા પછી એ કંઠીબંધો સત્સંગી થઈ ગયો હતો. એ જ્યારે અહીં હતો ત્યારે એનાં માતુશ્રીને કેન્સર થયું હતું અને અનેક મંદિરોમાં બાધા આખડી કરવા છતાં મટતું ન હતું. એમાં એના ખ્રિસ્તી મિત્રોએ કહ્યું કે 'તું અમારી સાથે ચર્ચમાં આવ અને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર તો કેન્સર મટે.' માતૃપ્રેમને લીધે એણે એવું પણ કર્યું, પરંતુ છેવટે કેન્સરને લીધે એનાં માતુશ્રી મૃત્યુ પામ્યાં. ત્યાર પછી તો એ પરદેશ ગયો. પાછો આવ્યો છતાં મનમાં રંજ હતો. અત્યારે પ્રથમ વખત સ્વામીશ્રીનાં દર્શન કરી રહેલા આ યુવકે સ્વામીશ્રી સમક્ષ વ્યથા ઠાલવતાં કહ્યું કે 'મારાં માતુશ્રીનું અવસાન તો થયું. હજી મારા પિતા કહે છે કે ક્યારેક ક્યારેક મને દેખાય છે, તો એમનું શું થયું હશે ?'

સ્વામીશ્રી કહે : 'તને હવે સત્સંગ થયો છે એટલે માતુશ્રીનું પણ સારું થશે. માટે એની કોઈ ચિંતા કરતો નહીં.'

એ યુવક કહે : 'આટલી બધી બાધા આખડી કરવા છતાં એમને રોગ કેમ મટ્યો નહીં ?'

સ્વામીશ્રી કહે : 'મૃત્યુ તો બધાને આવે છે. તારા કુટુંબમાં આજ સુધી કેટલાંય ગયાં હશે. માતાના મૃત્યુનું નિમિત્ત આ હશે એટલે એ રીતે ગયાં.'

યુવક કહે : 'મેં તો એવું સાંભળ્યું છે કે ઘણી વખત આ રીતે બાધા આખડી કરવાથી ઘણાં બચી

ગયાં હોય, પણ મારી મમ્મીનું કેમ આમ થયું ?'

સ્વામીશ્રી : 'મરવાનું તો દરેકને છે, પણ નિમિત્ત જુદા જુદા હોય. કો'કને આ રીતે મરવાનું નિમિત્ત ન હોય તો બચી જાય. અને વળી દુઃખ લઈને અહીં આવે તોય એમ તો ન જ કહેવાય ને કે 'તારાં માતુશ્રી જવાનાં જ છે, ને તું દુઃખી થઈશ.' એવે વખતે તો આશ્વાસન અને બળ જ આપવાનું હોય ! પછી જે થવાનું હોય છે એ તો થઈને જ રહે છે.'

એ યુવક કહે : 'મારાં માતુશ્રીનું તો અવસાન થયું છે, પણ પપ્પાની તબિયત પણ સારી નથી ને કાલે ઊઠીને કાંઈક થાય તો એ માટે હું એમની રક્ષા કરી શકું એવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'તું ભજન કર. ધ્યાન ભગવાન રાખશે. મૂળ, મૃત્યુ તો જે રીતે નક્કી થયું હોય એ રીતે થાય. નિમિત્ત હોય એ મુજબ જવાનું જ છે. આટલાં વરસો જીવવાનું છે - એ બધું લઈને જ આવ્યા છીએ. ભગવાનનો આશરો રાખીએ તો ભગવાન રક્ષા કરે અને દુઃખ ન થાય.'

•

ન્યૂજર્સીથી આવેલા શંકરને જોઈને સ્વામીશ્રી કહે : 'આવો શંકર ! સુખી તો છો ને ?'

'આપની દયાથી બધી જ રીતે સુખ છે. હું ત્યાં અમેરિકામાં સેવા કરું છું, એમાં પણ બધા રાજી છે.'

હસતાં હસતાં સ્વામીશ્રી કહે : 'આ એક જ ભગત એવો મળ્યો કે જે સુખની વાત કરે છે. બાકી હમણાં બધા દુઃખની વાત લઈને જ આવ્યા. આને તો દુઃખ હોય તોય સુખિયો છે !'

શંકર કહે : 'આપની કૃપા.'

સ્વામીશ્રી કહે : 'તારા કુટુંબમાં ક્યારેય દુઃખ આવ્યું જ નથી ?'

'આપ મળ્યા પછી ક્યાંથી આવે ?'

'સમજણ છે એટલે સુખિયા રહેવાય.' સ્વામીશ્રીએ બે ઘડીના સંવાદમાં પણ અખંડ સુખી રહેવા માટેનું રહસ્ય કહી દીધું.

•

આજના સ્મૃતિસત્રમાં સ્વામીશ્રીને પ્રશ્ન પૂછવામાં આવ્યો –

પ્રશ્ન : 'શાસ્ત્રીજી મહારાજ સાથેના છ મહિનાના વિચરણમાં આપે કોઈ પારાયણ-કથા કરેલી ?'

સ્વામીશ્રી : ''ભાદરણમાં રઘુવંશનો અભ્યાસ થયા પછી હીરાભાઈ ચતુરભાઈને પારાયણ કરાવવી હતી. સ્વામી કહે : 'શેની કરવી છે ?' તો કહે : 'સત્સંગિજીવનની કરીએ.' સ્વામી કહે : 'નવા સાધુ બે ભણ્યા છે : નારાયણસ્વરૂપ ને અક્ષરજીવન, એમની પાસે પારાયણ વંચાવીએ.' એ રીતે ત્યાં પહેલી પારાયણ વાંચવાની થયેલી. બધું તૈયાર કરી પછી વાંચવાનું થાય. મારે બે અધ્યાય વાંચવાના. શાસ્ત્રીજી મહારાજ વંચાવે, સમજાવે, પછી હું કલાક વાંચું. અક્ષરજીવન પણ એક અધ્યાય વાંચતા. એ રીતે કથાની શરૂઆત થયેલી. સંસ્કૃતના શ્લોક વાંચી એનો અર્થ કરી જવાનો. બીજું કંઈ લાંબું પ્રવચન નહીં. શ્લોક વાંચીને ગુજરાતી કરી જતા.''

•

૩-૧-૨૦૦૭, અમદાવાદ

આજે ગોષ્ઠિ દરમ્યાન, શાસ્ત્રીજી મહારાજ ટ્રેઇનમાં કઈ રીતે વિચરતા એ પ્રસંગોની વિશદ ચર્ચા થઈ.

પ્રશ્ન : 'શાસ્ત્રીજી મહારાજના સમયમાં ટ્રેઇનમાં વિચરણ કરવાનું થતું તે વખતે રિઝર્વેશન તો હોય નહીં, થર્ડ ક્લાસના ડબ્બામાં જતા, તો એ સમયે વિચરણ કરવામાં મુશ્કેલી ખૂબ પડતી હશે ને ?'

સ્વામીશ્રી : ''વિચરણ તો એમણે બહુ સારી રીતે કર્યું છે. મૂળ વસ્તુ તો ફર્સ્ટ ક્લાસ કે સેકન્ડ ક્લાસની ટિકિટની વાત જ નહીં. કોઈ કહે તો ના જ પાડી દે. કાયમ કહેતા કે થર્ડ ક્લાસ મને ફાવે છે. અને એમણે થર્ડ ક્લાસની જ મુસાફરી કરી છે. કોઈક પ્રસંગે ફર્સ્ટ ક્લાસમાં મુસાફરી કરી હોય ! ફર્સ્ટ ક્લાસનું થયું એ પણ સાવ છેલ્લી અવસ્થાની વાત છે. એક વાર સ્પેશિયલ સલૂન કરીને અટલાદરાથી લઈ ગયા હતા. એમની ઇચ્છા તો બિલકુલ નહીં. ટ્રેઇનમાં માણસોની ભીડ તો હોય, પણ કોઈ હરિભક્ત હોય તો બૈરાંને આઘાંપાછાં કરી બેસાડવાનું કરે. ગોંડલના હરિભાઈનું રેલવેમાં જમવાનું ચાલતું. એટલે કેટલીક વખત મુશ્કેલી હોય ત્યારે મુસાફરી વખતે ટ્રેઇનમાં એમની કેન્ટિનમાં બેસી જતા. નંદાજી (ભારતના એક વખતના કાર્યકારી વડાપ્રધાન) તો ટ્રેઇનના ડબ્બામાં સ્વામીની જગ્યા રોકવા માટે બારીમાંથી કૂદી અંદર જઈ સ્વામીનો

બિસ્તરો-ઓશિકું મૂકી દેતા, પછી સ્વામી દરવાજેથી આવે. આવી કેટલીય મુશ્કેલીઓ હતી, છતાં સ્વામીને પોતાને એવી ઇચ્છા ન'તી કે 'સારી રીતે મુસાફરી કરીએ.' મોટરનો પણ કોઈ દિવસ સંકલ્પ કર્યો નથી ને બીજાએ કર્યા તો એને પણ બંધ કરાવી દીધા.'

પ્રશ્ન : 'ટ્રેઇન કઈ પસંદ કરતા - સવારની કે સાંજની ?'

સ્વામીશ્રી : 'શાસ્ત્રીજી મહારાજને તો ગમે તે ટાઇમે નીકળવાનું થાય. બહુ મેળ ન'તા રાખતા, પણ હું રાખતો. મારે જવાનું થાય તો જમ્યા પછી જ નીકળું. બસમાં જવાનું થાય તો ડ્રાઈવરની સીટ આગળ બેસીએ. કોઈ વખત જમીને નીકળ્યા હોય ને અડી જાય તો નાહી લઈએ. ઉપવાસ કરીએ. કેટલીક વખત આખો દિવસ ઉપવાસ થાય ને કોઈ દિવસ જમ્યા પછી ગયા હોય તો સાંજનો પણ ઉપવાસ થાય. એ રીતે મુસાફરી કરેલી.'

•

આજના સ્મૃતિપર્વમાં સંતોએ સ્વામીશ્રીને પૂછ્યું કે એક વખત રાત્રે ટ્રેન દ્વારા બોટાદ આવ્યા અને ત્યાર પછી સારંગપુર જવાનું હતું અને રાત્રે ઘોડાગાડીવાળા અને ગાડાવાળાને હકાબાપુએ ધમકાવ્યા હતા એ પ્રસંગ સાંભળવો છે.

પ્રસંગની સ્મૃતિ જાણે તાદૃશ હોય એ રીતે હસતાં હસતાં સ્વામીશ્રી કહે : ''રાત્રે ૧૧:૦૦ વાગે અમે બોટાદ સ્ટેશને ઊતર્યા. એ વખતે આજની જેમ છકડા કે બસ મળે નહીં. એક ઘોડાગાડીવાળો ત્યાં ઊભો હતો. એને અમે વાત કરી કે સારંગપુર લઈ જઈશ ? એણે 'હા' પાડી એટલે અમે બેઠાં. હું હતો, દેવચરણ, પ્રગટ અને હકાભાઈ પણ સાથે હતા. હકાભાઈ સાથે ભાડું આપવાની વાત થઈ હતી. રાતનો સમય હતો. અમે સારંગપુરના રસ્તે ચઢ્યા તો ખરા, પણ પેલાનું ઘોડું સાવ મડીયા જેવું અને ઘોડાગાડીનાં પૈડાં પણ એવાં કે ફર્લાંગ - બે ફર્લાંગ ચાલે ને પૈડું ઊતરી જાય. સેંથળી આવતાં સુધીમાં તો હકાબાપુ ખિજાઈ ગયા અને કહે : 'હું કોણ છું તને ખબર છે ? હકાભાઈ ખાચર છું. કાલે તને પોલીસને જ સોંપી દેવો છે. પેસેન્જરને આવી રીતે હેરાન કરે છે તે તારા મનમાં સમજે છે શું ?' પેલો બીચારો હકાબાપુને પગે લાગે, કરગરે, પણ જેમ જેમ પેલો પગે લાગે તેમ દરબારનો પાવર ચઢતો જાય અને મોટે મોટેથી ધમકાવતા જાય. હું હકાબાપુને પાછા પાડું અને કહું કે 'આ માણસ અહીં સુધી આપણને લાવ્યો છે તો ભલે બીજા વાહનમાં જઈએ, પણ એને થોડા પૈસા તો આપો !' પણ બાપુ તો ખિજાયેલા હતા એટલે કહે : 'પૈસા-બૈસા ઓછા અપાય ?' એમ કહીને પૈસા આપ્યા વગર ઊતરી ગયા. રસ્તામાં વાતચીત ચાલતી હતી એટલામાં એક ગાડું ત્યાંથી નીકળ્યું. એ ગાડાવાળો બરવાળા જતો હતો. હકાબાપુએ એ ગાડાવાળાને ઊભો રાખ્યો ને મહિમા કહ્યો કે 'આવા પુરુષ ગાડામાં બેસે તો તારાં ભાગ્ય ઊઘડી જાય અને ધંધો પણ સારો ચાલે.' પેલા ગાડાવાળાએ અમને બેસાર્યા. ભાડું આપવાની કોઈ વાત થઈ ન હતી. કથાવાર્તા કરતાં કરતાં અમે સારંગપુર આવ્યા. હકાબાપુને એમ કે 'આપણે મહિમા કહ્યો છે એટલે આ ગાડાવાળો ભાડું લેશે નહીં.' પણ અમે ઊતર્યા અને સામાન તો હજુ ગાડામાં જ હતો અને ત્યાં તો પેલાએ પૈસા માગ્યા. હકાભાઈ કહે : 'આપણે પૈસાની વાત ક્યાં થઈ હતી ? આ મોટાપુરુષ આ તારા ગાડામાં બેઠા એટલે તારે ઊલટા અમને પૈસા આપવા પડે.' આ સાંભળીને પેલો તો ખિજાયો અને કહે : 'પહેલાં પૈસા મૂકો પછી જ તમારું પોટલું લેવા દઈશ, નહિ તો નહીં લેવા દઉં.' રાતના ૧:૦૦ વાગ્યા હતા. મેં દરબારને કહ્યું : 'બાપુ ૧:૦૦ વાગ્યા છે. ધમાલ થશે તો સાધુની આબરૂ જશે. માટે આપી દો.' દરબાર કહે : 'એમ કંઈ અપાતા હશે ?' બહુ ઊંચા-નીચા થયા, પણ પેલો ટસથી મસ ન થયો અને કહે : 'ચાર જણાના ચાર રૂપિયા મૂકી દો.' એટલે મેં દરબારને કહ્યું : 'છાનામાના પૈસા આપી દો. પેલા ઘોડાગાડીવાળાને એક રૂપિયો ન આપ્યો તો એનો ત્રાસ લાગે કે નહીં ?' ચાર રૂપિયા પેલાએ લીધા ત્યારે માંડ છોડ્યા.''

પ્રશ્ન : 'આપ ઢસા સ્ટેશને એક વખત ધર્મશાળામાં રોકાયા હતા એમ સાંભળ્યું છે ?'

સ્વામીશ્રી કહે : 'એક વાર ગોંડલ જતા હતા ત્યારે ગાડી જતી રહી, એટલે આખી રાત ત્યાં ધર્મશાળામાં પડી રહ્યા.'

•

૪-૧-૨૦૦૭, અમદાવાદ

પ્રશ્ન : 'શાસ્ત્રીજી મહારાજ આપના માટે ઓઢવા-

પાથરવાનું ખાસ રાખી મૂકતા હોય એવું સાંભળ્યું છે.'

સ્વામીશ્રી : 'બોચાસણનો સમૈયો હોય ત્યારે એવું થતું'તું. સંતો-હરિભક્તો ઘણા હોય ને નિર્ગુણ સ્વામી બધાને ગોદડાં આપવાનો વહીવટ કરતા'તા. ધર્મશાળામાં એક મોટા કબાટમાં ૨૦૦-૩૦૦ ગોદડાં હોય. એમાં કેટલાક ઉસ્તાદ હોય એ 'મારે બે-ચાર જણા છે' એમ કહીને વધારે લઈ જાય ને સૂઈ જાય. એ રીતે પહોંચી ન વળાય એટલે રાત્રે બારેક વાગે નિર્ગુણ સ્વામી ફરવા નીકળે. એક પાથર્યું હોય, એક ઓશિકે હોય ને એક ઓઢતા હોય તો નિર્ગુણ સ્વામી તરત ખેંચે. એવાં પાંચ-પચાસ ભેગાં કરી લાવે ને બિલકુલ ના મળ્યાં હોય એને આપે.

બોચાસણમાં સ્વામીની રૂમમાં એક ડામચિયો હતો ને એકબાજુ હું સૂતો'તો. ઝાઝાં હોય તો એક-બે વખતે બીજા આવીને લઈ જાય એવું બન્યું'તું. એટલે શાસ્ત્રીજી મહારાજ મારા માટે રજાઈ લઈ ઓશિકા જેવું કરી ત્યાં રાખી મૂકે. સ્વામીના ખાટલા પરથી તો કોઈ લે નહીં. ને રાત્રે આવીએ એટલે આપે ને સૂઈ જતા. ન હોય તો નીચે ચાદર કે શેતરંજી પાથરી એમાં સૂઈ જવાનું.'

પ્રશ્ન : 'શિયાળો હોય તોય શેતરંજી પર સૂવાનું ?'

સ્વામીશ્રી : 'શિયાળો હોય તોય એમાં સૂઈ જવાનું. નીચે શેતરંજી હોય ને ઉપર ઓઢવાનું હોય. જે વખતે જે સગવડ હોય એ થાય. ગાદલું તો ક્યાંય મળે નહીં; કાં તો નાની પાતળી રજાઈ મળે કે શેતરંજી મળે, એ રીતે ચાલતું.'

પ્રશ્ન : 'ઓશિકું ન મળે તો બીજું કંઈ રાખતા ?'

સ્વામીશ્રી : 'બે-ત્રણ ધોતિયાં હોય એની ગડી કરીને મૂકી દઈએ.'

•

શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી સ્વામીશ્રી ભાદરણમાં રહીને સંસ્કૃત ભણતા. એ સમય એવો હતો કે ઝોળી માગીને, ભિક્ષા માગીને ભણવું પડતું. આવી વિકટ પરિસ્થિતિમાં કઈ રીતે ઝોળી માગીને તેઓ ભણતા એ પ્રસંગની સ્મૃતિ આજે પ્રશ્નોત્તરી રૂપે થઈ.

પ્રશ્ન : 'ઝોળી માગવા જતા ત્યારે કઈ રીતે જવાનું થતું ?'

સ્વામીશ્રી : 'ફળિયામાં ઊભા રહીએ અને 'નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભો !' બોલીએ. એટલે લોકો જાણે કે સાધુ ઝોળી માગવા આવ્યા છે. એટલે અમારી જોડે છોકરાઓ હોય એ જાય ને જે આપે એ લઈ આવે.'

પ્રશ્ન : 'એ વકલ કેવી રીતે પાડવાની ?'

સ્વામીશ્રી : 'જુદી જુદી ઝોળીઓ હોય.'

પ્રશ્ન : 'ખભે ઝોળી હોય કે છોકરાઓ ઉપાડી લે ?'

સ્વામીશ્રી : 'ખભે ઝોળી હોય જ.'

પ્રશ્ન : 'આપની સાથે ઝોળી માગવામાં જોડમાં મોટે ભાગે કોણ સંતો રહેતા ?'

સ્વામીશ્રી : 'અક્ષરજીવન આવે, ઘણી વખત બ્રહ્મચારી પણ આવતા. ખંભાતમાં તો હું ને અક્ષર-જીવનદાસ જતા'તા.'

પ્રશ્ન : 'બીજા બધાના વારા, પણ આપને તો કાયમ જવાનું જ ?'

સ્વામીશ્રી : 'કાયમ હોય જ. બ્રહ્મચારીને રસોઈ કરવાની હોય એટલે હું ને અક્ષરજીવન નવરા હોઈએ, એટલે અમારે બંનેને જવાનું. જવાનું એટલે જવાનું જ.'

પ્રશ્ન : 'એ સમયે આપની સાથે કેટલા સંતો ભણતા'તા ?'

સ્વામીશ્રી : 'ભાદરણ ભણ્યા ત્યારે ચાર હતા, ખંભાતેય ચાર હતા. અમદાવાદમાંય ચાર હતા. ભાદરણમાં - હું, પુરુષોત્તમાનંદ બ્રહ્મચારી ને અક્ષર-જીવન ને હરિસ્વરૂપદાસ હતા.

ખંભાતમાં ભણતા ત્યારે એક સાધુ રજોગુણી હતા એટલે બહાર ઝોળી માગવા નીકળે નહીં. એક વખત બહુ પરાણે લીધા, પણ પાછા 'નારાયણ હરે...' ના બોલે, ઠુંઠાની જેમ ઊભા રહે, પછી હું ડબ્બલ બોલું.'

પ્રશ્ન : 'શાસ્ત્રીજી મહારાજના સમયમાં સંતોની ખેંચ ને પ્રવૃત્તિ વધુ, છતાં શાસ્ત્રીજી મહારાજનો ભણાવવાનો આટલો આગ્રહ હતો ?'

સ્વામીશ્રી : 'હા. સંસ્કૃત માટેનો ખૂબ આગ્રહ હતો.'

•

પ્રશ્ન : 'ભણતા ત્યારે આપ ઉંમરમાં સૌમાં નાના હતા, છતાં સૌને એકસાથે રાખતા'તા એવી ભાવના આપની પહેલેથી ?'

સ્વામીશ્રી : 'ભાવના શું ? એનું કામ આપણે કરી લઈએ એટલે ઝઘડો મટી જાય. ખંભાતમાં ભણતા ત્યારે બહાર પાણી ભરવા બ્રહ્મચારી ને પેલા ન જાય એટલે હું ને અક્ષરજીવન કરી લઈએ. એવી રીતે વાસણ ઊટકવાનું કરી લેતા. એની ઇચ્છા જ ન હોય પછી લાંબો ઝઘડો કર્યા કરતાં કામ કરી લેવું.'

પ્રશ્ન : 'કોઈક વાર એ બધા વચ્ચે વિવાદ થાય ત્યારે આપને વચ્ચે વાત કરવા પડવું પડે ?'

સ્વામીશ્રી : 'હા.'

પ્રશ્ન : 'આપ તો નાના હતા ને હરિસ્વરૂપ તો મોટા હતા, તો સાંભળે ખરા ?'

સ્વામીશ્રી : 'હરિસ્વરૂપ તો બહુ મોટા હતા ! એ તો ચૂડાના આચાર્ય હતા. સાંભળે ખરા. 'તમારા વતી હું કામ કરી લઉં છું' એમ કહીએ એટલે પતી જાય. કામનો ઝઘડો હોય ને બીજો શેનો ઝઘડો હોય ?'

પ્રશ્ન : 'મેડા પર હરિસ્વરૂપદાસ જવા ન'તા દેતા ?'

સ્વામીશ્રી : 'હા. શાસ્ત્રી પાઠ લેવા આવે ત્યારે ઉપર મેડા પર બેસતા. હરિસ્વરૂપદાસનું કહેવું કે ઉપર તમારે કોઈએ આવવું નહીં.'

પ્રશ્ન : 'આપની સાથેના બીજા સંતો કહે ને કે 'આપણે ઉપર વાંચવા જઈએ,' તો આપ તે વખતે એ સંતોને પાછા વાળતા હશો ને ?'

સ્વામીશ્રી : 'વાત કરીએ કે એને ના ફાવતું હોય તો તારે જઈને શું કામ છે ? નીચે આપણું ભણવાનું ચાલે છે. ત્યાં જવાથી એનેય અશાંતિ ને આપણનેય અશાંતિ રહે. જવાથી તો કંઈક થવાનું જ છે. માટે પડતું મૂક.'

પ્રશ્ન : 'શાસ્ત્રી પાઠ લેવા આવે તો કેટલો સમય પાઠ લેતા ?'

સ્વામીશ્રી : 'દોઢેક કલાક જેવું થાય. કોઈ વખત બે કલાક થાય.'

•

૫-૧-૨૦૦૭, અમદાવાદ

આજે સવારની મુલાકાતો મોડી પતી હતી, છતાં સ્નાન કરીને રોજના સમયે જ સ્વામીશ્રી બેઠકખંડમાં આવી ગયા હતા. એ સંદર્ભમાં બ્રહ્મવિહારી સ્વામી કહે : 'આપને ઉતાવળ બહુ.'

સ્વામીશ્રી તરત જ કહે : 'આપણે ઉતાવળ ન કરીએ તો આગળનું કામ પાછું અટકે ને ! એટલે ભલે મોડું થયું, પણ પરવારવામાં તો વહેલું જ પતાવવું જોઈએ.'

સ્વામીશ્રી પોતાના દેહની ક્રિયામાં ઉતાવળ કરીને પણ બીજાનો વિચાર પહેલો કરે છે.

•

૬-૧-૨૦૦૭, અમદાવાદ

એક યુવક સ્વામીશ્રીનાં દર્શને આવ્યો. એને પગાર સારો હતો, છતાં એમ લાગ્યા કરતું હતું કે 'હું ક્યાંય સેટ થતો નથી.' આ હતાશાને કારણે ક્યારેક આપઘાતના પણ વિચાર આવતા હતા.

સ્વામીશ્રીએ એને બળ સીંચતાં કહ્યું : 'પ્રયત્ન પૂરેપૂરો કરવો, પણ મહારાજ ઉપર છોડી દેવું. મહારાજ જે કરતા હશે એ સારા માટે હશે. આપઘાતના વિચાર કરવા નહીં. મરી જવાથી કાંઈ વળવાનું નથી. જે પ્રશ્ન છે એને હલ કરતા શીખવું, સહન કરતાં શીખવું, અને માર્ગ કાઢીને આગળ વધતાં શીખવું. મહારાજને પ્રાર્થના કરવી. આશીર્વાદ છે.'

•

સ્વામીશ્રી ચૉકમાં આવ્યા. સાબરકાંઠા વિસ્તારના હરિભક્તોમાં પોશીના ક્ષેત્રના આદિવાસીઓ પણ હતા. આ સૌ આદિવાસી પરંપરાગત ઢોલનો તાલ દેતા હતા. સ્વામીશ્રીએ સૌની આ ભાવનાને સ્વીકારી અને સૌને બોલાવી બોલાવીને સામેથી જ પોતાના હાથે પ્રસાદ આપ્યો. આ ક્ષેત્રના ધર્મવિનય સ્વામીને સ્વામીશ્રી કહે : 'પોશીનાના હરિભક્તો આવ્યા એમાં વાલિયો નથી આવ્યો ?'

'ના. એ કામમાં છે.'

'તો એને જય સ્વામિનારાયણ કહેજો.'

જીવનમાં સ્વામીશ્રીની કૃપાથી જ પરિવર્તિત થયેલા આવા સામાન્ય આદિવાસી હરિભક્તને પણ સ્વામીશ્રી ભૂલતા નથી.

•

જામલા ગામના બે બાળકો તીર્થ અને ઋષિએ પોતે કરેલા મુખપાઠની રજૂઆત કરી. એમાં આ બાળકે કહ્યું કે 'કેટલાક મનને રમાડે છે ને કેટલાકને મન રમાડે છે.'

'તમે શું કરો છો ?' સ્વામીશ્રીએ તેઓને સામે પ્રશ્ન પૂછ્યો. ગોખેલું બોલવા ટેવાયેલા એ બાળકો ઘડીભર ચૂપ રહ્યા. એટલે સ્વામીશ્રી કહે : 'ટી.વી. જોવું

છે, બહારનું ખાવું છે, એમ મન કહે તો જવાનું ?'

બાળકો હજી સમજ્યા ન હતા, એટલે 'હા' કહેવી કે 'ના' એની દ્વિધામાં હતા.

સ્વામીશ્રી કહે : 'આવા વિચાર આવે તો એ નહીં કરવાનું. ડુંગળી-લસણ નહીં ખાવાનું. બહારનું નહીં ખાવાનું. આવું વર્તીએ તો મનને રમાડ્યું કહેવાય.'

બાળકો તો કદાચ આ બધું સમજ્યા નહીં હોય, પરંતુ સૌને સંપૂર્ણ શુદ્ધ કરવાની સ્વામીશ્રીની ભાવના બેઠેલા સૌને સમજાઈ.

•

૮-૧-૨૦૦૭, અમદાવાદ

સૌને મળી રહ્યા પછી છેલ્લે સ્વામીશ્રી રાજ ભક્તાને મળ્યા. હજી ૩૦ વરસની જ ઉંમર હોવા છતાં અમેરિકામાં કૉંગ્રેસમૅન તરીકેની ચૂંટણી તેઓ લડ્યા. તેઓ યુવાનમાં યુવાન રાજકારણી છે. ભારતીયોના હક્ક માટે ખૂબ પ્રયત્નશીલ છે. થોડાક દિવસમાં ભારતમાં અમેરિકાના અઢાર ગવર્નરો આવવાના છે. એ બધાને દિલ્હી અક્ષરધામ દેખાડવાની તેઓની ઇચ્છા છે અને એને માટે જ તેઓ ત્યાં ગયા હતા. તેઓ કહે : 'ભારત શું છે ? એ અહીં કરતાં બીજે ક્યાંય સારી રીતે સમજી શકાય એમ નથી. તમારી સંસ્થા સારામાં સારી છે, એટલે લોકોને પણ ભારત માટેની છાપ સુધરશે.' આટલું કહીને તેઓ કહે : 'મારા મનમાં એક પ્રશ્ન છે કે આટલા લાખો લોકોને આપ કઈ રીતે પ્રેરણા આપો છો ? ને અમે પણ આ રીતે પ્રેરણા આપી શકીએ એના માટે શું કરી શકીએ ?'

સ્વામીશ્રી કહે : 'પહેલાંમાં પહેલું તો આપણે જે બોલીએ છીએ એ મુજબ વર્તતા શીખવું જોઈએ, અને ભગવાનને કર્તા માનવા ને દરેકનું સારું થાય એ ભાવના રાખીને એની સાથે વાત કરવી, તો બીજાને પણ એની અસર થાય. દરેકમાં સારું છે એ દૃષ્ટિ રાખવી. પહેલું પોતાનું દૃઢ હશે ને પોતાને જો શ્રદ્ધા હશે તો બીજાને સારી પ્રેરણા મળશે. પોતે જે કહે એ પ્રમાણે કરે તો બીજાને સારી પ્રેરણા મળે.'

સ્વામીશ્રીએ ત્રણ-ચાર મુદ્દાની વાત અદ્ભુત રીતે કરી, જે અત્યારના મૅનેજમૅન્ટમાં ક્યાંય આવતી નથી.

•

એક મુમુક્ષુ દર્શને આવ્યા. બહોળા પરિવારમાં એક જ વ્યક્તિમાં પાન-મસાલો પ્રવેશ્યો હતો. વરસોથી પરિચિત એવા આ પરિવારના સભ્યમાં પેઠેલા દૂષણની વાત સાંભળીને સ્વામીશ્રી દુ:ખી થઈ ગયા. થોડાક અધિકારભાવ સાથે સ્વામીશ્રી કહે : 'તમારા કુટુંબીઓમાં ઘણા બધા અમેરિકા જતા રહ્યા છે. તેઓ ઘરબાર અને પરિવાર છોડી શક્યા, એનું કારણ શું ? એક પૈસાનો આનંદ. પૈસા દેખાતા હતા તો બીજું બધું છૂટી ગયું. એમ ભગવાનનો આનંદ આવે તો આ બધું છૂટી જાય. લોકો ગામ ને ગરાસ મૂકી દઈને પણ જાય છે. તો ભગવાન માટે આટલું ન મૂકી શકીએ ? વ્યસનથી કોઈ સુખી થયું છે ? અને વ્યસન વગર કોઈ મરી ગયું છે ? માટે જે જરૂર છે એની ના નથી, પણ ખોટા ખર્ચા મૂકો અને શરીરને બગાડવાના ધંધા મૂકો.'

પેલા હરિભક્ત કહે : 'ઉત્તરાયણ નિમિત્તેની શી સેવા કરું ?'

સ્વામીશ્રી તરત જ કહે : 'તમે આ બધું મૂકો એ અમારે મન મોટામાં મોટી સેવા છે.'

•

૧૧-૧-૨૦૦૭, અમદાવાદ

સ્નાનવિધિથી પરવાર્યા પછી સ્વામીશ્રી કંપાલાથી આવેલા હરીશભાઈ ભૂપતાણી સાથે બેઠા. હરીશભાઈ મુમુક્ષુ છે અને ચારેક મહિનાથી સ્વામીશ્રી પાસે ત્રણ વખત આવીને આશીર્વાદ લઈ ગયા પછી તેઓના અંતરમાં પ્રકાશનો અનુભવ તો થયો જ છે, પરંતુ હજી સ્વભાવ-દોષ જોઈએ એવા જતા નથી, એની અકળામણ તેઓને રહેતી હતી. એટલે સ્વામીશ્રીને કહે : 'આવી અકળામણ કેમ થાય છે ?'

સ્વામીશ્રી કહે : 'મુમુક્ષુ છો એટલે થાય. ધીરે ધીરે બધું નીકળશે.'

હરીશભાઈ કહે : 'એમ નહીં. જરા સરખા આશીર્વાદ આપો. સૂરજ પાસે જઈએ પછી તો સેકન્ડમાં જ લાઇટ થવી જોઈએ ને !'

સ્વામીશ્રી કહે : 'તમારી શ્રદ્ધા છે એટલે થશે. ઘણા જન્મોનું હોય એટલે જેમ જેમ કાટ નીકળતો જાય એમ એમ દૂર થતું જાય, અને બ્રહ્મની દશા આવે ને જ્ઞાન થાય એટલે દોષો બધા નીકળી જાય. ચોર્યાસી લાખ જન્મો ધર્યા છે, એટલે થોડીક વાર તો લાગે ને ! ઝીણું કપડું હોય એ સાબુથી તરત ધોવાઈ જાય, પણ

મોદિયા જેવું હોય એને વાર લાગે. એમ ઘણા જન્મોથી વિષય ભોગવતા આવ્યા છીએ, પણ આવો જોગ થઈ ગયો છે એટલે જેમ જેમ જ્ઞાન થશે એમ વધારે પ્રકાશ થઈ જશે.'

વળી, આગળ વાત કરતાં સ્વામીશ્રી કહે : 'તમને જેમ જેમ સત્સંગ થયો એમ હવે ડુંગળી-લસણ ગયું કે નહીં ? કારણ કે દૃઢતા થઈ. એમ તમને જેમ જેમ વિશ્વાસ બેસશે કે આ વસ્તુ ખોટી છે, એમ એમ વિષયો પણ નીકળતા જશે. જેમ જેમ મહિમા સમજાશે, જ્ઞાન થશે ને સત્પુરુષની દૃષ્ટિ થશે એમ જશે. કારણ કે આ આધ્યાત્મિક વાત છે. એમાં સ્વભાવ-દોષ જવા એ મુમુક્ષુની શ્રદ્ધા ઉપર છે, એટલે વાર તો લાગે જ.'

હરીશભાઈ કહે : 'જલદી ન થાય ?'

સ્વામીશ્રી કહે : 'આપણી જેટલી શ્રદ્ધા વધશે એટલું જલદી થવાનું. જ્ઞાન થશે કે આ ખોટું છે; પછી તો દેખે, ભોગવે છતાં ખોટું જ રહે; ને મમતા, આસક્તિ બધું ટળી જાય. પછી અંતરમાં શાંતિ રહે. કરોડો રૂપિયા આવે કે જાય તો પણ શાંતિ; કારણ કે જ્ઞાન થયું છે. જગતને જ્યાં સુધી સારું માનો ત્યાં સુધી મોહ થાય, પણ બીજાનું કે આપણું વહેલું મોડું જવાનું જ છે ને ! જ્ઞાની છો અને સમજણ થશે એમ એમ વાંધો નહીં આવે.'

તેઓની મુમુક્ષુતાની તરસને સ્વામીશ્રીએ છીપાવી. લગભગ વીસેક મિનિટ સુધી તેઓને આ રીતે માર્ગદર્શન આપ્યા પછી સ્વામીશ્રી મિટિંગમાં વ્યસ્ત થયા.

•

૧૨-૧-૨૦૦૭, અમદાવાદ

સાંજે ૮:૩૦ વાગે સ્વામીશ્રી ભોજન માટે ઊભા થયા. એ દરમ્યાન કચ્છ ભૂકંપના પુનર્વસનના અધિકારીઓ G.S.D.M.A.ના હિસાબી અધિકારી તથા ભૂકંપ પુનર્વસનના અધિકારી ગીતેશભાઈ ગાંધી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીને કહે : 'સ્વામીજી ! અમારી આપને એક જ વિનંતી છે કે ભૂકંપ પછી પુનર્વસન કર્યા પછી આપ એક પણ વખત કચ્છમાં પધાર્યા નથી, તો હવે એક વખત ભૂજમાં પગલાં કરો. ભૂકંપમાંથી કચ્છને બેઠું કરવામાં આપે જે પ્રયત્નો કર્યા છે એવો હજી કોઈએ કર્યા નથી. બધા અધિકારીઓ બી.એ.પી.એસ.નો ખૂબ આભાર માને છે. આજે પરદેશથી કોઈપણ ડેલીગેશન આવે તો એને અમે બી.એ.પી.એસ. દ્વારા તૈયાર કરેલાં ગામો જીયાપર, ખાવડા વગેરે જગ્યાએ લઈ જઈએ છીએ. પરદેશથી આવેલા આ ડેલીગેશન જીયાપર, ખાવડા વગેરે જાય જાય અને જાય જ. કેન્દ્રમાંથી પણ અમને કહેવામાં આવ્યું છે કે આવા કોઈપણ ડેલીગેશન આવે એ બધાને જીયાપર લઈ જ જવા. આપનું આવું અદ્ભુત કાર્ય છે !'

સ્વામીશ્રીએ હસતાં હસતાં એટલું જ કહ્યું : 'અમારે તો લોકોની સેવા જ કરવાની છે.'

•

આજે સ્વામીશ્રીને એક પ્રશ્ન પૂછવામાં આવ્યો.

પ્રશ્ન : 'સ્વામિનારાયણ પ્રકાશ'ના જૂના અંકોમાં શાસ્ત્રીજી મહારાજની ૮૦મી જયંતીનું વર્ણન વાંચવામાં આવ્યું. ૧૯૪૫ના જાન્યુઆરીમાં આ પહેલી ગુરુજયંતી ઉજવાય છે એ અહેવાલ 'સ્વામિનારાયણ પ્રકાશ'માં છે. એમાં ઉત્સવની પૂર્વતૈયારીનું પણ વર્ણન છે. સંતોનાં નામ આપ્યાં છે. આપે પણ કંઈક વિશેષ સેવા કરી હશે - એવું લખાણ પરથી લાગે છે. આ ઉત્સવમાં આપને તો દીક્ષા લીધે હજી થોડાં જ વર્ષો થયાં હતાં, છતાં આપને ગામડે લઈ જઈને ટ્રેનિંગ આપનારા સંતોનાં નામ પછી આવે છે ને આપનું નામ તેમનીયે આગળ આવે છે. એટલે આપની સેવા વિશિષ્ટ હોય એવું લાગે છે.'

સ્વામીશ્રી : 'મોટા સંતો ગામડે જાય, કથા કરે, પણ ઉત્સવમાં સાફસૂફી, ઉતારા-વ્યવસ્થામાં હરજીવનદાસ, હું હતો ને બીજા બે-ચાર સંતો હતા. એ હિસાબે પેલા સંતોનું નામ પાછળ લખ્યું ને આ આગળ લખ્યું, પણ એ બધા મોટા જ હતા. એ ગામડે જઈ કથાવાર્તા કરે, ઉઘરાણું કરે, અને આપણે જુવાનિયા સાફસૂફી, પાણી, ઇલેક્ટ્રિક બધું કરે છે, એ કરતા.'

પ્રશ્ન : 'મંદિરની પાછળ કચરો હતો અને આપે એકલાએ એ કચરો (ઉકરડો) ઉથામ્યો'તો એ પ્રસંગ કયો ?'

સ્વામીશ્રી : ''એ બોચાસણની વાત છે. ટાંકી આગળથી, જૂની ધર્મશાળાના ખૂણા પર જાજરૂ હતું. પછી ખુલ્લી જગ્યામાં ચૂનાની ચક્કી કરતા'તા. ચક્કી બીજે કરી પછી ત્યાં ઢેખારા ને બીજું પડ્યું'તું. ત્યાં કંઈક કરવાનું હતું - મને યાદ નથી રહ્યું, પણ સ્વામી

કહે : 'આ ખાલી કરી સાફ કરવાનું છે.' સ્વામી બેઠા, સંતો-હરિભક્તો કરવા મંડ્યા. સ્વામી ગયા પછી બધા થોડે થોડે ખસી ગયા. પછી હું ને બીજા બે હતા તે ઠેઠ બાર - સાડા બાર સુધી હતા, ને સ્વામી તપાસમાં આવ્યા ને જોઈને રાજી થયા ને ત્રણ-ચારને આશીર્વાદ આપ્યા. એ રીતે પ્રસંગ બન્યો'તો.''

પ્રશ્ન : 'આ પ્રસંગે સેવા કરી ત્યારે આપ સારંગપુરના કોઠારી ન'તા. સાધુ થયે ૫-૬ વરસ થયેલાં. આપને પહેલેથી સૂઝ હતી ને બધા સંતો આપને આગળ રાખતા, પુસ્તકમાં આપનું નામ લખાય છે, એટલે બધાને એટલો આદર હશે કે હરિજીવન સ્વામી પછી તરત જ આપનું નામ મૂક્યું. તો પહેલેથી આપ આયોજન કરતા, એવું રિપોર્ટમાં દેખાય છે.'

સ્વામીશ્રી : 'આયોજનમાં તો બધા હતા, પણ પહેલેથી આપણે સરળ સ્વભાવ અને નાના-મોટા દરેક સાધુનો પ્રેમ. કોઈની જોડે એવું નહીં. વળી, તે ઘડીએ બીજા જવાન સંતો હતા નહીં, નાનામાં નાનો હું હોઉં. દરેક સાધુની, સદ્‌ગુરુની સેવા કરીએ, એમ સેવાનું અંગ, એટલે મોટા સદ્‌ગુરુનો રાજીપો હોય. સરખે સરખા જોડે હળીમળીને કામ કરીએ. એ દૃષ્ટિએ આપણા પર હેત હોય ને આપણે સૌના પર હેત કે સૌને રાજી રાખી કામ કરવું.'

•

પ્રશ્ન : 'આપ કહો છો કે બધા સાથે હળીમળી સેવા કરતા અને સાધુ થયે માત્ર ૫-૬ વરસ થયેલાં, પણ આપને સારંગપુરના કોઠારી બનાવ્યા પહેલાં આપની ૨૩ વર્ષની ઉંમરે સંસ્થાની મેનેજમેન્ટ કમિટિના સભ્ય બનાવ્યા. તો શાસ્ત્રીજી મહારાજે આટલો બધો વિશ્વાસ મૂક્યો એ નવાઈ જેવું લાગે છે. આપની નાની ઉંમરથી આપને ભેગા રાખીને શાસ્ત્રીજી મહારાજ કાર્ય કરે છે, સંસ્થાના બંધારણમાં આપને ભેગા ને ભેગા રાખે છે, બંધારણના આરંભથી આપ ભેગા ને ભેગા જ છો, એ એમ સૂચવે છે કે...'

સ્વામીશ્રી : ''આ તો મોટાપુરુષની કૃપા. પહેલેથી દૃષ્ટિ ને આશીર્વાદ. એમને સાધુ કરવાની ઇચ્છા હતી. એમના મનમાં હતું ને મને એક વખત વાત પણ કરી'તી – 'તારે માથે આવશે એટલે ખબર પડશે.' મેં કહ્યું : 'આ કંટાળાવાળું કહેવાય, કેટલા પ્રશ્નો !' પણ એમના જીવમાં હતું કે 'આને આગળ લેવો છે.' એમની દૃષ્ટિ હોય કે ભવિષ્યમાં મોટી જવાબદારી આવવાની છે. એમ જાણીને પણ પલોટવા પહેલેથી ભેગા રાખે, જોડે લઈ જાય.''

•

૧૪-૧-૨૦૦૭, અમદાવાદ

આજે સવારે એક મુમુક્ષુનો સ્વામીશ્રી ઉપર પત્ર આવ્યો હતો. જેમાં એમણે લખ્યું હતું કે 'આજે ઉત્તરાયણ છે. સ્વામીબાપા માટે મારે દાન આપવાની અતિશય ઇચ્છા છે. મને ખબર નથી કે મારે શું કરવું જોઈએ ? પણ ભાવનાઓને શબ્દ નથી હોતા. એ રીતે હું આ પત્ર સાથે સ્વામીબાપા માટે ૨૦/- રૂપિયાની ઝોળી મોકલાવું છું. આ વીસ રૂપિયાને બે ઘરે વાસણ માંજીને અને કપડાં ધોઈને ભેગા કર્યા છે. મન તો ખૂબ હતું કે દુકાનેથી કમાઈને સંતોને જમાડું, ઉત્સવ કરાવું, પરંતુ છેલ્લા દસ દિવસથી કાંઈ કામ મળ્યું નહીં. છેવટે ભગવાને જે સુઝાડ્યું એ રીતે આ પૈસાને ભેગા કર્યા છે. ખબર નથી કે સ્વામીબાપાને લાયક આ પૈસા છે કે નહીં ! પણ એટલું તો છે જ કે એ જીવાડે એમ જીવીએ છીએ, એ ખવડાવે એમ એમનું જ ખાઈએ છીએ.'

આવો પત્ર વાંચીને સ્વામીશ્રી ભાવાર્દ્ર થઈ ઊઠ્યા હતા. સામેથી જ સ્વામીશ્રી કહે : 'આ પત્ર ખાસ સભામાં વંચાવજો અને કહેજો કે જેણે જેણે આ રીતે દાન કર્યું હોય એના ઉપર મહારાજ-સ્વામીની દૃષ્ટિ થશે, સૌ સુખિયા થશે. નાના-મોટા સૌએ જે દાન કર્યાં છે એનાથી મહારાજ પ્રસન્ન થશે.'

સભામાં એ પત્ર વંચાયો ત્યારે કાંઈ કેટલાંયની આંખોમાં આંસુ હતાં. ખાસ તો સ્વામીશ્રીના અંતરના આશિષ આવા પ્રત્યેક મુમુક્ષુ ઉપર વરસી રહ્યા હતા.

•

એક પત્ર હાર્દિક ગાંધીનો હતો. તેઓ અમદાવાદમાં વિશ્વરૂપ સોસાયટીમાં રહેતા હતા. આ ભાઈએ બોપલ રહેતા આપણા સંનિષ્ઠ સત્સંગી ધુળાભાઈને આભારપત્ર લખ્યો હતો. આ ધુળાભાઈના ઘરે લગ્ન હતાં. તેઓની સ્થિતિ સાધારણ હતી. કામપ્રસંગે તેઓ બહાર નીકળ્યા અને સામે જ રસ્તામાં ૫૦,૦૦૦/- રૂપિયા જેવી માતબર રકમ પડેલી મળી. ઘરમાં નાણાંની જરૂરત હતી, છતાં એમણે વિચાર કર્યો કે 'પ્રમુખસ્વામીના

શિષ્ય તરીકે મારે આ રકમ લેવી ન જોઈએ.' એટલે એડ્રેસ શોધીને તેઓ આ રકમ તેઓને આપી આવ્યા.

સ્વામીશ્રીના હરિભક્તોથી પ્રભાવિત થઈને હાર્દિકભાઈએ પત્રમાં લખ્યું કે 'આપશ્રીનો ખૂબ ખૂબ આભાર. આ જમાનામાં તમારા જેવા દેવદૂત જેવા માણસો ભાગ્યે જ જોવા મળે છે. પચાસ હજાર જેવી માતબર રકમ મળી છતાં તમે મને શોધીને પાછી આપી તેમાં હું તમારો દિલથી આભાર માનું છું. આ એક માનવતાનું જીવતું જાગતું ઉદાહરણ છે. તમારી જગ્યાએ કોઈ બીજી વ્યક્તિ હોત તો મારી પચાસ હજાર રકમની થેલી જતી જ રહી હોત ! તમે હતા તો હું બચી ગયો ને થેલી મને પાછી મળી. આભાર.'

સ્વામીશ્રીએ સીંચેલા સંસ્કારોવાળા આવા ભક્તો, સમાજની શોભા છે.

•

આજે ઉત્તરાયણના પુણ્યદિને ૧૦:૪૦ વાગ્યા હતા. સ્વામીશ્રી આસન ઉપરથી ઊભા થયા હતા. ગાતરિયું ઓઢ્યું હતું અને ખભે ઝોળી ભરાવવામાં આવી. સ્વામીશ્રીએ આહ્લેક જગાવતાં પહેલાંની ભૂમિકા બાંધતાં કહ્યું :

'આજે દુનિયામાં જીવ-પ્રાણીમાત્રનું, દરેકનું પોષણ કરનાર ભગવાન છે. આપણને જે કંઈ આપ્યું છે એ પરમાત્માનું છે. એવા જે ભગવાન આપણું પોષણ કરે છે એ આપણે ત્યાં માગવા આવે એ કેટલી મોટી વાત ? અનંત કોટિ બ્રહ્માંડનું પોષણ ભગવાન કરે છે. કોઈ જીવ સવારે ભૂખ્યો ઊઠે, પણ સાંજે ભૂખ્યો સૂતો નથી. આ ભગવાનની મોટી કળા છે. આપણે આટલા માણસ જમાડવા છે એમાં કેટલી તૈયારી ને વ્યવસ્થા કરવી પડી ! પણ ભગવાન તો કીડીને કણ ને હાથીને મણ. એમ ભગવાન કપડાં, લત્તા, બંગલા બધું આપે છે. એ આપનારને આપણે શું આપી શકીએ ? એનું છે ને એને આપવાનું છે. ભગવાન જ્યારે આપણી આગળ હાથ લંબાવે, ત્યારે અહોભાગ્ય માનવા જોઈએ કે આપણી પાસે ભગવાન માગે છે !

આપણી શ્રદ્ધા ને પ્રેમ અર્પણ કરવાનો છે. તો આજનો દિવસ આપણા માટે ઉત્તમ છે કે જે હજારો, લાખોને આપનાર છે એ આપણી પાસે માગે છે, એ આપણાં અહોભાગ્ય છે – એમ માની દાન કરવાનું છે.

મહારાજના વખતથી ઝોળી માગતા. બે સંતો જાય. બે-ચાર નાના છોકરા સાથે હોય, એ બૈરાં આપે એ ઝોળીમાં નાખી દે. ત્યાં જઈને ઊભા રહે એટલે પહેલી આહ્લેક જગાવે. પછી બધા જાણે કે સંતો ઝોળી માગવા આવ્યા છે એટલે આપે. એ જે રિવાજ છે એ આ રીતે બોલે....'

એમ કહીને સ્વામીશ્રીએ ઊંચા સાદે આહ્લેક જગાવી : 'નારાયણ હરે... સચ્ચિદાનંદ પ્રભો...'

સ્વામીશ્રીની દિવ્ય વાણી સાંભળીને સૌ આનંદિત થઈ ઊઠ્યા.

•

ઉત્તરાયણનો દિવસ હતો. સ્વામીશ્રીની ઝોળી છલકાવી દેવા માટે હજારો હરિભક્તો બેઠા હતા. બે હરોળમાં આવેલા હરિભક્તો મંચની ધારે ગોઠવવામાં આવેલી ભગવી ઝોળીમાં દાન અર્પીને પસાર થઈ જતા હતા. સ્વામીશ્રી સૌ ઉપર અમીદૃષ્ટિ કરતા હતા. આ હજારો હરિભક્તોમાં જગજીવનભાઈ પણ પસાર થયા. સામાન્ય સ્થિતિના આ હરિભક્તને હમણાં જ હૃદયનું ઑપરેશન કરાવ્યું હતું, એનો ખ્યાલ સ્વામીશ્રીને હતો. એટલે તરત જ તેઓને મંચ ઉપર બોલાવ્યા. પ્રેમથી છાતીએ હાથ ફેરવ્યો અને આશીર્વાદ આપ્યા.

મોટું દાન આપનારાઓને મળે એટલી જ આત્મીયતાથી સ્વામીશ્રી તેઓને મળ્યા.

•

બેલ્જિયમથી આવેલા પ્રવીણભાઈને સ્વામીશ્રી મળ્યા. એ કહે : '૮૫ની સાલથી મારી એક જ ઇચ્છા રહે છે કે આપની હીરકતુલા થાય.' આટલું કહેતાં એ ગળગળા થઈ ગયા.

સ્વામીશ્રી તરત જ કહે : 'સાધુની તો થાય જ નહીં ને !'

પ્રવીણભાઈ કહે : 'હીરો તો આખરે પથ્થર જ છે ને ! ધાતુ ક્યાં છે ? પથ્થર સાથે તોલવામાં શું વાંધો ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાનની દયાથી તારો ભાવ છે એ હીરા જેવો છે. બાકી ડાયમંડનો અરથ શું થાય ? ખાલી પથ્થર જ. તારે બહુ જ ભાવના હોય તો લાલજી મહારાજ છે જ ને !'

પ્રવીણભાઈ કહે : 'લાલજીનું કરો એમાં વાંધો નથી, પણ લાલજી જેમાં વિરાજમાન છે એમની પણ

થવી જોઈએ ને !'

સ્વામીશ્રી કહે : 'આપણી સાધુની મર્યાદા છે, એટલે હવે એ બાબતમાં બહુ વિચાર ન કરવો.'

જો કે પ્રવીણભાઈ ભાણાને આ વાક્યથી એટલો સંતોષ થયો નહીં. સ્વામીશ્રીએ સાધુતાની બહારના કોઈ સન્માન ક્યારેય સ્વીકાર્યાં નથી.

•

નર્મદા નિગમના ચૅરમૅન અને રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય સચિવ પી. કે. લહેરી સાહેબને મળ્યા. સ્વામીશ્રી હાર પહેરાવીને તેઓને આશીર્વાદ આપતાં કહે : 'તમે નર્મદાનું કામ કરીને ખરેખરો ડંકો મારી દીધો. ગુજરાતમાં એના દ્વારા ખૂબ સમૃદ્ધિ આવશે.'

લહેરી સાહેબ માટે ખુરશી રાખવામાં આવી હતી, પરંતુ તેઓ નીચે જ બેઠા અને નર્મદા અંગેની વાત વિસ્તારથી કરી.

સ્વામીશ્રી કહે : 'વિઘ્નો બહુ આવ્યાં, પરંતુ ગુજરાતે ધીરજ બહુ રાખી, તો ફળ મળ્યું.'

લહેરી સાહેબ કહે : 'આપની અનુકૂળતાએ એક વાર કેવડિયા પગલાં કરો એવી અમારા સૌની ઇચ્છા છે.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનની ઇચ્છા હશે તો થશે. અમે એક વખત આવી ગયા છીએ. તમે ત્યાં બહુ મોટું તીરથ બનાવ્યું છે તો ક્યારેક મેળ પડી જશે.'

લહેરી સાહેબ કહે : 'આપનાં પગલાં થાય એટલે તીર્થ થાય.'

છેલ્લે સ્વામીશ્રીએ કચ્છની ચિંતા કરતાં કહ્યું : 'કચ્છને પણ પાણી પહોંચી જશે ને ?'

લહેરી સાહેબે કચ્છનો પ્લાન સમજાવ્યો, એટલે સ્વામીશ્રી રાજી થયા.

•

૧૫-૧-૨૦૦૭, અમદાવાદ

એક જાણીતો યુવક લગ્ન કરીને આવ્યો હતો. સ્વામીશ્રીએ એ યુવકનો હાથ પકડી રાખીને કહ્યું : 'હવે આપણે ગૃહસ્થ થયા. બીજો કોઈ વિચાર ન કરવો. જોડ્યું એટલે પાછું તૂટે નહીં એ ખ્યાલ રાખવો. સત્સંગ દૃઢ રાખવો ને નિયમ-ધર્મ પાળવા. એમાં ફેર ન પડે એ પણ જોવું.'

આ યુવકે હાથ ઉપર બી.એ.પી.એસ. શતાબ્દીનું છુંદણું છુંદાવ્યું હતું. આ જોઈને સ્વામીશ્રી કહે : 'એની સામે જોઈ રહેવું કે હું કોનો આશ્રિત છું !'

•

આજે યોજાયેલી પ્રશ્નોત્તરીમાં સ્વામીશ્રીને પ્રશ્ન પૂછવામાં આવ્યો.

પ્રશ્ન : 'આપને વિ.સં. ૨૦૦૩માં કોઠારી બનાવ્યા ત્યારે જૂના સંતો પોતપોતાની રીતે કામ કરતા જ હોય, એમાં આપ કેવી રીતે સંકલન કરતા ? શાસ્ત્રીજી મહારાજે આપને કોઠારી બનાવ્યા એટલે જૂના સંતોએ આપને પૂછવા આવવું જ પડે !'

સ્વામીશ્રી : "પૂછવા આવે કે આપણે પૂછવા જઈએ, પણ એમાં કંઈ વાંધો ન આવે. 'ખેતીવાડીનું શું હોય' એ આપણને પૂછવા આવે એ પહેલાં એને જ પૂછીએ. કારખાનાનું, ભંડારીનું હોય તો એની જોડે વાત કરીએ. કોઠારી બનાવ્યો ત્યારે બધા મારા કરતાં જૂના જ હતા, તે દરેકને પગે લાગવા જઈ આવીએ. ભંડારી પાસે જઈએ તો કહીએ કે 'નવો છું, મને કંઈ ખબર ન પડે, તમે મને કહેજો.' એટલે એ બધાનો પ્રેમ રહે. એમ કરીને બધા જોડે હેત-પ્રીત રહે. નોકર-ચાકર હોય તો એને પણ એક ટાઈમ મળી લઈએ. દરેકને મળી લઈએ, પૂછી લઈએ, એટલે ચાલતું'તું. દરેક સાથે સહકાર. દરરોજ મળી તો લઈએ. આપણે નવા ને મળીએ નહીં તો કામકાજમાં વાંધાવચકા જેવું થાય. એટલે સૌ સાથે મળીને કામ ચાલતું. એ લોકોને એમ ન રહે કે નાનો છે ને શું સમજે ? સારું છે, મળે છે, એટલે એમ ભાવથી આપણને સારી સલાહ પણ મળે."

•

એક પ્રસંગે જૂની વાત કરતાં સ્વામીશ્રી કહે : "હું સારંગપુરમાં કોઠારી થયો એ વખતે જૂના મંદિર - હનુમાનજીના મુખ્ય કોઠારી વીરસંગ ભગત હતા. એને મારા વિષે હેત ખરું. બીજા કેટલાક વિરોધી ખરા, પણ એને વિરોધ નહીં. હું કોઠારી થયો ત્યારે જૂના મંદિરે દર્શને ગયો ત્યારે મળ્યા, તો એણે પોતાની મેતે કહ્યું કે 'કંઈ કામકાજ હોય તો કહેજો.' એ વખતે જૂના મંદિર સાથે પૈસાની લેવડદેવડ થતી'તી. જરૂર હોય તો કહે, તો અઠવાડિયા પૂરતા હજાર - બે હજાર માગે. મારે જરૂર પડે તો હું પણ ત્યાંથી મગાવતો હતો, પછી આપી દઈએ. એ રીતે અમારે વહેવાર હતો. શાસ્ત્રીજી મહારાજ બાસમતી ને પંખાળીના ચોખા ઠાકોરજી માટે

મોકલતા, એટલે આચાર્ય હોય તો એમને મણ જેવા એ પણ આપતા. બીજું, કોઠારી થયો એટલે પરભુ (પ્રભુ સ્વામી) કહે : 'ખેતીવાડીમાં રાત્રે રોન (રાઉન્ડ-પહેરો) કરવા તમારે આવવું પડે.' એ લોકો જતા'તા. છ મહિના થયા એટલે કહે : 'તમારે આવવું જોઈએ, જમીન જોવી જોઈએ.' રાત્રે રખેવાળી કરવા લઈ જતા, ઘોડા પર નહીં, ચાલીને જતા'તા. એક વાર આંબલી વાડીએ, એક વખત ખાંભડા બાજુ જઈએ. એને અઠવાડિયું - દસ દિવસ થયા હશે ને વીરસંગ ભગતને ખબર પડી. દેવો બાબર બેય મંદિરના પૈસાની આપ-લેમાં વચ્ચે હોય ! 'પ્રભુ ને રામજી નારાયણ સ્વામીને રોજ રોન માટે લઈ જાય છે' એ વીરસંગ ભગતને ખબર પડી એટલે એમણે રામજી ભગત, પ્રભુ ને અમને ત્રણેયને ત્યાં બોલાવ્યા ને કહ્યું : 'તમારે માણસની જરૂર હોય તો મને કહો, અગર મારા માણસો ત્યાં આંટો મારવા જશે, પણ નારાયણ સ્વામીને ન લઈ જવા.' એટલે મારે જવાનું બંધ થયું."

•

પ્રશ્ન : 'સારંગપુર મંદિરના દરવાજાનું કામ ચાલતું ત્યારે આપ સેવા કરવામાં એક પાલખ પરથી બીજી પાલખ પર સહેલાઈથી ચઢતા-ઊતરતા, એવી સેવા કરતા તે આપ કોઠારી હતા ત્યારે...'

સ્વામીશ્રી : "કોઠારી (મુખ્ય વહીવટી કર્તા) એટલે ગાદી પર બેસવાનું નહીં, પણ ગુણાતીતાનંદ સ્વામી કહે : 'અમારે તો ચૉક વાળે એ મહંત.' શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજ મહંત કહેવાય ખરા, પણ ચોકેય વાળે ને રસોડુંય કરે. ખેતીમાં, કારખાનામાં જવું પડે. કોઠારી એટલે ગાદી પર બેસી રહેવાનું નહીં, પણ બધા કામમાં જોડાવાનું..."

•

આજે સ્વામીશ્રીએ, તેમની યુવાન વયે અટલાદરા સ્ટેશને પથ્થર ઉતારતાં ઉતારતાં પોતાના જમણા હાથની પહેલી બે આંગળીઓના નખ છુંદાઈ ગયા હતા એની વિગતે વાત કરી હતી. જેમાંની પહેલી આંગળીમાં અત્યારે પણ અડધો જ નખ ઊગેલો હતો. એ સ્વામીશ્રીએ બતાવ્યો એટલે સંતોને આ નખ સહજપણે જોવાની ઇચ્છા થતાં વારાફરતી સૌ સ્વામીશ્રી પાસે આવ્યા અને નખનાં દર્શન કર્યાં. સ્વામીશ્રીએ પણ સૌને દર્શન કરાવીને વિશેષ સ્મૃતિ આપી. સૌ માટે આજનું આ સત્ર વિશેષ સ્મૃતિમય બની ગયું.

સ્વામીશ્રી કહે : "પહેલાં દોરડાથી પથ્થર ચઢાવતા પછી ચેઈન કંપો આવ્યો. મારા વખતમાં કંપી આવી ગઈ હતી. તે દા'ડે શરીર સ્ફૂર્તિવાળું હતું, એટલે સહેજે સહેજે પાલખ પર જવું-કરવું એમાં વાંધો ન આવે. પથ્થર ખેંચવામાં પણ વાંધો ન આવે. અટલાદરામાંય કર્યું છે. ત્યાંય સાંકળવાળી કંપી હતી. અટલાદરામાં પથ્થર નીચે આંગળી દબાઈ ગઈ હતી. (અટલાદરા મંદિરના બાંધકામના પથ્થર ત્યારે રેલવેમાં આવતા.) પોરબંદરથી વેગનમાં પથ્થર આવતા. ભરૂચ આવે ત્યાંથી નાની ગાડીમાં વિશ્વામિત્રી-પ્રતાપનગર આવે. ધ્રાંગધ્રાના પથ્થર કઠણ આવે. એ આવેલા. હું, હરજીવનદાસ ને દેવપ્રસાદ અને બે માણસો હતા. પથ્થર વેગનમાંથી કોશથી ઉતારવાના હતા. પેલી કોર ઊંચું કરવામાં હરજીવનદાસ ને દેવપ્રસાદ હતા. હું પૅકિંગ મૂકવા ગયો, એટલે પથ્થર ખસે નહીં. પેલા જાણે પૅકિંગ મૂકી દીધું, એટલે 'હઈસો' કરી પથ્થર ઊંચક્યો ને ધાર પર મારી આંગળી આવી ગઈ. બે આંગળીઓ એકદમ ચગદાઈ ગઈ, મને તમ્મર આવ્યા એટલે હું પડ્યો હેઠો. દેવપ્રસાદ ને હરજીવનદાસ આવ્યા. જોયું. થોડી વારે ભાનમાં આવ્યો પછી મંદિરે ગયા ને ડૉક્ટરોને બોલાવી પાટાપીંડી કરી. (જમણા હાથની) આ(તર્જની) આંગળીનો નખ જતો રહ્યો, આ(મધ્યમા આંગળીનો) આખો નવો જ આવ્યો છે."

એ નખ ઉપર હજી આજે પણ સ્વામીશ્રીએ કરેલી અથાગ સેવાનાં ચિહ્નો જોઈ શકાય છે.

•

આજે સ્વામીશ્રીને પ્રશ્ન પૂછવામાં આવ્યો.

પ્રશ્ન : 'શાસ્ત્રીજી મહારાજની ૮૦મી જન્મ જયંતી પહેલાં તો આપ સંસ્થાના ટ્રસ્ટી પણ હતા.'

સ્વામીશ્રી : "જે હોય એ. એ વખતે ટ્રસ્ટીય કોણ ? ગુણાતીતનો વારસો છે ને ! કે જે કામ કરે એ ટ્રસ્ટી ને કામ કરે એ મોટા. ને એ ભંડારી ને વિદ્વાન ને આચાર્ય કહેવાય, એમાં પદમાં કંઈ મહત્તા નથી. સેવા જ કરવાની છે. શાસ્ત્રીજી મહારાજ પોતે (પથ્થરના બાંધકામનાં) કારખાનાંમાં આવે, જોગી મહારાજ પણ કરતા. એટલે એ બધી મહત્તા હતી નહીં. અત્યારે થાય કે 'આપણે આ છીએ !' આપણે પહેલેથી સેવકભાવ જ

હતો. મોટા કરો કે નાના એવું નહીં. જે કામ બતાવે ને જે કામ કહે એ કરવાનું.''

પ્રશ્ન : 'આપ કહો છો કામ કરે એ ટ્રસ્ટી, તો જૂના જૂના સંતો ઘનશ્યામ સ્વામી, અક્ષર સ્વામી કામ કરતા'તા, પણ એમને કોઈને ટ્રસ્ટી નીમ્યા ન'તા.'

સ્વામીશ્રી : ''બરોબર છે. સમજણની વાત છે. સમજણમાં હોય તો સુખ રહે ને ! પેલા સંતોય માનતા'તા કે સ્વામીની ઇચ્છા થઈ ને (ટ્રસ્ટી) બનાવ્યા તો વાંધો નહીં. શાસ્ત્રીજી મહારાજે જે મૂક્યો એ બરોબર છે, બીજો વિચાર નહીં કરવાનો.''

•

૧૬-૧-૨૦૦૭, અમદાવાદ

ભોજનનો સમય થઈ ગયો હતો. બ્રહ્મવિહારી સ્વામી કહે : 'આપનું ૯૯.૯% જીવન ગુપ્ત જ છે.'

સ્વામીશ્રી આશ્ચર્ય સાથે કહે : 'ગુપ્ત કેમ ? ઓપન જ છે !'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'આપે કેટલુંય સહન કર્યું હશે ! એ ક્યાં કોઈને ખબર છે ? એ બધું અમને ક્યાંથી સમજાય ?'

સ્વામીશ્રી ઊભા થતાં થતાં કહે : 'જેટલું સમજાય એટલું સારું છે, ન સમજાય એ ભગવાનની ઇચ્છા.'

આટલું કહીને ચાલતાં ચાલતાં વળી કહે : 'આપણે સારા હોઈએ તો પરિસ્થિતિ સારી જ છે. દુઃખ કોઈ માનશો મા, જે જોઈએ છે એ મળ્યું છે. બાકી દુનિયા છે એટલે બધું ચાલતું જ રહેવાનું. સૌ સૌની રીતમાં ચાલ્યા કરે. આપણે આપણી રીતમાં મક્કમ રહીએ એટલે મહારાજની ઇચ્છાથી બધું સારું જ થવાનું છે.'

સ્વામીશ્રીનો જીવન પ્રત્યેનો અભિગમ ને પોતાની જીવનશૈલીની વાત હસતાં હસતાં સ્વામીશ્રીએ કરી દીધી.

•

૧૮-૧-૨૦૦૭, અમદાવાદ

રોજના ક્રમ પ્રમાણે અભિષેક અને ઠાકોરજીનાં દર્શન કરીને સ્વામીશ્રી મંદિરેથી નીચે ઊતર્યા. અહીં ચૉકમાં ઢોલ ઢબુકી રહ્યા હતા. પરંપરાગત પહેરવેશ સાથે મોટા બુંગિયા ઢોલ લઈને હરોળબદ્ધ ઊભાં ઊભાં આદિવાસીઓ ઢોલ બજાવી રહ્યા હતા. આ આદિવાસીઓમાં પાલિયાબીયાનો વાલિયો પણ હતો. થોડા દિવસ પહેલાં પદયાત્રા કરીને આવેલા હિંમતનગર ક્ષેત્રના હરિભક્તોમાં થોડાક આદિવાસીઓ પણ હતા, પણ વાલિયો ન હતો. સ્વામીશ્રીએ એ વખતે ધર્મવિનય સ્વામીને સામેથી પૂછ્યું હતું કે 'વાલિયો ક્યાં ગયો ? ન આવ્યો હોય તો એને 'જય સ્વામિનારાયણ' કહેજો.' સ્વામીશ્રીની આવી આત્મીયતાથી પ્રેરાઈને આજે એ તથા કોદરિયા ગામના આદિવાસીઓ ખાસ દર્શને આવ્યા હતા.

સ્વામીશ્રી તેઓની નજીક પધાર્યા અને વાલિયાને ખાસ આશીર્વાદ આપીને કહ્યું : 'આવી ગયો એ સારું થયું. તને યાદ કર્યો હતો.'

સ્વામીશ્રી જેવા વિશ્વવંદનીય મહાપુરુષ પોતાના જેવા તુચ્છ આદિવાસીને યાદ કરે છે – એ વિચાર-માત્રે વાલિયો રોમાંચ અનુભવવા લાગ્યો.

•

૨૧-૧-૨૦૦૭, અમદાવાદ

ભોજનનો સમય થતાં સ્વામીશ્રી ઊભા થયા. સ્વામીશ્રીએ ગળામાં માળા પહેરી રાખી હતી. રાજેન્દ્ર સ્વામીની આ માળા હતી. નારાયણચરણ સ્વામી કહે : 'આ રાજેન્દ્ર સ્વામીની માળા છે.'

સ્વામીશ્રી કહે : 'તમારી છે ?'

'હા.'

સ્વામીશ્રી તરત જ કહે : ''ભગવાનની છે. નાનામાં નાની વસ્તુ પણ આપણી છે જ નહીં, ભગવાનની છે. આપણું કશું છે જ નહીં, 'બધું ભગવાનનું છે' એમ માનીને જ રહેવું, તો શાંતિ રહે.''

સ્વામીશ્રીએ પલકારામાં અદ્ભુત ઉપદેશ આપ્યો, એટલે રાજેન્દ્ર સ્વામી કહે : 'આપ એવા આશીર્વાદ આપજો કે અમારો અહં-મમત્વ દૂર થાય, સ્વભાવ-દોષ ટળી જાય ને આપનું સ્વાસ્થ્ય ગુલાબી રહે.'

સ્વામીશ્રી ચાલતાં ચાલતાં કહે : 'હા, માળા આપી છે એ ફેરવજો. ભગવાનનું માનીને ફેરવશો તો હમણાં કહ્યું એ બધું જ થશે.'

સ્વામીશ્રીની કેવી અદ્ભુત જડીબુટ્ટી ! ભગવાનને કર્તા માનો તો અહં-મમત્વ દૂર થાય, સ્વભાવ-દોષ ટળે અને સ્વાસ્થ્ય પણ સારું રહે.

•

૨૨-૧-૨૦૦૭, ગોંડલ

અક્ષરદેરીમાં પ્રદક્ષિણા કરીને સ્વામીશ્રી કોઠારી

સ્વામીની ઑફિસમાં થઈને નવી બનાવેલી લિફ્ટમાં પધાર્યા. લિફ્ટમાં આવતાંવેંત સ્વામીશ્રી કહે : 'હરિકૃષ્ણ મહારાજ ક્યાં છે ?'

'આપના આવતાં પહેલાં ઘણાએ બેસી લીધું છે.' સંતોએ કહ્યું.

'તોય આપણે જઈએ છીએ તો પહેલાં હરિકૃષ્ણ મહારાજને લઈ આવો.' સ્વામીશ્રીએ આગ્રહ રાખ્યો.

એટલે સંતો કહે : 'હરિકૃષ્ણ મહારાજ તો થાળ જમવા માટે ગયા છે.'

'ક્યારે ગયા ?'

'હજી હમણાં જ.'

'તો વાંધો નહીં. લઈ આવો.'

સંતો દોડ્યા અને સ્વામીશ્રી લિફ્ટમાં જ ઊભા રહ્યા. હજી થાળ ચાલુ થયો ન હતો. એટલે હરિકૃષ્ણ મહારાજને લઈને સંતો આવ્યા ત્યાં સુધી ચૉકમાં ઊભેલા સૌને ખૂબ દર્શનનું સુખ આવ્યું. મહારાજ આવ્યા પછી લિફ્ટની સ્વીચ દાબવામાં આવી.


•

૨૪-૧-૨૦૦૭, ગોંડલ

મુંબઈથી પ્રાણલાલભાઈ પારેખ દર્શને આવ્યા હતા. તેઓ હમણાં અમદાવાદ રહે છે. સ્વામીશ્રીને કહે : 'હવે સ્મૃતિ ઓછી થઈ ગઈ છે.'

આ સાંભળીને હસતાં હસતાં સ્વામીશ્રી કહે : 'મારેય એવું થઈ ગયું છે. અવસ્થા છે એટલે એવું થાય.' આટલું કહીને મર્મ વાક્ય કહેતાં સ્વામીશ્રી કહે : 'આપણે તો એક જ નિશાન છે કે અક્ષરધામમાં જવું છે. મહારાજ, સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, જોગીબાપા આટલું તો યાદ રહે છે ને ! એ સિવાય બીજું બધું ભગવાન ભુલાડે તો એ સારું જ છે ને ! જગત ભુલાય એટલું સારું. યાદ રાખવા જેવા યાદ રાખવા.'

સ્વામીશ્રીએ સવળી દૃષ્ટિની સાથે સાથે એક નિશાન પણ બાંધી આપ્યું.



॥ બ્રહ્મમનનમ્ ॥

જો માણસ સુધરશે તો કુટુંબ સુધરશે. કુટુંબ સુધરશે તો સમાજ સુધરશે. સમાજ સુધરશે તો દેશ સુધરશે. દેશ સુધરશે તો બ્રહ્માંડ સુધરશે. એટલે પહેલાં આપણે સુધરો. માણસ ધારે તો શું નથી થતું ? પગે ચાલતો હતો ને પ્લેનમાં ઊડતો થઈ ગયો, ચંદ્ર ઉપર પણ ગયો. એમ માણસ ધારે તો સુધરી પણ શકે.

■

આત્મા તેજસ્વી અને પ્રકાશમાન છે. એ આત્માના સ્વરૂપનું જ્ઞાન થશે ત્યારે દુનિયામાં બધું જ સારું લાગશે. કારણ કે એ પ્રકાશ જ એવો છે કે એમાં સર્વનું સારું જ દેખાય.

■

જેમ મલ્લો દરરોજ કુસ્તી કરે તો મજબૂત થાય; પોલીસખાતામાં રોજ લેફ્ટ-રાઇટ કરવું પડે; એમ કથાવાર્તાનો અખાડો હોય તો માણસનું ઘડતર થાય અને જ્ઞાન સિદ્ધ થાય છે.

■

પૈસાટકા, સમૃદ્ધિ કે કપડાં એ આપણી શોભા નથી, એ તો શરીરની શોભા છે. આપણી શોભા ભગવાન ને સંત મળ્યા એ છે.

■

માણસ ગમે એટલું કરે, પણ ભગવાનની કૃપા ન થાય તો એનું કામ અધૂરું જ રહે.

■

ભગવાનની આજ્ઞાઓનું યથાર્થ પાલન કરીએ તો આપણને અંતરે શાંતિ રહે, બહાર પણ શાંતિ રહે.

■

ગમે તે કાર્ય કરો પણ પ્રથમ એકાગ્ર થવાની જરૂર છે. જે કાર્ય કરવું એનું જ નિશાન. ભગવાનને રાજી કરવા છે તો ખાતાં-પીતાં, નાહતાં-ધોતાં એક જ વૃત્તિ રહેવી જોઈએ. પૂજા કરવા બેસીએ અને ટેલિફોન

આવ્યો એવું ન થવું જોઈએ. ગમે તે લાઈનમાં જાવ પણ એકાગ્રતા વગર કશું જ સિદ્ધ થતું નથી. જે જે ભક્તો એકાગ્ર થયા છે એના ઉપર ભગવાન રાજી થયા છે.

■

લોકોને તિલક-ચાંદલો કરતાં શરમ આવે છે, પણ નાટક-ચેટકમાં જઈને નાચગાન કરવામાં શરમ નથી આવતી. છોકરો થઈને છોકરીનાં કપડાં પહેરે તોય શરમ નથી આવતી, ને ભગવાનની આજ્ઞાનો ચાંદલો કરવામાં શરમ આવે છે. જો તિલક-ચાંદલો કરીએ તો આપણને અંતર્દૃષ્ટિ થાય કે આપણાથી ખોટું થાય નહીં, દારૂ પીવાય નહીં, હોટલ કે સિનેમામાં જવાય નહીં.

■

નિયમ-ધર્મની દૃઢતા એ ખૂબ જ અગત્યની વસ્તુ છે. આપણા વિકાસનું મુખ્ય કારણ છે.

■

ગમે એટલાં તપ, વ્રત, દાન કરીએ તો એનાથી પુણ્ય વધે, અને એવાં અનંત પુણ્ય ભેગાં થાય ત્યારે પ્રગટની પ્રાપ્તિ થાય છે.

■

ભજન કરવું, કથાવાર્તા કરવી કે સેવા કરવી એમાં ભગવાન પ્રસન્ન થાય એટલું જ માગવું. એમાં બધું આવી જાય. કારણ કે ભગવાનને આપવું હોય વધારે ને આપણે માગીએ થોડું તો આપણને ખોટ જાય. એટલે ભગવાનની પ્રસન્નતામાં બધું જ મળે છે. આ લોકના સંસાર-વહેવારમાં પણ શાંતિ મળે છે ને છેવટે અક્ષરધામનું શાશ્વત સુખ મળે છે. એટલે ભગવાનના રાજીપામાં ધાર્યું હોય એના કરતાં વધારે મળી જાય છે.

■

લોખંડ છે એ લાકડાની સાથે જડાઈ જાય તો પાણીમાં તરે છે, પણ એકલું લોખંડ નાખો તો ડૂબી જાય. એમ ભગવાન અને સંતને વિષે આત્મબુદ્ધિ થઈ જાય તો બેડો પાર થઈ જાય.

■

ગમે તે ધર્મમાં માનતા હો પણ સદાચારી બનો. સારું આચરણ કરશો તો તમે સુખી થશો, કુટુંબ સુખી થશે, સમાજ સુખી થશે. જીવનમાં નાનું-મોટું કોઈપણ પ્રકારનું વ્યસન ન રાખવું.

■

પ્રવૃત્તિ ને કામકાજ તો છે જ, પણ સાંજે બેસીને ઘરમાં ભગવાનની વાત કરવી, મંદિર કરવું, સંસ્કારો સચવાય એ માટે ભગવાનને રોજ પ્રાર્થના કરવી. ઘરમાં સારાં પુસ્તકો અને શાસ્ત્રોનું વાચન કરવું.

■

કોઈના માટે કરી છૂટવું, કોઈને સહકાર આપવો, એ મોટું પુણ્ય છે.

■

ભગવાનનો સંબંધ જેને જેને થયો એ નિર્ગુણ કહેવાય. ભગવાન માટે જે જે કરીએ એ આપણા આત્માના ઉત્કર્ષ માટે અને આત્માની શાંતિ માટે થાય છે.

■

વિશ્વાસે વહાણ ચાલે છે. વિશ્વાસે આ લોકનું કામ થાય છે. તો એવો જ વિશ્વાસ ભગવાનમાં, શાસ્ત્રોમાં, મંદિરોમાં અને સંતમાં હોય તો આપણું કામ બરોબર થઈ જાય.

■

આજ્ઞા અને ઉપાસના દૃઢ હશે તો દુનિયામાં ગમે ત્યાં જશો તોય વાંધો નહીં આવે ને સારામાં સારું જીવન જીવી શકશો.

■

ઠંડી છે ને સ્વેટર પહેરીએ તો ઠંડીથી રક્ષણ થાય છે, એમ જો આત્મજ્ઞાન હોય તો પછી 'આ દેહ મારો નથી; આ નાત કે જાત મારી નથી; હું તો આત્મા છું, અક્ષર છું;' એ વિચાર રહે. અને એ વિચાર કરીએ તો દુનિયાના શબ્દો લાગે જ નહીં.

■

કોઈપણ જાતની અપેક્ષા રાખ્યા સિવાય સત્સંગ કરીએ તો ભગવાન આપણા આ લોક અને પરલોક બેય સુધારે છે.

■

આ લોકના વ્યવહારમાં સુખ નથી, પણ જ્ઞાનની દૃષ્ટિ પ્રાપ્ત થાય તો વહેવારમાં હશો તોય વાંધો નહીં આવે.

■

બ્રહ્મરૂપ થવા માટે ભીડો વેઠવો જ પડશે અને સહન કરવું જ પડશે.

■

ઘરમાં કોઈ એક વ્યક્તિ ખોટે રસ્તે ચડી એટલે આખું ઘર ખોટું થઈ ગયું ? ગામમાં બે માણસો ખરાબ નીકળે તો આખું ગામ ખરાબ થઈ ગયું ? સ્કૂલમાં બે માસ્તરો ખરાબ નીકળે તો આખી સ્કૂલ ખરાબ થઈ ગઈ ? કોઈ ડોક્ટર એવા નીકળે તો દવાખાનાં જ ન જોઈએ એવું કહીએ છીએ ? પોલીસોમાં કોઈ ખરાબ હોય તો એમ કહીએ છીએ કે બધાને કાઢી મૂકો ? સમાજમાં પણ બે-પાંચ એવા હોય તો આખો સમાજ ખરાબ થઈ જતો નથી. એમ ધર્મના કામમાં એવું ક્યાંક લાગ્યું હોય, સાંભળ્યું હોય, એણે કરીને ધર્મ ખોટો થઈ જતો નથી. આ તંત્ર ભગવાન અને એવા સંતો થકી ચાલે છે – એ વાત સાચી માનીને એમના તરફ આદર રાખો. ભલે, તમે એમના શિષ્ય ન બનો, પણ સારું છે એટલું માનીને ચાલશો તો શાંતિ અને સુખ થશે.

■

'ભગવાન બધે જ છે, બધે વ્યાપેલા છે, એમ જીવ-પ્રાણીમાત્રમાં પણ રહે છે.' આ જ્ઞાન દૃઢ થાય તો પછી બીજાને દુઃખી કરવાનું રહે જ ક્યાં ? બીજાને મારવા જઈ શકાય જ કેમ ? બીજાના પૈસા શું કામ લૂંટવા જોઈએ ? બીજાને શું કામ હેરાન કરીએ ? તમારા ઘરમાં ક્લેશ શા માટે થાય ? સમાજમાં ક્લેશ શા માટે થાય ? દરેકમાં ભગવાન જુએ તો બધું જ દિવ્ય દેખાય અને ખોટું થાય જ નહીં, રાગ-દ્વેષ પણ થાય નહીં.

■

ચંદ્ર ઉપર માણસ ગયો એ સાંભળ્યું છે, વાંચ્યું છે, પણ જોયું છે ખરું ? અહીં બેઠા છે એમાંથી કોઈએ જોયું નહીં હોય ! ફક્ત સાંભળ્યું જ છે, છતાં બધાને વિશ્વાસ છે કે ચંદ્ર ઉપર માણસ ગયો જ છે, કારણ કે વૈજ્ઞાનિકોએ કહ્યું. વૈજ્ઞાનિકમાં વિશ્વાસ છે એટલે વાત માની લીધી. વૈજ્ઞાનિકોની વાત સાચી માનીએ છીએ, એ જ રીતે શાસ્ત્રમાં લખેલી વાત પણ સત્ય-સનાતન છે. એમાં જે લખ્યું છે એ સત્ય છે. આ રીતે વિશ્વાસ રાખવો.

■

આપણું જીવન આપણે સારું બનાવીએ તો દુનિયા સારી જ છે.

■

સારા કાર્યમાં કે કોઈ પણ કાર્યમાં મુશ્કેલીઓ તો આવવાની જ છે, પણ જો દૃઢતા હોય, ભગવાનમાં નિષ્ઠા હોય, આત્મવિશ્વાસ હોય અને ભગવાન ને ભગવાનના સંતનું બળ હોય તો કામ થાય જ છે. જેને ભગવાનનું બળ છે, એને બીજું કોઈ કાંઈ કરી શકશે નહીં. સર્વથી શ્રેષ્ઠ ઇષ્ટબળ છે. જેના પક્ષમાં ભગવાન છે એનો વિજય જ છે.


■

ભગવાન અને સંતને ખરેખર સમજ્યા હોઈએ તો સંશય થાય જ નહીં. ડૉક્ટર દવા આપે છે એમાં સંશય થાય છે ? સ્કૂલમાં શિક્ષક જે કહે એ માની જ લઈએ છીએ. એમાં વિશ્વાસ છે તો શંકા થતી નથી. એમ વિશ્વાસ રાખીને મંડવું. પણ જ્યાં સુધી આપણું અજ્ઞાન છે ત્યાં સુધી આ બધા સંશયો થવાના જ.


■

લોકો કહે છે કે 'પૈસાવાળો સુખી.' વળી કોઈ કહે છે કે 'બુદ્ધિવાળા સુખી.' પણ બુદ્ધિ આપનાર કોણ છે ? એ બુદ્ધિ મૂળ આવી ક્યાંથી ? તમારામાં બુદ્ધિ આવવાનું મુખ્ય કારણ શું છે ? તમારામાં આત્મા છે એટલે. જો આત્મા છે તો વિચાર કરી શકો છો, હાલો છો, ચાલો છો, બોલો છો. હું વાત કરું છું ને તમે સાંભળો છો. પણ એક આત્મા આ શરીરમાંથી ચાલ્યો જાય તો ? 'ડેડ બોડી.' 'રામ બોલો ભાઈ રામ.' પછી કોઈ બોલશે કે કોઈ બોલાવશે ? કોઈ ભણશે કે કોઈ ભણાવશે ? એ તો અંદર આત્મા છે એટલે બધું છે. આત્મા છે તો એનો આનંદ છે. દરેકમાં આત્મા છે તો એકબીજાને જોવાનો, મળવાનો, હળવાનો આનંદ છે.

પ્રસંગમ્



ફેબ્રુઆરી ૨૦૦૯



'અક્ષરપુરુષોત્તમનો સિદ્ધાંત સત્ય છે, સનાતન છે.
શાસ્ત્રીજી મહારાજે શ્રીજીમહારાજની આ વાત જાહેર કરી તે ઘડીએ લોકો કહેતા કે
તમારી પાસે માણસ નથી, પૈસા નથી એટલે તમારાથી કાંઈ નહીં થઈ શકે.
શાસ્ત્રીજી મહારાજ કહે, 'ભગવાન સ્વામિનારાયણનો સંકલ્પ છે માટે એ કામ કરવું છે, હું એ કરીશ
અને એ કામ થશે.' આજે એ થયું છે. શાસ્ત્રીજી મહારાજનું એ કાર્ય માન-મોટપ કે કીર્તિ માટે નહીં,
પરંતુ કેવળ ભગવાન સ્વામિનારાયણનો સિદ્ધાંત દરેકને સમજાય એ માટે જ હતું.'

– પ્રમુખસ્વામી મહારાજ

૧-૨-૨૦૦૭, ગોંડલ

સ્મૃતિમંદિરે દર્શન કરીને સ્વામીશ્રી પસાર થતા હતા. દૂર બેઠેલા પ્રભુદાસ બ્રહ્મભટ્ટને સ્વામીશ્રીએ જોયા. વરસો પહેલાં તેઓને ગોંડલ મંદિરની તમામ ઘડિયાળોને ટાઈમસર કરવાનો નિયમ હતો. સ્વામીશ્રી વૃદ્ધ થયેલા આ હરિભક્તને સામેથી મળ્યા. સ્વામીશ્રીનો જ હાથ ઝાલીને તેઓએ ઊભા થવાનો પ્રયત્ન કર્યો. તેમને ટેકો આપતાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'ઘડિયાળ મેળવવાનું કેમ ચાલે છે ?' વરસો પહેલાંની તેઓની આ સેવાને સ્વામીશ્રી ભૂલ્યા ન હતા.

•

સ્વામીશ્રીના વ્યક્તિત્વનો પ્રભાવ જ એવો છે કે વગર કહ્યે સૌને અસર થાય. અહીં રોજ પૂજા દરમ્યાન ગોંડલ શહેરના જાણીતા તબલાવાદક હનીફભાઈ તબલાં વગાડવા માટે આવતા હતા. આજે છેલ્લા દિવસે સ્વામીશ્રીની પવિત્રતાનો પ્રવેશ એમના અંતરમાં પણ થયો અને સામેથી સ્વામીશ્રી પાસે જઈને એમણે તમાકુ મૂકી. સ્વામીશ્રી બહુ રાજી થઈ ગયા. સ્વામીશ્રીનો પ્રેમ નાત, જાત કે ધર્મના ભેદભાવથી પણ પર છે.

•

ગોંડલ રોકાણનો આજે છેલ્લો દિવસ હતો. પૂજા કરીને સ્વામીશ્રી સ્મૃતિમંદિરે જવા માટે ઊભા થયા. મંચ ઉપર શૈલેષ સગપરિયા એનાઉન્સમેન્ટ કરી રહ્યા હતા. સ્વામીશ્રીએ સામેથી બોલાવીને એને ગુલાબ આપ્યું અને રાજીપો દર્શાવ્યો. એ જ રીતે એવા જ ઉત્સાહી કાર્યકર પરેશ કાપડિયાને પણ નીચે ઊતરીને તરત જ સામેથી બોલાવીને ગુલાબનું પુષ્પ આપીને માથે હાથ મૂકીને રાજીપો વ્યક્ત કર્યો. નાનામાં નાની સેવા કરનારને સન્માનવાનું સ્વામીશ્રી ચૂકતા નથી. સ્વામીશ્રીના નેતૃત્વનો આ નાનો છતાં મહાન ગુણ છે.

•

૨-૨-૨૦૦૭, રાજકોટ

સ્વામીશ્રી અલ્પાહાર કરવા વિરાજ્યા. એ દરમ્યાન 'સત્સંગ શિક્ષણ પરીક્ષા'ના કાર્યકરોનો પરિચય અપૂર્વમુનિ સ્વામીએ આપ્યો. તેઓ કહે : 'લોકોને બીજાં એટલાં બધાં કામ હોય છે કે સત્સંગ શિક્ષણ પરીક્ષા આપવી કઠણ પડે.'

સ્વામીશ્રી તરત જ કહે : 'ડૉક્ટર થવું હોય, સાયન્ટીસ્ટ થવું હોય એમાં કાંઈ કઠણ પડે છે ? વાંચવાનું તો એમાં પણ હોય છે. પણ પેલામાં જેમ મહિમા સમજાયો છે એટલો મહિમા જો સત્સંગ શિક્ષણ પરીક્ષામાં સમજાય તો એમાં પણ વાંધો ન આવે.'

અપૂર્વમુનિ સ્વામી કહે : 'પેલામાં તો સીધો લાભ દેખાય.'

સ્વામીશ્રી તરત જ કહે : 'આમાં લાભ મનાતો નથી એટલે. જો લાભ મનાય તો કાંઈ કઠણ ન પડે. પેલાની જેટલી મહત્તા છે એટલી જ આની પણ સમજાવી જોઈએ. પેલી મહત્તા મળે એ કઠણ નથી પડતી, એમ ભગવાન ને સંત રાજી થાય એ મોટામાં મોટી ડિગ્રી છે, એમ જો મનાય તો પરીક્ષા આપવામાં કઠણ પડે નહીં.'

•

સ્વામીશ્રીએ સભામાં સૌને પ્રેરણા આપતાં કહ્યું : 'ધર્મની વાત કરો, શાસ્ત્રોની વાત કરો, ભગવાનની વાત કરો, સત્પુરુષોની વાત કરો. એ બધો શ્રદ્ધાનો વિષય છે. શ્રદ્ધા હોય તો બધું કામ સફળ થાય છે. વહેવારિક કામમાં પણ શ્રદ્ધા જોઈએ. ફેક્ટરીમાં પાંચ કરોડ નાખીશ તો બે-ત્રણ વરસે ડબલ થશે. વિદ્યાર્થીને

શ્રદ્ધા છે તો મહેનત કરે છે. ખેડૂત દાણા વાવી આવે છે એ ઊગશે જ એવી શ્રદ્ધા છે. 'શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનમ્' શ્રદ્ધાવાળો પરમ જ્ઞાનને પામે છે. પરમ જ્ઞાન એટલે પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન. અભ્યાસનું જ્ઞાન લૌકિક રીતે આપણને સુખી કરે. ગમે એટલી સુખ-સંપત્તિ મળે, પણ અંતરમાં અશાંતિ રહે છે, એટલે એ જ્ઞાન પૂર્ણ નથી. પૂર્ણ પરમાત્મા છે, એમાં શ્રદ્ધા કરવાથી શાંતિ-સુખ થાય છે કારણ કે ભગવાન સર્વકર્તા છે, સર્વ નિયંતા છે, સુખના દાતા છે, આનંદના દાતા છે. જે કંઈ સુખ આપણને મળે છે એ ભગવાનનું સુખ છે. આ દુનિયાની સારી વસ્તુમાંથી આનંદ થાય છે. એ મનોરંજન ઘડીક છે, ક્ષણિક છે. ભગવાનમાંથી જે આનંદ આવે છે એ અલૌકિક છે.'

•

૩-૨-૨૦૦૭, રાજકોટ

મંદિરે દર્શન કરીને સ્વામીશ્રી નીચે આવવા માટે લિફ્ટમાં પધાર્યા ત્યારે લગભગ અંધારા જેવું હતું. લાઇટ કરવા જાય તો ફૂલ સ્પીડમાં પંખો પણ સાથે ફરતો હતો અને પંખો બંધ કરવો હોય તો લાઇટ પણ બંધ કરવી પડે એમ હતું. એટલે દર્શન કરીને સ્વામીશ્રી નીચે ઊતરતા હતા ને પંખાને લીધે લાઇટ પણ બંધ રાખવી પડી. લિફ્ટના ચાલક અશ્વિનસિંહ કહે : 'લાઇટ કરું ?'

'શિયાળામાં પંખો થાય એ ન પોહાય, એના કરતાં અંધારું સારું.' નારાયણચરણ સ્વામીએ કહ્યું.

'પણ અંધારું હોય તો બાપાનું મોઢું ન દેખાય ને !' અશ્વિનસિંહે દલીલ કરી.

એટલે સ્વામીશ્રી તરત જ કહે : 'બસ ! જોવા જેવા ભગવાન અને સંત જ છે. દુનિયાનું બીજું કાંઈ જોવા જેવું નથી.'

•

મિટિંગની વ્યસ્તતાને કારણે આજે સ્વામીશ્રી સભામાં પધારી શક્યા ન હતા. એટલે આજની સભામાં 'દાદાખાચર' વિષયક સંવાદ ભજવનારા યુવકોને આશીર્વાદ આપવા ઉતારે બોલાવ્યા. આ યુવકો સંવાદમાં પહેરેલા પરિવેશ સાથે જ સ્વામીશ્રી પાસે આવ્યા. સ્વામીશ્રી સૌને વારાફરતી મળીને આશીર્વાદ આપતા જતા હતા. સંવાદમાં સાધુનું પાત્ર ભજવેલો એક યુવક નજીક આવ્યો. એને જોઈને સ્વામીશ્રી કહે : 'હવે તારે ઘરે જવાનું નથી, ફોન કરી દે જે, અહીં ને અહીં રહેવાનું છે.'

'પણ ઘરે છોકરા છે એનું શું ?' પેલો બીચારો ઢીલો પડી ગયો.

એ જોઈને સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા અને હસતાં હસતાં જ એના ખભે ધબ્બો મારતાં કહે : 'ઘર ભેગો થઈ જા. કામ નથી તારું.'

થોડી વાર પછી પેલા કાર્યકરને અંતર્દષ્ટિ થઈ. એટલે કહે : 'બાપા ! આપ કહેતા હો તો અહીં રોકાઈ જઉં.'

એટલે સ્વામીશ્રી કહે : 'ના, ના, ના. છોકરા હાંભરે ને પાછા અહીં ઉપાધિ. એના કરતાં ઘરભેગો થઈ જા.'

•

અલ્પાહાર દરમ્યાન નિર્દેશક અલ્કેશભાઈ પરીખે તથા કાર્યકરોએ 'ઝોળી દિન' નિમિત્તે ઉઘરાવાતી ઝોળીના અવનવા અનુભવોની વાતો કરી. જેમાં રમૂજી વાતો પણ હતી અને કેટલાક તો ઝોળી માગવા આવેલા યુવકોને જે રીતે ધુતકારતા હતા એ બધી વાતો પણ હતી.

સ્વામીશ્રી કહે : 'આણંદમાં અમે જ્યારે દાળ ઉઘરાવવા જતા ત્યારે અમને પણ કાઢતા. અંબાલાલ ભેગા હોય. એમને જુએ એટલે તરત જ કહે : 'અ હો હો... એટલામાં પાછા આવી ગયા !' હવે ગઈસાલ ઠેઠ આપ્યું હોય ! એની જગ્યાએ એક વર્ષ પછી આવે તો પણ એમ કહે કે 'આવી ગયા !' એટલે એવો અનુભવ બધાને થાય તો ખબર પડે ને !'

•

આજે સ્વામીશ્રી સવારે મુલાકાત દરમ્યાન ૭૧ જેટલા હરિભક્તોને મળ્યા, જેમાં ગોંડલના વીરજીબાપા પણ હતા. લગભગ ૮૫ વર્ષના, કેડેથી નમી ગયેલા આ વીરજી બાપા ખૂબ જૂના હરિભક્ત છે. ગોંડલ મંદિર બંધાતું હતું ત્યારે તેમણે સેવા આપી હતી. ફાળિયાબંધ આવતા આ બાપાને સ્વામીશ્રીએ જ દિલ્હી મોકલવાનું નક્કી કર્યું હતું. સંતો દિલ્હી જઈ રહ્યા હતા. તેઓની સાથે બધી જ વ્યવસ્થા સ્વામીશ્રીએ કરાવી દીધી અને દિલ્હીમાં પણ વ્હીલચૅરમાં બે દિવસ સુધી અક્ષરધામમાં તેઓને ફેરવ્યા અને એ રીતે ઘરડા વીરજી બાપાની ચિંતા સ્વામીશ્રીએ કરી. ઠેઠ અહીં

પહોંચ્યા ત્યાં સુધી નાનામાં નાની સૂચના સ્વામીશ્રીએ આપી હતી. સ્વામીશ્રી આગળ આવતાં જ તેઓ ધન્યતા અનુભવતાં કહે : 'બાપા ! આપે ખૂબ કૃપા કરી. દિલ્હી અક્ષરધામનાં દર્શન કરાવી દીધાં.'

સ્વામીશ્રી કહે : 'કેવું લાગ્યું ?'

'બહુ સરસ.'

'પહેલાં ક્યારેય દિલ્હી ગયા'તા ?'

'ના ભઈ ના ! પહેલી વારકા જ ગયો.'

સ્વામીશ્રી કહે : 'તમને ઠેઠ અક્ષરધામ બતાવી દીધું.'

આમ, આબાલવૃદ્ધ સૌની સ્વામીશ્રી આત્મીયતા-પૂર્ણ દરકાર કરતા રહે છે.

•

૪-૨-૨૦૦૭, રાજકોટ

બહારગામથી આવેલો એક કિશોર સ્વામીશ્રીનાં દર્શને આવ્યો. આ કિશોરને કુસંગનો યોગ થતાં સત્સંગ ઓછો થતો ગયો અને મિત્રોના રવાડે ચડી ગયો. પરિણામે, ભણવામાં પણ ધ્યાન રહ્યું નહીં.

સ્વામીશ્રીએ વડીલની રીતે એને હિત ઉપદેશ આપતાં કહ્યું : 'પહેલાં તું તારી જિંદગીનો વિચાર કર. અત્યારે અભ્યાસનો સમય છે અને અત્યારથી ટેલિવિઝન ને બૈરાંમાં પડ્યો તો પ્રશ્ન કોને થવાનો ? આ બધું કરવામાં પૈસા ક્યાંથી લાવ્યો ?'

'પેટ્રોલના પૈસા ઘરમાંથી માગું એ અને મિત્રો હોય એ પણ સહકાર આપે.'

એના પિતાશ્રી કહે : 'રોજ ઘરે આવીને ૧૦૦ રૂપિયા પરાણે લઈ જાય છે.'

સ્વામીશ્રી કહે : 'તું વિચાર કર. આમાં તારી આખી જિંદગી બગડી જશે. ખોટા ખર્ચા શું કામ કરે છે ? બહારનું ખાવું-પીવું નહીં ને વ્યસન પણ ન કરવાં. ચોરી કે વ્યભિચાર એ બધાંમાં પાછળથી પ્રશ્ન થશે. તું કરીશ તો તારા જીવનું બગડશે.'

એના પિતાશ્રી કહે : 'એનાં મમ્મી તો આખો દિવસ રડ્યાં જ કરે છે, કારણ કે અભ્યાસનું વાંચતો નથી અને આ રીતે રખડ્યા કરે છે.'

સ્વામીશ્રી એને કહે : 'ટી.વી. જોવાય પછી એના જ વિચાર આવે ને ! પછી વાચવામાં ક્યાંથી મન લાગે ? માટે પાછી વૃત્તિ વાળ અને આજથી પ્રતિજ્ઞા કર કે 'ટી.વી. પણ જોવું નથી અને બહાર પણ રખડવું નથી.'

આટલું કહીને સ્વામીશ્રી કહે : 'તારે કાંઈ કહેવું હોય તો મને કહે.' એમ કહીને બાજુમાં ઊભેલા સૌ કોઈને દૂર કરીને એની વાતો સાંભળી અને વિશેષ બળ આપ્યું અને એ રીતે સ્વામીશ્રીએ એને સત્સંગના માર્ગમાં પાછો વાળ્યો.

યુવાની અને કુસંગ બંનેના સંમિશ્રણને લીધે ફંટાયેલા આ યુવકને સ્વામીશ્રીએ સાચો રાહ ચીંધ્યો, સત્સંગના માર્ગે પાછો લાવ્યા.

સ્વામીશ્રી યુવાનોના રાહબર છે.

•

મુલાકાત દરમ્યાન એક હરિભક્ત સ્વામીશ્રી પાસે આવ્યા. પોતાનાં ચશ્માં બતાવીને કહે : 'બાપા ! નંબર બદલાયા હશે કે કેમ ? પણ અવગુણ દેખાય છે !'

સ્વામીશ્રી તરત જ કહે : 'એને બદલે ભગવાનના મહિમાનાં ચશ્માં ચડી જાય તો કોઈનો અવગુણ દેખાય જ નહીં.'

સ્વામીશ્રીએ ટૂંકમાં દૃષ્ટિ-પરિવર્તનની અદ્ભુત વાત કરી દીધી.

•

રાત્રિભોજન દરમ્યાન યુવા કાર્યકરો વિવિધ અનુભવો સ્વામીશ્રી સમક્ષ રજૂ કરી રહ્યા હતા. ઉત્તરાયણના ઝોળીપર્વમાં ક્યાંક ક્યાંક અપમાન થયાની વાતો પણ યુવકોએ કરી. તેમણે એ સહન કર્યું એ જાણીને પ્રસન્ન થતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આ પણ એક જાતની ટ્રેનિંગ છે. તમે એની સામે બોલ્યા વગર આવ્યા એ સારું કર્યું. શાંતિથી પગે લાગ્યા એ બહુ સારું થયું. આવો અનુભવ જોગી બાપાને અને બધાને થયેલો છે. આપણે તો 'આપે એનું પણ કલ્યાણ અને ન આપે એનું પણ ભલું' એ આપણી ભાવના છે.'

•

મુલાકાતો દરમ્યાન અમેરિકાથી એક યુવકનો ફોન આવ્યો. મેં સ્વામીશ્રીને એ યુવકનું નામ આપીને કહ્યું કે 'એનો ફોન છે.'

સ્વામીશ્રી સહસા બોલી ઊઠ્યા : 'એ જડ્યો ?'

આ એક જ શબ્દમાં સ્વામીશ્રીની પ્રત્યેક યુવાન માટેની કેટલી આત્મીયતા પડઘાઈ રહી હતી ? મા પોતાના વિખૂટા પડેલા સંતાનને વરસો સુધી મનમાં સંઘરીને શોધતી ફરે એવો જ કંઈક ભાવ આ શબ્દોના

વજનમાં હતો.

હકીકતે એ યુવક પરણ્યા પછી ઘરનાં પત્નીની સત્સંગ વિમુખતાને કારણે અને બીજાં દબાણોને વશ થઈને મંદિરમાં ક્યારેક જ આવી શકતો હતો. આ વાતથી પણ સ્વામીશ્રી માહિતગાર હતા. વરસો જૂના આ યુવક માટેનો પ્રયોજાયેલો શબ્દ કેટલો આત્મીયતા-સભર છે !

•

૫-૨-૨૦૦૭, રાજકોટ

ખોડાપીપરથી ૫૫ કિલોમીટરની પદયાત્રા કરીને આવેલા ૪૦ હરિભક્તો મંદિરની પ્રદક્ષિણામાં બેઠા હતા. જેમાં અપંગ ટપુભા પણ હતા. એક વંકાયેલા પગ સાથે તેઓએ આટલી પદયાત્રા કરી હતી. સ્વામીશ્રીએ તેઓને ઊભા કર્યા અને સામેથી જ કહ્યું કે 'તમે કઈ રીતે ચાલો તે બતાવો.' તેઓએ ચાલી બતાવ્યું. આ રીતે સ્વામીશ્રીએ તેઓની ભક્તિને સાર્થક કરી.

•

૬-૨-૨૦૦૭, રાજકોટ

આજે મુલાકાત દરમ્યાન ડૉ. રશ્મિભાઈ દર્શને આવ્યા. તેઓ જૂના સત્સંગી છે, પણ કાર્યવશાત્ મંદિરમાં આવી શકતા નથી. સ્વામીશ્રી તેઓને કહે : 'રવિવારે પણ કામ હોય છે ?'

હસતાં હસતાં તેઓ કહે : 'એક આપને જ થાક નથી લાગતો, બાકી અમે તો આખું અઠવાડિયું કામ કર્યું હોય તો એવા થાકી જઈએ કે રવિવારે ઊઠવાનું જ નામ ન લઈએ.'

સ્વામીશ્રી કહે : 'પણ એક નિયમ એવો રાખવો કે મંદિરે દર્શન કરી જવાં.'

મેં કહ્યું : 'ગયા વખતે પણ આપે આવી જ વાત કરી હતી.'

સ્વામીશ્રી તરત જ કહે : 'આપણે વાત કરે રાખવી. જોગીબાપા કહેતા કે વાત ચાલુ રાખીએ તો ક્યારેક ઊગે.'

•

૭-૨-૨૦૦૭, રાજકોટ

અગ્રેસર કાર્યકરો જયેશભાઈ ચાવડા, કિરીટભાઈ સોની અને કેતનભાઈ ટાંકે બાળકોના વિશિષ્ટ પ્રસંગો રજૂ કર્યા. આ પ્રસંગોમાં પ્રજ્ઞેશ કાચા નામના બાળકની વાત કરતાં તેઓ કહે :

''છ વરસનો આ બાળક. સવારે વહેલો ઊઠીને પોતાની નાની ડોલ અને પોતું લઈને રોજ મંદિરની સાફસૂફીમાં આવી જાય છે. એના પિતાશ્રી મંડળ સંચાલક છે. ક્યારેક એ હાજર ન હોય તો મંડળનું સંચાલન આ પ્રજ્ઞેશ પોતે કરે છે. એ દરમ્યાન એની માતાને સાથે બેસાડે છે. નિયમ-ધર્મ પણ એના પાકા. એક વખત એ લગ્નમાં ગયો. કોઈએ મશ્કરીમાં કહ્યું કે 'રસોઈમાં તો લસણ-ડુંગળી છે.' તો એણે ખાલી રોટલી અને ભાત જ લીધા. કો'કે વળી વધારે મશ્કરી કરતાં કહ્યું : 'રોટલી ઉપર પણ લસણ ચોપડ્યું છે.' તો એણે થાળીમાંથી રોટલી પણ કાઢી નાખી અને કેવળ ભાત ને છાશ જમીને ચલાવ્યું. આવી એની નિયમ-ધર્મની દૃઢતા છે.''

સ્વામીશ્રી આ નાનકડા શિશુની દૃઢતા જોઈને દ્રવિત થઈ ગયા. અમીદૃષ્ટિથી એની સામે જોઈ રહ્યા, જેમાં અંતરનો રાજીપો નીતરી રહ્યો હતો.

થોડી વાર પછી સ્વામીશ્રી બાજુમાં બેઠેલા એક યુવકને કહે : 'તારા ઘરમાં ટી.વી. છે ?'

'હા, પણ ફક્ત ન્યૂઝ જ જોઉં છું.'

'બીજું નથી જોવાતું ?' એમ પ્રશ્ન કરીને સ્વામીશ્રીએ જ સામેથી કહ્યું : 'તું ગમે એટલું કહે પણ જોવાય જ. ઘરમાં હોય એટલે બીજું જોવાનું મન થઈ જ જાય. ડગમગ થાય છે ત્યાં સુધી સમજી જ લેવાનું. વિચાર તો કર કે આ છોકરા કરતાં પણ આપણે ગયા !'

એ યુવક કહે : 'આપ કૃપા કરો તો જાય.'

સ્વામીશ્રી કહે : 'કેટલી કૃપા જોઈએ છે ? કૃપા જ કરી છે ને !'

એ યુવક વતી તેના પિતાશ્રી કહે : 'ક્રિકેટમાં તો એટલો બધો રસ છે કે ક્યાં સમય જતો રહે એ પણ ખબર નથી પડતી. ખોવાઈ જાય છે.'

સ્વામીશ્રી તરત જ તેને કહે : 'ખોવાઈ જાય છે અને પાછો બીજું જોવાનું ના પાડે છે ! કેવું કહેવાય ? માથું પડી જાય પણ આપણે ટી.વી. જોવાનું જ નહીં. ઘરમાંથી જ ટી.વી. કાઢી નાખો. આ નાના છોકરા સામે તો જો ! લગ્નમાં જાય તો પહેલાં રસોડામાં જઈને જોઈ લે કે રસોઈમાં ડુંગળી-લસણ છે કે નહીં ? કેટલી દૃઢતા રાખે છે ! કેવું કહેવાય ! કેટલી હિંમત કહેવાય ! ગૌરવ

લેવા જેવી વાત છે. નિયમ છે એટલે શિરસાટાની વાત. એટલે તારે પણ એ રીતે શીખવું જોઈએ.'

આટલું કહેતાં એના મોટાભાઈની સામે દૃષ્ટિ ગઈ. સ્વામીશ્રી કહે : 'તારે કેમ છે ?' એ કાંઈ ન બોલ્યો. એટલે તરત સ્વામીશ્રી કહે : 'ટી.વી. જોવાનું મૂકી દે. બીજે મૂકી આવ. બહારનું ખાવા-પીવાનું કે ટી.વી. જોવાનું તો થાય જ નહીં. આ છોકરા સામે જો. એ નાના છોકરાને તું શું સમજે છે ? કેવો તિલક-ચાંદલો અને બધું જ કરે છે ! એમ તું પણ કર.'

એ કહે : 'એ તો હું કરું છું, પણ પરસેવો થાય એટલે લૂછાઈ જાય છે.'

સ્વામીશ્રી તરત જ કહે : 'પરસેવાનું બહાનું કાઢીને અમથું અમથું લૂછી નાખે, પણ એવી શરમ શા માટે રાખવી ? લગ્નમાં સાસુએ ચાંદલો નહોતો કર્યો ? તો આ ભગવાન માટે કરવાનો છે. રાત્રે સૂતાં સુધી તિલક-ચાંદલો રહેવો જોઈએ. એનું નામ પાકા સત્સંગી. સાસુને રાજી કરવા માટે જેમ કરીએ છીએ એમ ભગવાનને રાજી કર ને ! ભગવાનના કામમાં કાયમ સાવધાન રહેવું. સાદું ને સીમ્પલ જીવન જીવવું. બહુ ખર્ચાની જરૂર નહીં. આપણે આજ્ઞા અને ઉપાસના બેય છે. એ સામી છાતી રાખીને કરવી.'

સ્વામીશ્રી જુસ્સાપૂર્વક બોલી રહ્યા હતા. વાતાવરણમાં સોપો પડી ગયો હતો. સ્વામીશ્રીની આ રુચિ છે.

•

૮-૨-૨૦૦૭, રાજકોટ

વિદાય વેળાએ સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શને પધાર્યા હતા. તબિયતને લક્ષમાં લઈને ડૉક્ટરોએ તેઓને દંડવત્ કરવાની ના પાડી હતી. પરંતુ આજે સ્વામીશ્રીએ ઠાકોરજીને દંડવત્ કરવાની ખાસ ઇચ્છા વ્યક્ત કરી. સૌએ સમજાવ્યા, પરંતુ સ્વામીશ્રી કહે : 'વાંધો નહીં આવે, કરી લઈએ. ધીરે રહીને કરીશું.' અને સ્વામીશ્રીએ દંડવત્ કર્યા જ. ૮૬ વર્ષે સ્વામીશ્રીનો ભક્તિસભર આગ્રહ જોઈને સૌ નતમસ્તક થઈ ગયા.

•

૯-૨-૨૦૦૭, મુંબઈ

દક્ષિણ ગુજરાતના જાણીતા ઉદ્યોગપતિ સી.કે. પીઠાવાલા પોતાના એક મિત્ર સાથે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીને સતત કાર્યરત જોઈને તેમણે કહ્યું : 'હું સતત જોઉં છું કે આટલી ઉંમરે પણ આપ હંમેશાં કામ જ કર્યા કરો છો.'

તેઓના મિત્ર બોલી ઊઠ્યા : 'આપનામાં દૈવી-શક્તિ જ કામ કરે છે, બાકી માણસની શક્તિને તો ક્યારેક મર્યાદા આવી છે. ખરેખર, આપનું મનોબળ ખૂબ છે ! આ ઉંમરે આ રીતે સતત વિચરણ કરવું બહુ મોટી વાત છે.'

સ્વામીશ્રીએ સહજતાથી કહ્યું : 'બધું બળ ભગવાનનું છે. ભગવાન પ્રેરણા આપે છે એટલે બધું થાય છે. એમના વગર કાંઈ થતું નથી. ભગવાનને કર્તા માનીએ તો ભાર ન લાગે. જે થયું છે એ એમની ઇચ્છાથી થયું છે. સારું થાય કે નરસું થાય, એમને કર્તા માનીએ એટલે દુઃખ ન થાય.'

સ્વામીશ્રીએ સહજ વાર્તાલાપમાં પોતાની જીવન-ભાવના વ્યક્ત કરી દીધી.

•

૧૦-૨-૨૦૦૭, મુંબઈ

આજે સ્વામીશ્રીના હૃદયનું પરીક્ષણ કરવા જવાનું હતું. આજના પરીક્ષણ માટે ભલે અંતરમાં સ્નેહના કારણે શંકાઓ-કુશંકાઓ હોઈ શકે, પરંતુ સૌની ભાવના તો એક જ હતી કે સ્વામીશ્રી તદ્દન સ્વસ્થ અને નિરામય હોય. અને એટલા માટે જ્ઞાનવત્સલ સ્વામીએ કહ્યું : 'બાપા ! આજે ઐશ્વર્ય વાપરજો કે આપના રિપોર્ટ સારા આવે.'

સ્વામીશ્રી કહે : 'ઐશ્વર્ય તો ભગવાન વાપરશે. પ્રાર્થના કરશું કે ભગવાનની ઇચ્છા હોય એમ થાય.'

સ્વામીશ્રીની ભાવના અને અનન્ય શરણાગતિ કેટલી બેમિસાલ છે !

જ્ઞાનવત્સલ સ્વામી કહે : 'આખો સત્સંગ આજે એમ કહે છે કે ધાર્યું આપનું જ થાય છે.'

સ્વામીશ્રી કહે : 'આપણા હાથમાં કશું જ નથી. બધું જ ભગવાનના હાથમાં છે. એમને જેટલી સેવા લેવી હશે એટલું સારું રાખશે.'

આવી પળોમાં પણ સ્વસ્થતા અને ભગવાનના કર્તાપણાની કેફિયત અસંભવ છે.

•

આજે સ્વામીશ્રીના હૃદયનું પરીક્ષણ હતું. જાણીતા

કાર્ડિયોલોજિસ્ટ ડૉ. એ. બી. મહેતાના માર્ગદર્શન હેઠળ જસલોક હૉસ્પિટલમાં સ્વામીશ્રીનો ટેસ્ટ કરાવવાનો હતો. સ્વામીશ્રીની બધી જ અનુકૂળતાઓ સચવાય એ માટે ૧૧:૦૦ વાગે જસલોક હૉસ્પિટલમાં લાવી દેવામાં આવ્યા. સ્વામીશ્રી હૉસ્પિટલના ૧૬મા માળે ૧૬૧૪ નંબરની રૂમમાં પધાર્યા.

સ્વામીશ્રીના સ્વાસ્થ્યના પરીક્ષણના સમાચાર દેશ-વિદેશમાં સૌને મળી ગયા હતા. સૌ ચિંતિત હતા. દરેક મંદિરમાં આખા દિવસની ધૂન રાખવામાં આવી હતી. સ્વામીશ્રીને આ સમાચાર મળ્યા એટલે તરત જ બધાં મંદિરોમાં સ્વામીશ્રીએ ફોન કરાવ્યો કે 'ઠાકોરજી સમક્ષ ધૂન કરવાના છો, પણ બપોરે ઠાકોરજી પોઢ્યા હોય, માટે એ સમયે બપોરે બીજા હૉલમાં બેસીને ધૂન કરવી.'

સ્વામીશ્રીએ આ સંદેશો કહેવડાવ્યો ત્યારે તેઓના રૂમની લાઈટો બંધ થઈ ગઈ હતી. સ્વામીશ્રી આરામમાં હતા, છતાં થોડી વાર પછી ઊઠીને આ વાત કરી. ઠાકોરજી પ્રત્યેની તેઓની સૂક્ષ્મ ભક્તિ વગર આવો પ્રેમ સંભવી ન શકે.

•

મેડીકલ ચૅક-અપ પૂરું કર્યા પછી સ્વામીશ્રી પુનઃ દાદર મંદિરે જઈ રહ્યા હતા. ઉદ્યોગપતિ કૈલાસ અગ્રવાલ ગાડી ચલાવી રહ્યા હતા. ગુણભાવી આ ઉદ્યોગપતિએ સ્વામીશ્રી પ્રત્યેનો આદર પોતાના શબ્દોમાં સાહજિક રીતે વ્યક્ત કરતાં કહ્યું : 'हिन्दू साम्राज्य में आपसे बड़े आज कोई नहीं हैं।'

સ્વામીશ્રી તરત જ પ્રત્યુત્તર આપતાં કહ્યું : 'बड़े तो एक भगवान हैं।'

કૈલાસજી કહે : 'कई जगह लोग एक पंखा लगाते हैं, तो भी पूरे परिवार का नाम लिखवाते हैं, कहीं तो लोग मूर्ति के नीचे भी अपना नाम लिखवाते हैं। लेकिन आपके वहाँ मैंने देखा, कितने मंदिर हुए, लेकिन एक भी जगह किसी का नाम नहीं, केवल एक ही नाम स्वामिनारायण का। हम लोग एक फैक्टरी लगाते हैं, तो भी पूरे थक जाते हैं, आपने तो ७०० मंदिर किए। अद्‌भुत मंदिर ! लेकिन, अभी तक कोई थकान नहीं लगती है, और कोई अभिमान भी नहीं, और स्वस्थ।'

સ્વામીશ્રી કહે : 'भगवान को सर्व कर्ता मानने से शांति रहती है। सब कार्य भगवान के प्रताप से होता है। सबमें प्रेरणा करने वाले भी भगवान है, ऐसा नहीं माने तो अहंकार आ जाता है।'

•

૧૧-૨-૨૦૦૭, મુંબઈ

સ્વામીશ્રીના હૃદય-પરીક્ષણના સમાચાર રાષ્ટ્રપતિ અબ્દુલ કલામને પણ મળ્યા હતા. એટલે રાષ્ટ્રપતિ-ભવનમાંથી રાષ્ટ્રપતિ અબ્દુલ કલામના સેક્રેટરી શેરીડનનો ફોન આવ્યો. સ્વામીશ્રીના સ્વાસ્થ્ય માટે રાષ્ટ્રપતિજીએ ગઈકાલે કહ્યું હતું કે 'પ્રમુખસ્વામીનું જ્યારે સ્વાસ્થ્ય-પરીક્ષણ ચાલુ હશે એ દરમ્યાન હું ખાસ એક માળા ભગવાનને કરીશ.' એ સંદર્ભમાં સ્વામીશ્રીના સ્વાસ્થ્યના સમાચાર જાણવા માટેની જિજ્ઞાસા સાથે રાષ્ટ્રપતિ અબ્દુલ કલામનો ફોન અચાનક આવ્યો. લગભગ ૧૧ મિનિટ સુધી તેઓએ સ્વામીશ્રી સાથે વાત કરી. આ વાતચીત દરમ્યાન સ્વામીશ્રીના વ્યક્તિત્વની અસર તેઓના માનસ ઉપર કેટલી દૃઢપણે અંકિત થયેલી છે અને સ્વામીશ્રીને તેઓને માટે એક હરિભક્ત જેવો આદર અને આત્મીયતા છે, એનાં દર્શન થતાં હતાં.

રાષ્ટ્રપતિજીએ ફોનમાં કહ્યું કે 'આપની તબિયત કેમ છે ? બધું ફાઈન છે કે કેમ ? આપના સ્વાસ્થ્ય માટે ગઈકાલે મેં બે માળા ભગવાનને કરીને પ્રાર્થના કરી હતી.'

સ્વામીશ્રીએ પ્રત્યુત્તરમાં જણાવ્યું : 'આપનો પ્રેમ છે, લાગણી છે અને ભાવના છે. આપે પ્રાર્થના કરી તેથી ભગવાન પણ રાજી થયા. અમે પણ આપના માટે સતત પ્રાર્થના કરીએ છીએ કે આપનું સ્વાસ્થ્ય સારું રહે, આપના દ્વારા ભગવાન સારાં કાર્યો કરાવે. સાથે સાથે બીજી એક વાત કરવાની કે દેહ છે એટલે સાજું-માદું તો થવાનું. ભગવાનની ઇચ્છાથી દેહ નરસો થાય કે સારો થાય, પણ આ દેહે કરીને હંમેશાં સારાં કામ થતાં રહે એવી પ્રાર્થના સતત આપ કરતા રહેજો.'

રાષ્ટ્રપતિશ્રીએ ભાવવિભોર થતાં કહ્યું : 'આપણા રાષ્ટ્રનું સૌથી મહાન ભલું આપે કર્યું છે. આપે જે કર્યું છે તે કરવા માટે કોઈ શક્તિમાન નથી. હું જાણું છું તે મુજબ, કોઈ વ્યક્તિએ આપણા દેશ માટે આવું કાર્ય કર્યું નથી. કોઈ એક વ્યક્તિ આટલા બધા લોકોનાં

મનને અને આટલી બધી ઊર્જાને એકત્રિત કરીને અક્ષરધામ જેવું સર્જન કરી શકી નથી. સ્વામીજી ! એ આપણા દેશને અને માનવ સભ્યતાને આપનું સૌથી મોટું પ્રદાન છે.'

સ્વામીશ્રીએ કહ્યું : 'બધું ભગવાનની ઇચ્છાથી થયું છે. યોગીબાપાની કૃપાથી, ભગવાનની કૃપાથી થાય છે. આપ પણ ભગવાનના માણસ છો, આપને ભગવાનમાં શ્રદ્ધા છે, તો આપના દ્વારા પણ દેશના સારાં સારાં કાર્યો થતાં રહેશે, લાખો લોકો સુખી થાય તેવાં કાર્ય થશે, સૌ સુખી થશે અને આપને પણ અંતરે સુખ રહેશે. સતત પ્રાર્થના કરીએ છીએ.'

રાષ્ટ્રપતિશ્રીએ જણાવ્યું : 'હું આપને લગભગ દરરોજ યાદ કરું છું. મારો એક પણ દિવસ એવો પસાર થતો નથી કે જ્યારે મારી પાસે આવેલા કોઈપણ અતિથિને મેં અક્ષરધામનો મહિમા કહ્યો ન હોય ! આપે આપણી સંસ્કૃતિના વારસાનું સર્જન કર્યું છે, એ હજુ સુધી કોઈ કરી શક્યું નથી. માત્ર આપ જ કરી શક્યા છો. દરરોજ આપણા દેશ અને વિદેશના હજારો લોકો અક્ષરધામનાં દર્શને આવે છે, તે બધાં જ ભારતીય હોવાનું ગૌરવ અનુભવીને, અને વધારે સારા માનવ બનીને બહાર આવે છે. માત્ર હું નહીં, સમગ્ર દેશ આપના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરે છે. આપ હંમેશાં સ્વસ્થ રહેશો, કારણ કે અક્ષરધામ આપના માટે પ્રાર્થના કરે છે, બધા જ દર્શનાર્થીઓ પ્રાર્થના કરે છે. આપ પણ પ્રાર્થના કરશો કે સુધારણાનું નાનું સરખું મારું કાર્ય હું સારી રીતે કરી શકું.'

તેઓના આત્મીય વાર્તાલાપથી સ્વામીશ્રી ભાવાર્દ્ર થઈ ગયા હતા.

તા. ૧૧-૨-૨૦૦૭ના રોજ રાત્રે પુનઃ ફોન દ્વારા વાર્તાલાપ કરતાં રાષ્ટ્રપતિશ્રી બોલી ઊઠ્યા હતા : 'જ્યારે સ્વામિનારાયણ આપની સાથે છે ત્યારે આપને શું થવાનું છે !'

બ્રહ્મવિહારી સ્વામીએ તેનું ભાષાંતર કરી સ્વામીશ્રીને રાષ્ટ્રપતિશ્રીની આ લાગણી વ્યક્ત કરી ત્યારે સ્વામીશ્રીએ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરતાં કહ્યું : 'આપને આટલો પ્રેમ છે, લાગણી છે એ આનંદની વાત છે. અમે પણ ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે ભગવાન આપનું સ્વાસ્થ્ય સારું રાખે, સારાં કાર્યો થાય.'

તા. ૧૨-૨-૨૦૦૭ના રોજ પણ સ્વામીશ્રીનું નિદાન ચાલુ હતું ત્યારે પણ પુનઃ દિલ્હીથી રાષ્ટ્રપતિશ્રીએ ફોન કરીને સ્વામીશ્રી તથા ડૉ. અશ્વિનભાઈ મહેતા સાથે વાર્તાલાપ કરીને આત્મીયતા-પૂર્વક પૃચ્છા કરી હતી.

સ્વામીશ્રી પ્રત્યેના અત્યંત ગુણાનુરાગી હોવાથી રાષ્ટ્રપતિજીને સમાચાર જાણ્યા વગર અજંપો રહેતો હોય એવું અનુભવાયું.

•

આજે સ્વામીશ્રી સમક્ષ વર્તમાન પ્રવાહોની વાતો ચાલી. સામાજિક અને રાષ્ટ્રીય સમસ્યાઓની કંઈક કડવી વાસ્તવિકતાની વાતો નીકળતાં એક જણે કહ્યું : 'આ દેશમાં રહેવા જેવું જ નથી.'

સ્વામીશ્રીએ તેમને રોકતાં કહ્યું : 'પણ આપણે શું કામ છોડીને જવું ?'

'જો કે આમ તો જ્યાં જાવ ત્યાં બધે એટલા જ પ્રશ્ન છે, એટલે આ દુનિયામાં રહેવા જેવું જ નથી.'

સ્વામીશ્રીએ નવો જ દૃષ્ટિકોણ આપતાં કહ્યું : 'પણ આપણે દુનિયામાં ક્યાં રહીએ જ છીએ ? આપણે તો બહાર જ છીએ ! જ્ઞાનની દૃષ્ટિ હોય તો દુનિયામાં છીએ તોય બહાર જ છીએ.'

પ્રત્યેક સ્થિતિમાં જ્ઞાનનું કવચ ઓઢીને સુખિયા રહેવાની ચાવી સ્વામીશ્રીએ સહજમાં સમજાવી દીધી.

•

આજે ભોજન દરમ્યાન એક સંત કહે : 'ઘણા લોકો પોતાનાં કાર્યોને સિદ્ધિ લેખાવીને જ્યાં-ત્યાં એનો દાવો કરતા હોય, જ્યારે આપે આટલું બધું કર્યું છે છતાં આપ તો એમ જ કહો છો કે 'આપણાથી તો શેક્યો પાપડ પણ ભાંગે એમ નથી, ભગવાનથી જ બધું થાય છે.' બોલો, પાપડ તો આપ એમનેમ પણ ભાંગી શકો !'

હસતાં હસતાં સ્વામીશ્રીએ કહ્યું : 'રોજ ખાતી વખતે પાપડ તો ભાંગીએ જ છીએ ને ! એમાં ક્યાં પ્રશ્ન છે ! પણ મૂળ ભગવાનની શક્તિ આગળ આપણે કાંઈ નથી – એ સમજણ કરવાની છે. ભગવાનની એ શક્તિનો વિચાર કરો ને ! જો આપણને લકવો થઈ જાય તો ?' એમ કહેતાં સ્વામીશ્રી ઊભા ઊભા બધાં અંગ જકડાઈ ગયા હોય એવી મુદ્રા કરતાં કરતાં કહે : 'લકવો થઈ જાય તો આપણે શું કરી શકવાના ? હાથ

આપણા સ્થિર થઈ જાય, તો પછી કયો પાપડ ભાંગી શકવાના ! જે કંઈ થઈ શકે છે એ ભગવાને આપેલી શક્તિથી જ થાય છે. આપણાથી તો હાથ પણ હાલે એમ નથી. તોય લોકો અભિમાન કરે, પણ એનાથી થાય શું ?'

સ્વામીશ્રીના જીવનનો આ સ્થાયીભાવ છે.

•

હૃદયનું પરીક્ષણ કર્યા પછી સ્વામીશ્રી ડૉક્ટરની સૂચના અનુસાર આરામ કરી રહ્યા હતા. સમય પ્રમાણે કસરત કરી રહ્યા હતા. આજે જમ્યા પછી આરામમાં જવા માટે ઊભા થયા ત્યારે પૂર્ણયોગી સ્વામી કહે : 'તબિયત સારી રાખવી કે ન રાખવી એ બધું આપના હાથમાં છે...'

સ્વામીશ્રી પોતાના ખાલી હાથ ઊંચા કરીને બતાવતાં કહે : 'આપણે તો ખાલી ખમ છીએ.' એમ કહીને હળવા હાથે તાળીઓ પાડતાં વળી કહે : 'આપણે તો ખાલીખમ છીએ. બધું ભગવાનના હાથમાં છે. આંખ, મોઢું, શરીર બધાનું સુખ ભગવાનમાં જ છે. એની આજ્ઞા પાળીએ, નિયમ-ધર્મ પાળીએ તો એ રાજી રહે. ખટપટ ના કરીએ, કોઈનો દ્રોહ ના કરીએ, અભાવ-અવગુણ ના લઈએ તો એ રાજી રહે. બાકી જે કર્યું હોય એ પણ કપાતું જાય. એટલે એ સાચવવાનું. એ સાચવો તો સુખ સુખના દરિયા.'

•

૧૨-૨-૨૦૦૭, મુંબઈ

આજે એક પ્રસંગે સ્વામીશ્રીની કરુણા, પ્રેમ અને અકારણ કૃપાનો સૌને અનુભવ થયો.

પ્રશ્ન : 'અમારામાં અવગુણ છે ને અમે આપની પાસે આવીને નિષ્કપટપણે કહીએ છીએ પણ ખરા, પણ છતાં તમે સ્નેહ વરસાવો છો ! એ સમજાતું નથી.'

સ્વામીશ્રી : 'માણસમાત્ર ભૂલને પાત્ર. જોગી મહારાજનો સિદ્ધાંત જુઓ. ભલે કોઈએ ગમે એટલું ખોટું કર્યું હોય છતાંય ગુણદૃષ્ટિ હતી કે 'આવ્યો છે, સેવા કરે છે, સારો છે.' એક વાત છે કે એને આગળ લેવો છે, સત્સંગમાં છે તો સુધરશે. એ દૃષ્ટિથી (સત્પુરુષ) હેત કરતા હોય ! આપણાથી થાય ત્યાં સુધી પ્રયત્ન કરવાના. ના થાય તો મહારાજ એને પ્રેરણા કરે તો સારું થાય. એટલે મોટાપુરુષની દૃષ્ટિ જુદી છે ને આપણી જુદી છે. આપણને બધો ભેદભાવ લાગે છે. જે મહારાજને વિષે લાગ્યો છે અને જોગી મહારાજના વિષે પણ લાગ્યો છે. અભાવ-અવગુણ લેનારો એની મેળે નીકળી જશે, આપણે કહેવું જ નહીં પડે. આપણી દૃષ્ટિ એવી ન હોવી જોઈએ. સત્સંગમાં બધી જાતના સ્વભાવના માણસો હોય, એને આપણે શું સંબંધ ? આપણે તો સ્વામીનો મોટો સંબંધ છે.'

•

પ્રશ્ન : 'શાસ્ત્રીજી મહારાજ એવું કહેતા કે મેં એવું એક પણ કામ નથી કર્યું કે મારે પસ્તાવું પડે. આપને પણ પસ્તાવું નહીં પડ્યું હોય ને ?'

સ્વામીશ્રી : 'આપણે પસ્તાવા કરવાનું રહે છે જ ક્યાં ? એમની ઇચ્છાથી જ થાય છે.' એટલે શ્રીજી-મહારાજના કર્તાપણાની બરોબર દૃઢતા હોય તો બધી વસ્તુ સાફ થઈ જાય. માન ન આવે કે મેં કર્યું. સ્વભાવ, દોષ, ફલાણાએ કર્યું... કોઈ આવીને સાચી-ખોટી ગમે તેટલી વાતો કરે તો પણ જીવમાં પેસે નહીં. પણ શ્રીજી-મહારાજનું કર્તાપણું ભૂલી જાય તો એવું થઈ જાય કે ભગવાન અને સત્પુરુષને એમને કંઈ ખબર પડતી નથી, ફલાણાભાઈ કરે છે ને ફલાણાભાઈથી ચાલે છે, પણ કરોડો ભેગા થાય તોય આ તંત્ર ચાલે ? પણ એ એક જ કામ કરે તો કરોડો તાજા થાય. બુદ્ધિનો ડોળ મૂકીએ તો કામ થાય. બુદ્ધિ પણ આપણી નથી. બધું ભગવાન-સંતનાં ચરણોમાં સમર્પણ કરી દેવાનું.'

•

૧૩-૨-૨૦૦૭, મુંબઈ

સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શને પધાર્યા, ત્યારે ઘનશ્યામ મહારાજના ખંડ આગળ બુકે હાથમાં લઈને ગુજરાત રાજ્યના બે વરિષ્ઠ મંત્રીઓ અશોકભાઈ ભટ્ટ અને ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા ઊભા હતા. રાજ્ય સરકાર અને મુખ્યમંત્રી તરફથી સ્વામીશ્રીના સ્વાસ્થ્યના ખબર-અંતર પૂછવા માટે તેઓ ગઈકાલે રાત્રે જ આવી પહોંચ્યા હતા. આજે વહેલી સવારે તૈયાર થઈને તેઓ અહીં ઠાકોરજી સમક્ષ આવીને ઊભા. સ્વામીશ્રી ત્યાં પધાર્યા. દર્શન કર્યાં પછી બંને મંત્રીઓએ બુકે અર્પણ કરીને પંચાંગ પ્રણામ કર્યા.

સ્વામીશ્રી કહે : 'ભગવાનની દયાથી અને બધાની પ્રાર્થના હતી તો રિપોર્ટ સારા આવ્યા છે.'

અશોકભાઈ કહે : 'આપના આ સમાચાર મળ્યા

ત્યારે હું રાયપુર ચકલામાં રમેશભાઈ ઓઝાની પારાયણમાં હતો. અમે બંનેએ આપના માટે ત્યાં ભગવાનના નામની ધૂન કરી હતી.'

સ્વામીશ્રી કહે : 'આપ બધાની લાગણી છે એટલે ભગવાનની દયાથી બધું સારું થયું છે.'

ત્યારબાદ સ્વામીશ્રી પ્રાતઃપૂજામાં પધાર્યા. બે કીર્તનો ગવાઈ ગયાં પછી બંને મંત્રીઓનું હાર પહેરાવીને કોઠારી સ્વામીએ સન્માન કર્યું. ત્યાર પછી રાજ્યના કૃષિ અને સહકાર મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ પોતાની ભાવોર્મિ વ્યક્ત કરતાં કહ્યું :

"બાપાના તબિયતના સમાચાર જાણવા અને લાંબા આયુષ્ય માટેની શુભકામના વ્યક્ત કરવા માટે ગુજરાતની પાંચ કરોડની જનતા અને રાજ્ય સરકાર અને મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી વતી અમે આજે અહીં ઉપસ્થિત રહ્યા છીએ. બાપાના શ્વાસના આધારે દેશ અને દુનિયાના કરોડો લોકોના શ્વાસ બંધાયેલા છે. મને અને તમને એ વાતનું ગૌરવ છે કે એ બાપા ગુજરાતના છે.

બાપાના સ્વાસ્થ્યના સમાચાર મળ્યા અને ઘણા લોકોએ પ્રાર્થના કરી. માત્ર મંદિરમાં નહીં, માત્ર હરિભક્તોએ નહીં કે સત્સંગીઓએ નહીં, અમે તો સમાજમાં રહીએ છીએ. એટલે કહું છું કે હરિભક્ત હોય કે ના હોય, જેમણે દર્શન કર્યાં હોય કે ના હોય, આ બધાએ પણ ઘણી પ્રાર્થનાઓ કરી છે. અમે ગઈકાલે રાત્રે અહીં આવ્યા. પ્લેનમાંથી ઊતરતા હતા ત્યાં મધ્યપ્રદેશ બાજુના કોઈ હિન્દી ભાષી વ્યક્તિ મળ્યા. તેઓને અમે કહ્યું કે 'અમે પ્રમુખસ્વામી પાસે જઈએ છીએ.' તો તેઓ તરત જ કહે : 'કૈસે હૈ બાપા ? મેરી ઓર સે શુભ કામના વ્યક્ત કરના. મૈંને ભી પ્રાર્થના કી થી.' સ્વામીશ્રી માટે દેશના લોકોને આટલી અનહદ ભાવના છે !"

•

સ્વામીશ્રીનાં દર્શન કરવા માટે સંતો બેઠા હતા. એ દરમ્યાન સ્વામીશ્રીની પ્રત્યેક પરિસ્થિતિમાં સ્વસ્થતાની વાત નીકળતાં આદર્શજીવન સ્વામી કહે : 'બીજો કોઈ હોય ને એને ડૉક્ટર કહે કે પરિસ્થિતિ આવી છે, તો મૂંઝાઈ જાય ને કેટલુંય કરી નાખે. બધું બંધ કરી દે. ને આપને તો આવી પરિસ્થિતિ હોવા છતાં ગભરામણ જેવું જ નથી. આપની આ સ્વસ્થતા છે.'

સ્વામીશ્રી તરત જ કહે : 'ગમે એટલું કરશો, જે કંઈ થવાનું છે એ ભગવાનની ઇચ્છાથી થવાનું છે. ભગવાનની ઇચ્છા છે ત્યાં સુધી રહેવાનું છે, બાકી એક દિવસ તો જવાનું છે જ ને !'

જ્ઞાનવત્સલ સ્વામી કહે : 'ડૉક્ટર કોઈ રીતે આવી સૂચના આપે તો બીજાની તો ધીરજ જ ન રહે. જ્યારે આપ તો એકદમ સ્વસ્થ છો.'

સ્વામીશ્રી તરત જ કહે : 'જગતના લોકોને તો આસક્તિ હોય એટલે ચિંતા થવા માંડે કે 'બૈરાં-છોકરાંનું શું થશે ? આનું શું થશે ? આ કરવાનું રહી ગયું ! એનું શું થશે ?' જ્યારે આપણે તો બીજો શું વિચાર હોય ? ભજન-ભક્તિ એ જ કરવાનાં છે ને !'

આદર્શજીવન સ્વામી કહે : 'આપને તો આસક્તિ હોય જ નહીં. પણ આટલી મોટી સંસ્થા હોય એના આપ પ્રાણ છો. આપને આધારે જ સંસ્થા ચાલે છે ને !'

સ્વામીશ્રી તરત જ કહે : 'સંસ્થા તો ભગવાનની ઇચ્છાથી ચાલે છે. અને તમારા જેવા બધા સંતો તૈયાર થઈ ગયા અને બધાએ ઘણું સંભાળી લીધું છે.'

સ્વામીશ્રીનાં આ વચન સાંભળીને આજુબાજુ ઊભેલા સંતોએ એક સૂરમાં વાત કરી કે 'લાખો તારા ટમટમતા હોય પણ રવિ વગર રાત જતી નથી. આપને લીધે જ આખો સત્સંગ ટક્યો છે.'

•

બે-ત્રણ સંતો બેઠા હતા. જ્ઞાનવત્સલ સ્વામી કહે : 'આધુનિક મૅનેજમેન્ટ પણ હવે શિખવાડે છે કે નમ્રતા રાખો, સૌ સાથે હળો અને મળો, અને જે નોકર હોય એને પણ સાચવો.'

સ્વામીશ્રી તરત જ કહે : 'નોકર હોય પણ પોતાની કંપનીનો ભાગીદાર જ છે – એમ વર્તાવ કરે તો જ કંપની સારામાં સારી ચાલે. કારણ કે નોકર અને શેઠ એકબીજાના આધારે જ છે ને ! લેબર હોય તો કંપની ચાલે અને કંપની હોય તો લેબર નભે. બાકી લાલ ધજાગરો ચોડી દીધો પછી શું થાય ?'

•

જ્ઞાનવત્સલ સ્વામી કહે : 'સ્ટીફન કોવી બહુ મોટા મૅનેજમેન્ટના લેખક છે. તેઓ અહીં મુંબઈમાં આવ્યા હતા. લોકો ૨૫,૦૦૦ રૂપિયાની ફી ભરીને તેઓને

સાંભળવા ગયા હતા. છ કલાક સુધી બોલ્યા અને છેલ્લે સારાંશ કહ્યો કે 'તમે બીજાને બદલવાની કોશિશ કરો એ પહેલાં તમે બદલાવ. બીજાને સમજવાની કોશિશ કરો. બીજાને અનુકૂળ થવાનો પ્રયત્ન કરો.' આ બધું ખબર હોય પણ અઘરું બહુ પડે છે, ટાણે થતું નથી.'

સ્વામીશ્રી કહે : 'એ જ છે ને ! આપણે તો સહન જ કરવાનું. બીજા પ્રત્યે પ્રેમ જ રાખવાનો. જૂઠ, લુચ્ચાઈ એ બધું ત્યાગવાનું.'

જ્ઞાનવત્સલ સ્વામી કહે : 'આપ સહન કરવાની જ વાત કરો છો, પણ ઘણી વખત મનમાં ઘણા બધાને એવો પ્રશ્ન રહે છે કે સહન કેટલું કરવું ? ક્યાં સુધી કરવું ? સામાવાળો ખોટો હોય તો પણ ચલાવે રાખવું ?'

સ્વામીશ્રી તરત જ કહે : 'જોગી મહારાજનું જીવન જુઓ. ઠેઠ સુધી તેઓએ સહન જ કર્યું છે. તેઓને માર્યા છતાં શબ્દ પણ કાઢ્યો નથી.'

જ્ઞાનવત્સલ સ્વામી કહે : 'સહન ન કરવું એવું નથી, પણ બહુ થાય તો સ્પષ્ટતા કરવી કે નહીં ? એનું ધ્યાન દોરવું કે નહીં ?'

સ્વામીશ્રી કહે : 'વગર બોલે એનું પરિવર્તન થઈ જાય. આપણે સામે ન બોલીએ તો એને કો'ક દિવસ તો એમ થાય ને કે 'હું આટલું કરું છું છતાં એ સામે બોલતો નથી !' થોડીક તો અસર થાય જ. મહારાજે પણ સંતોને કહ્યું ને કે 'સહન કરો.' તો લોકોને છાપ પડી ગઈ કે 'સ્વામિનારાયણના સાધુ સહનશીલતાવાળા ખરા.' સહન તો બ્રહ્મરૂપ ન થઈએ ત્યાં સુધી કરવાનું છે. વચમાં કાંઈ થઈ જાય તો એ ખામી કહેવાય. કહ્યું છે ને 'મૌનાત્ સર્વસિદ્ધિઃ !''

દિવ્યનયન સ્વામી કહે : 'પણ પ્રસંગે મિયાં ફસકું થઈ જવાય છે.'

સ્વામીશ્રી કહે : 'એ જ છે ને ! મોટા સંતોની આ જ રીત છે અને આ જ રીતે વર્ત્યા છે. જોગીબાપા માટે લોકોએ કેટલું લખ્યું ! તો એનુંય સારું થાય એવું જ કર્યું. એમના જીવનમાં એવું હતું. એ જ રીતે વાતોમાં પણ એ જ એકધારું આવ્યા કરે છે.'

જ્ઞાનવત્સલ સ્વામી કહે : 'સેવા આપણે ઉપાડી હોય, એમાં કોઈ ખોટી વાત આવે ને જો સહન જ કરીએ તો પ્રોજેક્ટ કઈ રીતે પૂરો થાય ?'

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજને કેટલી ઉપાધિ હતી ? અક્ષર-પુરુષોત્તમનો સિદ્ધાંત અને નિયમ-ધર્મ તોય ન મૂક્યા. કથાવાર્તા કરતા રહ્યા. ગામવાળા અપમાન કરે, તો સામે થવાને બદલે ઊભા થઈને બીજે જઈને કરવા માંડ્યા. મૂળ ગમે એટલું થાય, પણ સહન પણ કરવું અને નિષ્ક્રિય પણ ન થવું.'

જ્ઞાનવત્સલ સ્વામી કહે : 'ચોખવટ કરવી કે નહીં ?'

સ્વામીશ્રી કહે : 'ચોખવટ કરવા જાવ તો વધારે ધમાલ થાય. શાસ્ત્રીજી મહારાજને બધા કેટલું કહેતા કે 'બંડિયા છો ને ફલાણા છો,' છતાં ચોખવટ કર્યા વગર પોતાનું કામ કરે રાખ્યું. તો ધીરે ધીરે બધાને સમજાયું ને ગુણ આવ્યો. એ ઘડીએ કહેવા ગયા હોત કે 'તમે તો આવા છો ને ફલાણા છો ને ખોટા છો,' તો સાધુતા જાય અને લોકો સામા પડે. એટલે નિર્માની રહીને સેવા કરીએ એની જ મહત્તા છે. મોટાપુરુષોએ વર્તનથી આ સિદ્ધ કર્યું છે, ચોખવટ કરવા ગયા નથી. શાસ્ત્રીજી મહારાજે સહન કર્યું અને કામ પણ ચાલુ રાખ્યું.'

જ્ઞાનવત્સલ સ્વામી કહે : 'વિઘ્ન નાખનાર વ્યક્તિને વર્તનથી સમજાવવા માટે સમય અને ધીરજ બહુ જોઈએ.'

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે ધીરજ જ રાખી છે ને ! શ્રીજીમહારાજને પણ કેટલી ઉપાધિ આવી ? છતાં સહન કર્યું. 'આને પાઠ ભણાવી દઉં' – એવું ચાલે જ નહીં. એના એ જ માણસનું હૃદય-પરિવર્તન થઈ જ જાય.'

સ્વામીશ્રી જે તત્ત્વજ્ઞાન આપી રહ્યા હતા એ મહાન પુરુષોનાં સમજણ અને જ્ઞાન હતાં ને સ્વામીશ્રીનાં વાક્યોમાં વારંવાર એ જ પડઘાતું હતું કે 'નાન્યઃ પન્થાઃ ।'

•

૧૪-૨-૨૦૦૭, મુંબઈ

સ્વામીશ્રી પત્ર વાંચી રહ્યા હતા, એ દરમ્યાન શાંતદર્શન સ્વામી અને શ્રેયસસેતુ સ્વામી સામે બેઠા હતા. થોડી વાર પછી કલ્યાણદર્શન સ્વામી પણ ઉમેરાયા. ભોજનને પંદર-વીસ મિનિટ બાકી હતી. એ દરમ્યાન આ સંતોને બેઠેલા જોયા એટલે નજીક બોલાવ્યા : 'આવો સંતો !' એમ કહીને દરેકના નામ પૂછીને સ્વામીશ્રીએ તેઓને વિશિષ્ટ સ્મૃતિ આપી ને પ્રેરણાવચનો કહેતાં કહ્યું : 'આપણે ભગવાન ભજવા

આવ્યા છીએ એટલે બધું સારું જ છે. બીજા કામમાં પડ્યા હોત તો શું થાત ? આ તો ભગવાનની સેવા થાય છે. કથાવાર્તા થાય છે. બાળમંડળની પણ સેવા થાય છે.'

અમૃતવદન સ્વામી કહે : 'મારો એક મિત્ર છે. એણે ત્રણ વાર લગ્ન કર્યાં. એક ભાગી ગઈ. બીજીએ આપઘાત કર્યો ને ત્રીજી પણ અત્યારે પોતાના પિયરમાં બેઠી છે. એટલે જગતમાં તો આવું જ દુઃખ છે ! આ તો આપે કૃપા કરીને સ્વીકાર્યા તો સુખિયા થયા.'

સ્વામીશ્રી કહે : 'એ ભગવાનની દયા. સંસ્કાર હોય અને એમની દયા થાય તો જ સાધુ થવાય, બાકી ન થવાય. સાધુનો મારગ શૂરાનો છે. શૂરવીર થઈ અને નિયમ-ધર્મમાં દૃઢતા રાખીને ભગવાનનું ભજન કરીએ તો પાર પડી જવાય, વાંધો ન આવે.'

ગુરુ તરીકે સ્વામીશ્રીની પ્રેરણા આપવાની રીત અદ્‌ભુત છે. વહાલ કરતા હોય એ રીતે મૃદુતાથી પ્રેરણા આપીને સૌ સંતોનાં જીવનનું ઘડતર કરતા રહે છે.

•

એક પ્રસંગે કાર્યકરોને શિખામણ આપતાં સ્વામીશ્રી કહે : 'આપણે ધીરે ધીરે સત્સંગ વધે એમ વાત કરવી. નવા હોય તેને કોઈ વાતનો નિષેધ કે કોઈ વાતનું ખંડન ન કરવું. ધીરે ધીરે દૃઢતા વધતી જશે. નંદાજી હતા એ પોતે ગાંધીવાદી. નિર્ગુણ સ્વામીને ઉતાવળ કે 'આમને ઝટ વર્તમાન ધરાવી દેવાં.' શાસ્ત્રીજી મહારાજ ના પાડ્યા કરે કે 'હમણાં ઉતાવળ નથી.' ત્રણ વરસ સુધી નંદાજીએ બધું જોયું. પછી સામેથી જ કંઠી પહેરીને સત્સંગના રંગે રંગાઈ ગયા. વાત જીવમાં બેસી ગઈ. પછી તો શાસ્ત્રીજી મહારાજ સિવાય બીજી વાત જ નહીં. એમ ધીરજ રાખીએ તો સત્સંગ પાકો થાય. એકદમ ધડાકો કરીએ તો એના મગજમાં ફીટ ન બેસે. હેત થાય એટલે વાત જીવમાં બેસે. મહારાજે કાઠી દરબારોને પણ હેત કરાવીને વ્યસનો છોડાવ્યાં; પછી ભાલા, તલવારને બદલીને દરબારોના હાથમાં માળા મૂકી દીધી.'

•

સ્વામીશ્રી એન.સી.પી.ના મહારાષ્ટ્ર એકમના પ્રમુખ અરુણભાઈ ગુજરાતીને મળ્યા. તેઓ સ્વામીશ્રીને કહે : 'આપે કેટકેટલાં મંદિરો બાંધ્યાં ! આપની ડિક્ષનરીમાં તો હવે સ્ક્વેર ફૂટ કે સ્ક્વેર મીટરની તો વાત જ નથી. જ્યાં જુઓ ત્યાં વિશાળ મંદિરોની જ વાત છે.'

સ્વામીશ્રી કહે : 'એ બધું મહારાજ અને શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજના સંકલ્પ અને પ્રતાપે છે.'

અરુણભાઈ કહે : 'દિલ્હીનું પણ કેટલું અદ્‌ભુત થઈ ગયું ! યોગીબાપાની ઇચ્છા હતી તે આપે પૂરી કરી. આજે આખી દુનિયામાં નંબર વન ઇંસ્ટિટ્યૂટ હોય તો બી.એ.પી.એસ. છે. ધર્મમાં નંબર વન. સત્સંગમાં નંબર વન. કેળવણીમાં નંબર વન. બાળ-સંસ્કાર આપવામાં નંબર વન. ચેરિટીનું તો જોવાનું જ ક્યાં ? બધામાં નંબર વન છે.'

એક સંતે સ્વામીશ્રીને કહ્યું કે 'આપ દર વખતે એમ કહો છો કે 'યોગીબાપાના સંકલ્પે અક્ષરધામ થયું છે,' પણ આટલું મોટું અક્ષરધામ થાય એવું તો યોગીજી મહારાજના મનમાં પણ નહીં હોય !'

સ્વામીશ્રી તરત જ કહે : 'આ તમારામાં મહિમાની ખામી છે. એમને તો ખબર જ હોય ! ભણેલા-ગણેલા થઈને આવી ભૂલ ક્યાંથી કરે છે ?'

•

૧૫-૨-૨૦૦૭, મુંબઈ

આજે અમેરિકાથી હૉટલ મોટલ ઍસોસિયેશન (આહોવા)ના સૂત્રધારો ખાસ સ્વામીશ્રીને મળવા આવવાના હતા. દિલ્હી અક્ષરધામથી સૌ પ્રભાવિત હતા. મોટા ભાગના આ ગુજરાતી હોદ્દેદારો હતા અને દિલ્હી અક્ષરધામ જોયા પછી વડાપ્રધાનથી માંડીને મોટાં મોટાં રાજ્યોના મિનિસ્ટરોને પણ મળ્યા હતા.

૧૦:૦૫ વાગે સ્વામીશ્રીનાં દર્શન માટે આ પ્રતિનિધિ મંડળ આવી પહોંચ્યું. લગભગ દસેક હોદ્દેદારો આવ્યા હતા. આહોવાના ચૅરમૅન મૂકેશભાઈ તથા આવતા વર્ષના ચૅરમૅન સરદાર દીપકભાઈ તથા અલ્કેશભાઈ, સંજયભાઈ, કમલેશભાઈ વગેરે સ્વામીશ્રીને મળ્યા. જેમાં આહોવાના પ્રેસિડન્ટ ફ્રેડ ફોર્સ પણ હતા. જેઓ યહૂદી હતા.

સૌએ અક્ષરધામનો પ્રતિભાવ આપતાં કહ્યું : ''વર્લ્ડ બેસ્ટ. અમારી સાથે 'હૉલિડે ઇન'ને બાંધનારા એન્જિનિયરોની પણ ટીમ હતી. એ બધા ધોળિયાઓ આ અક્ષરધામને જોઈને આશ્ચર્યચકિત અને મૂક થઈ ગયા. પાંચ વર્ષમાં આટલું અદ્‌ભુત કાર્ય આ સંસ્થાએ

કર્યું – એ તેઓને મનાતું જ ન હતું. તેઓ કહે : 'આ તો અશક્ય જ કહેવાય.''

સ્વામીશ્રી તરત જ કહે : 'અક્ષરધામનાં દર્શન કર્યાં એટલે એમના આત્માનું સારું થશે.'

ફેડ : 'આપને મળીને આનંદ થયો છે.'

સ્વામીશ્રી : 'આપ પણ અમેરિકાથી આવ્યા ને મળ્યા તો અમને પણ આનંદ થયો.'

ફેડ : 'બી.એ.પી.એસ. સંસ્થા ભૂકંપ, ત્સુનામી વગેરેમાં પણ જે કાર્ય કરી રહી છે એ કાર્ય જોઈને અને સાંભળીને હું ગદ્‌ગદિત છું. હું આપની સંસ્થાનો આભારી છું. મેં દિલ્હી અક્ષરધામથી અંગ્રેજી વચનામૃત પણ લીધું છે. જ્યાં સુધી મને એનો મર્મ નહીં સમજાય ત્યાં સુધી એને રોજ વાંચીશ.'

સ્વામીશ્રી : 'વધારે વાંચશો એમ વધારે સમજાતું જશે.'

વળી, સ્વામીશ્રી જ્ઞાનને વ્યાવહારિક અમલમાં મૂકવા માટે જીવનશુદ્ધિની વાત કરતાં કહે : 'વાંચીએ એની સાથે નિયમો પણ પાળવા પડે. ને તમે સંકલ્પ કર્યો છે એ સારું છે. પવિત્ર સ્થાનમાં સંકલ્પ કરીએ તો બળ મળે. બધાને પ્રેરણા મળશે. વ્યસન-દૂષણ જોઈએ જ નહીં. આર્થિક, સામાજિક કે ધાર્મિક રીતે પણ એ વ્યસનો મૂકવાથી ફાયદો જ છે. એ બધું દૂષણ જ છે, કોઈ લેતું હોય તો અત્યારે સંકલ્પ તો કરજો કે મૂકવું છે.'

ફેડ : 'વચનામૃતમાં લખેલું છે કે તમારે પાળવું જ જોઈએ.'

સ્વામીશ્રી : 'વાંચીએ છીએ, બોલીએ પણ છીએ, પણ જ્યાં સુધી જીવમાં ન ઊતરે ત્યાં સુધી કામ ન થાય. ડૉક્ટરને ત્યાં ગયા પણ ચરી જ ન પાળો તો રોગ મટે ? એમ આ ચરી છે. આત્મા માટેની.'

આ ધનાઢ્યોને નિર્ભયપણે અને નિઃસ્વાર્થપણે હિતની વાત કહેતા સ્વામીશ્રીની પ્રતિભા હૈયે વિશેષ સ્પર્શી ગઈ.

•

૧૭-૨-૨૦૦૭, મુંબઈ

એક યુવક બહારગામથી આવ્યો હતો. એ એક પત્ર લાવ્યો હતો. જો કે જ્યારે પહેલી વખત એણે દર્શન કર્યાં ત્યારે પત્ર આપવાનું ભૂલી ગયો હતો. ત્રણેક દિવસ પછી એ પત્ર એણે સ્વામીશ્રીને આપ્યો અને કહ્યું કે 'પેલા ભાઈએ કહ્યું છે કે પત્ર વાંચી લે પછી સ્વામીબાપા શું કહે છે એનો જવાબ મને તરત જણાવજે.'

આ સાંભળતાં સ્વામીશ્રી કહે : 'તું ત્રણ દિવસથી અહીં આવ્યો છે અને કાગળ ઠેઠ આજે આપ્યો ?'

'હું આપને મળ્યો ત્યારે જ આપવાનો હતો, પણ મહેમાન આવ્યા હતા એટલે આપને પત્ર ન આપી શક્યો ને રૂમની બહાર નીકળી ગયો.'

સ્વામીશ્રી તરત જ કહે : 'પત્ર તો તરત જ આપી દેવો. અરજન્ટ હોય તો તરત નિકાલ થાય ને ! જો કે આમાં એવી કોઈ અરજન્ટ વાત નથી, પણ પત્ર તરત જ આપી દેવો.'

•

૧૮-૨-૨૦૦૭, મુંબઈ

એરઇન્ડિયાના ભૂતપૂર્વ ડિરેક્ટર ગુપ્તે સાહેબ દર્શને આવ્યા. અત્યારે તેઓ કિંગફિશર ગ્રુપના સલાહકાર તરીકે સેવા આપી રહ્યા છે. સ્વામીશ્રીના કાર્યથી તેઓ અત્યંત પ્રભાવિત છે. તેઓ સાહજિકપણે કહે : 'જીવનમાં ચાલીસ વરસ સુધી કોર્પોરેટ વર્લ્ડમાં મેં નોકરી કરી છે. દુનિયાભરની મલ્ટીનેશનલના માણસોને હું મળ્યો છું, પણ હું કોઈથી પ્રભાવિત થયો નથી, કારણ કે એ જેટલા બુદ્ધિશાળી છે એટલો હું પણ છું. પણ જીવનમાં ફક્ત બે જ વ્યક્તિથી હું પ્રભાવિત થયો છું અને એમાં એક આપ છો. અને એટલે જ હજી સુધી હું ક્યાંય કોઈ મહાત્માનાં દર્શને ગયો નથી, પણ આપનાં દર્શને દોડી દોડીને આવું છું.'

•

એક સુખી ઘરનો યુવક સ્વામીશ્રીની સામે ઊભો હતો. આમ તો સત્સંગી હોવાને નાતે એને બીજાં કોઈ વ્યસનો ન હતાં, છતાં સ્વામીશ્રીએ એની દૃઢતા વધારવા માટે કહ્યું કે 'આપણે આ બધું જ મૂકી દેવું. મહેમાનને બોલાવવા એનો વાંધો નથી, ધંધાપાણી પણ કરવાના, પણ ટી.વી. કે આવા મિત્રો કે પાર્ટીમાં તો નહીં જ જવાનું.

એ યુવક કહે : 'આપણું જ્યારે ફંક્શન હોય તે વખતે એને આપણે બોલાવીએ, પણ પહેલાં જો એનું રાખ્યું હોય (એની પાર્ટીમાં ગયા હોઈએ) તો એ આવે ને ! બાકી કોણ આવે ?'

સ્વામીશ્રી કહે : 'એવું કોણે કીધું ? આ વિચાર જ મૂકી દે. બાકી પાર્ટીમાં જઈશ અને એ લોકો કહેશે કે 'માંસાહાર ખા અને દારૂ પી, તો જ અમે સંબંધ રાખીએ.' તો પછી ખવાય ? ગમે એવું હોય તોય ન ખવાય. પણ ધીમે ધીમે આ બધું પેસી જાય. તારા કરતાંય મોટા મોટા માણસો એમ ને એમ બિઝનેસ કરે જ છે ને ! એટલે એવી માન્યતા રાખવાની જરૂર નહીં.'

•

૬:૩૦ વાગે જાણીતા ઉદ્યોગપતિ શાંતિલાલભાઈ સોમૈયા દર્શને આવ્યા. તેઓની સાથે સરોસ જાઈવાલા પણ આવ્યા. તેઓ લંડનના પ્રતિષ્ઠિત સૉલિસિટર છે અને વિશ્વમાં પણ તેઓની ખ્યાતિ સારી એવી છે.

તેઓની સાથે વાત કરતાં સ્વામીશ્રી કહે : 'સવારે ઊઠીને પહેલાં 'પ્રેયર' કરવી. ભગવાનની કૃપા આપણા ઉપર છે તો જ બધા અવયવ ચાલે છે. બાકી એમની ઇચ્છા ન હોય તો શું દશા થાય ?'

સરોસ જાઈવાલાએ એક આંતરરાષ્ટ્રીય સમસ્યા અને યુદ્ધની વાત કરીને કહ્યું કે અમારે એ સંદર્ભમાં ખૂબ જ કામ કરવાનું થાય છે.

સ્વામીશ્રી તરત જ કહે : 'કોઈપણ વ્યક્તિને પ્રેમથી જ જિતાય. પૈસા કે દારૂથી કશું ન થાય. ભગવાન સ્વામિનારાયણે જોબન જેવાને પ્રેમથી જ સુધાર્યો. વેરથી હંમેશાં વેર વધે જ છે. એ ક્યારેય પૂરું ન થાય.'

સરોસભાઈ કહે : 'આપની વાત સાચી છે. ઇરાકમાં યુદ્ધ થયું ને છ લાખ લોકો મરી ગયા, અને છતાં અત્યારે પણ એને જીતવું કઠણ છે.'

સ્વામીશ્રી કહે : 'બંને દેશોને વેરઝેર વધી ગયાં એ જુદું. ભારતની સંસ્કૃતિ પ્રેમની છે, અહિંસાની છે. પ્રેમથી જ જીતવા જોઈએ. ભગવાન સ્વામિનારાયણે પણ કહ્યું કે 'નાનામાં નાના જીવની હિંસા ન કરવી જોઈએ.'

સ્વામીશ્રીની મનોભાવનામાં પ્રતિબિંબિત થતાં વિશ્વશાંતિનાં સ્પંદનો સામે બેઠેલા મહાનુભાવો ઝીલી રહ્યા હતા.

•

૧૯-૨-૨૦૦૭, મુંબઈ

પારસી ગુણભાવી જીમી દેશના ખ્યાતનામ આર્કિટેક્ટ અને ઇન્ટિરિયર ડિઝાઇનર છે અને તેઓને સંસ્થાના પ્રત્યેક કાર્યમાં ગુણ છે, આદર છે અને આકર્ષણ પણ છે. તેઓએ વાત કરતાં કહ્યું કે ''આપની સંસ્થાનાં કાર્યો જોઈને એમાંથી પ્રેરણા મેળવીને મેં પણ પારસી કોમના અલગ અલગ મંદિરના ધર્મગુરુઓને એકત્ર કરીને 'ધ પારસી રિસોર્સ' ગ્રુપ બનાવ્યું છે. ખાસ કરીને પારસી અગિયારીમાં પૂજન કરતા આ ધર્મગુરુઓનો પગાર એટલો ઓછો હોય છે કે તેઓ સુખેથી ભગવાનની સેવા પણ નથી કરી શકતા. એ સૌનું જીવન વધારે સમૃદ્ધ બને અને પારસી કોમનો પણ ઉદ્ધાર થાય એવા હેતુથી અમે આ સંગઠનની રચના કરી છે, અને 'ફાઉન્ડર પ્રેસિડન્ટ' તરીકે હું સેવા આપી રહ્યો છું.''

તેઓએ સ્વામીશ્રીને બ્રોશર આપ્યું. સ્વામીશ્રી પણ તેઓની આવી સદ્‌પ્રવૃત્તિથી ખૂબ રાજી થયા.

કેટલીય એવીય સંસ્થાઓ છે કે સ્વામીશ્રીની કાર્ય-પદ્ધતિથી આકર્ષાઈને સમાજ-ઉદ્ધાર તરફ વળી હોય. શુદ્ધ ઇરાદાથી ચાલતી ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓ ઉપર સ્વામીશ્રીનાં કૃપાકિરણ હંમેશાં વરસીને એ સૌને પ્રકાશિત કરતાં રહ્યાં છે.

•

આજે સ્વામીશ્રીના મૅડિકલ ચેકઅપના રિપોર્ટ્સ લઈને મુંબઈ અને ભારતના વિખ્યાત કાર્ડિયોલોજિસ્ટ ડૉ. અશ્વિનભાઈ બી. મહેતા, ડૉ. કિરણભાઈ દોશી, ડૉ. કે. એન. પટેલ વગેરે સ્વામીશ્રી પાસે આવ્યા હતા.

ત્યારબાદ ડોક્ટરોએ આપેલી સૂચનાઓ દરમ્યાન સ્વામીશ્રીની સ્વસ્થતા જોઈને ડૉ. અશ્વિનભાઈ મહેતા ખૂબ પ્રભાવિત થયા હતા. મૅડિકલ ચેકઅપ દરમ્યાન પણ તેઓ બોલી ઊઠ્યા હતા : 'પ્રમુખસ્વામી તો ગજબના છે ! ટેસ્ટ માટે અંદર ગયા એ પહેલાં પણ મેં તેઓના મુખ સામે જોયું હતું. તેમના મુખ ઉપર કોઈ ચિંતા જ હતી નહીં. મેં તો ભલભલા મોટાઓને ટ્રીટ કર્યા છે. આવી ક્ષણ આવે ત્યારે એમનાં મોઢાં બદલાઈ ગયેલાં જોયાં છે, ડિપ્રેશનમાં આવી ગયા હોય એવું મેં જોયું છે. જ્યારે પ્રમુખસ્વામીના મુખ ઉપર તો કોઈ ભાવ બદલાયેલા હતા નહીં !'

ડૉ. કે. એન. પટેલે સ્વામીશ્રીને આ જણાવ્યું ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'ઠાકોરજી આપણી ચિંતા કરે છે. એમની જે ઇચ્છા હોય એમ થશે. કર્તા એ છે. બધાની પ્રાર્થના છે એટલે પરિણામ સારું જ આવશે.'

સ્વામીશ્રીનો આ આધ્યાત્મિક વિશ્વાસ સૌને

સવિશેષ સ્પર્શી ગયો.

•

૨૩-૨-૨૦૦૭, મુંબઈ

રૂપક ત્રિવેદી નામનો એક યુવક સ્વામીશ્રી પાસે આવ્યો. એણે સ્વામીશ્રીને વાત કરતાં કહ્યું કે 'આપનાં હું પહેલી જ વખત નજીકથી દર્શન કરું છું, પરંતુ આપ જ્યારે જ્યારે અહીં પધારો ત્યારે પૂજામાં આપનાં દર્શન કરવા અચૂક આવી જ જઉં છું. પહેલાં મને ડ્રગનું ભયંકર વ્યસન વળગ્યું હતું, પરંતુ જેમ જેમ આપની પૂજામાં આપનાં દર્શન કરવા આવતો ગયો, એમ એમ બધું જ વ્યસન છૂટી ગયું અને આજે હું સારી રીતે નોકરી પણ કરી શકું છું અને મારું પરિવાર-જીવન પણ સુખમય છે. એ બધો આપનો પ્રતાપ છે. કેવળ આપનાં દર્શને મારું આ ભયંકર વળગણ છૂટી ગયું.'

સ્વામીશ્રીની આ ડિવાઇન થેરાપી છે.

•

સાંજે સ્વામીશ્રી પત્રવાંચન કરી રહ્યા હતા. એ દરમ્યાન એક મુમુક્ષુ પ્રદીપભાઈ પટેલ દર્શને આવ્યા. તેઓ સ્વામીશ્રીને કહે : 'ભલે મારા બધા જ પૈસા જતા રહે, મને રોગ આવે કે મને દુઃખ આવે, પરંતુ ભગવાનની નજીક પહોંચાય એવી લૉટરી મને લગાડો.'

સ્વામીશ્રી કહે : 'ધંધો કરવા માટે જેમ નિયમિત ઑફિસે જવું પડે છે ને ! એમ મંદિરે પણ આવતા થાવ તો આગળ વધાય. પેલામાં માલ મનાયો છે એમ આમાં પણ જો મહિમા સમજાય, સત્સંગમાં આવતા થવાય, સંતોની સાથે બેસાય તો ધીમે ધીમે આગળ વધાય. પ્રવાહ ચાલુ રાખવો પડે. વાંચન પણ ચાલુ રાખીએ તો ધીમે ધીમે સંસ્કાર પડતા જાય અને અનુભૂતિ થતી જાય.'

પ્રદીપભાઈ કહે : 'એના માટે પણ કૃપા જોઈએ ને !'

સ્વામીશ્રી કહે : 'કૃપા તો છે જ. તમારી જિજ્ઞાસા સારી છે. સાત્ત્વિકતા છે. એટલે ધીરે ધીરે આ બધું આવતું જશે.'

•

૨૪-૨-૨૦૦૭, મુંબઈ

સ્વામીશ્રીનું સહજ સાંનિધ્ય એવું છે કે જેમાં સૌના સંશય દૂર થાય. દુરિતો ભાગે.

એવો જ એક પ્રસંગ થોડા દિવસ પહેલાં સભામાં સ્વામીશ્રી ઉપદેશ આપી રહ્યા હતા એ દરમ્યાન બન્યો હતો. એક મહિલાને પંડમાં કોઈક મલિન જીવનો પ્રવેશ થતો હતો અને એને કારણે સમગ્ર પરિવારમાં અશાંતિ અશાંતિ રહેતી હતી. પરંતુ સ્વામીશ્રીના પવિત્ર શબ્દો સાંભળતાં જ આ મલિન જીવનો ઉદ્ધાર થઈ ગયો અને એ મહિલાએ પોતાના અનુભવની જાણ પત્ર દ્વારા કરી. જેમાં એણે લખ્યું હતું કે –

"આપે મને નવ વર્ષથી થતી તકલીફમાંથી છૂટકારો અપાવ્યો છે. હું કેમેય કરીને અંતરની આ શાંતિના અનુભવને વર્ણવી શકું એમ નથી. આપના આશીર્વાદથી મારા શરીરમાં રહેતો વળગાડ નાશ પામ્યો છે અને એ મલિન જીવ મોક્ષની ગતિને પામ્યો છે.

થોડુંક વિસ્તારપૂર્વક જણાવું. મારી મોટી બાલિકા ૨૦૦૦ની સાલથી સંસ્થાના બાલિકામંડળમાં જતી થઈ અને ઘરમાં સ્વામિનારાયણીય સત્સંગનું જ્ઞાન આવ્યું. એ પહેલાં મારા પતિ અન્ય સંપ્રદાયના ચુસ્ત ભક્ત હતા. દર પૂનમે રાજકોટ-ચોટીલા દર્શને જતા હતા. બાર વર્ષથી આ તેઓનો નિત્યક્રમ હતો. જો કે તેઓને સત્સંગ ન હતો અને મને સત્સંગ થયો. નવ વર્ષથી મારા શરીરમાં વળગાડ ચાલુ હતો. એને પરિણામે મારા શરીરમાં ચેતના-સ્ફૂર્તિ જેવું જણાતું નહીં. આખો દિવસ ઘરકામ કે રસોઈમાં ક્યાંય ધ્યાન રહેતું નહીં. બાળકો પણ મોટા થયા, પણ તેમના ભણતરમાં, ઉછેરમાં પણ કોઈ ધ્યાન નહીં. કાંઈ કરવું જ ગમે નહીં. બાળકોને સતત મારઝૂડ થયા કરતી. પરિણામે, ગૃહસ્થજીવન પડી ભાંગ્યું. પતિ પણ સતત માર માર્યા કરતા અને મારી માનસિક હાલત ખરાબ થતી ચાલી. ઘરના ડૉક્ટરોએ ભેગા થઈને મગજના ડૉક્ટરને બતાવ્યું અને દવાઓ ચાલુ થઈ. ઘેનના પરિણામે એની આડઅસરો પણ થવા માંડી. મગજ પણ ગુસ્સાવાળું રહેતું. પણ ૨૦૦૨ની સાલમાં સંસ્થાના સંપર્ક કાર્યકર્તાની સમજાવટથી સત્સંગ-સભા શરૂ કરી, અને ધીમે ધીમે ઘરસભા ચાલુ થઈ. આપને પત્ર લખાવ્યો અને આપે સવાર-સાંજ 'જનમંગલ નામાવલિ'નો પાઠ કરવાનું કહેવડાવ્યું ત્યારથી એ રીતે મેં શરૂ કર્યું.

મને થોડીક માનસિક શાંતિ અનુભવાઈ. એ જ અરસામાં ૨૦૦૫ની સાલમાં મારી દીકરી બાલિકા કાર્યકર બની અને ઘરમાં પણ થોડો થોડો સત્સંગ વધતો

ગયો. આ બાજુ વળગાડે માઝા મૂકી. એટલે છેલ્લા ત્રણેક મહિનાથી ઘરમાં ક્લેશમય વાતાવરણ જ વધતું ચાલ્યું. બાળકો પણ મારાથી હેરાન-પરેશાન થતા ચાલ્યા. વ્યાવહારિક જવાબદારીઓમાંથી પણ મને ધીમે ધીમે મુક્ત કરવામાં આવી.

પણ જાણે મારા અંદર રહેલ કોઈ જીવનો મોક્ષ થનાર હશે કે પછી મારા પાંચેક વર્ષના સત્સંગનું ફળ આપ આપવાના હશો અને એટલે જ તારણહાર બનીને આપ અહીં અમારા આંગણે પધાર્યા. છેલ્લા એકાદ મહિનાથી તો ઘરમાં જ રહેવું ગમતું ન હતું. કોઈ બોલાવે એ પણ ગમતું ન હતું. એટલે શાંતિ માટે મંદિરની વાટ પકડી હતી. સવાર-સાંજ મંદિરમાં જ સેવા કરવા જતી રહેતી. છેલ્લે ગયા રવિવારે ફાગણ સુદ પડવે મને જે અનુભવ થયો એ મારા જીવનનો ખૂબ જ સ્મરણીય હતો. એને જીવું ત્યાં સુધી ભૂલી નહીં શકું. સાંજે મારા સ્નેહી-સગાના લગ્નમાં અડધેથી હાજરી આપીને હું અહીં સભામાં દોડી આવી. મંત્રપોથી લખવાનું ચાલુ હતું ને અચાનક *'મહાબળવંત માયા તમારી...'* એ ગાન શરૂ થયું. ખબર નહીં એ વખતે આંખે અંધારાં આવી ગયાં. પંદરેક મિનિટ સુધી સતત ધૂણવાનું ચાલુ હતું. ત્યાં આપના આશીર્વાદ શરૂ થયા ને મારા મોઢામાંથી પણ શરૂ થયું : 'બાપા ! મારો મોક્ષ કરો. મારે જવું છે.... મારે જવું છે...' અને આપના આશીર્વાદથી મારા શરીરમાંથી જાણે કોઈ જીવ જતો રહ્યો હોય એવું અનુભવાયું. આજે ચાર દિવસ થયા. મને એમ લાગે છે કે મારા જીવનમાં જે સતત ભાર રહેતો હતો તે ગાયબ થઈ ગયો અને હું મારા જીવનને ઘણું જ ધન્ય માનું છું ! મને આ અમૂલ્ય સત્સંગનો યોગ થયો છે, જેના પરિણામે આજે મારી આ શારીરિક, માનસિક તકલીફ દૂર થઈ છે.''

•

બે દિવસ પહેલાં હોંગકોંગના રાહુલભાઈ મોદી દર્શને આવ્યા હતા. રાહુલભાઈ મોદીને સિગારેટનો અત્યંત શોખ હતો. આ વ્યસન તેઓ મૂકી જ શકતા ન હતા અને એટલે જ અહીં આવતાં અચકાતા હતા. પરંતુ ડૉ. કે. એન. પટેલ તેઓને લઈને સ્વામીશ્રી પાસે આવ્યા અને સ્વામીશ્રી પાસે વ્યસન છોડવા માટે પ્રેરણા મેળવીને આશીર્વાદ લીધા. સ્વામીશ્રીના આ સહજ સ્પર્શથી તેઓના મનની જાણે કે ભૂમિકા જ બદલાઈ ગઈ. એક ઘડી પણ સિગારેટ વગર સૂઈ ન શકનારા તેઓએ રાત્રે ૧૨:૦૦ વાગ્યે ફોન કરીને ડૉ. કે. એન. પટેલને જગાડ્યા ને કહ્યું કે 'શું ચમત્કાર થયો છે એ મને ખબર જ પડતી નથી ! મારી પરિસ્થિતિ એવી થઈ છે કે મોઢામાં સિગારેટ નાખવાનું મન સુધ્ધાં થતું નથી. પ્રમુખસ્વામી મહારાજની કેવળ કૃપા જ છે.'

સ્વામીશ્રીના સ્પર્શનો આ જાદુ છે.

•

૨૮-૨-૨૦૦૭, ભાવનગર

કેટલાક શીપબ્રેકર દર્શને આવ્યા હતા. તેઓનો પરિચય આપતાં એક સંતે કહ્યું કે 'આ મહાનુભાવ શીપ તોડવાનું કામ કરે છે.'

સહેજ હસતાં સ્વામીશ્રી કહે : 'તોડવાનું કરે છે ? સાંધવાનું નહિ ?'

•

દાઉદી વોરા સમાજના આગેવાનોએ આજે સ્વામીશ્રીની મુલાકાત લીધી હતી. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના સમયથી અહીંના વોરા સમાજના ભક્તો સંસ્થા પ્રત્યે સદ્‌ભાવ ધરાવતા રહ્યા છે. આજે ભાવનગર ખાતે બી.એ.પી.એસ. મંદિરે પધારીને વોરા સમાજના અગ્રણીઓએ સ્વામીશ્રીને પુષ્પગુચ્છ અર્પણ કરી, શાલ ઓઢાડી અભિવાદન કર્યું હતું. સ્વામીશ્રીએ પણ તેમનું પુષ્પહારથી સ્વાગત કર્યું હતું.

સ્વામીશ્રીએ કરેલી સમાજસેવાના કાર્યથી પ્રભાવિત થતાં દાઉદી સમાજના અગ્રણી ધર્મગુરુએ જણાવ્યું હતું : 'હું માનું છું કે આપે સમાજને જે લેવલ ઉપર પહોંચાડ્યો છે, એ કાબિલે તારીફ છે, બેમિસાલ છે. આપનામાંથી ઘણું શીખવા જેવું છે. આપની એ મોટપ છે કે આપ બધાને આવકારો છો.'

સહજ વાતચીતમાં સ્વામીશ્રીએ જણાવ્યું હતું : 'ભગવાન સ્વામિનારાયણના વખતથી અમારે નાત-જાત જોવાતી નથી. બધામાં ભગવાન જોવા એ જ એમની રીત હતી.'

•

એક હરિભક્તને તમાકુનું વ્યસન હતું. સ્વામીશ્રી એને કહે : 'તમારે ક્યારે તમાકુ છોડવાનું છે ?'

'હુકમ થાય ત્યારે.'

'અત્યારે જ હુકમ કરીએ તો ?'

'તો અત્યારે જ.'

'તો હુકમ કરીએ છીએ. મહારાજ-સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજને સંભારીને છોડો. પંદર-વીસ દિવસ આકરું લાગશે, પણ પછી સુખી થઈ જશો.'

એ હરિભક્તના ધાર્યા બહાર હુકમ થઈ ગયો અને સહેજે વ્યસન છૂટી ગયું !

•

એક હરિભક્ત સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : 'મંદિરે આવો છો ?'


તેઓ કહે : 'કામ બહુ રહે છે.'

સ્વામીશ્રી કહે : 'બ્રહ્માંડ થયું ત્યારથી આજ સુધી કામ ખૂટતું જ નથી, એ પૂરું થયું જ નથી, એ તો ચાલ્યા જ કરવાનું. માટે ભજન કરતાં શીખવું.'

ભજન એ સ્વામીશ્રીનો જીવનમંત્ર છે.

•

આજે સંધ્યા સત્સંગ-સભામાં 'સૌરાષ્ટ્ર સમાચાર' દૈનિકના માલિક શ્રી પ્રતાપભાઈ શાહ સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદ માટે આવ્યા હતા. સ્વામીશ્રીના મંદિર નિર્માણના કાર્યથી પ્રભાવિત થતાં તેમણે જણાવ્યું હતું : 'ભાવનગરમાં જ નહિ, દેશ અને પરદેશમાં પ્રમુખ-સ્વામી મહારાજ પ્રત્યે સૌને જબરજસ્ત શ્રદ્ધા છે. તેનું કારણ એમની સત્યનિષ્ઠા છે. તેમની આર્ષદૃષ્ટિ કેટલી દીર્ઘ છે ! એક જમાનામાં વસ્તુપાળ તેજપાળે દેલવાડાનાં મંદિરો બાંધ્યાં હતાં. આજે પણ એ મંદિરો સંસ્કૃતિનાં પ્રતીકસમાં ઊભાં છે. સ્વામીજીએ પચીસ-ત્રીસ વર્ષમાં કેટલાં ભવ્ય મંદિરો બાંધ્યાં ! જેનો પ્રભાવ હજારો વર્ષો સુધી રહેશે. આજે દેશ અને પરદેશમાં અનિષ્ટ તત્ત્વોનો વધારો થતો ગયો હોય એમ અનુભવાય છે ત્યારે સ્વામીશ્રીએ હજારોને અનિષ્ટના માર્ગેથી સારાં કામ તરફ વાળ્યા છે. કોઈની સાથે વેર-ઝેર નહિ ને ગીતામાં જે કહ્યું છે એ પ્રમુખસ્વામીએ આચરણમાં મૂકીને બધાને પ્રભાવિત કર્યા છે. તેઓમાં સદ્‌ગુણોનો જે પાયો છે, એ દુર્લભ છે.'



|| બ્રહ્મમનનમ્ ||

એક મોટો માણસ હોય એને નાના માણસ પાસે જતાં શરમ આવે. ત્યાં એનો પ્રોટોકોલ બગડી જાય. પણ સર્વથી શ્રેષ્ઠ ભગવાન છે, મોટા છે, છતાં એમને પ્રોટોકોલ જેવું છે જ નહીં, કારણ કે એમને દરેકનું કલ્યાણ કરવું છે, દરેકને સુખી કરવા છે, એ જ એમનું કાર્ય છે. એટલે એમને પ્રોટોકોલ નડતા જ નથી. જો ભગવાન પ્રોટોકોલમાં રહે તો આપણું કલ્યાણ જ ન થાય.

અહીં આપણે કેટલુંક લેવા ને કેટલુંક મૂકવા આવ્યા છીએ. લેવું શું ? જ્ઞાન, ભક્તિ વગેરે સદ્‌ગુણો; અને મૂકવું શું ? સ્વભાવ, દોષ, અજ્ઞાન અને આસક્તિ.

દેહ અને દેહના સંબંધીમાં જેવી પ્રીતિ છે એવી ભગવાન અને સંતમાં કરવી, તો આપણું અજ્ઞાન ચાલ્યું જાય.

આ દુનિયા એકબીજા સાથે ઝઘડીને, યુદ્ધ કરીને દુઃખી થાય છે. યુદ્ધ કરવું તો કોની સાથે ? તો આપણાં જ ઇન્દ્રિયો, અંતઃકરણ – મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, આ જગત, માયા, સંસાર, મારું-તારું એ બધાંની સાથે આપણે લડવાનું છે.

દુનિયામાં રહીએ છીએ અને જવાબદારી છે એટલે વ્યવહાર તો કરવો પડે, પણ ભગવાનને ભૂલીને નહીં.

મન સાથે લડાઈ લઈને એને જીતવાનો એક જ ઉપાય છે : ભગવાન અને ભગવાનના ભક્તોની કથા.

દુનિયાનાં મનોરંજન ક્ષણિક છે, ઘડીકનાં છે, પણ ભગવાનમાંથી જે આનંદ આવે છે એ અલૌકિક છે

અને કાયમ છે.

■

આ શરીર સાથે બધું જ જતું રહેવાનું છે, પણ એ જ્ઞાન નથી એટલે આસક્તિ મુકાતી નથી.

■

ભગવાન પરાયણ થઈને જે કર્મ થશે એનું બંધન થશે નહીં ને મોક્ષ થશે.

■

જે સાચું છે એ ખોટું મનાય છે ને જે ખોટું છે એ સાચું મનાય છે એનું નામ મોહ. એ મોહ છૂટે એનું નામ મોક્ષ.

■

આજે ઘરમાં મંદિરની જગ્યાએ ટી.વી. આવી ગયું છે. જેમ મંદિરની સામે બેસીને પહેલાં સૌ પ્રાર્થના કરતાં, એમ આજે મા-બાપ હોય, દીકરો-દીકરી હોય, વહુઓ હોય કે એના દીકરાઓ હોય બધાં ટી.વી.ની સામે બેસી જાય છે. આ ટી.વી.માં શું આવે ? મારામારી, ધમાલ, ચોરી, વ્યભિચાર કરવો, દારૂ પીવો, જુગાર રમવો. આ સંસ્કાર સૌમાં પડે પછી આબરૂ, પ્રતિષ્ઠા, પૈસા, સમૃદ્ધિ અને ખાનદાની બધું ગુમાવે. એની જગ્યાએ જો મંદિરમાં સાથે બેસીને સૌ પ્રાર્થના કરે તો શાંતિ મળે, ભક્તિ થાય, સંસ્કારો આવે અને સારા વિચારો આવે.

■

ભગવાન અને ભગવાનના એકાંતિક ભક્ત માટે સર્વસ્વ સમર્પણ કરવું એ બહુ મોટી સેવા છે.

■

પૃથ્વી પર પરમાત્માનું જે પ્રગટ સ્વરૂપ હોય એની ભક્તિ આપણે કરીએ તો આત્યંતિક કલ્યાણ થાય.

■

હું ને મારું જ્યાં મનાયું છે ત્યાં દુઃખ થવાનું જ છે; પણ 'બધું ભગવાનનું છે, મારું કશું જ નથી,' એમ મનાય તો દુઃખ જ ન થાય.

■

भोगे रोगभयम् । જેટલો વૈભવ ભોગવો એટલો રોગ અને એટલી અશાંતિ.

■

શાંતિ માટે પ્રયત્ન કરીએ છીએ, પણ બહારના પ્રયત્નથી શું વળે ? અંદરની ખોટી ભાવનાઓ નીકળે તો જ શાંતિ થાય, કારણ કે અંદરની ખોટી ભાવનાઓને લઈને જ રાગ-દ્વેષ અને અનર્થ થાય છે.

■

જેણે સહન કર્યું એની ગાથાઓ ગવાય છે, પણ જેણે મમત્વ કરીને ધમાલ કરી એની ગાથાઓ ગવાતી નથી.

■

આપણે પંચવિષય ભોગવવામાંથી ઊંચા આવતા નથી, એટલે ભગવાનનું સુખ આવતું નથી.

■

પરોક્ષની ભક્તિથી સંસ્કાર ઉદય થાય, પણ મૂળ અજ્ઞાન તો પ્રત્યક્ષ ભગવાન અને એના બ્રહ્મનિષ્ઠ સંત મળે તો જ ટળે અને મોક્ષ થાય.

■

કેટલાક કહે છે કે 'મને ટાઇમ નથી,' પણ નાહવા-ધોવામાં કેટલો ટાઇમ કાઢે છે ? કોઈ મોટા માણસ આવ્યા હોય તો પણ ટાઇમ કાઢવો જ પડે છે ને ? તો જેણે આપણને આ શરીર, બુદ્ધિ, શક્તિ આપ્યાં અને જેને કારણે ભણ્યા-ગણ્યા, ડિગ્રીઓ લીધી; એન્જિનિયર, સાયન્ટીસ્ટ અને ઉદ્યોગપતિ થયા; એ

ભગવાન માટે સમય ન અપાય ? ભગવાને આપણને બુદ્ધિ-શક્તિ ન આપી હોત તો શું કરત ? હાથ-પગ ન આપ્યા હોય તો શું કરત ? વાણી આપી ન હોત તો શું બોલી શકત ? કાન આપ્યા ન હોત તો શું સાંભળી શકત ? ભગવાને જેવું આપ્યું છે એવું બીજું કોઈ આપી શકે એમ નથી. માટે એમનો ઉપકાર ભૂલી ન જવો. ભગવાનને ભૂલી જઈએ તો આ શરીરનો શું ઉપયોગ ?

■

જેટલી આજ્ઞાનો લોપ એટલો પ્રભુનો કોપ.

■

સત્સંગ અને ભગવાનની નિષ્કામ ભક્તિ વિના આપણો મોહ જતો નથી.

■

ભગવાનનો સંગ એટલે એમને વિષે નિષ્કામ ભક્તિ.

■

આપણો અંગત મિત્ર હોય અને એ આપણને ઝેર આપે તો લઈએ ખરા ? ઝેર આપણે જોયું નથી કે પીધું પણ નથી, તો પણ ખોટું મનાઈ ગયું છે કે 'ઝેર પીએ તો નક્કી મરી જ જવાય.' એમ કુસંગ છે એ ઝેર છે. 'દારૂ, તમાકુ, વ્યભિચાર, જુગાર એ ઝેર છે' એવું જીવમાંથી સમજાય તો એનાથી દૂર થવાય.

■

ગમે એટલાં વ્રત, દાન, પુણ્ય અને બીજાં સાધનો કરીએ, પણ જ્યાં સુધી નિર્દોષભાવ ન થાય ત્યાં સુધી એ સાધનો કામ નહીં કરે.

■

સૂર્ય ઉદય થાય તો અંધકાર ચાલ્યો જાય, એમ ભગવાન પ્રગટ થાય તો માયાનો અંધકાર જતો રહે અને સુખિયા થવાય. માટે આપણે ભગવાનનું સ્વરૂપ સદા નિર્દોષ, સર્વોપરિ, સર્વ અવતારનું અવતારી સમજવું. ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર સમજવા. 'એમાં કોઈપણ દોષ કે માયા છે નહીં' એમ સમજીને ભજન કરવું, તો આપણામાંથી માયા જશે ને દોષ જશે ને સુખિયા થવાશે. માટે આ રીતે મહારાજ ને સંતનું સ્વરૂપ યથાર્થ સમજીને, આપણા દોષો-સ્વભાવો ટાળીને સત્સંગ કરીએ તો આપણને પણ શાંતિ થાય.

■

દરેક માણસે પોતાનો એક વિરોધી તો રાખવો જ જોઈએ. વિરોધથી શક્તિ વધારે મળે અને જાગ્રત રહેવાય.


■

જ્યાં સુધી મમતા, આસક્તિ અને મોહ છે ત્યાં સુધી મુક્તિ થતી નથી.


દરેક વ્યક્તિને એમ રહે છે કે
'જે કંઈ સારું થાય એ મારું જ થાય, બીજાનું ન થાય.'
એને કારણે તકરાર થવાની જ.
પણ જો બધાને સારું સુખ મળે તો ?
બધાને સારી વ્યવસ્થા મળે તો ?
ક્યાં દુઃખ છે ?
પણ બીજાનું સારું લોકો જોઈ શકતા નથી.
એને લીધે મારામારી થાય છે.
જો આપણે પ્રાર્થના કરીએ કે
'ભગવાન સર્વને સુખી કરે.'
તો એમાં આપણે પણ સુખી થઈએ જ છીએ ને !
બીજાનું સારું ઇચ્છીશું તો
બીજા આપણું સારું ઇચ્છશે.

- પ્રમુખસ્વામી મહારાજ

પ્રસંગમ્



માર્ચ ૨૦૦૯



'શરીર નહીં, અંદરના તત્ત્વને જોવાની જરૂર છે. આ જ્ઞાન શ્રીજીમહારાજે આપ્યું છે અને
જોગી મહારાજે આપણને એનો રંગ લગાડ્યો. એ આપણે દૃઢ કરવાનો છે.
દુનિયામાં સુખ-દુઃખ, તડકા-છાંયડા આવવાનાં છે, માન-અપમાન થવાનું છે.
પણ જ્ઞાન-સમજણની દૃઢતા હશે તો તડકો જતો રહેશે ને શાંતિ થશે.
ભગવાનના ધામનો રંગ લાગશે તો તડકા-છાંયડામાં સરખું લાગશે, એમાંય આનંદ રહેશે
ને ભગવાનની ભક્તિ કરી સુખિયા રહેવાશે.'

– પ્રમુખસ્વામી મહારાજ

૧-૩-૨૦૦૭, ભાવનગર

એક હરિભક્તનો ફોન આવ્યો. તેઓને એન્જિયોગ્રાફી કરાવવાની હતી. આ હરિભક્ત થોડાક વિહ્વળ હતા. સ્વામીશ્રી સમક્ષ પોતાની સ્થિતિની વાત વારે વારે કરીને કહેતા કે 'આપ એવી રક્ષા કરજો કે કાંઈ કરવાનું થાય જ નહીં.' પરંતુ સ્વામીશ્રી સાંભળતા જ ન હોય એ રીતે કહે : 'બે ચાર બ્લોક હોય તો ચિંતા કરશો નહીં, મને પણ કરાવ્યું છે, બધું થઈ જશે.'

આ સાંભળીને આજુબાજુમાં ઊભેલા સંતો હસતાં હસતાં કહે : 'એ બીચારો કાંઈ ન નીકળે એની પ્રાર્થના કરે છે ને આપ આ રીતે કહો છો !'

આ સાંભળતાં સ્વામીશ્રી કહે : 'એમાં ચિંતા શું કરવાની ? લાંબા થઈને સૂઈ ગયા એટલે પૂરું. ભગવાનની ઇચ્છાથી જે થવાનું હશે એ થશે. ચિંતા જ શેની ? આ તો બી બી કરે એટલે બ્લોક થઈ જાય, બાકી કશું ના થાય.'

•

૨-૩-૨૦૦૭, સારંગપુર

સ્વામીશ્રી હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરી રહ્યા હતા. યુગાન્ડાથી આવેલા હરીશભાઈ ભૂપતાણીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'અમારે દર્શન કઈ રીતે કરવાં ?'

એક જ વાક્યમાં ઉત્તર આપતાં સ્વામીશ્રી કહે : 'પોતાને ભૂલી જઈને ભગવાનનાં દર્શન કરીએ તો સુખ આવે.'

•

સ્વામીશ્રી ઉતારા તરફ જતાં પહેલાં શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના ખંડ તરફ જવા માટે સ્ટેજના પગથિયાં ઊતર્યા. ત્યાં કડીથી આવેલા ડૉ. રામભાઈને જોઈને સામેથી જ તેઓને બોલાવ્યા અને એક હાર તેઓને પણ પહેરાવ્યો. તેઓ ગદ્ગદિત થઈ ઊઠ્યા. સ્વામીશ્રીને કહે : 'હું ખુરશી ઉપર બેઠો હતો ત્યારે જ મને એવો સંકલ્પ થયો કે 'મને પણ બોલાવીને હાર પહેરાવે તો કેવું ?! અને આપે મારો સંકલ્પ પૂરો કર્યો.' સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપ્યા.

•

૮:૧૦ વાગે સભાની સમાપ્તિ પછી ઉતારે પધારીને સ્વામીશ્રીએ ઠાકોરજી જમાડ્યા. હર્ષદભાઈ રાણાએ સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! હું કેટલાંય વરસોથી જોઉં છું કે -૪૪° થી +૪૪° ડિગ્રીમાં પણ બી.એ.પી.એસ. સંસ્થાના સંતોની એક જ સ્થિતિ છે. વર્તનમાં કોઈ ફેરફાર નહીં. આફ્રિકામાં બે જ સંતો હોય, તોય એટલાં વ્રત, તપ અને સાધના કરે. આપે એવો કયો ગુરુમંત્ર આપ્યો છે કે દરેકની આવી સ્થિતિ એક જ રહે છે !'

સ્વામીશ્રી તરત બોલ્યા : 'निजात्मानं ब्रह्मरूपं...' અને 'ब्रह्माहं कृष्णदासोऽस्मि॥' 'અમે બ્રહ્મ છીએ ને ભગવાનના દાસ છીએ. અમે મહંત, ભંડારી, કોઠારી કાંઈ જ નથી.' આવી સમજણ તમે પણ રાખશો તો તમારું કામ થઈ જશે. આ સ્થિતિમાં ઠંડી, ગરમી, વરસાદ કાંઈ જ લાગે નહીં. આ મંત્ર તમે પણ શીખી લેજો.'

હર્ષદભાઈ રાણા કહે : 'બીજે બધે તો આપણે જોયું છે કે થોડો સમય ઊભરો હોય, પરંતુ કાળક્રમે બધું 'ડાઉન' થતું જાય, જ્યારે અહીં આપના સાંનિધ્યમાં અને સંસ્થામાં બધાનો ચડતો ને ચડતો જ રંગ છે.'

સ્વામીશ્રી તરત જ કહે : 'શ્રીજીમહારાજનો સંપ્રદાય છે. શાસ્ત્રીજી મહારાજે કર્યું ને જોગીબાપાએ રંગ ચડાવ્યો છે એટલે બધું ચાલે છે. મહિમાની દૃષ્ટિ

ને દાસ થઈને બધું કામ કરવાનું એટલે ચાલે જ ને !'

•

૩-૩-૨૦૦૭, સારંગપુર

સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણમાં સ્વામીશ્રીની તેના પાલન અંગેની ચીવટની વાતો ચાલતી હતી. ગુણનિધિ સ્વામી કહે : 'જગતમાં તો હવે કોઈને ગ્રહણની કાંઈ પડી નથી. એમ લાગે કે વેધ ફક્ત આપને જ લાગે છે. કોઈ સંપ્રદાયવાળા આવું કંઈ પાળતા જ નથી.'

સ્વામીશ્રી તેઓને અધવચ્ચે જ અટકાવીને કહે : 'એવું તમે ક્યાં જોવા ગયા હતા ? 'બધા જ નથી પાળતા' એમ કહેવાની જરૂર નહીં. અમુક લોકો નથી પાળતા' – એમ કહો તો બરાબર છે. આખા ગામની વાત ન કરવી.'

•

૪-૩-૨૦૦૭, સારંગપુર

આજે પૂજા કરીને સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિમંદિરે દર્શને પધાર્યા. ગોલ્ફકાર્ટ ચલાવી રહેલા યોગેશ સાધક (લંડન) સ્વામીશ્રીને કહે : 'કાયમ માટે રંગ ચડી જાય એના માટે શું કરવું ?'

સ્વામીશ્રી કહે : 'કથાવાર્તા, કીર્તન, ભજન, સેવા, આ બધું કરીએ તો રંગ કાયમ રહે.'

•

૬-૩-૨૦૦૭, સારંગપુર

ઉતારે પધારી અલ્પાહાર ગ્રહણ કર્યો. એ દરમ્યાન શાસ્ત્રીજી મહારાજના જીવનના પ્રેરક પ્રસંગોનું વાંચન થઈ રહ્યું હતું. જેમાં શાસ્ત્રીજી મહારાજે સંતો-હરિભક્તોને 'સહન કરવા' વિષયક પત્ર લખ્યો હતો એ વંચાયું. આ સંદર્ભમાં હર્ષદભાઈ રાણાએ સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! આ સહન કરવાની પોલિસી હજી કેટલાં વરસ સુધી લંબાવવાની છે ? શ્રીજીમહારાજના વખતથી સૌ સહન કરતાં આવ્યા છે. તો હવે પોલિસીમાં ફેરફાર નથી કરવો ?'

થોડી વાર સુધી સ્વામીશ્રી સાંભળી રહ્યા. પછી કહે : 'જ્યાં સુધી બ્રહ્મરૂપ ન થવાય, ત્યાં સુધી સહન કરવાનું ચાલશે જ.'

•

૭-૩-૨૦૦૭, સારંગપુર

અલ્પાહાર દરમ્યાન પરમસ્વરૂપ સ્વામી કહે : 'કાળા-તળાવમાં અત્યાર સુધી હરિભક્તોને ત્યાં ટી.વી. હતું નહીં, પણ હવે એક જગ્યાએ આવ્યું છે.'

સ્વામીશ્રી તરત જ કહે : 'અત્યાર સુધી ટી.વી. નહોતું એટલે શાંતિ હતી, પરંતુ હવે અશાંતિ આવશે.'

•

૮-૩-૨૦૦૭, સારંગપુર

સ્વામીશ્રી સ્મૃતિમંદિરે દર્શને જઈ રહ્યા હતા. ગોલ્ફકાર્ટ યોગેશ સાધક ચલાવી રહ્યો હતો. સ્વામીશ્રીને કહે : ''શાસ્ત્રીજી મહારાજ કહેતા કે 'અમે તો અક્ષર-પુરુષોત્તમના બળદિયા છીએ.' બળદિયા કઈ રીતે થવાય ?''

'તેં બળદિયા જોયા છે ?' સ્વામીશ્રીએ ચાલુ ગોલ્ફકાર્ટમાં વાત કરવાની શરૂઆત કરી.

યોગેશ કહે : 'બળદિયા જોયા છે.'

એટલે તરત જ સ્વામીશ્રી કહે : 'બળદ જેમ હળે જોડાય, ગાડે જોડાય અને બધાં જ કામમાં વપરાય, એ રીતે આપણે પણ જ્યારે આજ્ઞા થાય, ત્યારે બધાં કામમાં તૈયાર રહેવાનું. નાની-મોટી કોઈપણ સેવા હોય, બધામાં તૈયાર. કોઈ જગ્યાએ પાછું પડવું ના જોઈએ. બળદિયા આ રીતે થવાય.'

•

શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરીને પાછા વળ્યા. રંગમંડપમાં સ્વામીશ્રી દર્શન કરવા જઈ રહ્યા હતા. ત્યાં ઊભેલા યોગીરાજ સોની(સાધક)એ ગળામાં લબડાવી રાખેલું બોર્ડ સ્વામીશ્રીને વંચાવ્યું. 'મારું હૃદય શુદ્ધ કરજો' એવી વિનંતી સાથેના આ બોર્ડના પ્રતિભાવમાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'રોજ વાળ્યા કરજે, એટલે થશે.'

સ્વામીશ્રી બે અર્થમાં કહી રહ્યા હતા : એક તો મંદિરની સેવાનો અર્થ અને બીજો હૃદયને અંતર્દષ્ટિ દ્વારા સંમાર્જિત કરવાનો અર્થ.

•

૧૧-૩-૨૦૦૭, સારંગપુર

સ્વામીશ્રી શ્રીજીમહારાજના પ્રસાદીના ખીજડે દર્શન કરવા પધાર્યા. એ દરમ્યાન સંસ્કૃત ભણી રહેલા સંતો શ્લોક બોલ્યા : 'प्रारभ्यते न खलु विघ्नभयेन नीचैः।'

'સમજ્યા ?' સ્વામીશ્રીએ વિદ્યાર્થી સંતોને પ્રશ્ન પૂછ્યો અને થોડી વાર પછી પોતે જ પ્રેરણા આપતાં કહે : 'આપણે સાધુ થયા એટલે વિઘ્ન આવે તોય પાછા

ન પડવું. વારે વારે વિઘ્ન આવે તોય પાછા ન પડવું. अर्थं साधयामि वा देहं पातयामि।'

•

જમ્યા પછી હરિભક્તોને મળીને સ્વામીશ્રી રૂમમાં પધાર્યા. બી.એ.પી.એસ. વિદ્યામંદિર સારંગપુરના લગભગ ૭૦૦ વિદ્યાર્થીઓએ પોતાના અંગત જીવનની ભૂલોના પત્રો લખ્યા હતા. સૌ નિષ્કપટ થયા હતા. થેલી ભરીને પત્રો આવ્યા હતા. સ્વામીશ્રીએ થેલી પર હાથ મૂકીને આશીર્વાદ આપ્યા. નારાયણમુનિ સ્વામી કહે : 'ભૂલનું પ્રાયશ્ચિત્ત કરે ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાન ભૂલ માફ કરશે. હવે ફરી ભૂલ ન કરે, તે જાણપણું રાખે.'

આ રીતે વિશિષ્ટ રીતે સૌના પ્રશ્નનું સમાધાન કરી આપ્યું.

•

૧૨-૩-૨૦૦૭, સારંગપુર

મંદિરે દર્શન કરીને પ્રદક્ષિણામાં આવેલી રૂપચોકીમાં સ્વામીશ્રી પધાર્યા. અહીં સંતો, પાર્ષદો અને સાધકો ઊભા હતા. તેઓએ વિનંતી કરતાં કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજ જેમ ઓશિકા નીચે રોગ રાખી દેતા, એમ આપના ઓશિકા નીચે હોય તો એ બધા રોગ અમને આપી દો.'

સ્વામીશ્રી તરત જ કહે : 'કોઈને શું કામ આપવા ? 'કોઈને થાય જ નહિ' એવું ન ઇચ્છીએ ?'

સ્વામીશ્રીની આ જીવનભાવના રહી છે.

•

૧૬-૩-૨૦૦૭, સારંગપુર

સ્વામીશ્રી સ્મૃતિ મંદિરે દર્શન કરીને પાછા ઉતારે પધારી રહ્યા હતા. એ દરમ્યાન ગોલ્ફકાર્ટ ચલાવી રહેલા લંડનના સાધક યોગેશે પૂછ્યું : 'સત્પુરુષમાં આત્મબુદ્ધિ કઈ રીતે થાય ?'

'અત્યારે ગાડી બરાબર ચલાવ એટલે...'

સ્વામીશ્રીએ હસતાં હસતાં આ ટકોર એટલા માટે કરી, કારણ કે પ્રશ્ન પૂછવામાં બેધ્યાન થતાં ગોલ્ફકાર્ટ મૂળ રસ્તા કરતાં આડી ફંટાઈ ગઈ હતી એનો એને ખ્યાલ ન હતો. સ્વામીશ્રીની ટકોર થતાં તરત જ એણે ગોલ્ફકાર્ટ મૂળ રસ્તે લાવી દીધી અને પૂછ્યું : 'આજ્ઞા પાળી તો એ આત્મબુદ્ધિ થઈ કહેવાય ?'

'હા, આત્મબુદ્ધિ થઈ હોય તો હેત-પ્રીત થાય; હેત હોય તો વચન મનાય; અને આજ્ઞા પળે એટલા બ્રહ્મરૂપ થવાય.'

•

ઠાકોરજી જમાડવા વિરાજ્યા. એ દરમ્યાન 'યજ્ઞપુરુષ ચરિતમ્'નું શ્રવણ કર્યું. લીંબાસીના ભક્તિપ્રિયદાસની વાત નીકળતાં સ્વામીશ્રી કહે : 'બહુ વૈરાગ્યવાળા હતા. હરજીવનદાસ ઘણી વખત ગમ્મતમાં કહેતા કે 'ડોહા ! કાંઈક સારું પહેરો. ચાર આના બચાવશો એમાં મંદિરો નહીં થાય.' પણ કહેવાનું શું કે એવા મમત્વવાળા હતા અને પાછા વૈરાગ્યવાળા. ટાયરનાં ચંપલ પહેરતા. ગોવિંદ સ્વામી પણ એવા જ વૈરાગ્યવાળા હતા. પોતે કેરીનો કોઠાર સંભાળે પણ ક્યારેય કેરી ખાતા નહીં. ને હરિવલ્લભદા પુરાણી પણ પાછળથી એવા હતા. પહેલાં તો રજોગુણી; અપટુડેટ કપડાં પહેરે, એક કરચલી પડવા ન દે, કોઈ અડ્યું હોય તો એને પણ ખખડાવી નાખે; પરંતુ પાછળથી અંતર્દષ્ટિ થઈ અને પછી તો થીગડાંવાળાં કપડાં જ પહેરતા.'

ક્યારેક જૂના સંતોની પ્રેરક વાતો કરીને સ્વામીશ્રી સૌને એ રીતે મમત્વ રાખીને સેવા કરવાની પ્રેરણા આપતા રહે છે.

•

૧૭-૩-૨૦૦૭, સારંગપુર

મુલાકાતો દરમ્યાન એક યુવક સ્વામીશ્રી પાસે આવ્યો. પોતાના એક મિત્રને નજીક બોલાવતાં કહે : 'આશીર્વાદ આપો કે આ ફર ફર બહુ કરે છે.'

સ્વામીશ્રી તરત જ કહે : 'બહુ ફર ફર ન કરવું. એક જગ્યાએ રહેવું, તો સફળતા મળે. રખડ્યા કરીએ તો ક્યાંય મૂળિયું ચોંટે નહીં.'

સ્વામીશ્રીનો ઉપદેશ પૂરો થયો એટલે વળી સ્પષ્ટતા કરતાં પેલો કહે કે 'એ રીતે ફરવાની વાત નથી. આ તો ઉપાસનામાં ફર ફર કરે છે.'

આ સાંભળીને સ્વામીશ્રી હસી પડ્યા ને કહે : 'એ રીતે પણ ન ફરવું. ઉપાસના એક જ રાખવી. એક ઉપાસના હોય તો સિદ્ધિ પમાય ને કલ્યાણ થાય.'

•

બે નાના છોકરાઓ આવ્યા. ઘરમાં સાવકી મા આવી અને બંનેને એટલા હેરાન કરવા માંડી કે છોકરાઓ

વાતવાતમાં જૂઠું બોલતા થઈ ગયા. એક દિવસ કંટાળીને બંને ભાઈઓ અડધી રાતે ઘરમાંથી ભાગી નીકળ્યા, વગર પૈસે ગમે એમ કરીને રખડતાં રખડતાં અહીં આવી પહોંચ્યા. છેલ્લા ઘણા દિવસથી અહીં તેઓ સેવા કરતા હતા. સંતોની દૃષ્ટિ પડતાં બધી પૂછપરછ કરતાં વાતની ખબર પડતાં આજે સ્વામીશ્રી પાસે એને લાવવામાં આવ્યા. સ્વામીશ્રીએ બંને છોકરાઓને પોતાના ઘરે મોકલવાની બધી સગવડ કરાવી આપી. સત્સંગી યુવકને સાથે રખાવીને ઠેઠ ઘરે પહોંચાડવા સુધીનો આદેશ આપ્યો. અને બંને છોકરાઓને કહ્યું કે 'આ રીતે રખડ રખડ ન કરવું. ચોરી તો ઘરમાં કે બહાર ક્યાંય કરવી નહીં. ચોરી કરીએ તો ભવિષ્યમાં કોઈ નહીં સંઘરે. એટલે આજથી નક્કી કરો કે ઘર કે બહાર ક્યાંય ચોરી કરવી નથી. એક વખત એમ થશે કે 'આ તો ચોર છે,' તો પછી કોઈ સંઘરશે નહીં. માટે ઘરમાં બેસીને અભ્યાસ કરજો. ભવિષ્યમાં સુખી થવાશે.'

•

૮:૩૦ વાગે ઠાકોરજી જમાડવા વિરાજ્યા. આજે સ્વામીશ્રીનો લાભ લેવા માટે ગોંડલ હાઈસ્કૂલ તથા વિદ્યામંદિરમાં ભણતા ૧૦ ને ૧૨માના વિદ્યાર્થીઓ આવ્યા હતા. નિર્ભયજીવન સ્વામી અને નૈષ્ઠિકવ્રત સ્વામી તેઓને લઈને આવ્યા હતા. હમણાં જ ૧૦મા ધોરણના બોર્ડની પરીક્ષા પૂરી થઈ છે. પરીક્ષાખંડનો માહોલ જ જુદો હોય છે. સુપરવાઇઝરો ચોરી કરાવતા હોય અને બે-રોકટોક છોકરાઓ ચોરી કરતા હોય ! આવી પરિસ્થિતિમાં મક્કમ મન સાથે અહીં ભણતા છોકરાઓ ચોરી કરે નહીં અને કરાવે નહીં. આવી માનસિકતા અથવા તો આવી સિદ્ધિ ક્યાં જોવા મળે ? વિદ્યાર્થીઓએ કેવાં કેવાં પ્રલોભનો આવે અને શિક્ષકો સામેથી જ કઈ રીતે વિઘ્નો નાખીને એકાગ્રતા તોડે અને કેવા પ્રકારની ધમકીઓ વિદ્યાર્થીઓ અને શિક્ષકો તરફથી આવે અને આવા પ્રસંગોમાં કઈ રીતે દૃઢતા રહે ? એ પ્રસંગો સ્વામીશ્રીને કહ્યા. સ્વામીશ્રી પણ તેઓની આવી દૃઢતાથી ગળગળા થઈ ઊઠ્યા. પોતાના ઉજ્જ્વળ ભવિષ્યની પરવા કર્યા વગર કેવળ મહેનત અને પ્રાર્થના તથા ભગવાન અને ગુરુહરિમાં શ્રદ્ધા રાખીને પરીક્ષાખંડમાં પરીક્ષા આપી રહેલા આ વિદ્યાર્થીઓને સ્વામીશ્રી કહે : 'તમારી જોડેના ચોરી કરતા હોય ત્યારે તમે શું કરો ?'

'અમે સુપરવાઇઝરને જ કહી દઈએ કે આ બધું બંધ કરાવો. અને સુપરવાઇઝરોને પણ ખબર હોય કે અક્ષરપુરુષોત્તમનો કોઈ પણ વિદ્યાર્થી ચોરી કરે જ નહીં. એટલે અમને જોઈને તરત જ કહે : 'તું અક્ષરપુરુષોત્તમનો જ છે ને ? એટલે તારું ધ્યાન રાખવાની જરૂર જ નહીં.'

આ સાંભળીને સ્વામીશ્રી કહે : "તમે લોકોએ બહુ સારી છાપ બેસાડી દીધી. સંસ્થાનું ગૌરવ વધાર્યું."

વિદ્યાર્થીઓના અનુભવો સાંભળીને સ્વામીશ્રી કહે : 'છોકરાઓ બધા મજબૂત છે. જવાબ સારો આપી દે છે. તમે આવી દૃઢતા રાખી તો તમારું ભવિષ્ય પણ સારું જ છે. ચોરી નથી કરી, જૂઠું નથી કર્યું, તો આગળની જિંદગીમાં પણ તમને આ અનુભવ કામ લાગશે. નોકરી ને ધંધામાં પણ બરકત આવશે ને તમારું ગૌરવ વધશે. મહારાજ બધાની રક્ષા કરે અને જ્યાં જાવ ત્યાં પ્રતિષ્ઠા વધે. નીતિ અને પ્રામાણિકતા હશે તો જ્યાં જશો ત્યાં ભગવાન તમારો જય જયકાર કરશે.'

•

૨૦-૩-૨૦૦૭, સારંગપુર

સ્વામીશ્રી સ્મૃતિમંદિરે શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરી રહ્યા હતા એ વખતે પાર્ષદો, સંતો કીર્તનો બોલી રહ્યા હતા : *'જે સૂરજ સામી રજ નાખે...'* તેઓ આખી કડી બોલ્યા પછી સ્વામીશ્રીએ સૌને સૂર્ય તરફ નિર્દેશ કરતાં કહ્યું : 'આ રવિ કોઈના ઉપર રોષ રાખે છે ? એમ કોઈ ગમે એટલું બોલી જાય, અપમાન કરી જાય, તોય રોષ રાખવો નહીં, એના માટે પ્રાર્થના કરવી.'

સૌ કીર્તન બોલી રહ્યા હતા ત્યારે તેઓના મનનો ભાવ જુદો હતો અને સ્વામીશ્રીના નિરૂપણમાં પણ વિરોધીઓ પ્રત્યેની ઉદારતા જણાઈ આવતી હતી.

•

આજે સ્વામીશ્રી ઇજિપ્તથી આવેલા મૌસીર ઈમામને મળ્યા.

ઇજિપ્તના કાઈરોમાં રહેતા આ મુસ્લિમ દિલ્હી અક્ષરધામ જોવા આવ્યા હતા. તેઓને હિન્દુત્વની વિચારધારા પસંદ હતી અને એટલે જ કાઈરોમાં એવા ૧૦૦ જેટલા ગુણાનુરાગીઓની ક્લબ તેઓ ચલાવી રહ્યા છે.

અક્ષરધામ જોયા પછી તેઓના મનમાં ઝબકાર થયો. અત્યંત અભિભૂત થઈને તેઓ કહે : 'પાંચ જ વર્ષમાં જેમણે આ બનાવ્યું હોય એના હાથમાં નક્કી દૈવીશક્તિ હશે. મારે એમના હાથનો સ્પર્શ કરીને ધન્યતા અનુભવવી છે.'

આ વાત તેઓએ આત્મસ્વરૂપ સ્વામીને કરી. આત્મસ્વરૂપ સ્વામીએ કહ્યું કે 'પ્રમુખસ્વામી મહારાજે આ કાર્ય કર્યું છે, અને અત્યારે તેઓ સારંગપુરમાં વિરાજમાન છે.'

આ સાંભળીને મૌસીર ઈમામ કહે : 'ગમે ત્યાં હોય પણ મારે જવું જ છે.'

આવી ભાવના સાથે ગઈકાલે રાત્રે તેઓ ખાસ સ્વામીશ્રીના હાથનો સ્પર્શ કરવા માટે જ અહીં આવી પહોંચ્યા હતા.

આજે પૂજામાં બેઠા ત્યારે પણ સ્વામીશ્રીની ભક્તિમયતા અને દિવ્યતાના અનુભવોથી અભિભૂત થતાં તેઓની આંખમાં અશ્રુધારા વહી ગઈ હતી.

અત્યારે સ્વામીશ્રી પાસે આવ્યા ને સ્વામીશ્રીનો હાથ પોતાના હાથમાં લઈને ચૂમી લીધો. પોતાના અનુભવોની વાત તેઓએ કરી અને કહ્યું કે 'ઇજિપ્તમાં સો વ્યક્તિઓ એવા છે કે જેઓ હિન્દુત્વની વિચારધારાથી પ્રભાવિત છે, અને એ વિચારધારાને અપનાવી છે. આ બધાને હું આપમાં જોડીશ. સૌને આપમાં જોડાવું છે.' આટલું કહીને તેઓ ગદ્ગદ થઈ ઊઠ્યા.

•

૨૧-૩-૨૦૦૭, સારંગપુર

રૂપચોકીમાં પરદેશના સાધકો ઊભા હતા. સૌ સમૂહમાં બોલ્યા : *'પેટ કટારી રે મારીને સન્મુખ ચાલ્યા...'*

આ સાંભળતાં જ સ્વામીશ્રી કહે : 'બરાબર છે. ઝાલ્યા ન રહેવું, શૂરવીર થવું, પાછા ન પડવું. સાધુ થવા આવ્યા છીએ તો મન સાથે લડી લેવું અને અક્ષરધામ મેળવી લેવું.'

•

સંતોએ પ્રાર્થના કરતાં કહ્યું :

'શાસ્ત્રીજી મહારાજ માટે એમના સંતો-હરિભક્તો જેમ ન્યોછાવર થઈ ગયા, એમ અમે પણ દેહને ગણકાર્યા વગર શતાબ્દી વર્ષમાં આપના કાર્ય માટે હોમાઈ જઈએ એવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'તમે બધા મહિમાથી વાતો કરો છો, એટલે થઈ જ જશે. મહિમાની વાતો કરવી. મહિમા સમજાય તો પછી તમે વાત કરી એ બધું જ થાય. મહિમા સમજાય તો ભગવાનનું જેવું છે એવું સ્વરૂપ ઓળખાય ને આ બધું દૃઢ થઈ જાય. મૂળ છે સાધુતા; સાધુતા એટલે સહન જ કરવાનું. કેટલાંક મનનાં દુઃખ છે, એ તો આવ્યાં જ કરવાનાં; પણ પોતાને આત્મારૂપ માનીને કાર્ય કરતા રહેવું. માન-અપમાન, જય-પરાજય આ બધું જ સહન એમણે કર્યું છે, એમ આપણે પણ કરતા રહેવું. આપણી આ રીત છે.'

•

૨૨-૩-૨૦૦૭, સારંગપુર

૮:૪૦ વાગે સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા માટે ઊભા થઈ રહ્યા હતા. એમનાં ચરણમાં ઓઢાડેલો ફરનો પાતળો ધાબળો લેતાં લેતાં બ્રહ્મવિહારી સ્વામી કહે : 'આ ધાબળો હવે બદલો, જૂનો થઈ ગયો છે.'

સાહજિક વૈરાગ્ય સાથે સ્વામીશ્રી કહે : 'એમાં બદલવાનું શું ?'

'કુચ્ચા જેવો લાગે છે.'

'આ તો શું કુચ્ચા જેવો છે ? આનાથી પણ વધારે કુચ્ચા જેવો ધાબળો યોગીજી મહારાજ ઓઢતા, જાડો અને વાગે એવો. વાગે એવો હોય તોય યોગીજી મહારાજ એ જ માગતા.'

•

૨૪-૩-૨૦૦૭, સારંગપુર

સ્વામીશ્રી વ્હીલચૅર સાથે લિફ્ટમાં પધાર્યા. સ્વામીશ્રીનું મુખ સામે સૌને દર્શન થાય એ રીતે હતું. લિફ્ટની નજીક જ કેટલાક પ્રેમી સંતો સ્વામીશ્રીનાં દર્શન માટે ઊભા હતા. એમાં પરમપ્રેમ સ્વામીએ સ્વામીશ્રીને ઇશારાથી કહ્યું કે 'આપની સાથે આ જ રીતે અમને પણ ભેગેભેગા અક્ષરધામ સુધી લઈ જજો.'

તેઓની આ સમસાનો ઇશારા દ્વારા જ ઉત્તર આપતાં સ્વામીશ્રીએ હાથ વડે માળા ફેરવવાનું સૂચન કર્યું. 'ભજન કરજો તો અક્ષરધામ પાકું છે' એમ સ્વામીશ્રીનો કહેવાનો મર્મ હતો.

•

૨૮-૩-૨૦૦૭, સારંગપુર

એક હરિભક્તને હૃદયમાં સ્ટેન્ટ મુકાવ્યા પછી

આત્મબળ ખૂટી ગયું હતું. સતત ભય લાગતો હતો અને બહાર જતાં પણ ખચકાતા હતા.

સ્વામીશ્રીએ તેઓને બળ આપતાં કહ્યું : 'તમારે તો સ્ટેન્ટ મુકાવ્યું છે, પણ મારે તો પાંચ બ્લોક હતા, છતાંય ભગવાનની ઇચ્છાથી ચાલે છે, હરીએ છીએ, ફરીએ છીએ... એમ તમારે પણ ભગવાનને માથે ચિંતા મૂકી દેવી. ચિંતા કરવી જ નહીં. આપણે ભગવાનના આશરે છીએ. એમની જેવી ઇચ્છા હશે એમ થશે.'

•

એક અધિકારી દર્શને આવ્યા હતા. તેઓ વિસાવદર ગામના હતા. સ્વામીશ્રીને કહે : 'મને એવું લાગ્યા કરે છે કે આપ જેને પર્સનલ ઓળખો એનું જ કલ્યાણ થાય.'

સ્વામીશ્રી કહે : 'ના. એવું કાંઈ નથી. ભગવાનનો જેને આશરો હોય અને નિયમ-ધર્મ પાળે એનું જ કલ્યાણ થાય. ઓળખાણમાં તો એવું છે કે હવે એટલી યાદશક્તિ રહી નહીં, એટલે નામ ને એ બધું ભૂલી જવાય; પણ ભગવાન અને સંત આત્માની સામે જુએ છે.'

•

૩૦-૩-૨૦૦૭, સારંગપુર

ભોજન દરમ્યાન બતાવાતી વીડિયોના સ્ક્રીન ઉપર શાસ્ત્રીજી મહારાજનાં જુદાં જુદાં દૃશ્યો આવતાં હતાં. એમાં શાસ્ત્રીજી મહારાજને વિક્રમ ભગત અને મોહન ભગતે ઊંચક્યા છે, એવું દૃશ્ય આવ્યું. સ્વામીશ્રીએ બંનેનો પરિચય આપ્યો ને વિક્રમ ભગતના સમાચાર પૂછ્યા.

શ્રીજીપ્રકાશ સ્વામી કહે : 'તેઓ માટે એક ખાસ રૂમ કરી આપી છે, અને ત્યાં રહે છે. ટાઇમે ટાઇમે જમવા કરવાનું પણ પૂછી લેવામાં આવે છે.'

સ્વામીશ્રી કહે : 'ધોતિયાં કોઈ ધોઈ દે છે ?'


'એવી જરૂર પડતી નથી. તેઓ બધી ક્રિયાઓ જાતે જ કરે છે.'

સ્વામીશ્રીએ ઊંડાણથી તેઓના સમાચાર પૂછ્યા ને છેલ્લે કહ્યું : 'વિક્રમ ભગતની ખબર બરાબર રાખજો.'

•

એક જૂના હરિભક્ત દર્શને આવ્યા. તેઓના જમાઈને લંડન જવાનું હતું, એટલે સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહે : 'બાપા ! આ લંડન જાય છે, પણ ત્યાંના માહોલમાં લેવાઈ ન જાય એ આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી જમાઈને સંબોધીને કહે : 'તું માહોલમાં સમજ્યો ?' એમ કહીને સ્વામીશ્રી કહે : 'ત્યાં બધાં મહેલ જેવાં સુખ હોય અને દારૂ ને વ્યસન ઉપર તરત ચડી જવાય એવું વાતાવરણ હોય, પરંતુ એમાં લેવાવાનું નહીં, સમજ્યો ને ! સત્સંગ દૃઢ રાખજે.'



॥ બ્રહ્મમનનમ્ ॥

મૃત્યુ નિશ્ચિત છે. મંદવાડથી કે અકસ્માતથી અનેક રીતે મૃત્યુ આવે છે. એટલે મૃત્યુને જાણી રાખો તો સતત સાવધાન રહેવાય.

■

ભગવાનમાં વૃત્તિ કરવા માટે, બીજા વિષયોમાંથી વૃત્તિ પાછી વાળવા માટે, અને સુખ-દુ:ખમાં સમતા કરવા માટે શાસ્ત્રોનું વાંચન, મંદિરોનાં દર્શન અને સંતોના સમાગમની આવશ્યકતા છે.

■

દેહના સામાન્ય રોગમાં પણ ખાવા-પીવા કે જોવાની આસક્તિઓ ટળી જાય છે, તો જો ભગવાનના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થઈ જાય તો બધી આસક્તિઓ નીકળી જાય ને બ્રહ્મરૂપ થઈને સુખિયા થવાય.

■

બહુ ગરમી લાગી હોય અને વૃક્ષ નીચે જઈને બેસીએ અથવા તો પાણીમાં જઈએ તો કેવી ઠંડક લાગે છે ? એમ ભગવાનના મંદિરમાં આવવાથી, દર્શન કરવાથી અને કથા સાંભળવાથી શાંતિ થાય છે.

■

મહિમાથી સેવા કરીએ એટલું સુખ અંતરમાં રહે.

■

એક વાર શ્રીજીમહારાજે પરમહંસોને બોલાવ્યા અને પૂછ્યું : 'તમે શું કરી શકો ?' ત્યારે પરમહંસોએ કહ્યું કે 'આપ જે કહો એ બધું જ કરીએ.' આ સાંભળીને મહારાજ કહે : 'એ બધું તો તમે કરી જ શકો છો, પણ મારે તમને જે વાત સમજાવવી છે એ જુદી છે. મૂળ હું અને મારું (અહં અને મમત્વ) ટાળવાનું છે અને આપણા સ્વરૂપને ચૈતન્યરૂપ માનવાનું છે. ચૈતન્ય એટલે અક્ષરબ્રહ્મ. આપણું સ્વરૂપ એ છે. જેમ આ શરીરમાં આત્મબુદ્ધિ, મમતા અને આસક્તિ છે, એ બધું ટાળીને આત્માને ચૈતન્યરૂપ માનવાનું છે.

'આપણે આત્મા છીએ, અક્ષર છીએ' એમ માનીને કાર્ય કરશો તો તમને કોઈ બંધન થશે નહીં. ભલે બધા વૈભવમાં રહો ને બધા કાર્ય કરો, પણ આ જ્ઞાન અને આ સમજણની સાથે રહેશો તો કોઈ બાધ આવશે નહીં. ગૃહસ્થ હોય કે ત્યાગી હોય પણ આ સમજણ દૃઢ હોય તો વાંધો ન આવે. એટલે આ આત્મજ્ઞાનનું અખંડ અનુસંધાન રાખવું.

■

હમણાં આપણે બધા તડકામાં બેઠા હતા. એ ઘડીએ કેવું લાગ્યું ? અકળામણ અને દુઃખ લાગ્યાં ને ? પણ પછી છાંયડો આવ્યો તો શાંતિ થઈ ગઈ. એમ સંસાર-વ્યવહારમાં તડકા-છાંયડા આવવાના જ છે. દુઃખ, મુશ્કેલી બધું જ થશે. ભગવાન અને સંત મળ્યા છે તો પણ દુઃખ આવશે, પણ એમાં જો આત્મજ્ઞાન અને સમજણની દૃઢતા કરશો તો તડકો જતો રહેશે અને ટાઢક થશે, શાંતિ થશે. પછી તડકા અને છાંયડામાં સરખું લાગશે. બંનેમાં આનંદ રહેશે અને ભગવાનની ભક્તિ કરીને સુખિયા રહેવાશે.

■

લોકો આજે કહે છે કે 'સંતો ભારરૂપ છે. સંતોનું શું કામ છે ? તમે સમાજસેવા શું કરો છો ?' પણ મોટામાં મોટી સેવા એ છે કે માણસને સારા સંસ્કારી બનાવવા, એમના સ્વભાવ સુધારવા ને સમાજને બેઠો કરવો. સંતોએ એ કાર્ય કર્યું છે. ભલે આ સમાજસેવા દેખાય નહીં, પણ મોટામાં મોટી સમાજસેવા આ જ છે. ભણેલા-ગણેલા સંતોએ સમાજમાં જઈને કેટલાયનાં દારૂ અને વ્યસનો છોડાવ્યાં. એને કારણે ઘરમાં શાંતિ થઈ. ઘર સારાં થયાં અને સંસ્કાર આવ્યા. આજે દારૂની પાછળ પોલીસથી માંડીને કેટલાય ખર્ચા કરવા પડે છે ? પણ તોય ઊંધું ને ઊંધું ચાલે છે. જ્યારે સંતોએ આવા બધાને સુધાર્યા, તો સમાજમાં શાંતિ થઈ. આ મોટામાં મોટી સેવા નથી ?


■

લોકોને એમ છે કે વેપાર-ધંધામાં કે સંબંધો સાચવવામાં બાંધછોડ કરવી પડે, દારૂ કે માંસ લેવાં પડે, પણ ભલા માણસ ! લેનારને ગરજ નથી ? એને પણ પોતાનો માલ વેચવાની કે લેવાની ગરજ છે. માટે આવાં પ્રલોભનોમાં લેવાવું નહીં. ગમે ત્યાં જઈએ પણ મહારાજના નિયમ બરાબર રાખવા. વેપારમાં કે ધંધામાં માણસોને મળવું પડે, બહાર જવું પડે, એમાં શરમથી કે મિત્રતાની રીતે લેવાઈ જાય એ સારું નહીં. કરોડપતિ હોય કે અબજોપતિ, પણ એ આપણને ઓછો સાચવવાનો છે ? આપણી રક્ષા કરનાર પરમાત્મા છે. માટે એમણે આપેલા નિયમો બરાબર પાળવા. આવી નિષ્ઠા અને સમજણ રાખવી.

■

આ દેહ નાશવંત છે. દેહની સાથે બધું જ ઊપડી જવાનું છે, પણ ભગવાન અને સંતની જે પ્રાપ્તિ થઈ છે એ સૌથી મોટી છે. એટલે આપણા જેવા કોઈ ભાગ્યશાળી નથી. જોગીબાપા કહેતા કે 'બીજાને ભાગ્યશાળી માનો એ જ આપણી મોટી ભૂલ છે.' હજુ આપણને અધૂરું લાગે છે કે 'આપણું શું થશે ?' શું થવાનું છે ? ભલા માણસ ! મહારાજ-સ્વામીનો આશરો છે, નિષ્ઠા છે અને શાસ્ત્રીજી મહારાજ, જોગીબાપા જેવા મહાન પુરુષ આપણને મળ્યા છે; આપણને એવો માર્ગ બતાવ્યો છે; જેથી કશું જ અધૂરું નથી. એટલે 'બીજો મારાથી મોટો છે' એમ માનીએ તો હજી જ્ઞાન જ ક્યાં થયું છે ? સમજણ જ ક્યાં આવી છે ? કેફ ચડી જવો જોઈએ કે 'કોણ મળ્યા છે ?!' દારૂ પીવે તો એનો કેફ ચડે છે; બીડી, સિગારેટનો પણ કેફ ચડે છે; એ બધું તો તુચ્છ છે. પણ આપણને જે વાત મળી છે એ તો કેટલી અદ્ભુત છે ! માટે અધૂરું માનવું જ નહીં. અને આપણને જે વાત મળી છે એ બીજાને કરવી.

પ્રસંગમ્



એપ્રિલ ૨૦૦૭

શતાબ્દી પાટોત્સવ, અનંત કળશ મહાઅભિષેક... બોચાસણ, ૨૭-૪-૨૦૦૭





'અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ભક્તિ કરવી – શ્રીજીમહારાજનો એ સિદ્ધાંત શાસ્ત્રીજી મહારાજે પકડ્યો અને અક્ષર-પુરુષોત્તમની મૂર્તિઓ પધરાવી જયજયકાર કર્યો છે. આજે તેને ૧૦૦ વર્ષ પૂરાં થાય છે, તે નિમિત્તે પુન:પ્રતિષ્ઠા થઈ અને અભિષેક થયો. આ શાસ્ત્રોક્ત વિધિનું મહાફળ છે. તીર્થોનો મહિમા શાસ્ત્રોમાં લખ્યો છે, પણ એ મહિમા ભગવાનને લઈને છે. ભગવાન મહાતીર્થ છે. ભગવાન અને સંતમાં બધાં તીર્થ આવી જાય છે.'

– પ્રમુખસ્વામી મહારાજ

૧-૪-૨૦૦૭, સારંગપુર

મુલાકાતો દરમ્યાન એક હરિભક્ત કાગળમાં નકશો ચીતરીને આવ્યા હતા. ખેતરના આ નકશાને સ્વામીશ્રી આગળ પાથરીને કહે : 'આપે પાણીનો બોર કરવા માટે નિશાની કરી આપી હતી, પરંતુ શેઢેથી કેટલાં ડગલાં માપીને આ કરાવીએ એ ખ્યાલ નહોતો આવતો, એટલે આપને પૂછવા માટે આવ્યા છીએ.'

સ્વામીશ્રીએ કહ્યું : 'બંને ખૂણેથી દસ-દસ ડગલાં મળે ત્યાં કરાવજો.'

સામાન્ય પ્રશ્નોને પણ સ્વામીશ્રી સાંભળે છે અને સૌને સ્વામીશ્રી સંભાળે છે.

•

જમ્યા પછી મુલાકાતો દરમ્યાન ધરમશીભાઈ કોળીને મળ્યા. '૭૧ની સાલમાં ધરમશીભાઈ ઝૂંપડામાં રહેતા હતા. તેઓની પાસે બચતમાં પાંચ રૂપિયા હતા અને સ્વામીશ્રીને વિનંતી કરી કે 'મારે પાંચ રૂપિયાનું દાન આપીને પારાયણ કરાવવી છે.' સ્વામીશ્રી કુંડળમાં આવેલા એના ઝૂંપડે પધાર્યા અને ઓસરીમાં બાજોઠ મુકાવીને એક વચનામૃત સમજાવીને એની ઇચ્છા પૂરી કરી. પાંચ રૂપિયાની આ પારાયણ એના દિલમાં વસી ગઈ હતી.

આજે લગભગ ૩૫ વર્ષ પછી ધરમશીભાઈ ખિસ્સામાં દસ હજાર રૂપિયા લઈને આવ્યા. કોળી હરિભક્ત, સામાન્ય હરિભક્ત, ખેતમજૂરી કરીને ગુજરાન ચલાવતા આ હરિભક્ત કહે : 'બાપા ! તે દહાડે પાંચ રૂપિયામાં પારાયણ કરાવી એનું ઋણ ચૂકવવાની મારે કેદા'ડાની ઇચ્છા હતી. આજે દીકરાઓ મોટા થઈ ગયા છે. સુરતમાં થોડુંક કમાય છે. મારી મહેનતના બચેલા દસ હજાર રૂપિયા આ ઋણ ચૂકવવા માટે આજે મારે ઠાકોરજીને અર્પણ કરવા છે.'

'તમે ક્યાંથી લાવ્યા ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

એટલે કહે : 'સોઢીમાં થોડીક જમીન રાખી છે, એની ખેતીની ઊપજના ભેગા થયા હતા, એ આપને અર્પણ કરું છું.' એમ કહીને એ કોળી હરિભક્ત નાચવા લાગ્યા. સિત્તેર વર્ષના ધરમશીભાઈની આવી નિષ્ઠા અને સમર્પણ જોઈને સૌ ગદ્‌ગદ થઈ ગયા.

•

૩-૪-૨૦૦૭, સારંગપુર

અલ્પાહાર પછી સ્વામીશ્રી રૂમ તરફ જઈ રહ્યા હતા. જૂનાગઢથી આવેલા ધર્મરાજ સ્વામી કહે : '૨૨મી એપ્રિલે જૂનાગઢ મંદિરનો પ્રથમ પાટોત્સવ છે, તો ત્યાં પધારો.'

સ્વામીશ્રી તરત જ કહે : 'તમે બધા સંતો પ્રાર્થના કરો અને દયા કરો કે પહેલાંની જેમ ગામડે ગામડે ફરી શકાય.'

ભાંગતી તબિયતે, આ ઉંમરે પણ ગામડે ફરીને સૌને રાજી કરવાનું સ્વામીશ્રીને કેટલું તાન છે !!

•

સ્નાનાદિક વિધિ પછી સ્વામીશ્રી પત્રવાંચન કરી રહ્યા હતા. એ દરમ્યાન ડૉક્ટર સ્વામી પધાર્યા. આજે અહીં શિબિર હોવાથી એક દિવસ માટે તેઓ પધાર્યા હતા. તેઓના સેવક અમૃતકીર્તિ સ્વામી કહે : 'ડૉક્ટર સ્વામી સવારે ભાવનગર કથા કરીને અહીં આવ્યા. સહેજ પણ સમય બગાડે નહીં.'

'व्यर्थः कालो न नेतव्यो... ॥' સ્વામીશ્રીએ કહ્યું.

અમૃતકીર્તિ સ્વામી કહે : 'ડૉક્ટર સ્વામી મગનભાઈ ટરોરોવાળાનું દૃષ્ટાંત આપે કે નવ કલાક કથા કરતા. અત્યારે ડૉક્ટર સ્વામી પણ એવું જ કરે છે.'

સ્વામીશ્રી કહે : 'એ તો એમનાથી પણ આગળ નીકળી ગયા. યોગીબાપાની દૃષ્ટિ પડી ગઈ છે.'

•

૫-૪-૨૦૦૭, સારંગપુર

સભામંડપમાં થઈને શાસ્ત્રીજી મહારાજની રૂમમાંથી સ્વામીશ્રી બહાર આવ્યા. અહીં શાસ્ત્રીજી મહારાજના વખતના વૃદ્ધ પાર્ષદ વિક્રમ ભગત ઊભા હતા.

સ્વામીશ્રીએ તેઓના આ સમકાલીન પાર્ષદ સાથે ગોઠડી માંડતાં કહ્યું : 'વિક્રમ ભગત ! કેમ છો ? મઝામાં છો ને ? શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિ થાય છે ને ? તમે તો મંદિર બાંધતી વખતે શાસ્ત્રીજી મહારાજની સેવા બહુ કરી છે.' તેઓ સ્વામીશ્રીને કહે : 'આમ તો હવે ચલાતું નથી, પણ એમ થયું કે આજે દર્શન કરી આવું.'

તેમની વાત અટકાવીને સ્વામીશ્રી આજુબાજુ ગોઠવાયેલા સંતોને કહે : 'વિક્રમ ભગતે શાસ્ત્રીજી મહારાજની સેવા બહુ કરી છે. એટલે એમની સેવા બરાબર કરજો. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના પ્રસાદીના છે. મહિમાથી સેવા કરશો તો શાસ્ત્રીજી મહારાજ રાજી થશે.'

•

૬-૪-૨૦૦૭, સારંગપુર

એક સત્સંગી કુટુંબની વાત આવી. પતિ અને પત્ની બંને સત્સંગ ખૂબ કરે છે, પણ સામાજિક રીતે તેઓનો મનમેળ નથી, એટલે એકબીજાંની ઉપસ્થિતિમાં બંને અસલામતી અનુભવે છે. એકબીજાંનો વિશ્વાસ નથી, એટલે એકબીજાંની બીક લાગ્યા કરે છે.

સ્વામીશ્રીએ તરત જ એ હરિભક્તને કહ્યું : 'જીવનમાં સુખ અને દુઃખ તો આવવાનાં જ છે, પણ 'જે થશે એમાં ભગવાન કાંઈક સારું કરવાના હશે' – એમ માનીને ભગવાનને કર્તા માનીને રહીએ તો બંનેને શાંતિ રહે. એ જે કરતા હોય એ સારા માટે જ હોય ! માટે બીક રાખ્યા વગર એકબીજાં સાથે પ્રેમથી રહેશો અને ભગવાનને કર્તા માનશો તો વાંધો નહીં આવે.'

•

૭-૪-૨૦૦૭, સારંગપુર

ચાણસદથી હરિભક્તો આવ્યા હતા, જેમાં અસરફ પણ હતા. તેઓ મોલેસલામ ગરાસિયા છે. સ્વામીશ્રીને કહે : 'હરિભાઈ માસ્તર હતા એમના દીકરાનો હું દીકરો છું. ફૂલદોલમાં લાભ લેવા માટે હું આવ્યો હતો. એ વખતે મનમાં ને મનમાં મેં એક માનતા માની હતી. એ માનતા મારી પૂરી થઈ એટલે થયું કે આપના આશીર્વાદ લઈ આવું. મને આપના ઉપર અત્યંત પૂજ્યભાવ છે. મારી ગાડીમાં પણ આપનું જ નામ લખાવેલું છે.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનમાં શ્રદ્ધા છે તો ભગવાન તારું કામ કરશે. નિર્વ્યસની રહેજે.'

•

એક આધેડ વયના વ્યક્તિ આવ્યા. તેઓ અંધ હતા. સ્વામીશ્રીની સમક્ષ આવતાંવેંત ગળગળા થઈ ગયા. આંખમાંથી આંસુ પડવા માંડ્યાં. તેઓએ પોતાની લાલ મોઢાવાળી લાકડી એકબાજુ મૂકીને સ્વામીશ્રીને શોધવાનો પ્રયત્ન કરતાં કરતાં નજીક પહોંચ્યા ને કહે : 'ઘણાં વરસોથી તમારાં દર્શનની ઇચ્છા હતી, આજે પૂરી થઈ.'

પ્રજ્ઞાચક્ષુને વળી દર્શન કઈ રીતે થઈ શકે ? પરંતુ અંતરની ભાવનાનો આ ઉમળકો હતો અને સ્વામીશ્રીના પ્રભાવનો પરિચય.

•

સ્વામીશ્રી એક હરિભક્તને મળ્યા. તેઓને વાત કરતાં સ્વામીશ્રી કહે : 'આપણે તો ભગવાનના ગુણ મેળવવાના છે. ભગવાન અને સંત સત્ત્વ, રજ અને તમ ત્રણેય ગુણથી પર છે, પરંતુ અહીં આ લોકની દૃષ્ટિએ વર્તે છે. એમનામાં સત્ત્વ, રજ કે તમ નહીં, પણ ભગવાનના ગુણ છે. તેઓ માયાના ગુણથી પર છે. એટલે અહં-મમત્વ, માન-અપમાન કે સુખ-દુઃખ બધાંથી પર. માયામાં હોય ત્યાં સુધી સત્ત્વ, રજ અને તમ વર્તતા રહે છે, પણ આ તો માયાથી પર છે. એટલે માયાથી પર થાય પછી ગુણાતીત થાય. અક્ષરરૂપ થવું એટલે શું ? કે એમાં પણ ભગવાનના ગુણ આવે. કોઈ અપમાન કરે અથવા તો એમ કહે કે 'મૂરખ છે,' તો પણ કોઈપણ પ્રકારનો વેગ ન આવે.' ભગતજી મહારાજનું દૃષ્ટાંત કહીને કહે : 'આવી સ્થિતિ થાય તો સામાવાળાનું ભૂંડું કરવાનો સંકલ્પ ન થાય. આ સ્થિતિ થાય તો માન-અપમાનમાં એકતા રહે. સુખ આવે તો ભગવાનની ઇચ્છા માને અને દુઃખ આવે તો પણ ભગવાનની ઇચ્છા માને.'

•

સ્વામીશ્રી પત્રવાંચન કરી રહ્યા હતા. એ દરમ્યાન

સમાચાર આવ્યા કે પ્રસિદ્ધ ભાગવત કથાકાર રમેશભાઈ ઓઝા - ભાઈજી પધારે છે. તેઓ સામે કષ્ટભંજન દેવનાં દર્શન કરવા માટે આવ્યા હતા. અહીંથી સૂરજ-દેવળ કથા કરવા માટે જઈ રહ્યા હતા. એ દરમ્યાન જ જૂના મંદિરમાં ખબર પડી કે 'સ્વામીશ્રી અહીં છે,' એટલે તરત જ તેઓએ અહીં પધારીને સ્વામીશ્રીને મળવાનું નક્કી કરી લીધું. સ્વામીશ્રી પાસે તેઓ આવ્યા. સ્વામીશ્રીએ તેઓને હાર પહેરાવ્યો.

તેઓ કહે : 'ઉંમરના પ્રમાણમાં જે રીતે આપ કાર્ય કરી રહ્યા છો, ત્યારે આપની સામે જોઈ જોઈને થાય છે કે અમારા જેવાને તો થાકવાનો અધિકાર જ નથી. હું ઘણી વખત છોકરાઓને કહું છું કે જ્યારે જ્યારે મને શારીરિક કે માનસિક થાક લાગે ત્યારે દાદાજીને કે પ્રમુખસ્વામીને યાદ કરું છું ને મારો થાક દૂર થઈ જાય છે.'

મુંબઈમાં સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય સારું ન હતું, ત્યારે તેઓએ પોતાની કથામાં ધૂન કરાવી હતી, અને ત્યાર પછી તેઓને રૂબરૂ મળવાની ઘણી ઇચ્છા હતી, અને આજે અનાયાસે મળવાનું થતાં તેઓ કહે કે 'આજે આપને રૂબરૂ જોયા એટલે હૃદયમાં શાંતિ થઈ. આપ અમારા પ્રેરણામૂર્તિ છો. એટલે પ્રાર્થના કરું છું કે ભગવાન આપને એવા ને એવા રાખે ને ઊર્જાનો સ્રોત વધતો રહે.'

સ્વામીશ્રી કહે : 'આપ સૌનો પ્રેમ છે ને આશીર્વાદ છે એટલે ભગવાન બધું ચલાવે છે.'

•

૧૦-૪-૨૦૦૭, સારંગપુર

સ્વામીશ્રી પ્રસાદીના ખીજડે દર્શને પધાર્યા. પ્રસાદીના ઓટે દર્શન કર્યાં પછી વ્હીલચૅરમાં સ્વામીશ્રી વિરાજમાન થયા. સંતો આજુબાજુ વીંટળાઈ ગયા હતા. પૂર્વ આકાશમાંથી પડતાં સૂર્યનાં ગ્રીષ્મનાં તીક્ષ્ણ કિરણોથી આલોકિત સૌ સંતોનાં મુખ જોતાં જ સ્વામીશ્રી બોલ્યા : 'સૂર્યમુખી.'

એક સંત કહે : 'બાપા ! સૂર્ય તો આપ છો. આપની ફરતે અમે બધા વીંટળાઈને આપને જ જોયા કરીએ છીએ. આ બધા જ સંતરૂપી સૂર્યમુખી આપની સામું જુએ છે.'

કોઈએ વળી કહ્યું : 'સૂર્યમુખી નહીં, ગુરુમુખી થવાનું છે.'

સ્વામીશ્રી કહે : 'સૂર્યની સામું જોઈએ ને એનાં કિરણોથી આંખ ન અંજાય તો આ (ગુરુમુખી) થવાય.'

સ્વામીશ્રીનું કહેવાનું એમ હતું કે સૂર્યનું તેજ સહન થાય તો જેમ સૂર્યમુખી થવાય, એમ ગુરુની પ્રત્યેક ક્રિયામાં આનંદ આવે ત્યારે જ ગુરુમુખી થઈ શકાય.

•

૧૧-૪-૨૦૦૭, સારંગપુર

મુલાકાતો દરમ્યાન એક હરિભક્ત દર્શને આવ્યા. તેઓ નવા જ સત્સંગી થયા છે.

દોઢેક મહિના પહેલાં એક સત્સંગીના લગ્નમાં કેટરર તરીકે ગયેલા તેઓને સત્સંગની રીતભાત જોઈને સ્વામીશ્રી પ્રત્યે આકર્ષણ થયું અને એ સત્સંગી સાથે તેઓ ભાવનગરમાં સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેઓ પ્રથમ વખત દર્શન કરી રહ્યા હતા. આ દર્શન પહેલાં તેઓને અનેક વ્યસનો હતાં. ગુટખા તેઓનું જીવન હતું. એક સાથે બબ્બે પડીકી મોઢામાં મૂકતા હતા. એટલું જ નહીં, બે જુડી બીડી રોજની પી જતા હતા. પરંતુ સ્વામીશ્રીનાં દર્શન થયાં, સ્વામીશ્રીએ માથે હાથ મૂક્યો અને એ જ વખતથી સંકલ્પો મટી ગયા.

તેઓ અત્યારે સ્વામીશ્રીને કહે : 'આજે એ વાતને દોઢ મહિનો થયો. એક પણ વખત મને તમાકુ ખાવાનો કે બીડી પીવાનો સંકલ્પ થતો નથી. એ કેવળ આપની કૃપા !' આટલું કહીને આજે તેઓએ કંઠી ધારણ કરી.

સ્વામીશ્રીએ તેઓને કહ્યું : 'તમને છૂટ્યું છે તો હવે બીજાને છોડાવજો, તો તમને પણ બળ મળ્યા કરશે.'

•

૧૨-૪-૨૦૦૭, સારંગપુર

મુલાકાતો દરમ્યાન એક હરિભક્ત સ્વામીશ્રીને કહે : 'હું મંદિરે રોજ જઉં છું, ઑફિસમાં સેવા આપું છું, પરંતુ એક વાતનો અંતરમાં સતત ક્ષોભ રહ્યા કરે છે કે આર્થિક રીતે કોઈ પ્રદાન કરી શકતો નથી. મનમાં તો એવી ભાવના રહે છે કે 'પર્વતભાઈની જેમ બધું જ અર્પણ કરી દઉં;' પરંતુ કાંઈ કરી શકતો નથી.'

આટલું કહેતાં તેઓ રડી પડ્યા. એટલે સ્વામીશ્રી કહે : 'તમારી સ્થિતિ સારી ન હોય ને તમે આર્થિક રીતે કાંઈ આપી શકતા ન હો, તો એમાં કશો જ વાંધો નથી. ક્ષોભ રાખવાની જરૂર નથી. દેહે કરીને સેવા કરો છો

એ પણ એટલી જ કહેવાય. તને, મને અને ધને સેવા લખી છે. પૈસાથી સ્થિતિ ન હોય તો દેહે કરીને કરો એમાં પણ વાંધો નહીં. દેહમાં પણ સારું ન હોય તો મને કરીને પણ સેવા કરો, તો પણ એટલું જ એનું ફળ છે. માટે ચિંતા કરવી નહીં. આનંદમાં રહેવું.'

•

પૂનાથી મિહિર નામનો એક બાળક એના પિતા સાથે આવ્યો હતો. એના પિતાજીએ વાત કરતાં કહ્યું : 'દસ વર્ષ પહેલાં હું મુંબઈમાં આપનાં દર્શને આવ્યો ત્યારે મારે કોઈ સંતાન ન હતું, પરંતુ આપે આશીર્વાદ આપ્યા ત્યાર પછી આ મિહિરનો જન્મ થયો છે. એટલે ખાસ આપનાં દર્શન માટે આવ્યા છીએ. મિહિરની બહુ ઇચ્છા છે કે આપની સાથે વાત કરું.'

સ્વામીશ્રી કહે : 'નજીક આવ. બોલ શું વાત કરવી છે ?'

મિહિર કહે : 'તમે કેવા છો ?'

'સાધુ છું.' સ્વામીશ્રીએ તરત જવાબ આપ્યો.

પછી એને પ્રેરણા આપતાં કહે : 'ભગવાનના આશીર્વાદથી તું આવ્યો એટલે પ્રસાદીનો કહેવાય. તું પ્રસાદીનો આવ્યો છે તો રોજ હવે 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' માળા કરજે. કંઠી પહેરજે. બહારનું ખાતો નહીં. ઈંડા કે માંસ ખાતો નહીં. બરાબર અભ્યાસ કરજે ને સત્સંગમાં જજે.'

•

૧૬-૪-૨૦૦૭, સારંગપુર

ભાદરાથી ધર્મકુંવર સ્વામીનો ફોન આવ્યો. ભાદરામાં જૂના મંદિરની પ્રતિષ્ઠા હતી. સાત દિવસની પારાયણ રાખી હતી. સંસ્થાની ગોશાળાને અડીને જ સભામંડપ બાંધવામાં આવ્યો હતો. એટલે આપણા ખેતરમાં થઈને જવાનો રસ્તો તેઓએ માગ્યો હતો.

આ સાંભળીને સ્વામીશ્રી કહે : 'એમને સહકાર આપવાનો જ. જે જોઈએ એ બધો જ સહકાર આપજો. ઉતારાની જરૂર હોય તો એ પણ સહકાર આપજો.'

•

૧૭-૪-૨૦૦૭, સારંગપુર

યોગીજી મહારાજના ઓરડે સ્વામીશ્રી પ્રદક્ષિણા ફરી રહ્યા હતા. એ દરમ્યાન દિવ્યનિધિ સ્વામીએ યોગીજી મહારાજનું વાક્ય કહેતાં કહ્યું : 'વઢે તોય રાજી થવું એ મોટામાં મોટી કલમ છે.'

સ્વામીશ્રી કહે : 'હા, આ કલમ લખી રાખવી, જોડે ને જોડે જ રાખવી. જ્યારે કાંઈપણ થાય ત્યારે આ વાંચવી.'

આટલું કહ્યા પછી પ્રદક્ષિણા પૂરી કરીને બહાર નીકળતાં નીકળતાં કહે : 'ખપ હોય ને મહિમા હોય તો વાંધો જ ન આવે.'

•

સ્વામીશ્રી ભોજન દરમ્યાન પણ જુદા જુદા ગ્રંથોનું શ્રવણ કરે છે. અત્યારે 'યજ્ઞપુરુષ ચરિતમ્'નું શ્રવણ કર્યું. જેમાં શાસ્ત્રીજી મહારાજે કરાવેલી ગમ્મત અને ગમ્મતમય દૃષ્ટાંતોની વાત આવી. 'ગપોડીએ ચણાના ઝાડ ઉપર ચડીને ધાર કરી અને વાઘને હેઠે પાડ્યો' એ પ્રસંગ વંચાઈ રહ્યો હતો.

સ્વામીશ્રી કહે : 'લાવો હું પણ એક કહી દઉં.' એમ કહેતાં સ્વામીશ્રી કહે :

''એક મિયાં હતા તે ગપ્પાં મારવામાં હોશિયાર. તે કહે : 'એક ઝાડીમાં મેં ૧૦૦ સાપ જોયા.'

એના મિત્રો કહે : 'મિયાં ! જૂઠ મત બોલો. ૧૦૦ સર્પ હોતા હોગા ?'

'૫૦ તો હોગા હી !'

આટલું કહેતાં બધા મિત્રો કહે : 'મિયાં ! કુછ ગલતી કર રહે હો.'

તો પેલો મિયો ધીમે ધીમે કરતો ઘટવા લાગ્યો. 'દસ-બાર તો હોગા હી !' ને છેલ્લે તો વળી કહે : 'કુછ સલવલ સલવલ હોતા થા.''

ખૂબ લડાવીને આ દૃષ્ટાંત કહેતાં સ્વામીશ્રીએ સૌને બ્રહ્માનંદમાં રસ તરબોળ કરી દીધા.

•

૧૮-૪-૨૦૦૭, સારંગપુર

મુલાકાતો દરમ્યાન બોટાદના મુસ્લિમ હરિભક્ત મમદીભાઈ સ્વામીશ્રીને કહે : 'બાપા ! અમને આવા ને આવા હૃદયમાં રાખજો.'

સ્વામીશ્રી કહે : 'અમે રાખ્યા જ છે. શાસ્ત્રીજી મહારાજના વખતથી તમારા વડવાઓની ઘણી સેવાઓ છે.'

•

૮:૪૫ વાગે સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા વિરાજ્યા.

એ દરમ્યાન સુરતના હરસુખભાઈએ પ્રેતાદિકની ઉપાધિમાં પોતે કઈ રીતે હેરાન થયા હતા એની વાત વિસ્તારથી કરી. તેઓ ધંધો કરવા માટે ઉત્તર પ્રદેશમાં ફેક્ટરી નાખવા ગયા હતા. એક જમીન લઈને તેઓએ ટાઇલ્સ બનાવવાની ફેક્ટરી કરી. તેઓના ચાર પાર્ટનર પણ સાથે હતા. તેઓના એક પાર્ટનરને અને હરસુખભાઈને રોજ ચૂડેલ આવીને રાત્રે સ્વપ્નામાં દેખાઈને કહેતી કે 'ફલાણી જગ્યાએ ચરુ દાટ્યા છે એ તમારા જ છે, તમે એ લઈ લ્યો.' વળી, કહેતી કે '૧૬૫ વર્ષ પહેલાં તમે ત્રણ જણા બાળક હતા અને એ વખતે એક મુસલમાન તમારું ખૂન કરવાના ઇરાદે અહીં તમને તાણી લાવ્યો. એમાંના તમારા એકે જોર કરીને લોખંડનો સળિયો ફટકારીને મુસલમાનને મારી નાખ્યો. ત્યારથી એ અહીં ભટકે છે.' મોટા ભાગે આવી બિના રોજ બનતી હોવાથી ગભરાઈને, કંટાળીને ખોટમાં જમીન વેચીને આ બધા પાછા ગુજરાતમાં આવી ગયા. પરંતુ અહીં પણ આ હરસુખભાઈને ચૂડેલ અવરનવર હેરાન કર્યા કરે છે. અને એટલે જ તેઓ આજે વિનંતી કરવા માટે અહીં આવ્યા હતા.

સ્વામીશ્રીએ ધ્યાનથી તેઓની સતામણીની વાત સાંભળી. જમતાં જમતાં જ સ્વામીશ્રી કહે : 'મહારાજ દયા કરશે. ધંધા પણ સારા ચાલે ને પેલું પણ જે હોય એનો મોક્ષ થઈ જાય. તમારે 'સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ...' કરવું અને પ્રાર્થના કરતાં કહેવું કે 'અમારા ગુરુએ આજ્ઞા કરી છે અને અમે પ્રાર્થના કરી છે કે તારો મોક્ષ થાય, સારી ગતિ થાય.' એમ કહીને કહ્યું કે 'જનમંગલનામાવલિના પાંચ પાઠ રોજ કરવા. જેથી જે હોય એની સારી ગતિ થાય.'

આ પ્રસંગ પૂરો થયા પછી 'યજ્ઞપુરુષ ચરિતમ્'ના શ્રવણ દરમ્યાન પણ શાસ્ત્રીજી મહારાજે ભક્તોની રક્ષા કરી હોય એવા પ્રસંગો વંચાયા. જેમાં ભાવનગરના ગોપીનાથભાઈને શાસ્ત્રીજી મહારાજે ભાથું બંધાવતાં કહ્યું કે 'હું છું હરિનો, હરિ મમ રક્ષક, એ ભરોસો જાય નહીં. આ વાત યાદ રાખવી.' આ જ સંદર્ભમાં સ્વામીશ્રી કહે : 'આને (હરસુખભાઈને) પણ આવું થઈ જાય ને મહારાજ આવીને એની રક્ષા કરે એ પ્રાર્થના.'

વળી, પુરુષોત્તમચરણ સ્વામીએ નવસારી બાજુના સપનતળાવ ગામમાં એક બાઈને વળગાડ દરમ્યાન સ્વામીશ્રીએ દર્શન દઈને જે રીતે રક્ષા કરી એ વાત કરીને આ વાતની પુષ્ટિ કરી. વિશુદ્ધદર્શન સ્વામીએ પણ ભાવનગરમાં સ્વામીશ્રી હતા એ વખતનો પ્રસંગ દર્શાવતાં કહ્યું : ''ત્યાં ફેવિકોલવાળા માલિકને ત્યાં ઉતારો હતો. ત્યાં એક પીડિત આવ્યા ને મોટે મોટેથી બરાડા પાડવા લાગ્યા કે 'બચાવો બચાવો.' આ સાંભળીને સ્વામીશ્રી પણ બે હાથ પહોળા કરીને જરા જોરથી 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' કરવા લાગ્યા ને બોલવા લાગ્યા કે 'જે હોય એ બધું જતું રહે, બદરિકાશ્રમમાં, શ્વેતદ્વીપમાં જતું રહે.' આ રીતે એનો પણ મોક્ષ કર્યો હતો.''

આ બધું સાંભળ્યા પછી સ્વામીશ્રી કહે : 'આ હરસુખભાઈને પણ એવો લાભ થઈ જાય.' એમ કહેતાં બે હાથ પહોળા કરીને જોરથી 'સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ' કરતાં સ્વામીશ્રી કહે : 'મહારાજ દયા કરે. બધું જ જતું રહે ને સુખિયો થાય.' આટલું કહેતાં સ્વામીશ્રીએ એના નિમિત્તે ધૂન કરાવી તેઓના દુઃખમાં સહભાગી થયા.

જમતા હોય કે કોઈપણ ક્રિયા હોય, હરિભક્તોનાં દુઃખ દૂર કરવા માટે સ્વામીશ્રી હંમેશાં તત્પર જ હોય છે.

•

૧૯-૪-૨૦૦૭, સારંગપુર

જગદ્‌ગુરુ રામાનંદાચાર્ય રામનરેશાચાર્ય સ્વામીશ્રીને મળવા પધાર્યા હતા. સ્વામીશ્રીએ હાર પહેરાવીને તથા શાલ ઓઢાડીને તેઓનું સ્વાગત કર્યું. સ્વામીશ્રી સમક્ષ સોફા ઉપર તેઓ બેઠા હતા. સૌને વાતચીત કરતાં તેઓ કહે : ''स्वामीजी तो स्वयं युगपुरुष है। उनके कार्यकाल में देश-विदेश में इतना कार्य हुआ है, इतना काम किसी के द्वारा नहीं हुआ है। ऐसे महापुरुष बार बार नहीं हुआ करते हैं। हमारे स्नेही जन प्रमुख-स्वामीजी के बारे में कहा करते हैं कि वे तो कलियुग के कुबेरावतार है। इस युग के सब से बडे संत हैं। मैं भी राममंदिर बनाता हूँ। बहुत अच्छा मंदिर बननेवाला है। आप मुझे आशीर्वाद दो। आपके पास वैसे तो बहुत सिद्धियाँ हैं, लेकिन ये सिद्धि तो सब लोग देखते हैं, कि आप चाहे इतने मंदिर कर सकते हैं, तो हमें भी ऐसा आशीर्वाद दो कि राममंदिर अच्छा हो जाय। आप बोल देंगे कि 'हो जायेगा' तो मुझे विश्वास है कि मेरा

मंदिर जरूर हो जायेगा।''

સ્વામીશ્રીએ કહ્યું : 'सब भगवान की कृपा से होता है, हम भगवान को प्रार्थना करेंगे।'

•

૨૦-૪-૨૦૦૭, સારંગપુર

સ્વામીશ્રી લિફ્ટ દ્વારા ઉપર મંદિરમાં પધાર્યા. પરમપ્રેમ સ્વામી બોર્ડ લઈને ઊભા હતા. જેમાં લખ્યું હતું કે 'અમારું સર્વસ્વ આપ ને આપનું.... ?'

સ્વામીશ્રીએ લિફ્ટમાં ઉપર જતાં જતાં આ વાક્ય વાંચ્યું અને બોલ્યા : 'મહારાજ, સ્વામી અને સંતો.'

•

'સંદેશ'ના નિવાસી તંત્રી જયેશભાઈને સ્વામીશ્રી મળ્યા. તેઓને આશીર્વાદ આપ્યા. જયેશભાઈ સ્વામીશ્રીને કહે : 'ઘણી વાર મૌનને નબળાઈ ગણી લેવામાં આવે છે.'

સ્વામીશ્રી કહે : 'એવું બને, પણ જે સાચું હોય એ મોડે મોડે પણ સૌને સમજાતું હોય છે. વળી, અંદરોઅંદરની વાતો હોય એમાં એક જણ અજ્ઞાને કરીને વિરોધ કરે ત્યારે સામાવાળાએ મૌન જ રહેવું જોઈએ, નહીં તો બહાર પણ કેવી છાપ પડે ? કોઈએ અવળો રસ્તો ઝાલ્યો હોય એથી આપણે પણ એ રસ્તે ઓછું ચલાય છે ?'

•

આજે શાસ્ત્રીજી મહારાજનો અંતર્ધાનદિન હતો. આજના પ્રસંગે સૌ સંતોએ પ્રાર્થના કરતાં કહ્યું કે 'આજે હકીકતમાં શાસ્ત્રીજી મહારાજનો અંતર્ધાનદિન નથી, પરંતુ આપમાં અંતર્નિહિત થયા એનો દિવસ છે. માટે આપનું સ્વરૂપ યથાર્થ ઓળખાય એવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી તરત જ કહે : ''દેહમાં જોડાયેલા છો, પણ આવી વાત કરતાં કરતાં ભગવાન કૃપા કરશે. જ્યાં સુધી સંકલ્પ-વિકલ્પ થાય છે ત્યાં સુધી પ્રશ્ન આવતા રહેવાના, પરંતુ વાત કરતાં કરતાં 'લે તેરા ધાબળા' થઈ જશે. માટે આવી વાતનું અનુસંધાન અખંડ રાખવું જોઈએ, નહીં તો ક્યારેક બીજું બતાવે ને ત્રીજું બતાવે ને કો'ક વળી બીજો પરચો પણ બતાવે, ત્યારે મન ફરી જાય.''

પરમતીર્થ સ્વામી કહે : 'આપ કૃપા કરજો. કૃપા કરશો તો થશે.'

સ્વામીશ્રી કહે : ''એવું બોલવું જ નહીં. 'થશે જ' એમ કહેવાય. નો શંકા. ભગવાન અને સંતની દયા થશે જ, એટલે 'થવાનું જ છે,' આવો વિચાર રાખીને જ આગળ વધવાનું છે. મોટા સમૂહમાં આપણે રહીએ છીએ. મોટા સમૂહમાં ક્યારેક મૂંઝવણ થઈ જાય. 'કોઈ આમ કહેશે ને કોઈ તેમ કહેશે.' એવા સંકલ્પ-વિકલ્પો ઊઠે રાખે ત્યારે સ્વરૂપ પણ જતું રહે અને સ્વરૂપી પણ જતું રહે. માટે સંકલ્પ દૃઢ રાખવો કે 'દેહના ચૂરેચૂરા થાય તોય અહીં જ રહેવું છે. મહારાજ અને યોગીજી મહારાજને રાજી કરવા છે.''

•

મુલાકાતો દરમ્યાન જૂના આધેડ વયના હરિભક્ત હરજીભાઈ આવ્યા. તેઓને જોતાં જ સ્વામીશ્રી કહે : 'હરજી ! તારી મરજી શું છે ?'

આટલું કહેતાં સ્વામીશ્રી કહે : 'સંત સ્વામી સાથે અમે આ બાજુ વિચરણ કરતા ત્યારે આ નાનો હતો. નાનો હતો ત્યારથી જ અમારે એની સાથે હેત. નાનપણથી આવે છે, સત્સંગ કરે છે. એને ત્યાં અમે સાત દિવસ રહેલા અને એ વખતથી હું એને પૂછતો આવ્યો છું કે 'હરજી ! તારી મરજી શું છે ?'

•

ભૂજથી માધવજીભાઈ આવ્યા હતા. કોઈએ એમને પૂછ્યું કે 'કેમ છે તમને ?'

એમના વતી સ્વામીશ્રી કહે : 'મહારાજ-સ્વામી સાથે જ છે, પછી શું વાંધો છે ?'

માધવજીભાઈ કહે : 'આપ પણ સાથે રહેજો.'

સ્વામીશ્રી કહે : 'સાથે જ છીએ ને ! તમે સંભારતા રહેજો. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ સાથે જ છે. સત્પુરુષને સંભારીએ એમાં બધું આવી જ ગયું ને !'

•

૨૩-૪-૨૦૦૭, સારંગપુર

'આજકાલ' દૈનિકના નિવાસી તંત્રી રાજેશભાઈ જોષીને મળ્યા. તેઓ સ્વામીશ્રીના આશીર્વાદ લેવા માટે જ આવ્યા હતા. પહેલી વખત સ્વામીશ્રીનાં દર્શન તેઓ કરી રહ્યા હતા.

સ્વામીશ્રીને મળ્યા પછી બહાર નીકળીને તેઓએ

વાત કરતાં કહ્યું કે 'પ્રમુખસ્વામીનાં દર્શન મેં પહેલી વખત કર્યાં. તેઓની આંખોમાં જે નિર્દોષતા અને શુદ્ધતા મેં જોઈ એમાં મને એવો અનુભવ થયો કે આ વ્યક્તિ આગળ ગમે એવો હોય, પણ જૂઠું બોલી જ ન શકે. તેઓની આંખોમાં નીતરતો પ્રેમ અને નિર્દોષતા સૌને પરવશ બનાવી દે છે.'

•

ભોજન દરમ્યાન અભ્યાસ કરી રહેલા સંતો વિવિધ કાર્યક્રમો રજૂ કરે છે. આજે યોજાયેલા વિશિષ્ટ કાર્યક્રમના સંદર્ભમાં પ્રવક્તા વિદુર ભગત કહે : 'આપણે સ્વામીશ્રીની જ રુચિ જાણીએ.' એમ કહીને સ્વામીશ્રી માટે તૈયાર કરેલા કેટલાક પ્રશ્નો સ્ક્રીન ઉપર દર્શાવવામાં આવ્યા. ભોજનકક્ષમાં બેઠેલા તમામ સંતોને ચાર રંગના કાર્ડ આપવામાં આવ્યા હતા. વિદુર ભગત પ્રશ્ન પૂછે પછી એ પ્રશ્નના આધારે સ્વામીશ્રી શું જવાબ આપશે એવા અંદાજ અને અનુમાન સાથે દરેક સંતે જે તે રંગના કાર્ડ ઊંચા કરવાના હતા. અને આ રીતે કાર્યક્રમ આરંભાયો.

પ્રશ્ન-૧ : 'જ્યારે આપ યોગીજી મહારાજને સંભારો ત્યારે સૌથી પહેલી સ્મૃતિ આપને કઈ થાય ?'

સ્વામીશ્રીની રુચિ શું હોઈ શકે ? એ જાણવા માટે સંતોને પૂછવામાં આવ્યું ને દરેકને પોતપોતાની રીતે કાર્ડ ઊંચું કરવાનો આદેશ આપવામાં આવ્યો. મોટા ભાગના સંતોએ સાચું કાર્ડ ઊંચું કર્યું હતું. વિકલ્પો હતા : (૧) હાસ્ય, (૨) ધબ્બો, (૩) ખોંખારો અને (૪) કથા.

અપેક્ષા પ્રમાણે જ સ્વામીશ્રીએ હાથની મુદ્રા દ્વારા 'ધબ્બા'નું લટકું કર્યું. સ્વામીશ્રી કહી રહ્યા હતા કે 'યોગીજી મહારાજની સ્મૃતિ સાથે જ એમનો ધબ્બો પહેલો સાંભરે છે.'

પ્રશ્ન-૨ : 'સાધુ થયા બાદ આપને સૌથી વધુ તકલીફનો અનુભવ શેમાં થયો હતો ?'

(૧) પત્તરમાં જમવું, (૨) ધોતિયું પહેરવું, (૩) સમૂહ જીવન અને (૪) ઉપવાસ.

સૌએ પોતપોતાની રીતે કાર્ડ ઊંચું કર્યું, પરંતુ સ્વામીશ્રીએ તો તૃતીયમ્ ઉત્તર આપતાં કહ્યું કે 'એકેમાં કોઈ જાતની તકલીફ પડી જ નથી. પત્તરમાં જમવામાં પણ નહીં, ધોતિયું તો પહેલેથી જ પહેરતા હતા અને સમૂહજીવનમાં તો તકલીફ શેની હોય ? 'સમૂહમાં છીએ ને શું થશે ?' એવો વિચાર જ નહોતો આવ્યો ને ! ઉપવાસમાં પણ વાંધો નથી આવ્યો. બધું જ ગમતું હતું.'

પ્રશ્ન-૩ : 'આપને વારાની સેવા પસંદ કરવાની હોય તો આપ કઈ પસંદ કરો ?'

(૧) સાફસફાઈ, (૨) વાસણ, (૩) રસોઈ અને (૪) સંડાસ-બાથરૂમ.

સૌએ પોતપોતાની રીતે કાર્ડ ઊંચા કર્યા, પરંતુ સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજની જે આજ્ઞા થાય એ અમે પસંદ કરીએ.'

પ્રશ્ન-૪ : 'સંત-શિષ્યો પ્રત્યે આપને કેવો ભાવ છે ?'

(૧) પુત્ર, (૨) જીવ, (૩) ભક્ત અને (૪) શિષ્ય.

સ્વામીશ્રીએ ઉત્તર આપતાં કહ્યું : 'બધા મહામુક્તો છે. યોગીજી મહારાજ એ જ કહેતા ને સમજતા.'

પ્રશ્ન-૫ : 'આપના મતે કયો વિચાર શ્રેષ્ઠ છે ?'

(૧) આત્મવિચાર, (૨) સાંખ્ય વિચાર, (૩) પ્રાપ્તિનો વિચાર અને (૪) રાજીપાનો વિચાર.

સ્વામીશ્રીએ પોતાની રુચિનો કળશ ઢોળતાં કહ્યું : 'મહારાજ, સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ અને બધા પરમહંસો, સંતો, મુક્તોનો રાજીપો મળે એ જ.'

પ્રશ્ન-૬ : 'આપની સાથે બનેલો શાસ્ત્રીજી મહારાજનો સ્મૃતિદાયક પ્રસંગ કયો ?'

(૧) સારંગપુરનો પુલ, (૨) વાની દવા, (૩) ચાદર ઓઢાડી અને (૪) દીક્ષા આપી.

સ્વામીશ્રી તરત જ કહે : 'દયાએ કરીને દીક્ષા આપી એ.'

•

૨૪-૪-૨૦૦૭, સારંગપુર

આજે સ્વામીશ્રી સારંગપુરથી વિદાય લઈ રહ્યા હતા. સ્વામીશ્રી નીચે રંગમંડપમાં દર્શને પધાર્યા ત્યારે વિદાયના સંદર્ભમાં 'નીલકંઠ વર્ણી' લાર્જ ફોર્મેટ ફિલ્મનો ડાયલોગ સંતોએ શરૂ કર્યો : 'रूक जाईए स्वामीजी! रूक जाईए।'

'कहाँ ?'

'इधर।'

સ્વામીશ્રી કહે : 'इधर तो महाराज और शास्त्रीजी महाराज अखंड बैठे ही हैं।'

બ્રહ્મચિંતન સ્વામી કહે : 'આપનો પ્રત્યક્ષ લાભ મળે એના જેવું સુખ શું હોય? આપ જશો એની મૂંઝવણ થાય છે.'

સ્વામીશ્રી કહે : 'મૂંઝાવાનું નહીં. ભગવાનનું ભજન કરવું. આપણે ક્યાં જઈએ જ છીએ ?'

બ્રહ્મચિંતન સ્વામી કહે : 'फिर कब मिलोगे ?'

સ્વામીશ્રી બે હાથ પહોળા કરીને કહે : 'ओ हो हो हो... यहाँ तो भगवान बैठे हैं, अखंड बैठे हैं, मिलते ही रहेंगे।'

સ્વામીશ્રીએ જ્ઞાન દ્વારા સમજણ કરાવી.

•

આજની વિદાયને ધ્યાનમાં રાખીને વિનંતી કરતાં પરમપ્રેમ સ્વામી કહે : 'ભેગા રહેજો.'

સ્વામીશ્રી કહે : 'તમે ભેગા રહેજો.'

પરમપ્રેમ સ્વામી કહે : 'બાપા ! આપ અખંડ ભેગા રહેજો.'

સ્વામીશ્રી કહે : 'તમે બધા ભેગા રહો તો અમે ભેગા જ છીએ.'

•

જનમંગલ સ્વામી કહે : 'સત્પુરુષ ધીરજવાળા બહુ.'

સ્વામીશ્રી કહે : 'મોટાપુરુષ આગળ દેર છે, પણ અંધેર નથી. કામ થાય, પણ ભલે મોડું થાય, પણ સોલિડ થાય. *ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર*. ભગવાન ધીરજપૂર્વક, વિચારપૂર્વક કામ કરતા હોય છે. એમનું પેટ મોટું, એમનું મન મોટું, એ બધું જ જુએ છે ને ?'

જનમંગલ સ્વામી કહે : 'આપની વાત સાચી, પણ શાસ્ત્રમાં કહ્યું છે કે 'જે દ્રોહ કરે એનું પુણ્ય તો તરત જ પરવારી જાય;' પણ અત્યારે એવું દેખાય છે કે એવા તો કડેધડે ફરતા હોય છે !'

સ્વામીશ્રી કહે : 'ફરે છે, પણ હૈયામાં હોળી લઈને ફરે છે. એ શું કામનું ?'

છેલ્લે વળી સ્વામીશ્રી કહે : 'શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પરમહંસો અને સંતોએ ખૂબ ધીરજ રાખી છે. એ જ રીતે આપણે પણ ધીરજ રાખવાની છે. જોગીબાપા કોઈપણ પ્રસંગમાં કહેતા કે 'માળા ફેરવો,' એમ આપણે પણ માળા ફેરવવાની છે. આપણો ધંધો એ છે.'

•

૨૫-૪-૨૦૦૭, બોચાસણ

નારાયણમુનિ સ્વામીને આવેલા જોઈને સ્વામીશ્રી કહે : 'સારંગપુરથી આવી ગયા ?'

નારાયણમુનિ સ્વામી : 'આપ વિદાય થયા એનું સૌને દુઃખ છે.'

તરત જ સ્વામીશ્રી : 'એ બધું તો અજ્ઞાનીને કહેવાનું હોય ! જ્ઞાનવાળાને કંઈ છેટા ઓછા છે ? જ્ઞાનીને તો અખંડ ભેગા જ છે. જ્ઞાન થાય તો સુખ, બાકી દુઃખી જ રહે કે 'અહીં રહેવાનું થયું ને ત્યાં રહેવાનું થયું !' સત્પુરુષ તો બધે જ છે ને !'

નારાયણમુનિ સ્વામી : 'એ જ્ઞાન કઈ રીતે થાય ?'

સ્વામીશ્રી : 'હવે તો મોટા થઈ ગયા. તમે જેમ બીજાને સમજાવો છો એમ સમજવાનું છે.'

થોડી વાર મૌન રહ્યા પછી સ્વામીશ્રી કહે : 'નાનામાં નાના રહે તો મોટા થાય. જેની શતાબ્દી ઊજવાય છે એણે પણ દુઃખ વેઠ્યું છે એટલે ઊજવાય છે. તે દહાડે ગામમાં કોઈ કાંઈ આપે નહીં, તિરસ્કાર થાય, અપમાન થાય. શ્રીજીમહારાજને પણ લોકો કહેતા કે 'બાબરો ભૂત સાધ્યો છે.' એટલે આવી સારી વાત કોઈને ગમતી નથી.'

•

૨૭-૪-૨૦૦૭, બોચાસણ

મંદિરની શતાબ્દી નિમિત્તે આજે અહીં 'અનંત કળશ મહાભિષેક'નો વિધિ રાખવામાં આવ્યો હતો. સવારથી વિધિ ચાલુ થઈ ચૂક્યો હતો. વ્યવસ્થા પ્રમાણે વિધિમાં સામેલ યજમાનોને બેસાડવામાં આવ્યા હતા. કેટલાકને મંદિરના ઘુમ્મટ નીચે તો કેટલાક સભામંડપમાં બેઠા હતા.

સ્વામીશ્રી જ્યારે વિધિમાં જવા નીકળ્યા ત્યારે ત્યાં ઊભેલા ભગવત્ચરણ સ્વામીને જોઈને કહે : 'આણંદવાળા જશભાઈ ઠેઠ સભામંડપના ખૂણે બેઠા છે, એમને આગળ મુખ્ય યજમાનોમાં લઈ લેજો. એમના પિતાશ્રીની ટાણાંની ખૂબ સેવા છે.'

હજારો યજમાનોની વચ્ચે કોણ ક્યાં બેઠું છે, એ દૃષ્ટિમાત્રે જોઈને સ્વામીશ્રી દરેકનું ધ્યાન રાખી રહ્યા હતા.

•

જ્ઞાનવત્સલ સ્વામી કહે : 'આજે સભામાં આશીર્વાદ દરમ્યાન આપ 'અનંત કળશ મહાઅભિષેક' બોલવામાં

ખચકાતા હતા. આપને નામ બોલવામાં બહુ લાંબું પડતું હતું ?'

સ્વામીશ્રી નિખાલસતાથી કહે : 'આપણે તો ના આવડતું હોય તો નિર્દોષભાવે કહી દેવું જોઈએ કે 'નથી આવડતું.' એટલે સાચું બોલીએ કે ખોટું બોલીએ એમાં વાંધો ન આવે.'

આટલું કહીને કહે : 'જે થયું હોય એ. કાલવાલા પ્રભુને વહાલા. આપણે તો મહારાજને રાજી કરવાના છે.'

•

૩૦-૪-૨૦૦૭, બોચાસણ

સાંજે ભ્રમણ કર્યા પછી આસન કરીને સ્વામીશ્રી પલંગ ઉપર વિરાજમાન થયા, સામે સંતો બેઠા હતા. ભગવત્ચરણ સ્વામી, જનમંગલ સ્વામી, સર્વમંગલ સ્વામી વગેરે સંતો સામે બેસીને દર્શન કરી રહ્યા હતા. વાતમાંથી વાત નીકળતાં ભગવત્ચરણ સ્વામી કહે : 'મને કાયમ એમ જ લાગે છે કે તમે આ લોકમાં કાયમ રહેવાના જ છો.'

આ સાંભળતાં સ્વામીશ્રી સામે બેઠેલા જનમંગલ સ્વામીને કહે : 'તમે વૃદ્ધ થવાના છો કે નહીં ?'

જનમંગલ સ્વામી : 'આ શરીર છે, એટલે વૃદ્ધ તો થશે જ. આત્મા ક્યાં વૃદ્ધ થાય એમ છે ? પણ આપની પહેલાં અમને બધાને અક્ષરધામમાં મોકલી દેજો.'

સ્વામીશ્રી : 'આપણે તો ભગવાન રાખે એટલું રહેવાનું. વધારે રાખે એટલી વધારે સેવા થાય. કથાવાર્તા કરતાં કરતાં એમની ઇચ્છા હોય ત્યારે ઊપડી જવાય.'

જનમંગલ સ્વામી : 'આ તો ભગવત્ચરણ સ્વામી કહે છે કે આપ કાયમ રહેવાના છો, એવું લાગ્યા કરે છે.'

સ્વામીશ્રી : 'પણ હવે બધું ફરતું તો જાય છે.' (વૃદ્ધત્વ તો દેખાય છે.)


જનમંગલ સ્વામી : 'હજી વૃદ્ધત્વ જેવું લાગતું નથી.'

સ્વામીશ્રી : 'આપણે તો ભગવાનની ઇચ્છા પ્રમાણે રહેવાનું. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની ઇચ્છા હશે, ત્યાં સુધી રહેવાશે.'

ભગવત્ચરણ સ્વામી : 'આપને બીજું તો ઠીક, પણ અમારા બધા માટે પણ આ લોકમાં રહેવું પડે ને !'

સ્વામીશ્રી : 'આપણી ઇચ્છા કાંઈ કામ લાગતી નથી. શ્રીજીમહારાજની ઇચ્છા હોય, એ પ્રમાણે થાય છે.'

પોતાના જીવનની પ્રત્યેક પળને શ્રીજીમહારાજના ચરણોમાં સમર્પિત કરીને સ્વામીશ્રી જીવે છે.



|| બ્રહ્મમનનમ્ ||

આપણે સામાને અનુકૂળ થાવ, સામો અનુકૂળ નહીં થાય.


એક અણુમાં કેટલી તાકાત છે ?! આખી દુનિયા ખલાસ કરી શકાય અથવા તો સારું સર્જન પણ કરી શકાય. અણુની એવી શક્તિ છે, પણ એના કરતાં પણ ભગવાનની શક્તિ અનંત ગણી છે. માટે ભગવાનનું બળ રાખીશું તો બધાં જ કાર્ય થશે. એમનો મહિમા સમજીને ભક્તિ, ઉપાસના અને સેવા કરીશું તો અક્ષરધામ પમાશે.

ભગવાન અને ભગવાનના સંતમાં બધાં તીર્થ આવી જાય છે. માટે ભગવાન અને ભગવાનના સંતનો અપાર મહિમા જીવમાં સમજાય તો ફળ મળે.


ભગવાન સબરસ છે. એની અંદર બધા જ રસો રહેલા છે.

કેટલાક ડાહ્યા હોય એ ભગવાનની પરીક્ષા લેવા જાય, શાસ્ત્રોની વાત ખોટી કરવા જાય, મંદિરોની વાત ખોટી કરવા જાય, પણ એ કશું જ ખોટું થવાનું નથી. અને પોતે જ ખોટા ઠરે છે.

પ્રસંગમ્



મે ૨૦૦૯



'બોચાસણમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ બેઠા એને ૧૦૦ વર્ષ પૂરાં થાય છે.
પરદેશમાં શતાબ્દી સારી રીતે ઊજવાય ને બધાને એ સંદેશો મળે તે માટે આ યાત્રા છે
અને યાત્રાની શરૂઆત આફ્રિકા દેશથી કરીએ છીએ.
આવા ઉત્સવ આપણી જિંદગીમાં બહુ ઓછા હોય છે. વીજળીના ઝબકારામાં મોતી પરોવી લેવું.
શતાબ્દીનો ઉદ્‌ઘોષ અહીંથી સારો ચાલુ થયો છે તો આગળ પણ સારો ઉદ્‌ઘોષ થશે.
એ બધો યશ આફ્રિકાના ભક્તોને મળે એ પ્રાર્થના.'

– પ્રમુખસ્વામી મહારાજ

૨-૫-૨૦૦૭, અમદાવાદ

પ્રસિદ્ધ ઉદ્યોગપતિ કરસનભાઈ નીરમાવાળાની ઘણા વખતથી ઇચ્છા હતી કે 'સ્વામીશ્રી મારા ઘરે પધારે.' તેઓના ભાવને વશ થઈને સરખેજ હાઇવે ઉપર આવેલા 'નીમા' બંગલામાં સ્વામીશ્રી પધાર્યા. સ્વામીશ્રી પધાર્યા એટલે પોર્ચ આગળ પધારીને કરસનભાઈએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. નરહરિ અમીન પણ તેઓની સાથે હતા. સ્વામીશ્રી તેઓના દીવાનખંડમાં વિરાજ્યા. તેઓએ હારતોરા કરીને ઠાકોરજી અને સ્વામીશ્રીનું પૂજન કર્યું. બાજુમાં પધરાવેલા હરિકૃષ્ણ મહારાજની મૂર્તિના મહિમાની વાતો કરી. બ્રહ્મવિહારી સ્વામી કહે : 'કરસનભાઈ હમણાં વાત કરતા હતા કે કેવળ કથા અથવા તો જ્ઞાન નહીં, પરંતુ સાધુતા એ તત્ત્વજ્ઞાનથી પણ પર છે, એનાથી જ પ્રભાવ પડે છે.'

સ્વામીશ્રી તરત જ કહે : 'ભગવાન સ્વામિનારાયણે સાધુતા ઉપર જ ભાર મૂક્યો છે. સાધુતા એટલે નમ્રતા અને વિવેક. સંતોને ગામડે મૂક્યા ત્યારે પણ ભગવાને કહ્યું કે 'કોઈ મારે, તાડન કરે અથવા ગાળ આપે તો પણ એનો સામે પ્રતિકાર કરવો નહીં, ને એનું સારું થાય એવો વિચાર કરવો.'

આટલું કહીને સ્વામીશ્રીએ જૂના સાવર ગામમાં ગુણાતીતાનંદ સ્વામીને સોટીએ સોટીએ માર્યા હતા, એ પ્રસંગ વિસ્તારથી કહ્યા પછી સ્વામીશ્રી કહે : 'એ રીતે પરમહંસો ગામડે ગામડે ગયા. જે સગવડ હોય એ રીતે ચલાવીને સત્સંગ કરાવ્યો. એટલે આ સંપ્રદાયમાં સાધુતા મુખ્ય વસ્તુ છે. નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્નેહ, નિઃસ્વાદ – આ પાંચ વર્તમાન દૃઢ હોય તો ઉપદેશ આપવાની પણ જરૂર ન પડે. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ એવા સંત હતા. યોગીજી મહારાજને તો એક જ વાત – 'ભગવાન સૌનું ભલું કરો.' એવો સિદ્ધાંત. આપણે આપણું કામ કરે રાખવું. કોઈનો લીટો ભૂંસવો નહીં. એટલે કે કોઈનું અપમાન, તિરસ્કાર નહીં અને સર્વ પ્રત્યે આદર. યોગીજી મહારાજ પાસે તમે આવો તો પ્રેમ, પ્રેમ અને પ્રેમનો જ અનુભવ થાય. કોઈપણ નાત, જાત કે દેશનો હોય પણ એમને ભેદ જ નહીં. ભગવાન સ્વામિનારાયણે પણ કહ્યું છે કે 'જે ધર્મ પાળતો હોય કે જે કોઈ ધર્મ હોય એને આદર આપવો, અનાદર તો કરવો જ નહીં.' બધાને પ્રેમ કરવો. એટલે સાધુતા અને ચારિત્ર્ય છે એ જ મુખ્ય છે.'

સ્વામીશ્રીએ તેઓને ખૂબ વાતો કરીને પ્રેરણા આપી. લગભગ અડધો કલાક જેટલું સ્વામીશ્રી અહીં વિરાજ્યા અને ત્યાર બાદ વિદાય લીધી.

•

૬-૫-૨૦૦૭, ગાંધીનગર

સ્વામીશ્રી દ્વારા પ્રેરિત વ્યસનમુક્તિ અભિયાન ચાલી રહ્યું હતું. બી.એ.પી.એસ.ના ૨૧,૦૦૦ બાળકો ઠેર ઠેર ફરીને વ્યસનમુક્તિનો સ્વામીશ્રીનો સંદેશ આપતા હતા અને લાખો લોકોને વ્યસનો છોડાવતા હતા. આજે, જિજ્ઞાસુ નામનો એક બાળક ક્યાંકથી આવી ગયો. સ્વામીશ્રીની નજીક આવીને કહે : 'બાપા ! અમે વ્યસન મુકાવવા જઈએ છીએ, પણ એક માણસે અમને ગુસ્સે થઈને ના પાડી દીધી.'

સ્વામીશ્રીએ એની વાત રસપૂર્વક સાંભળી. પાંચેક વર્ષના આ બાળકને નજીક લીધો અને પોતે પણ થોડાક નજીક થયા અને પ્રેમથી એના માથે હાથ મૂકીને પૂછ્યું : 'પછી શું થયું ?'

'અમે એને વ્યસન મૂકવા કહ્યું, તો એણે અમારી ઉપર હાથ ઉગામ્યો.'

'પછી ?'

'અમે એમ કહ્યું કે 'તમારા બાળક ઉપર કોઈ હાથ ઉગામે તો તમને ગમશે ?' તો એણે હા પાડી. અમે તો વ્યસન મૂકવા માટેની વાત કરવા જ લાગ્યા, પણ એમણે સાંભળી જ નહીં. છેલ્લે થોડું સાંભળ્યું પણ વ્યસન તો મૂક્યું જ નહીં.'

સ્વામીશ્રી પ્રેમથી કહે : 'તમારા શબ્દો પડ્યા છે તો ક્યારેક ઊગશે. આપણે શ્રદ્ધા મૂકવી નહીં.' એમ કહીને રાજીપાથી, વહાલથી એના માથે હાથ ફેરવીને આશીર્વાદ આપ્યા.

બાળક બાળપણથી જ સમાજના સંઘર્ષો અને પ્રશ્નોમાં ધીરજ રાખીને, માર્ગ કાઢતા શીખે અને સંસ્કારની સુવાસ ફેલાવતા શીખે એ આર્ષદૃષ્ટિ સ્વામીશ્રીની છે.

•

બ્રહ્મપ્રકાશ સ્વામીએ શતાબ્દી નિમિત્તે 'બી.એ.પી.એસ. એક પરિવાર'નો સંવાદ લખી રહ્યા હતા. તેઓએ સ્વામીશ્રીને પૂછ્યું કે 'બી.એ.પી.એસ. એક પરિવારની ભાવના દૃઢ કેવી રીતે થાય ?'

સ્વામીશ્રી તરત જ કહે : 'ભગવાનની આજ્ઞા પળે; ઉપાસના દૃઢ થાય; સંપ, સુહૃદભાવ રહે; અને આજ્ઞા-ઉપાસના સદ્ભાવ અને પક્ષ દૃઢ થાય તો પરિવારની ભાવના દૃઢ થાય. આ દૃઢ થાય તો બીજું જોવાનું જ ન રહે. પરિવારની ભાવના દૃઢ થાય. યોગીજી મહારાજ જેને સંપ, સુહૃદભાવ ને એકતા કહેતા. શાસ્ત્રીજી મહારાજ જેને આજ્ઞા, ઉપાસના, સદ્ભાવ ને પક્ષ કહેતા. એની જ વાતો કરતા. આ હોય તો દરેકનો મહિમા સમજાય.' સ્વામીશ્રીએ અદ્ભુત પાયાની જણાવી દીધી.

•

૭-૫-૨૦૦૭, ગાંધીનગર

સ્વામીશ્રી ભોજનકક્ષમાં બેઠા હતા અને સામે સંતો-હરિભક્તો દર્શન કરી રહ્યા હતા.

પાછળ ખૂણામાં હર્ષદભાઈ ચાવડા બેઠા હતા. અને તેઓ પણ થોડી વાર પછી વાતના દોરમાં સામેલ થયા. ૧૯૭૪માં સ્વામીશ્રીને નૈરોબીથી પાછા વળવું પડ્યું હતું, એ વાતના સાક્ષી તરીકે તેઓ કહે : 'બાપા ! એ વખતે પણ હું વનેચંદની જેમ તમારી સાથે હતો ને ત્યાંથી પાછા આવવાનો ઑર્ડર આવ્યો ને મને તો ઊંઘ હરામ થઈ ગઈ. મેં આપને વિનંતી કરી કે 'બાપા ! અન્યથાકર્તું શક્તિ વાપરો.' એ વખતે આપ તો માળા જ ફેરવી રહ્યા હતા. વળી, પ્લેન તો ઊપડ્યું, પણ પાછા વળતી વખતે એડીસ-અબાબા ઊતર્યું. ત્યાં પણ મેં વિનંતી કરી કે 'બાપા ! હજી પણ પાછું જવાય એવો કંઈક ચમત્કાર કરો,' પરંતુ આપ તો નિર્લેપ અને સ્વસ્થ હતા. આપે એ વખતે પ્રથમનું ૭૪મું વચનામૃત વંચાવીને નિરૂપણ કર્યું હતું એ મેં સાંભળ્યું હતું ને એ વખતે આપનો જે આનંદ હતો એ પણ મેં જોયો હતો. મને તો લેવા-દેવા વગર એમ થતું કે દેશમાં જઈને મોઢું શું દેખાડીશું ?'

તેઓ આ વાત કરી રહ્યા હતા એ વાતને જ પકડીને સ્વામીશ્રી કહે : 'આપણે પાછા આવ્યા ત્યારે બધાએ મોઢું દીઠું હતું કે નહોતું દીઠું ?'

સૌ ખડખડાટ હસી પડ્યા.

•

૭-૫-૨૦૦૭, નૈરોબી

બી.એ.પી.એસ. સંસ્થા શતાબ્દી નિમિત્તે આજથી વિદેશ ધર્મયાત્રાનો પ્રારંભ થઈ રહ્યો હતો. આફ્રિકાથી આ ધર્મયાત્રા શરૂ થઈ હતી. આજે ખાસ વિમાન લઈને નાઈરોબીના યજ્ઞેશભાઈ દેવાણી અને દારેસલામના સુભાષભાઈ સ્વામીશ્રીને લેવા આવ્યા હતા. ચાર્ટર્ડ વિમાનમાં પહેલી જ વાર આંતરરાષ્ટ્રીય મુસાફરી થઈ રહી હતી. બહુ જ સમજાવટ પછી આ રીતે ચાર્ટર્ડ વિમાનમાં મુસાફરી કરવા માટે સ્વામીશ્રી સંમત થયા હતા.

•

અમદાવાદ હવાઈમથકેથી નૈરોબી ઊતર્યા. સૌએ ખૂબ ભક્તિભાવથી સ્વાગત કર્યું. સ્વામીશ્રી મંદિરે પધાર્યા. ઠાકોરજીનાં દર્શન કર્યાં. સૌ પર ખૂબ આશીર્વાદ વરસાવ્યા. સાત કલાકની મુસાફરીનો થાક હતો. બપોરે સ્વામીશ્રી આરામમાં પધાર્યા. સાંજે જાગ્યા પછી સ્વામીશ્રીએ નિરાંતે પત્રવાચન કર્યું. ૮:૧૫ વાગે ઠાકોરજી જમાડવા વિરાજ્યા. સામે હરિભક્તો બેઠા હતા. ભક્તવત્સલ સ્વામી કહે : 'ઊંઘ આવી ?'

સ્વામીશ્રી કહે : 'બે કલાક સારી ઊંઘ આવી. અને ત્યાર પછી જરા નોકરી પણ કરી લીધી. ભગવાનની નોકરી તો કરવી પડે ને ?'

સ્વામીશ્રી પત્રવાંચન-લેખનની સેવાના સંદર્ભમાં આ 'નોકરી' શબ્દનો પ્રયોગ કરતા હતા. સ્વામીશ્રી હંમેશાં પોતાને ઠાકોરજીના ચાકર સમજે છે – એમનો એ દાસત્વભાવ સૌનાં હૈયે સ્પર્શી ગયો.

•

૯-૫-૨૦૦૭, નૈરોબી

સ્વામીશ્રી આરામ કરવા માટે પલંગ ઉપર વિરાજમાન થયા. સ્વામીશ્રીએ સામે દૃષ્ટિ કરી. અમેરિકાથી સાધુ થવા સ્વામીશ્રી સાથે વિચરણમાં જોડાયેલ સાધકો ઊભા હતા. દીપક, કૌશલ, રોશન, ભાવેશ, યોગેશ તથા શાલિનને જોઈને સ્વામીશ્રીએ તરત જ પૂછ્યું : 'આખો દિવસ શું કરો છો ?'

દીપક કહે : 'સવારે સેવા હોય, સેવા પત્યા પછી સવારની બે કલાકની સભામાં જઈએ છીએ. ત્યાર પછી વળી સેવા હોય. બપોરે જમીને આરામ કરીને સાંજની સેવા અને કથા કરીએ.' આ રીતે તેઓએ પોતાનો સૌનો ક્રમ જણાવ્યો.

સ્વામીશ્રી તરત જ કહે : 'બરાબર છે. સેવા કરતા રહેવું અને નવરા પડો એટલે કોઈપણ સંતને પકડીને કહેવું કે 'વાત કરો.' કથાવાર્તા, કીર્તન, ભજન, સેવા આ ચાલુ જ રાખવું. નવરા બેસી જ ન રહેવું.'

સાથે ફરી રહેલા સાધકોમાં પણ સંપ્રદાયની રીતિ-નીતિ અને પ્રણાલી તથા સાધનામાર્ગ દૃઢ થાય એ માટે સતત જાણપણું સ્વામીશ્રી આપતા રહે છે. સાધકોનું આ હરતું-ફરતું તાલીમકેન્દ્ર બની રહે છે.

•

સ્વામીશ્રી લિફ્ટમાં હતા, માથે ટોપી ઓઢી હતી. લિફ્ટમાં સાથે આવેલા યજ્ઞેશ દેવાણીએ સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! બહુ રૂપાળા લાગો છો !'

સ્વામીશ્રી બે ઘડી એની સામે જોઈ રહ્યા. મંદ મંદ હસવા લાગ્યા અને કહે : 'રૂપાળા તો એક ભગવાન છે, આપણે તો એમના સેવક છીએ.'

•

આજે સ્વામીશ્રીનાં દર્શને એક શ્યામ-નેટિવ સત્સંગીબંધુ આવ્યો હતો. કિસુમુથી આવેલા આ શ્યામબંધુનું નામ એલેક્સ હતું. એલેક્સે સત્સંગનો યોગ થતાં બધાં જ વ્યસનો છોડી દીધાં હતાં. સાવ સામાન્ય સ્થિતિનો આ એલેક્સ રોજનું કમાઈને રોજનું ખાય છે, છતાં આ પ્રકારની ચિંતા મૂકીને બે દિવસ સ્વામીશ્રીનો લાભ લેવા માટે આવ્યો હતો. એને એક સારી નોકરી મળતી હતી, જેમાં પગાર પણ વધારે હતો અને નોકરી પણ કાયમી હતી; પરંતુ એનું કાર્ય હતું માંસ કાપવાનું.

એલેક્સે વિચાર કર્યો કે 'હું તો પ્રમુખસ્વામી મહારાજનો સત્સંગી થયો, મારાથી આવું કાર્ય ન થાય.' એટલે આવી નોકરી ઠુકરાવી દીધી અને મજૂરી જ ચાલુ રાખી. સત્સંગી થયા પછી એલેક્સે પોતાની અટક બદલાવીને 'સ્વામી' કરી નાખી. લોકો એને 'એલેક્સ સ્વામી' તરીકે જ ઓળખે છે. સ્વામીશ્રીએ આ મુમુક્ષુને રાજીપાના આશીર્વાદ આપ્યા.

•

૧૦-૫-૨૦૦૭, નૈરોબી

સંસ્થાના બાળમંડળમાં આવતા એક મુમુક્ષુને યુવાનીનો યોગ થતાં જ એની મતિ ફરી ગઈ અને વ્યસન વળગી ગયાં. સ્વામીશ્રી સમક્ષ એના પિતાશ્રીએ જ્યારે દુઃખી હૃદયે આ વાત કરી ત્યારે એની સામે જ ઊભેલા પુત્રની સામે જોતાં સ્વામીશ્રીએ તેની પ્રેમપૂર્વક પૂછપરછ કરી.

પેલા યુવકે કહ્યું : 'બાપા ! મારા એકે કાર્યમાં ભલીવાર આવતો નથી.'

સ્વામીશ્રી કહે : 'બધો ભલીવાર આવશે, જો ભગવાનને રાખીશ તો ! ભગવાનને રાખે તો બધું થાય. તું તો ભગવાનને ભૂલીને વ્યસનને વળગ્યો, પછી ભગવાન ક્યાંથી મદદ કરે ? માટે આજથી વ્યસન મૂક તો બધું જ સૂઝશે અને કામ સારું થશે.'

•

૧૩-૫-૨૦૦૭, નૈરોબી

'બૅન્ક ઑફ બરોડા'ના કેન્યા ખાતેની શાખાઓના તમામ બ્રાન્ચ મૅનેજરો આજે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. મોટા ભાગના દિલ્હી અક્ષરધામથી ખૂબ પરિચિત હતા. એનાં તેઓએ ખૂબ વખાણ કર્યાં. તેમાંના કેટલાક મુમુક્ષુઓએ સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યા.

કિસુમુ બ્રાન્ચના મૅનેજર કાબરા સાહેબે પૂછ્યું : 'આપનામાં એવી કઈ શક્તિ છે કે આપના મુખમાંથી એક શબ્દ નીકળે ને બધા કુરબાન થઈ જાય છે ?'

સ્વામીશ્રી તરત જ કહે : 'કામ કરવાવાળા ભગવાન છે. એમની કૃપાથી જ બધું થાય છે અને

ગુરુની કૃપાથી બધું થાય છે. જે કંઈ કરીએ છીએ એમાં કરવાવાળા ભગવાન જ છે. એમની પ્રેરણા વગર કશું જ થઈ શકતું નથી. એ જ એનું રહસ્ય છે.'

કાબરા સાહેબ કહે : 'જિંદગીમાં હવે આપ બીજું કયું વિશિષ્ટ કાર્ય કરવા માગો છો ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાન જે પ્રેરણા કરે એ કાર્ય અમે કરીએ છીએ, કારણ કે એમનાથી જ કાર્યો થાય છે. જે કંઈ કાર્ય થાય છે એમાં ભગવાનનું જ આયોજન હોય છે.'

•

૧૪-૫-૨૦૦૭, નૈરોબી

આપણા એક સત્સંગી જીતુભાઈની ઑફિસમાં ચંદ્રેશભાઈ નામના એક યુવક નોકરી કરે છે. જીતુભાઈ તેઓને કાયમ કહે : 'સત્સંગમાં આવો.' ત્યારે ઉડાઉ જવાબ આપતાં તેઓ કહે : 'ત્યાં આવવાનાં મારાં કર્મ નથી.'

આજે સ્વામીશ્રીનાં દર્શન કરવા માટે એ અહીં આવ્યા હતા. સ્વામીશ્રીને જ્યારે આ વાત કરી ત્યારે સ્વામીશ્રી તેઓને કહે : 'નોકરી કરવા જાઓ છો કે ખાવા-પીવા જાઓ છો કે ઊંઘવા જાઓ છો ત્યારે એમ થાય છે કે મારાં એવાં કર્મ નથી ? જ્યારે આ તો જીવ માટે કરવાનું છે. સત્સંગ કરવામાં કોઈ કર્મ આડું આવતું નથી, ઊલટાનું ખરાબ કર્મ હોય એ સત્સંગથી દૂર થાય છે. માટે સત્સંગમાં આવજો.' આમ કહીને તેઓને ભગવાનના આશ્રિત કર્યા.

•

રૂમમાં પધારીને સ્વામીશ્રી એક યુવકને મળ્યા. તેઓના દાદા અત્યંત નિષ્ઠાવાન સત્સંગી હતા, પરંતુ આ યુવકના પિતાશ્રીના ધામમાં ગયા પછી કુટુંબ વિચ્છિન્ન થઈ ગયું અને સત્સંગમાં આવવા-જવાનું પણ ઓછું થઈ ગયું હતું. સ્વામીશ્રીએ એને યાદ કરીને બોલાવ્યો હતો અને આજે વાત કરતાં કહ્યું કે 'તારા દાદાનો સત્સંગ તો જો ! મંદિર અને સત્સંગ કાયમ જીવમાં રાખવાં. બીજું બધું ઓછુંવત્તું થાય એનો વાંધો નહીં, પણ નિયમિત મંદિરે આવજે અને વ્યસન કરતો નહીં. કોઈ જીવને મારીને ખાવું એ પાપ છે. આપણને કોઈ મારે તો આપણને કેવું લાગે ? માટે વ્યસન પણ કરતો નહીં, અને માંસાહાર હોય તો એ પણ ત્યાગી દેજે.'

એ યુવક કહે : 'બાપા ! આટલી મારી ભૂલ છે જ ને એ હું સુધારી લઈશ.'

'તારાં દાદીને મળવા જાય છે ? એમણે તો ખૂબ સત્સંગ કર્યો છે ને કરાવ્યો છે.'

'હા, મહિને એકાદ વખત જવાનું થાય ખરું.'

સ્વામીશ્રી કહે : 'ન જતો હોય તો હવેથી નિયમ કરજે, દાદીનાં દર્શન કરજે. એમણે જ આ બધો સત્સંગ કરાવ્યો છે અને તું પણ રોજ મળજે. એમણે સત્સંગની ખૂબ સેવા કરી છે.'

•

૧૫-૫-૨૦૦૭, નૈરોબી

સૌને મળીને સ્વામીશ્રી આરામમાં જવા માટે પલંગ ઉપર વિરાજમાન થયા. સામે સંતો-હરિભક્તો દર્શન કરી રહ્યા હતા. એમાં અરવિંદભાઈ ગુરુ પણ હતા. તેઓએ હાથમાં લાકડી પકડી હતી. એક જણ ગમ્મતમાં કહે : 'લાકડી સારી. એક તો ટેકો રહે ને બીજું જરૂર પડે તો કો'કના ઉપર ઉગામી પણ શકાય.'

સ્વામીશ્રી તરત જ કહે : 'ટેકો રહે એટલું બરાબર છે, કોઈના ઉપર લાકડી ઉગામવી શા માટે જોઈએ ?'

ગમ્મતમાં પણ સ્વામીશ્રી મન-કર્મ-વચને હિંસા સાંખી શકતા નથી.

•

૧૫-૫-૨૦૦૭, નૈરોબી

દારેસલામમાં સ્વામીશ્રીના નિવાસ દરમ્યાન સુભાષભાઈના માર્ગદર્શન પ્રમાણે અહીંનાં મંડળોએ મહેમાનોની અદ્‌ભુત સેવા-વ્યવસ્થાનું આયોજન કર્યું હતું. જે આવે એને વગરપૈસે હૉટલમાં ઉતારા; ખાલી પૂજા અને કપડાં લઈને આવ્યો હોય તોય વાંધો ન આવે એવી ઉતારામાં પણ વ્યવસ્થા. માંદો પડે તો હૉસ્પિટલમાં સારવાર મફત અને ચાર સમયના જુદાં જુદાં ભોજન. આવી અદ્‌ભુત વ્યવસ્થાની વાત આજે ઉતારા વિભાગે કરી.

આ મહિમાની વાત સાંભળીને સ્વામીશ્રી કહે : 'ઘરે હોય એના કરતાં પણ સારી સગવડ તમે બધાએ અહીં આપી !'

આમ કહીને તાત્ત્વિક વાત કરતાં કહે : 'છતાં પોતાનું મનાય ખરું ? એમ ઘરમાં આપણે રહીએ તો પણ મહેમાનની જેમ રહેવું. 'આ બધું દેખાય છે પણ

આપણું નથી,' એમ મનાય, તો જીવમાંથી નીકળી જાય.'

•

૧૬-૫-૨૦૦૭, નૈરોબી

નાઇરોબીથી આજે યુગાન્ડામાં કંપાલા જવાનું હતું. સ્વામીશ્રી ઍરપોર્ટ ઉપર પધાર્યા. વિમાનમાં ગોઠવણો થઈ રહી હતી. એ દરમ્યાન સ્વામીશ્રી ગાડીમાં જ બેસી રહ્યા. ગાડીમાં યજ્ઞેશભાઈ દેવાણી અને સ્વામીશ્રી બે જ હતા. થોડીક વાતચીત થઈ. સ્વામીશ્રીએ નાઇરોબીના હરિભક્તોની સ્મૃતિ કરી અને છેલ્લે અચાનક જ યજ્ઞેશભાઈ દેવાણીનો હાથ પકડીને પોતાની આંખે અડાડીને કહ્યું : 'બહુ કૃપા કરી, હરિભક્તોને લાભ સારો અપાવ્યો.'

સ્વામીશ્રીની આ ચેષ્ટા અનપેક્ષિત હતી. યજ્ઞેશ તો ડઘાઈ જ ગયો. જો કે આટલા વાક્યને સમજવા માટે ભૂતકાળને સંભારવો રહ્યો.

મુંબઈમાં જ્યારથી સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય જળવાય તે માટે હૃદયનાં પરીક્ષણો વગેરે ચેકઅપ થયું ત્યાર પછીની ઘટનાઓનો સૌને પરિચય છે. સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને ડૉક્ટરોએ વિચરણ માટે પ્રતિબંધ ફરમાવી દીધો હતો. આ પરિસ્થિતિમાં સ્વામીશ્રીનું આફ્રિકા આવવાનું અત્યંત અનિશ્ચિત થઈ ચૂક્યું હતું. પરંતુ યજ્ઞેશભાઈ દેવાણી અને સુભાષભાઈએ સ્વામીશ્રીની સઘળી જ વ્યવસ્થાઓ સચવાય એવાં સર્વ પ્રકારનાં આયોજન કર્યાં અને સ્વામીશ્રી જ્યાં જ્યાં વિચરણ કરવાના હોય ત્યાંની હૉસ્પિટલોમાં અદ્યતન સાધનો વસાવી આપ્યાં. એટલું જ નહીં, સ્વામીશ્રી માટે ચોવીસ કલાક ઍમ્બ્યુલન્સ પણ હાજર કરવામાં આવી. એમાં ખૂટતાં સાધનો પણ મૂકી દેવામાં આવ્યાં. આ રીતે તમામ પ્રકારની બાંહેધરી સાથે તેઓએ સ્વામીશ્રીને પૂર્વ આફ્રિકામાં પધરાવવા માટે ભક્તિભાવપૂર્વક ખૂબ તૈયારીઓ કરી. જો કે ડૉ. કિરણ દોશી અને અન્ય નિષ્ણાત ડૉક્ટરોની સલાહ તો પૂર્વ આફ્રિકા ન જવાની હતી, કારણ કે તેઓની સામે સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય હતું; પરંતુ છેલ્લે સ્વામીશ્રીએ અન્યથાકર્તુમ્ શક્તિ વાપરી અને કહ્યું : 'મહારાજ-સ્વામી તબિયત સારી રાખશે, માટે કાંઈ વાંધો નહીં આવે.' સ્વામીશ્રીના આ વાક્ય ઉપર જ લીલી ઝંડી મળી ગઈ અને એ રીતે સ્વામીશ્રીના અંતરમાં અહીંના હરિભક્તોના ભાવ પૂરા કરવાની જે તમન્ના હતી એ સાકાર થઈ.

આટલો સંદર્ભ તપાસ્યા પછી જ યજ્ઞેશભાઈને કહેલું વાક્ય સાંભળીએ ત્યારે ખબર પડે કે સ્વામીશ્રીની ઉંમર અને સ્વાસ્થ્યની પ્રતિકૂળતાઓ હોવા છતાં, સામા પૂરે ચાલીને, હરિભક્તોને રાજી કરવાની સ્વામીશ્રીની જે અંતરની ભાવના છે એ કેટલી પ્રબળ હશે ! અને એટલે જ તેઓએ યજ્ઞેશભાઈને કહ્યું કે 'બહુ કૃપા કરી. હરિભક્તોને સારો લાભ અપાવ્યો.' આ વાક્યમાં આ ઉંમરે પણ હરિભક્તો માટે ઘસાવાની સ્વામીશ્રીની પ્રબળ વૃત્તિનો જ સંકેત સાંપડે છે.

•

૧૬-૫-૨૦૦૭, કમ્પાલા

કંપાલા ઍરપોર્ટ પર સ્વામીશ્રી પધાર્યા. અગ્રણી હરિભક્તોએ સ્વાગત કર્યું. ત્યાર પછી અહીંના મંત્રી પ્રદીપભાઈ કારિયાની ગાડીમાં સ્વામીશ્રી વિરાજ્યા.

ઍસ્કોર્ટ સાથે સ્વામીશ્રી પ્રદીપભાઈ કારિયાના જૂના અને જાણીતા ઘરે જવા માટે નીકળ્યા. યુગાન્ડાની રાજધાની હોવાને નાતે ટ્રાફિક ઘણો હતો, પરંતુ ઍસ્કોર્ટ હોવાથી ટ્રાફિક નડે એમ હતો નહીં. સ્વામીશ્રી પ્રદીપભાઈ કારિયાના બુગોલોબી વિસ્તારમાં પ્રવેશ્યા. ગાડીએ વળાંક લીધો ને તરત જ સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'ગયા વખત કરતાં (૨૦૦૪ની સાલ કરતાં) આ વખતે જુદો રસ્તો લીધો, કેમ ?!'

પ્રદીપભાઈ બોલી ઊઠ્યા : 'બાપા ! આપની વાત સાચી છે. ગયા વખતે જે રસ્તે જતા હતા એ રસ્તે ખાડા બહુ છે, એટલે આ વખતે જુદો રસ્તો લીધો.'

સ્વામીશ્રીની માર્ગને ઓળખવાની આ સ્મૃતિથી તેઓ ચકિત થઈ ઊઠ્યા.

•

૧૭-૫-૨૦૦૭, કમ્પાલા

એક મુમુક્ષુએ આવીને સ્વામીશ્રીને પૂછ્યું : 'ધર્મ પહેલો કે કર્મ ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાનનું ભજન પહેલું. ભજન કરીશ તો બધું સૂઝશે.'

•

અહીંના અગ્રણી હરિભક્ત હરીશભાઈ ભૂપતાણીને સ્વામીશ્રી મળ્યા. તેઓ મુમુક્ષુ અને જિજ્ઞાસુ છે. જ્યારે જ્યારે સ્વામીશ્રીને મળે ત્યારે અંગત

મુલાકાતોમાં આધ્યાત્મિક પ્રશ્નોની પૂછપરછ તેઓ કરતા રહે છે. ખાસ કરીને સ્વભાવ-દોષોથી મુક્ત થવાય અને ભગવાન ભજવાનું સુખ આવે – એવી લાગણી તેઓના મનમાં સતત રહ્યા કરે છે. એટલે આજે પણ સ્વામીશ્રીને તેઓએ કહ્યું : 'બાપા ! હું આપને વારંવાર જે વાત કરું છું, એ જ વાત ફરીથી કહું છું કે આપ અમારા અંતરમાં રહેલા દોષો કાઢી નાખો તો ભગવાન ભજવાનું સુખ આવે ને ! સ્વાદ, માન, કામ, ક્રોધ આ બધા દોષો છે. એમાંના કેટલાકમાં લેવાઈ પણ જવાય છે. સામેથી આવતું હોય તો ગમે પણ છે. આવું તો ન જ થવું જોઈએ ને ! આમ તો દિવસમાં ત્રણ વખત દોઢ દોઢ કલાક હું અનુષ્ઠાન કરું છું. ઘણી વખત એમ થાય છે કે આટલું કરીએ છીએ અને છતાં દોષો કેમ જતા નથી ?'

સ્વામીશ્રી કહે : 'ભક્તિ કરીએ એ ખોટી હોતી જ નથી. એનું બળ મળે જ છે. જે આપણા જીવનને ખોટે માર્ગે લઈ જતા હોય, ખોટું કરતા હોય એ બધું ખોટું કહેવાય. ભક્તિ અને સત્સંગ કરો છો એ તો સારું જ કરીએ છીએ.'

હરીશભાઈ કહે : 'તો પછી આટલું કરવા છતાં અંદર રહી કેમ જાય છે આસક્તિ ?'

સ્વામીશ્રી કહે : 'એ તો ઘણાં વરસોનું ભરેલું હોય એટલે જતાં વાર લાગે. જેમ જેમ સત્સંગ અને ભક્તિ કરીએ એમ ભગવાનની કૃપા થાય.'

હરીશભાઈ કહે : 'તો આપ કૃપા કરો ને !'

સ્વામીશ્રી કહે : 'જોગ છે ને તમને અંતર્દષ્ટિનો આવો વિચાર છે તો એ વિચારે કરીને ભગવાનની કૃપા થશે.'

હરીશભાઈ કહે : 'આપને જેમ ભગવાન સાથે અખંડ અનુસંધાન છે અને અખંડ સ્મરણ છે, એવું અખંડ સ્મરણ અમને કાયમ રહે તો કેવો આનંદ આવે ! આપની જેમ અમને પણ બનાવો ને !'

સ્વામીશ્રી કહે : 'તમારી શ્રદ્ધા અને વિશ્વાસ છે તો થઈ જશે. ઘણી વખત થતાં વાર લાગે. કો'ક ઝડપી હોય તો વહેલો પહોંચે ને ધીમો હોય તો વાર લાગે.'

હરીશભાઈ કહે : ' જેમ દીવો પ્રગટે ને અંધકાર નાસી જાય, એમ આ બાબતમાં જલદી ન થાય ?'

સ્વામીશ્રી કહે : 'દીવો પ્રગટે, પણ એ પહેલાં દીવાની વાટ કરવી પડે, રૂ લાવવું પડે, ઘી પણ પૂરવું પડે. એમ પ્રયત્ન તો કરવો પડે ને ?' આટલું કહીને તેઓના માથે હાથ મૂકીને કહે : 'તમને શ્રદ્ધા છે ને મુમુક્ષુતા છે એટલે ભગવાન કૃપા કરશે ચોક્કસ.'

•

સાંજે ભોજનખંડમાં જ ભ્રમણ માટેનું આસન ગોઠવ્યું હતું. સ્વામીશ્રી પધાર્યા. એ જ દરમ્યાન યુગાન્ડા દેશના ગૃહમંત્રી ડૉ. રુગુન્ડા (Rugunda) આવી પહોંચ્યા. સ્વામીશ્રી તેઓને મળ્યા. ગૃહમંત્રી તાજેતરમાં જ દિલ્હી અક્ષરધામ જઈને આવ્યા હતા. એની અનુભૂતિ તેઓના મનમાં રમતી હતી. એટલે આવીને તરત કહે : 'It is wonderful - આ અત્યંત આશ્ચર્યકારક છે અને દુનિયાની અજાયબીઓમાં એનું સ્થાન હોય એમાં કોઈ વાતને શંકા નથી.'

આટલું કહીને તેઓએ સ્વામીશ્રીનું અભિવાદન કરતાં કહ્યું : 'આપ યુગાન્ડામાં પધાર્યા. આપનું અમે સ્વાગત કરીએ છીએ.'

સાથે ઊભેલા પ્રદીપભાઈ, ભીખુભાઈ વગેરેએ સ્વામીશ્રીને ગૃહમંત્રીનો પરિચય આપતાં કહ્યું કે 'યુગાન્ડા દેશના ઉત્તરીય વિભાગોની આજુબાજુ આવેલા દેશોમાં થોડી ઘણી અશાંતિ પ્રવર્તે છે, એટલે યુનો તરફથી શાંતિદૂત તરીકે તેઓની નિમણૂંક થઈ છે. આપ એવા આશીર્વાદ આપો, જેથી શાંતિ સ્થપાય અને યશ મળે.'

સ્વામીશ્રી તેઓને કહે : 'અત્યારે જે કંઈ વાત ચાલે છે, એના માટે અમે પ્રાર્થના કરીશું કે 'સારી રીતે આપનું કાર્ય થઈ જાય અને આપને ખૂબ યશ મળે.' એમ કહી તેઓને એક હાર પહેરાવ્યો ને આશીર્વાદ આપ્યા.

ગૃહમંત્રી કહે : 'અમે શાંતિ ચાહીએ છીએ, અને તમે શાંતિ માટે પ્રયત્ન કરો છો.'

સ્વામીશ્રી કહે : 'જેટલો પ્રયત્ન કરીશું, એટલું કાર્ય થશે.'

ઊભા ઊભા જ આ વાર્તાલાપ ચાલી રહ્યો હતો. સ્વામીશ્રીની સ્ફૂર્તિ જોતાં તેમના મનમાં આશ્ચર્ય તો હતું જ, એમાં વળી કો'કે કહ્યું : 'સ્વામીશ્રી ૮૬ વર્ષના છે.'

આ સાંભળતાં જ તેઓ તરત બોલી ઊઠ્યા : 'He looks very young – તેઓ બહુ યુવાન દેખાય છે.'

સ્વામીશ્રી કહે : 'ભગવાન કામ કરે છે, એને લીધે

જ બધું છે.'

ડૉ. કિરણભાઈ દોશીનો સ્વામીશ્રીએ તેમને પરિચય કરાવ્યો. ગૃહમંત્રી પોતે પણ બાળકોના નિષ્ણાત ડૉક્ટર છે. બંનેએ હાથ મિલાવ્યા, સ્વામીશ્રી વચ્ચે હતા. ફોટોગ્રાફ પાડવાનો હતો, એટલે સ્વામીશ્રીએ બંનેને સાથે રાખ્યા ને પોતે વચ્ચે ઊભા રહીને વાતચીત કરતાં કહ્યું : 'You two doctors and I am *dardi*(દરદી).'

સ્વામીશ્રીની આવી અંગ્રેજી લઢણ સાંભળી સૌ હસી પડ્યા.

ભક્તવત્સલ સ્વામી ગૃહમંત્રીને કહે : 'He is a great doctor, you know ?'

ગૃહમંત્રી કહે : 'Yes, he is a spiritual doctor and he is more important than us.'

•

૧૮-૫-૨૦૦૭, કમ્પાલા

સ્વભાવે રમૂજી અને સાવ નવા થયેલા એક સત્સંગી યુવાને વાતવાતમાં આપણા કાર્યકરને એમ કહ્યું કે 'હું કદાચ બીડી પીશ તો પણ મને અક્ષરધામમાં જવામાં વાંધો નહીં આવે. કારણ કે જેમ કોઈ નજીકનું સગું અમેરિકા પહોંચે ને એના બ્લડ રિલેશનમાં બીજા બધાને અમેરિકા બોલાવે છે, એમ મારાં ધર્મપત્ની ખૂબ ચુસ્ત સત્સંગી છે અને બધા જ નિયમો પાળે છે. તો એના રિલેશનથી હું પણ અક્ષરધામમાં બેસી જઈશ.'

આવી રમૂજી દલીલ સાંભળ્યા પછી પણ સ્વામીશ્રી કહે : 'આવો ને આવો ગુણ તું રાખે પછી વ્યસન ક્યાંથી છૂટે ? માટે નિશ્ચય કર કે મૂકી જ દેવું છે. મૂકતાં વાર શું લાગે ?'

પેલા ગુણભાવી હરિભક્તે કહ્યું : 'આજથી મૂકી દીધું.'

•

અહીંના સ્થાનિક સિક્યોરિટીના મેમ્બર ઇમેન્યુઅલ બેરુસાને આશીર્વાદ આપ્યા. સ્વામીશ્રી અહીં રહે છે એ દરમ્યાન ચોવીસ કલાક આ સલામતી અધિકારી હાજર રહે છે. આજે સ્વામીશ્રી પાસે એ આવ્યા ત્યારે સ્વામીશ્રીને યાદ અપાવતાં કહે : '૨૦૦૪ની સાલમાં આપ પધાર્યા ત્યારે મને એવો આદેશ આપ્યો હતો કે 'દારૂ અને માંસ મૂકી દેવાં.' ત્યારથી આજ સુધી હું એને હજી અડ્યો નથી.'

એક બિન-સત્સંગી શ્યામબંધુના હૈયા પરનો સ્વામીશ્રીનો આ પ્રભાવ સૌને સ્પર્શી ગયો.

•

જમ્યા પછીની મુલાકાતો દરમ્યાન સ્વામીશ્રીની ગાડીના ચાલક ઇન્દ્રવદનભાઈ એક સ્થાનિક શ્યામસુંદર લિવિંગ્સ્ટનને લઈને આવ્યા. આ લિવિંગ્સ્ટન ટેક્સી ડ્રાઇવર છે. સ્વામીશ્રી આગળ તેઓ આવ્યા એટલે સ્વામીશ્રીએ આશીર્વાદ આપીને કહ્યું કે 'દારૂ અને માંસ ખાતો હોય તો આજથી ખાતો નહીં. ભગવાન તને સુખી કરશે.'

પોતાના યોગમાં ક્ષણભર માટે આવે તોય એ શુદ્ધ જીવન જીવીને સુખિયો બને એવી કરુણા સ્વામીશ્રીની છે.

•

૧૯-૫-૨૦૦૭, કમ્પાલા

કંપાલા મંદિરમાં આજે પુનઃ પ્રાણપ્રતિષ્ઠા થઈ. સ્વામીશ્રી સાંજે મંદિરે પધાર્યા. પ્રાણપ્રતિષ્ઠા વિધિ પૂરી કર્યા પછી આરતી ઉતારીને સ્વામીશ્રીએ પ્રદક્ષિણા કરી. એક બાજુ મુકુંદ નામનો એક બાળક ઊભો હતો. ટેબલ ઉપર એણે રમકડાંનું દવાખાનું અને દવાખાનાનો વૉર્ડ બનાવ્યો હતો.

સ્વામીશ્રી એની આગળ ગયા. મુકુંદ ડૉક્ટર બન્યો હતો. સ્વામીશ્રીને કહે : 'આ અમારા દર્દી છે. હું તો આ બધાનો બાહ્ય રોગોનો ડૉક્ટર છું, પણ આપ તો આંતરિક રોગોના ડૉક્ટર છો. કામ, ક્રોધ, લોભ આ બધા દોષો એવા છે કે જે સૌને દુઃખી કરે છે. માટે આપ દયા કરજો ને સૌનાં અંતરમાંથી આ રોગો કાઢજો.'

સ્વામીશ્રી એને કહે : 'તું તો ડૉક્ટર છે, તો લે મારી નાડી જો.'

મુકુંદે સ્ટેથોસ્કોપ ગળામાં લગાડ્યું હતું. કાનમાં ભેરવીને સ્વામીશ્રીની છાતીએ એનો સ્ટેથોસ્કોપ મૂકીને ધબકારા જોયા. આ રીતે સ્વામીશ્રીએ સૌને સ્મૃતિ આપી અને બાળકનો સંકલ્પ પૂરો કર્યો.

•

૨૦-૫-૨૦૦૭, દારેસલામ

અહીંના કિશોરો ખૂબ જ ઉત્સાહી છે. રાત-દિવસ પુરુષાર્થ કરે છે. કોઈપણ પ્રવૃત્તિમાં આ દરેક કિશોર રાત-દિવસ જોયા વિના દોડાદોડી કરે છે. સુભાષભાઈ

પટેલ કહે : 'બધા ખૂબ સમર્પિત છે ને સભામાં પણ આવે છે, પરંતુ નિયમિત રીતે તિલક-ચાંદલો ઘણા કરતા નથી.'

સ્વામીશ્રીએ જોયું તો દરેકના કપાળ ઉપર તિલક-ચાંદલો હતો. એટલે પૂછ્યું : 'અત્યારે તો દેખાય છે !'

કાર્યકર્તા કહે : 'નૃત્યમાં ભાગ લેવાનો હતો એટલે કર્યો છે.'

સ્વામીશ્રી તરત જ કહે : 'દેખાવનો છે ? અમે આવીએ ત્યારે જ કરવાનો એવું ન કરવું, કાયમી કરજો. બધાને આજ્ઞા છે જ. નિશાળમાં પણ કરીને જ જવો.'

થોડી વારના મૌન પછી સ્વામીશ્રી રમૂજમાં કહે : 'લગ્ન થાય ને સાસુ ચાંદલો કરવા આવે ત્યારે ના પાડજો ને !'

આટલું કહ્યા પછી થોડી વાર મૌન રહ્યા ને પછી કહે : 'એ ઘડીએ તો બધા આમ (માથું આગળ કરતા હોય એ રીતે) કરશે. એ વખતે જેમ ઉમંગથી કરીએ છીએ, એમ અહીં પણ ભક્તિભાવનાથી તિલક-ચાંદલો કરવો. બધાને બળ મળશે. સૌને આશીર્વાદ છે.'

•

૨૧-૫-૨૦૦૭, દારેસલામ

ટાન્ઝાનિયાના રાષ્ટ્રપ્રમુખ જકાયા મ્રિશો કિકવેટે (Jakaya Mrisho Kikwete) આજે અહીં સ્વામીશ્રીનાં દર્શને આવવાના હતા. ૧૯૭૭માં 'ફાધર ઑફ નેશન' ગણાતા અહીંના તત્કાલિન રાષ્ટ્રપતિ ન્યરેરે સાહેબ સાથે સ્વામીશ્રીની મુલાકાત તેઓના ગામ બુટિયામામાં યોજાઈ હતી. પરંતુ સમગ્ર દેશનો સર્વોચ્ચ વડો આજે સામે ચાલીને સ્વામીશ્રીને મળવા માટે મંદિરે આવે એવી ઘટના ભારત બહાર પહેલી જ વખત બની રહી હતી.

આ મુલાકાત પાછળની ભૂમિકા આ પ્રમાણે હતી. ટાન્ઝાનિયા સત્સંગ-મંડળના ચૅરમૅન સુભાષભાઈએ જ્યારે અહીંના પ્રેસિડન્ટ કિકવેટેને જણાવ્યું કે 'પ્રમુખ-સ્વામી મહારાજ દારેસલામ પધારે છે.' ત્યારે તેઓ કહે : 'જો પ્રમુખસ્વામી મહારાજ દારેસલામ આવતા હોય તો સ્ટેટ હાઉસમાં તેઓની પધરામણી કરાવો. હું ભવ્યતાથી તેઓનું સ્વાગત કરવા માગું છું.'

સુભાષભાઈએ તેમને સમજાવ્યું કે 'પ્રમુખસ્વામી મહારાજની ઉંમર ૮૬ વર્ષની છે. તેઓ દારેસલામ પધારવાના છે એ જ અગત્યનું છે, એટલે સ્ટેટ હાઉસમાં એમની ઉંમરને લક્ષમાં રાખીને પધરામણી ન કરાવીએ તો સારું.'

રાષ્ટ્રપ્રમુખને સુભાષભાઈની વાત સ્પર્શી ગઈ. અને સ્વામીશ્રીની પ્રતિભાથી આકર્ષાયેલા અને આદર-ભાવ ધરાવતા રાષ્ટ્રપ્રમુખે મંદિરે આવવાનું કબૂલ્યું. સમગ્ર પ્રોટોકૉલ એકબાજુ મૂકી દીધા અને સ્વામીશ્રીના આશીર્વાદ લેવા પ્રેસિડન્ટ સ્વામીશ્રીના ઉતારે આવી પહોંચ્યા. અંગત મુલાકાત હોય એવી સાદગીથી તેઓ આવ્યા હતા. પ્રોટોકૉલ પ્રમાણે તેઓના સેક્રેટરી એ.ડી.સી.થી માંડીને પ્રેસ રિપોર્ટરો પણ આવી પહોંચ્યા હતા. સ્વામીશ્રી ઊભા થયા. પ્રેસિડન્ટ સાહેબને હાર પહેરાવ્યો અને આશીર્વાદ આપ્યા. સ્વામીશ્રી અને તેઓએ આસન ગ્રહણ કર્યું, વચ્ચે હરિકૃષ્ણ મહારાજ શોભતા હતા.

રાષ્ટ્રપ્રમુખ : 'વેલકમ. ટાન્ઝાનિયા દેશમાં આપ પધાર્યા એ બદલ આપનો આભાર. આપનું હું સ્વાગત કરું છું.'

સ્વામીશ્રી : 'અહીંના હરિભક્તોની ખૂબ ઇચ્છા હતી અને સંસ્થાને ૧૦૦ વર્ષ પૂરાં થતાં હતાં એ નિમિત્તે અમારે અહીં આવવાનું થયું છે.'

રાષ્ટ્રપ્રમુખ : 'આપ અહીં પધાર્યા એનો આનંદ થયો. અમારા દેશ માટે ગૌરવની વાત છે. આપ ભગવાનને પ્રાર્થના કરો જેથી સારો વરસાદ થાય, દેશ સુખી બને અને દેશમાં હંમેશાં શાંતિ રહે. ટાન્ઝાનિયાની પ્રજા વતી હું આપનું સ્વાગત કરું છું. સુભાષ મારો ઘણા વખતથી મિત્ર છે અને અહીં સારું કામ કરે છે, હું તેનાથી પ્રભાવિત છું.'

સુભાષભાઈ દુભાષિયા તરીકે બંનેની વચ્ચે હતા. તેઓએ પણ સ્વામીશ્રી પધાર્યા પછી અને પહેલાં બી.એ.પી.એસ.એ કરેલાં સામાજિક કાર્યોની વિસ્તારથી વાતો કરી.

સ્વામીશ્રી કહે : 'આપ અહીં પધાર્યા. ઠાકોરજીનાં દર્શન કર્યાં એટલે આનંદ થયો છે. અમે શતાબ્દીના પ્રસંગે આવ્યા છીએ અને આજે આપની મુલાકાત થાય છે, એટલે વિશેષ આનંદ છે. આપના વિચારો ખૂબ ઉદાર છે અને એને લીધે પ્રજામાં પણ શાંતિ રહેશે, પ્રજા પણ સુખી થશે. સરકાર દેશ માટે સારું કામ કરી

રહી છે અને તમારામાં ધર્મભાવના છે એટલે પ્રજામાં અને વેપાર-ધંધામાં પણ શાંતિ થશે. જેટલું કાર્ય તમારા દ્વારા થાય એમાં તમને યશ મળે, દેશ સુખી થાય. આ દેશમાં ખનીજસંપત્તિ પણ ઘણી છે અને જમીન પણ ઘણી છે. એટલે તમારા દ્વારા દેશ ખૂબ આગળ આવશે. હજી તો તમારી ઉંમર છે. તમારા મંત્રીઓ પણ સારા છે, એટલે ભગવાનને પ્રાર્થના કરીશું કે ભગવાન ખૂબ બળ, શક્તિ ને સારા વિચારો આપે.'

રાષ્ટ્રપ્રમુખ : 'થેંક યુ.'

સ્વામીશ્રી : 'આ દેશમાં દરેકને રોટી, કપડાં અને મકાન મળી રહે એ માટે હું પ્રાર્થના કરું છું.'

રાષ્ટ્રપ્રમુખ : 'મારી એ જ ઇચ્છા છે અને અત્યારે અમારો સંઘર્ષ પણ એ જ છે. આ દેશમાં ગરીબી ખૂબ છે, એટલે આ જ અમારો મોટો પ્રશ્ન છે. એના માટે આપની પ્રાર્થનાની જરૂર છે.'

લગભગ વીસેક મિનિટ સુધી આત્મીય રીતે તેઓ મળ્યા. ત્યાર બાદ સ્વામીશ્રી ઊભા થયા અને પોતાના ગળામાં પહેરેલી માળા કાઢીને તેઓને આપતાં કહે : 'આ માળા છે. એનાથી ભગવાનની 'પ્રેયર' કરજો. જેથી તમારા જીવનમાં શાંતિ થાય અને દેશમાં પણ શાંતિ થાય.'

મુલાકાત પૂરી થઈ. જતાં જતાં તેઓ કહે : 'નમસ્તે.'

આ રીતે ટાન્ઝાનિયા દેશમાં એક નવો ઇતિહાસ રચાયો. સ્વામીશ્રીની દિવ્ય પ્રતિભા, સાધુતા અને સાદગીનો પ્રભાવ રાષ્ટ્રપ્રમુખના હૈયા પર સદાને માટે અંકિત થઈ ગયો.

•

મનિષ નામના યુવકે પ્રાર્થના કરતાં સ્વામીશ્રીને કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજે હકાબાપુને કહ્યું હતું કે 'નારણદા' તમારો હાથ ઝાલશે.' આપે અંતકાળ સુધી એમનો હાથ ઝાલ્યો. એમ અમારો હાથ પણ ઝાલશો ને ? બ્રહ્મરૂપ કરશો ને ? સ્વભાવ ટાળીને અક્ષરધામમાં લઈ જશો ને ?'

સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'તમે ન મૂકી દેતા, એટલું ધ્યાન રાખજો.'

•

પરદેશથી એક મુમુક્ષુનો ફોન હતો. એમને સાધુ થવું હતું, પરંતુ સંજોગોવશાત્ એ સાધુ ન થઈ શક્યા અને પરણ્યા. એમણે તથા તેઓનાં પત્નીએ એવો સંકલ્પ કર્યો હતો કે 'સ્વામીબાપાને માથા સાટે માથું આપવું. જો દીકરો આવે તો મોટો થઈને સ્વામીશ્રીનાં ચરણોમાં ધરી દેવો.' આવો દૃઢ સંકલ્પ એ બંનેનો હતો. પત્નીને સારા દિવસો હતા. હૉસ્પિટલમાં ચૅકિંગ કરાવતાં તેઓને એવી શંકા થઈ કે 'દીકરાની જગ્યાએ દીકરી આવશે.' આ એંધાણથી બંને માનસિક રીતે ભાંગી પડ્યાં, કારણ કે તેઓની ઇચ્છા દીકરો આવે તેને સાધુ કરવાની હતી.

સ્વામીશ્રી સમક્ષ ખુલ્લા મને તેઓએ આ વાત કરી, ત્યારે સ્વામીશ્રીએ અડધેથી જ તેઓની વાત કાપી નાખતાં કહ્યું : 'મહારાજની ઇચ્છાથી દીકરી આવે તો એને પણ દીકરો માનીને વધાવી લેજો. ને તમારો સંકલ્પ હતો કે દીકરો આવે તો સાધુ કરવો, તો એમ માનવું કે 'દીકરો સાધુ થઈ જ ગયો છે.' અને આ દીકરીને દીકરો માનીને સેવા કરજો, ઉછેરજો. જે સંતાન આવે એ તમને સુખ ને શાંતિ આપે એવું થશે.'

•

૨૪-૫-૨૦૦૭, દારેસલામ

જમ્યા પછીની મુલાકાતો દરમ્યાન મેમણ જમાતના ચૅરમૅન રહેમતુલ્લાને સ્વામીશ્રી મળ્યા. તેઓ સ્વામીશ્રીને કહે : '૨૦૦૪માં જ્યારે આપ પધાર્યા એ વખતે મારી દૃષ્ટિ હતી નહીં. હું જોઈ શકતો ન હતો. હું આપની પાસે દુઆ લેવા માટે આવ્યો. આપે આંખે હાથ ફેરવ્યો અને જળ ચોપડવાનું કહ્યું. અને આપની દયા મારા ઉપર થઈ ગઈ. આજે હું બધું જ જોઈ શકું છું, અને આપનાં દર્શન કરવા અને આશીર્વાદ લેવા માટે ખાસ આવ્યો છું.'

•

૨૬-૫-૨૦૦૭, દારેસલામ

લંડનથી લાભ લેવા આવેલા નીરજ તન્નાને બપોરે સ્વામીશ્રીએ પૂછ્યું હતું કે 'તું કોનો છે ?' ત્યારે એણે કહ્યું : 'બાપા ! હું તમારો છું.'

આ વાતનો સંદર્ભ ટાંકતાં અત્યારે વળી એણે કહ્યું : 'બાપા ! બપોરે મેં કહ્યું હતું કે હું તમારો છું; પણ પછી વિચાર કર્યો કે હજી ઇન્દ્રિયો-અંતઃકરણનો પણ છું જ, અને એમાં ઘણી વખત લેવાઈ જાઉં છું. લેવાવાય નહીં એના માટે શું કરું ?'

સ્વામીશ્રી કહે : 'રોજ જે લાભ લીધો હોય એનું મનન કરવું અને 'હું આત્મા છું... આત્મા છું... આત્મા છું...' એ વાતનું પણ મનન કરવું.'

નીરજ કહે : 'હું તો એવી રીતે મનન કરું છું કે પ્રમુખસ્વામી મારો આત્મા છે... પ્રમુખસ્વામી મારો આત્મા છે...'

સ્વામીશ્રી કહે : 'એ બરાબર છે, ઇન્દ્રિયો-અંતઃકરણમાં લેવાઈ જવાય છે, એમાં તું આત્મારૂપ માનીશ તો જ ધીરે ધીરે એ દૂર થશે.'

•

૨૭-૫-૨૦૦૭, મોમ્બાસા

આજે એકાદશી હતી. હર્ષદભાઈ રાણા કહે : 'સંતો બહુ તપ કરે છે. દસ-દસ કિલો વજન સૌનાં વધી જાય એટલે છૂટ આપો કે સૌ જમે.'

સ્વામીશ્રી કહે : 'કથાવાર્તા, ભજન, સેવા થાય અને એનાથી વજન વધે એ સંતોએ કરવાનું છે. ખાવાથી વજન વધે એમાં તો નકામો ભાર લઈને ફરવું પડે. ખાવા-પીવાનું તો દેહની જરૂરિયાત છે એટલે આપવું પડે, પણ ભજન સારું થાય અને કથાવાર્તામાં ભગવાનનું બળ મળી જાય એ કરવાનું છે.'

•

ભોજન વખતે 'યજ્ઞપુરુષ ચરિતમ્'નું વાચન થઈ રહ્યું હતું. શાસ્ત્રીજી મહારાજની વિશેષતાઓની વાત વંચાતી હતી. શાસ્ત્રીજી મહારાજ સર્વકલાકોવિદ હતા, એના નાના-મોટા પ્રસંગો વંચાઈ રહ્યા હતા.

શાસ્ત્રીજી મહારાજની રસોઈની કળાની વાત આવતાં કહે : 'સ્વામી(શાસ્ત્રીજી મહારાજ)ને એવું હતું કે ૧૦ શાકનો એકસાથે વઘાર કરવાનો હોય તો પણ પહોંચી વળે, બળવા ન દે. સ્વામી સુરતમાં રહેલા હતા એટલે દૂધપાક પણ સુંદર બનાવે. એમાં ચોખા ચઢી જાય એટલે છૂંદી નાખે, એટલે એકરસ થઈ જાય. અને શાસ્ત્રીજી મહારાજની પીરસવાની કળા પણ એવી. ઘણા પીરસનારા એવા હોય કે બીજી વાર પીરસવું ન પડે એટલે એક સામટું પીરસી દે; પણ સ્વામી એમ ન કરે. જેમ જોઈએ એમ પીરસતા જાય. વળી, કાઠિયાવાડની ધરતી પર ચોખા ન થાય, પણ શાસ્ત્રીજી મહારાજે આવી પથરાવાળી ધરતીમાં ચોખા શરૂ કર્યા. પહેલાં ધરુ કરે, જાતે રોપે, પોતે જ બધું કરીને શિખવાડે.'

શાસ્ત્રીજી મહારાજની સંગીતકળાની વાત આવતાં સ્વામીશ્રી કહે : ''ધીરુભાઈ ઇનામદારના પિતા ઈશ્વરભાઈ બહુ પ્રેમી હતા. શાસ્ત્રીજી મહારાજ દીલરુબા વગાડે ત્યારે આગળ આવીને બોલે : *'વહાલાની મૂર્તિ વહાલી રે...'* એમ બોલીને પાછા જાય.'' આ રીતે સ્વામીશ્રીએ પણ શાસ્ત્રીજી મહારાજના ગુણગાનમાં સૂર પુરાવ્યો.

વળી, જમવાનું પૂરું થયા પછી પણ વાચન ચાલુ રહ્યું. સારંગપુરની હરિકૃષ્ણ મહારાજની મૂર્તિની વાત આવતાં સ્વામીશ્રી કહે : ''શાસ્ત્રીજી મહારાજ એ શિલ્પીને કહે : 'તું જે મૂર્તિ ઘડે છે એ મૂર્તિને હું સાક્ષાત્કાર દેખું છું.' ને હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પણ એવી સુંદર અને દિવ્ય છે કે દર્શન કરીએ ને સમાધિ થાય. રાધારમણપ્રસાદને સમાધિ થઈ ગઈ હતી.''

શાસ્ત્રીજી મહારાજ પુનાજમાં બળદ લેવા ગયા. એ વાત કર્યા પછી સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ સ્વયં દિવ્ય પુરુષ હતા. એટલે બધી કળામાં સંપૂર્ણ, બીજું જોવાનું જ ન હોય.'

અક્ષરવત્સલ સ્વામી કહે : 'આપનામાં પણ એવું જ છે ને !'

સ્વામીશ્રી કહે : 'ચોસઠ કળા કહીએ એ બધી કળામાં સ્વામી પ્રવીણ હતા. સોમપુરાને પણ પ્લાન કરી આપે. આ નક્ષત્ર અને આવા થાંભલા આ બધું જ એમને ખબર પડે. ભણ્યા નહોતા પણ દિવ્ય હતા.'

અક્ષરવત્સલ સ્વામી કહે : 'આપ પણ ક્યાં ભણ્યા છો ?'

સ્વામીશ્રી કહે : 'એમની આગળ તો આપણો તો કોઈ હિસાબ જ નથી, એમની દયા અને કૃપા છે એટલે ચાલે છે.'

•

૨૯-૫-૨૦૦૭, મોમ્બાસા

સ્વામીશ્રીએ યોગીજી મહારાજનો પ્રસાદીનો પ્રસંગ કહેતાં જણાવ્યું :

''સાંકરદામાં હરિભાઈ નામે પટેલ હરિભક્ત હતા. ગામમાં ને વડોદરા રાજ્યમાં આગેવાન કહેવાય, પૈસેટકે પણ સુખી. ગાયકવાડના સૂબાઓ, અધિકારીઓ પણ એમને ઓળખે અને ગાયકવાડના દરબારમાં એમની ખુરશી પડે. લગભગ રોજ વડોદરે જાય અને

અધિકારીઓને મળે, અને ગાયકવાડને પણ મળવાનું થાય. એક વાર જોગીબાપાને સાંકરદા જવાનું થયું. ત્યાં મહિનો રહ્યા. રોજ કથાવાર્તા થાય. હરિભાઈ પણ યોગીજી મહારાજને દર્શને આવે, પણ જ્યારે જ્યારે યોગીજી મહારાજને મળવા આવે ત્યારે સરકારી દરબારી વાતો જ કરે કે 'ગાયકવાડમાં ફલાણું આમ થયું ને ફલાણું તેમ થયું.' મોટા માણસ એટલે જોગીબાપાને બધું સાંભળવું પડે. 'ઊઠો' એમ તો કહેવાય નહીં. એટલે એક વખત યોગીબાપાએ યુક્તિ કરીને કહ્યું : 'લાવો વચનામૃત.' વચનામૃત આવ્યું એટલે હરિભાઈને કહે : 'બેસો, વચનામૃત સાંભળતા જાવ.' આટલું સાંભળ્યું ત્યાં તો હરિભાઈ ઊઠ્યા ને કહે : 'મારે તો ગાયકવાડને મળવા જવું છે. અત્યારે સમય નથી.' એમ કહેતાં ઊઠી ગયા.

આવું છે ! વ્યવહારિ માણસ હોય એ કાયમ વ્યવહારની જ વાત કરે, કથા સાંભળવામાં એની રુચિ હોય નહીં. એટલે ખાલી વ્યવહારિયા ન થવું; ભજન-ભક્તિમાં પણ મન પરોવવું.''

•

નૈરોબીથી આવેલા કિરણભાઈ પટેલે સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! અત્યારે જુઓ ચંદ્રનાં કિરણો દરિયા ઉપર પડી રહ્યાં છે, બાલ્કનીમાં સુંદર હવા આવી રહી છે, સામે સમુદ્ર લહેરાઈ રહ્યો છે. યજ્ઞેશ દેવાણીનો ભાવ છે અને એટલા માટે જ એણે આ બીચ હાઉસ કર્યું છે. આપે આવા વાતાવરણમાં આરામ જ કરવો જોઈએ – જ્યારે ઊઠવું હોય ત્યારે ઊઠવાનું, જ્યાં પૂજા કરવી હોય ત્યાં પૂજા કરવાની, જ્યારે જમવું હોય ત્યારે જમવાનું. અમે લોકો વૅકેશનમાં જઈએ ત્યારે આ જ રીતે રિલેક્સ થતા હોઈએ છીએ. આપે પણ એવું જ કરવું જોઈએ.'

આ વાત સાંભળતાં સ્વામીશ્રી તરત જ કહે : 'અમારે તો જેમ ચાલે છે એ જ મઝા છે. (રીલેક્સેશન છે.) આરામ તો થાય જ છે ને ! ક્યાં નથી થતો ? અમારે તો અત્યારે જે ક્રમ ચાલે છે એ બરાબર છે. અમે તો કાયમ હૉલી-ડેમાં જ છીએ.'

સ્વામીશ્રી બંને પ્રકારે કાયમ 'હૉલી-ડે'માં હોય છે. અખંડ ભગવાનમાં વૃત્તિ હોવાને કારણે પવિત્ર વાતાવરણમાં હોય એ વાતની તો નવાઈ નથી, પરંતુ સાથે સાથે હરિભક્તોને મળવું, એમના પત્રોનું સમાધાન આપવું, કથાવાર્તા અને ભજન કરવું એ જ સ્વામીશ્રીને મન હૉલી-ડે છે.

•

૩૦-૫-૨૦૦૭, મોમ્બાસા

પત્રવાંચન કરતાં પહેલાં બારી તરફ દૃષ્ટિ કરી તો હજી પણ વાદળ ઝળૂંબાયેલું હતું. વરસાદ કહે કે મારું કામ. વિશ્વવિહારી સ્વામી કહે : 'વરસાદ પડતો હોય ને ગરમ ભજિયાં ખાવાની કેવી મઝા આવે ! સામાન્ય રીતે સૌને તો પહેલો આ જ વિચાર આવે. તમને એવું મન થાય કે નહીં ?'

સ્વામીશ્રી કહે : 'અમને તો પહેલેથી જ એવું નહીં. અમારે તો હવે શાકમાં પણ રુચિ રહી નથી. ભગવાનની દયાથી ગાડું ગબડે છે.'

એક સંત કહે : 'દૃષ્ટિ કરજો. જેથી અમારા સ્વભાવ ઓછા થાય.'

સ્વામીશ્રી કહે : 'ઉપદેશ આપવાથી કાંઈ જ થતું નથી. સમજણ આવે તો જ થાય. આ તો કેવું છે કે પરણી જાય, બે-ત્રણ છોકરા થાય ને પછી વૈરાગ્ય કરે, એવું રાંડ્યા પછીનું ડહાપણ છે. એવો વૈરાગ્ય ક્યાંથી કામ આવે ?'

એક સંત કહે : 'કાંઈક ચમત્કાર કરજો.'

સ્વામીશ્રી કહે : 'ભજન થાય છે, માળા થાય છે, એ બધું થાય છે ને ! એટલે એ સારું જ છે. એમાંથી ચમત્કાર થશે.'

•

આજની પૂનમની સભામાં સ્વામીશ્રીએ આશીર્વાદમાં વાત કરી :

''બધું મૂકીને જવાના છીએ, પણ સત્સંગ, ભગવાનની ભક્તિ એ આપણી સાથે આવશે, બાકી દુનિયાની ગમે એટલી વસ્તુ પણ સાથે આવશે નહીં. ભગવાન અને સંત માટે જેટલું કર્યું હશે, સત્સંગ માટે જેટલું કર્યું હશે, એટલું સાથે આવશે. આ સમજી રાખ્યું હોય એને કંઈ આડું આવતું નથી. આ કરવા આવ્યા છીએ એ વસ્તુનો નિરંતર આલોચ રાખવો, ભૂલી ન જવું.

ડભાસાથી એક હરિભક્ત આવ્યા છે, (સંજયભાઈ પટેલ - વડોદરા) ઊભા થાવ. જુઓ, અહીં આગળ પૂનમ કરવા આવ્યા છે. દરેક પૂનમે (અમે) જ્યાં હોઈએ ત્યાં આવવાનું. દેશમાં હોય તો ઠીક છે, પણ

અત્યારે અહીં પૂનમ કરવા આવ્યા છે. બીજું કાંઈ કામ નહીં. મોટાં કામ ચાલે છે, બિલ્ડર છે. લંડનેય આવ્યા હતા ને અમેરિકા પણ આવવાના છે, એમ મને વાત કરી છે. શું કરવા ? પૂનમ ભરવા. દેશમાં તો ભરાય, પણ અમેરિકાને જય જય કરીએ : 'મારી પૂનમ માની લેજો.' પણ જીવમાં બેઠું છે તો થાય છે, ટાઈમ કાઢે છે. આવા તો ઘણા ભક્તો છે.

ધોળકિયા સાહેબ, રિલાયન્સમાં એકાઉન્ટન્ટ (C.A.) છે ને ભારતમાં જ્યાં હોઈએ ત્યાં રવિવારે આવી જાય. આ વખતે રવિવારની સભા કરવા અહીં નૈરોબી પણ આવ્યા. એને નક્કી છે કે 'મારે જવું છે,' તો સમય મળે છે ને પેલું કામ પણ સારું થાય છે. ભગવાન ત્યાં બેઠા પેલું (વ્યવહારનું) કામ કરે ને ! આ ભક્ત ભક્તિ કરવા ગયો છે તો મારે એનું કામ કરવાનું છે. ભક્ત ભગવાન માટે કરે તો ભગવાન એના માટે ન કરે ? આપણું કામ સાચવી લે, પણ આપણને વિશ્વાસ નથી. જેણે જેણે ભગવાન માટે કામ કર્યું છે, એનું કામ (ભગવાન) કરે જ છે; પણ ધીરજ ને વિશ્વાસ નથી, એટલે ન થાય. કુટુંબ, પૈસો કમાવ, ધંધા બધું કરો, પણ આ સમજો, ને સત્સંગ એવો કરી લેવો જેથી કરીને આપણા અંતરમાં સુખ રહે. દેહે અને ધંધામાં પણ શાંતિ રહે. *'તું મારી જકરમાં તો હું તારી ફકરમાં.'* 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' ભજન કરીશું તો એ આપણું કામ કરશે. દાદાખાચરે ધન, ધામ, કટુંબ, પરિવાર બધું જ અર્પણ કર્યું તો શ્રીજીમહારાજ એની ફિકર રાખતા'તા. મહારાજ-સ્વામીનું અખંડ ભજન થાય એવું તાન રાખવું.''

•

રોજના ક્રમ પ્રમાણે ડૉ. કિરણભાઈ દોશીએ સ્વામીશ્રીનું બી.પી. માપ્યું અને ઘડીકભર તો ડૉક્ટર તરીકે તેઓ પણ પોતાનો ધબકાર ચૂકી ગયા, કારણ કે બી.પી. સાવ લો હતું – ૪૦ અને ૭૦ ! યોગીચરણ સ્વામીએ પણ માપ્યું. આવું એકદમ લો બી.પી. કઈ રીતે થયું ? એ પ્રશ્નાર્થ હતો. તાત્કાલિક સ્વામીશ્રીને શરબત પાવામાં આવ્યું. થોડી વાર પછી બી.પી. ઊંચે ચડવા લાગ્યું. જો કે સ્વામીશ્રીની આ યૌગિક લીલા જ હતી, કારણ કે આટલું નીચું બી.પી. હોવા છતાં સ્વામીશ્રીને ચક્કર આવવા કે ઊબકા આવવા કે માથે અંધારાં આવવાની કોઈ ફરિયાદ હતી નહીં. સ્વસ્થપણે પત્ર-વાંચનથી માંડીને વાતો પણ સ્વામીશ્રી કરતા હતા. ડૉક્ટરોનું તારણ પણ અંતે એ જ આવ્યું કે 'આ તેઓની લીલા જ છે.' કારણ કે બીજે દિવસે સવારે બી.પી. પાછું નોર્મલ હતું.

•

ભોજન પછી સ્વામીશ્રી બિરાજમાન હતા. આજે હરિભક્તો અને સંતો પણ બેઠા હતા.

હર્ષદભાઈ રાણા કહે : 'આપની તબિયત પણ સારી છે અને ડૉ. કિરણ પણ કહે છે કે હું પણ રાજી છું.'

સ્વામીશ્રી કહે : 'આવી સુંદર વ્યવસ્થા યજ્ઞેશે કરી છે. રમવા, જમવા ને ભગવાન ભજવાનું, પછી ડૉક્ટર રાજી કેમ ન થાય !'

હર્ષદભાઈ રાણા કહે : 'હજી વધારે રાજી કરવાના છે. જો ફરી વખત સ્વામીને અહીં આવવા માટે સંમતિ આપે તો.'

સ્વામીશ્રી તરત જ કહે : 'રાણા ! બહુ સ્વાર્થ ન રાખવો. થોડુંક ભગવાન ઉપર પણ છોડી દેવું. જે કંઈ થાય છે એ શ્રીજીમહારાજની ઇચ્છાથી જ થાય છે. રાણા પાછા લોભિયા થાય છે, પણ અમુક કામમાં તો પ્રાર્થના જ કામ કરે છે, નહીં તો આપણને એવો ભાવ થઈ જાય કે 'મેં આ કહ્યું એટલે થયું.' બધું એમનાથી જ થાય છે. અક્ષરધામ જેવું કામ પણ એમનાથી થયું. કલ્પના પણ ન થાય, પણ યોગીજી મહારાજનો સંકલ્પ હતો તો દેવતાઓ આવીને કરી ગયા.'

•

૩૧-૫-૨૦૦૭, મોમ્બાસા

સામે લહેરાતા દરિયામાં હજી અનવરત વર્ષાધારા થતી હતી, છતાં યજ્ઞેશભાઈની અંતરની ઇચ્છા હતી કે 'સ્વામીશ્રી એક વખત બોટમાં વિરાજીને સમુદ્રને પાવન કરે, સમુદ્રમાં નૌકા-વિહાર કરે.'

ડૉક્ટરો આ બાબતમાં અવઢવમાં હતા અને સ્વામીશ્રીને ભાવ પૂરો કરવો હતો. એટલે શરૂઆતમાં ડૉક્ટરોની સલાહ પ્રમાણે સ્વામીશ્રીએ અનિચ્છા દર્શાવી, પરંતુ પલંગ ઉપરથી બેઠા થયા પછી તરત જ યોગીચરણ સ્વામીને બોલાવીને કહે : 'યોગી ! શું કરવું છે ?'

યોગીચરણ સ્વામી કહે : 'આપની ઇચ્છા હોય તો અમારે કાંઈ વાંધો નથી.'

એટલે સ્વામીશ્રીએ સંમતિ આપી દીધી.

અને સ્વામીશ્રીની સંમતિ સાથે જ જાણે પ્રકૃતિમાં પણ ફેરફાર થવા માંડ્યા. આકાશ સ્વચ્છ થવા માંડ્યું. વરસાદ રીતસર અટકી ગયો. આ નજર સમક્ષ બનેલી ઘટના હતી. જો કે નીચે જમીન તરબતર હતી અને દરિયાનો કાંઠો પણ અત્યારે ભીનો ભીનો તથા સમુદ્રની વનસ્પતિઓનાં પાંદડાંથી ભરેલો હતો.

સૌએ સ્વામીશ્રીને વ્હીલચૅરમાં જ લઈ જવાનું નક્કી કર્યું. સ્વામીશ્રી નીચે પધાર્યા. એક બાજુ સવારની કથા ચાલતી હતી. સ્વામીશ્રી જેવા બહાર પધાર્યા ને પોણી સભા ઊઠીને દરિયાકિનારે આવી પહોંચી. કિનારે ગ્લાસ બોટ લાવી દેવામાં આવી હતી. ચાર સંતોએ ખુરશી ઊંચકીને સ્વામીશ્રીને ગ્લાસ બોટમાં બેસાડ્યા, સાથે ઈશ્વરચરણ સ્વામી, વિવેકસાગર સ્વામી વગેરે સંતો પણ બેઠા.


સુખના સાગરમાં આજે સ્મૃતિઓની ભરતી ચડી હતી, કારણ કે સ્વામીશ્રીરૂપી પૂર્ણિમાનો ચંદ્ર આજે પૂર્ણ કળાએ ખીલ્યો હતો. અદ્‌ભુત હતો આજનો દિવસ કે જેમાં સ્વામીશ્રીએ સમુદ્રવિહાર કરવાની સંમતિ આપી હતી. છેલ્લા ત્રણ દિવસથી અનરાધારે વરસતા વરસાદે પણ કેવળ છત્ર ધરી દીધું, વરસવાનું અટકાવી દીધું. છત્ર બનીને સેવા કરવાની તક એણે પણ ઝડપી લીધી અને ક્યારેક ક્યારેક સૂર્યદેવતાને પણ દર્શન કરવા માટેનો માર્ગ મોકળો કરી આપ્યો. સમુદ્રમાં તો આજે જાણે સ્વામીશ્રીને મળવાની તત્પરતાની ભરતી ચડી હોય એવી પ્રસન્નતા દેખાતી હતી !

બહુ ઠંડી ન લાગે એવું આહ્‌લાદક વાતાવરણ હતું. અધિક જેઠ મહિનાની પૂર્ણિમાએ સાગરને વધાવવા, સાગરને જાણે કે પૂર્ણ સુખ આપવા માટે સ્વામીશ્રીનો વિહાર શરૂ થયો. સ્વામીશ્રી હરિકૃષ્ણ મહારાજની સાથે વિરાજમાન હતા. સફેદ રેતી ઉપર રમતાં સમુદ્રનાં મોજાંઓના ઘેરા નિનાદે સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. દૂર-સુદૂર ફેલાયેલી ક્ષિતિજોમાંથી પણ જાણે કે સ્વામીશ્રીના સ્વાગતની સૂરાવલીઓ ગુંજી ઊઠી. સમુદ્રને બે ભાગમાં વહેંચતી કોરલ રીફ્‌ટમાં અથડાઈ અથડાઈને ફીણાતાં મોજાંઓનો શ્વેત હાર સમુદ્રએ તૈયાર કર્યો હોય એવું એક અદ્‌ભુત દશ્ય જોવા મળતું હતું. એક તરફ અફાટ સમુદ્ર હતો, તો બીજી તરફ હરિયાળી મોમ્બાસાની ધરતીની સ્કાયલાઈન દેખાતી હતી. થોડી જ વારમાં ગ્લાસ બોટે પોતાનો અસલ મિજાજ બતાવવો શરૂ કર્યો. કલાકના ૩૫ નોટીકલ માઈલની સ્પીડે બોટ જઈ રહી હતી. પવનના સૂસવાટા છાતી અને આંખોને ભરતાં ભરતાં ગેલ કરવા માંડ્યા. ભલભલાનાં ગાતરિયાં ઊડવા માંડ્યાં. અને ભેજ તથા ઠંડકના સંયોજનવાળી હવા છાતી સોંસરવી પેસી ન જાય એટલે સૌ પ્રથમ સ્વામીશ્રીએ ગરમ ટોપી પહેરી અને ત્યાર બાદ શાલ ધારણ કરી. બંને હાથને શાલમાં સંતાડીને ગોટમોટ થઈને સ્વામીશ્રી બેસી ગયા. સૂર્યનાં પરાવર્તિત કિરણોને લીધે આંખને ઝીણી થતી ટાળવા માટે ગોગલ્સ પહેરાવવામાં આવ્યા. પવનની લહેરખીઓ હવે નિરાંતે સ્વામીશ્રીનો સ્પર્શ કરવા માટે દોડી દોડીને આવવા લાગી. સ્વામીશ્રીના આગમનથી ગેલમાં આવી ગયેલાં મોજાંઓ પણ ક્યારેક બોટની સાથે અથડાઈ ફીણાઈને ઝીણી ઝીણી બૂંદ સાથે ચૂર ચૂર થતાં થતાં ઊડીને સ્વામીશ્રીના શ્રીવિગ્રહનો અભિષેક કરતા જતા હતા. સ્પીડ વધતી ગઈ એમ મનોમન સ્વામીશ્રી પણ 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' ભજન કરવા લાગ્યા. ઠેઠ બંબૂરી બીચ આગળ સ્વામીશ્રી આવ્યા, જ્યાં પહેલાં જોમો કેન્યાટાના નિવાસસ્થાનમાં ચારેક વખત સ્વામીશ્રી ઊતર્યા હતા, એ પ્રસાદીનું મકાન દૂરથી દેખાતું હતું, ત્યાં દૃષ્ટિ કરીને સ્વામીશ્રી પાછા વળ્યા. ભજન સતત ચાલુ હતું. અડધો કલાકના આ વિહારની અનેરી સ્મૃતિઓનો સાગર સૌનાં મનમસ્તિષ્કમાં ભરતી ચડાવી ગયો અને સુખનાં મોતીને મૂકતો ગયો.

શાંતિથી જળવિહાર કરીને સ્વામીશ્રી પાછા વળ્યા ત્યારે ૧૨:૩૦ વાગ્યા હતા. સ્વામીશ્રી યજ્ઞેશ દેવાણીને આશીર્વાદ આપતાં કહે : 'સાગરયાત્રા થઈ ગઈ. આવી ને આવી યાત્રા કાયમ થતી રહે એ આશીર્વાદ છે.'

લગભગ પોણા બે કલાક સુધી સ્વામીશ્રીએ આ રીતે જળવિહાર કરીને સૌને ખૂબ ખૂબ સ્મૃતિ આપી અને ભક્તોના ભાવ પૂરા કર્યા.

અધિક મહિનામાં સમુદ્રને વધાવવાનો મહિમા હોય એ રીતે આજે સમુદ્રને પણ સ્વામીશ્રીએ વધાવ્યો. શતાબ્દી નિમિત્તે જળ-શોભાયાત્રા સંપન્ન થઈ. બોટ ઉપર ફરફરતી બી.એ.પી.એસ. શતાબ્દીની ધજાનો ફરફરાટ જ્યાં પહોંચ્યો હશે ત્યાં અનેકનાં કલ્યાણ થશે.



|| બ્રહ્મનનમ્ ||

સ્ત્રી અને ધન એ બે થકી સમાજ ચાલે છે. સ્ત્રી થકી ઉત્પત્તિ થાય છે અને ધનથી આ દુનિયાનો વહેવાર ચાલે છે. આ બંનેય બંધન ભારે છે, પણ એ બંધનમાંથી છૂટવા સંતનો સમાગમ છે.

■

આ દેહે કરીને વ્યવહાર કરો, ધંધા-પાણી સારી રીતે કરો, પૈસા કમાવો, દેશ-પરદેશ જાવ એની ના નથી, પણ જીવમાં તો ફક્ત ભગવાન જ રાખો. વ્યવહાર બધો બહાર અને ભગવાન અંદર.

■

પરાવિદ્યા આત્માના ઉત્કર્ષ માટે છે. કોઈને દુઃખ ન અપાય. કોઈની સાથે વેરઝેર ન થાય. કોઈનું પડાવી લેવાનું મન ન થાય. પરોપકારની વૃત્તિ વધે એ પરાવિદ્યા છે. 'ભલે આપણે દુઃખી થઈએ, પણ બીજાનું તો સારું જ થવું જોઈએ' – એવાં વાણી, વિચાર અને વર્તન એ પરાવિદ્યા છે.

■

દેહભાવથી મુક્ત થઈને આત્મારૂપ થઈને ભગવાનની ભક્તિ કરવી એ મનુષ્યદેહે કરીને સૌથી મોટું કાર્ય છે.

■

આપણે ભગવાનની ભક્તિ કરવાની છે અને એ ભક્તિ નિર્દોષભાવે કરવાની છે. ભગવાનમાં કોઈ દોષ, જગત, માયા છે જ નહીં. દિવ્ય છે, કલ્યાણકારી છે, સાકાર છે અને પ્રગટ છે. ગુણાતીત સંત દ્વારા મહારાજ પ્રગટ છે. ગુણાતીત સંત મહારાજના અખંડ ધારક છે. એમનો પણ એવો મહિમા સમજાય તો એનાથી માયાપાર થઈને સુખિયા થવાય.

■

ધ્રુવનો તારો અવિચળ છે, વંટોળ આવે તો પણ સ્થિર રહે; એમ આપણે ભગવાન ભજવા આવ્યા છીએ તો બધા વાવંટોળ આવવાના જ છે, પણ ભગવાન શ્રીજીમહારાજમાં સ્થિર થઈ જવાનું એટલે બધુંય એની

મેળે ચાલ્યું આવશે.

■

સર્વ સુખના ધામ અને પરમ શાંતિ આપનાર પરમાત્મા છે. બધું સુખ પરમાત્માથી જ આવે છે, તો એ પરમાત્માનાં દર્શન જેટલાં કરીશું એટલાં સુખ અને શાંતિ થશે.

■

સહન કરીશું એટલી મહત્તા વધશે. જેણે જેણે સહન કર્યું છે એની મહત્તા વધી છે. શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ બધાએ સહન કર્યું છે, તો મહત્તા વધી છે. સોનાને અગ્નિમાં તપાવો તો શુદ્ધ થાય, એમ જીવનમાં મુશ્કેલીઓની વચ્ચે સ્થિર રહીએ અને સહન કરીએ તો આગળ વધાય.

■

મનમુખી થાય એ દુઃખી થાય અને ગુરુમુખી થાય એ સુખી થાય.

■

અવળા સ્વભાવ મૂકવા અને સવળા સ્વભાવ રાખવા. ભગવાન ભજવાના, કથાવાર્તા કરવાના, સેવા કરવાના સવળા સ્વભાવ રાખવા.

■

સાધુતા એટલે ખમવું અને ભજન કરવું.

■

વીજળીના ઝબકારામાં મોતી પરોવી લેવાનું છે, એમ આ શરીર નાશવંત છે અને ગમે ત્યારે પડી જાય એ પહેલાં અક્ષરરૂપ થવાનું છે, માટે સાવધાની રાખવી. આવો સમાગમ અને મંદિરોનો લાભ જેટલો લેવાય એટલો લઈ લેવો.

■

આળસ એ મોટામાં મોટો શત્રુ છે. કેટલાક બહુ જ આળસુ હોય છે. પોતાનાં કામ ઠેલે જ રાખે. કામ આવ્યું એનો તરત જ નિકાલ થઈ જવો જોઈએ, તો જ કામ વ્યવસ્થિત ચાલે. 'કાર્ય એક મિનિટ પછી કરીશું' એ પણ આળસ જ છે. કેટલાકને આવી આળસમાં ને આળસમાં જિંદગી પૂરી થઈ જાય છે. માટે આળસ કાઢવી. આળસ શત્રુ છે. આત્મકલ્યાણ માટે આવ્યા છીએ તો પછી ઉધારાની વાત જ ક્યાંથી હોય ?

■

લોકો રોજ ડાયરી લખે અને 'રવિવારે ફલાણાને ત્યાં મળવા જવું, ફલાણું કામ કરવું' એ બધું જ લખે, પણ 'રવિવારની સભામાં જવું' એવું લખતા નથી. પણ જોગીબાપાની આજ્ઞા છે એટલે અઠવાડિયામાં એક વખત રવિવારની સભામાં અવશ્ય જવું. ગમે એટલું કામ હોય તો પણ મૂકીને રવિસભામાં જવું.


■

જેણે જેણે ભગવાન માટે કામ કર્યું છે એનું કામ ભગવાને કર્યું જ છે. ભગવાન માટે આપણે કરીએ તો ભગવાન આપણા માટે ન કરે ? આપણું કામ સાચવી જ લે, પણ આપણને ધીરજ અને વિશ્વાસ નથી એટલે થતું નથી. માટે સત્સંગ એવો કરી લેવો જેથી કરીને આપણા અંતરમાં સુખ રહે, ધંધામાં પણ શાંતિ રહે.


સંત પરમાર્થી છે.
પરમાર્થ એટલે શું ?
કે આપણાં જન્મ-મરણ ટાળીને સુખિયા કરે છે.
આ લોકના હોદ્દા, અધિકાર, પૈસા
એ તો કોઈક આપી શકે,
પણ ભગવાનરૂપી સંપત્તિ, ધર્મરૂપી સંપત્તિ, સંસ્કારરૂપી સંપત્તિ
સંતો જ આપે છે.
એમના જેવો પરમાર્થ
બીજું કોઈ કરી શકતું નથી.

- પ્રમુખસ્વામી મહારાજ

પ્રસંગમ્



જૂન ૨૦૦૯



'હૃદયનો પ્રેમ હોય ત્યારે ભગવાન કૃપા કરે છે અને આવું સમર્પણ થાય છે.
આવું સમર્પણ જીવનો સત્સંગ હોય તો જ થાય.
દાદાખાચર, પર્વતભાઈ, આશાભાઈ એમણે ભક્તિ માટે સર્વસ્વ અર્પણ કર્યું.
ભગવાનના ભક્તને પણ ધન, ધામ, પરિવાર બધું ભગવાન માટે કરવાનું કહ્યું છે.
ભગવાન કાંઈ લઈ જતા નથી, પણ મનથી આવો વિચાર પણ કઠણ છે.
જો નિશ્ચય અને દૃઢતા હોય તો આ બધું થઈ શકે છે. અને ભગવાન રાજી થઈ જાય છે.'

– પ્રમુખસ્વામી મહારાજ

૧-૬-૨૦૦૭, મોમ્બાસા

રાત્રે આરામમાં જતી વખતે સ્વામીશ્રી પોઢવા માટે પલંગ ઉપર વિરાજ્યા. સામે હર્ષદભાઈ રાણા અને સંતો-હરિભક્તો ઊભાં ઊભાં આજનાં છેલ્લાં દર્શન કરી રહ્યા હતા. હર્ષદભાઈ કહે : 'બાપા ! અઠવાડિયું ક્યાં જતું રહ્યું એ ખબર જ ન પડી !'

'તમે જન્મ્યા ક્યારે ?' સ્વામીશ્રીએ સામે અણધાર્યો પ્રશ્ન પૂછ્યો અને ત્યાર પછી તેઓના ઉત્તરની અપેક્ષા રાખ્યા વગર કહે : 'કાળ તો ફર્યા જ કરે છે. કાલે બાળક હતા ને અત્યારે ધોળા આવી ગયા. જિંદગી ક્યાં જતી રહે છે એ ક્યાં ખબર પડે છે ?! એટલે ભગવાનનું ભજન જેટલું થયું એટલું જ કામનું છે, બાકી તો જિંદગી જતી જ રહે છે. ભજન-કીર્તન કરીએ એટલું જ કામનું.'

•

અલ્પાહાર પછીની મુલાકાતો દરમ્યાન એક મુમુક્ષુ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેઓ કહે : 'જીવને શાંતિ નથી થતી.'

સ્વામીશ્રીએ એક જ ઉપાય બતાવ્યો : 'ભજન કરજો.'

•

૩-૬-૨૦૦૭, મોમ્બાસા

સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા વિરાજ્યા એ દરમ્યાન વાતમાંથી વાત નીકળતાં સ્વામીશ્રી કહે : 'સંતનો સમાગમ નિરંતર કરવો.'

હર્ષદભાઈ રાણા કહે : 'નિરંતરમાં તકલીફ એ છે કે ઘણી વખત એમ થઈ જાય કે હવે બહુ થઈ ગયું.'

સ્વામીશ્રી તરત જ કહે : 'ધંધા કરીએ છીએ એમાં કોઈ દિવસ એમ થયું કે 'બહુ થઈ ગયું ?' એમ ભજનમાં 'બહુ થઈ ગયું' માનવું નહીં.'

હજી તો ભોજનની શરૂઆત જ હતી. કૃષ્ણવલ્લભ સ્વામી પત્તરમાં વસ્તુઓ મૂકતા હતા, પરંતુ સ્વામીશ્રી વાત કરવામાં એટલા તલ્લીન થઈ ગયા કે જાણે ધરાઈ ગયા હોય એમ પત્તરમાંથી વસ્તુઓ કાઢવા લાગ્યા. નારાયણચરણ સ્વામીએ જાણપણું આપતાં કહ્યું કે 'હજુ તો ભોજનની શરૂઆત છે.'

સ્વામીશ્રી મંદ મંદ હસી પડ્યા.

•

સાંજે ભ્રમણ કર્યા પછી આસન કરીને સ્વામીશ્રી પલંગ ઉપર જ સૂતા હતા. એ દરમ્યાન રોજની જેમ જ ડૉ. કિરણભાઈ દોશીએ સ્વામીશ્રીનું બી.પી. નોંધ્યું. આફ્રિકા વિચરણના ગણ્યાગાંઠ્યા દિવસો બાકી હતા. એ સંદર્ભમાં સ્વામીશ્રીએ ડૉ. કિરણભાઈને પરિતોષ સાથે કહ્યું : 'સમૈયો પૂરો થવા આવ્યો.'

કિરણભાઈ દોશી કહે : 'આપે આફ્રિકા આવતાં પહેલાં કહેલું કે 'યોગીજી મહારાજની ઇચ્છાથી કાંઈ નહીં થાય,' એટલે બધું હેમખેમ પાર પડ્યું.'

આત્મતૃપ્ત સ્વામી કહે : 'આવું ને આવું કાયમ રાખજો.'

સ્વામીશ્રી કહે : 'ભગવાન રાખશે.'

ડૉ. કિરણભાઈ કહે : 'આપ ધારો એ થાય એવું છે.'

સ્વામીશ્રી કહે : 'આપણું ધાર્યું ક્યાં કાંઈ થાય છે ? જે કાંઈ થાય છે એ ભગવાનનું ધાર્યું થાય છે.'

ડૉ. કિરણભાઈ કહે : 'આજે ભ્રમણ દરમ્યાન જેવું બી.પી. અને જેવો હાર્ટરેઇટ હતો એવો ને એવો અમેરિકા ને બીજે બધે પણ રાખજો, તો કાંઈ વાંધો નહીં આવે, અને એવું કંઈ લાગે તો બે-ત્રણ દિવસ અહીં જેમ આરામ કર્યો એમ આરામ કરી લેવો.'

સ્વામીશ્રીએ મૌન જાળવી સંમતિ સૂચવી.

•

૪-૬-૨૦૦૭, મોમ્બાસા

ભોજનવેળાએ 'સ્વામિનારાયણ પ્રકાશ'ના વાચન દરમ્યાન પારિવારિક એકતા અને કૌટુંબિક મૂલ્યોની વાત નીકળતાં અક્ષરવત્સલ સ્વામી કહે : 'આ વખતની અમેરિકાની પ્રેસિડન્ટની ચૂંટણીમાં એક ઉમેદવારે એવો મુદ્દો બનાવ્યો છે કે અમે પારિવારિક એકતા વધે એવા પ્રયત્નો કરીશું.'

સ્વામીશ્રીએ તરત જ પૂછ્યું : 'શું પ્રયત્ન કરશે ?'

અક્ષરવત્સલ સ્વામી કહે : 'એ તો ચૂંટણીનો મુદ્દો છે, પણ શું કરશે એની બહુ વાત ન હતી.'

'એવું કોઈ કામ કર્યું છે ?'

'ના, ખાલી વાતો.' ડલાસથી આવેલા યુવક હરિએ કહ્યું.

સ્વામીશ્રી કહે : 'વાતો જ છે, મત માટે. જ્યાં સુધી માણસમાં આધ્યાત્મિકતા નહીં આવે ત્યાં સુધી કૌટુંબિક ભાવના પણ નહીં આવે. ગમે એવા કાયદા કરશે તોય નહીં આવે. પોતાના ઘરમાં ન હોય, ત્યાં સુધી બીજાને શું આપી શકે ?'

મહેન્દ્રભાઈ બૅરિસ્ટર કહે : 'સરકાર બહુ બહુ તો એવો કાયદો કરે કે સંયુક્ત કુટુંબનો ટેક્સ ઓછો રાખે, વિભક્ત કુટુંબનો વધારે રાખે.'

સ્વામીશ્રી કહે : 'ટેક્સ ઓછો કરવાથી શું ? મન ભેગા કર્યાં ? ટેક્સ ઓછો થશે એટલે પૈસા બચશે, તો ઊલટું વધારે મોજશોખ કરશે. મન ભેગાં કરવાં આધ્યાત્મિકતા જોઈએ.'

સ્વામીશ્રી જાણે કહી રહ્યા હતા કે એક આધ્યાત્મિકતા જ સઘળાં સુખનું કેન્દ્રબિન્દુ છે.

•

૫-૬-૨૦૦૭, મોમ્બાસા

અક્ષરવત્સલ સ્વામી કહે : 'આપે અમારા માટે ઘણું બધું સાનુકૂળ કરી દીધું છે, જ્યાં જઈએ ત્યાં સન્માન સિવાય કશું જ હોતું નથી.'

સ્વામીશ્રી કહે : 'આપણે તો શું ? શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ આપણા માટે દુઃખ વેઠી ગયા.'

'આપે પણ ઘણું વેઠ્યું છે.'

સ્વામીશ્રી કહે : 'અમારા વખતમાં કાંઈ એટલું બધું હતું નહીં. શાસ્ત્રીજી મહારાજ ને યોગીબાપાને તો ગામેગામ લોકો બહાર કાઢતા.'

આનંદસ્વરૂપ સ્વામી કહે : ''એક વાર આપ કુંકાવાવમાં વિરાજમાન હતા અને એ વખતે અમુક લોકો તરફથી વિરોધમાં ઘણું છપાતું હતું, અપમાનો પણ થતાં હતાં. ત્યારે ઈશ્વરચરણ સ્વામીએ આપને પૂછ્યું કે 'આ દુઃખ ક્યાં સુધી આવશે ?' ત્યારે આપે સ્વસ્થતાથી કહ્યું હતું કે 'દેવકીનાં આંસુ ઠેઠ સુધી સુકાયાં ન હતાં. એક પછી એક આવે જ જાય છે.''

સ્વામીશ્રી હળવાશભર્યા સ્વરે કહે : 'ન આવે તો આપણે જાગ્રત ન રહીએ ને !'

વિવેકસાગર સ્વામી કહે : 'શાસ્ત્રીજી મહારાજ કહેતા કે ન હોય તોય એક શત્રુ ઊભો કરવો.'

અક્ષરવત્સલ સ્વામી કહે : 'અમુક તો એવા છે કે હજી જે.સી.બી. લઈને પાછળ પડ્યા છે.'

સ્વામીશ્રી તદ્દન ઉપેક્ષાભાવે કહે : 'એવા તો કેટલાય જે.સી.બી. આવ્યા ને જતા રહ્યા. થોડા દહાડા એનું ચાલે.'

આટલું કહીને પોતાની અંતરની ભાવના દર્શાવતાં કહે : 'क्षमा वीरस्य भूषणम्। મહારાજે પણ સહન કર્યું છે, ને પરંપરાએ પણ સહન કર્યું છે. જેણે સહન કર્યું છે એનું વધ્યું છે.'

•

૬-૬-૨૦૦૭, મોમ્બાસા

પરદેશની ધર્મયાત્રામાં સ્વામીશ્રીના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવા માટે પોતાનો ધંધો છોડીને ડૉ. કિરણભાઈ દોશી સાથે રહ્યા હતા. તેઓ આજે મુંબઈ જવા વિદાય થવાના હતા. તેઓ સામે ઊભા હતા. સ્વામીશ્રીએ સામેથી જ તેઓને બોલાવીને કહ્યું : 'આવો ડૉક્ટર ! તમે ઘણી જ તકલીફ લીધી. ધીકતો ધંધો છોડીને આટલા દિવસ અહીં રહેવું એ બહુ મોટી વાત છે !'

આટલું કહેતાં સ્વામીશ્રીને અંતરથી જ ઉમળકો આવ્યો ને આ ઉમળકાનો પ્રતિસાદ ડૉ. કિરણના મુખ ઉપર પણ જોઈ શકાતો હતો. તેઓની આંખમાં આંસુ હતાં અને સ્વામીશ્રી પણ ભાવાર્દ્ર હતા.

સ્વામીશ્રીએ નજીક બોલાવીને અંતરથી ધબ્બા આપ્યા ને આશીર્વાદ આપતાં કહે : 'સેવા થઈ અને

સમાગમ પણ થયો. આટલા દિવસ ઘર સાંભર્યું નહીં એ બહુ મોટી વાત છે ! આવો ને આવો પ્રેમ ને ભક્તિ કાયમ રહે એ આશીર્વાદ છે.'

ડૉ. કિરણભાઈ માટે સ્વામીશ્રીના આ નિર્વ્યાજ પ્રેમમાં નાહવા સિવાય બીજા કોઈ શબ્દો હતા નહીં, કેવળ તેઓની આંખો જ ઘણું બધું કહી રહી હતી.

•

૮:૩૦ વાગે સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા ત્રીજે માળે પધાર્યા. અહીં રોજ સાંજે સંધ્યા આરતી પછી જુદા જુદા સંતોનાં પ્રવચનો થતાં રહે છે. આજે આનંદસ્વરૂપ સ્વામીએ 'નિષ્ઠા' વિષયક વાત કરી હતી. હર્ષદભાઈ રાણાએ આ સંદર્ભમાં કહ્યું કે 'આનંદ સ્વામીએ નિષ્ઠાની વાતો કરી. બહુ સારી લાગી, પરંતુ એમ પણ લાગ્યું કે હજી બહુ જ અધૂરું છે. નિષ્ઠા થવી એ અઘરી છે.'

સ્વામીશ્રી કહે : 'એક વખત વાત સારી લાગે પછી અઘરી કેમ લાગે છે ? મુશ્કેલીની વાત જ ન હોય. કરવું જ પડે. સારું લાગે એટલે કરવા જ મંડવાનું.'

હર્ષદભાઈ કહે : 'દયા કરજો, અમને પણ એવો નિશ્ચય થાય.'

સ્વામીશ્રી કહે : 'આપણે પ્રયત્ન કરીએ તો એ દયા કરે. માર્ગે ચાલવું પડે. એમ ને એમ ન થાય.'

સ્વામીશ્રીએ પણ અદ્‌ભુત પ્રેરણાવચનો કહ્યાં.

•

ભોજન પછીની મર્યાદિત મુલાકાતો દરમ્યાન કનુભાઈ પટેલ તેઓના મિત્ર અયુબ સુમરાને લઈને આવ્યા. ધર્મે કરીને તેઓ મુસલમાન હોવા છતાં સ્વામીશ્રીના ગુણાનુરાગી છે. સ્વામીશ્રીનો ફોટો પણ તેઓ કાયમ સાથે રાખે છે. તેઓને દૂધ વગેરેનો મોટો ધંધો છે. તેઓના ફાર્મમાં કાંઈક એવો રોગ આવી જતાં ગાયો મરવા માંડી હતી. ડૉક્ટરોને પણ સૂઝ પડતી ન હતી કે શું કરવું જોઈએ ? પરંતુ સ્વામીશ્રીએ પૂજામાં પ્રસાદીભૂત કરેલું જળ કનુભાઈએ તેઓને આપ્યું. તેઓએ ગાયોને આ જળ પીવડાવ્યું ને ચમત્કાર થયો, ગાયો મરતી બંધ થઈ ગઈ ! એટલું જ નહીં, પણ ગાયો જે દૂધ આપતી હતી, એનાથી દોઢું દૂધ આપવા લાગી ! આ ચમત્કાર તેઓને માટે અકલ્પનીય હતો. અને એટલે જ, તેઓ ધંધાના વિસ્તૃતીકરણ માટે જમીન લઈ રહ્યા હતા, એ જમીન ઉપર સ્વામીશ્રીનાં પ્રસાદીનાં પુષ્પો ન પડે ત્યાં સુધી કોઈપણ પ્રકારનું વિસ્તૃતીકરણ ન કરવાનું તેઓએ મનમાં નિર્ધાર્યું હતું. આજે ખાસ સ્વામીશ્રીના આશીર્વાદ લેવા અને પ્રસાદીનાં પુષ્પો લેવા માટે તેઓ આવ્યા હતા. સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપ્યા.

•

એક મુમુક્ષુ દર્શને આવ્યા. માતાપિતાની સેવા કરવા માટે તેઓએ પોતાના વ્યાવહારિક બધી જ પ્રવૃત્તિઓને ગૌણ કરી દીધી છે. સ્વામીશ્રી એની આવી ભાવનાથી રાજી થયા અને આશીર્વાદ આપતાં કહે : 'ભારતીય સંસ્કૃતિની આ મુખ્ય વસ્તુ છે. માતા અને પિતા બંનેને દેવ સમાન કહ્યાં છે અને એ દેવ જ છે, કારણ કે એમણે જન્મ પણ આપ્યો ને ઘડતર પણ કર્યું. તમે જે કરો છો એવું કાયમ ચાલુ રાખજો.'

•

મૂળ દારેસલામનો અને ઑસ્ટ્રેલિયાથી લાભ લેવા માટે આવેલો જય મહેશભાઈ પટેલ સ્વામીશ્રીની સાથે ફરતો હતો. આજે છેલ્લા દિવસે સ્વામીશ્રીના આશીર્વાદ લેવા આવ્યો ને કહ્યું : 'મને કોઈ આજ્ઞા આપો.'

સ્વામીશ્રી કહે : 'બીજાને સત્સંગ કરાવે છે ?'

'પહેલાં મારી જ જોઈએ એવી દૃઢતા નથી તો બીજાને કઈ રીતે સત્સંગ કરાવું ?' એણે નિખાલસભાવે કહ્યું.

સ્વામીશ્રી તરત જ કહે : 'તું વાત કરીશ એટલી તારી દૃઢતા વધતી જશે. એટલે વાત કરવામાં પાછું પડવું નહીં. નિયમ-ધર્મ અને સત્સંગની વાતો છે એ બીજાને કરીએ એટલે આપણી પણ દૃઢ થાય.'

•

રાત્રે પત્રવાંચન પૂરું થઈ ગયું. રૂમમાં કોઈ જ હતું નહીં. એવામાં યજ્ઞેશભાઈનો સુપુત્ર આર્યન તથા યજ્ઞેશભાઈનો ભાણો સ્વામીશ્રી પાસે પહોંચી ગયા. બંને નાના બાળકો સ્વામીશ્રીના પગ દાબવા લાગ્યા, અને સ્વામીશ્રી પણ નિરાંતવા બેઠા હોય અને દાદાજી પોતાના પૌત્રો સાથે ગોષ્ઠિ કરે એમ ગોષ્ઠિ કરવા માંડ્યા. આર્યનને એટલું બધું ગુજરાતી સમજતા ફાવતું નથી, બોલતા પણ ફાવતું નથી, છતાં સ્વામીશ્રી અને બંને વચ્ચે પ્રેમથી એકાંત ગોષ્ઠિ મંડાણી.

સ્વામીશ્રીએ એને સંસ્કાર આપતાં કહ્યું : 'રોજ

ભગવાનને પ્રાર્થના કરવી અને એક સ્વામીની વાત મોઢે કરવી. નાનું કીર્તન મોઢે કરવું. સ્કૂલેથી આવે પછી બ્રેકફાસ્ટ કરીને સ્કૂલનું હોમવર્ક કરવું અને રોજ ભગવાનની માળા કરવી. રોજ કરે છે ?'

'હા.'

'રોજ થશે ને ?'

'હા.'

સ્વામીશ્રી કહે : 'માતાપિતાને રોજ પગે લાગવાનું અને રોજ પૂજા કરવાની. આવું ભૂલી નહીં જવાનું.'

તેઓની આવી વાતો ચાલી રહી હતી ત્યાં સુધીમાં સંતો પણ આવી પહોંચ્યા, યજ્ઞેશભાઈ પણ આવી પહોંચ્યા. આર્યન એના પિતાને કહે : 'આપણે તો મંદિરમાં સામે બેસીને પૂજા કરીએ છીએ પણ હૉલી-ડેમાં બહાર ગયા હોઈએ તો ત્યાં મંદિર ક્યાં ?'

સ્વામીશ્રી કહે : 'આપણી પોતાની જુદી પૂજા રાખવી અને એ પૂજા કાયમ રૂમમાં બેસીને કરવી. અને માળા ફેરવતી વખતે શું બોલવાનું, ખબર છે ?'

'સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ....'

'બરાબર છે. એ રીતે બોલજે. અને ગુજરાતી આવડે છે ?'

'એટલું બધું નહીં.' આર્યને કહ્યું.

સ્વામીશ્રીએ યજ્ઞેશભાઈને કહ્યું : 'એને ગુજરાતી શિખવાડજે.'

મેં કહ્યું : 'લંડનમાં મનોહરમૂર્તિ સ્વામીએ ગુજરાતી શીખવાની સુંદર પુસ્તિકાઓ તૈયાર કરી છે.'

સ્વામીશ્રી કહે : 'તો એ મગાવીને એમને આપી દેજો.'

સ્વામીશ્રી બાળસહજ રીતે સામે બેઠેલા આર્યન દેવાણીને ઉપદેશ આપી રહ્યા હતા. આર્યનને પણ બાળસહજ રીતે ઘણી બધી જિજ્ઞાસાઓ હતી. એમાં વળી ઓચિંતા એણે એક વાત કરતાં કહ્યું કે 'મને મારાં મમ્મી યાદ બહુ આવે.' આટલું કહીને સ્વામીશ્રીને પૂછતાં કહે : 'તમને તમારાં બા યાદ આવે છે ?'

સ્વામીશ્રી તરત જ કહે : 'ના. અમે તો સાધુ થયા, પણ તારે તારાં મધર-ફાધરને ભૂલવાનાં નહીં. અમે તો સંસાર મૂકી દીધો એટલે અમારાં મા-બાપ તો જોગી-બાપા થઈ ગયા, ભગવાન થઈ ગયા. અમે ભગવાનને સંભારીએ એમાં અમારાં મા-બાપ ને બધાં સગાંઓ આવી ગયાં. અમારું ફૅમિલી શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ. તને જેમ તારું ફૅમિલી યાદ આવે એવું ફૅમિલી અમારે ટળી ગયું ને આ બધા (સંતો) એ અમારું ફૅમિલી થઈ ગયું.'

સ્વામીશ્રી જે વાત કરી રહ્યા હતા એ આર્યન માટે ન સમજાય એવી હતી, પરંતુ સ્વામીશ્રીએ સત્સંગ અને આધ્યાત્મિકતાનાં બીજ નાખી દીધાં.

•

૭-૬-૨૦૦૭, મોમ્બાસા

સ્વામીશ્રી અલ્પાહાર કરવા વિરાજ્યા એ દરમ્યાન યોગીજી મહારાજની વ્યવહારકુશળતા, નિરીક્ષણશક્તિ ને લાક્ષણિકતાનું વર્ણન કરતાં સ્વામીશ્રી કહે : 'યોગીજી મહારાજ આમ લાગે ભલા ભોળા, પણ અક્ષર મંદિરમાં આવે ને થોડી જ વારમાં બધી જ ખબર લઈ લે. ઘી-ગોળના કોઠારમાં બધે જ જાય ને 'કેમ છે ? શું છે ?' એ પૂછતાં પૂછતાં કોઈને ખબર પણ ન પડે ને બધું જાણી લે. ભંડાર માટે લાકડાં મગાવ્યાં હતાં. વેપારી સાથે સોદો કરેલો તે ખટારો ભરીને આવ્યા. સ્વામીએ આગ્રહ રાખ્યો કે 'વજન કરો.' જોખ્યાં તો ૫૦ મણનો ફેર નીકળ્યો. આમ, લાગે ભલા ભોળા, પણ સેવા કરાવવાની હોય તો મોટા સ્વામી બેઠા હોય તોય આમ આમ કરીને ગોંડલની સેવા કરાવી લે ને પાછા સેવા પહોંચી છે કે નહીં, એની ખાતરી પણ કરી લે.'

મહેન્દ્રભાઈ બૅરિસ્ટર કહે : 'આપની પ્રકૃતિ પણ યોગીજી મહારાજ જેવી જ છે.'

સ્વામીશ્રી કહે : 'એમની આગળ કાંઈ હિસાબ નહીં. આ બધું ચલાવે છે એ જ. પ્રેરણા પણ એ જ આપે છે. આપણે તો જે કંઈ સેવા થાય છે, મંદિરો થાય છે, એ બધું એમના પ્રતાપે છે.'

•

આફ્રિકા ખંડનું વિચરણ આજે પૂરું થવાનું હતું. આજે સ્વામીશ્રી અહીંથી સીધા અમેરિકા પધારવાના હતા. અલ્પાહાર તો પૂરો થઈ ચૂક્યો હતો. સામે છેલ્લાં દર્શન કરવા માટે ઘણા હરિભક્તો બેઠા હતા. બધા જ મૌન હતા.

થોડી વાર પછી સ્વામીશ્રીએ જ સામેથી કહ્યું : 'સમૈયો સારો થઈ ગયો. અલૌકિક કામ થઈ ગયું.

ઉત્સાહ, ઉમંગ ને બધાને એકરાગ. શતાબ્દી ઉત્સવમાં પણ તન, મન, ધનથી બધા સમર્પિત થઈ ગયા. તપ, વ્રત, સાધન, માળા એ બધું પણ બધાએ કેટલું કર્યું છે ! જીવમાં શ્રીજીમહારાજ અને સ્વામી બેસી ગયા છે, એટલે પાછું વાળીને કોઈનું જોયું નથી. 'શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ કેમ રાજી થાય ?' – એ જ વિચાર. આ વિચાર કાયમ રહે એટલે સુખિયા રહેવાય.'

છેલ્લે છેલ્લે વળી કહે : 'મોમ્બાસાની તો કાયમ સ્મૃતિ કરવી. રાણા ! રોજ કરજો, પાંચ ટાઈમ માનસીમાં સંભારજો, તો અંતરમાં આનંદ આવશે.'

•

આજે અમેરિકા જવા વિદાય થવાના હતા, છેલ્લો દિવસ હતો. જમીને સ્વામીશ્રી વિરાજમાન હતા, સામે હરિભક્તો બેઠા હતા. સૌને સ્વામીશ્રી કહે : 'સૌને આશીર્વાદ છે. સૌ રાજી રહેજો. અમારા સંતો વતી કોઈ ભૂલચૂક થઈ હોય તો માફી માગું છું. સંતો તો અલખ-નિરંજન કહેવાય. એમનાથી તમને કાંઈ બોલાઈ ગયું હોય, ચલાઈ ગયું હોય, તો એમના વતી અમારે હરિભક્તની માફી માગવી પડે ને !'

સ્વામીશ્રીનાં આટલાં લાગણીસભર વચનો સૌનાં અંતરના તારને ઝણહણાવી ગયાં. સૌની આંખોમાં ગદ્ગદભાવ જોવા મળતો હતો. કોઈ સામે બોલે એ પહેલાં જ સ્વામીશ્રી કહે : 'તમામનાં અંતરમાં મહિમા સહિતની ભક્તિ વધે. દરેકનો મહિમા સમજે તો સત્સંગમાં વાંધો ન આવે. જો મહિમા ન હોય તો સત્સંગમાં પણ સો પ્રશ્નો ઊભા થાય. કોનો સંબંધ છે ?! – એ ખ્યાલ રાખવો. સંબંધ છે એટલે એક દિવસ સ્વભાવ સુધરશે. આપણે આપણા જ દોષ અને સ્વભાવ ટાળવાના છે. આપણે અહીં કેવળ આપણા જ દોષ ટાળવા માટે આવ્યા છીએ. બીજાના દોષ ભગવાન ટાળશે. શાસ્ત્રીજી મહારાજ કહેતા કે 'આ ધૂળા ભગતનો મહિમા સમજાય તો મારો મહિમા સમજાશે.' એટલે આપણે પણ એવી મહિમાપૂર્વક દૃષ્ટિ રાખીએ તો ઉત્સાહ ને ઉમંગ કાયમ રહે. શ્રીજીમહારાજના સંબંધમાં લીંબડો આવ્યો તો ભલે કડવો છે, પણ આપણે એને પગે લાગીએ છીએ. એમ મહિમા સમજીને કાર્ય કરીએ તો અંતરમાં આનંદ રહે.'

મહેન્દ્રભાઈ બૅરિસ્ટર કહે : 'બાપા ! ભૂલ તો અમારી કહેવાય. માટે આપ કૃપા કરજો કે અમારી કોઈ ભૂલ થઈ હોય તો દયા કરજો, અને આપે બધાનાં મનનું સાચવી લીધું છે. આપનું સ્વાસ્થ્ય પણ સારું રાખજો, જેથી સૌને અનંત વર્ષો સુધી સુખ આવે. આપ બધાનાં મનનું સાચવીને આફ્રિકા પધાર્યા એ બદલ આપનો ખૂબ ખૂબ આભાર. પહેલાં તો એમ જ હતું કે આફ્રિકા રદ થશે.'

સ્વામીશ્રી કહે : 'આફ્રિકા તો શાસ્ત્રીજી મહારાજના જીવમાં હતું. નિર્ગુણ સ્વામીએ તો ઢગલે ઢગલા પત્રો આફ્રિકા લખ્યા હતા. જોગીબાપાને પણ જીવમાં હતું, તો પછી અમારે કેમ ન હોય ? પહેલાં ગૂંચ હતી, પણ ગૂંચ એવી નીકળી ગઈ કે રાજી થઈ ગયા. મને પણ આનંદ થઈ ગયો. ભેટંભેટા થઈ ગયું !'

ઘનશ્યામભાઈ પબારી કહે : 'બાપા ! તોય અમારી ભૂલ હોય તો માફ કરજો.'

સ્વામીશ્રી કહે : 'બીજા કોઈની ભૂલ ગણકારવાની જ ન હોય ! બધાનો પ્રેમ જ જોવાનો હોય ! કોઈના સ્વભાવ કે દેહ સામું જોવું નહીં, એટલે આનંદ આનંદ થઈ જાય.' વળી કહે : 'તને, મને, ધને બધાની ભક્તિ થઈ ગઈ. કોઈનોય અભાવ-અવગુણ જોવાનો નથી. સૌનો મહિમા સમજવાનો છે. જેમ મહારાજ પીરસતા હતા ને પર્વતભાઈને આનંદ આનંદ થતો હતો, નાચતા હતા. કાઠીઓને શંકા ગઈ પણ એમને ન ગઈ. એમને તો એમ જ કે 'તમારા જેવા ભગવાન પીરસનારા ક્યાંથી મળશે ? ભલે ઘી ઢોળાય પણ મહારાજ ઢોળનારા ક્યાંથી ?' એમ યજ્ઞેશે પણ કર્યું – જે આવે એ જમે, રહે, કથા સાંભળે.'

•

બાયપાસ વખતે ગ્રાફ્ટીંગમાં જે પગની નસ કાઢી હતી ત્યાં હજી પણ ડાઘ દેખાય છે. આ જોઈને આજે બાળક આર્યને સ્વામીશ્રીને પૂછ્યું : 'આ આપને શું થયું ? એક્સીડન્ટ થયો'તો ?'

'ના. બાયપાસ કરતી વખતે ત્યાંથી કાપ્યું હતું.'

બાળકભાવે આર્યન કહે : 'એવું કર્યું ત્યારે દુખ્યું હશે, કેમ ?'

સ્વામીશ્રી કહે : 'ના, ના, એ વખતે તો સમાધિમાં જ હતા. પાંચ કલાક કશી જ ખબર પડી ન હતી. ઊઠતાં

પણ વાર થઈ હતી. અહીંથી લીધું ને અહીં ચોટાડ્યું.' એમ કહેતાં સ્વામીશ્રીએ ઓઢેલું ગાતરિયું પહોળું કરીને બાપયાસ જ્યાં થયું હતું એ છાતીનો ભાગ ખુલ્લો કરીને દેખાડ્યો અને કહ્યું : 'અહીંથી લઈને અહીં ચોટાડ્યું, ને ચાલુ થઈ ગયું.'

વળી પાછા પેટના ભાગ ઉપર દેખાતા ચીરાને બતાવીને કહે : 'અહીં ગાંઠ (ગોલબ્લેડરની) હતી. આ કાપો એનો છે. બે વખત આવી રીતે થયું.'

એક નાના બાળક સાથેની આ ગોઠડીમાં છલકતી એમની સરળતા હૃદયસ્પર્શી હતી.

•

આજે ખાસ વિમાનમાં સ્વામીશ્રી અમેરિકા પધારી રહ્યા હતા. વિમાનમાં ત્રણ અમેરિકન પરિચારકો હતા. આ ત્રણેય પરિચારકો(સ્ટુઅર્ટ) સ્વામીશ્રીની ભજન-ભક્તિમય દિનચર્યા જોઈને પ્રભાવિત થયા હતા.

તેઓમાંના એક પરિચારક સ્વામીશ્રી તરફ જોઈને કહે : 'એમનામાં તો દિવ્યતા જ લાગે છે. સ્વામીજીને જોતાં મને અંતરમાં પ્રેમ ઊભરાય છે.'

સ્વામીશ્રીએ એ વાતને ટાળી અને આનંદસ્વરૂપ સ્વામીને કહ્યું કે 'આ હરિકૃષ્ણ મહારાજનો મહિમા કહો.'

આનંદસ્વરૂપ સ્વામીએ હરિકૃષ્ણ મહારાજના મહિમાની વાત કર્યા પછી કહ્યું કે 'સ્વામીશ્રીની આ વિશેષતા છે. તેઓ ક્યારેય પોતાનાં વખાણને ગણકારતા નથી. તેઓ અહંશૂન્ય છે.'

પેલા સ્ટુઅર્ટ કહે : 'માણસને અભિમાન આવે તો એ આગળ વધતો અટકી જાય. હું જોઈ શકું છું એમનું હૃદય શુદ્ધ છે. I can fill it. હું બહુ ભાગ્યશાળી છું કે મને આવી મુસાફરી કરવાનો લાભ મળ્યો. મારી નોકરી આ નથી, પણ મારા માટે આ સુભગ અકસ્માત છે.'

સ્વામીશ્રીએ તેઓને દારૂ-માંસ છોડી દેવાનો નિર્દેશ કર્યો.

વળી, બીજા સ્ટુઅર્ટને બોલાવ્યા ને સામેથી જ પૂછ્યું : 'તમારે કંઈ પૂછવું છે ?'

૫૦ હોય કે ૫૦૦ કે બે-ત્રણ, દરેકને સાંભળવા માટે સ્વામીશ્રીની તત્પરતા એવી જ હોય છે.

પેલા કહે : 'મને પૂછતાં સંકોચ થાય છે.'

સ્વામીશ્રી કહે : 'સંકોચ ન રાખવો. તમારા મનમાં જે કંઈ હોય એ પૂછો.'

સ્ટુઅર્ટ કહે : 'મને કોઈ વાર શાંતિનો અનુભવ થાય છે, પણ મોટા ભાગે એકલવાયાપણાનો જ અનુભવ થાય છે. બીજાને જ્યારે દુ:ખી જોઉં છું, ત્યારે એમ થયા કરે છે કે 'મારી શાંતિ હું બીજાને કઈ રીતે આપી શકું ?' હું લોકો પાસે હૃદય ખુલ્લું કરું, પણ પછી લોકો જ મારો દુરુપયોગ કરે છે.'

સ્વામીશ્રી કહે : 'બીજા તો વાત સાંભળીને ગેરરસ્તે દોરે. એટલે જ આધ્યાત્મિક પુરુષોને ઓળખવા, ને તેઓ જે વાત કરે ને લાઇન બતાવે એ પ્રમાણે વર્તીએ તો શાંતિ થાય.'

સ્ટુઅર્ટ કહે : 'હું ઘણા ધાર્મિક પુરુષોને મળેલો છું, પણ એ બધા બોલવામાં શૂરા હોય છે. આધ્યાત્મિક માણસો બહુ ઓછા હોય છે. આપની સાથે સમય વીતાવતાં હું અનુભવી શક્યો છું કે આપ આધ્યાત્મિક પુરુષ છો. આપ જે રીતે દૃષ્ટિ કરો છો એ જોતાં એવું લાગે છે કે આપ અંદરથી પણ અત્યંત સ્વસ્થ છો. ને આપની આંખોમાં, મનમાં બીજો કોઈ આશય છુપાયેલો નથી. મને વિશેષ કાંઈ કહેવાની આપને કંઈ ઇચ્છા છે ?'

સ્વામીશ્રી કહે : 'તમે જેને માનતો હો એની આગળ તમારે 'ઓપન' (ખુલ્લા હૃદયે નિષ્કપટ) થવું. અને જે ધર્મમાં માનતા હો એનાં પુસ્તકોનું વાંચન કરવું. આધ્યાત્મિક વાતો રોજ રોજ વાંચીને, રોજ રોજ તે મુજબ કરતા જશો તો ખાલીપો નહીં લાગે.'

સ્ટુઅર્ટ કહે : 'આપે એ વાત કરી, પણ હજી સુધી મેં કોઈ ભગવાનને પસંદ કર્યા જ નથી, તો મારે શું કરવું ?'

સ્વામીશ્રી કહે : 'અમે તને મૂર્તિ આપીશું. એનું તું ધ્યાન કરજે અને ત્યાર પછી અનુભૂતિ કરજે કે કેવી શાંતિ મળે છે !'

સ્ટુઅર્ટની મુમુક્ષુતા સ્વામીશ્રી પારખી ગયા હતા. એટલે સ્વામીશ્રીએ સામેથી એને મંત્ર આપ્યો ને મૂર્તિ આપી. આનંદસ્વરૂપ સ્વામીને સ્વામિનારાયણનો અર્થ સમજાવવા આદેશ આપ્યો. તેઓની મુલાકાત પૂરી થતાં સ્ટુઅર્ટ બોલી ઊઠ્યા કે 'હું આપને ક્યારેય નહીં ભૂલું.'

હવે ત્રીજા સ્ટુઅર્ટનો વારો આવ્યો. એ વધારે મુમુક્ષુ, મળતાવડા અને નિખાલસ પણ હતા. એ કહે : '૪૨,૦૦૦ ફૂટની ઊંચાઈ ઉપર આપને કેટલા મળતા હશે ? અમે ભાગ્યશાળી છીએ કે આપને મળી શક્યા ! આપે અમને

વાત કરી એ બદલ આપનો આભાર માનું છું. આપની આ Kindness છે, એ મને હંમેશાં યાદ રહેશે.'

આજે મોમ્બાસાથી ઠાકોરજીના થાળ માટે લીધેલી રસોઈનો મહાપ્રસાદ ભોજન પણ સ્વામીશ્રીની સૂચના મુજબ આ સૌ સ્ટુઅર્ટને તથા પાઈલટોને આપવામાં આવ્યું હતું. તેનો નિર્દેશ કરતાં તે કહે : 'ભારતીય ભોજન બહુ જ સ્વાદિષ્ટ છે. મન અને આત્માને પ્રસન્ન કરનારું છે.'

આનંદસ્વરૂપ સ્વામી કહે : 'સ્વામીશ્રીનો એવો આગ્રહ હોય છે કે કોઈપણ રસોઈ ભગવાનને ધરાવ્યા પછી જ જમવી.'

'હું પણ રસોઇયો જ છું, પણ મારા રાંધવામાં આટલી ખામી છે.' પેલાએ પોતાની ભૂલ સ્વીકારી. જાણે તેને ભોજનને સ્વાદિષ્ટ બનાવવાની નવી 'રેસીપી' મળી ગઈ !

સ્વામીશ્રીએ તેની વાતમાં રસ લીધો ને પોતાની વાતમાં ઢાળતાં કહે : 'માંસાહારનું કેમ છે ?'

એ કહે : 'મને એમાંથી મારું પ્રોટીન મળે છે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી અસંમત હોય એમ વિશ્વવિહારી સ્વામી વગેરેની સામે દૃષ્ટિ કરીને બતાવ્યું કે 'આ લોકોમાં પ્રોટીન ઓછું છે ?'

પેલા હસી પડ્યા, એટલે આનંદસ્વરૂપ સ્વામી કહે : 'તમે આ દિશામાં કંઈ કરશો ?'

તેઓ કહે : 'સ્વામીજીની ઇચ્છા હશે એ હું કરીશ, એ વચન આપું છું.'

'તમે શાકાહારી થવા પ્રયત્ન કરો. ભગવાન બળ આપશે. હાથી ક્યાં માંસાહાર કરે છે ? કોઈ પશુને મારીને, કાપીને માંસ આવે છે. કોઈને દુખવીને આપણે શું કામ આનંદ લેવો ? કોઈને મારીને આપણે શા માટે જીવવું ? આપણે પણ જીવીએ અને એને પણ જીવવા દઈએ. પ્રાણીને મારીને ખાવ છો ત્યારે તેને મરતી વખતે જે તરફડાટ અને દુ:ખ થાય છે એ દુ:ખ પણ ભેગું જ આવે છે. અને એની પણ આપણા શરીર ઉપર અસર થાય છે.'

એ કહે : 'આપે જે વાત કરી એ હું સમજી શક્યો છું. પ્રાણીને મારીએ ત્યારે દુ:ખ પણ ભેગું આવે છે. આ વિચાર મને ક્યારેય આવ્યો નહોતો.'

સ્વામીશ્રી કહે : 'અમે વરસોથી નથી ખાતા ને અમારા જેવા કરોડો લોકો વેજિટેરિયન છે. એ બધાને કાંઈ વાંધો નથી આવતો, તો તમને પણ નહીં આવે.'

તેઓ કહે : 'થોડું અઘરું પડશે, પણ પ્રયત્ન કરીશ.'

સ્વામીશ્રી કહે : 'ભગવાન બળ આપશે. આપણે આપણા પેટને કબ્રસ્તાન શું કામ બનાવવું ?'

પેલો કહે : 'મને ચીઝબર્ગર બહુ ભાવે છે. જ્યારે જ્યારે આ ખાવાનું મન થશે ત્યારે આપની સામે જોઈશ ને મનમાં વિચારીશ કે સલાડ ખાવ, સલાડ ખાવ.'

સ્વામીશ્રી તેના આ સદ્‌વિચારથી પ્રસન્ન થયા.

સ્વામીશ્રીએ જે પોતાના સંગમાં આવે એ સૌને એક કદમ ઊંચા લાવવાની જાણે પ્રતિજ્ઞા જ લીધી હોય એ રીતે લગભગ કલાક - સવા કલાક જેટલો ત્રણેયની સાથે સમય ગાળ્યો.

છેલ્લે સ્ટુઅર્ટ કહે : 'આપની સેવા કરવાની તક મળી એ બદલ આભાર. હું વિમાનનું વાતાવરણ અનુભવી શકું છું. આ વાતાવરણ અત્યંત હૂંફાળું છું. જેમાં કૌટુંબિક આત્મીયતાનું દર્શન થાય છે. મારા માટે આ બધું આશ્ચર્યકારક છે. મને મંદિરે આવવાનું તમે આમંત્રણ આપ્યું એ પણ મારા માટે આશ્ચર્યકારક છે. હું જરૂર આવીશ.'

•

૯-૬-૨૦૦૭, શિકાગો

એટલાન્ટામાં બંધાઈ રહેલા ભવ્ય શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા કરવાનું આમંત્રણ આપવા માટે એ ક્ષેત્રના આગેવાન હરિભક્તો અને સંતો આવ્યા હતા. સ્વામીશ્રી અલ્પાહાર કર્યા બાદ તે જ આસન ઉપર વિરાજિત હતા. શાંતમૂર્તિ સ્વામીએ એટલાન્ટા મંદિરના નિર્માણની ભૂમિકા બાંધી. સ્વામીશ્રીએ સામેથી કે.સી. પટેલની સેવાઓ યાદ કરાવી. મંદિરની જમીનની વાત આવતાં જ સ્વામીશ્રીની નજર હરિભક્તો તરફ ફરી વળી. સ્વામીશ્રી તુષારભાઈને શોધતા હતા. સ્વામીશ્રી કહે : 'પેલો તુષાર ક્યાં ગયો ? મંદિર માટે દસ દિવસમાં જમીન શોધીને લાવ્યો ને અઢાર દિવસમાં તો બધું પાકું થઈ ગયું.'

સ્વામીશ્રી નાના-મોટા કોઈને ભૂલતા નથી, એ વાતની સૌને પ્રતીતિ આવી.

•

જમ્યા પછીની મુલાકાતો દરમ્યાન 'ડેનિસ હીલ'માં

રહેતા પરેશભાઈ સ્વામીશ્રી પાસે આવ્યા. તેઓની આંખોમાં કૃતજ્ઞતા હતી, ગળું ભરાયેલું હતું. સ્વામીશ્રીને કહે : 'ચાલીસ વર્ષથી મને તમાકુનું વ્યસન પડી ગયું હતું. કેટલાય પ્રયત્નો કર્યા પણ છૂટતું ન હતું, પરંતુ એક વખત મેં મનમાં આપનું સ્મરણ કર્યું ને આપના સ્મરણનો એવો ચમત્કાર જોયો કે આપના સ્મરણ-માત્રથી મારી ચાલીસ વર્ષની તમાકુ છૂટી ગઈ.'

•

જમ્યા પછી સ્વામીશ્રી હરિભક્તોને મળી રહ્યા હતા. એ દરમ્યાન મંદાર નામનો નાનો શિશુ કુતૂહલ, જિજ્ઞાસા અને આશ્ચર્યભાવે સ્વામીશ્રીને જોતો હતો. એનાથી રહેવાયું નહીં એટલે મુલાકાતીઓમાંથી માર્ગ કરીને સ્વામીશ્રીના આસન પાસે પહોંચી ગયો. પગથી ઊંચો થઈને, હાથ લંબાવીને ગભરાયા વગર સ્વામીશ્રીને કહે : 'જય સ્વામિનારાયણ, બાપા !'

સ્વામીશ્રી હરિભક્તોને મળી રહ્યા હતા, પરંતુ ધ્યાન ખેંચવા માટે જ મંદારે બે-ત્રણ વખત 'જય સ્વામિનારાયણ' કહ્યા, એટલે સ્વામીશ્રીએ એના તરફ જોયું. એનો નાનકડો હાથ ઝાલી લીધો અને એને સામે 'જય સ્વામિનારાયણ' કહ્યા. એટલે આશ્ચર્ય સાથે પેલા મંદારે સ્વામીશ્રીને જ પૂછ્યું કે 'તમે રીયલ સ્વામીબાપા છો ? તમે બોલો ચાલો એવા સ્વામીબાપા છો ?'

સ્વામીશ્રી કહે : 'હા. બરાબર છે. રીયલ છે.'

અત્યાર સુધી ફોટામાં સ્વામીશ્રીનાં દર્શન કરીને સ્વામીમય થયેલા આ બાળકનું આશ્ચર્ય બેવડાયું. એને તો હાલતા-ચાલતા રીયલ સ્વામીબાપા મળ્યા એનો એટલો આનંદ થયો હતો કે સ્વામીશ્રીનો હાથ જ છોડતો ન હતો. આશ્ચર્ય સાથે સ્વામીશ્રીની બધી જ ક્રિયાઓ એ નિહાળતો રહ્યો. વળી, સ્વામીશ્રીથી છૂટો પડ્યા પછી પણ એના વડીલો સાથે 'સ્વામીબાપાએ મને આમ આશીર્વાદ આપ્યા ને તેમ આશીર્વાદ આપ્યા' એ વાત જ ઘૂંટતો રહ્યો.

જેમના વ્યક્તિત્વમાંથી પૂર્ણ દિવ્યતા જ ફોરે છે, એને જ નાનું શિશુ-હૃદય પણ આટલું ચાહી શકે ને !

•

એક ગુજરાતી યુવક આવ્યો. એનું નામ ડેનિસ હતું. એ સાંભળતાં સ્વામીશ્રી હસીને કહે : 'લોકો ડામીસ કહેશે.'

'મારે નામ બદલવું જ છે.'

'હરિકૃષ્ણ રાખજે.' સ્વામીશ્રીએ એનું નામ બદલી આપ્યું.

•

૧૦-૬-૨૦૦૭, શિકાગો

મુલાકાતો દરમ્યાન અક્ષર નામનો એક બાળક સ્વામીશ્રી પાસે આવ્યો. એ કહે : 'પ્રમુખસ્વામીને મળવું છે.'

નાના બાળકની આવી જિજ્ઞાસાવૃત્તિને સ્વામીશ્રીએ શાંતિથી પ્રતિસાદ આપતાં કહ્યું : 'બોલ, શું મળવું છે ?'

પેલો બાળક કાંઈ બોલી શક્યો નહીં, પરંતુ ફોટામાં જોયેલા સ્વામીશ્રીને આ રીતે વાતચીત કરતાં જોઈને અવાક્ થઈ ગયો.

•

રથિન રાવળે સ્વામીશ્રીને વાત કરતાં કહ્યું : '૮૬ વરસે માણસ વૃદ્ધ હોય એટલે બધી જાતની પકડ ઢીલી પડતી જાય. જુવાન માણસ વસ્તુને જેટલી મજબૂતાઈથી ઝાલી શકે, એવી પકડ ઘરડા માણસમાં ન હોય.'

રથિનના વાતના આવા ઉપાડથી અજાણ સ્વામીશ્રી કહે : 'બરાબર છે. વૃદ્ધ અવસ્થામાં તો એવું જ હોય ને !'

રથિન કહે : 'પણ આપે ૮૬ વર્ષની ઉંમરે પણ ઐશ્વર્યને જે રીતે પકડી રાખ્યું છે એ ઐશ્વર્ય ઉપર પક્કડ હવે થોડી ઢીલી પાડો ને !'

રથિનના કહેવાના મર્મને સમજી ગયેલા સ્વામીશ્રી હસી પડ્યા અને ત્યાર પછી મુદ્દાની વાત કરતાં સ્વામીશ્રી કહે : 'આપણે કોઈ જાતની પક્કડ રાખી જ નથી. એક ભગવાનની પક્કડ રાખીએ છીએ અને શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની.'

સ્વામીશ્રી જાણે કહી રહ્યા હતા કે એક ભગવાનને રાખ્યા છે, એને લીધે જ બધી પક્કડ મજબૂતપણે રહે છે.

•

૧૧-૬-૨૦૦૭, શિકાગો

ભોજન દરમ્યાન કાર્યકરોનો પરિચય આપવામાં આવ્યો. દિવ્યચરણ સ્વામી કહે : 'કાર્યકરોને ઉત્સાહ બહુ છે અને નિષ્ઠા પણ છે, પરંતુ હજી તિલક-ચાંદલો કરતાં અચકાય છે. બધા તિલક-ચાંદલો કરીને જતા નથી.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી કહે : 'આપણે તિલક-ચાંદલો ભપકાબંધ કરીને જવું તો સામાવાળાની છાતી

ઠરી જાય.'

દિવ્યચરણ સ્વામી કહે : 'હવેથી બધા તિલક-ચાંદલો કરીને જશે.'

સ્વામીશ્રીની ઇચ્છાથી જે જે કાર્યકરો હવેથી તિલક-ચાંદલો કરવાના હતા એ સૌએ હાથ ઊંચા કર્યા, એટલે માર્મિક રીતે સ્વામીશ્રી કહે : 'આ દેશમાં તિલક-ચાંદલો કરવાની બંધી છે ?'

'ના, ના, ભારત કરતાં પણ વધારે છૂટ છે.'

સ્વામીશ્રી અજાણ્યા હોય એમ આશ્ચર્ય વ્યક્ત કરતાં કહે : 'એમ ! તો તો સારું કહેવાય.'

દિવ્યચરણ સ્વામી કહે : 'તિલક-ચાંદલો કરનારને તો અહીં લોકો માન આપે.'

સ્વામીશ્રી કહે : ''માન આપતા હોય તો તો રાજી થઈને તિલક-ચાંદલો કરવો. બે માણસ પૂછે કે 'આ શું છે ?' તો આપણને સ્વામિનારાયણની વાત કરવાની તક મળે. 'સ્વામિનારાયણ' શબ્દ કોઈના કાને પડી જાય તોય એનું કામ થઈ જાય.''

•

૧૨-૬-૨૦૦૭, શિકાગો

સત્સંગ પ્રસાર-પ્રચારની વાત નીકળતાં યજ્ઞેશ વિનુભાઈ પટેલ કહે કે 'દરિયાના પેલા છેડે મોમ્બાસામાં જેમ એક યજ્ઞેશ દેવાણી છે, એમ આ છેડે પણ બીજો યજ્ઞેશ છે જ. જેમ મોમ્બાસાથી યજ્ઞેશભાઈએ ચાર્ટર્ડ વિમાન કરીને આપને અહીં લાવવાની સેવા કરી, એમ અમેરિકામાં હું પણ યજ્ઞેશ છું. મારા જેવા ૫૦ વ્યક્તિઓને આપ મિલિયોનર બનાવી દ્યો ને લક્ષ્મીના ઢગલા કરી નાખો, તો આપને તો શું આપના સંતોને પણ સત્સંગ માટે જ્યાં જવું હોય ત્યાં ચાર્ટર્ડ વિમાન જ કરી આપીએ. માટે આપને વિનંતી છે કે લક્ષ્મીના ઢગલા કરી આપો.'

સ્વામીશ્રી યજ્ઞેશની આ વાતને સાંભળતા રહ્યા. થોડી વાર પછી ધીમે રહીને કહે : 'આપણને શ્રીજી-મહારાજે જે સ્થિતિમાં જે રીતે રાખ્યા છે એમાં રાજી રહેવું. જે સ્થિતિમાં હોઈએ એ સ્થિતિમાં જ આનંદ રાખવો.'

•

મુલાકાત દરમ્યાન અહીંના એક પ્રતિષ્ઠિત ડૉ. શૈલેન્દ્રભાઈ શાહ દર્શને આવ્યા. તેઓ કહે : 'વરસો પહેલાં કરજણ ગામમાં અમારું દવાખાનું હતું. એ વખતે આપનાં પ્રથમ વાર દર્શનનો લાભ મળ્યો હતો. આપનાં પ્રથમ દર્શને જ મારી સિગારેટ છૂટી ગઈ હતી. આપે મને કહેવાની પણ જરૂર પડી ન હતી. આજે પણ આપનું પ્રવચન સાંભળીને મારા સંશયો મટી ગયા.' આટલું કહેતાં તેઓએ સ્વામીશ્રીના હસ્તે વર્તમાન ધરાવીને કંઠી ધારણ કરી.

•

૧૩-૬-૨૦૦૭, શિકાગો

સ્વામીશ્રી જમી રહ્યા હતા. એ દરમ્યાન અચાનક કૌતુક થયું. કનુભાઈ અને શ્રેયસભાઈ પંડ્યા મંગળના ગ્રહની ભાષામાં બોલતા હોય એ રીતે ઝઘડવા માંડ્યા. 'અષ્ટમ્ પષ્ટમ્' અને 'અગડમ્ બગડમ્' ભાષામાં ઝઘડતા આ લોકોની ક્રિયાઓને જ સૌ હસતાં હસતાં જોતા રહ્યા.

તેઓનો ઝઘડો શાંત પડ્યો એટલે કનુભાઈએ એનું નિરૂપણ કરતાં કહ્યું કે 'બાપા ! અમારે ઝઘડો એટલા માટે હતો કે હું કહેતો હતો કે 'પ્રમુખસ્વામી મારા છે' ને આ શ્રેયસ કહે છે કે 'પ્રમુખસ્વામી મારા છે.' બોલો, આપ કોના છો ?'

સ્વામીશ્રી તરત જ કહે : 'જે ખરેખર ભગવાનની ભક્તિ કરે છે એના.'

સ્વામીશ્રીના આવા સચોટ અને માર્મિક ઉત્તરથી સૌ તાળી પાડી ઊઠ્યા.

સ્વામીશ્રીએ વળી ઊમેર્યું કે 'જે ધમાલ કરે એના નથી.'

•

શિકાગોની ખૂબ જાણીતી એલેક્સીયન બ્રધર્સ હૉસ્પિટલ(Alexian Brothers)ના સી.ઈ.ઓ. John Werrbach તથા Richard Dube તથા Jeff Deichner સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેઓ અનુક્રમે સી.ઈ.ઓ., અમેરિકન પ્રોવીન્સ ઑફ એલેક્સીયન બ્રધર્સના હેડ બ્રધર અને કાર્ડિયોવેક્સેલ્યૂર સર્વિસિસના ડાયરેક્ટર હતા. સ્વામીશ્રીના અહીંના રોકાણ દરમ્યાન આ હૉસ્પિટલમાં કોઈપણ પ્રકારની ઇમરજન્સીને પહોંચી વળવા માટેની વ્યવસ્થા તેઓના સૌજન્યથી પ્રાપ્ત થઈ હતી.

સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપતાં કહ્યું :

'તમે બહુ સારું કામ કરો છો. સાથે સાથે સમાજસેવાનું પણ કામ કરો છો, તો એનાથી બધાને લાભ થાય છે, ને સારી સેવા થાય છે.'

હેડ બ્રધર કહે : 'આપનો પણ આભાર. આ મંદિરમાં હું પહેલી વાર આવ્યો. મંદિર જોઈને પ્રભાવિત થયો છું. અહીંની આધ્યાત્મિકતા સૌથી વધુ સ્પર્શી ગઈ છે.'

સ્વામીશ્રી કહે : 'ધર્મની સાથે સાથે, માણસો જીવનમાં પણ કઈ રીતે આગળ વધે અને દેશને પણ વફાદાર કઈ રીતે રહે, એ કાર્ય અમે કરીએ છીએ.'

•

અહીંના સેવા વિભાગો પૈકી સ્વામીશ્રીના ભોજન દરમ્યાન પાણી વિભાગનો અહેવાલ મહેશભાઈ બારોટે આપ્યો. અહીંના મૂક કાર્યકર ભરતભાઈ ઠક્કરને સૌ 'ભરતભાઈ માલિક' કહીને સંબોધે છે. તેઓની સેવા પણ એવી છે.

સૌએ જ્યારે આ વાત કરી ત્યારે ભરતભાઈ કહે : 'બાપા ! હું માલિક શેનો ? હું તો દાસનો દાસ છું.'

સ્વામીશ્રી કહે : 'બીજા ગમે એટલા કહે, પણ આપણી પોતાની માન્યતા તો એ જ હોવી જોઈએ કે 'આપણે સેવક જ છીએ.' તમે સારી સેવા કરતા હો ને લોકોને કહેવાનો ભાવ થાય એ ખોટું નથી; પણ આપણી માન્યતા તો આ જ રહેવી જોઈએ કે 'જે કંઈ છે એ બધું ભગવાનને લીધે છે.'

•

હરિભાઈ સાધક (આણંદ) સ્વામીશ્રી પાસે છોલેલા નારિયેળના કદની એક વસ્તુ લઈને આવ્યા.

નિર્ભય સ્વામી કહે : 'આ શું છે ? કહો.'

સ્વામીશ્રી ઘડીભર જોઈ રહ્યા, પરંતુ ખ્યાલ ન આવ્યો એટલે હરિભાઈ કહે : 'આ ચીકુ છે.'

સ્વામીશ્રી ચીકુનું કદ જોઈને આશ્ચર્યચકિત થતા હોય એમ કહે : 'આ આટલું મોટું !'

હરિભાઈએ ઉપરનું ડીટું કાપ્યું, પણ એ ડીટું હાથમાંથી છટકી જતાં સીધું સ્વામીશ્રીનાં ચરણમાં પડ્યું.

એ ડીટું લઈને કનુ બારોટ ખાવા માંડ્યા. આ જોઈને સ્વામીશ્રી કહે : 'અલ્યા, ધરાવ્યા વગર ખાવા માંડ્યો ? આટલા વખતથી અહીં રહે છે ને એટલી ખબર નથી પડતી ?'

કનુભાઈએ શાંતિથી કહ્યું કે 'તમારાં ચરણમાં પડ્યું એટલે ધરાઈ તો ગયું જ ને !'

હરિભાઈએ અડધું કાપીને ચીકુનો ઠળિયો બતાવ્યો. ઠળિયો પણ પ્રમાણમાં એટલો જ મોટો હતો ! સ્વામીશ્રી કહે : 'કડક છે કે પોચો ?'

'તમે જ અડી જુઓ ને !' નારાયણચરણ સ્વામીએ કહ્યું.

સ્વામીશ્રી અડ્યા ને આશ્ચર્ય પામતા હોય એમ કહે : 'આ તો કડક છે !'

સ્વામીશ્રીના મુખ ઉપર 'ન જોયું હોત તો શું થાત ?' એવો ભાવ હતો ! આવાં ચરિત્રોમાંય સ્વામીશ્રીની બાળ-સહજ નિર્દોષતા સૌને માટે સદા સ્મરણીય બની રહે છે.

•

સ્વામીશ્રી સંસ્કૃતિ અને પ્રણાલિકાઓના પોષક છે, પરંતુ ક્યારેક સંસ્કૃતિના નામે વિકૃતિઓ પેસી ગઈ હોય એનાથી સ્વામીશ્રી ખિન્ન છે. એટલે એ સંદર્ભમાં યુવકોને કહે :

''આવી નવરાત્રીમાં આપણે જવાય જ નહીં, કારણ કે શ્રીજીમહારાજની આપેલી મર્યાદાઓ ત્યાં નથી. ત્યાં છોકરા-છોકરીનાં નૃત્ય થાય તો એમાંથી વિચારો બદલાય ને ખોટે માર્ગે જઈએ છીએ. માતાજીના ગરબા તો મહિમા ગાવા માટે છે, એને બદલે ડિસ્કો થઈ ગયો. પૈસા આપી જે તે ગાવાવાળાને બોલાવે, ને ટિકિટ લેવાની, ને એમાં જઈને લાવવાનું શું ? ધૂળ ! માટે એ માટે વિચાર રાખજો. અહીં પ્રોગ્રામો ગોઠવવા. નવરાત્રીમાં જઈ જીવન બગાડવું, વળી સત્સંગમાં ગૌણતા આવી જાય. માટે બરાબર બળ રાખજો. ભગવાન તમને બળ આપે એ આશીર્વાદ. બાર વાગ્યા સુધી અહીંયાં ઉત્સવ કરો ને ઘરે જઈને સૂઈ જાવ. મર્યાદામાં બધું જ થઈ શકે છે.''

•

મૃગેશ નામના એક યુવકે મુલાકાત દરમ્યાન કહ્યું કે 'એક આશીર્વાદ આપો કે કાંઈપણ થાય પણ મગજ તપી ન જાય. કંઈક પ્રસંગ બને ને મગજ તપી જાય છે.'

સ્વામીશ્રી રમૂજમાં કહે : 'અહીં તો બરફ બહુ પડે છે !'

આટલું કહ્યા પછી કહે : 'સત્સંગની વાતો સાંભળો એટલે શાંતિ થઈ જશે. સત્સંગ એ બરફ જ છે.

ભગવાનને રાજી કરવા સેવા કરો છો તો ધીમે ધીમે મગજ શાંત થઈ જશે.'

•

૧૪-૬-૨૦૦૭, શિકાગો

મુલાકાતો દરમ્યાન એક અંતર્દૃષ્ટિવાળા યુવકે આવીને સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! મારો સ્વભાવ સુધારો, હરિભક્તોનો ને ક્યારેક સંતોનો પણ અવગુણ આવી જાય છે.'

સ્વામીશ્રી કહે : 'આપણે આવું કંઈ થાય ત્યારે શ્રીજીમહારાજને સંભારવા, શ્રીજીમહારાજને પ્રાર્થના કરવી. આપણે કોઈનું જોવા આવ્યા નથી. પોતાનું જ જોવાનું છે કે જે કંઈ ભૂલ છે, એ મારી છે. આપણી ભૂલ થતી હોય તો એ સુધારવી ને પ્રાર્થના કરતા રહેવું.'

•

આજે ન્યૂજર્સીથી આઠ સંતો આવ્યા હતા – હરિદર્શન સ્વામી, યોગીકીર્તન સ્વામી, મંગલસ્વરૂપ સ્વામી, હરિતીર્થ સ્વામી, વિવેકનિધિ સ્વામી, ભક્તેશમુનિ સ્વામી, હરિપ્રિય સ્વામી તથા ઘનશ્યામસેવા સ્વામી.

આસન દરમ્યાન અમુક સંતો સ્વામીશ્રીના પલંગની બરાબર સામે બેઠા હતા. રોજ આસન પછી સ્વામીશ્રી પડખાભર ઊભા થઈને પલંગની ધાર ઉપર બેસે છે, પરંતુ સન્મુખ બેસતાં સ્વામીશ્રી કહે : 'સંતો તપસ્વી છે, ને આટલો દાખડો કરે છે, તો એમનાં સન્મુખ દર્શન થાય એ સારું ને ! કેટલું બધું વિચરણ કરીને આવ્યા !'

સામે બેઠેલા ઘનશ્યામસેવા સ્વામીએ બે મહિનાનાં ધારણાં-પારણાં કર્યાં હતાં ને આજે છેલ્લા બે દિવસનો સળંગ નિર્જળ ઉપવાસ હતો.

આ સાંભળતાં સ્વામીશ્રી કહે : 'સાધુ બધા બહુ તપ કરે છે. સત્સંગી ને હરિભક્તો બધાં ધારણાં-પારણાં ને કેટલાંય વ્રતો કરે છે. આ દેશમાં તપ કરવું કઠણ. અનેક વાનગીઓ દેખાય ને મન લલચાઈ જાય.'

ઘનશ્યામસેવા સ્વામી કહે : 'આપનું બળ છે એટલે વાંધો નથી આવતો.'

સ્વામીશ્રી કહે : 'જીવમાં દૃઢ છે એટલે વાંધો ન આવે, નહીં તો એમ થઈ જાય કે ખાઈ લઈએ.'

ઘનશ્યામસેવા સ્વામી કહે : 'સારંગપુરમાં ટ્રેનિંગમાં હતા ત્યારે એક વખત મારા પેટ ઉપર આપે હાથ ફેરવ્યો હતો, ત્યારથી ભૂખ જેવું લાગતું જ નથી !'

•

વિવેકનિધિ સ્વામી કહે : 'અમે જ્યાં જ્યાં પધરામણીએ જઈએ છીએ ત્યાં બધા જ કહે છે કે 'સ્વામીશ્રી અહીં આવી ગયા છે.' આપે ખૂબ જ શ્રમ વેઠીને વિચરણ કર્યું છે.'

સ્વામીશ્રી કહે : 'તે દહાડે શરીર સારું હતું, એટલે ચાલતું'તું. ૧૯૭૭માં તો બધે મૉટલમાં જ ગયા હતા. તે ઘડીએ મૉટલોમાં ઊતરતા. રાત રહીને સવારે ધમધોકાર પધરામણીઓ ચાલે.'

વિવેકનિધિ સ્વામી કહે : 'એને લીધે જ અહીં સત્સંગ વધ્યો છે.'

સ્વામીશ્રીએ છાત્રાલયોને યાદ કરતાં કહ્યું કે 'અહીં છાત્રાલયનો પ્રતાપ ઘણો છે. છાત્રાલયના યુવકો જ્યાં ગયા ત્યાં સક્રિય થઈ ગયા. જોગીબાપાનો સંકલ્પ હતો એ પ્રમાણે બધાએ સત્સંગ રાખ્યો.'

•

યહૂદી ધર્મના આંતરધર્મીય સંવાદના પ્રવક્તા ડેવિડ રોઝેન આજે સ્વામીશ્રીને ખાસ મળવા આવ્યા હતા. હાર પહેરાવીને સ્વામીશ્રીએ તેઓનો સત્કાર કર્યો. તેઓ સોફા ઉપર બેઠા. દિલ્હીમાં અક્ષરધામ જોયા પછી તેઓને અક્ષરધામના સર્જક સ્વામીશ્રીને મળવાની ખૂબ જ ઇચ્છા હતી, એટલે જ તેઓએ કહી રાખ્યું હતું કે 'મારે પ્રમુખસ્વામીને મળવું છે.' અમેરિકામાં આવો સુયોગ પ્રાપ્ત થશે એવી તેઓને કલ્પના જ ન હતી. આ વાતથી તેઓએ વાર્તાલાપનો પ્રારંભ કર્યો.

શ્રી ડેવિડ કહે : 'અદ્‌ભુત ! હું એમ માનું છું કે વિશ્વનું સુંદરતમ સ્થાપત્ય ત્યાં (અક્ષરધામમાં) છે. ત્યાં જઈને હું ઘણું શીખ્યો છું.' આટલું કહીને તેઓ કહે : 'ભગવાનની કૃપાથી જ આપણે અહીં ભેગા થઈ શક્યા.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનની ઇચ્છા સિવાય તો કાંઈ બનતું જ નથી ને !' પછી કહે : 'એકબીજાને મળવાથી આપણે નજીક આવી શકીએ છીએ.'

શ્રી ડેવિડ કહે : 'બરાબર છે. મને પણ એમ જ લાગે છે. ભવિષ્યમાં આ રીતે આપણે મળતા રહીશું. વિશ્વના કોઈપણ દેશમાં કોઈપણ સ્થળે આપનું માર્ગદર્શન મળે, જેથી ભેગા કામ કરીને વિશ્વમાં શાંતિ સ્થાપી શકાય.'

સ્વામીશ્રી કહે : 'દરેકનો ધર્મ છે એટલે એ ધર્મમાં દરેકને દૃઢતા હોય જ, પણ પરસ્પર મળવાથી એક-બીજાને સમજવાની એક તક ઊભી થાય છે. તેમાં સમજવાનું એક જ છે કે 'પોતપોતાના ઇષ્ટદેવ પ્રત્યેની શ્રદ્ધા અડગ હોવી જોઈએ, અને આદર દરેક ધર્મનો હોવો જોઈએ.' બીજાના ધર્મનું કોઈ ખંડન ન કરે અને આદર રાખે, તો ધર્મના નામે થતા ઝઘડા ન થાય ને વિશ્વમાં જે શાંતિ કરવા માગીએ છીએ એ થઈ જાય. આપણે આપણામાં દૃઢ રહેવું ને બીજાને આદર આપવો. કોઈના પણ ખંડન-મંડનથી વેરઝેર ઊભા થાય છે, પણ પોતપોતાની રીતે જે લોકો જે કરતા હોય એ સારું જ છે.'

શ્રી ડેવિડ કહે : 'હું એમ માનું છું કે ભગવાન સ્વામિનારાયણનો સંદેશો આપવા માટે આપ જ એક યોગ્ય પાત્ર છો.'

સ્વામીશ્રી કહે : 'ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રી લખતાં જણાવ્યું છે કે 'અમારી આ શિક્ષાપત્રી સર્વજીવહિતાવહ છે.' કોઈપણ ધર્મનો હોય, કોઈપણ નાત-જાતનો કે દેશનો હોય; દરેક માટે એમણે લખી છે. એમાં એમણે લખ્યું છે કે 'ક્યારેય કોઈનું ખરાબ ન થાય, કોઈને દુઃખ ન થાય, એ રીતે રહેવું. દરેક ધર્મ પ્રત્યે પ્રેમ રાખવો.' સંતો એ આદેશ પ્રમાણે જ ફરે છે. ને બીજું વ્યસનમુક્તિનું કામ બહુ મોટું છે. વ્યસન-મુક્તિની સાથે સાથે આજે વિજ્ઞાનના વધવાથી ટી.વી. વગેરેમાં ઘણી જાતના દુરાચાર ને બીજું ઘણું બધું થાય છે. એ બધામાંથી પાછી વૃત્તિ વળે ને સદાચારના માર્ગે ચાલે તો માણસ સુખી થાય. લોકો વિવેક વગરનું જુએ છે એટલે હાનિ થાય છે, ને મારામારી થાય છે.'

શ્રી ડેવિડ કહે : 'વિજ્ઞાન સાધન આપે છે, ને ધર્મ દિશા આપે છે. ને એટલું જોવા મળે છે કે જ્યાં ધર્મ નથી ત્યાં વિજ્ઞાનનો દુરુપયોગ થાય છે.'

વળી, આંતરધર્મીય સંવાદના સંબંધમાં તેઓ કહે : 'દિલ્હીમાં જ્યારે હિંદુ-યહૂદીઓની કૉન્ફરન્સ થઈ, તે વખતે જુદા જુદા રબાઈઓ ભેગા થયા હતા. એમાં મોટા ભાગના ઓર્થોડોક્સ હતા. વિચારધારાઓમાં અમારા પણ ફાંટા છે. ઘણા એવા છે કે બીજાનો સ્વીકાર ઓછો કરી શકે. પણ બીજા ઘણા એવા છે કે જેઓ બીજા ધર્મ પ્રત્યે સહિષ્ણુ હોય. હું એક વખત આયર્લૅન્ડનો ચીફ રબાઈ હતો, દક્ષિણ આફ્રિકાનો પણ ચીફ રબાઈ હતો અને ઓર્થોડોક્સ હોવા છતાં હું બીજા ધર્મ પ્રત્યે સહિષ્ણુ છું. હું એમ માનું છું કે બધા એક લેવલના ના હોઈ શકે, છતાં એકબીજા પ્રત્યે બધાએ સહિષ્ણુ થવું જોઈએ. પોતામાં દૃઢતા રાખીને બીજાને સ્વીકારવાની જરૂર છે.'

સ્વામીશ્રી કહે : 'મેં પહેલાં એ જ કહ્યું ને કે જો આટલું સમજી શકે તો તકરાર ન થાય ને એકબીજાની નજીક અવાય.'

શ્રી ડેવિડ કહે : 'વિવિધતા એ પણ ભગવાનની એક ગ્લોરી(મહાનતા) છે.'

આ રીતે સ્વામીશ્રી તેઓને શાંતિથી મળ્યા અને પરસ્પર સંવાદ થયો.

છેલ્લે હિન્દુ પ્રણાલી મુજબ સ્વામીશ્રીએ તેઓના જમણા હાથે નાડાછડી બાંધી ને એક માળા ભેટમાં આપી. તેઓ બોલી ઊઠ્યા : 'અમારામાં પણ આવી વિધિઓ હોય છે. અમારાં શાસ્ત્રોમાં આવી કોઈ મહાન વ્યક્તિ હોય એને એવી શુભેચ્છા આપવામાં આવે છે કે 'તમે ૧૨૦ વર્ષના થાવ.' હું પણ આપને આ શુભેચ્છા આપું છું.'

•

રાત્રે આરામનો સમય થઈ ગયો હતો. આરામકક્ષમાં સ્વામીશ્રી પલંગ ઉપર પધાર્યા. એક પગ વાળીને બેઠા, બીજો પગ હજી નીચે હતો ત્યાં સામે આવેલા કાચની પેલે પાર દૃષ્ટિ કરી ને એકદમ હસી પડ્યા. બહાર બેઠેલા દર્શનાર્થીઓમાં સૌથી આગળ સાત-આઠ શિશુઓ ઊભા હતા. વચ્ચે કાચ હતો તેથી એકબીજાનો અવાજ સાંભળી શકાય તેમ નહોતો. આથી, શિશુઓએ સાંકેતિક વાર્તાલાપ આદર્યો. સ્વામીશ્રીને જોતાંવેંત આ શિશુઓએ એક સાથે હાથ ઊંચો કરી આંગળી ગોળ ગોળ ફેરવી. સ્વામીશ્રી પણ શિશુ બની ગયા ને તેઓની સામે હાસ્ય વેરતાં વેરતાં સ્વામીશ્રીએ એ જ રીતે હાથ ઊંચો કરીને, એક આંગળી ઊંચી કરીને વધારે જોરથી ગોળ ગોળ ફેરવી. અનુકરણશીલ બાળકોએ તરત જ સ્વામીશ્રીની ક્રિયાનું અનુકરણ કર્યું. સ્વામીશ્રીએ તરત જ મુદ્રા બદલી અને એક તાલી આપી. બાળકોએ બહાર રહ્યાં રહ્યાં તાળી પાડવા માંડી. એટલે તરત જ સ્વામીશ્રીએ તાળીની ઝડપ વધારી અને નાના નાના છોકરાઓ પણ કિલકિલ હસતાં હસતાં તાળીની ઝડપ

વધારવા લાગ્યા. બંને શિશુઓની આવી સમસા-ગોષ્ઠિ જોઈ રહેલા હરિભક્તો, સંતો પણ તાળી પાડી ઊઠ્યા. સ્વામીશ્રી ઝડપથી મુદ્રા બદલતા જતા હતા અને શિશુઓ અનુકરણ કરતા જતા હતા.

સ્વામીશ્રીએ છેલ્લે બે હાથ જોડીને નમન કર્યા ને બધા જ શિશુઓ નમી પડ્યા. સ્વામીશ્રીને આ જ શિખવવું હતું, પરંતુ બાળકની રીતે !

•

નિયમિત રીતે રસોડા વિભાગમાં સેવા કરવા માટે આવતા નિવૃત્ત અને વૃદ્ધ હરિભક્તો સ્વામીશ્રીના અલ્પાહાર દરમ્યાન દર્શનનો લાભ લેવા બેઠા હતા. તેઓએ આપેલાં ભોગ અને સમર્પણની વાત વ્યવસ્થાપકે કરી. સ્વામીશ્રીએ સ્વાભાવિકપણે કનુભાઈ બારોટની સામે જોઈને પૂછ્યું : 'કનુ ! આમાં તારો રોલ શું છે ?'

વિવેકમૂર્તિ સ્વામી કહે : 'બધાને ભેગા કરી આપે એ.'

પ્રકાશભાઈ કહે : 'કનુભાઈ બધાને હસાવે, રમાડે અને સેવામાં જોડે. એના જેવું બોલતાં આપણને ફાવે નહીં.'

સ્વામીશ્રી કહે : 'બારોટને તો બોલવાનું જનમથી જ હોય !'

કનુભાઈએ લાગ જોઈને કહ્યું : 'જન્મથી એ સંસ્કાર તો છે જ, પણ આ વખતે તો છેલ્લો જન્મ જ ને ?'

સ્વામીશ્રી કહે : 'એવી શંકા જ કેમ થાય છે ? તારો શું ? બધાનો છેલ્લો જન્મ ! ધંધા-પાણી કે વ્યવહારની ચિંતા કર્યા વગર આ બધા હરિભક્તો સેવામાં જોડાય છે, તો બાઈ-ભાઈ આ બધાંનો છેલ્લો જન્મ ! મહિમાથી સૌ સેવા કરે છે, વેઠ જેવું નહીં. એટલે આમાં પૂછવાનું છે જ ક્યાં ?'

સ્વામીશ્રીએ કેવળ અહીં નહીં, પરંતુ શ્રીજી-મહારાજ અને સ્વામી માટે સેવા કરતા તમામે તમામને આવું અભૂતપૂર્વ વરદાન આપી દીધું !

•

૧૫-૬-૨૦૦૭, શિકાગો

મુલાકાતો દરમ્યાન વોશિંગ્ટનથી આવેલા બાળક યોગીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'હું કોણ છું ?'

'તને ખબર નથી ?' સ્વામીશ્રીએ સામે પૂછ્યું.

એટલે એ કહે : 'આત્મા.'

'હા. એમ બોલ ને ! શિખવાડ્યું તો છે તને !'

સ્વામીશ્રીને યોગી સાથે જુદો નાતો છે. નાના બાળકમાં પણ આ જ્ઞાન સિદ્ધ થાય એવી રીત સ્વામીશ્રી સહેજે જ આચરે છે.

•

મુલાકાતને અંતે આજે ત્રણ અમેરિકન દર્શને આવ્યા હતા. એક હતા 'વ્હીટન(Wheaton) ઈલીનોય સ્ટેટ'ના રીપ્રેઝન્ટેટીવ રેન્ડી રેમી (Randy Ramey), બીજા હતા 'બ્લૂમીંગ ડેલ ટાઉનશીપ'(Blooming Dale Township)ના પ્રોપર્ટી ટેક્સના એસેસર હેન્ક (Hank Gianvecchio) તથા ત્રીજા હતા 'બ્લૂમીંગ ડેલ'ના સ્ટેટ રિપ્રેઝન્ટેટીવ ફ્રેન્કો કોલાડેપિએટ્રો (Franco Coladepietro).

સ્વામીશ્રીનાં કાર્ય અને ભાવનાઓ પ્રત્યે સત્સંગી જેવો આદર ધરાવતા આ ત્રણેય અમેરિકન અધિકારીઓ મંદિર માટેની કોઈપણ બાબતમાં અડધી રાત્રે પણ સહાયરૂપ બને છે. સ્વામીશ્રી પ્રત્યેના આદર-ભાવને લીધે જ આ બધાએ 'સ્ટેટ હાઉસ'માં બી.એ.પી.એસ. તથા સ્વામીશ્રીના કાર્યમાં ખૂબ મોટી સેવા કરી છે. અને ૧૭મી તારીખે ઊજવાનારા 'શતાબ્દી દિન' વખતે તેઓ સંસ્થા અને સ્વામીશ્રીને સરપ્રાઇઝ આપવા માગતા હતા. એની થોડીક વાત કરતાં રેન્ડી રેમીએ કહ્યું કે 'અહીંનો મંદિર આગળથી પસાર થતો Rout ૫૯ ખૂબ વ્યસ્ત રોડ છે. બે માઇલ લાંબા આ રોડને અમે પ્રમુખસ્વામી મહારાજનું નામ આપવા ઇચ્છીએ છીએ. મારી દૃષ્ટિએ આ નામ બહુ યોગ્ય છે, કારણ કે આ સ્ટેટ હાઇવે બહુ બીઝી છે, અને પ્રમુખસ્વામી પણ લોક-કલ્યાણનાં કામમાં બહુ જ બીઝી રહે છે. એટલે આ નામ વાંચીને બીજાને પ્રેરણા પણ મળશે. અમે આપના કાર્યથી પ્રભાવિત છીએ ને તમારી સાથે પહેલેથી સંકળાયેલા છીએ.'

•

અમેરિકાના બી.એ.પી.એસ. સત્સંગમંડળના પ્રમુખ ડૉ. કે. સી. પટેલના સુપુત્ર પંકજભાઈને લગભગ એક વર્ષ પહેલાં થયેલા અકસ્માતને કારણે સંપૂર્ણ અસહાય અને વિકલાંગ પરિસ્થિતિ છે. પોતાની એકપણ ક્રિયા જાતે કરી શકતા નથી, કોઈની સાથે વાતચીત કરી શકતા નથી કે કોઈને જોઈ શકતા પણ નથી. આજે

સંનિષ્ઠ કાર્યકર પંકજભાઈને લઈને કે. સી. પટેલ પરિવાર સાથે આવ્યા હતા.

વ્હીલચૅરમાં અસહાયપણે બેઠેલા પંકજભાઈને સ્વામીશ્રીએ પોતાની નજીક લેવડાવ્યા.

૧૯૭૪માં સંસ્થાનું પહેલવહેલું મંદિર ન્યૂયોર્કના ફ્લશીંગ વિસ્તારમાં થયું ત્યારે આ પંકજભાઈ અજાણ્યે નિમિત્ત બન્યા હતા, અને સેવામાં પણ એટલા જ ઉત્સાહી હતા. એટલે સ્વાભાવિક છે, સ્વામીશ્રીને એના પ્રત્યે અપાર કરુણા હોય. સ્વામીશ્રીના મુખભાવ એ વાત કહી રહ્યા હતા.

નજીક આવેલા પંકજભાઈના માથે હાથ ફેરવતાં ફેરવતાં સ્વામીશ્રી કહે : 'ભગવાન દયા કરે અને સુખિયો થાય.' આટલું કહીને સારું થઈ જાય એ માટે સ્વામીશ્રીએ જાતે જ ધૂન કરાવી અને એને વારંવાર માથે હાથ ફેરવીને આશીર્વાદ આપ્યા. એટલું જ નહીં, પંકજભાઈ બોલે એના માટે પ્રયત્નો પણ કર્યા. એના સેન્સેશન તપાસ્યા અને જે સ્પ્રે વડે એને પાણી પાવામાં આવે છે એ બૉટલ પોતે જાતે લઈને, પંકજનું મોઢું ખોલાવીને પોતે સ્પ્રેનો પંપ દબાવતાં દબાવતાં એના મુખમાં પાણી મૂકીને પીવડાવ્યું અને અપાર કૃપાલાભ આપીને જીવનભરની સ્મૃતિ આપી.

•

કાર્યકર સમીરભાઈનો પ્રસંગ કહેતાં વિક્રમભાઈ કહે : ''પહેલા તેઓ તિલક-ચાંદલો કરતા ન હતા, પરંતુ સત્સંગમાં આવ્યા ને મહિમા સમજાયો એટલે તિલક-ચાંદલો ચાલુ કર્યો. તેઓના બોસે હેરાનગતિ ચાલુ કરી, પરંતુ સમીરભાઈએ દૃઢતા રાખી અને 'હ્યુમન રાઇટ્સ'વાળાને વાત કરી. થોડા દિવસ પછી હેડ ઑફિસવાળાએ સમીરભાઈને બોલાવ્યા. સમીરભાઈને બીક લાગી કે 'મને કાઢી મૂકશે;' પણ થયું એનાથી ઊંધું ! હેડ ઑફિસવાળાએ કહ્યું કે 'તારા બોસને કાઢી મૂકીએ છીએ અને એની જગ્યાએ તને મૂકીએ છીએ.''

તિલક-ચાંદલાની આવી દૃઢતાની વાત સાંભળતાં જ સ્વામીશ્રી કહે : 'સાંભળો, સાંભળો, હવે કોઈને શરમ આવતી હોય તો શરમ રાખશો નહીં, તિલક-ચાંદલો કરીને જ જજો. જુઓ, આ કેવો પરચો થયો ! શરમાવું જ નહીં. આપણને થાય કે 'આમ થશે ને તેમ થશે;' પણ કાંઈ થતું નથી. જોગી મહારાજ કહેતા કે તિલક તાણીને જવું.'

•

હેમાંગભાઈ મુખી અને તેઓનો સ્ટાફ રોજ ઊમટતા હરિભક્તોની સેવામાં ઉત્સાહથી નવી નવી વાનગીઓ બનાવે છે અને એ વાનગીઓ સ્વામીશ્રીની દૃષ્ટિ-પ્રસાદીની કરાવે છે. સ્વામીશ્રીની આજ્ઞાથી અહીં રોજ હજારો હરિભક્તોના ભોજન માટે રોટલી પણ બનાવવામાં આવે છે.

આજની રોટલી જોઈને સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'આજે રોટલી જુદી છે !'

હેમંતભાઈ કહે : 'આપની વાત સાચી છે. રોજ મશીનમાં રોટલી થતી હતી, પણ આજે મશીન બગડ્યું અને મહિલામંડળે જાતે કરી છે.'

સ્વામીશ્રી કહે : 'સારી થઈ છે.'

•

૧૬-૬-૨૦૦૭, શિકાગો

મુલાકાતો દરમ્યાન એક મંદબુદ્ધિનો કિશોર આવ્યો. એ શું ખાય છે કે શું પીવે છે ? એનું એને કશું જ ભાન હતું નહીં, છતાં સ્વામીશ્રી એને કહેવા લાગ્યા : 'બીજું બધું ખાય એનો વાંધો નહીં, પણ માંસાહાર ક્યારે કરતો નહીં, વ્યસન ક્યારેય કરતો નહીં.'

પેલા મંદબુદ્ધિના બાળકને તો શી ગતાગમ પડે ? પરંતુ સ્વામીશ્રીના આ બાબતના આગ્રહ અને રુચિની સૌને ખબર પડી.

•

૧૭-૬-૨૦૦૭, શિકાગો

ક્લિવલૅન્ડ મંડળના બે બાળકો પુષ્પગુચ્છ લઈને ઊભા હતા. તેઓએ આ પુષ્પગુચ્છ આપતાં કહ્યું : 'પિતાજી ! આ લ્યો.'

'આ શું છે ?' પિતાજી બનેલા કાર્યકરે પૂછ્યું.

'આજે ફાધર્સ-ડે નિમિત્તે આપને અર્પણ કરીએ છીએ.'

'આવું તને કોણે શિખવાડ્યું ?' પિતાએ પૂછ્યું.

એટલે બાળકો કહે : 'સ્કૂલમાં અમારા ટીચરે કહ્યું કે આ રીતે ફાધર્સ-ડેમાં પિતાજીને પુષ્પગુચ્છ અર્પણ કરવાં.'

આ સાંભળતાં જ પેલા પિતા બનેલા હરિભક્તે કહ્યું : 'બેટા ! એ બધું તો ઠીક છે, પણ આપણી સંસ્કૃતિમાં કહ્યું છે કે **मातृदेवो भव। पितृदेवो भव।** એ

સંસ્કૃતિ આપણે જાળવવાની છે.'

સ્વામીશ્રી આ સંવાદ નિહાળી રહ્યા હતા, એટલે તરત જ બંને છોકરાઓને નજીક બોલાવીને કહે : 'આપણી સંસ્કૃતિ શી છે ? બોલો : मातृदेवो भव।'

બંને છોકરાઓ બોલ્યા : 'मातृदेवो भव। पितृदेवो भव।'

'હં, માતા અને પિતા બંનેને દેવ સમાન જાણીને એમનો આદર કરવો ને સેવા કરવી. અતિથિ આવે તો એનો પણ દેવ સમાન જાણીને સત્કાર કરવો. અને આચાર્યને પણ દેવ સમાન જાણવા. આ આપણી સંસ્કૃતિ છે.'

સ્વામીશ્રીએ ભારતીય ફાધર્સ-ડે એટલે આજીવન માતા-પિતા અને વડીલોની દેવતુલ્ય જાણીને સેવા કરવાની રીત આ બંને બાળકોમાં સંસ્કારી આપી.

•

સ્વામીશ્રીના સાંનિધ્યમાં સંસ્થાની શતાબ્દીની ઉજવણીનાં વિવિધ સોપાનો અમેરિકાનાં પાંચેય રિજિયનમાં ભવ્યતાપૂર્વક ઊજવાવાનાં હતાં. આજે તેનું પ્રથમ સોપાન શિકાગો ખાતે હતું. હજારો મુમુક્ષુઓ ભાગ લેવા ઊમટ્યા હતા.

આજના ભવ્ય સમારોહના મુખ્ય અતિથિ હતા : ઇલિનોય સ્ટેટના સેનેટર જ્હોન મીલનર. સ્વામીશ્રી પાસે આશીર્વાદ લીધા પછી તેઓએ પોતાના પ્રવચનનો પ્રારંભ ગુજરાતીથી કર્યો :

'જય સ્વામિનારાયણ. પ્રમુખસ્વામી મહારાજની જય. બી.એ.પી.એસ. શતાબ્દી મહોત્સવની જય. બાપા ! તમારાં દર્શન કરીને મને આજે ખૂબ જ આનંદ થયો છે.'

તેઓનું આ વાક્ય સાંભળતાં જ સભામાં ઉપસ્થિત તમામે તેઓને તાળીઓના વરસાદથી નવડાવી દીધા.

જ્હોન મીલનરને સ્વામીશ્રી પ્રત્યે અત્યંત આદર છે અને સ્વામીશ્રીનાં વૈશ્વિક કાર્યોથી તેઓ ખૂબ જ પ્રભાવિત છે, અને એટલે જ આજે ઉપસ્થિત તમામ ભારતીયોને તેઓ 'સરપ્રાઇસ' આપવા માગતા હતા. તેઓએ પોતાના પ્રવચન દરમ્યાન જાહેરાત કરી કે – 'ઇલિનોય સ્ટેટ હાઈવે નંબર-૬૪થી આર્મી ટ્રેઇલ રોડ સુધીના બે માઇલના સ્ટેટ હાઈવેને આજથી અમે 'પ્રમુખસ્વામી માર્ગ' તરીકે જાહેર કરીએ છીએ.'

તેઓની આવી આશ્ચર્યકારી જાહેરાતથી સૌનાં મસ્તક ઉન્નત થઈ ગયાં. સૌ માટે આ ગૌરવનો પ્રસંગ હતો. હજી સુધી આ સ્ટેટમાં અને બીજે બધે પણ રાજ્યના ધોરીમાર્ગનું આવું નામકરણ ક્યાંય થયું નથી. શિકાગોમાં સ્વામી વિવેકાનંદના નામનો માર્ગ પણ વરસો પછી જાહેર થયો છે, જ્યારે સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં આ નામ જાહેર થતાં જ સ્વામીશ્રીના કાર્યની વૈશ્વિકતાનો એક વધુ અનુભવ બેઠેલા તમામને થયો. અને સૌ ગુરુહરિના ગૌરવથી ધન્ય થઈ ગયા !!

•

અમેરિકાની કેટલીક વિશેષતાઓની વાત નીકળતાં ધર્મજના પ્રકાશ પટેલ કહે : 'અહીં એવું રડાર પણ મળે છે કે પોલીસનું રડાર પણ જામ કરી નાખે.'

આ વાતના આધારે હેમાંગભાઈ મુખી કહે : 'બાપા ! આપ પણ એવું રડાર અમને આપો, જેથી કામ, ક્રોધ, લોભ, મોહ બધું જ જામ થઈ જાય.'

સ્વામીશ્રી તરત જ કહે : 'આપ્યું જ છે, પણ ચૂકી જાવ તો એમાં ભગવાન શું કરે ? શ્રીજીમહારાજે શિક્ષાપત્રી આપી છે, તેના નિયમો પ્રમાણે વર્તે તો દોષ-માત્ર જામ થઈ જાય.'

સ્વામીશ્રીએ સુદર્શનચક્રના નવા અવતાર-રૂપ રડારને શિક્ષાપત્રીના નિયમો સાથે સરખાવ્યું.

પરંતુ પ્રકાશભાઈ તો કહે : 'બાપા ! આમાં તો એવી વાત છે કે પોલીસનું રડાર જામ થાય. એટલે હું તો એમ કહું છું કે જેમ પોલીસનું રડાર જામ થાય, એમ એવું રડાર અમને આપી દો કે અમે કાંઈ ન કરીએ, તો પણ બધું ટળી જાય.'

પછી પ્રકાશભાઈ કહે : 'આપ એવી ફેક્ટરી જ કરી આપો ને !'

સ્વામીશ્રી શીઘ્રતાથી બોલી ઊઠ્યા : 'નિયમ-ભંગ કરવાની ફેક્ટરી અમારી પાસે નથી.'

•

મુંબઈના ભુલાભાઈના સુપુત્ર કુમારિલ દવેનો ફોન આવ્યો. સ્વામીશ્રી સાથે નાનપણથી જ એને હેત; એટલે તરત જ સ્વામીશ્રી કહે : 'કેમ છે ? મઝામાં છે ને ! તું ક્યાં છે ?'

'બૉસ્ટન.'

'અમે એ બાજુ આવીએ ત્યારે મળી જજે. બરાબર ચાલે છે ને બધું ?'

આટલું કહીને સામેથી કહે : 'તારો ફાધર્સ-ડે આજે થઈ ગયો.'

•

૧૮-૬-૨૦૦૭, શિકાગો

જમ્યા પછી હરિભક્તોને સ્વામીશ્રી મળી રહ્યા હતા. જેમાં ડૉ. ભગીરથભાઈ કાટબામણા પણ હતા. તેઓ એક મોટી લાગતી કેપસ્યૂલ લઈને આવ્યા. સ્વામીશ્રીને બતાવતાં કહે : 'આ અમારી ટેક્નોલોજી છે. આ પારદર્શક કેપસ્યૂલમાં બે સૂક્ષ્મ કેમેરા આવે છે. આ કેપસ્યૂલને દર્દી ગળી જાય પછી એના ફોટા અંદર રહેલા કૅમેરા લઈ લે. અંદરના અવયવોના ફોટા લઈને એની ઈમેજ બહારના રીસીવરમાં મોકલે. એનાથી આંતરડાથી માંડીને શરીરના બધા જ અવયવોની સ્થિતિનો ખ્યાલ આવી જાય. આ અમારી ટેક્નોલોજી છે. હવે આપ આપની ટેક્નોલોજી બતાવો.'

સ્વામીશ્રી તરત જ કહે : 'અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ કરવી એ અમારી ટેક્નોલોજી છે. 'આપણે આત્મા છીએ, અક્ષર છીએ, બ્રહ્મ છીએ' – એ જ્ઞાન દૃઢ કરવું. 'આપણે દેહ નથી, કાટબામણા નથી, આપણાં કોઈ સગાં-સ્નેહી નથી; હું અક્ષર છું, બ્રહ્મ છું, આત્મારૂપ છું;' – આ મનાઈ જાય તો માયાના ભાવથી મુક્ત થઈ જવાય.' સ્વામીશ્રીએ પોતાની અદ્‌ભુત ટેક્નોલોજી દર્શાવી દીધી.

•

એક યુવક દર્શને આવ્યો. એ કહે : 'નાગપુરવાળા મણિભાઈ મોતીભાઈનો હું દીકરો છું.'

સ્વામીશ્રી તરત જ કહે : 'મણિભાઈ બહુ જ સારા હરિભક્ત હતા. નિર્માની હતા. ઘરે ઘરે સંતોને લઈ જતા અને ઘરે ઘરે જઈને સત્સંગ કરાવતા.'

સ્વામીશ્રીની સ્મૃતિમાં આવા હજારો હરિભક્તોની સ્મૃતિઓ મહિમાપૂર્વક સચવાઈ છે.

•

લોસ એન્જલસ નજીક રહેતા દીપકભાઈ દર્શને આવ્યા. સ્વામીશ્રીનાં દર્શન કરતાં જ તેઓ ચોધાર આંસુએ રડી પડ્યા. સ્વામીશ્રી પણ તેઓનું અંતર હળવું થાય ત્યાં સુધી તેઓના ખભે હાથ ફેરવતા રહ્યા.

થોડાક હળવા થયા પછી દીપકભાઈ કહે : '૨૦૦૪ની સાલમાં આપ લોસ એન્જલસ પધાર્યા ત્યારે મને સત્સંગ પ્રત્યે તિરસ્કાર જ હતો. આપનાં દર્શન માટે મારા ઘણા સ્નેહીઓએ વાત કરી, પરંતુ હું એકનો બે ન થયો. પરંતુ કોણ જાણે આપે એવો પ્રવેશ કર્યો કે આજે હું બે કલાકનું ડ્રાઈવિંગ કરીને નિયમિત સત્સંગ-સભામાં લાભ લેવા માટે આવું છું.'

જાણે-અજાણે કાને નામ પડે એના સંસ્કાર જાગ્રત થયા વગર રહે નહીં તે આનું નામ.

•

૧૯-૬-૨૦૦૭, શિકાગો

ડેટ્રોઈટથી પલિયડવાળા ગોવિંદભાઈના સુપુત્ર દર્શને આવ્યા હતા.

સ્વામીશ્રી કહે : 'કયું ગામ ?'

'પલિયડ.'

સ્વામીશ્રી કહે : 'પલિયડના અમારા ગોવિંદભાઈ છે.'

'એ તો મારા બાપુજી થાય છે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી કહે : 'ગોવિંદભાઈ તો ગામ ગજવે એવી રીતે જય બોલાવે છે. તું કેમ બોલાવતો નથી ?' એમ કહીને સામેથી જ એને જય બોલાવડાવી.

સ્વામીશ્રી લાખો હરિભક્તોને મળે છે, પણ પ્રત્યેકની વિશેષતાનેય જાણે છે.

•

આજે ડેટ્રોઈટ મંડળનો વારો હતો. આ મંડળના સભ્યોએ અહીં આવતાં આવતાં એક ગીત જોડી નાખ્યું હતું. આ ગીત સૌ વતી પાર્થિવ દંડનાયકે ગાયું. જેમાં છેલ્લી બે કડી આમ હતી :

'થયા સીટીજન ને થયું પરમેનન્ટ, પણ તોય હંગામી;
આજ આપો વચન અમને કે અક્ષરધામમાં રાખશો કાયમી.'

તેઓનો કહેવાનો ભાવાર્થ સમજીને તરત જ સ્વામીશ્રીએ અક્ષરધામમાં કાયમી રહેવા માટેની ચાવી બતાવતાં કહ્યું : 'આ લોકમાં બધું જ હંગામી છે – એ સમજી રાખ્યું હોય તો પછી એમાં બંધન થાય નહીં. માટે આ લોકમાં આપણે ગમે એટલું કરીએ પણ હંગામી જ છીએ – એ અનુસંધાન કાયમ રાખવું.'

•

૨૨-૬-૨૦૦૭, શિકાગો

સ્વામીશ્રી ઉતારા તરફ જઈ રહ્યા હતા. ન્યૂયોર્કથી

આવેલા કિશોરો 'સર્વસ્વ'ની પ્રેમગલીમાં ઊભા હતા. આ કિશોરો અને યુવકો હરિભક્તોનાં એઠાં વાસણ ઊટકવાની વિનમ્ર સેવા કરવા માટે જ અહીં આવ્યા હતા.

આ કિશોરોના પ્રતિનિધિરૂપે એક કિશોરે સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! આપનો અંતરનો રાજીપો જોઈએ છે. આપ કાંઈક આજ્ઞા કરો.'

'આ લોકો રોજ વાસણ ઊટકવાની સેવા કરે છે.' કોઈકે કહ્યું.

તેમની સેવાથી પ્રસન્ન થતાં સ્વામીશ્રી કહે : 'તો તો કામ થઈ જશે.'

•

શિકાગો સત્સંગ મંડળના વિકાસમાં જેઓનું અત્યંત યોગદાન છે અને પાયામાં જે હરિભક્તો રહેલા છે એવા બે હરિભક્તના સુપુત્રોને લઈને ઈશ્વરચરણ સ્વામી સ્વામીશ્રી પાસે આવ્યા. આ બંને જ્યારે નાના હતા ત્યારે આદર્શ બાળક હતા; પરંતુ કૉલેજમાં એવો રંગ ચડી ગયો કે માંસાહાર વગેરે શરૂ થઈ ગયું.

કરુણાભર્યા નેણ સાથે અંતરમાં દુ:ખી થતાં સ્વામીશ્રીએ બંનેને નજીક બોલાવીને કહ્યું : 'પહેલાં તું કેટલો નિયમિત આવતો ! પણ હવે નથી આવતો, તો આવવાનું રાખજે. તારી જેમ યુનિવર્સિટીમાં કેટલાય છોકરા ભણે છે. બધાને ઓછા વ્યસન વળગી જાય છે ? વ્યસન કરવું એ આપણું કામ નથી. શેનાં શેનાં વ્યસન છે ?'

'બધું જ છે.' બંને યુવકોએ નિષ્કપટભાવે કહ્યું.

સ્વામીશ્રી કહે : 'લ્યા ! હોય કંઈ ? સત્સંગી છીએ. કોઈને મારીને આપણાથી ખવાય ? માંસ ખાવાનું બંધ કર અને વ્યસન કરવાનું પણ બંધ કર. વ્યસનથી પૈસા જાય ને શરીર બગડે એ જુદું. માટે એવો સંગ હોય તો સંગનો ત્યાગ કરજે. સારો સંગ કરજે. મંદિરમાં આવતો રહેજે.'

સ્વામીશ્રીએ એને એટલી બધી વાતો કરી ને છેલ્લે પૂછ્યું : 'થશે ને ?'

'હા.'

'તો આશીર્વાદ છે.' સ્વામીશ્રી રાજી થઈ ગયા.

•

૨૩-૬-૨૦૦૭, શિકાગો

વરસતા વરસાદમાં ઇલિનોય રાજ્યના હાઇવે 'પ્રમુખસ્વામી માર્ગ' ઉપર સ્વામીશ્રીની ગાડી જઈ રહી હતી, વાઇપર ચાલી રહ્યા હતા. ગાડીચાલક સત્સંગ મંડળના પ્રમુખ જગદીશભાઈ પટેલ કહે : 'બાપા ! અહીં આપની ગાડી ચલાવવાનો લાભ મને મળ્યો, એ જ રીતે અક્ષરધામમાં પણ લાભ આપજો અને મહારાજ આગળ બધે અમને ફેરવજો.'

સ્વામીશ્રી તરત જ કહે : 'ભગવાનનો આશરો દૃઢ થયો છે ને ભગવાન-પરાયણ થયા છો, એમના થયા છો, એટલે શ્રીજીમહારાજ જ બધું કરશે, બધાને સુખ આપશે. એમના થયા છીએ એટલે હવે ચિંતા નહીં.'

સ્વામીશ્રીએ અક્ષરધામની રાઇડ લેવા માટે કેવી પાત્રતા હોવી જોઈએ, એની શરતો જાણે કે આ દ્વારા રજૂ કરી.

•

૨૪-૬-૨૦૦૭, હ્યુસ્ટન

સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજની મૂર્તિનાં દર્શન કરી રહ્યા હતા. એ દરમ્યાન બે કિશોરો કહે : 'બાપા ! અમે તો અક્ષરપુરુષોત્તમના બળદિયા છીએ.'

સ્વામીશ્રી કહે : 'બળદિયા થઈને કરશો શું ?'

સૌ મૌન રહ્યા. એટલે સ્વામીશ્રીએ જ એનો વિશેષ અર્થ સમજાવતાં કહ્યું : 'એમ કહો કે 'સત્સંગ કરાવીશું.' શાસ્ત્રીજી મહારાજે જેમ સત્સંગ કરાવવામાં પોતાના દેહને ગણકાર્યો નહીં અને સત્સંગ કરાવ્યો. જે રીતે શાસ્ત્રીજી મહારાજ અક્ષરપુરુષોત્તમના બળદિયા થયા, એમ આપણે પણ બીજાને સત્સંગ કરાવવાનો અને એ રીતે બળદિયા થવાનું છે.'

•

અનિર્દેશ સ્વામીએ કેદાર ઠક્કરનો પરિચય આપતાં કહ્યું : 'કેદાર એડમીનનો સેક્રેટરી છે. બધાને હલાવનાર એ છે.'

સ્વામીશ્રી કહે : 'બધાને હલાવીને નહીં, પણ સ્થિર ચિત્તે શાંતિથી કામ લેવું.'

ગમ્મતમાં પણ સ્વામીશ્રીએ મૅનેજમેન્ટનો મોટો સિદ્ધાંત આપી દીધો !

•

૫:૦૦ વાગે ભ્રમણ દરમ્યાન ભોજનખંડમાં હરિકિશોર સ્વામીએ અહીંના વિચરણ દરમ્યાન બનેલા કેટલાક પ્રસંગોની વાત કરી :

''એક જગ્યાએ અમે પધરામણીએ ગયા હતા, એ ગુણભાવી હરિભક્તને ત્યાં એક બીજા ભારતીય હાઉસ-કીપીંગની નોકરી કરતા હતા. અમે કહ્યું કે 'એમને પણ બોલાવો ને !' તેઓએ બોલાવવાનો પ્રયત્ન કર્યો, પણ આવ્યા જ નહીં. ત્યાર પછી તેઓએ વાત કરી કે 'આ ભાઈ અત્યારે ૭૫ વર્ષના છે. પહેલ-વહેલા અમેરિકામાં તેઓ અહીં આવ્યા અને સખત મહેનત કર્યા પછી દેશમાંથી પોતાના છોકરાઓને અહીં બોલાવ્યા, સેટ કર્યા, ને નિવૃત્તિનું ટાણું આવ્યું, ત્યાં છોકરાઓમાં અમેરિકન કલ્ચર આવી ગયું હોઈ, બધા છોકરાઓએ માબાપને કહ્યું કે 'અમારે ત્યાં રહેવું હોય તો મહિને ૭૦૦ ડૉલર તમારે આપવા પડશે.' આવી વાત સાંભળીને તેઓને કારમો આઘાત લાગ્યો ને તાત્કાલિક પતિ અને પત્નીએ ઘર છોડી દીધું. અત્યારે મારે ત્યાં રહે છે. જો કે આ આઘાતમાં જ તેઓને નાસ્તિકભાવ આવી ગયો છે. અને એમ જ કહે છે કે 'ભગવાન જેવી કોઈ વસ્તુ હોત તો અમને આવું ન થવા દેત.''

આ પ્રસંગ સાંભળતાં જ સ્વામીશ્રીએ સહાનુભૂતિ વ્યક્ત કરી. પછી દર્શન કરતા કિશોરો-યુવકોને સંબોધતાં સ્વામીશ્રી કહે : 'જોયું, તમે બધા મોટા થઈને આવું ન કરતા. આપણે તો મા-બાપની સેવા કરવાની છે.'

•

સ્વામીશ્રીના ભ્રમણ દરમ્યાન સ્મૃતિમાં સચવાયેલો એક જૂનો પ્રસંગ કહેવા યજ્ઞેશ્વર સ્વામી ઊભા થયા :

''જેમ સંતોને અપમાન સહન કરવાનું આવ્યું, એનાથી પણ વધારે અપમાન સ્વામીશ્રીએ સહન કરીને અમેરિકાનો સત્સંગ વધાર્યો છે, એનો હું સાક્ષી છું.

૧૯૭૭માં સ્વામીશ્રી જ્યારે ન્યૂયોર્ક પધાર્યા હતા ત્યારે કે. સી. પટેલે બધી જ જગ્યાએ સ્વામીશ્રીનું વિચરણ પ્લેનમાં ગોઠવ્યું હતું, પરંતુ અહીંના હરિભક્તોની આર્થિક સ્થિતિ અને ઓછો સમૂહ જોતાં જ સ્વામીશ્રીએ સામેથી જ પ્લેનનું વિચરણ રદ કરાવી દીધું હતું, અને મોટરમાં જ આખા અમેરિકામાં વિચર્યા હતા.

તેમાં એક વખત કેલિફોર્નિયામાં કોઈ હરિભક્તના સૂચનથી એક મૉટલમાં પધરામણીએ પધાર્યા. પેલા ભાઈએ સ્વામીશ્રી પધાર્યા એટલે પૂજન વગેરે કર્યું.

પધરામણી પૂરી થયા પછી સૌ ઊભા થયા અને વિદાય વખતે સ્વામીશ્રીની સાથે રહેતા એક હરિભક્તે સહેજે જ કહ્યું કે 'આવા સંત પધાર્યા છે તો અહીં ભેટ લખાવો.'

તેઓની આ વાત સાંભળતાં જ પેલાનો પારો સાતમા આસમાને પહોંચી ગયો અને પેલા હરિભક્તને કહેવાની જગ્યાએ સીધું જ સ્વામીશ્રીની સામે જોઈને કહે : 'મેં તમને ક્યાં બોલાવેલા ? તમે સામે ચાલીને આવ્યા છો.'

થોડીક ક્ષણ તો સૌ આભા જ બની ગયા. પરંતુ સ્વામીશ્રીએ સ્વસ્થતાથી બે હાથ જોડીને સામેથી તેઓની માફી માગીને કહ્યું કે 'માફ કરજો. અમારા હરિભક્તથી આવું કંઈ બોલાઈ ગયું હોય તો અમે માફી માગીએ છીએ. અમારા કોઈ હરિભક્તે તમારો રેફરન્સ આપ્યો હતો, એટલે અમે આવ્યા છીએ, બાકી અમે ન આવત.'

આવાં કંઈક હડહડતાં અપમાન સહન કરીને સ્વામીશ્રીએ સત્સંગની ફૂલવાડીને ખીલવી છે.

•

ભારતના અહીં ખાતેના કૉન્સલ જનરલ શંકર એમ. ગવાઈ ખાસ સ્વામીશ્રીનાં દર્શને અને સ્વામીશ્રીને સન્માનવા માટે આવ્યા હતા. સ્વામીશ્રીએ હાર પહેરાવીને તેઓને આશીર્વાદ આપ્યા. તેઓએ પોતાનું સ્થાન ગ્રહણ કર્યું અને ત્યારપછી પોતાના અનુભવની વાત કરતાં તેઓ કહે :

'आप यहाँ पधारे वह हमारे लिए बहुत भाग्य की बात है। आपके जितने भी वोलिन्टियर हैं, बहुत निष्ठा से काम करते हैं। उनको आपकी ही प्रेरणा मिलती है। उससे इतना कार्य वे कर पाते हैं।

मैं लोगों से कहता हूँ कि यु.एस.ए. तो संस्कृति की दृष्टि से देखा जाये तो बहुत यंग देश है। भारत में जितने मोन्युमेन्ट हैं, जितने प्राचीन मंदिर हैं, जितनी परंपराएँ हैं, जितना स्थापत्य है, ऐसा यहाँ पर नहीं मिल पाता। यहाँ आपकी प्रेरणा से मंदिर बना है, उससे कन्ट्री की सांस्कृतिक समृद्धि बढ़ी है, और भी मंदिर बन रहे हैं ये सुनकर आनंद हुआ।'

વળી, સ્વયંસેવકોની વાત કરતાં કહે : 'आपके स्वयंसेवक बहुत मेहनत से काम करते हैं। स्वयंसेवक बहुत फोकस्ड है। उनको देखकर लगता है कि सारा भारतीय समाज ऐसा होकर काम करेगा तो सारा समाज

कितना उपर उठ सकता है! कितना सुखी और समृद्ध बन सकता है! मैंने आपके स्वयंसेवकों से और आपकी प्रेरणा से यह सिखा है।

એક સંતે કહ્યું કે 'स्वयंसेवक प्लग जैसे हैं। तो स्वामीजी जनरेटर हैं।'

સ્વામીશ્રી તરત જ કહે : 'जनरेटर तो भगवान स्वामिनारायण हैं। शास्त्रीजी महाराज और योगीजी महाराज हैं। हमारे गुरु का जनरेटर चलता है, उनकी पेरणा से सब काम होता है।'

આટલું કહ્યા પછી, ભગવાન સ્વામિનારાયણનો યુ.પી.માં જન્મ થયો, ત્યારથી માંડીને તેઓના વિચરણ ને સિદ્ધાંતની લંબાણથી વાત સ્વામીશ્રીએ તેઓને કરી અને શાસ્ત્રીજી મહારાજનું કાર્ય પણ વર્ણવ્યું.

શંકર ગવાઈ કહે : 'मुझे सबसे पहले बी.ए.पी.एस. का परिचय मालदीव में हुआ। जब मैं मालदीव में राजदूत था, तब प्रधानमंत्री अटलबिहारी वाजपेयीजी वहाँ दौरे पर आये थे। उसी वक्त अक्षरधाम में आतंकवादी हमला हुआ था, और प्रधानमंत्री वाजपेयीजी ने अपना दौरा तत्काल रद्द कर के गांधीनगर पहुँचने का कार्यक्रम तय किया। तब उन्होंने बी.ए.पी.एस. के बारे में हमको बताया था। वैसे वोशिंग्टन में हमारे राजदूत रोनन सेन ने भी आपका प्रभाव और समाज में आपने जो कार्य किया है, उसके बारे में बताया था।

સ્વામીશ્રી કહે : 'हम मनुष्य को मनुष्य बनाने के लिए प्रयत्न करते हैं। मनुष्य के जीवन से व्यसन और दूषण दूर होंगे तो वह दूसरों को परेशान नहीं करेगा। चाहे आप कोई भी धर्म को मानो या कोई भी देश में रहो, उस देश के कानून को मान दो और अपना धर्म मत छोड़ो, मानवता रखो, अपना कार्य करो, हम यह सब सिखाते हैं। जीवन में जो कुछ भी पाया है, लेकिन अंत में सब छोड़ना है, इसलिए भगवान का आशरा करो, भजन-भक्ति करो, ऐसा करेंगे तो फेमिली प्रोब्लम भी कम हो जाएगा। सत्संग करने से समाज का भी कार्य होता है। यहाँ मंदिर में ऐसी प्रवृत्तियाँ चलती हैं, इसलिए छोटे छोटे बच्चों से लेकर बूढ़े आदमी को बाहरी भौतिक वातावरण का असर नहीं होता। इसी जनम में आत्मा का कल्याण करना बहुत बड़ी बात है। श्रीकृष्ण भगवान ने भी कहा है कि 'मामेकं शरणं व्रज।' भगवान की शरण बड़ी बात है, स्वयं को आत्मा मानेंगे तो दुःख नहीं होगा, और अखंड शांति रहेगी। ब्रह्मरूप होकर पुरुषोत्तम की भक्ति करने का सिद्धांत भगवान स्वामिनारायण ने दिया है।'

•

આશિષ ત્રિવેદી નામના એક યુવકને આશીર્વાદ દરમ્યાન સ્વામીશ્રી કહે : '૧૯૭૪માં તારા કાકા યોગેશ ત્રિવેદી પહેલી જ વખત અમને અમેરિકામાં મળ્યા હતા. ત્યારથી અમે એમને અને તને ઓળખીએ છીએ.'

આશિષને મનમાં થયું કે હું સમગ્ર અમેરિકાના સત્સંગ-મંડળોના ડેટાબેઝનું સંકલન કરું છું, પણ આવો ડેટાબેઝ અમારી પાસે પણ નથી !

આશિષ હવેથી રોજ ઘરસભા કરવાનો નિયમ લઈ રહ્યા હતા. સ્વામીશ્રીએ આશ્ચર્ય સાથે કહ્યું : 'અત્યાર સુધી કરતો નહોતો? જોગીબાપાની આજ્ઞા છે અને વળી તમે બધા તો મુખ્ય કહેવાવ.'

આશિષભાઈ કહે : 'મારાં પત્ની નોકરી કરે છે અને એમને ઘરે આવતાં રાતના દોઢ-બે વાગી જાય, એટલે ટાઇમ સેટ થતો ન હતો.'

સ્વામીશ્રી કહે : 'આવી કોઈ પરિસ્થિતિ હોય તો બધાને અનુકૂળ આવે એવો ટાઇમ વિચારી લેવો; અને છેવટે બાળકને સંસ્કાર આપીએ અને ગુજરાતી શીખવીએ, માળા, પૂજા કરતા કરીએ એ પણ ઘરસભા જ છે.'

•

૨૫-૬-૨૦૦૭, હ્યુસ્ટન

જમ્યા પછી સ્વામીશ્રી હરિભક્તોને મળી રહ્યા હતા. એમાં અહીંના એક અમેરિકન જીપ્સી માઇકલ ઝકારો પણ હતા. કદાવર શરીર અને માથે ટાલ અને દરબારી મૂછો જોઈને સંતો અંદરોઅંદર માઇકલને માઇકલસિંહ કહેવા લાગ્યા. લિમોસીન કારના ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા માઇકલને મંદિર પ્રત્યે અત્યંત પ્રેમ છે. એટલે જ જે કોઈ મહેમાન એની લિમોસીનમાં બેસે એ બધાને અહીં મંદિરે દર્શન માટે લઈ આવે છે. આજે પહેલી જ વખત સ્વામીશ્રીને મળવા માટે તેઓ આવ્યા હતા.

સ્વામીશ્રીએ પહેલી જ મુલાકાતમાં પૂછ્યું : 'માંસ ખાવ છો ?'

'આપની ઇચ્છા હોય તો આજે જ છોડી દઉં.' એણે સાહજિકતાથી કોઈ હરિભક્તની નિષ્ઠાની જેમ સ્વામીશ્રીને સામે કહ્યું.

સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'તો તો છોડી જ દેજો.'

'હા, આજથી જ માંસ છોડ્યું.' તેઓએ સહર્ષ નિયમ લઈ લીધો.

અમેરિકનો માટે આવો નિયમ લેવો એ સામાજિક રીતે પણ ખૂબ અઘરું છે, પરંતુ સ્વામીશ્રીની એવી તે કઈ કોમ્યુનિકેશનની ભાષા હશે કે પળ વારમાં જ જન્મ-જાત આવી પ્રણાલી ને દૂષણને છોડવા માટે આ વ્યક્તિ તૈયાર થઈ ગયા ! સ્વામીશ્રીની સાધુતાનો પ્રભાવ જ એવો છે કે લોકો વ્યસન-દૂષણ અને વાસનાથી સહજમાં મુક્ત થઈ જાય છે.

•

એક હરિભક્ત આવ્યા. તેઓ કહે : 'યુગાન્ડામાં જિન્જાવાળા શિવાભાઈનો દીકરો છું.'

સ્વામીશ્રી અમને સંબોધીને કહે : 'ત્યાં શિવાભાઈ હતા. એમણે ઠાકોરજીનું દૂધ બાંધી દીધેલું.'

વર્ષો પહેલાંની સ્વામીશ્રીની સ્મૃતિ જોઈને એ હરિભક્ત ચકિત થઈ ગયા. એમણે કહ્યું : 'અત્યારે અહીં પણ સવારનું ઠાકોરજીને દૂધ પહોંચાડવાનું ચાલુ જ છે, ને આશીર્વાદ આપો કે પેઢીઓ સુધી ચાલુ રહે.'

•

૨૬-૬-૨૦૦૭, હ્યુસ્ટન

મંદિરમાં દર્શન કરીને સ્વામીશ્રી પ્રદક્ષિણામાં પધાર્યા. અહીં શાસ્ત્રીજી મહારાજના ખંડમાં કિશોરોએ સ્વામીશ્રીને પૂછ્યું : 'શાસ્ત્રીજી મહારાજ આપના ઉપર જેવા રાજી હતા, એવી રીતે આપ બધા કિશોરો ઉપર રાજી છો ને ?'

સ્વામીશ્રી કહે : 'આવો ને આવો સત્સંગ રાખજો. નિયમ-ધર્મ બરાબર દૃઢ રાખજો. બહારનું ખાવું જ નહીં, અને ખાવા-પીવામાં પણ સંયમ રાખવો. ટી.વી. જોવું નહીં. એટલે રાજીપો છે જ.'

•

મુલાકાતો દરમ્યાન સ્વામીશ્રીએ એક મુમુક્ષુને વાત કરી કે 'સત્સંગમાં હંમેશાં દાસના દાસ થવું. મહિમા સમજવો. જોગીબાપા મહિમાની મૂર્તિ હતા. એમણે આપણને આ જ શિખવાડ્યું છે. આપણે સત્સંગમાં માન તો જોઈએ જ નહીં. આપણે અહીંથી શું લઈને જવાનું છે ? બધું મૂકીને જવાનું છે. તો પછી માન શેનું ? આપણે એટલું સમજવું કે 'જે કંઈ સ્વભાવો છે એ મૂકી દેવા, અને બીજા કોઈનો સ્વભાવ હોય એની સામે જોવાનું નથી.' સમજી રાખવું કે 'આનો આવો સ્વભાવ છે,' પછી મનમાંથી એ બધું મૂકી દેવું.'

સ્વામીશ્રીએ સૌ માટે ગાંઠે બાંધવા જેવી શીખ આપી.

•

જમ્યા પછી સ્વામીશ્રી વારાફરતી કિશોરોને મળ્યા. આ કિશોરોમાં કંપાલાના હરીશભાઈ ભૂપતાણીનો સુપુત્ર પાર્થ પણ હતો. અમેરિકામાં અભ્યાસ કર્યા પછી હ્યુસ્ટનમાં નોકરી અર્થે એ હમણાં જ સ્થાયી થયો હતો.

સ્વામીશ્રી પાસે જ્યારે એ દર્શને આવ્યો, ત્યારે સ્વામીશ્રીએ કહ્યું કે 'અહીં ક્યાં રહે છે ?'

એણે વાત કરી, એટલે સ્વામીશ્રી કહે : 'જમવાનું શું કરે છે ?'

એણે કહ્યું : 'જાતે જ બનાવું છું.'

એટલે સ્વામીશ્રીએ કહ્યું : 'એવું હોય અને તને અનુકૂળ હોય તો રોજ રાત્રે અહીં મંદિરે જમવા આવી જજે.' આટલું કહીને અનિર્દેશ સ્વામીને બોલાવીને તેઓની વ્યવસ્થા કરવાની સૂચના આપી.

ઘરથી હજારો માઈલ દૂર એકલો રહેતો કિશોર ગદ્ગદ થઈ ગયો. સ્વામીશ્રીના વાત્સલ્યમાં એને માતા-પિતાનાં દર્શન થયાં.

•

સ્વામીશ્રી સૌને મળી રહ્યા હતા. એ દરમ્યાન એક નાનો બાળક સ્વામીશ્રી પાસે આવ્યો. રોસ્ટ્રમ આગળ ઊભો રહ્યો ત્યારે રોસ્ટ્રમ આગળ એનું મોઢું આવતું હતું. સ્વામીશ્રીની નજીક જવા માટે બે પગ ઊંચા કરીને એણે કાનમાં કહેતો હોય એ રીતે કહ્યું : 'Bapa ! I love you.'

સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'ઓ..હો..હો..'

•

એક યુવક સ્વામીશ્રી પાસે આવીને કહે : 'મારો સંકલ્પ છે કે આપ સો વર્ષ પૂરાં કરો.'

સ્વામીશ્રી કહે : 'તમે મંદિરે આવતા રહેજો, ભજન કરજો, તો સો વર્ષ પૂરાં થશે.'

•

૨૭-૬-૨૦૦૭, હ્યુસ્ટન

મુલાકાતો દરમ્યાન એક બાળક દર્શને આવ્યો. સ્વામીશ્રી એનાથી પરિચિત હતા. છેલ્લા કેટલાક દિવસથી તેના પિતાશ્રીને ન જોતાં સ્વામીશ્રીએ એ બાળકને પૂછ્યું કે 'તારા પપ્પા ક્યાં છે ?'

એણે કહ્યું કે 'ઘરે જ હશે ! પરંતુ ફોન પણ નથી ઉપાડતા અને અમે અત્યારે ઘર દૂર હોવાથી મિત્રને ત્યાં રહીએ છીએ, એટલે ઘરે જતા નથી.'

સ્વામીશ્રી કહે : 'તારા પપ્પાને બોલાવી લાવજે.'

સ્વામીશ્રી હ્યુસ્ટનમાં આવ્યા ત્યારથી આ હરિભક્ત માટે રોજ પૂછપરછ કરે છે. એક જીવ પણ સત્સંગમાંથી પાછો ન પડે એની કેટલી તકેદારી !

•

૨૮-૬-૨૦૦૭, હ્યુસ્ટન

મીડલૅન્ડથી એક મેક્સિકન પરિવાર ઘણી વાર અહીં દર્શને આવે છે. એક વાર એણે એક યુવકને કહ્યું : 'મારાં પત્ની ગર્ભવતી છે. જે સંતાન આવે એનું નામ મારે 'સ્વામિનારાયણ' પાડવું છે. આ નામ મને ખૂબ ગમે છે.'

દીકરાનો જન્મ થયા પછી એને મંદિરે દર્શન કરવા લાવ્યા, સાથે સર્ટિફિકેટ લઈને આવ્યા હતા. તેઓએ નામ પાડ્યું હતું : સ્વામિનારાયણ એન્ટોનિયો.

સ્વામીશ્રીએ રચેલા મંદિરનો કેવો અદ્‌ભુત પ્રભાવ છે !

•

આજે મુલાકાત દરમ્યાન યુટાહ રાજ્યના મોટા ઉદ્યોગપતિ, ગેસ અને ઓઇલ કંપનીના માંધાતા ડેનિયલ કુક દર્શને આવ્યા હતા. એક દિવસ તેઓ મંદિરના સમારંભમાં અતિથિવિશેષ પણ હતા. આજે ફરી વાર સ્વામીશ્રીના આશીર્વાદ લેવા માટે તેઓ આવ્યા હતા. સ્વામીશ્રીનું માર્ગદર્શન તેઓને જોઈતું હતું.

તેઓ કહે : 'આપ આશીર્વાદ આપો. મારે ઓઇલનો ધંધો છે. આ ધંધો એ રીતે વિકસાવવો છે જેથી એના પૈસા સમાજના ઉત્કર્ષમાં વપરાય અને હિંદુ અને ખ્રિસ્તી ધર્મો નજીક આવે.'

સ્વામીશ્રી કહે : 'તમારો સંકલ્પ સારો છે. ઉપયોગી વિચાર છે, તો ધંધો સારો વિકસશે. ભગવાન તમારો સંકલ્પ પૂરો કરશે.'

ડેનિયલ કહે : 'હું આદર્શ પિતા અને આદર્શ પતિ કઈ રીતે બની શકું ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાને આપેલા નિયમો પાળવા પડે, અને ઘરમાં સંપ રહે, પત્ની અને તમારા વચ્ચે પ્રેમ રહે એ માટે બાંધછોડ કરતા શીખવું પડે. બાળકો અને પત્ની માટે સમય આપવો. રોજ પત્ની અને બાળકો સાથે બેસીને ઘરસભા કરવી. ટી.વી. બહુ જોતા હો તો ઓછું કરીને પરિવાર સાથે હળવું-મળવું અને સારા ગ્રંથોનું વાંચન કરવું.' સ્વામીશ્રીએ સામાજિક જીવનની સફળતાનાં રહસ્યો, સૂત્ર તેઓને આપ્યાં.

•

૨૯-૬-૨૦૦૭, હ્યુસ્ટન

મુંબઈથી રસિકભાઈ અજમેરા, નિમિષ અજમેરા અને તેઓનો ચિરંજીવી દેવ આવ્યા હતા. દેવનો આજે જન્મ-દિવસ હતો. એ નિમિત્તે તેઓ કેક લઈને આવ્યા હતા. સ્વામીશ્રીને તેઓએ વાત કરી કે 'દેવનો આજે જન્મ-દિવસ છે.'

સંતોએ કહ્યું : 'ઠાકોરજીને કેક ધરાવી છે. આપ પુષ્પ પધરાવીને પ્રસાદીની કરી આપો.'

પરંતુ સ્વામીશ્રીને ઉમળકો આવ્યો અને પુષ્પ હાથમાં લીધાં તો ખરાં, પણ કેક ઉપર ન પધરાવતાં, પોતાના હાથે કેકના એક ખૂણા ઉપરથી ચપટીમાં કેક લઈને સીધી દેવના મોઢામાં મૂકી દીધી. આ રીતે નાના બાળકને જન્મદિવસે વિશિષ્ટ આશીર્વાદ મળ્યા.

•

આજની સંધ્યા સત્સંગ-સભામાં અતિથિવિશેષ તરીકે વિખ્યાત એન્જિનિયર આર્કિટેક્ટ મંઝૂર હુરાની ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાસંગિક પ્રવચનમાં શ્રી હુરાનીએ સ્વાનુભવની વાત કરતાં જણાવ્યું હતું : 'પ્રમુખસ્વામી મહારાજને હું મળ્યો, એ મારા જીવનની ધન્ય ઘડી છે. આવા પવિત્ર પુરુષને મળવું એ ભાગ્યની વાત છે. મંદિરમાં મને જે આધ્યાત્મિક અનુભૂતિ થઈ છે એ માન્યામાં આવે એવી નથી. મને એમ લાગે છે કે હું આપની નજીક ને નજીક આવતો જાઉં છું. મને તમારામાંનો એક ગણવામાં હું ગર્વ અનુભવું છું. અહીં મને જે પ્રેમ મળ્યો અને શાંતિનો અનુભવ થયો એ અવર્ણનીય છે.'

•

આજની સભાના અન્ય મુખ્ય અતિથિ હતા :

કૉંગ્રેસમેન નીક લેમ્પસન (Nick Lampson). તેઓએ સ્વામીશ્રીના કાર્યથી પ્રભાવિત થઈને આજના શતાબ્દી ટાણે 'કૉંગ્રેશનલ રેકગ્નાઇજેશન'નો બહુમાનપત્ર બી.એ.પી.એસ.ને અર્પણ કર્યો. પોતાના પ્રવચનમાં તેઓએ કહ્યું :

'બી.એ.પી.એસ.ની પ્રવૃત્તિથી હું અત્યંત પ્રભાવિત છું. મંદિર પણ સુંદર છે. વળી, સમાજને તમે આપો છો એ મને સૌથી વધારે ગમે છે. વળી, એકબીજા સાથે પ્રેમ રાખવાની જે પ્રેરણા આપો છો, એ પણ અત્યંત સુંદર કાર્ય છે. આ દેશને આજે આની જ સૌથી વધારે જરૂર છે. એનાથી સમરસતા આવશે. આજે જીવનમાં અને સમાજમાં મૂલ્યો અગત્યનાં છે. એ મૂલ્યો દ્વારા દુનિયા સારી બનશે. તમે આ મૂલ્યોને જાળવો છો. આવા કાર્ય કરવા બદલ તમને અભિનંદન આપું છું.

બી.એ.પી.એસ.ના ૧૦૦ વર્ષની ઊજવણી નિમિત્તે અને તમે જે સુંદર કાર્ય કરો છો એ નિમિત્તે આજે હું કૉંગ્રેસમૅન તરીકે 'કૉંગ્રેશનલ રેકગ્નાઇજેશન'નો બહુમાનપત્ર પ્રમુખસ્વામી મહારાજને અર્પણ કરું છું.'

આટલું કહીને આ બહુમાનપત્ર સ્વામીશ્રીને અર્પણ કર્યો ને આશીર્વાદ મેળવ્યા.

•

મુલાકાતો દરમ્યાન સુબ્રતો નામના એક બંગાળી ભાવિક દર્શને આવ્યા. તેઓને અંગ્રેજી સિવાય એકે ભાષા સમજાતી ન હતી. એટલે અંગ્રેજીમાં પૂછ્યું કે 'આ જન્મે ભગવાનનો સાક્ષાત્કાર થઈ શકે ?'

સ્વામીશ્રી કહે : 'કેમ નહીં ?! મંદિરે નિયમિત આવજે, ભગવાનનો આશરો કરજે, ને શ્રદ્ધાથી સત્સંગ કરજે, સાક્ષાત્કાર થઈ જશે.'

•


૩૦-૬-૨૦૦૭, હ્યુસ્ટન

પરવાર્યા પછી સ્વામીશ્રી આસન ઉપર બેઠા. એક હૃષ્ટપુષ્ટ કિશોર રૂમમાં દાખલ થયો. સ્વામીશ્રી પહેલાં તો એને ઓળખી જ ના શક્યા, પરંતુ નજીક આવ્યો ને તરત જ કહે : 'ઓ... હો... હો... આ તો હરીશનો.'

કલરમાવાળા હરીશભાઈના દીકરા વંદનને સ્વામીશ્રીએ નાનપણથી ખૂબ લાડ લડાવ્યા છે. લંડનથી તેઓ અમેરિકા સેટ થયા પછી એનું શરીર ન ઓળખાય એટલું વધી ગયું છે !

આજે સ્વામીશ્રી પાસે એ આવ્યો એટલે સ્વામીશ્રીએ તરત જ કહ્યું કે 'આટલો જાડો થયો છે, પણ નિયમ-ધર્મ તો સાચવે છે ને ? પૂજા કરવી, નિયમિત આવવું, તો દાદાનું (સત્સંગનો વારસો) રાખજે. મંદિરે જવાનું રાખજે. રવિવારે રજા હોય એટલે સભા કરજે અને તું ચુસ્ત રહેજે.'

સ્વામીશ્રીએ અધિકારભાવે એને આ વાત કરી, એક કિશોરને સત્સંગના માર્ગે વિશેષ સુદૃઢ કર્યો.



|| બ્રહ્મમનનમ્ ||

આપણી બુદ્ધિ, શક્તિ, આવડત, ડહાપણ ભગવાન અને સંતના કામમાં આવે ને એનાથી ભગવાન રાજી થાય તો આપણો મનુષ્યદેહ સાર્થક છે. ભગવાનના કામમાં જે વપરાય છે એ બુદ્ધિ અને શક્તિ નિર્ગુણ બને છે.

■

મહિમાએ સહિત નિશ્ચય દૃઢ થયો હોય તો ક્યારેય આપણું મન પાછું પડે નહીં.

■

ભગવાન અને ગુણાતીત સંત થકી કલ્યાણ થાય છે. એમના વચનમાં વિશ્વાસ લાવીને ભક્તિ કરીએ તો કલ્યાણ થાય એ શાસ્ત્રમાત્રનો સાર છે.

■

ભલે આપણે પરદેશમાં પૈસા કમાવા જઈએ, એનો વાંધો નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિ અને આપણો ધર્મ ભૂલવા ન જોઈએ. આપણી સંસ્કૃતિ અને આપણો ધર્મ મહાન છે, જીવમાં એ દૃઢ થવું જોઈએ. એના માટે દરરોજ વિચાર કરવો જોઈએ. ત્યાં કાલે ઊઠીને પૈસા મળશે, પણ જો ધર્મ ગયો તો બધું જ ગયું છે.

■

મહિમાથી સત્સંગમાં આગળ વધાય છે અને અવગુણો ટળી જાય છે ને સદ્‌ગુણો આવે છે. માટે મહિમાની વાતો કરવી અને સાંભળવી, જેથી સત્સંગમાંથી પડી ન જવાય.

■

પ્રેમ માણસને સુધારે છે. જેટલું હેત-પ્રીતથી માણસ સાથે કામ કરો એટલો માણસ તમારું માને, સુધરે અને સારા માર્ગે ચાલે છે, પણ જો એને તમે ટોક્યા જ કરો, વઢ્યા કરો કે મારો, તો એ વધારે બગડે છે.

■

વડીલોને એટલું જ કહેવાનું છે કે આર્થિક રીતે ઉન્નતિ કરો એ સારી વાત છે. કરવી જ જોઈએ, પણ બાળકોનું પણ ધ્યાન રાખવાનું છે. બાળકોને એટલા જ સાચવવાના છે, કારણ કે બાળકો પણ તમારી સંપત્તિ છે. ભવિષ્યની એ સંપત્તિ છે. એટલે આપણા ધર્મ અને સંસ્કારો જાળવે એવું ધ્યાન તમારે રાખવાનું છે. અને એટલા માટે વડીલોએ પોતાના બાળકો માટે ટાઇમ આપવો જોઈએ. સ્કૂલો ને કોલેજોમાં અભ્યાસ કરે છે એ સારી વાત છે, પણ ત્યાં આપણાં સંસ્કાર અને સંસ્કૃતિનું ભણાવવામાં આવતું નથી, એટલે આપણે આપણાં સંસ્કાર અને સંસ્કૃતિનું જ્ઞાન બાળકોને આપવું. અત્યારે વડીલોને સમય નથી, એટલે બાળક જ્યારે સૂઈ ગયો હોય તે પછી આવવાનું થાય અને સવારે વહેલા નીકળી જવાનું થાય. ભેગા થવાનું થાય જ નહીં. વાતચીતનો સમય જ ન મળે, તો પછી પ્રેમ કઈ રીતે રહે ? એટલે બાળકની સાથે સમય કાઢીને બેસવું, એને મળવું, એની વાતમાં ભળવું, એની વાતો સાંભળવી, એની જેમ કાલી ભાષાથી બોલવું, એની શું જરૂરિયાતો છે ? એ બધી વાતો ઘરમાં બેસીને કરવી, તો બાળકને આપણા સાથે હેત થાય. તમે એની સાથે જેટલો પ્રેમ કરશો એટલો એ તમને પ્રેમ કરશે, કારણ કે બાળકોને પ્રેમની જરૂર છે; અને આપણે જો પ્રેમ ન આપીએ તો પછી બહાર કોલેજોમાં જઈને આડોઅવળો થઈ જશે. બીજે જ્યાં પ્રેમ મળે ત્યાં લેવાઈ જશે અને મુશ્કેલીઓ થશે.

■

કોઈ જીવને મારીને જીવન જીવવું એ જીવન નથી.

■

ભગવાન અને ગુણાતીત સંત જે બોલ્યા એ સત્ય છે.

■

યજ્ઞ-યાગાદિકે કરીને પુણ્ય થાય ખરું, પણ અંદરનું અજ્ઞાન કાઢવા માટે સાચા પુરુષને શરણે જઈને જ્ઞાન દૃઢ કરવું જોઈએ.

■

મન માંકડા જેવું છે. ઘડીક આ વિચાર કરે ને ઘડીક પેલા કરે, ક્યાંય સ્થિર ન થાય. એટલે મનને કંટ્રોલ કરવા માટે સાધુની સંગતિ જોઈએ. સાધુ આપણા મનને કંટ્રોલ કરી શકે ને ભગવાનના માર્ગે વાળી શકે છે.

■

આપણા શરીરને કપડાં, ઘરેણાં, ખાવાનું જોઈએ છે, એવું ભગવાન માટે થવું જોઈએ. આપણા ઘરમાં ભગવાનનું મંદિર રાખવું. સવાર-સાંજ આરતી કરવી. આપણે જે જમતા હોઈએ એ થાળ પણ ધરાવવો. આ ભગવાન સાથેનો સંબંધ થયો કહેવાય.


■

સત્સંગ એટલે સત્પુરુષના વચનમાં વિશ્વાસ રાખીને ચાલવું એ.

■

આપણે સહન કરવું, પણ બીજાનું સારું થાય એ વિચાર રાખવો. ભલે આપણે થોડું દુઃખ વેઠવું પડે, પણ જો બીજાનું સારું થતું હોય તો દુઃખ વેઠીને પણ આપણે એનું સારું કરવા પ્રયત્ન કરવો જોઈએ. આપણા પાડોશીને શાંતિ હશે તો આપણને પણ શાંતિ થશે, બધાને શાંતિ થશે. જે બીજા માટે કરે છે, જે સારું કાર્ય કરે છે એને હંમેશાં શાંતિ મળે છે.


પ્રસંગમ્



જુલાઈ ૨૦૦૯

યુવા સંમેલનના મંચ પર...

જેક્સનવીલ, યુ.એસ.એ., ૧૩-૭-૨૦૦૭



'આ આધ્યાત્મિક વાત સામાન્ય વાત નથી, નક્કર વાત છે. એ વારસો સાચવીશું તો હજી આથી મોટો સત્સંગ સો વર્ષનો વધશે. સો વર્ષનો ઠેલ આપણે મારવાનો છે. આપણે બેસી રહેવાનું નથી. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે સો વર્ષનો ઠેલ માર્યો છે તો હવે આપણે એવું જીવન જીવીએ, એવું કાર્ય કરીએ કે આવા હજારો-લાખો થઈ જાય, સો વર્ષ સુધી ઠેલ વાગી જાય. આપણે બેસી રહેવાનું નથી. આપણે કોના પુત્રો છીએ ! શ્રીજીમહારાજના, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના પુત્રો છીએ...'

– પ્રમુખસ્વામી મહારાજ

૧-૭-૨૦૦૭, હ્યુસ્ટન

સવારે પરવારીને ઠાકોરજીના દર્શન કરવા માટે સ્વામીશ્રી રૂમમાંથી બહાર પધાર્યા. હરીશભાઈ પટેલ (કલરમા) અને તેઓનો સુપુત્ર વંદન સામે ઊભો હતો. તેને જોતાં જ સ્વામીશ્રી કહે : 'થેંક યુ... થેંક યુ....'

મેં વંદનને કહ્યું : "તારે ઊલટું સ્વામીશ્રીને 'થેંક યુ' કહેવું જોઈએ."

આ સાંભળતાં જ સ્વામીશ્રી બોલી ઊઠ્યા : "વંદન વહેલો ઊઠીને અહીં ભજનમાં આવી ગયો એટલે આપણે જ 'થેંક યુ' કહેવું પડે ને !"

કોઈ ભગવાન ભજે એનો આભાર સત્પુરુષ માને છે.

•

એટલાન્ટાથી આવેલા એક હરિભક્ત કહે : 'બીજા હરિભક્તોએ તન, મન અને ધનથી જે સમર્પણ કર્યું આ બધું સાંભળ્યું, એટલે લાય બળે છે કે 'આવી સેવા મારાથી થતી નથી.' માટે થાય એવું કરો.'

સ્વામીશ્રી તેઓને અટકાવતાં કહે : 'આપણે લાય હોતી હશે ? શાસ્ત્રીજી મહારાજ મળ્યા, યોગીજી મહારાજ મળ્યા, પછી લાય શેની ? આનંદમાં જ રહેવું. કોઈ પ્રકારની લાય રાખવી નહીં. ભગવાનની જે ઇચ્છા હોય એ પ્રમાણે રહેવું. ભગવાને જે રીતે નિર્ધાર્યું હોય, એ રીતે આપણે રાજી રહેવું. પ્રાર્થના કરવી. ભગવાન બધું કરશે.'

•

૨-૭-૨૦૦૭, હ્યુસ્ટન

સ્વામીશ્રી જમી રહ્યા હતા. કૃષ્ણવલ્લભ સ્વામી કાર્યપ્રસંગે રસોડામાં ગયા. એ દરમ્યાન યોગી દવે નામનો બાળક ડીશમાં ગરમ રોટલી લઈને ઊભો રહ્યો. સ્વામીશ્રી એને કહે : 'નથી જોઈતી, પાછી લઈ જા.'

યોગી કહે : 'આને ફૂલકા રોટલી કહેવાય. જમી જાવ ને !'

સ્વામીશ્રી કહે : 'મૂકી દે !'

યોગીએ થાળમાં બાજુમાં મૂકી દીધી ને નિરાશ થઈને એ જતો રહ્યો. સ્વામીશ્રીએ આ જોયું કે નાનો બાળક નિરાશ થઈને ગયો છે. એટલે સ્વામીશ્રીએ જાતે જ રોટલીમાંથી ટુકડો કરીને થોડો અંગીકાર કર્યો અને બાળકનો ભાવ ગ્રહણ કર્યો.

•

૩-૭-૨૦૦૭, હ્યુસ્ટન

સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા વિરાજ્યા. એ દરમ્યાન યુ.એસ.એ.ના સંસ્થાના દૃશ્ય-શ્રાવ્ય વિભાગનો અહેવાલ આપવાનો હતો. સ્વામીશ્રી જેવા બાથરૂમમાંથી બહાર પધાર્યા કે તરત જ એકસાથે ૭-૮ જેટલા કૅમેરામૅનોએ સ્વામીશ્રીની તસવીરો ઝડપવાનું શરૂ કર્યું. આ જોતાં સ્વામીશ્રી ખૂબ હસવા માંડ્યા.

દૃશ્ય-શ્રાવ્ય વિભાગનો અહેવાલ આપતાં ચંદ્રેશભાઈએ કહ્યું કે 'આ વાસુદેવભાઈ છે. આપ તો એમનું નામ અને ગામ જાણો જ છો.'

સ્વામીશ્રી કહે : 'એનું એકલાનું નહીં, બધાનું નામ જાણું છું. એના બાપાનું, દાદાનું, ભાઈઓનું બધી ખબર છે.'

સ્વામીશ્રીના અહીંના રોકાણ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું મુદ્રણ કરવા માટે કિંમતી કૅમેરા સસ્તા ભાડે લાવવામાં આવ્યા હતા; જે સેવા એક મેક્સિકન મિ. હોઝે કોટેસેએ કરી હતી. આજે વાસુદેવભાઈ સ્વામીશ્રીનાં દર્શન માટે તેઓને લાવ્યા. પેલા મેક્સિકન ભાવિકે કહ્યું કે 'આપની પાસે મને આ બસુ (વાસુદેવભાઈ) લઈ

ગયા ત્યારે જ મને લાગ્યું કે 'મેં જે કંઈ કર્યું છે એ સાચું કામ કર્યું છે.' આપને મળ્યો ત્યારે અનુભવાયું કે આપનામાં સાક્ષાત્ ભગવાન છે.'

•

૪-૭-૨૦૦૭, જેક્સનવીલ

ભોજન વખતે 'યજ્ઞપુરુષ ચરિતમ્'નું વાચન શરૂ થયું. યોગીજી મહારાજના પત્રમાં 'કટોકટી' શબ્દ આવતાં જ સ્વામીશ્રી હસી પડ્યા ને કહે : 'યોગીબાપા કાયમ લખે – કટોકટી ચાલુ જ છે.'

વળી, આજના સંદર્ભમાં કહે : 'આપણે તો સટોસટી છે, કટોકટી એમણે વેઠી છે.'

ચૈતન્યમૂર્તિ સ્વામી કહે : 'આપને આનંદ રહે (આપનું સ્વાસ્થ્ય સારું રહે) એટલે અમારે કોઈને કટોકટી છે જ નહીં.'

સ્વામીશ્રી કહે : 'સ્વાસ્થ્ય સારું જ છે. યુવકો અને હરિભક્તોએ બધાએ કેટલાં વ્રત, તપ, સાધન કર્યાં છે ! ને કર્યાં જ કરે છે ! એટલે શરીર સારું રહે છે. બાકી મહારાજની ઇચ્છા હશે ત્યાં સુધી સેવા કરાવશે ને રાખશે. તમે બધા રાજી થાવ એમાં અમારે તો આનંદ છે.'

•

જેક્સનવીલમાં દસ હજાર જેટલા બાળ, કિશોર અને યુવકોની શિબિર હતી. આ કન્વેન્શન માટે લંડનથી અશોક આશીયર આવ્યા હતા. સ્વામીશ્રી સાથે સખા-ભાવ ધરાવતા તેઓ સ્વામીશ્રીને કહે : 'અમે તો ધંધા-પાણી મૂકીને અહીં આવ્યા છીએ, તો હવે ત્યાં તમે ધંધો સંભાળજો.'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'તું અહીં આવ્યો તો અમે ત્યાં રહીને સંભાળીશું.'

•

૪-૭-૨૦૦૭, જેક્સનવીલ

જૈમિન પટેલ તથા જતિન ઠક્કર નવા ચંપલ લઈને આવ્યા હતા. સ્વામીશ્રી કહે : 'આ શું છે ?'

બંને કહે : 'આજે અમેરિકાનો સ્વાતંત્ર્ય દિન છે, એટલે નવા ચંપલ જોઈએ ને !'

આ સાંભળતાં ઉદાસભાવે સ્વામીશ્રી કહે : 'આપણે તો નવું ને જૂનું બધું સરખું જ છે. લોકોને મન નવું હોય એ બરાબર છે.'

આટલું કહીને મુદ્દાની વાત કરતાં સ્વામીશ્રી કહે : 'શ્રીજીમહારાજ અને સ્વામી ક્યારેય જૂના થયા ? નવું ને નવું તો એ જ છે. એને જ જોવા જેવા છે. એની જ ભક્તિ કરવા જેવી છે. એનું ભજન-કીર્તન થાય અને એનો મહિમા સંભળાય, એમાં કાયમ નવીનતા રહેવી જોઈએ. એની વાત કરતાં આનંદ આવવો જોઈએ. એનો પ્રસંગ સંભળાય ત્યારે નવીનતા લાગવી જોઈએ.'

•

૫-૭-૨૦૦૭, જેક્સનવીલ

સ્નાન કર્યા પછી સ્વામીશ્રી મુલાકાતમાં વ્યસ્ત થયા. સ્વામીશ્રીના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને અહીં નજીકમાં હૉસ્પિટલ અને ડૉક્ટરોની વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી. આ ડૉક્ટરોને દર્શન કરવા માટે લાવવામાં આવ્યા. સૌનો પરિચય અપાયો. જેમાં ડૉ. નેહુભાઈ પણ હતા. તેઓ અમદાવાદના છે. ૧૬ વર્ષની ઉંમરે ૧૯૮૦માં તેઓ અમદાવાદમાં સ્વામીશ્રીને મળ્યા હતા. આજે ફરીથી દર્શન થયાં. ઘણાં વરસે પ્રત્યક્ષ મળ્યા એનો તેમને આનંદ હતો.

ભાદરણના ડૉ. રજનીભાઈ '૭૬ની સાલમાં અમેરિકા આવ્યા હતા. એ પહેલાં તેઓ અરુસા(આફ્રિકા) હતા. સ્વામીશ્રી કહે : 'અરુસામાં એક મોતીભાઈ હતા. મૂળ ઉમરેઠના અને મોસીમાં વસોના એક હરિભક્ત હતા.'

ડૉ. રજનીભાઈને સ્વામીશ્રીની આ સ્મરણશક્તિ જોઈને ખૂબ આશ્ચર્ય થયું. ૧૯૫૯માં પધારેલા સ્વામીશ્રીને વરસો પછી પણ બધું યથાતથા યાદ છે, એ તેઓની કલ્પનાબહારનું હતું.

•

આસન પછી સ્વામીશ્રી પલંગ ઉપર વિરાજમાન હતા. સામે જ્ઞાનપુરુષ સ્વામી બેઠા હતા. તેઓ તાજેતરમાં દૂર પૂર્વના દેશો અને ચીનમાં યાત્રા કરીને અહીં શિબિર માટે આવ્યા હતા.

સ્વામીશ્રી તેઓને કહે : 'તમે બધે સારું વિચરણ કરી આવ્યા !'

જ્ઞાનપુરુષ સ્વામી કહે : 'આપની દયાથી વિચરણ સારું થઈ ગયું.'

સ્વામીશ્રી કહે : 'મારી ? હું તો અહીં આંટા મારું છું !'

સ્વામીશ્રીએ તેઓને આ વાત કરી એટલે જ્ઞાન-પુરુષ સ્વામી કહે : 'બધું આપના નામે જ ચાલે છે. આપના નામે જ બધા અમને ઓળખે છે અને આપનું નામ દુનિયામાં બધે જ છે.'

સ્વામીશ્રી સહસા કહે : 'મારું ક્યાં છે ? શ્રીજી-મહારાજ, સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનું નામ છે.'

જ્ઞાનપુરુષ સ્વામી કહે : 'જ્યાં જઈએ ત્યાં દિલ્હી અક્ષરધામનું નામ દઈએ, એટલે બધાને ખબર જ હોય છે.'

સ્વામીશ્રી કહે : 'હા, એ ખરું. એ નામ બધે પહોંચી ગયું છે.'

•

૬-૭-૨૦૦૭, જેક્સનવીલ

સ્વામીશ્રી સમય પ્રમાણે સભામાં જવા માટે મુખ્ય લિફ્ટમાં પધાર્યા. લિફ્ટની સેવામાં અહીંનો મેક્સિકન અને અમેરિકન સ્ટાફ હતો. અહીંના સિક્યોરીટી અધિકારીઓ રોજ સ્વામીશ્રીને લેવા - લઈ જવા માટે ખડે પગે હાજર રહેતા અને લિફ્ટમૅન તરીકે પણ એ સૌ હાજર રહેતા.

એમાંના એક મેક્સિકનને સ્વામીશ્રીનો ગઈકાલે કૃપાલાભ પ્રાપ્ત થયો હતો. ઉપર આવતી વખતે સ્વામીશ્રીએ એને પુષ્પ આપ્યું હતું. આજે પણ સ્વામીશ્રી જ્યારે લિફ્ટમાં આવ્યા ત્યારે એણે સ્વામીશ્રીને વાત કરતાં કહ્યું : 'ગઈકાલે આપે મને જે પુષ્પ આપ્યું હતું એ પવિત્ર પુષ્પ હું ઘરે લઈ ગયો છું, અને આપની સ્મૃતિરૂપે કાયમ રાખી મૂકીશ.'

•

૭-૭-૨૦૦૭, જેક્સનવીલ

પૂજા માટે ઉતારામાંથી સ્વામીશ્રી લિફ્ટ તરફ જઈ રહ્યા હતા ત્યારે રોજની જેમ મુંબઈથી આવેલા યોગી દવે નામના શિશુએ યોગીજી મહારાજના વાક્યનો મુખપાઠ રજૂ કર્યો : 'ભગવાનના સંબંધવાળા નાના હોય એ પણ માથાના મુગટ છે, એ સમજાય એ શુદ્ધભાવ.'

સ્વામીશ્રી કહે : 'અત્યારે નાનામાં નાનો તો તું છે. એટલે અમારે તને પગે લાગવું પડે ને !'

જો કે સ્વામીશ્રીની આ વાત સાંભળીને યોગી મુઝાઈ ગયો. એ કાંઈ બોલી ન શક્યો. પરંતુ શિશુની સાથે ગોઠડી દરમ્યાન સ્વામીશ્રીની અહંશૂન્યતાનો સૌને વિશેષ પરિચય થયો.

•

શિબિરમાં સાંજના સમયે ભ્રમણ કર્યા પછી સ્વામીશ્રી આસન કરતા હોય એની રજૂઆત શાનદાર પ્રેઝન્ટેશન દ્વારા થઈ અને પ્રવક્તાએ વિનંતી કરી કે 'હવે સ્વામીશ્રી જ આપણને આસન કરાવશે.'

પાછળના સ્ક્રીન ઉપર હિમાલયની સ્લાઇડ દર્શાવવામાં આવતી હતી. સ્વામીશ્રીએ આસન ઉપર વિરાજીને આંખો મીંચી દીધી અને જમણું નસકોરું દબાવીને ઊંડો શ્વાસ લઈને પ્રાણાયામ શરૂ કર્યો, અને સૌને પણ એ રીતે કરવા માટે પ્રેરણા આપી. આખા સમુદાયને સ્વામીશ્રીએ આ રીતે પ્રાણાયામ શિખવાડીને અદ્‌ભુત સ્મૃતિ આપી.

•

૮-૭-૨૦૦૭, જેક્સનવીલ

આજના દિવસે લૉસ એન્જલસ ખાતે ચીનોહિલ્સ (લૉસ એન્જલસ) મંદિરમાં શિલારોપણ-વિધિ થઈ રહ્યો હતો. સાંજનો કાર્યક્રમ હતો. ત્યાગવલ્લભ સ્વામીને સ્વામીશ્રીએ શિલાન્યાસ માટે મોકલ્યા હતા.

આ શિલાન્યાસ-વિધિનું 'વેબકાસ્ટીંગ' કરવામાં આવ્યું હતું. લેપટોપ લઈને એક યુવક કૈવલ્યમૂર્તિ સ્વામી સાથે સ્વામીશ્રી પાસે આવ્યા. સ્વામીશ્રીએ ઇન્ટરનેટ દ્વારા પ્રસારિત થતાં આ જીવંત કાર્યક્રમને નિહાળ્યો. ખાતની વિધિ જોતાં સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'જય મહારાજ ! ખાત સર્વોપરિ કરો અને મંદિર સર્વોપરિ બંધાઈ જાય.' આટલું કહેતાં સ્વામીશ્રીએ બે હાથ જોડ્યા.

અત્યારે હકીકતમાં સંકલ્પનો વિધિ જ ચાલી રહ્યો હતો. સ્વામીશ્રીએ આખો વિધિ સાંભળ્યો અને 'संकल्पं अहं करिष्ये।' એ શબ્દ આવતાં જ હાથમાં રાખેલા ગુલાબ લેપટોપ ઉપર પધરાવીને 'સ્વામિનારાયણ ભગવાનની જય'થી માંડીને સમગ્ર ગુરુપરંપરાની જય બોલાવી અને પ્રથમ વખત ઈ-ખાત કર્યું. સંકલ્પ કરતી વખતે એવું બોલ્યા કે 'જય મહારાજ ! ભૂતં ભૂતા બધેથી જાય.' (જે કંઈ વિઘ્નો છે, એ બધાં દૂર થાય).

•

૧૧-૭-૨૦૦૭, જેક્સનવીલ

ભારતથી આવેલા યોગી દવેએ વરતાલના ૧૯મા વચનામૃતનો સંદર્ભ ટાંકતાં કહ્યું : 'જ્યારે જ્યારે ભરત-

ખંડને વિષે મનુષ્યદેહ આવે છે, ત્યારે ભગવાન અને ભગવાનના સંત પ્રગટ જ હોય છે.'

'તારે શું કરવાનું ?'

'દર્શન.' યોગીએ કહ્યું.

'ક્યારે કરવાનાં ?'

'જ્યારે થાય ત્યારે. સૂતાં અને ઊઠતાં, જ્યારે થાય ત્યારે.'

'ઊઠતી વખતે ?' સ્વામીશ્રીએ સામેથી પૂછ્યું.

'એ દર્શન નથી થતાં.' જોગીએ કહ્યું.

એટલે સ્વામીશ્રી કહે : 'એ વખતે જે દર્શન થયાં હોય એ સંભારવાં.'

આ રીતે જ્યાં દર્શન ન થાય ત્યાં સ્મૃતિ દ્વારા માનસીમાં પ્રત્યક્ષ લાભ લેતા હોય એ રીતે સ્મૃતિ કરવાની પ્રેરણા નાના બાળકને પણ સ્વામીશ્રીએ આપી.

•

આજે સવારે પૂરી થયેલી બાળ-બાલિકા શિબિર પછી વ્યવસ્થા પ્રમાણે કેટલાક કાર્યકરો આ બાળકોને લઈને ઍરપોર્ટ સુધી મૂકવા ગયા હતા. જો કે વાતાવરણને લીધે કેટલીક ફ્લાઈટ રદ થઈ હતી. આ સંદર્ભમાં જે તે બાળ-બાલિકાઓના વાલીઓનો સંપર્ક જિતેન તથા સત્યમ્(એટલાન્ટા) નામના સ્વયંસેવક યુવકોએ કરીને પરિસ્થિતિની જાણ કરી, જેથી તેઓના જીવ અદ્ધર રહે નહીં. જો કે એક બાળકનાં માતા અને પિતાએ આ બંને મૂક કાર્યકરોને પરચો આપી દીધો. બંને જણાએ વારાફરતી એક એક કલાક સુધી ફોનમાં આ બંને કાર્યકરોને ખૂબ ખખડાવ્યા.

આ વાત કાર્યકરોએ સ્વામીશ્રીને કરી અને છેલ્લે એમ કહ્યું કે 'આ બંને યુવકોની આવી દશા થઈ !'

આ સાંભળીને સ્વામીશ્રી કહે : 'એવી દશા નહીં, પણ ભક્ત બની ગયો; કારણ કે સહન કરવું એ તો આપણો સિદ્ધાંત છે. આવું કંઈક થાય ત્યારે સમજવું કે 'એમાં આપણો કંઈ વાંક છે જ નહીં.' આપણે સાચા છીએ એટલે મનમાં દુ:ખ ન લાવવું. એનાં મા-બાપને અજ્ઞાન છે, એટલે એ બોલી ગયાં. વળી, આ સ્વયં-સેવકોની તો આ ડ્યૂટી પણ ન હતી, છતાં મદદરૂપ થવા માટે કર્યું, પણ પેલા લોકોને અજ્ઞાન છે એટલે માફ.'

•

આવા જ પ્રસંગના સંદર્ભમાં સ્વામીશ્રી કહે : 'આવા પ્રસંગોમાં ધીરજ, બળ અને હિંમત રહે એ સત્સંગનો પ્રતાપ. સત્સંગ જીવમાં હોય એટલે ધીરજ ગુમાવાય નહીં, અને ટકી રહે. બાકી એમ થઈ જાય કે કો'કના છોકરા માટે આપણે શું લેવા-દેવા ? આવવું હોય તો આવશે.'

•

૧૨-૭-૨૦૦૭, જેક્સનવીલ

સ્વામીશ્રી વાતો કરી રહ્યા હતા, એ દરમ્યાન હ્યુસ્ટનથી અનિર્દેશ સ્વામી, વિશ્વવિજય સ્વામી, ત્યાગ-પ્રકાશ સ્વામી અને શ્વેતમુનિ સ્વામી આવ્યા. તેઓને જોતાં જ સ્વામીશ્રી કહે : 'ક્યાંથી આવ્યા ?'

'હ્યુસ્ટનથી.'

'હ્યુસ્ટનથી ?'

'આપ લીલા કરો છો. જાણો છો છતાં બધું ભૂલી જાવ છો.' સંતોએ કહ્યું. (સ્વામીશ્રી હ્યુસ્ટનથી જ અહીં પધાર્યા હતા.)

'હ્યુસ્ટનમાં બધું કેમ ચાલે છે ?'

અનિર્દેશ સ્વામી કહે : 'આપના ગયા પછી ખાલી થઈ ગયું.'

સ્વામીશ્રી તરત જ કહે : 'એમ ન કહેવાય. ભગવાન બેઠા છે ને હરિભક્તો આવે છે, એટલે એમ ન કહેવાય. મહારાજ સાક્ષાત્ બેઠા છે. એટલે ભર્યું ભર્યું જ કહેવાય. ભગવાન હોય એટલે ખાલી ન કહેવાય. ભગવાનનું મંદિર છે. ભગવાન બેઠા છે, ઘંટ-નગારા વાગે છે, હરિભક્તો દર્શને આવે છે, એટલે ખાલી ન કહેવાય.'

આટલું કહ્યા પછી સ્વામીશ્રી સંતોને નિર્દેશીને કહે : 'આપણે પણ એવું જ રાખવાનું. ભગવાનથી અંતર ભરી દેવાનું. આ તો થોડું-ઘણું (વિઘ્ન) થાય તોય મૂંઝાઈ જવાય. પણ હિંમત રાખવી, મહારાજ આપણી સાથે જ છે. આપણે ખાલી છીએ જ નહીં, ભરેલા જ છીએ. ભગવાન ન રાખીએ તો ખાલીખમ !'

સ્વામીશ્રીએ મહારાજ ઉપરનો વિશ્વાસ દૃઢાવ્યો.

•

આજે સાંજથી યુવાશિબિરનો પ્રારંભ થતો હતો. સ્વામીશ્રીને સાંજની સભામાં પ્રવક્તાએ એક પ્રશ્ન પૂછ્યો : 'આપને યોગીજી મહારાજ સાથે જોડાણ હતું એવી આત્મબુદ્ધિ અને પ્રસંગ અમે પણ કઈ રીતે કરી

શકીએ ? એનું રહસ્ય આપ સમજાવો.'

હજારો થનગનતા યુવાનોને નીરખતાં સ્વામીશ્રી અત્યંત આનંદિત હતા. અને પોતે જે જીવન જીવ્યા હતા એ જીવનની વાત આવતાં જ સ્વામીશ્રીએ શરૂઆતથી જ વિચાર-મૌક્તિકો વેરવા માંડ્યા.

સ્વામીશ્રીએ જણાવ્યું :

''આજે બધા યુવકો આવી ગયા છે ને ઉત્સાહ પણ ઘણો દેખાય છે. એમના જીવમાં સત્સંગ છે, ભગવાનમાં હેત છે, આ રુચિ છે એટલે આનંદ રહે છે. બાકી આવી ઉંમરમાં તો ક્યાંય પાર્ટીઓમાં આનંદ કરતા હોય ! એને અહીં આવવું ને બેસવું ગમે નહીં. 'આ શું કંટાળાવાળી વાત ?! આમાં આત્મબુદ્ધિ કરવી ને આ કરવું ને ફલાણું કરવું ?!' ત્યાં (પાર્ટીઓમાં) બધા ભેગા થાય એમાં આત્મબુદ્ધિ બહુ થાય. પણ અહીં તો ૨૫૦૦ યુવકો આવ્યા ! યુવા અવસ્થામાં ધમાલ હોય ! લૌકિક વિચાર, માયાના વિચાર હોય ! પણ આપણા બધા પર જોગીબાપાના આશીર્વાદ થયા છે કે યુવકો મારું હૃદય છે. આ આખા શરીરમાંય હૃદયની બહુ મહત્તા છે. જો હૃદય બંધ પડી ગયું તો 'જય સ્વામિનારાયણ !' જોગી મહારાજની આપણા પર કેટલી દયા છે કે આ સંબંધમાં લાવી અક્ષરધામની પ્રાપ્તિ થાય ને સુખિયા કરવાની વાત છે ! એવો પ્રેમ એમને યુવકો પર હતો. હૃદયની મહત્તા સમજ્યા હોઈએ તો એ હૃદયને આપણે કેટલું સાચવીએ ? એટલે જોગી મહારાજનું વચન પાળવું પડે કે ન પાળવું પડે ? હૃદય એમનું છીએ તો હૃદયને જરાય તકલીફ ન થાય, કોઈપણ મુશ્કેલી ન આવે એવી રીતે આપણે જાણપણું રાખીને કામ કરવું જોઈએ.

ખોટું થાય નહીં, ખરાબ વિચાર આવે નહીં અને કથાવાર્તા, કીર્તન, ભક્તિ એ જ થાય. જોગી મહારાજને ગમે એ કરીએ તો રાજી થાય. એમને નાટક-ચેટક તો ગમતું નથી. આ સત્સંગ કરો. યુવકમંડળમાં તમે આવ્યા, તો અત્યારે (જોગી મહારાજ) બહુ રાજી થતા હશે. અક્ષરધામમાંય રાજી થતા હશે કે 'અહો... હો... હો... મારા યુવકો આવ્યા ! આટલા મોટા પ્રમાણમાં અને એય અમેરિકાના રજોગુણી વાતાવરણમાંથી આવ્યા છે !' કારણ કે એમણે આપણને પોતાના માન્યા છે. તો જોગી મહારાજની આજ્ઞા-આદેશ જીવનમાં બરાબર દૃઢ કરવા.'

•

૧૩-૭-૨૦૦૭, જેક્સનવીલ

ભોજન દરમ્યાન દરેક વિભાગના અહેવાલ અપાતા હતા. આજે મહિલામંડળનો રિપોર્ટ રાજનભાઈએ આપ્યો. રાજનભાઈ પૂર્વભૂમિકા બાંધી રહ્યા હતા. તેઓ સ્વામીશ્રીને કહે : 'આ બકુલભાઈ અમારી સાથે કામ કરતા. હવે સાધુ થયા એટલે અમારે હાથ જોડીને કહેવું પડે છે કે 'વિવેકમૂર્તિ સ્વામી ! આપની શું આજ્ઞા છે ?' આ હિમાંશુને તો અમે કહેતા કે 'આમ કર ને તેમ કર.' હવે મારે કહેવું પડે છે કે 'મુનિતિલક સ્વામી ! આપની શું આજ્ઞા છે ?'

સ્વામીશ્રી કહે : 'સારું ને ! નમ્ર થવાય છે ને ! ત્યાગી થયા એટલે આપણા ગુરુ થયા. એમની પાસે હાથ જોડીને જ વાત કરવી.'

રાજનભાઈ કહે : 'બાપા ! આપ તો હજારો વર્ષ સુધીનો ઠેલ મારી શકો એમ છો. અમને એવું બળ આપો કે અમે એવું કામ કરી શકીએ કે જેથી આગળ ઠેલ વાગે.'

સ્વામીશ્રી કહે : 'મિત્રોને બીજા-ત્રીજાને આ વાત સમજાવતા જાવ, નિષ્ઠા કરાવતા જાવ, એટલે આગળ ઠેલ ચાલશે.'

•

૧૪-૭-૨૦૦૭, જેક્સનવીલ

શિબિરમાં આજે યુવાનોએ કેટલાક અદ્‌ભુત પ્રસંગો કહ્યા. સ્વામીશ્રીના વાત્સલ્યનાં અમૃતે તેમને કેવી દિવ્ય ઊર્જા આપી હતી ! તે પ્રત્યેક પ્રસંગ સૌને માટે સદા સ્મરણીય બની રહ્યો હતો.

સભામાં સ્વાનુભવની વાત કરતાં યોગેશ નામના એક યુવકે કહ્યું : ''૧૯૮૦માં જ્યારે સ્વામીશ્રી બોસ્ટનમાં વિશ્રામલીલામાં હતા ત્યારે સ્વામીશ્રીએ જ મારું નામ પાડ્યું હતું. ત્યાર પછી તો હું બાળસભામાં, કિશોરસભામાં નિયમિત જતો. પરંતુ કૉલેજમાં આવ્યો ને કુસંગ ચડી ગયો. સત્સંગનો રંગ ઓછો થતો ગયો. વ્યસનો, પાર્ટીઓ એટલું બધું વધી ગયું કે એકાગ્રતા ગુમાવી બેઠો. ભણવામાં પણ ડલ થઈ ગયો. સંતોએ બોલાવીને ઘણી વાતો કરી. એટલે થોડોક સત્સંગના માર્ગે પાછો વળ્યો. પરંતુ મનમાં ખટક રહેતી હતી કે 'સ્વામીબાપાની આજ્ઞા ન પળાઈ એટલે હવે અક્ષર-ધામમાં નહીં જવાય.' એક વાર સ્વામીશ્રી પાસે આવ્યો.

સ્વામીશ્રીને બધી જ વાત કરી. સ્વામીશ્રીએ જાણે કાંઈ ન બન્યું હોય એમ મને કહ્યું : 'હવે બધું ભૂલી જા. મહારાજ, સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, એ બધાને આપણે રાજી કરવાના છે. હવે એમ માન કે ફરી જન્મ થયો છે. પહેલાનું બધું ધોવાઈ ગયું છે. હવે સારી રીતે ભણવાનું રાખ.' સ્વામીશ્રીનું આવું વહાલભર્યું વર્તન જોઈને હું તદ્દન હળવો થઈ ગયો. પાપનો ભાર ધોવાઈ ગયો ને હું ફરીથી સત્સંગના માર્ગે ચાલી આગળ વધવા લાગ્યો. ભણવાનું પણ સારી રીતે પત્યું.''

કેદાર ઠક્કરે પોતાના અનુભવની વાત કરતાં સભામાં કહ્યું કે ''હું ભણ્યા પછી નોકરી માટે અમેરિકા આવ્યો. અમેરિકામાં મારા કોઈ સગા ન હતા, પરંતુ સ્વામીબાપા આપે માતા ને પિતાની જેમ મને દરેક રીતે સાચવી લીધો. એટલું જ નહીં, મારાં લગ્નનો પ્રશ્ન હતો. સ્વામીશ્રીએ એ પ્રશ્ન પણ પોતાના માથે લઈને એકદમ સરળ કરી આપ્યો. બધી ચિંતા પોતાના માથે લઈ લીધી, કારણ કે હું અમેરિકામાં હતો ને મારા પિતાશ્રી અને માર્કંડભાઈ સ્વામીશ્રીને મળવા માટે ભરૂચ ગયા હતા. સ્વામીશ્રીએ પોતે જ પિતા હોય એ રીતે જાતે જ નક્કી કરી દીધું અને ત્યાં ને ત્યાં સગાઈ કરી દીધી. રાતના ૩-૦૦ વાગે જ્યારે હું અહીં સૂતો હતો ત્યારે મારા પિતાજીની ફોનની ઘંટડી વાગી ને કહ્યું કે 'તારી સગાઈ થઈ ગઈ છે.' મેં તો ફક્ત એક જ વખત ફોનથી વાત કરી હતી ને ફોટો જોયો હતો, પણ મારી ચિંતા સ્વામીશ્રીએ કરી. વળી, ભરૂચ પ્રતિષ્ઠા વખતે લગ્ન ગોઠવવાનાં હતાં, ત્યારે મેં ફોન કર્યો, ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'તું ચિંતા કરતો નહીં. સાત દિવસ પહેલાં પરદેશથી અહીં આવજે, બહુ વહેલા આવવાની જરૂર નહીં. બીજી બધી જ વ્યવસ્થા અમે કરી દઈશું. પ્રતિષ્ઠામાં મહેમાન થઈને જ આવજે.' જ્યારે હું ભરૂચ ગયો ત્યારે સૌથી પહેલો પ્રશ્ન સ્વામીબાપાએ મને પૂછ્યો કે 'બધું બરાબર છે ને ? સવારે આવજે. મીંઢળ બાંધી આપીશ.' સ્વામીશ્રીએ મારી આટલી ચિંતા કરી છે !! તેમનો એ પ્રેમ કેવી રીતે વિસારી શકું ?''

ટોરોન્ટોના પ્રકાશ જયંતીભાઈ પટેલે પણ પોતાના અનુભવની વાત કરતાં કહ્યું : ''૧૯૯૬માં મારા ભાઈ સ્નેહલને ઇચ્છા થઈ કે 'મારે સાધુ થવું છે.' એ વખતે મારા મનમાં એ ખટકતું કે 'અઢાર વર્ષ સાથે અમે બંને ભાઈઓ એક મિત્ર તરીકે જ રહ્યા, હવે હું એકલો શું કરીશ ?' પણ હું એ વાત કોઈને કરી શક્યો નહીં. મારા પિતાશ્રી જ્યારે સ્નેહલને લઈને સ્વામીશ્રી પાસે આવ્યા ત્યારે સ્વામીશ્રીએ પહેલું એવું પૂછ્યું કે 'એની માતાને વાંધો નથી ને ?' પછી મને પૂછ્યું કે 'તને વાંધો નથી ને ?' એ વખતે મનમાં તો હતું જ કે 'મિત્ર જેવો છે,' પણ કહેવાઈ ગયું કે 'ના, વાંધો નથી.' પણ સ્વામીશ્રી અંતર્યામી છે, એટલે અંતર પકડીને સીધી જ વાત કરી કે 'તું ચિંતા કરતો નહીં. તારાં માતા-પિતા ને ભાઈ તરીકે હું રહીશ.' એ દિવસથી દૃઢતા થઈ ગઈ કે 'સ્વામીશ્રી હંમેશાં મારી સાથે જ છે.''

શિકાગોના યજ્ઞેશભાઈએ પણ ૨૨ વર્ષ પહેલાંના પોતાના પ્રસંગની વાત કરતાં કહ્યું : ''૨૨ વર્ષ પહેલાં નૈરોબીથી 'અક્ષરબ્રહ્મ દ્વિશતાબ્દી મહોત્સવ' ઊજવવા માટે અમે અમદાવાદ ગયા હતા. હું ત્યારે નાનો બાળક હતો. જળઝીલણી ઉત્સવ સારંગપુર કર્યો. ત્યાં અચાનક સખત તાવ આવ્યો અને અમદાવાદ લઈ ગયા ત્યાં ખબર પડી કે એપેન્ડીક્સ લગભગ ફાટવાની તૈયારીમાં છે. આંતરડું પણ અંદર વીંટળાઈ ગયું હતું. તાત્કાલિક ઑપરેશન તો કર્યું, પરંતુ ડૉક્ટરોએ ભૂલમાં આંતરડા ઉપર ચીરો કરીને પેટ સાંધી દીધું. આગળનો પ્રૉસેસ રહી ગયો. એટલે જમતી વખતે જે લિક્વીડ જાય કે ખોરાક જાય એ બધો જ લીક થઈને લોહીમાં ને શરીરનાં અંગોમાં ભળતાં રીએક્શન આવ્યું, ને નાડીના ધબકારા જ બંધ થઈ ગયા. ઇમરજન્સી હતી. સૌ ગભરાઈ ગયા હતા. 'સ્વામીશ્રી ! તે વખતે સૌએ તાત્કાલિક આપને ફોન કર્યો ને આપે આશીર્વાદ આપ્યા. આપના આશીર્વાદથી જ જાણે કે હું બચ્યો, અને એટલું જ નહીં, દ્વિશતાબ્દી વખતે અનેક સંતો મને હૉસ્પિટલ ઉપર મળવા માટે આવતા. એટલું જ નહીં, આપે પણ ત્યાં પધારીને આપે પ્રસાદી કરેલું બદામ મિશ્રિત દૂધ મને પાયું અને માતાનો સ્નેહ વરસાવ્યો હતો. આપની કૃપાથી એ જ દિવસથી જમવાનું ચાલુ થયું ને પછી કોઈ તકલીફ પડી નથી.''

•

૮:૩૦ વાગે સભા પૂરી થયા પછી સ્વામીશ્રી બહાર પધાર્યા. અહીં ઘૂઘરમાળ અને ગાડા સાથે કેટલાક યુવકો

ઊભા હતા. કનુભાઈ (સી.ઈ.ઓ.), રાજન, તુષાર વગેરે યુવકો ખભે ધૂસરું લીધું હોય એવા ભાવથી હાથમાં દોરડું લઈને એ મુદ્રામાં ઊભા હતા.

રાજને સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! અમે સૌ યુવકો આપના બળદિયા છીએ.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી કહે : 'બળદિયા થવું સહેલું નથી. બળદિયાને મનધાર્યું ન થાય. ખેડૂત કહે એમ જ થવું જ જોઈએ. નો શંકા, નો આર્ગ્યુમેન્ટ, તો બળદિયા સાચા. મોળી વાત કરવી નહિ, ને સાંભળવી નહિ. કાયમ તત્પર રહેવું, તો બળદિયા ખરા.'

•

૧૫-૭-૨૦૦૭, જેક્સનવીલ

શિબિરની સમાપ્તિમાં અંતે સૌ યુવકોએ ભાવવાહી કંઠે, અંતરના નાદથી ગાવાનું શરૂ કર્યું : *'મહાબળવંત માયા તમારી...'*

સમૂહમાં તલ્લીનતાથી ગવાઈ રહેલી પ્રાર્થનામાં કડી આવી : *'કેદિ દેશોમાં સંસારી સુખ...'* સ્વામીશ્રી પ્રત્યેક કડીએ લટકાં કરીને સૌને સ્મૃતિ આપતા હતા, પરંતુ આ કડી આવતાં જ સામેથી જ તેઓ બોલવા લાગ્યા. આમ તો કોઈને સંભળાય એવું હતું નહીં, કારણ કે માઇક હતું નહીં. છતાં સ્વામીશ્રીને જ ઉમંગ હતો, એટલે બોલવા લાગ્યા કે –

''આ બધા બોલે છે, પણ સંસારી સુખ ન મળે તો દુઃખી થઈ જાય. પણ મહારાજના વખતમાં ભક્ત હતા, એટલે સામેથી આવું માગે છે ! સંસારી સુખ મળે તો વાંધો નથી, પણ કોઈને મળે કે ન મળે, ત્યારે દુઃખ ન માનવું. સંસારનાં સુખ તો હરિભક્તને જરૂર પડે જ, કારણ કે બધા જવાબદારીવાળા છે, નોકરી-ધંધાવાળા છે, બૈરાં-છોકરાંવાળા છે. અમારે સંત-સાધુને તો ઉલાળ-ધરાળ હોય નહીં, એટલે એને બરાબર છે; પણ તમારે તો જરૂર પડે જ. પણ એમાં એટલું સમજવાનું કે સંસારી સુખ આવે તો પણ ભગવાનને ન ભૂલવા જોઈએ, એ કરવાનું છે. જે કંઈ છે એ ભગવાનની ઇચ્છાથી જ મળ્યું છે, એમની કૃપાથી જ છે. એટલે એ ભૂલવાનું નહીં. આ જ્ઞાન સમજી રાખ્યું હોય તો વાંધો ન આવે; નહીં તો સંસારી સુખ મળે ને અલમસ્તાઈ આવી જાય, ને પછી મોજશોખ ઉપર ચડી જવાય, નાસ્તિકતા આવી જાય; પણ જો આ જ્ઞાન દૃઢ થયું હોય, તો ધન-ધામ, કુટુંબ, પરિવાર, પૈસા-ટકા-સમૃદ્ધિ બધું જ ભગવાનને અર્થે રહે.'

આટલું કહીને સંસારી સુખની વ્યાખ્યા કરતાં સ્વામીશ્રી કહે : 'ભગવાન વગરનું જે સુખ છે એ સંસારનું છે.'

સ્વામીશ્રીએ હરિભક્તોને જાણે હળવા કરી દીધા.

•

૧૬-૭-૨૦૦૭, ટોરોન્ટો, કેનેડા

મુલાકાતો દરમ્યાન એક હરિભક્ત દર્શને આવ્યા. વરસોથી સ્વામીશ્રી જાણતા હતા કે એને એના પિતાશ્રી સાથે બનતું ન હતું. એટલે સામેથી જ સ્વામીશ્રીએ પૂછ્યું : 'કેમ છે ?'

આટલી વાતમાં જ પેલા હરિભક્ત કહે : 'બાપા ! સાચું કહું ? એમણે મને સામેથી ફોન કર્યો એટલે હું પણ હવે ઘરે જતો થયો છું.'

સ્વામીશ્રી તરત જ કહે : 'બાપ ન બોલાવે તોય જવું પડે. એમાં માન શું રાખવાનું ?'

•

૧૭-૭-૨૦૦૭, ટોરોન્ટો

ટોરોન્ટો(કેનેડા)માં ઉદ્‌ઘાટિત થનારા મંદિર ઉપર ઉદ્‌ઘાટન માટેની તકતીઓ લગાડવાની હતી. એ તકતીઓ તૈયાર થઈને આવી હતી. સ્વામીશ્રી સમક્ષ એ તકતી મૂકવામાં આવી. જોતાંવેંત સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'અક્ષરો બહુ નાના છે. મોટા અક્ષરો રાખવા જોઈએ. હવે બીજી તૈયાર થઈ શકે એમ છે ?'

જ્ઞાનપ્રિય સ્વામી કહે : 'આમ તો તાત્કાલિક થઈ નહીં શકે, પણ આપની ઇચ્છા છે તો પ્રયત્ન કરીશું.'

વિવેકસાગર સ્વામી કહે : 'નહીં તો ભગવાનની ઇચ્છા ! કાંઈ ઉપાય ન હોય તો આ જ શ્રેષ્ઠ છે ને ?'

સ્વામીશ્રી તરત જ કહે : 'શાંતિ... શાંતિ... શાંતિ... આ એક જ ઉપાય હોય તો શાંતિ રહે.'

છેલ્લે પોતાની રુચિ દર્શાવતાં કહે : 'જાહેરમાં તકતી મૂકવાની હોય એ મોટા અક્ષરવાળી જ હોવી જોઈએ.'

•

સ્વામીશ્રીના ભક્ત જેવા ગુણાનુરાગી અને કેનેડાના પૂર્વ સોલિસીટર જનરલ બૉબ કપ્લાન દર્શને આવ્યા હતા. તેઓ કહે : 'હું આશા રાખું છું કે હજાર વર્ષ સુધી આ મંદિર રહેવાનું છે, એટલે ભાવિ પેઢીને લાભ

થશે અને આપ પણ એટલું જ આ પૃથ્વી ઉપર રોકાવ.'

સ્વામીશ્રી કહે : 'એ બધું તો ભગવાનના હાથની વાત છે. એમને જેમ રાખવા હોય એમ રહેવાનું છે. જે રીતે રાખવા હોય એ રીતે રાખે. ભગવાનની જેવી ઇચ્છા ! ભગવાન અનેકની પાસે કામ લઈ શકે છે ને !'

આટલું કહેતાં સ્વામીશ્રીએ વળી કહ્યું : 'કપ્લાન જ્યારથી મળ્યા ત્યારથી મુમુક્ષુ જ લાગે છે. સંસ્કારી જીવ આવી ગયા છે. કેનેડા દેશ માટે પણ સારી સેવા કરી છે. સત્સંગી હોય એવા ભાવથી અહીં આવે છે.'

બૉબ કપ્લાન કહે : 'રાજકીય ક્ષેત્રમાંથી નિવૃત્તિ લીધા પછી આપના આશીર્વાદ સાથે ધંધો કર્યો. એમાં પણ હું સફળ રહ્યો છું. મેં ધંધો કરતાં પહેલાં આપને પૂછ્યું હતું.' વળી, તેઓ કહે : 'મને હજી ગાંધીનગરની બહુ જ સ્મૃતિ છે. એ લાલ પથ્થરનું હતું. આ સફેદ આરસનું છે. જાણે કે બરફના ઘરમાંથી જતા હોય એવું લાગે છે. બરફના ઘરને તો અજાયબી કહેવાય, પણ આ તો અજાયબીની સાથે પવિત્ર પણ છે. વળી, આ મંદિરમાં જઈએ ને લય અને સંગીતની સાથે ચાલતા હોઈએ એવું લાગે છે.'

વાર્તાલાપ દરમ્યાન ૧૯૮૮માં થયેલા કેનેડા પાર્લામેન્ટના સન્માનની વાત નીકળતાં સ્વામીશ્રી કહે : 'પાર્લામેન્ટમાં તમે જ લઈ ગયા હતા.'

બૉબ કપ્લાન કહે : 'ખરેખર તો '૮૪માં ચૂંટણી થઈ ત્યારે આપે પત્ર લખ્યો કે 'વડાપ્રધાન ચૂંટાઈ જશે.' અમારા નેતાની ચુંટણી એ વખતે પૂર્ણ થઈ હતી. તેઓ હારી ગયા હતા ને ત્યાર પછી મને હરિભક્ત પત્ર આપવા આવ્યા. મેં એ પત્ર રાખી લીધો અને જઈને પૂર્વપ્રમુખ ટ્રૂડોને બતાવી વાત કરી કે 'પ્રમુખસ્વામી મહારાજ આશીર્વાદ આપે છે કે તમે કેનેડાના પ્રાઈમ મિનિસ્ટર થશો.' ત્યારે બે ઘડી તો એ મારી સામે જોવા લાગ્યા અને હસીને પત્ર એક બાજુ મૂકી દીધો. પરંતુ આપના આશીર્વાદ હતા એટલે સત્તા ઉપર રહેલી સરકાર થોડાક જ મહિનામાં તૂટી પડી ને ટ્રૂડો કેનેડાના વડાપ્રધાન જંગી બહુમતીથી બન્યા. આપના આશીર્વાદનું એ પરિણામ હતું.'

•

પ્રતીક શાહે સૌ યુવકો વતી પ્રાર્થના કરતાં કહ્યું : "બાપા ! અમે નોકરી પણ કરીએ છીએ, સત્સંગનું કાર્ય પણ કરીએ છીએ, અને ઘરની જવાબદારી પણ સંભાળીએ છીએ. ઘણી વખત પ્રાયોરિટી સેટ કરવામાં ખૂબ તકલીફ પડે છે, તો આપ આશીર્વાદ આપો કે દરેક કાર્ય સારી રીતે કરી શકાય.'

સ્વામીશ્રી તરત જ કહે : 'સ્કૂલમાં જેમ ટાઈમ-ટેબલ સેટ કરે છે, એ રીતે ખટકો રાખીને ટાઈમ-ટેબલ ગોઠવી રાખવું, તો બધું અનુકૂળ થઈ જશે. 'આટલા વાગે ઊઠી જવું, સ્નાન કરવું' આ બધું જો ખટકો રાખો તો કમ્પલીટ થઈ જાય. ટાઈમ-ટેબલ ન ગોઠવો તો આળસમાં સૂઈ રહેવાય ને કામ ન થાય.'

•

મુલાકાત દરમ્યાન પ્રભુદાસ પટેલ(બોરિયા-અગાસ)ને આવેલા જોઈને સ્વામીશ્રી કહે : 'ક્યાં હતા ? બે દિવસથી તમને યાદ કરતો હતો. કરમસદમાં સારો સત્સંગ કરાવ્યો હતો.'

•

૧૯-૭-૨૦૦૭, ટોરોન્ટો

મુલાકાતો દરમ્યાન એક જૂના હરિભક્ત દર્શને આવ્યા. ભાદરણના હીરાભાઈ ચતુરભાઈના વંશમાં આવતા આ હરિભક્ત, સ્વામીશ્રી જ્યારે ૧૯૪૦ના દાયકામાં ભાદરણમાં ભણતા એ વખતે ઝોળી માગવા સાથે પણ જતા. શાસ્ત્રીજી મહારાજના અંતિમ સંસ્કાર વખતે સાથે જ હતા, અને યોગીજી મહારાજની પણ ખુરશી ખૂબ ઊંચકી હતી.

જો કે અહીં આવ્યા પછી સ્વામીશ્રીને ખ્યાલ આવ્યો કે 'નિયમ-ધર્મમાં થોડીક શિથિલતા આવી ગઈ છે,' એટલે હક્કદાવે સ્વામીશ્રીએ તેઓને કહ્યું : 'તમે આટલા જૂના હરિભક્ત થઈને આવું કરો તો શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ રાજી થાય ? તમારું કુટુંબ રાજી થાય ? તમે જે કરો છો એ મહાપાપ કહેવાય. માટે આજથી જ ખાવાનું મૂકી દો. નક્કી જ કરો કે 'આ ખાવું જ નથી.' આ બધા સંતો એ કંઈ તારા શત્રુ છે ?'

સ્વામીશ્રીએ ખૂબ વાત કરી, પરંતુ સામે તેઓ કાંઈ બોલ્યા નહીં, એટલે સ્વામીશ્રી કહે : 'જરાક ખોંખારીને બોલ તો ખરો !'

'હા, હવે નહીં કરું.'

'બસ, એ જ રીતે થવું જોઈએ. હવે ફરિયાદ ન

આવવી જોઈએ. પ્રતિષ્ઠાના દિવસો છે, સ્મૃતિ રહેશે.'

•

કંપાલાથી મૂર્તિપ્રતિષ્ઠાના પ્રસંગ માટે જ અહીં આવેલા હરીશભાઈ ભૂપતાણી, ભીખુભાઈ રામજીભાઈ તથા મુંબઈથી આવેલા કિશોરભાઈ વગેરે સ્વામીશ્રીને મળ્યા. હરીશભાઈ કહે : 'અમે અહીં આવતા હતા ને યુરોપમાં અમારું પ્લેન બગડ્યું. વિમાનની કંપનીએ અમને ઓફર કરી કે 'તમને બે લાખ રૂપિયા આપીએ અને બીજા દિવસની ફ્લાઇટમાં લઈ જઈએ;' પરંતુ અમારે તો દર્શન કરવા હતા, એટલે બે લાખની ઓફર ઠુકરાવી દીધી અને આજે આવી ગયા.'

આ સાંભળતાં સ્વામીશ્રી કહે : 'બે લાખ કરતાં આ બે કરોડનાં દર્શન થયાં એ મોટા જ કહેવાય ને ! વધારે સ્મૃતિ થઈ ગઈ.'

•

સ્વામીશ્રી આરામમાં જઈ રહ્યા હતા. ટોરોન્ટોના મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે જુદાં જુદાં સેન્ટરમાંથી સંતો આવતા જતા હતા, એટલે મંદિર ભર્યું ભર્યું લાગતું હતું. પોઢી રહેલા સ્વામીશ્રીનાં દર્શન માટે સામે બેઠેલા સંતોને જોઈને સ્વામીશ્રી કહે : 'સંતો ! ખુશ કેમ છો ?' જાતે જ ઉત્તર આપતાં કહે : 'નવું મંદિર થયું, નવા હરિભક્તો જોવા મળે એટલે ખુશ જ હોય ને !'

સંતો કહે : 'મંદિર બનાવ્યું કોણે ?'

સ્વામીશ્રી બંને હાથ પસરાવીને એકદમ વજન સાથે બોલ્યા : 'ભગવાન સ્વામિનારાયણે. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે કર્યું.'

પળે પળ સ્વામીશ્રી આ દાસભક્તિમાં જીવે છે.

•

સ્વામીશ્રી બેઠા હતા. સામે બેઠેલા સંતોએ દર્શન કરતાં કરતાં મંદિરની વિશેષતાની વાતો કરી.

વિશ્વવિહારી સ્વામી કહે : 'કેનેડાનું આ મંદિર ખૂબ અદ્ભુત છે ! કોતરકામ ખૂબ ઝીણું અને નવું છે !' આટલું કહીને તેઓ કહે : 'આ ઉંમરે તમે તો થાકતા જ નથી. તમારી હિંમત ખરી કહેવાય ! તમારી હિંમતથી જ આ મંદિર થયું છે.'

સ્વામીશ્રી તેઓની વાતને ટૂંકાવતાં કહે : 'આપણી હિંમત કાંઈ નથી. જે કંઈ છે એ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનું છે. મહારાજે કરોડ મનવાર ભરવાની વાત કરી છે ને ! એટલે તેઓનું આ કાર્ય છે.'

વિશ્વવિહારી સ્વામી કહે : 'જ્યારે ને ત્યારે તમે શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની વાત કરો છો, તો તમે શું કરો છો ?'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'અમે એમના સંકલ્પે મહેનત કરીએ છીએ.'

વિશ્વવિહારી સ્વામી કહે : 'અમે એ જ તો કહીએ છીએ. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ કે મહારાજ જુદા ક્યાં છે ! બધા એક જ છે ને ! એટલે જે કંઈ કાર્ય થાય છે એ આપ જ કરો છો.'

સ્વામીશ્રી કહે : 'બધામાં પ્રેરણા આપનાર તો એ જ છે ને !'

•

૨૦-૭-૨૦૦૭, ટોરોન્ટો

કિશોરભાઈ ભૂપતાણી કહે : 'સતત ભગવાનનું અનુસંધાન કેવી રીતે રહે ?'

સ્વામીશ્રી કહે : 'જેટલી સ્મૃતિ રાખીએ તેટલું વધારે અનુસંધાન રહે. પૂજા વખતે જે કાંઈ લાભ લીધો હોય, જે કંઈ દર્શન થયાં હોય, એની સ્મૃતિ કરવાની.'

•

૨૨-૭-૨૦૦૭, ટોરોન્ટો

૧૯૭૩ની સાલમાં પહેલી વખત સ્વામીશ્રીએ કેનેડામાં પગ મૂક્યો ત્યારે ભગવાનજીભાઈ માંડવિયાની સાથે જી. એમ. પટેલ પણ હતા. અહીંના સત્સંગના વિકાસના તેઓ પાયાના સાક્ષી હતા.

જી. એમ. પટેલનો સુપુત્ર માર્કંડ પણ આજે દર્શને આવ્યો હતો. સ્વામીશ્રીએ એ વાત યાદ કરીને કહ્યું કે 'માર્કંડ આવ્યો એ બહુ જ સારું કર્યું.'

જી. એમ. કહે : 'એણે એક પત્ર લખ્યો છે એ હું લાવ્યો છું.'

સ્વામીશ્રી ઉમળકાથી કહે : 'મને પત્ર આપજે. હું જાતે જ એને ઉત્તર લખી દઈશ. એને ગુજરાતી વાંચતા આવડે છે ?'

'ના.'

'તોય હું લખી દઈશ. તું એને અંગ્રેજી કરી દેજે.'

એક યુવકને સત્સંગના માર્ગે પુનઃ દૃઢ કરવા માટે સ્વામીશ્રીનો આ સૂક્ષ્મ દાખલો અત્યંત નોંધનીય છે.

•

૨૩-૭-૨૦૦૭, ટોરોન્ટો

સ્વામીશ્રી દીપકભાઈ રૂપારેલને મળ્યા. તેઓ ટોરોન્ટોના ભારતીય સમાજના અગ્રણી છે અને ખાસ કરીને હિન્દુ ધર્મ માટે તેઓને ખૂબ આદર છે અને તેઓ એના સંવર્ધન માટે પ્રયત્નશીલ પણ છે. ટોરોન્ટોના મંદિર મહોત્સવમાં તેમણે પી.આર. વિભાગમાં ખૂબ સેવાઓ આપી હતી.

આજે સ્વામીશ્રી સાથેની મુલાકાતમાં તેઓ કહે : 'શરૂ શરૂમાં જ્યારે હું અહીં આવતો અને મંદિર મહોત્સવની વાત મારી સાથે થતી ત્યારે મેં એ રીતે જ વિચાર્યું હતું કે થોડું અંતર રાખીને જ કાર્ય કરવું. એટલે દૂર દૂરથી જ કામ કરવાના આશય સાથે હું આવ્યો હતો. પરંતુ જ્યારે આપ મળ્યા ને આપના વિચારોની સ્પષ્ટતા મેં જોઈ અને સાથે સાથે કોઈપણ કોયડાનો એકદમ સાદી રીતે ઉકેલ આપતા જોયા ત્યારે મને લાગ્યું કે 'આ કંઈક અલગ જ છે.' મેં જોયું છે કે ઘણા લોકો પોતાની મહત્તા વધારવા માટે સાદી વાતને ગૂંચવી મારે, ત્યારે આપ અઘરામાં અઘરી વાતને સરળ કરીને આપો છો, એ જોઈને મારું મન બદલાઈ ગયું.'

સ્વામીશ્રીએ પણ તેઓની સેવા બદલ પ્રસંશા કરીને તેઓને આશીર્વાદ આપ્યા.

•

મુલાકાતો દરમ્યાન ગણેશ મંદિરના ઈશ્વર શાસ્ત્રી, શિવ-વિષ્ણુ મંદિરના પૂજારી લલિત શાસ્ત્રી અને તેઓનો પુત્ર વિવિધમ્ દર્શને આવ્યા. દક્ષિણ ભારતીય પરંપરા મુજબ તેઓ ખુલ્લા ડીલે લૂંગી પહેરીને અડવાણે પગલે ચાલતાં ચાલતાં ગુરુદર્શને આવ્યા હતા.

ઈશ્વર શાસ્ત્રીએ વાત કરતાં કહ્યું : 'આપનાં દર્શન થયાં તેમાં કરોડો અવતારોનાં દર્શન થઈ ગયા હોય એવું અનુભવાય છે.'

સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપ્યા.

આશીર્વાદ લઈને તેઓ જઈ રહ્યા હતા. સ્વામીશ્રી તેઓની તરફ જોઈ રહ્યા હતા. એટલે પૂછ્યું, ત્યારે સ્વામીશ્રી કહે : 'દક્ષિણા આપવાની રહી જાય છે.'

આદરપૂર્વક સ્વામીશ્રીએ દક્ષિણા પણ અપાવી.

•

૨૫-૭-૨૦૦૭, ટોરોન્ટો

મુલાકાતો દરમ્યાન ઉપેન્દ્રભાઈ ઓઝા સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેઓ અહીં આવ્યા ત્યારે શાકાહારી ખોરાક ન મળતાં સડબરીમાં ૬ મહિના સુધી બાફેલા ચણા ને એવું ખાઈને રહ્યા હતા અને પોતાની ટેક જાળવી રાખી હતી. ત્યારથી જ સત્સંગમાં તેઓનો ચડતો ને ચડતો રંગ છે.

૧૯૭૪માં સ્વામીશ્રી જ્યારે પહેલી જ વખત આવ્યા એ જ દરમ્યાન તેઓ ન્યૂયોર્કમાં નોકરીએ લાગ્યા હતા. એ વખતે નોકરીના પગારનું ધોરણ દસ-બાર હજાર ડૉલરનું હતું. સ્વામીશ્રીએ અહીં અમેરિકાનું સૌથી પહેલું મંદિર કરવાનું વિચાર્યું હતું. એ મંદિરમાં સ્વામીશ્રીની રુચિ જાણીને તેઓ પોતાનો સઘળો પગાર આપી દેતા હતા. લગભગ ૭-૮ વર્ષ સુધી તેઓએ આ રીતે જે કમાય એ આપી દઈને વિશિષ્ટ સેવા કરી હતી. પોતાના જીવનનું ગુજરાન ઓવર ટાઇમમાં મળેલા પૈસા વડે તેઓ કરતા. આના પરિણામે, સાત સાત વર્ષ સુધી તેઓ ઘરમાં પલંગ, ટી.વી. કે ફોન સુધ્ધાં લાવ્યા ન હતા !! તેઓનાં પત્નીએ પણ તેઓને આ રીતે સહકાર આપ્યો હતો. આટલી સેવા છતાં કોઈ અપેક્ષા નહીં ! એટલું જ નહીં, મહારાજ અને સ્વામીએ વળી કસોટી એ કરી કે 'તેઓની કીડની ફેલ થઈ ગઈ.' ભલભલાને શંકા જાગે એવી પરિસ્થિતિમાં પણ અખંડ આનંદમાં રહીને તેઓએ સત્સંગનો રંગ વધુ ને વધુ ઘેરો કર્યો. તેઓના નિકટના પરિવારને ક્યારેક ઢીલાશ આવી જતી ને કહેતા કે 'તમે આટલી સેવા કરો છો, છતાં આમ કેમ ?' ત્યારે તેઓ સમજાવતા કે 'શરીર છે એટલે આ રોગ તો આવે ને જાય. મારું અક્ષરધામ તો પાકું જ છે.'

અત્યારે પણ છેલ્લાં ૩૨ વર્ષથી તેઓ નિયમિત ડાયાલીસીસ કરીને જીવન ગુજારે છે. એટલું જ નહીં, છેલ્લે છેલ્લે હમણાં ડાયાબીટીસની સાથે સાથે હાર્ટઍટેક આવી ગયો, તો પણ કેફ એવો ને એવો જ. આજે જ્યારે તેઓ લાકડી લઈને ડગુંમગું થતાં સ્વામીશ્રીનાં દર્શને આવ્યા ત્યારે મોઢા ઉપર સહેજ પણ ચિંતાની લકીરો દેખાતી ન હતી.

તેમને જોતાં જ સ્વામીશ્રી ભાવાર્દ્ર થઈ ગયા. સ્વામીશ્રી કહે : 'જ્યારથી જોયા ત્યારથી હૉસ્પિટલમાં (બિમાર) જ છે, પણ અહીં (અંતરમાં) એટલું બળ છે કે કશું લાગતું જ નથી.'

આટલું કહીને સ્વામીશ્રીએ ભાવાર્દ્ર થઈને

ઉપેન્દ્રભાઈને આશીર્વાદ આપતાં કહ્યું : 'તમારી નિષ્ઠા અને સમજણ એવી છે કે હજારોને પ્રેરણા મળે તેમ છે.'

•

૨૮-૭-૨૦૦૭, એડીસન

મુલાકાત દરમ્યાન અહીંના એક અમેરિકન મુમુક્ષુ શ્રી ટોની દર્શને આવ્યા. તેઓએ પોતાના અનુભવની વાત કરતાં કહ્યું : 'આપના પ્રથમ વાર જ હું દર્શન કરવા આવ્યો છું. હું જ્યારે આપની પૂજામાં બેઠો હતો અને આપનાં દર્શન કરી રહ્યો હતો, ત્યારે અંતરમાં શાંતિનો શેરડો પડ્યો હોય એવી અનુભૂતિ મને થઈ. મારા હાથ-પગ અને મસ્તકમાં જાણે કે કોઈ દિવ્ય કરંટ પસાર થઈ ગયો હોય એવું અનુભવાયું. જીવનમાં આવી દિવ્ય અનુભૂતિ મેં ક્યારેય કરી નથી. અંતરમાં શાંતિ શાંતિ શાંતિનો અનુભવ થઈ ગયો. આપ એવા આશીર્વાદ આપો જેથી આત્માનો સાક્ષાત્કાર થઈ શકે.'

સ્વામીશ્રીએ તેઓને કહ્યું : 'મંદિરમાં આવતા રહેજો. સત્સંગ કરતા રહેજો.'

•

૩૧-૭-૨૦૦૭, એડીસન

આજની સભામાં જે.એફ.કે. ઍરપોર્ટના ચીફ ઑફ કસ્ટમ્સ ઍન્ડ બોર્ડર પ્રૉટેક્શન શ્રી રીચર્ડ પોલેજી આવ્યા હતા. સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપ્યા.

૨૦૦૪ની સાલમાં સ્વામીશ્રી જ્યારે અહીં પધાર્યા ત્યારે ઍરપોર્ટ ઉપર સઘળી વ્યવસ્થા તેઓએ કરી હતી. તેઓને સ્વામીશ્રી પ્રત્યે અત્યંત ભાવ અને આદર છે. મહાકાય એવા આ ઑફિસરે સ્વામીશ્રીને મળતાં કેટલીય વાર સુધી સ્વામીશ્રીનો હાથ પકડી રાખ્યો અને ત્યાર પછી તેઓએ પોતાના અનુભવની વાત કરતાં કહ્યું :

"I am humbled by this experience. I welcomed Swamiji and the Santos on behalf of my agency. When I was first in his presence, I trembled. Today was different. A week ago I had dinner with all my family. That is what I felt today - a family feeling.


My wife comes from the Soviet Union. They tried to kill religion. They could not do it and religion is ever present. I have a certificate of recognition to give to BAPS for dedication of instilling great values to the USA ..... thank you."

'સ્વામીશ્રીના આજના આ અનુભવે મને વિનમ્ર બનાવ્યો છે. હું સ્વામીજી ને સંતોનું અમેરિકામાં સ્વાગત કરું છું. આજનો અનુભવ જુદો જ છે. જ્યારે હું પહેલી વાર એમના સાંનિધ્યમાં આવ્યો ત્યારે હું રોમાંચથી ધ્રૂજી ઊઠ્યો હતો. એક ફૅમિલી એક્સપિરિયન્સ સ્વામીશ્રીને મળતાં થયો છે, જાણે મારા અંગત પરિવારજન હોય એટલી હૂંફ ને પ્રેમનો મને અનુભવ થયો છે.

મારાં પત્ની રશિયન છે. આ દેશ એવો હતો કે જેણે ધર્મને મારી નાખવા માટે ઘણા પ્રયત્નો કર્યા, પરંતુ તેઓ એ કરી શકયા નહીં. અને ધર્મ ત્યાં સદા માટે રહ્યો.'

એમ કહીને તેમણે સ્વામીશ્રીનાં કાર્યોની પ્રશંસા કરતાં કહ્યું : 'બી.એ.પી.એસ. દ્વારા યુ.એસ.એ.માં મહાન મૂલ્યોનું સિંચન કરવાનું જે મહાન કાર્ય થયું છે, તે બદલ હું એક ખાસ બહુમાનપત્ર આપને અર્પણ કરવા સાથે લાવ્યો છું.'

તેઓએ પોતાની પોલીસ એજન્સી તરફથી સ્વામીશ્રીનો આભાર માનવા માટે એ બહુમાનપત્ર અર્પણ કર્યું.



|| બ્રહ્મનનમ્ ||

આપણે એવું માનવાની જરૂર નથી કે 'ભગવાને કેમ દુઃખ આપ્યું ?' ભગવાન કોઈને દુઃખી કરવા આવ્યા જ નથી. એ તો 'બધાનું સારું થાય' એ સંકલ્પ સાથે આવ્યા છે; પણ આપણાં કર્મ, આપણો અહં અને આપણી અંદર રહેલા દોષોને લીધે આ બધી ગરબડ થાય છે.

■

જે કંઈ થાય છે એ ભગવાનની ઇચ્છાથી થાય છે. ભગવાનની ઇચ્છા ઉપર બધું ઢોળી દઈએ તો આપણને શાંતિ રહે અને સુખ રહે, અને માથે લઈને ફરીએ કે 'મેં આ કર્યું, મારાથી આ થયું,' તો અશાંતિ થશે અને ઝઘડા થશે. માથે પાણીનો ઘડો હોય તો ભાર લાગે, પણ પાણીમાં ડૂબકી મારો તો ઉપર ગમે એટલું પાણી હોય તોય ભાર ન લાગે. એમ માથે લઈને થોડું-ઘણું પણ કરીશું તો એનો ભાર લાગશે. 'આ બધું મારાથી થયું, આ હું કરું છું, મારા વગર કોઈ કરી શકે નહીં,' એવું અભિમાન કરશો તો દુઃખી થશો. જેને જેને અભિમાન આવ્યું છે એનું પતન થયું છે. માટે ભાર લઈને નહીં, પણ ભગવાનને લઈને ફરવું. ભગવાનમાં ડૂબકી મારી રાખવી, જેથી કોઈ પ્રસંગ બને તો એમને સંભારવા અને માનવું કે 'ભગવાનની ઇચ્છા હશે એમ થયું હશે !' તો સર્વ પ્રકારે સુખ-શાંતિ રહેશે.

■

આત્મબુદ્ધિનો અર્થ જ એ છે કે કોઈ જાતનો સંશય નહીં – એમના વચનમાં નહીં, એમના કાર્યમાં નહીં કે એમની ક્રિયામાં નહીં.


■

હરતાં-ફરતાં, ખાતાં-પીતાં અંતર્દૃષ્ટિ જ રાખવી કે 'મારે બ્રહ્મરૂપ થવું છે.' એટલી જો સ્મૃતિ કાયમ રહે તો ખરેખરું જ્ઞાન થાય.

પ્રસંગમ્



ઓગસ્ટ ૨૦૦૭



'ભગવાનની કૃપા વિના કોઈ કાર્ય સારું થઈ શકતું નથી. અહીં જે મંદિર થયું છે, હવેલી થઈ છે, તેમાં નાના-મોટા હરિભક્તોનું તન, મન, ધનથી સમર્પણ છે. ભારતનાં જે મૂલ્યો છે, સંસ્કારો છે, સંસ્કૃતિ છે, એનું અહીં કાર્ય થયું છે. આ કાર્ય ભગવાનનું છે, ભગવાનનું કાર્ય સર્વને માટે છે.
ભગવાનને કોઈ ભેદભાવ નથી. એમનું કાર્ય સર્વજીવહિતાવહ છે.
એટલે અહીં જે કોઈ આવશે તે બધા મનુષ્યોને શાંતિ થાય, સુખ થાય,
સર્વે મનુષ્યો સુખી થાય એ પ્રાર્થના કરીએ છીએ.'

– પ્રમુખસ્વામી મહારાજ

૧-૮-૨૦૦૭, એડીસન

આણંદથી ભગવત્ચરણ સ્વામીનો ફોન હતો. તેઓ સાથે વાત કરતાં સ્વામીશ્રીએ મુદ્દાની વાત કરતાં કહ્યું : 'આણંદમાં રહો છો તો કાયમ આનંદમાં રહેવાનું. આનંદ એટલે શું ? આત્માનો આનંદ, કથાવાર્તાનો આનંદ, ભજન-ભક્તિનો આનંદ, સત્સંગનો આનંદ. એ કાયમ રાખવાનો છે.'

•

૨-૮-૨૦૦૭, એડીસન

મુલાકાત દરમ્યાન તુષાર દિલીપભાઈ પટેલ પોતાના સુપુત્ર ધર્મદેવને લઈને આવ્યા. ધર્મદેવ હજી માંડ ૮-૧૦ મહિનાનો હતો. સ્વામીશ્રી પાસે વર્તમાન ધરાવવા માટે એને લઈને આવ્યા અને સ્વામીશ્રીની આગળ રાખવામાં આવેલા ઓશિકા ઉપર એને સુવડાવી દેવામાં આવ્યો. ઓશિકું જ એના માટે પથારી થઈ ગઈ. સ્વામીશ્રી આ કુટુંબથી પહેલેથી જ પરિચિત હોઈ સ્વામીશ્રીએ પણ ઉમળકા સાથે ડાબા હાથે ધર્મદેવનું માથું હાથમાં લઈને એને રમાડવા લાગ્યા. એના નાના રવીન્દ્રભાઈ કહે : 'બાપા ! આને એટલા માટે લઈ આવ્યા છીએ કે અમે એને વીસ વર્ષ સાચવીશું, પછી આપના હસ્તે એને આપ દીક્ષા આપજો.'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'એનો બાપ સાધુ ન થયો, એટલે હવે દીકરાને કરવાનો ! માથા સાટે માથું !'

આટલું કહીને આ શિશુ ઉપર અમીદૃષ્ટિ કરતાં જાણે વહાલપથી નવરાવતા હોય એ રીતે રમાડતાં રમાડતાં સ્વામીશ્રી એને કહે : 'થવું છે ને ?'

શિશુ તો શું સમજે, પણ એણે કરેલા સ્મિતનું નિરૂપણ કરતાં સ્વામીશ્રી કહે : 'જો હસ્યો, જો હસ્યો.'

આ રીતે નાના શિશુને રમાડતાં રમાડતાં સ્વામીશ્રીએ ગળથૂથીમાં અધ્યાત્મની દીક્ષા તો આપી જ દીધી. સૌને ખૂબ સારી સ્મૃતિ મળી.

•

સ્વામીશ્રીને આંખ લૂછવા માટે નારાયણચરણ સ્વામીએ ટીસ્યૂ આપ્યું. સ્વામીશ્રીએ જોયું કે આ ટીસ્યૂમાં બે પડ છે, એટલે એક પડ ખોલાવીને એ પડ વાપર્યું અને બીજું રાખી મુકાવ્યું.

•

૩-૮-૨૦૦૭, એડીસન

જમ્યા પછી ઉપસ્થિત તમામને સમીપ દર્શન આપીને સ્વામીશ્રી ઊભા થયા. બે કિશોરો ચંપલ પહેરાવવા માટે બેઠા હતા. સ્વામીશ્રીને ચંપલ પહેરાવ્યા એટલે સ્વામીશ્રીએ પૂછ્યું : 'ફીટ થયા ?'

'એ તો આપને જ ખબર પડે ને ! આપને થયા ?' કિશોરોએ સ્વામીશ્રીને પૂછ્યું.

એટલે રહસ્યનું ઉદ્ઘાટન કરતા હોય એમ સ્વામીશ્રી મંદ મંદ હસતાં કહે : 'ચંપલ તો ફીટ થયા, પણ 'આપણે સત્સંગમાં ફીટ થયા કે નહીં ?' એ જોતા રહેવું. કથાવાર્તામાં ફીટ થવું, નિયમ-ધર્મમાં ફીટ થવું, સત્સંગમાં બધામાં ફીટ થવું. સેવામાં પણ ફીટ થવાનું.'

•

એક બાળકે આવીને સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! અક્ષરધામ કેવું દેખાય છે ?'

સ્વામીશ્રી કહે : 'અહીં દેખાય એવું જ. એમાં દિવ્ય દિવ્ય પ્રકાશ હોય.'

સ્વામીશ્રીએ બાળકની ભાષામાં જ વાત કરીને અક્ષરધામ સમજાવી દીધું.

•

જર્સીસિટી મંડળનો અહેવાલ તુષારભાઈએ આપ્યો.

ચૈતન્યમૂર્તિ સ્વામીએ તુષારભાઈનો પરિચય આપતાં કહ્યું : 'તુષારભાઈ બહુ શાંતિથી કામ લે છે.'

સ્વામીશ્રી કહે : 'એ બહુ સારું કહેવાય, કારણ કે અંદરની ગરમી નીકળે તો આપણે પણ દાઝીએ અને બીજા પણ દાઝે, એના કરતાં ઠંડકથી જ કામ લેવું. ક્રોધ એવો છે કે બધાને દઝાડે અને કામ ન થાય.'

•

૪-૮-૨૦૦૭, એડીસન

આજે અહીંના 'કોન્ટીનેન્ટલ એરેના'માં સંસ્થાની શતાબ્દીના ઉપક્રમે વિશિષ્ટ કાર્યક્રમ હતો. આ કાર્યક્રમમાં ૨૦,૦૦૦થી વધારે ભારતીયો આવ્યા હતા.

અતિથિવિશેષ રૂપે આવેલા ન્યૂજર્સી રાજ્યના ગવર્નર જ્હોન એસ. કોરઝાઈને(Corzine) આ પ્રસંગે પોતાની લાગણી વ્યક્ત કરતાં કહ્યું :

'આજે અહીં આવતાં મને આનંદ થાય છે. અને પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ લઈને હું મારી જાતને સદ્‌ભાગી માનું છું. હું નિશ્ચિતપણે માનું છું કે આપનો સંપ્રદાય ખૂબ જ અદ્‌ભુત અને પ્રેરક છે. આપ તથા આપના ભક્તોનો પ્રેમ અને સહકાર મને ખૂબ મળ્યો છે. અહીં પ્રમુખસ્વામી મહારાજના જે શબ્દો કહેવામાં આવી રહ્યા છે, 'બીજાના ભલામાં આપણું ભલું ને બીજાના આનંદમાં આપણો આનંદ' એ ભાવના બધાને માટે ખૂબ જરૂરી છે. આ ભાવના આપણે આપણા જીવનનો ભાગ બનાવી દેવી જોઈએ, એ ખૂબ જરૂરી છે. અહીં અમેરિકામાં મોટાં મોટાં મંદિરો થયાં છે. ન્યૂજર્સીમાં પણ ઘણાં કાર્યો આપની સંસ્થા દ્વારા થયાં છે. આપ સૌનું સમર્પણ જોઈને ખૂબ આનંદ થાય છે. તમે બધા આ દેશના ખૂબ અગત્યના પાયારૂપ ભાગીદાર છો. પ્રમુખસ્વામી મહારાજ સૌને ખૂબ અદ્‌ભુત પ્રેરણા આપી રહ્યા છે. તેમનો અને આપ સૌનો આભાર.'

સંસ્થાની શતાબ્દીની ઉજવણીમાં પધારેલા અમેરિકા ખાતેના ભારતના ઍમ્બેસેડર શ્રી રોનન સેને સ્વામીશ્રીનો મહિમા ગાતાં જણાવ્યું :

'મારા માટે ખૂબ આનંદની વાત છે કે સ્વામીજીના સાંનિધ્યમાં અને આપ સૌની ઉપસ્થિતિમાં હાજર રહેવા મળ્યું છે. બી.એ.પી.એસ. સંસ્થા સાથે હું સંકળાયેલો છું, એનું મન ગૌરવ છે. લંડન મંદિરમાં સ્વામીશ્રીની હાજરીમાં ઉપસ્થિત રહેવાનું થયું હતું. એ જ રીતે અમેરિકામાં સૌ પ્રથમ મેં શિકાગો મંદિરનાં દર્શન કર્યાં હતાં. ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો આ રીતે વધુ દૃઢ થઈ રહ્યા છે એનો મને આનંદ છે. હું જ્યારે લંડન હતો ત્યારે મને ખબર પડી કે એ બી.એ.પી.એસ. મંદિર ભારતની બહાર સૌથી મોટું મંદિર છે. પછી શિકાગો ગયો ત્યારે ખબર પડી કે હવે ભારતની બહાર આ નવું બી.એ.પી.એસ. મંદિર સૌથી મોટું બન્યું છે. પણ હમણાં જ મને ખબર પડી કે તાજેતરમાં જ એટલાન્ટામાં થયેલું બી.એ.પી.એસ. મંદિર હવે સૌથી મોટું છે. બી.એ.પી.એસ. પોતાના જ રેકોર્ડ બ્રેક કરી રહી છે. આ સંસ્થાએ આધ્યાત્મિકતાની સાથે પ્રેમ અને એકતાનો સંદેશ આપ્યો છે, એ મને બહુ ગમે છે. અને એની દુનિયાને વધારે જરૂર છે. આપત્તિના વખતમાં આ સંસ્થા સમાજની સાથે રહી છે. યુવાનોમાં આધ્યાત્મિક શક્તિ જાગ્રત કરી છે. ફક્ત ભારતમાં જ નહીં, અમેરિકામાં ન્યૂઓર્લીયન્સમાં થયેલા વાવાઝોડામાં પણ અસરકારક રીતે અસરગ્રસ્ત લોકોને આ સંસ્થાએ મદદ કરી છે, એ અમેરિકામાં વસતા તમામ ભારતીયો માટે ગૌરવની વાત છે. મને અને અહીં વસતા તમામ ભારતીયોને ભારતીય હોવાનું ગૌરવ ઉપજાવે એવાં કાર્ય કરવા બદલ હું બી.એ.પી.એસ.નો અને પ્રમુખસ્વામી મહારાજનો આભાર માનું છું.'

સેનેટર રોબર્ટ મેનેન્ડેઝ(Robert Menendez)એ અતિથિવિશેષ રૂપે પોતાની લાગણી પ્રદર્શિત કરતાં કહ્યું :

'જય સ્વામિનારાયણ. આજે ૮૬ વર્ષની ઉંમરે સ્વામીશ્રી જે સંદેશ આપે છે એ ખૂબ મહત્ત્વનો છે. ગવર્નર અહીં તેમનાં દર્શને પધાર્યા, એ બતાવે છે કે આપનું કાર્ય કેટલું પ્રભાવક છે! આ સંસ્થાના અનુયાયીઓ અમારા સમાજ માટે પણ ખૂબ સામાજિક સેવા કરી રહ્યા છે. સતત ૧૦૦ વર્ષ સમાજ માટે સેવા કરવી એ ખૂબ મોટી વાત છે. તમે એવું કર્તવ્ય કરી બતાવ્યું છે કે દરેકને આદર થાય. અમે તમને યુ.એસ.એ. તરફથી આવકારીએ છીએ. હું માનું છું કે તમારા વિચારોમાંથી અમારા વિચારો પણ ઉન્નત થયા છે. ફક્ત ન્યૂજર્સી સ્ટેટ નહીં, પણ સમગ્ર દેશ માટે તમે જે સેવા કરી છે, એ બદલ હું આપનો આભાર માનું છું.'

આટલું કહેતાં તેઓએ સ્વામીશ્રીને સન્માનના પ્રતીકરૂપે એક સન્માનપત્ર અર્પણ કર્યું. સ્વામીશ્રીએ પણ

તેઓને આશીર્વાદ આપ્યા.

•

૫-૮-૨૦૦૭, એડીસન

એક મંડળની સત્સંગ પ્રવૃત્તિનો અહેવાલ કાર્યકરે આપ્યો. તેઓને જોતાં જ સ્વામીશ્રી કહે : 'એ વખતે આદિ આચાર્ય જેવા એ એક જ હતા. અમે એ વખતે ત્યાંના મંડળમાં ગયા હતા.'

સ્વામીશ્રીને એ કાર્યકર કહે : '૮૪ની સાલમાં કૅલિફોર્નિયામાં આપે મને કહ્યું હતું કે 'માથે બરફ રાખજે.' હું પ્રયત્ન ખૂબ કરું છું, પણ હજી ગુસ્સો આવી જાય છે, થયા પછી પાછું દુઃખ થાય છે.'

સ્વામીશ્રી કહે : 'તારે તો બરફ મૂકીને જ ચાલવું.'

કાર્યકર કહે : 'આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'અમે તો આશીર્વાદ આપીએ, પણ પુરુષાર્થ તો તારે કરવો પડે ને ? જેમ મંદિર થાય એ માટે અમે આશીર્વાદ આપ્યા ને તમે મહેનત કરી તો થયું. એ રીતે મહેનત તો કરવી પડે ને ?'

સ્વામીશ્રીએ સાધનાનો મર્મ સમજાવી દીધો.

•

હરિભક્તોને મળીને સ્વામીશ્રી રૂમમાં આવી રહ્યા હતા. એ દરમ્યાન એક મુમુક્ષુને ચાલતાં ચાલતાં ધક્કો વાગ્યો. તેઓએ સ્વામીશ્રીને હસતાં હસતાં કહ્યું : 'બાપા ! આ ધક્કો મારે છે.'

સ્વામીશ્રી તરત જ કહે : 'ધક્કો વાગે કે ધક્કી, પણ આપણે તો મરણિયો જ ઉપાય. હજી નાના છો, મન મૂંઝવશે, દોસ્તારો મૂંઝવશે, અંદરના પણ ધક્કો મારે, પણ જો જ્ઞાન હોય તો કંઈ જ વાંધો ન આવે. પોતાને આત્મા માનીએ પછી કોનો ધક્કો વાગવાનો ? માટે આત્મા માનવું. તો સુખિયા રહેવાય. જ્ઞાન હોય અને સમજણ હોય તો સુખિયા રહેવાય.'

•

૬-૮-૨૦૦૭, એડીસન

મુલાકાતો દરમ્યાન એક વૃદ્ધ હરિભક્ત પસાર થતા હતા. તેઓ સ્વામીશ્રીને નમસ્કાર કરીને આગળ વધી ગયા. એટલે સ્વામીશ્રીએ સામેથી જ તેઓને બોલાવતાં કહ્યું : 'કાંતિ ! તું કેમ આવી રીતે પસાર થઈ જાય છે ? નજીક આવ ને ! દેખાતો કેમ નથી ?'

કાંતિભાઈ કહે : 'હું આવું છું, પણ દૂરથી દર્શન કરીને નીકળી જાઉં છું.'

સ્વામીશ્રી કહે : 'તું તો પહેલેથી જ દૂર રહે છે, પણ હવે આવજે.'

આટલું કહેતાં સ્વામીશ્રી કહે : 'કાંતિ પહેલેથી જ ભગત. નિષ્ઠાવાળો. પહેલાં ૫૧ યોગેશ્વરોમાં સાધુ થયેલો. ડૉક્ટર સ્વામીના સગામાં થાય. ભક્ત-વત્સલ એનું નામ હતું. ત્યાગવલ્લભ સ્વામી સાથે જ રસોડામાં સેવા કરતા હતા.'

આ રીતે જૂના હરિભક્તને સ્વામીશ્રીએ પ્રેમથી સંભારીને આશીર્વાદ આપ્યા.

•

ક્વીક સ્ટાર નામની ખૂબ જ જાણીતી દુકાનોના માલિકો પ્રદીપભાઈ છેડા, કુમારભાઈ વગેરે દર્શને આવ્યા હતા.

પ્રદીપભાઈએ સ્વાનુભવની વાત કરતાં કહ્યું : '૧૯૮૪માં પહેલી વખત મેં આપનાં દર્શન કર્યાં ત્યારે મને કેન્સર હતું, પરંતુ આપના આશીર્વાદ મળ્યા ને નવું જીવન મળ્યું. આજે પણ હું આપની સામે જ બેઠો છું. વચ્ચે મને બે ઍટેક પણ આવી ગયા ને એક વાર કેન્સરનો ઊથલો પણ થઈ ગયો, પણ અત્યારે કામ કરવામાં કંઈ જ વાંધો નથી આવતો.'

•

૭-૮-૨૦૦૭, એડીસન

મુલાકાતો દરમ્યાન બોસ્ટનથી આર્ષ નામના એક બાળકને લઈને તેઓના પિતા અભિષભાઈ આવ્યા.

તેઓએ સ્વાનુભવની વાત કરતાં કહ્યું કે 'પહેલાં જ્યારે સત્સંગ ન હતો ત્યારે હું બધી વાતે પૂરો હતો. કોઈપણ રીતે કોઈના પણ કહેવાથી મેં વ્યસનો છોડ્યાં ન હતાં. પણ ધીમે ધીમે સત્સંગમાં આવતો થયો ને આપને તો મળ્યો જ ન હતો, પરંતુ આપના નામે કંઠી પહેરી ત્યારથી મારાં બધાં જ વ્યસન છૂટી ગયાં. મને પણ નવાઈ લાગે છે. મારે કોઈ પ્રયત્ન જ ન કરવો પડ્યો. વળી, મારા પુત્ર આર્ષને પગની એટલી તકલીફ હતી કે અહીંના સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટરોએ કહી દીધું હતું કે 'ઓછામાં ઓછી ૧૬ વર્ષ સુધી નિયમિત રીતે આની ગોળી લેવી પડશે.' મેં આપને પત્ર લખ્યો, સાથે આર્ષનો ફોટો મોકલાવ્યો. આપે ફોટા ઉપર પુષ્પ મૂક્યાં ને આશીર્વાદ આપ્યા ને થોડાક જ વખતમાં એનો બધો જ

રોગ ગાયબ થઈ ગયો. આજે મારા પુત્રની જ ઇચ્છા હતી કે 'મારે બાપાનો આભાર માનવો છે.' એટલા માટે જ હું ખાસ આવ્યો છું.'

સ્વામીશ્રીએ એને આશીર્વાદ આપ્યા.

•

મુંબઈના જાણીતા ઉદ્યોગપતિ દામજીભાઈ એંકરવાળા સાથે ફોનમાં વાતચીત સ્વામીશ્રીએ કરી. દામજીભાઈએ પૂછ્યું : 'બાપા ! આપની તબિયત કેમ છે ?'

'બસ અહીં ભગવાન ભજીએ છીએ ને સારી રીતે બીજાને ભજાવીએ છીએ.'

•

ભોજનના સમય પહેલાં એક દુઃખી બાપ સ્વામીશ્રી પાસે પોતાના પુત્રને લઈને આવ્યો હતો. સ્વામીશ્રીને કહે : 'બાપા ! અહીં અમે આવ્યા ને હું ખુદ અહીંના રંગે રંગાયો એટલે મારી પાછળની પેઢીનો મને વિચાર ક્યાંથી આવે ? પરંતુ હવે મારી આંખ ઊઘડી છે, કારણ કે મારા બે પુત્ર છે. આ બંને પુત્રો ઘરમાં રહેવા રાજી નથી. ને આ છે એ ગઈકાલે રખડતો રખડતો ક્યાંક પહોંચી ગયો હતો, એને માંડ પકડીને અહીં લઈ આવ્યા છીએ. એ બધી જ પ્રકારના ડ્રગ્સનું સેવન કરે છે, અને સાથે સાથે એને પરિણામે જન્મતી બધી જ વિકૃતિઓનો એ ભોગ બનેલો છે. પૈસા ક્યાંથી લાવે છે એ પણ ખબર નથી. ગઈકાલે ડ્રગ્સ લઈને અહીં મંદિરમાં પડ્યો હતો. અહીંના લોકોએ જોયો. બધાને ખબર છે કે 'ડ્રગ્સ લીધા પછી એ છોકરીઓ ઉપર કુદૃષ્ટિ કરે છે.' એટલે અમને ફોનથી જાણ કરી, પણ એ પહેલાં એ અહીંથી નીકળી ગયો. રસ્તામાં રખડતો હતો ને પોલીસે પકડ્યો. પોલીસે પણ નશામાં જોઈને એને છોડી દીધો.'

અહીંના પૈસા કમાવા પાછળ ઘેલા થયેલા, નહીં અમેરિકન ને નહીં ભારતીય બની શકેલા સત્સંગ સિવાયના મા-બાપોની આ જ કરુણ કહાની છે.

સ્વામીશ્રીએ કરુણાદૃષ્ટિ સાથે પેલા છોકરાની સામે જોઈને કહ્યું : 'તને પસ્તાવો થાય છે ?'

'હા, મને થાય છે.'

'તને ખબર પડે છે કે તારી લાઇફ બગડે છે, તારી આબરૂ બગડે છે ? તારા બાપની આબરૂ પણ બગડે છે, ને તારું જીવન પણ બગડે છે.'

પેલો બિન્દાસ કહે : 'હું જેલમાં પણ ગયેલો છું. મારી પાસેથી લાઇસન્સ પણ લઈ લેવામાં આવ્યું છે, ને સ્કૂલથી માંડીને બધું જ ગયું છે.'

સ્વામીશ્રી કહે : 'એટલે જ હું કહું છું કે હવે સુધરી જા. કોઈ તારો ભાવ નહીં પૂછે. તારી લાઇફ જશે. એના કરતાં શાંતિથી નોકરી કર, પ્રામાણિક થા. ડ્રગ્સ લેતાં લેતાં ગુનો કરી બેસીશ ને કોઈ જેલમાં નાખી દેશે તો તારી આખી જિંદગી બગડી જશે. આ બધું કરવામાં પૈસા ક્યાંથી લાવ્યો ?'

પેલો કહે : 'હું જેલમાંથી છૂટ્યો ને મારા મિત્રે મને પૈસા આપ્યા.'

'એ પણ એવો જ.' સ્વામીશ્રીએ દુઃખી હૃદયે કહ્યું.

ત્યારે અલ્લડ હોય એ રીતે એ કહે : 'ના, ના, ના, એ એવો નથી. હજી સુધી જેલમાં ગયો નથી. ડ્રગ્સ કરે છે.'

સ્વામીશ્રી આની પામરતા ઉપર દુઃખી થતાં મ્લાન મુખે હસી પડ્યા. સ્વામીશ્રી કહે : 'ગૌરવ અનુભવે છે !'

આટલું કહીને એના માથે હાથ મૂકીને કહે : 'બધા વિચારો મૂક અને હવેથી ઘરમાં રહેવાનું રાખ, અને ટાઇમ મળે ત્યારે સત્સંગમાં આવજે.'

પેલા યુવકે છેવટે સ્વામીશ્રી પાસે બધું મૂકવાનો અને ઘરમાં રહેવાનો નિયમ લીધો.

•

એક મિટિંગમાં વહીવટી સમીક્ષાઓ કરવાની હતી. કેટલાક પોલીસી સંબંધી નિર્ણયો પણ સ્વામીશ્રીએ આપ્યા. છેલ્લે સ્વામીશ્રી બોલ્યા :

''સત્સંગ તો વધશે જ, કારણ કે સૌમાં એકરાગ છે. પણ એટલું ધ્યાન રાખજો કે 'સત્સંગ વધશે એટલી જવાબદારી પણ વધશે.' આશીર્વાદ છે કે ધંધા-પાણીમાં ને કુટુંબમાં પણ સૌ આગળ વધે. કોઈને વાંધો ન આવે. મૂળ આપણે સત્સંગમાં આટલું તો ધ્યાન રાખવું જ કે 'મહિમાની જ વાત કરવી. અભાવ-અવગુણની વાત નહીં ને એકબીજાનો વાંક કાઢવો નહીં.' કોઈનેય ખરાબ તો કરવું જ નથી, પણ સ્વભાવ એવા છે એટલે એક-બીજાને મેળ ન પડે. કોઈ મોળો પડ્યો હોય તો એને સત્સંગમાંથી પાડી દેવાનો નથી, એને આગળ વધારવાનો છે. આપણે સત્સંગ વધારવાનો છે, તો એની પાછળ ન પડી જવું. આપણે સહન કરવાનું થાય તો કરી લેવું. ભલે આપણું અપમાન થાય તો પણ મોટું મન

રાખી દેવું અને મહિમાની જ વાત કરવી. અમહિમામાં બીજા બે ઊલટા પાછા પડશે. તમારે અને સૌએ પણ આ જ વસ્તુ સમજવાની છે. મોળી કે અમહિમાની વાતો કરવાથી સત્સંગ નહીં વધે. ગુણાતીતાનંદ સ્વામી જેવા બોલ્યા છે. એમણે કેટલું વિચારીને કહ્યું હશે ? માટે મહિમાની વાતો જ કરવી, તો અંતરમાં આનંદ રહે, ઉત્સાહ રહે ને એકતા રહે.''

•

૮-૮-૨૦૦૭, એડીસન

સત્સંગ પ્રવૃત્તિનો અહેવાલ અલ્પેશભાઈએ આપ્યો. તેઓએ પરિચય આપતાં કહ્યું કે 'અમારી ગોષ્ઠિનું સંચાલન નટુકાકા કરે છે. મૂળ મહિજડાના છે.'

સ્વામીશ્રી કહે : 'તમે તો પહેલાં અમદાવાદમાં હતા ને ?'

'હા.'

'અમદાવાદમાં ક્યાં રહેતા ?'

'આંબાવાડીમાં. આપ ઘરે પધારેલા છો.'

'હા, આવ્યા છીએ.'

સ્વામીશ્રીએ જે રીતે આટલાં વરસોનું યાદ રાખ્યું છે એ જોઈને સૌ પ્રભાવિત થઈ ઊઠ્યા.

•

૯-૮-૨૦૦૭, એડીસન

પોકોનો વિસ્તાર એવો છે કે જ્યાં ઘણા ડૉક્ટરો છે. અત્યારે પણ સ્વામીશ્રીનાં દર્શન કરવા માટે ૧૦ સત્સંગી ડૉક્ટરો ઉપસ્થિત હતા. જેમાંના એક સિંધી ડૉક્ટર રાજ કટારા પણ હતા અને મહેશભાઈ છાબરિયા પણ હતા.

ડૉ. રાજભાઈને સ્વામીશ્રીની દિવ્ય અનુભૂતિ થઈ હતી. એ વાત કરતાં તેઓ કહે : 'जब शिकागो में मूर्तिप्रतिष्ठा थी, तब मैं वहीं था। मैंने संकल्प किया कि बापाजी भगवान का स्वरूप हो तो मेरे लिए दरवाजा खुल्ला रहे और मेरी भेंट आप से हो! मेरे पास 'पास' भी नहीं था, सिक्योरिटी भी टाईट थी। प्रतिष्ठा का दिन था, लेकिन आपने मेरा संकल्प पकड़ा। मैं जब वहाँ आया तो न मानो अपने आप दरवाजे खुल गए। किसी ने कुछ भी पूछताछ नहीं कि और सीधा आपका ही दर्शन हो गया। तब से मुझे ऐसी अनुभूति हुई की आप भगवान के स्वरूप हैं, और आपके प्रति मेरा आदर और पूज्यभाव बढ़ गया।'

•

મુલાકાતો દરમ્યાન મૂળ સુણાવના અક્ષરનિવાસી નારાયણભાઈ પટેલના સુપુત્ર પસાર થયા. સ્વામીશ્રી તેઓને ઓળખી ગયા, જિતેન્દ્રભાઈને નજીક બોલાવી હાથ પકડીને કહે : 'દેખાતો કેમ નથી ? ક્યાં રહે છે ?'

'પાર્સીપનીની નજીક રહું છું.'

'આવતો રહેજે.' એમ કહીને તેઓની ઓળખાણ આપતાં સંતોને કહે : 'આના પિતા નારાયણભાઈ દારેસલામ સત્સંગ મંડળના પ્રમુખ હતા. એમનો આ દીકરો છે. આ તો આપણા ઘરના જ કહેવાય. એમ ને એમ જતો રહે એ કેમ ચાલે ?'

આટલું કહીને જિતેન્દ્રભાઈના ગળામાં હાથ નાખ્યો, કંઠી ન હતી. સ્વામીશ્રી કહે : 'કંઠી નથી, પહેરી લે. તું પહેરજે ને હજારોને પહેરાવજે.'

•

૧૦-૮-૨૦૦૭, એડીસન

મુલાકાત દરમ્યાન ચેરિહીલનો એક બાળક સ્વામીશ્રી પાસે આવ્યો. નિહાલ નામના આ બાળકને કંઈક કહેવું હતું. એટલે થોડી વાર સુધી અવઢવમાં સ્વામીશ્રી આગળ ઊભો રહ્યો. સ્વામીશ્રી પણ જિજ્ઞાસાપૂર્વક એને જોતા રહ્યા. થોડી વાર પછી આંખમાં આવેલા આંસુ સાથે એ બોલ્યો : 'બાપા ! મારે તો ચોરી કરવી નથી, પણ સ્કૂલમાં મારા મિત્રો મને પરાણે ચોરી કરાવે છે. કો'કની બેંચ હોય ને મને કહે કે 'આ મારી જ બેંચ છે. કંપાસમાંથી પેન લઈ લે તું.' આવું કરે છે, પણ મારે તો કરવી જ નથી.'

આ સાંભળતાં પ્રસન્ન થઈને સ્વામીશ્રી કહે : 'બરાબર છે. આ જ રીતે દૃઢતા રાખજે. કોઈ આપણને સામેથી આપે તો પણ કહી દેવું કે મારે નથી જોઈતું. એટલે પછી કોઈ તને આગ્રહ નહીં કરે.'

આમ કહેતાં માથે હાથ ફેરવતાં ફેરવતાં સ્વામીશ્રીએ વાત્સલ્ય વરસાવ્યું.

•

એક કિશોર સ્વામીશ્રી પાસે આવ્યો અને કહે : 'હું પોલેન્ડમાં ભણું છું અને ત્યાં કુસંગનો યોગ રહ્યા કરે છે, તો આશીર્વાદ આપજો કે કુસંગ મનમાં ઘૂસે નહીં.'

સ્વામીશ્રીએ એને આશીર્વાદ આપતાં કહ્યું કે

'કમળ જેમ પાણીમાં રહે છે, પણ એને પાણી અડતું નથી, એમ તારે પણ રોજ ભગવાનને પ્રાર્થના કરવી કે 'કુસંગથી રક્ષા કરજો અને એનાથી નિર્લેપ રાખજો.' આશીર્વાદ છે.'

•

એક યુવક આવ્યો ને કહે : 'સત્સંગમાં નિયમિત આવું છું, પણ અહીં કુસંગનો યોગ થાય તો શું કરવું ?'

સ્વામીશ્રી કહે : 'ઘણી વખત સત્સંગમાં પણ મોળી વાત કરનારા હોય છે, પણ એની નજીકમાં બેસવું નહીં. એક વખત ખ્યાલ આવે પછી દૂર જઈને બેસવું. એનો અભાવ પણ ન લેવો. શ્રીજીમહારાજ એનું સંભાળશે. પણ આપણે જાણપણું રાખવું ને આપણે આપણું સંભાળવું. એ સામેથી આવે તો આપણે વધારે પડતું હેત નહીં દેખાડવાનું. એ બોલાવે તોય નહીં જવાનું અને બળના શબ્દો સાંભળવાના. એ પ્રમાણે વર્તજે.'

•

એક યુવક વળી દર્શને આવ્યો અને કહે : 'કૉલેજમાં જઉં છું, પણ બીક લાગ્યા કરે છે કે પાછો કુસંગનો યોગ તો નહીં થઈ જાય ને ! કારણ કે ભૂતકાળમાં મારે વ્યસન હતાં.'

સ્વામીશ્રી કહે : 'આપણે કૉલેજમાં રખડવા કે વ્યસન કરવા નથી જતા, ભણવા માટે જઈએ છીએ. એટલે કામ પૂરતું કામ કરીને ઘરે આવી જવાનું. એટલું સમજી રાખવાનું કે ભગવાનની આજ્ઞા પહેલી છે અને પછી દુનિયા.'

•

મુલાકાત દરમ્યાન ડેલાવર રહેતા એક ઉંમરલાયક હરિભક્ત(દાદા) તેમના સુપુત્ર વગેરેને લઈને આવ્યા હતા. વિવેકસાગર સ્વામી કહે : 'આ હરિભક્ત તો મંદિરની સેવા, સત્સંગ બધું જ કરે છે, પણ તેઓની ઇચ્છા છે કે આ દીકરાઓમાં પણ સત્સંગ ઊતરે. પોતાના આ દીકરાને જ્યારે તેઓ સત્સંગમાં આવવાની વાત કરે છે, ત્યારે કહે છે કે 'અમે બાપુજીને સત્સંગ માટે આપી દીધા છે. સત્સંગ અને સેવા એ કરે છે, અને અમે ધંધો કરીએ.'

આ સાંભળીને સ્વામીશ્રી પીયૂષભાઈને કહે : 'જે ખાય એની ભૂખ જાય. એ સત્સંગ કરે પણ એમાં તમારું શું ?'

પીયૂષભાઈ કહે : 'પછી ધંધો કોણ સંભાળશે ? ધંધો તો કરવો જ પડે ને !'

આ સાંભળતાં સ્વામીશ્રી ભાવમાં આવી ગયા ને કહે : 'ધંધો સંભાળનારા તો ઘણા પડ્યા છે.' હાથનું લટકું કરીને સ્વામીશ્રી કહે : 'એ તો થવાનું જ છે, પણ સત્સંગ અગત્યનો છે, એ કરવાનું છે. ધંધો કરો એની ના નથી, પણ સત્સંગમાં પણ આવજો.'

•

૧૧-૮-૨૦૦૭, એડીસન

એક સંનિષ્ઠ હરિભક્ત લાઇનમાં દર્શને આવ્યા. સ્વામીશ્રીને દીનભાવે કહે : 'બસ, બ્રહ્મરૂપ કરી દ્યો.'

'સત્સંગ બરાબર કરજો.'

સંતો કહે : 'એ તો કાર્યકર જ છે અને સમજણ પણ એવી છે. દીકરા નથી, ને અમે સામેથી કહીએ કે 'સ્વામીબાપાના આશીર્વાદ અપાવીએ.' તો કહે કે 'કાંઈ જરૂર જ નથી.'

આ સાંભળતાં સ્વામીશ્રી કહે : 'બરાબર છે. બ્રહ્મરૂપ થવું છે, પછી બીજી કોઈ ઇચ્છાઓની શું જરૂર ?'

•

૧૨-૮-૨૦૦૭, એડીસન

મુલાકાતો દરમ્યાન ચૅરીહિલથી આવેલા અમેરિકન મુમુક્ષુ શ્રી ટોની વેલેન્ટાઈન સ્વામીશ્રીને મળ્યા. તેઓ ખાસ સ્વામીશ્રીનાં દર્શન માટે જ આવ્યા હતા. ડૉ. રાજીવ વ્યાસની ઑફિસમાં તેઓએ સ્વામીશ્રીનો ફોટો નિહાળ્યો હતો. ફોટો જોતાં જ તેઓ કહે : 'આ પુરુષ ખૂબ પવિત્ર છે અને એમને જોઈને મને ખૂબ આનંદ થાય છે. એમને જોતાં જ શાંતિ થાય છે. આ હૉલીમૅન અહીં આવે ત્યારે મારે ખાસ મળવા જવું છે.'

આ રીતે ફોટામાં સ્વામીશ્રીનાં દર્શન કરીને પ્રભાવિત થયેલા તેઓ આજે સ્વામીશ્રીને પોતાની વહાલી વસ્તુ અર્પણ કરવા માટે આવ્યા હતા. ૧૯૨૪ની સાલમાં તેઓના પિતાશ્રીની વર્ષગાંઠ નિમિત્તે મળેલો સોનાનો સિક્કો લઈને તેઓએ ઠાકોરજીને અર્પણ કર્યો. સ્વામીશ્રી તેઓની આવી ભાવનાથી રાજી થયા અને કહ્યું : 'રવિવારે સત્સંગ-સભા થાય છે ત્યાં પણ નિયમિત આવતા રહેજો.'

•

મુકુંદભાઈ દવે બે-ત્રણ દિવસ પહેલાં સ્વામીશ્રીનાં

દર્શને આવ્યા હતા. તેઓને જોઈને તરત જ સ્વામીશ્રીએ પૂછ્યું : 'તમારો દીકરો ક્યાં છે ?'

હકીકતે નાનપણથી સ્વામીશ્રી આ પરિવારને ઓળખતા હતા, પરંતુ તેઓનો દીકરો ન દેખતાં મુકુંદભાઈને એ વાત સંભારી આપી હતી.

આજે તેઓના દીકરા ડૉ. રાજુભાઈને આવેલા જોઈને આત્મીયતાથી સ્વામીશ્રી કહે : 'મુકુંદ મળવા આવ્યો ત્યારે મેં એને પૂછ્યું હતું કે દીકરો ક્યાં છે ? સારું થયું આજે તું આવી ગયો. યોગીબાપાનો ખૂબ લાભ લીધો છે અને ખૂબ રમ્યો-જમ્યો છે, પછી સત્સંગ કઈ રીતે ભૂલાય ? માટે નિયમિત આવતો રહેજે.'

રાજુભાઈ હૃદયરોગના જાણીતા ડૉક્ટર છે અને આ ક્ષેત્રમાં સારી પ્રગતિ કરી છે. તેઓએ પોતાની પ્રગતિની વાત જણાવી, એટલે સ્વામીશ્રી કહે : 'પ્રગતિ કરી છે એ સારું થયું, પણ એ ભૂલી ન જવું કે 'આ બધું યોગીબાપાની દયાથી થયું છે.' માટે સત્સંગ દૃઢ રાખજે.'

•

આજની સભામાં નીલકંઠવર્ણીની તુલાનું આયોજન કરવામાં આવ્યું હતું. એ નિમિત્તે સ્વામીશ્રીના સમીપ દર્શનનું આયોજન કર્યું હતું. આ નિમિત્તે સ્વામીશ્રી મંચની ધાર ઉપર પધારવાના હતા. સંતો આસન સહિત સ્વામીશ્રીને મંચની ધાર ઉપર લઈ જવા માટે આવી ગયા, પરંતુ સ્વામીશ્રીએ રુચિ ન દર્શાવી અને ઊભા થઈને ચાલતાં ચાલતાં ત્યાં ગયા.

નારાયણચરણ સ્વામી કહે : 'સોફામાં બેસી રહ્યા હોત તો લોકો વિશેષ દર્શન કરી તાળીઓ પાડત. આમાં ક્યાં કોઈએ તાળીઓ પાડી ?'

સ્વામીશ્રી તરત જ બોલ્યા : 'આપણે તાળીઓ પડાવવા ક્યાં સાધુ થયા છીએ ? ભગવાન ભજવા માટે થયા છીએ.'

'તોય તાળીઓ તો પડવાની જ છે.'

સ્વામીશ્રીએ ઉપેક્ષાભાવે કહ્યું : 'એ પડે કે ના પડે એની સાથે આપણે શું લેવા-દેવા ? આપણે તો ભજન કરી લેવું.'

•

મુલાકાત દરમ્યાન ચેરીહિલના ત્રણ હરિભક્તો દર્શને આવ્યા. રોહિતભાઈએ કહ્યું : 'આ ત્રણ હરિભક્તો સભા પછી ખૂણે ખૂણો સાફ કરીને જ ઘરે જાય છે.'

સ્વામીશ્રી રાજીપાથી કહે : 'વાહ ! ભગવાનનું મંદિર સાફ કરો તો એનાથી અંતર સાફ થઈ જાય. બહુ સારી સેવા કરો છો ને કરતા રહેજો.'

•

૧૪-૮-૨૦૦૭, એડીસન

એક અગ્રણી ઉદ્યોગપતિ ગુલશનભાઈ સ્વામીશ્રીનો આભાર માનવા આવી પહોંચ્યા. તેઓ કહે : 'ત્રણ વર્ષ પહેલાં હું આપનાં દર્શને આવ્યો ત્યારે આપે મને મીટ ન ખાવા માટેનું કહ્યું હતું, ત્યારથી આપના એક વચને મેં છોડી દીધું છે.'

•

૮:૧૫ વાગે સભાની સમાપ્તિ થઈ. સ્વામીશ્રી અહીંથી વિદાય થયા. સ્વામીશ્રી ઉતારે પધારતા હતા ત્યાં ઍસ્કોર્ટના પોલીસોને જોયા. મોટા ભાગના પોલીસો મોઢામાં કંઈક ચાવતા હતા. એટલે સ્વામીશ્રી કહે : 'આ બધા કંઈક ને કંઈક ચાવતા જ હોય છે.'

'ગમ ખાય છે.' જયમિને કહ્યું.

એટલે મર્માળુ હસતાં હસતાં સ્વામીશ્રી કહે : 'જ્યાં ખાવાની હોય ત્યાં ખાતા નથી ને કેટલાયને આઘાપાછા કરે રાખે !'

•

૧૬-૮-૨૦૦૭, એડીસન

સ્વામીશ્રી આજે ન્યૂજર્સીથી નીકળવાના હતા. આ સંદર્ભમાં સૂર્યકાન્ત બ્રહ્મભટ્ટ કહે : 'બાપા ! આપ ફરી ક્યારે પધારશો ?'

સ્વામીશ્રી કહે : 'જુઓ, જ્ઞાન દૃઢ થયું હોય તો કાયમ સાથે જ છીએ; અને જ્ઞાન દૃઢ ન થયું હોય તો આવવા અને જવાનું રહે. દૂર કે નજીક, આવવાનું કે જવાનું, એ કશું જ, જ્ઞાન હોય તો રહેતું નથી. 'ભગવાન અહીં સાક્ષાત્ બેઠા છે, દર્શન દે છે,' એવું જ્ઞાન કરીને સુખિયા રહેવું.'

સૂર્યકાન્ત કહે : 'પણ પ્રત્યક્ષનું સુખ તો જુદું જ હોય ને !'

સ્વામીશ્રી કહે : 'આપણે તો સમીપ ને દૂરની વાત જ નથી. હજી અજ્ઞાન છે એટલે આવું લાગે છે. અહીં (અંતરમાં) જ્ઞાન હોય તો બધું પ્રત્યક્ષ જ દેખાય.'

ઘનશ્યામ કહે : 'બાપા ! આપે અપાર સ્મૃતિ આપી છે. એમ થાય છે કે આપ કાયમ રોકાઈ જાવ.

પરંતુ આપ એવા આશીર્વાદ આપો જેથી આવો ને આવો લાભ અંતરમાં અનુભવાય.'

સ્વામીશ્રી કહે : 'જે લાભ લીધો હોય એની રોજ રોજ સ્મૃતિ કર્યા કરવી. મંદિરે ગયા, સભામાં ગયા, આ બધું સંભાર્યા કરવું. જે સેવા થઈ એને સંભારવી, તો સુખિયા રહેવાય.

•

૧૬-૮-૨૦૦૭, એટલાન્ટા

આજે સાંજે અન્ય કોઈ કાર્યક્રમ સ્વામીશ્રી માટે હતો નહીં. રાબેતા મુજબ સભા સંતો અને સદ્‌ગુરુ સંતોની ઉપસ્થિતિમાં થવાની હતી. સ્વામીશ્રી સાંજે નિત્યક્રમથી પરવારીને પત્રવાંચન કરવા વિરાજ્યા.

સાંજની સભામાં લીલબર્ન શહેરના મેયર જેક બોલ્ટન (Jack Bollton) મહોત્સવનું ઉદ્‌ઘાટન કરવા પધારવાના હતા. બરાબર ૭:૦૦ વાગે સભામાં પધારતાં પહેલાં તેઓ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેઓની સાથે ચીફ ઑફ પોલીસ જ્હૉન ડેવીડસન (Jhon Davidson) પણ હતા. સ્વામીશ્રીએ બંનેનું હાર પહેરાવીને અભિવાદન કર્યું.

મેયર જેક બોલ્ટન કહે : 'અમારા નગરમાં અમે આપનું સ્વાગત કરીએ છીએ. અહીં આપે અને આપની સંસ્થાએ આટલું સુંદર મંદિર રચ્યું અને અહીં આપ સૌ વસ્યા એનાથી અમે ખૂબ રાજી છીએ.'

સ્વામીશ્રી કહે : 'આપે ઘણો સહકાર આપ્યો છે, ને આપની ભાવના સારી છે, ને કામ કરવામાં આપે સરળ કરી આપ્યું છે, એ બદલ અમે આપનો આભાર માનીએ છીએ. શતાબ્દી નિમિત્તે અત્યારે ઉજવણી ચાલી રહી છે. એ ઉત્સવમાં આવીને આપે પ્રોત્સાહન આપ્યું એ બદલ ફરીથી આભાર. આપના થકી અહીં વસતા પ્રજાજનોને પણ લાભ થાય, શહેરને પણ શાંતિ થાય અને શહેરનો સારામાં સારો વિકાસ થાય એ આશીર્વાદ છે. અને સિક્યોરિટીના સાહેબને પણ આશીર્વાદ છે અને સિક્યોરિટી સારી કરી છે. શહેરની સલામતી સચવાય અને ભગવાન તમને ખૂબ ખૂબ શાંતિ આપે એ આશીર્વાદ છે.'

સિક્યોરીટીના ચીફ પોલીસે કહ્યું : 'આપ પ્રાર્થના કરજો. ઈરાક અને અફઘાનિસ્તાનમાં જે યુદ્ધ ચાલે છે, ત્યાં સારામાં સારી રીતે વહેલી તકે શાંતિ થઈ જાય.'

સ્વામીશ્રી કહે : 'અમે પ્રાર્થના કરીએ છીએ અને જરૂર કરીશું. તમારી ભાવના સારી છે. શાંતિની ભાવના છે એ મોટી વસ્તુ છે. યુદ્ધમાં કોઈને લાભ છે જ નહીં.'

છેલ્લે ઊભા થઈને મેયરે સ્વામીશ્રીને 'કી ટુ ધ સિટી' અર્પણ કરી અને સાથે સાથે પ્રોક્લેમેશન અર્પણ કર્યું. આગામી આખો ઑગસ્ટ મહિનો તેઓએ 'B.A.P.S. Shri Swaminarayan Mandir commemoration month' તરીકે જાહેર કર્યો હતો. અહીંથી મેયર સભામાં પધાર્યા.

•

૧૭-૮-૨૦૦૭, એટલાન્ટા

મુલાકાતો દરમ્યાન એક યુવક સ્વામીશ્રી પાસે આવ્યો. પોતાના જ ગામના કાર્યકરોને સાથે લઈને એ આવ્યો હતો. એણે સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! આપે મને બહારનું ખાવાની ના પાડી. હવે આ બધાને પણ કહી દો કે અભક્ષ્ય ન ખાય.'

આ સાંભળતાં સ્વામીશ્રી તેઓ તરફ નિર્દેશીને કહે : 'ખાલી આટલાને જ શું કામ ? હું તો બધાને કહું છું. મારે ખાલી એકને જ આવો (ચોખ્ખો-બ્રહ્મરૂપ) કરવાનો ઓછો છે ? બધાને કરવાના છે ! આપણે એટલું તો ધ્યાન રાખવું કે અભક્ષ્ય ખાવાનું ખવાય જ નહીં. બહારના ખાવામાં મીટ કે એવું કંઈક આવી જ જાય. એટલે બહારનું ખાવું જ નહીં.'

•

પ્રીતેશ પટેલ એવો યુવક છે કે જે પોતાના લગ્નમાં ગોઠવાયેલા ગરબામાં પણ ગયો ન હતો. તેઓના સસરા પક્ષ દ્વારા આ ગરબાનું આયોજન થયું હતું.

સ્વામીશ્રી આ સાંભળીને કહે : 'બહુ બળિયો કહેવાય. બાકી ગરબાનું આયોજન કરે એમાં આટલો લોચો રહી જાય. અહીં (સત્સંગ-સભામાં) છોકરાઓએ કેટલો સુંદર ડાન્સ રજૂ કર્યો ! સત્સંગમાં આ બધું મળે જ છે, પણ બહારના ગરબામાં તો જવું જ નહીં. ત્યાં માતાજી તો એક બાજુ રહે, ભગવાનનું નામ પણ આવવા ન દે, ને છોકરા-છોકરીઓ અંદરોઅંદર ગેરવર્તન કરતાં થઈ જાય. એટલે આવા ખોટા ખર્ચા કરવા જ નહીં.'

નીલેશ નામનો યુવક ઊભો થયો. લગ્ન પછીનું બહાર ફરવા જવાનું હનીમૂન રદ કરીને એણે બધા જ પૈસા મંદિર-નિર્માણમાં આપ્યા હતા.

હનીમૂન અંગે સ્વામીશ્રીને પૂર્વે પણ યુવકોએ કેટલીક વાતો કરી હતી. 'હનીમૂનમાં કેવા પૈસા ઊડાડે અને કેવા વિકૃત પ્રશ્નો લઈને પાછા આવે છે' તે અંગે સ્વામીશ્રીને સમાચારો મળ્યા હતા. એટલે સ્વામીશ્રીએ યુવકોને સંબોધીને કહ્યું : 'તમારા બાપા ને દાદાને પૂછી જોજો. ક્યારેય હનીમૂની કરેલી. કન્યા જોવાય ગયા ન હતા. બ્રાહ્મણથી જ પતી જતું હતું. પછી વળી મા-બાપ જોવા જતા. પણ હવે તો એ પણ રહી ગયું. આ તો આપણા સંસ્કૃતિ અને સંસ્કારની વાત છે એટલે કરું છું. પરદેશના સંસ્કાર લેવાની કાંઈ જરૂર નહીં. હનીમૂનીમાં કાંઈ જવાની જરૂર નથી. ત્યાં ગયા પછી મતભેદ થાય એટલે તરત તૂટી જાય. એના કરતાં લગ્ન પછી આપણી પરંપરા મુજબ ઇષ્ટદેવને પગે લાગી આવવું. લાખો રૂપિયા ખર્ચીને હનીમૂન કર્યા પછી પણ મનદુઃખ થાય એ શું કામનું ? આપણને આટલો સત્સંગ છે તો ખોટા ખર્ચા કે ખોટા રિવાજ પાડવાની જરૂર જ નહીં.'

આટલું કહીને થોડી વાર મૌન રહ્યા ને પછી સામેથી જ યુવકોને પ્રશ્ન કરતાં સ્વામીશ્રી કહે : 'હું જે કહું છું એ વાત સારી લાગે છે ને ?'

'હા.' સૌએ કહ્યું.

દક્ષેશે યુવકોને સંબોધીને કહ્યું કે 'જે હનીમૂન કરવા ન જવાના હોય એ આંગળી ઊંચી કરે.'

હજી સૌ આંગળી ઊંચી કરે એ પહેલાં જ હસતાં હસતાં સ્વામીશ્રી કહે : 'બધાને બીક લાગે છે કે ક્યાંક ભરાઈ પડાશે. ભલા માણસ ! પેલામાં ભરાઈ પડાય. ખોટા રિવાજ પાડવા જ નહીં. આ દેશના રિવાજો કેવા ? 'ફાધર્સ ડે' ને 'મધર્સ ડે'માં ફૂલ આપી આવે. ભઈ ! એક જ દિવસ ફૂલ શું કામ આપે છે ? કાયમ પ્રેમથી મા-બાપની સેવા કર ને ! પણ અહીં તો એવો જ રિવાજ. એમાં બધું આવી ગયું. ને એવા બધા રિવાજોમાં વળી પાછી વૃત્તિ બગડે એ જુદું.'

સ્વામીશ્રી બોલી રહ્યા હતા. થોડી વાર સૌને મૌન જોઈને સ્વામીશ્રી કહે : 'બધા સ્તબ્ધ થઈ ગયા.'

ત્યાર પછી યુવકોની પ્રશંસા કરતાં કહે : 'નોકરી-ધંધા વગેરેનો ભોગ આપી, મનધાર્યું મૂકીને જેમ સમર્પણ કર્યું છે અને અહીં જોડાયા છો, એમ ખોટા મોજશોખ મૂકીને જે સેવા કરી છે એમ આમાં પણ થશે. આપણે આવી બધી બાબતમાં મિત્રને ત્યાં પણ ન જવું. જેમ તમે લાજ-શરમ રાખ્યા વગર મંદિરની સેવામાં જોડાઈ ગયા, એમ આ સેવા પણ રાખજો.'

પ્રીતેશને ઊભો કરીને સ્વામીશ્રીએ પૂછ્યું કે 'તું ગરબામાં ન ગયો તોય તારાં પત્ની ઘરે આવ્યાં કે નહીં ? સાસુ-સસરાએ કાંઈ કહ્યું ?'

'ના. બધાં સુખી છે.'

સ્વામીશ્રી કહે : 'બસ, આવી જ દઢતા રાખવી.'

સ્વામીશ્રી જુસ્સાથી બોલી રહ્યા હતા. અંતરની આ રુચિ હતી.

•

ટેમ્પાથી ૧૧૫ માઈલ દૂર રહેતા એક યુવાન ભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. વડોદરાના સરદારનગરથી તેઓને સત્સંગ હતો, પરંતુ તેઓને અહીં આવવાનું ઓછું થઈ ગયું હતું.

સ્વામીશ્રીએ એનો હાથ પકડીને કહ્યું : 'તારા પિતાના વખતથી તને સત્સંગ. નાનો હતો ત્યારથી સત્સંગમાં ઊછર્યો છે, ને હવે સત્સંગ મોળો કેમ પડી ગયો ? રમણભાઈનો ભાવ કેવો હતો ?' હેતથી સ્વામીશ્રીએ તેઓને નિયમિત આવવા માટે વાતો કરી.

એટલામાં દૂરથી ત્યાગવલ્લભ સ્વામીને પસાર થતાં જોઈને કમલેશભાઈ કહે : 'હું ત્યાગવલ્લભ સ્વામીને મળી આવું. એ પાછા ખોવાઈ જાય એ પહેલાં મળી લઉં ને !'

સ્વામીશ્રી કહે : 'તું (સત્સંગમાંથી) ખોવાઈ ગયો છે એનું શું ? રવિવારે ફરવા માટે ૧૦૦ માઈલ આમ-તેમ જાય છે, એના કરતાં ૧૦૦ માઈલ આ બાજુ આવજે. સત્સંગ દઢ હશે તો સુખી થઈશ.'

•

જમ્યા પછીની મુલાકાતો દરમ્યાન દિનેશભાઈ દર્શને આવ્યા. સ્વામીશ્રી તેઓના પરિવારને ઓળખતા હતા. સ્વામીશ્રી કહે : 'દિનેશભાઈના પિતાશ્રી બાબુભાઈ, બાબુભાઈ રેવનદાસ અને રેવનદાસભાઈ મથુરભાઈ. સારસાવાળા ગિરધરભાઈ મથુરભાઈના તેઓ ભાઈ થાય. મથુરભાઈને પણ મેં સારી રીતે જોયેલા. લાકડી લઈને આવતા. સયાજીપુરામાં એમની જમીન હતી.'

•

૧૮-૮-૨૦૦૭, એટલાન્ટા

સ્વામીશ્રી જ્યારે ઊભા થયા ત્યારે હેતલ નામના

કિશોરે સ્વામીશ્રીને વાત કરતાં કહ્યું : 'બાપા ! અમને આપ એવા ચંપલ પહેરાવો કે જગતના કાંટા વાગે જ નહીં.'

સ્વામીશ્રી કહે : 'બસ, એ જ કરવાનું છે. ટી.વી. જોતા હો તો બંધ કરી દેજો, નહીં તો કાંટા વાગશે. માંસાહાર નહીં કરવાનો, બહારનું નહીં ખાવાનું. આટલું ધ્યાન રાખશો તો કાંટા નહીં વાગે. બહાર બધું કરીને આવો ને પછી કહો કે 'કાંટા વાગે છે,' તો એ કેમ ચાલે ?'

•

એક કિશોર આજકાલની દેખાદેખીની ફેશન ચેટિંગમાં ચડી ગયો હતો. સવારે પાંચ-પાંચ વાગ્યા સુધી એ વાતો કરતો હતો. એટલું જ નહીં, ટી.વી. ને ઇન્ટરનેટ વગેરેનાં દૂષણો પણ સાથે સાથે આવી ગયાં હતાં. પરિણામે ઘરમાં પણ એનું વર્તન ઉછાંછળું થઈ ગયું ને ભણવામાં પણ ધ્યાન રહ્યું ન હતું.

આજે સામેથી જ એ સ્વામીશ્રી પાસે આવ્યો. સ્વામીશ્રીને જ્યારે વાત કરી ત્યારે સ્વામીશ્રી પ્રેમપૂર્વક ઠપકો આપતાં એને કહે : 'તું અહીં અમેરિકામાં આવ્યો છે શું કરવા ?'

'ભણવા માટે.'

'અને તું વિચાર કે તું શું કરે છે ? ગપ્પાં મારવામાં આ રીતે સમય બરબાદ કરે એમાં તારી લાઇફ બગડે છે. માટે આ અવસ્થા એવી છે. તું ભણવામાં પૂરેપૂરું ધ્યાન આપ, નહીં તો તારી જિંદગી બગડી જશે. સંકલ્પ કર કે આજથી જોવું જ નથી અને નકામી વાતો કરવી જ નથી.'

સ્વામીશ્રીએ એના માટે સમય ફાળવ્યો એટલે એ કિશોર ગદ્‌ગદ થઈ ગયો અને સ્વામીશ્રીના હસ્તે નિયમ લીધો.

•

સૌને મળીને સ્વામીશ્રી રૂમમાં પધાર્યા. અહીં એક યુવકે રડતાં રડતાં સ્વામીશ્રીને વાત કરી કે 'બાપા ! આપ કહો એ બધું હું કરીશ, પણ મારી (બ્રાહ્મી) સ્થિતિ કરી આપો.'

સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'એમ કંઈ કાલે ઊઠીને તરત સ્થિતિ થાય નહીં. એ તો એમનામાં (સત્પુરુષમાં) નિર્દોષભાવ રાખીને, એમની સેવા અને ભક્તિ કર. એમણે જે કહ્યું એ કર. ભગતજી મહારાજે જે રીતે ગુણાતીતાનંદ સ્વામી માટે સાધના કરી, એ રીતે કર, તો થાય. ભગતજી મહારાજે કર્યું તો આનંદ આવ્યો. આનંદ આવ્યો એટલે શું ? સ્થિતિ થઈ. બાકી ભગતજી મહારાજનાં કેટકેટલાં અપમાન થયાં હતાં ? ઝેર પણ આપવાનો પ્રયત્ન થયો હતો, વિમુખ પણ કર્યા હતા, છતાં એમણે સત્સંગ મૂક્યો ન હતો. અને ગુણાતીતાનંદ સ્વામીએ એમને કંઈ ભડકો દેખાડ્યો ન હતો. એમને માન થયાં, અપમાન થયાં, તિરસ્કાર થયા તોય એમણે ગુણાતીતને મૂક્યા નહીં. એમ વર્તીએ તો સ્થિતિ થાય.'

•

૧૯-૮-૨૦૦૭, એટલાન્ટા

સ્વામીશ્રીના ભોજન દરમ્યાન આજે બાળકો દર્શન માટે બેઠા હતા. બાળકોએ જુદા જુદા દેશની ભાષામાં સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. છેલ્લે બાળ-સંચાલક પીયૂષે સ્વામીશ્રીને વાત કરતાં કહ્યું : 'બાપા ! જુદા જુદા દેશના બાળકો અહીં બેઠા છે, પણ આપ કયા દેશમાંથી આવો છો ?'

'કેમ ! હજી ખબર નથી ?' સ્વામીશ્રીએ મર્મસૂચક પ્રશ્ન કર્યો.

પીયૂષ કહે : 'આપ જ કહો ને !'

'સત્સંગ કરશો એટલે ખબર પડશે.' સ્વામીશ્રીએ પાત્રતા સિદ્ધ કરવાની વાત કરી.

પીયૂષ કહે : 'અમે સાંભળ્યું છે કે આપ અક્ષરધામમાંથી પધાર્યા છો, તો દરેક દેશને જેમ ઝંડો હોય છે એમ એનો ઝંડો કયો ?'

સ્વામીશ્રી કહે : 'આપણો તો અક્ષરપુરુષોત્તમનો ઝંડો છે.'

•

૨૦-૮-૨૦૦૭, એટલાન્ટા

એક કાર્યકર લાલી ગામના હતા. વિવેકસાગર સ્વામીએ જિજ્ઞાસાથી પૂછ્યું : 'લાલી ક્યાં આવ્યું ?' ને સ્વામીશ્રીએ જ વાત ઉપાડતાં કહ્યું : 'ખેડા જતાં જમણે હાથ આવે. ભગવતીભાઈ અને અશોક સાંખેજ રહે છે એ રસ્તે લાલી આવે.'

સ્વામીશ્રીના સ્મરણમાંથી નાનાં નાનાં ગામો પણ બાકાત નથી રહ્યાં. એનું કારણ વર્ષોથી સ્વામીશ્રીએ ગામોગામ વિચરણ કરીને સૌને રાજી કર્યા છે એ છે.

•

૨૧-૮-૨૦૦૭, એટલાન્ટા

ભોજન દરમ્યાન સેવાના વિવિધ વિભાગના સ્વયં-સેવક કાર્યકરો બેઠા હતા. સૌની જવાબદારીઓની વાત કર્યા પછી છેલ્લે શોભિતસ્વરૂપ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું કે 'આપ તો સદાય સેવક છો અને આપના સેવાના આદર્શની જ પ્રેરણા સમગ્ર સત્સંગ-સમાજ લે છે. અમારી સેવાનો આપ આદર્શ છો. આપને તો શી જરૂર ? છતાં સ્મૃતિ માટે શાર્લોટના નિલેશભાઈ આપને સ્વયંસેવકનો બેજ્ અર્પણ કરશે.'

હાથ લૂછતાં લૂછતાં સ્વામીશ્રી બેજ્ હાથમાં લેતાં કહે : 'મારી ડ્યૂટી શું ? મારે સેવા તો કરવાની જ ને ? આ બેજ્ લઈને મારે કઈ સેવા કરવાની ? ભજન કરવાનું ? શું કરવાનું ?' સ્વામીશ્રી અંતરથી બોલી રહ્યા હતા.

સૌએ કહ્યું : 'આશીર્વાદ આપવાના.'

સ્વામીશ્રી કહે : 'બધાંનાં અંતરમાં ભગવાન વિરાજી જાય, નિયમ-ધર્મ, આજ્ઞા-ઉપાસના દૃઢ થાય અને મહિમાએ સહિત સેવા થાય એ આશીર્વાદ છે.'

•

સ્વામીશ્રીના સાંનિધ્યમાં હૉલમાં સંતો ચેષ્ટાગાન કરી રહ્યા હતા. સ્વામીશ્રી પણ આ પદના તાલની સાથે તાલીઓ પાડીને તાલ દેવા માંડ્યા. રોસ્ટ્રમ હજી ખસ્યું ન હતું. આસન ઉપર વિરાજીને ચેષ્ટા બોલી રહેલા સ્વામીશ્રીનાં દર્શન કરવામાં સૌ લીન થઈ ગયા. સ્વામીશ્રીએ ગાતરિયું સહજ રીતે ઓઢ્યું હતું. મુખ ઉપર ઝાંખો થયેલો ચાંદલો દેખાઈ રહ્યો હતો. ડાબા હાથની વાળેલી મુઠ્ઠી ઉપર જમણા હાથની આંગળી વડે તાલ દઈને સ્વામીશ્રી ચેષ્ટાગાન કરતાં કરતાં ખૂબ હસતા હતા.

હરિભક્તો પણ દર્શનમાં હતા. જેમાં શિકાગોથી આવેલા કનુ બારોટ અને હ્યુસ્ટનથી આવેલા અગમ બારોટ પણ બેઠા હતા. ગવાઈ રહેલા લોલના પદમાં તેઓ છેલ્લે આવતા 'રે લોલ' શબ્દ ઉપર વધારે ભાર આપીને વિશિષ્ટ ઢોળ આપી રહ્યા હતા. આ જોતાં જ સ્વામીશ્રીએ વચ્ચેથી ચેષ્ટા અટકાવીને કહ્યું કે 'આ રીતે ચેષ્ટા બોલવા કરતાં ભગવાનને સંભારીને બોલો.' ચેષ્ટા પુનઃ આગળ વધી.

ચેષ્ટા પૂરી થઈ અને કનુભાઈ બારોટે વાત ઉપાડતાં કહ્યું : 'બાપા ! આવી ને આવી મૂર્તિ અમારા હૃદયમાં બેસી જાય અને અખંડ રહે, તમારા સિવાય બીજું કાંઈ રહે નહિ, એવા આશીર્વાદ આપજો.' એટલું કહીને તેઓએ *'આવા બીજા કોઈને મળ્યા નથી ને મળશે નહિ...'* એ કડી ગાઈ.

સ્વામીશ્રી મંદ મંદ હસતા હતા. કડી પૂરી થતાં જ સ્વામીશ્રી કહે : 'અત્યારે બોલે છે, પણ પાછો જતો રહીશ, બધા જતા રહેશો.'

કનુભાઈ કહે : 'તમારી કૃપા સિવાય કશું જ શક્ય નથી.'

સ્વામીશ્રી કહે : 'બધું ભગવાનની કૃપાથી જ છે. તમે અહીં આવી ગયા એ પણ ભગવાનની કૃપા, શિકાગો આવ્યા એ પણ ભગવાનની કૃપા.'

કનુભાઈ કહે : 'બાપા ! વડોદરામાં હું તો સાઇકલ ફેરવતો હતો, ૩૦ કિલોમિટર સુધી જતો, એમાંથી આપની કૃપાથી જ સ્કૂટર થયું, વળી પ્લેનમાં બેસવાનું થયું. હું તો માનું છું કે આજુબાજુ જે કંઈ દેખાય છે એ બધી જ ગાડીઓ મારી જ છે. મોટો મિલિયોનર પણ રોજ નવી ગાડી બદલાવતો નહિ હોય ! મારે તો રોજ નવી ગાડી.'

સ્વામીશ્રી કહે : 'જોગીબાપા કહેતા કે 'દુનિયામાં બધાં પ્લેન આપણાં જ ઊડે છે, બધા બંગલા આપણા જ છે. આપણે રહીએ ને પછી નીકળી જવાનું, કાંઈ ઝંઝટ નહિ.' આ રીતે સમજણ કરી હોય તો વાંધો ન આવે, એનું બંધન થવું ન જોઈએ.'

કનુભાઈ કહે : 'એમાં પણ આપે કૃપા જ કરવાની.'

સ્વામીશ્રી કહે : 'એ પાછું આવ્યું ?'

આટલું કહીને સમજણની વાતો કરતાં કહે : 'દેશ-કાળ તો આવવાના જ, સુખ ને દુઃખ આવવાનું જ, માન ને અપમાન પણ થવાનાં જ. વ્યવહારમાં રહો એટલે ઝઘડા પણ થવાના, પતિ-પત્ની સાથે પણ ઝઘડા થવાના. તારે થયું છે ?'

'રોજ થાય છે.'

સ્વામીશ્રી કહે : 'તોય મુકાતું નથી ! એમ અહીં ગમે એટલું દુઃખ પડે, પણ ભગવાન ને સંતનો અભાવ આવવો ન જોઈએ, એ મુકાવા ન જોઈએ.'

કનુભાઈ કહે : 'ત્યાં (ઘરમાં) તો મારે ને ઝઘડે તોય પાછું દિવ્ય લાગે છે.'

સ્વામીશ્રી કહે : 'હેત થઈ ગયું છે ને એટલે. પેલાએ બૈરાંને ન બોલવાના શબ્દો કહ્યા, તે બાઈ તો આપઘાત કરવા નીકળી, તો પેલો માફી માગવા લાગ્યો કે 'તારી કાંઈ ભૂલ નથી, મારી જીભ કચડાઈ છે.' હેત હોય તો આવું થાય. સંબંધીમાં જેમ અભાવ નથી આવતો એમ અહીં સત્સંગમાં પણ ન આવવો જોઈએ. જાણીએ બધું, જ્ઞાન પણ બધું કરીએ, પણ સમય આવ્યે મિયાં ફસકું થઈ જવાય છે.'

આમ કહીને સ્વામીશ્રીએ મિયાં ફસકુંનું આખું દૃષ્ટાંત કહ્યું અને બોધ આગળ વધારતાં કહ્યું : 'એમ સમય આવ્યે મિયાં ફસકું થઈ જવાય. અહીં સત્સંગમાં કોઈક જરાક કહે ને કોંટો ચડી જાય કે 'જોઈ લઈશ.' ભાઈ ! અહીં આવ્યા છીએ શા માટે ? ભગવાન ને સંત માટે. બીજાના અવગુણ જોવા નહિ ને ગાવા નહિ. એવું કરીએ તો કરેલું ધોઈ નાખીએ. સ્તુતિ કરતો હોય તે પણ નિંદા કરવા લાગે.'

કનુભાઈ કહે : 'વાંચ્યું છે બધું, પણ અમલમાં મૂકવાનું બાકી છે.'

સ્વામીશ્રી કહે : 'એ જ કરવાનું છે. કટોકટી આવી જાય ત્યારે મિયાં ફસકું થઈ જાય છે. સમય આવ્યે જ્ઞાન કામ આવવું જોઈએ. આપણે સેવા કરી હોય ને કોઈ પાછો ધકેલે તો તરત દુઃખ લાગી જાય અને ભગવાન ઉપર ધોખો થાય. ભાઈ ! ભગવાને ઓછી ના પાડી છે ? પણ સ્વભાવ છે એટલે ધોખો લાગી જાય છે, ને પછી મંદિરનો ને સંતનો અભાવ આવી જાય. પણ એટલું વિચારવું કે 'એમાં ખોટ કોને છે ?' મંદિરે આવવું, પાઠપૂજા કરવી ને શિર સાટે સત્સંગ રાખવો. ભગવાન તો કલ્યાણ કરવા બેઠા છે, પણ દેહભાવ છે એટલે કોંટો ચડી જાય છે – 'હું કનુ...' એમ થઈ જાય, પણ કનુ એટલે કોણ ?'

સ્વામીશ્રીએ એ પ્રશ્નાર્થ સાથે આ અદ્‌ભુત બોધ પૂર્ણ કર્યો.

•

૨૨-૮-૨૦૦૭, એટલાન્ટા

મુલાકાત દરમ્યાન એક વૃદ્ધ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેઓ સ્વામીશ્રીને કહે : 'બાપા ! એક ઝેણો નિયમ આપો. મન જિતાતું નથી.'

સ્વામીશ્રી કહે : 'માળા તો કરતા જ હશો, પણ વધારાની એક માળા કરજો ને પ્રાર્થના કરજો.'

•

૨૭-૮-૨૦૦૭, એટલાન્ટા

સ્વામીશ્રી ગોલ્ફકાર્ટમાં વિરાજીને સંતનિવાસ તરફ જઈ રહ્યા હતા. દક્ષેશ પટેલનો પાંચેક વર્ષનો ઈશ સસલાની જેમ આમથી તેમ દોડાદોડી કરતો કરતો સ્વામીશ્રીની નજરમાં આવતો હતો. ગોલ્ફકાર્ટની આગળ એ દોડી રહ્યો હતો, એટલે સ્વયંસેવકોએ એને રોક્યો. સ્વામીશ્રી આ જોઈ રહ્યા હતા. જો કે સ્વયં-સેવકોના કહેવાથી એ તો અટક્યો, પરંતુ બાળમાનસના પારખુ સ્વામીશ્રીએ એના ઉત્સાહની ગતિ રુંધાય નહીં એટલે સામેથી જ એને ઇશારો કરીને કહ્યું કે 'અમારી આગળ દોડ.'

સ્વામીશ્રીની આજ્ઞા મળતાં જ એના પગમાં વધારે જોમ આવી ગયું અને એ દોડવા લાગ્યો. ઠેઠ સંત-નિવાસ સુધી ગાડીની આગળ ને આગળ દોડવાનું આ શિશુનું કામ ન હતું, પરંતુ સ્વામીશ્રીના પ્રોત્સાહનથી એણે એટલો પુરુષાર્થ કર્યો. એ દોડ્યો ત્યાં સુધી સ્વામીશ્રીની નજર એના ઉપર જ રહી.

•

૨૮-૮-૨૦૦૭, એટલાન્ટા

એક ચર્ચના પાદરી પણ અહીં દર્શને આવ્યા હતા. મંદિર જોતાં જ તેઓની ભાવના ખીલી ઊઠી. સ્વામીશ્રીને વાત કરતાં કહે : 'મેં આપનાં દર્શન કર્યાં ને જાણે ભગવાનનાં દર્શન કરતાં હોય એવો અનુભવ થયો. આપના મંદિરનાં દર્શન કર્યાં અને ભગવાનના ઘરનો અનુભવ કર્યો. અને આપના ભક્તોનાં દર્શન કર્યાં અને એમાં ભગવાનના પુત્રોનાં દર્શન કરતો હોઉં એવું અનુભવાયું.'

સ્વામીશ્રી કહે : 'આપણે બધા ભગવાનના જ બાળકો છીએ. અમારે ત્યાં તો કહેવાયું છે કે वयम् अमृतस्य पुत्राः। ભગવાનના બાળકો છીએ અને ભગવાનનું કાર્ય કરવાનું છે.'

•

૨૯-૮-૨૦૦૭, એટલાન્ટા

અલ્પાહાર પછીની ૩૫૧ મુલાકાતો દરમ્યાન વ્હાલદીમીર નામના એક અમેરિકન-રશિયન મુમુક્ષુ લાઇનમાં આવ્યા. તેઓ સ્વામીશ્રીને કહે : 'મેં ગીતા

વાંચી છે. ઉપનિષદનું પણ જ્ઞાન છે. વેદ પણ વાચ્યા છે. જ્ઞાન બધું છે, પણ મારી ઇન્દ્રિયો ઉપર કાબુ મેળવી નથી શકતો.'

સ્વામીશ્રી કહે : 'લખ્યું છે એ વાચ્યું છે, એ સારી વાત છે, પણ લખ્યું હોય એ પ્રમાણે વર્તવાનો પ્રયત્ન કરવો પડે. એ પ્રમાણે વર્તાય તો બધું છૂટી જાય, અને ભગવાન અને સંતનો આશરો કરો તો એમની કૃપા થાય.'

•

અમેરિકાના દક્ષિણ રાજ્યોની હાર્વર્ડ ગણાતી એમરી યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર જેઇમ્સ વેગનર તથા અહીંના હિંદુ ધર્મના તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરાવનાર પ્રૉ. પોલ કૉર્ટરાઇટ સ્વામીશ્રીને મળવા માટે આવ્યા. સ્વામીશ્રીએ હાર પહેરાવી બંનેનું સન્માન કર્યું.

વાઇસ ચાન્સેલર શ્રી જેઇમ્સ વેગનર પ્રતિભાવ આપતાં કહે : 'મંદિર જોઈને અમને ખૂબ પ્રેરણા મળી છે.' આટલું કહીને યુનિવર્સિટી તરફથી એક સન્માન-પત્ર તેઓએ સ્વામીશ્રીને અર્પણ કર્યું.


પ્રૉ. પોલ કૉર્ટરાઇટ આમ તો વિવાદાસ્પદ વિધાનો કરનારા તરીકે જાણીતા છે, પરંતુ તેઓને સ્વામીશ્રી પ્રત્યે અપાર આદર અને શ્રદ્ધા છે. ૧૯૯૧માં સી.એફ.આઈ. વખતે પણ તેઓ દર્શને આવ્યા હતા. એ વાતની સ્મૃતિ તેઓએ અત્યારે વાતચીત દરમ્યાન કરી અને તેઓ કહે : 'મને ગૌરવ છે કે આપે આવું મંદિર બાંધ્યું છે. મંદિર જોઈને ખૂબ આનંદ થયો.'

શ્રી જેઇમ્સ કહે : 'આપની સંસ્થાની અને આપની કાર્યવાહી જોઈને મને મન થાય છે કે ઘણી બધી પ્રવૃત્તિમાં આપના સહયોગથી સાથે રહીને કામ કરીશું. હું પોતે આમ તો એન્જિનિયર છું, અને મંદિરનું એન્જિનિયરીંગ જોઈને મને આશ્ચર્ય જ થાય છે. અદ્‌ભુત એન્જિનિયરીંગ છે. એમાં પણ ઘુમ્મટની જે ચાવીની ટેક્નિક છે, એ તો ટેક્નોલોજીના પોઇન્ટથી અદ્વિતીય, અદ્‌ભુત અને અજાયબી સમી છે.'

સ્વામીશ્રી કહે : 'આની કોઈ યુનિવર્સિટી નથી, પરંપરાગત રીતે જ આ વિદ્યા આવે છે.'

શ્રી જેઇમ્સ કહે : 'સ્ટીલનું જે સ્ટ્રક્ચર કરીએ એનું તો કંઈ નક્કી નહીં. એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ આખું સ્ટીલના માળખા ઉપર ઊભું છે, પણ એ ક્યારે પડી જશે એ નક્કી ન કહી શકાય. અને એ જ રીતે, મકાન કરતાં મંદિરમાં જે ભાવ આવે છે એ જ સમાજને વધારે સંદેશો આપશે. થોડી ઈર્ષ્યા ઉપજાવે એવું અદ્‌ભુત આ સ્થાપત્ય છે. અહીં આવતાં આપણો અહંકાર ઓગળી જાય. આપણને ઘણી વખત એવું અનુભવાય છે કે 'મને બધી ખબર છે,' પણ અહીં આવતાં અંતર્દષ્ટિ થાય છે અને એમ લાગે છે કે 'હું હજી ઘણો અજ્ઞાની છું, કારણ કે જે કરવાનું છે એ નથી થતું.'

છેલ્લે સ્વામીશ્રીએ બંનેને આશીર્વાદ આપીને દિલ્હી અક્ષરધામમાં પધારવાનું આમંત્રણ આપ્યું.



॥ બ્રહ્મમનનમ્ ॥

ખેતરમાં દાણા નાખીએ તો આડા ઊગશે, સીધા ઊગશે, ત્રાંસા ઊગશે એની કાંઈ ખબર નથી, પણ એક ખ્યાલ જરૂર છે કે 'જમીન સાચી છે અને ખાતર-પાણી કરશું એટલે જે દાણો નાખ્યો છે એનું ડૂંડું બહાર આવવાનું જ છે.' ખેડૂતને આ દેખાય છે, કારણ કે એમાં એને શ્રદ્ધા છે. श्रद्धा सर्वेषां माता। જેમાં શ્રદ્ધા હોય એમાં સફળતા મળે જ છે, એ હકીકત છે.

▧

બેન્કમાં પૈસા મૂકવા જઈએ છીએ ત્યારે આપણને એમ નથી થતું કે 'આ બેન્ક તૂટી જશે, પૈસા જશે,' પણ 'પૈસા વ્યાજ સાથે પાછા મળશે' એ વિશ્વાસ છે તો લાભ થાય છે. એમ મંદિરો સાચાં છે અને અંદર બેઠેલા ભગવાન પણ સાચા છે, એ વિશ્વાસ સાથે કામ કરીએ તો ફળ મળે.

▧

આ દુનિયામાં માણસને પ્રેમ અને હેત થઈ જાય તો એ મય થઈ જાય છે. એની જ લગની – ખાતાં-પીતાં, હરતાં-ફરતાં, સૂતાં-બેસતાં એના જ વિચારો આવ્યા કરે. એમ જેને ભગવાનની લગની લાગી છે, આ સત્સંગની લગની લાગી છે, એને ખાતાં-પીતાં ભગવાનના જ વિચારો આવવા જોઈએ. દરેકની અંદર એ જ દેખાય, કારણ કે દૃષ્ટિ એવી થઈ છે.

▧

ભગવાનની કોઈ પરીક્ષા ન હોય. ભગવાન છે એટલે છે જ. એમાં બીજો વિચાર ન હોય. સોનું છે એટલે છે જ, એમાં શંકાનું કોઈ કારણ નથી. એમ ભગવાનના સ્વરૂપમાં કોઈ શંકા ન થવી જોઈએ. જો શંકા ન થાય તો એનું સુખ મળે.

▧

ભગવાન સર્વત્ર છે, દરેકમાં રહેલા છે, સર્વનું કલ્યાણ કરવા આવ્યા છે, પણ ભગવાન આપણા જેવા થાય

એટલે એવાં ચરિત્ર કરે – આપણી જેમ જ ખાય, પીવે, સૂવે, એટલે એમ થઈ જાય કે 'આમાં નવીન શું છે ? બધું આપણા જેવું જ છે.' પણ ના, આપણું સ્વરૂપ ને એમનું સ્વરૂપ બહુ જુદું છે, એ દિવ્ય છે.

આ બેઠા એ અક્ષરધામની સભા. અહીં સંસાર નથી. અહીંથી બહાર નીકળો એટલે સંસાર છે. અહીં તો અક્ષરધામની સભા છે. કથાવાર્તા, કીર્તન થાય છે ને બધા કેટલા આનંદમાં છે ! અહીં માયા નથી. ભગવાન અને સંત જ્યાં હોય ત્યાં માયા નથી, અને એ તો માયા હોય તોય કાઢીને અક્ષરધામમાં લઈ જાય છે.

કોઈપણ જાતનું માન ન આવે એવી રીતે ભક્તિ થાય તો ભગવાન રાજી થાય છે. ભક્તિ શ્રદ્ધાએ સહિત અને ઈર્ષ્યાએ રહિત કરવાની છે. એનું અનંત ગણું ફળ મળે છે. જે કંઈ કરીએ એ આપણા કલ્યાણ માટે છે. બીજો ભલે આપણાથી વધારે કરે કે ઓછું કરે, પણ ઈર્ષ્યા ન કરવી. ભગવાનના કાર્ય માટે કરવાનો આ અવસર મળ્યો છે, તો આજ્ઞા પ્રમાણે આપણે કરવાનું છે.

બાપ-દાદાની મિલકત જેમ સાચવીએ છીએ, એનો વધારે ને વધારે વિકાસ થાય એવો વિચાર હંમેશાં કરીએ છીએ; એમ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિરૂપી સંપત્તિ, સત્ય, દયા, અહિંસા, બ્રહ્મચર્ય વગેરે સંપત્તિ અને સંસ્કારોનું પણ કાયમ જતન કરવાનું છે.

ભગવાન રામ, ભગવાન કૃષ્ણ, શિવ અને મહાન આચાર્યો તથા શુક-સનકાદિક જેવા સંતોએ એક નીચોડ આપ્યો છે કે 'આ ભગવાનનો માર્ગ સાચો છે. ભગવાને આપેલા આદેશો સાચા છે. શાસ્ત્રોમાં કહેલી વાત સાચી છે. એ માર્ગે ચાલવાથી આપણું જીવન ધન્ય બને છે અને આ લોક ને પરલોકમાં શાંતિ પ્રાપ્ત થાય છે.'

જ્યાં વિકાસ થાય ત્યાં રાજી રહેવું, પણ બીજાનો ઉત્કર્ષ જોઈને ઈર્ષ્યાભાવ રાખવો ને કુરાજી થવું એમાં દુ:ખ છે અને એ આસુરી વૃત્તિ છે.

માણસની કિંમત એનાં વચન-પાલન કરવાની ટેવ અને ચારિત્ર્યમાં છે. પત્નીની ફરજ છે કે પતિના સુખે સુખ અને પતિના દુ:ખે દુ:ખ. આ આપણા સંસ્કાર છે. સુખ-દુ:ખ તો આવવાનાં જ છે, પણ સુખ-દુ:ખમાં સાથે રહેવું જોઈએ. જીવન સારધાર પાર ઊતરવું જોઈએ. આ વાત આપણને રામાયણ જેવા ગ્રંથોમાંથી શીખવા મળે છે.

સંતો પાસે કોઈ પૈસા નથી, પણ ભગવાનરૂપી સંપત્તિ, ધર્મરૂપી સંપત્તિ અને સંસ્કારરૂપી સંપત્તિ સંતો આપે છે. એનાથી જીવન ધન્ય બને છે. માણસ સર્વ પ્રકારે સુખી બને છે. દેશકાળ અને મુશ્કેલીમાં ધીરજ અને બળ મળે એવા સંસ્કાર સંતો આપે છે.

એક વખત વાંચી નાખ્યું ને વાંચીને પછી નાખી દીધું એ શું કામ આવ્યું ? વાંચ્યા પછી વિચાર કરે તો જ સાર હાથ આવે.

ભગવાન અને ભગવાનના ભક્તનાં ચરિત્રો વાંચવાં, સાંભળવાં ને જીવમાં ઉતારવાં, એનાથી શાંતિ થાય.

એનાથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ બધી વાતો આવી જાય. આ રીતે રોજ વાંચીએ તો દૃઢ થાય.

■

હાર્વર્ડ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવો હોય તો સાવધાનીપૂર્વક મહેનત કરવી પડે, અને મહેનત કરે તો ડિગ્રી પ્રાપ્ત થાય. તો આ તો બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ કરવી છે. તો એના માટે અંદરથી જગતના, માયાના, ખાવા-પીવાના કે મનના બધા મનસૂબા મૂકી દેવા પડે. આત્મારૂપ થવું કઠણ તો પડે, પણ અંદરથી ઓતપ્રોત થઈ જઈએ, એમાં માન-અપમાન થાય, ખોટ જાય, તોય પાછા ન પડીએ તો એ જ્ઞાન સિદ્ધ થાય છે.

■

મોટાપુરુષની આજ્ઞા પળે એટલી શાંતિ. આત્મારૂપ થવાનું મુખ્ય સાધન પણ એ જ છે કે મોટાપુરુષની આજ્ઞા પળે તો આત્મદર્શન થાય. વાત કરવી સહેલી છે, પણ એ પ્રમાણે વર્તન કરવું એ મોટી વાત છે.

■

છોકરાને હેત અને પ્રેમથી બોલાવો તો બાપ રાજી થાય છે, એમ સંતને જો રાજી કરો તો ભગવાન રાજી થઈ જાય.

■

માંસ આપણો ખોરાક નથી. આપણે શાકાહારી છીએ. પશુ કે કોઈપણ નાના-મોટા જીવને મારીને ન ખવાય. એ પણ જીવે અને આપણે પણ જીવીએ. ગાયને આપણે ભારતીયો માતા કહીએ છીએ. માતાને મારીને આપણે જીવવાનું હોય ખરું ? માતાનો આપણા પર કેટલો ઉપકાર છે ! પશુઓને પણ જ્યારે મારે ત્યારે કેટલા તરફડે છે ? કરોડો ને અબજો માણસો શાકાહાર ઉપર જીવે છે અને સારી રીતે કાર્ય કરી શકે છે. તો પછી બીજાને મારવાની શી જરૂર ? પશુ અને વનસ્પતિ સાથેનો આપણો સંબંધ અરસપરસ છે. વૃક્ષો આપણને ઓક્સિજન આપે છે, છતાં એને કાપી નાખીએ તો એમાંથી નુકસાન આપણને જ થાય છે. આ બધું સમજીએ અને જાણીએ છીએ છતાં એને મૂકી શકતા નથી, કારણ કે આસક્તિ છે.

■

વ્યસન એ રાક્ષસ છે. વ્યસન કરવાથી વહેલા જતા રહીએ છીએ. વ્યસન વગર માણસ જીવી શકે છે. વ્યસનોથી કોઈ કાર્ય થતું નથી અને થવાનું પણ નથી.


■

સંત નિર્ભય હોય છે. એને કોઈ લાલસા, કોઈ ઇચ્છા, કોઈ મહત્તા નથી, એને રાજસત્તા પણ જોઈતી નથી, પછી રાજાની પણ શું કામ પરવા હોય ? ગમે એટલી સત્તા હશે પણ ભગવાન આગળ એનો કોઈ હિસાબ નથી. મહાન સંતોએ પોતાના દેહની પણ પરવા કરી નથી, પછી એને કોણ નમાવી શકે ? સંતો આપણી સંસ્કૃતિના વારસદાર છે. આપણે આવી સંસ્કૃતિના વારસદાર છીએ, એને વરેલા છીએ, એ ખુમારી રહેવી જોઈએ.


■

ધર્મ-નિયમમાં બાધ આવતો હોય તો એમાં શૂરવીરતા રાખવી.

પ્રસંગમ્



સપ્ટેમ્બર ૨૦૦૯



'ભગવાન નીલકંઠવર્ણી સાત વર્ષ વનવિચરણમાં નિર્ભય થકા બધે ગયા.
ધર્મસ્થાનોમાં દર્શન કર્યાં, આચાર્યોને મળ્યા.
છેવટે આજના જ દિવસે લોજ આવ્યા.
નીલકંઠવર્ણીની દૃષ્ટિ હતી કે મારા ભક્તો પશ્ચિમમાં પણ ગયા છે તો મારે પણ ત્યાં જવું.
એટલે અહીં પરદેશમાં પણ વિરાજ્યા છે. આ એમની કલ્યાણયાત્રા છે.
વર્ણી આજે અહીં વિરાજ્યા છે, એ ભક્તોના મનોરથ અને સંકલ્પ પૂરા કરશે.'
– પ્રમુખસ્વામી મહારાજ

૨-૯-૨૦૦૭, ડલાસ

સ્વામીશ્રી સમક્ષ વિવિધ વિભાગોની પ્રવૃત્તિઓને અહેવાલ અપાઈ રહ્યો હતો. ઓડના પરેશભાઈ પટેલે કોમ્યુનિટી આઉટરીચની વાતો કરતાં કરતાં મેયરના અનુભવોની વાત કરતાં કહ્યું કે –

''હ્યુસ્ટનમાં મેયર આપનાં દર્શને આવ્યા અને થોડી વારમાં તો એમની આંખમાંથી આંસુ નીકળવા માંડ્યાં. મેં પૂછ્યું કે 'કેમ ? આંખ બળે છે ? કેમ પાણી આવી ગયાં ?' મેયર કહે : 'હું પ્રમુખસ્વામીનાં દર્શન કરવા ગયો ને એમની સામું જોયું, પણ એમની સામે જોતાં જ મને આંખમાંથી તેજ નીકળતું હોય એવો અનુભવ થયો. હું સામે જોઈ ન શક્યો અને મારી આંખમાંથી આંસુ નીકળવા માંડ્યાં.' એમણે જ્યારે આ વાત કરી ત્યારે મને એમ હતું કે 'આ ખાલી ફૉર્માલીટી ખાતર વાત કરે છે,' પરંતુ બે-ત્રણ દિવસ પછી એમની સેક્રેટરીનો મારા પર ફોન આવ્યો ને પૂછ્યું કે 'મેયર મંદિરનાં દર્શન કરીને આવ્યા પછી ત્રણ-ત્રણ મિટિંગો થઈ એમાં એ તમારા ગુરુની જ વાત કરે છે.' વળી થોડા દિવસ પછી કહે : 'ડલાસ શહેરના મેયરને મારે મળવું છે અને બી.એ.પી.એસ.ની વાત કરવી છે.' તેઓ મળવા ગયા અને મળ્યા પછી આવીને કહે : 'મેં બી.એ.પી.એસ.ની સત્તર વખત વાત કરી.' વળી, એમણે અહીંના એક સ્થાનિક મૅગેઝિનમાં પણ 'સ્પિરિચ્યુઅલ લીડર કમીંગ ઇન માય ટાઉન' એ લેખ લખ્યો. તેઓને આવો દિવ્ય અનુભવ થયો. આજની સભામાં પણ ડલાસના મેયર ઉપસ્થિત હતા. સન્માન-વિધિ પછી બીજા બધા મહેમાનો નીકળી ગયા, પરંતુ તેઓ રોકાયા હતા, કારણ કે આપના આશીર્વાદ હતા. અમે પૂછ્યું, તો કહે : 'મારે ફક્ત પ્રમુખસ્વામીનો અવાજ સાંભળવો છે.' અને એ રીતે પાંચ મિનિટ સુધી તેઓ રોકાયા. આપનું દિવ્ય વ્યક્તિત્વ તેઓને સ્પર્શી ગયું છે.''

•

અલ્પાહાર પછીની મુલાકાતો દરમ્યાન એક અમેરિકન મુમુક્ષુ દર્શને આવ્યા. તેઓ સ્વામીશ્રીને કહે : 'માયા નડે છે.'

'ભજન કરજો, નહીં નડે.'

•

૩-૯-૨૦૦૭, ડલાસ

મુલાકાતો દરમ્યાન હીરાકાકા આવ્યા. તેઓની પૌત્રીએ એક વિશિષ્ટ પ્રકારનો ગોળો બનાવ્યો હતો. કાગળમાંથી બનાવેલો આ ગોળો અનેક પાંદડીઓમાંથી બન્યો હોય એ પ્રકારનો હતો અને પ્રત્યેક પાંદડીમાં સ્વામીશ્રીની વિવિધ મુદ્રાઓને અંકિત કરી હતી. ગોળ હોવાને કારણે જે બાજુ ફરે ત્યાં કેવળ સ્વામીશ્રીનાં જ દર્શન થાય એવી એની કરામત હતી. હીરાકાકાએ પૌત્રી વતી આશીર્વાદ માગ્યા. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા.

તેઓએ વળી એક વાત કરતાં કહ્યું કે 'થોડા દિવસ પહેલાં અચાનક આંખે બધું ડબલ દેખાવા લાગ્યું. નવસારી જતા હતા ને ત્યાં ચશ્માં કઢાવ્યા ને ત્રણ-ચાર દિવસમાં જ ડબલ દેખાવાનું બંધ થઈ ગયું. નોર્મલ થઈ ગયું. ચમત્કાર થયો. હવે પાછું એક જ વિઝન થઈ ગયું.'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'આપણે એક જ વિઝન બરાબર છે. કેવળ શ્રીજીમહારાજ દેખાય એ એક જ વિઝન થઈ જાય એ કરવાનું છે.'

•

૫-૯-૨૦૦૭, સાનહોઝે

મુલાકાતો દરમ્યાન એક મુમુક્ષુ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીને કહે : 'છેલ્લાં પાંચ-સાત વર્ષથી તમે

મારા સ્વપ્નમાં આવો છો. મેં ક્યારેય સત્સંગ કર્યો નથી. હું સત્સંગી નથી. વળી, મેં યોગીજી મહારાજનાં દર્શન પણ ક્યારેય કર્યાં નથી, પણ યોગીજી મહારાજે પણ સ્વપ્નમાં આવીને મને કહ્યું કે 'કીર્તન ગા.' મને ખ્યાલ નથી આવતો કે 'આવું કેમ થાય છે ?' હું આપને પૂછું છું કે 'તમે તમારી ભાવનાથી મારા સ્વપ્નામાં આવો છો કે આપણી વચ્ચે કોઈ સંબંધ છે ?'

સ્વામીશ્રી કહે : 'સંબંધ છે જ ને ! પૂર્વનો સંબંધ હોય એટલે સત્સંગમાં આવવા માટે સ્વપ્નમાં દર્શન દેતા હોય. અહીં મંદિર થયું છે એટલે હવે નિયમિત આવજો. તમારા જીવનમાં શાંતિ થાય, સુખ થાય અને ધંધામાં પણ સારું થાય એ આશીર્વાદ છે.'

•

ધ્રાંગધ્રાના મનુભાઈ પૂજારી નજીક આવ્યા. તેઓ કહે : 'કાલે મને આપનાં કૃષ્ણ સ્વરૂપે દર્શન થયાં હતાં. આવા ને આવા કૃષ્ણ સ્વરૂપે દર્શન આપતા રહેજો.'

સ્વામીશ્રી કહે : 'સત્સંગમાં આવતા રહેજો.'

•

ફંડ રેઇઝીંગ વિભાગનો અહેવાલ આશિષભાઈ બ્રહ્મભટ્ટે આપ્યો. એક હરિભક્ત શશિકાન્તભાઈનો પરિચય તેઓ આપી રહ્યા હતા ને સ્વામીશ્રીએ હાથ ઊંચો કરીને કહ્યું : 'ટેકરા ઉપર.' સૌ સમજી ગયા ને તાલીઓ પાડી. ૧૯૯૧માં ટેકરા ઉપર આવેલા તેઓના ઘરે સ્વામીશ્રીનો ઉતારો હતો, એ વાત પણ અત્યારે સ્વામીશ્રીને યાદ હતી !!

•

૬-૯-૨૦૦૭, સાનહોઝે

અમદાવાદના ઘનશ્યામભાઈનો પરિચય અપાયો. સ્વામીશ્રી કહે : 'તું રમણભાઈ ચોકસીનો દીકરો ને ?'

'હા.'

'બહુ સારું. અમદાવાદ મંડળમાં કાયમ આવતો ને તબલાં વગાડતો. મોટાભાઈનું નામ શું ?'

'મણિભાઈ.'

'હા. બરાબર. મણિભાઈ ચોકસી.'

•

૭-૯-૨૦૦૭, સાનહોઝે

મુલાકાતો દરમ્યાન એક બાળક સ્વામીશ્રી પાસે આવ્યો. જય નામના આ બાળકે સ્વામીશ્રીને જિજ્ઞાસાપૂર્વક પૂછ્યું : 'તમે શું કરો છો ?'

સહેજ નીચા નમીને બાળકને સંભળાય એ રીતે બાળકની નજીક જઈને સ્વામીશ્રી એના માથે હાથ મૂકીને કહે : 'માળા કરીએ છીએ. સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરીએ છીએ. તું પણ એવું કરજે.'

•

૮-૯-૨૦૦૭, સાનહોઝે

વિપુલભાઈ બુધદેવ મંદિરના બાંધકામના સંદર્ભ સાથે વાત કરતાં કહે : 'અહીં તો કન્સ્ટ્રક્શન ચાલુ હોવાથી આ પ્રસંગ પૂરતો સી.ઓ. મળેલ છે, પણ અક્ષરધામમાં કાયમી ઓક્યુપન્સી મળી જાય એવી કૃપા કરજો.'

સ્વામીશ્રી કહે : 'આપણે મહારાજનો આશરો થયો છે, તો પરમેનન્ટ ઓક્યુપન્સી સર્ટિફિકેટ મળી જ ગયું છે.'

•

૮-૯-૨૦૦૭, ચીનોહિલ્સ (લૉસ એન્જલસ)

સ્વામીશ્રી ચીનોહિલ્સ પધાર્યા. નવા બંધાયેલા સંત-આશ્રમનું ઉદ્‌ઘાટન કર્યા પછી સ્વામીશ્રીને રૂમમાં પધારવાનું હતું. રૂમનું બારણું ખુલ્લું હતું, છતાં બે મિનિટ સુધી સ્વામીશ્રી અચકાયા એટલે સૌને નવાઈ લાગી. પરંતુ સ્વામીશ્રીએ જોયું કે નિર્ભયસ્વરૂપ સ્વામી થાળ ધરાવવા માટે હરિકૃષ્ણ મહારાજને લઈને જઈ રહ્યા છે, એટલે મોટેથી બૂમ મારતાં કહ્યું : 'નિર્ભય ! ઠાકોરજીને રૂમમાં પગલાં કરાવીને પછી લઈ જાવ.'

નિર્ભય સ્વામીએ કહ્યું કે 'હરિકૃષ્ણ મહારાજને પગલાં કરાવી દીધાં છે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રીને સંતોષ થયો અને ત્યાર પછી જ રૂમમાં પ્રવેશ્યા.

•

૯-૯-૨૦૦૭, ચીનોહિલ્સ (લૉસ એન્જલસ)

હેલ નામના એક શ્યામવર્ણી ગુણભાવી દર્શને આવ્યા. તેઓ કહે : 'હું અહીં નિયમિત આવું છું. આ કેમ્પસમાં આવતાં મને શાંતિનો અનુભવ થાય છે. આપનામાં જે દિવ્ય શાંતિ છે એનો અનુભવ મારા આત્મામાં પણ મને થાય છે. આપ અનેકને પ્રેરણા આપો છો એ બદલ આપનો આભાર.'

•

'મિસ્ટિક ઇન્ડિયા' ફિલ્મના ડિરેક્ટર કીથ મેલ્ટન

કેન્ડલ અને કેમડન નામના બે સુપુત્રોને લઈને તેઓ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રી સમક્ષ તેઓ બેઠા અને કહ્યું : 'ફરી વાર આપનાં દર્શન થયાં એથી આનંદ થયો. આપ આ ઉંમરે એટલું બધું વિચરણ કરો છો કે તમારી સાથે સાથે બીજાને પણ ખેંચાવું પડે છે.'

સ્વામીશ્રી કહે : 'કોઈને ખેંચાવું પડતું નથી. બધાને આનંદ આવે છે, કારણ કે સત્સંગ થાય છે ને !'

કીથ કહે : ''હું એક વખત ગાડીમાં મુસાફરી કરી રહ્યો હતો અને એ વખતે રેડિયોમાં તમારા સમાચાર સાંભળ્યા હતા. ૨૭મી તારીખે રેડિયોમાં સમાચાર આવી રહ્યા હતા કે 'એટલાન્ટામાં એક અદ્‌ભુત મંદિર થયું છે, તેના સ્થાનિક લોકોને સાથે રાખીને સૌની સાથે ચાલીને આ મંદિર નિર્માણ પામ્યું છે અને અદ્‌ભુત કોતરણી-યુક્ત છે. આજુબાજુના વિસ્તારમાં એનો ખૂબ પ્રભાવ છે.' હું આ સમાચાર સાંભળતાં મનમાં ને મનમાં વિચારતો હતો કે આવું મંદિર બી.એ.પી.એસ. સિવાય કોઈ કરી ન શકે ! બી.એ.પી.એસ.નું નામ ક્યારે આવે એની પ્રતીક્ષા હું કરતો હતો ને થોડી વારમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું નામ આવતાં જ મારું અનુમાન સાચું પડ્યાનો મને આનંદ થયો.''

•

૧૦-૯-૨૦૦૭, ચીનોહિલ્સ (લૉસ એન્જલસ)

એક હરિભક્ત સ્વામીશ્રી પાસે આવીને કહે : 'કામ-કાજ કરવામાં ગુસ્સો આવી જાય છે.'

સ્વામીશ્રી કહે : 'ગુસ્સો કરવો જ નહીં. આપણે તો પ્રેમનો કાયદો છે. ગુસ્સો કરવાથી માણસ ફ્રન્ટ થઈ જાય છે. માટે પ્રેમથી જ સૌને સમજાવવું અને કામ લેવું.'

•

૧૧-૯-૨૦૦૭, ચીનોહિલ્સ (લૉસ એન્જલસ)

એક અન્ય મુમુક્ષુ પણ દર્શને આવ્યા. તેઓ કહે : 'મને સીતારામ બોલવાની ટેવ છે.'

સ્વામીશ્રી કહે : 'જે બોલો એ ભગવાનનું નામ જ લેવાય છે ને ! એમાં અમારે ક્યાં કંઈ વાંધો છે ?'

એ જ મુમુક્ષુએ કહ્યું કે 'હું ઘણી બધી સંસ્થાઓ સાથે જોડાયેલો છું. એટલે બધી જગ્યાએ દાન કરું છું.'

સ્વામીશ્રી કહે : 'બહુ સારી વાત છે. ભગવાનના કાર્યમાં તમે દાન આપો છો એ મોટી વાત છે. અમે પણ એમ નથી કહેતા કે 'અહીં જ આપજો ને બીજે ન આપતા.' બીજે આપો છો એ પણ સારું છે. બધા સારું જ કામ કરે છે.'

•

એક હિંદીભાષી ભાઈએ મુમુક્ષુતાથી કહ્યું : 'જ્ઞાન દીજિયે.'

સ્વામીશ્રી કહે : 'સત્સંગ કરજો ને રોજ ગ્રંથોનું વાચન કરજો અને મંદિરે આવતા રહેજો, જ્ઞાન થશે.'

તેઓએ આજે સ્વામીશ્રી સમક્ષ દારૂ છોડવાનો નિયમ લીધો.

•

૧૩-૯-૨૦૦૭, ચીનોહિલ્સ (લૉસ એન્જલસ)

અલ્પાહાર દરમ્યાન સામે વાટકીમાં રાખવામાં આવેલી ગોળીઓ બતાવતાં સ્વામીશ્રી કહે : 'ગોળીઓ વધતી જ જાય છે.'

યજ્ઞેશ્વર સ્વામી કહે : 'ભગવાન અને ભગવાનના અખંડ ધારક સંત અવસ્થાના ભાવ ગ્રહણ કરે જ છે, પણ એ ભાવમાં કેટલાયને તકલીફ વેઠવી પડે. એના કરતાં સોળ વર્ષના એવા ને એવા કિશોરમૂર્તિ જેવા રહે તો ભક્તોને કેટલો આનંદ રહે !'

સ્વામીશ્રી કહે : 'તકલીફ અંગીકાર કરે તો કેટલાયને સેવા મળે.'

યજ્ઞેશ્વર સ્વામી કહે : 'સેવા તો કરે જ છે ને ! પણ આવી સેવા તો સેવકોને પણ ન રુચે.'

સ્વામીશ્રી કહે : 'પણ આ તો અનાદિથી ચાલ્યું આવે છે. શ્રીજીમહારાજે પણ રોગ ગ્રહણ કર્યા હતા.'

ત્યાગવલ્લભ સ્વામી કહે : 'આ તો ભક્તોનું લેતા હોય છે.'

સ્વામીશ્રી કહે : 'જોગીબાપા પણ કેટલા રોગ લઈને ફરતા ?'

સ્વામીશ્રી એમ કહી રહ્યા હતા કે આ લોકમાં જ્યારે ભગવાન ને સંત આવે ત્યારે આ લોકના બધા જ ભાવ ગ્રહણ કરી સૌને સેવા આપતા હોય છે ને સ્મૃતિ આપતા હોય છે.

•

૧૬-૯-૨૦૦૭, ચીનોહિલ્સ (લૉસ એન્જલસ)

સ્થાનિક સંતોને બોલાવીને સ્વામીશ્રી કહે : 'હરિભક્તો સાથે સાચવીને કામ લેવું. ઘણા હરિભક્તો એવા પણ હોય કે સામેથી આપણે સેવાની ના પાડવી

પડે. એટલાન્ટામાં રાજુ (સેવક) મારી પાસે આવ્યો, એનાં ઘરવાળાંએ મંદિરની સેવા માટે ઘરેણાં મોકલ્યાં હતાં, મારે એને પાછાં આપવાં પડ્યાં. કેટલાક એવા પણ હોય ! પ્રમોદ(સાનહોઝે)નું પણ એવું. પ્રેમી હરિભક્તો કાલે સવારે શું થાય એની ચિંતા કર્યા વગર સમર્પણ કરી દે, પણ પછી બાવા થઈને બજારમાં એવા ફરે ને લોકો ટીકા કરે. એટલે એનો પણ વ્યવહાર સચવાય અને સેવા પણ થાય એ રીતે સેવા લેવી.'

સ્વામીશ્રી આ રીતે સૌને રાજી રાખવાનો વ્યવહાર શિખવતા રહે છે.

•

સ્વામીશ્રીએ અમેરિકામાં એટલાન્ટા અને કેનેડામાં ટોરોન્ટોમાં શિખરબદ્ધ મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી. આ પ્રતિષ્ઠાવિધિ કરાવવા ભારતથી ઘનશ્યામભાઈ શુક્લ અને મૂકેશભાઈ આવ્યા હતા.

પ્રતિષ્ઠાવિધિ માટે આવેલા આ બંને ભૂદેવો આવતીકાલે ન્યૂજર્સી થઈને અમદાવાદ જઈ રહ્યા હતા. તેઓએ વિદાય લીધી ત્યારે સામેથી જ સ્વામીશ્રી કહે : 'કાંઈ ભૂલચૂક થઈ હોય તો માફ કરજો.'

સ્વામીશ્રીનાં આવાં વચનો સાંભળીને તેઓ શરમાઈ ગયા. સ્વામીશ્રીને કહે : 'બાપા ! આપે તો અમને બહુ જ સાચવ્યા છે. અમારાથી કંઈ ભૂલ થઈ હોય તો માફ કરજો.'

•

૧૭-૯-૨૦૦૭, ચીનોહિલ્સ (લૉસ એન્જલસ)

કીર્તન હિતેશભાઈ પટેલ કહે : 'હવે આવતા વરસે મારે કૉલેજમાં જવાનું છે, તો કૉલેજમાં જતી વખતે મારે શેનું ધ્યાન રાખવાનું ?'

સ્વામીશ્રી કહે : 'કૉલેજમાં જઈને અભ્યાસ બરાબર કરવો, સત્સંગ બરાબર કરવો. નિયમ-ધર્મ સચવાય, કુસંગ લાગી ન જાય, ધમાલ કરતા છોકરાઓ સાથે સંગત ન થઈ જાય અને માંસ વગેરે ખાવા-પીવામાં ક્યાંક પગ લપસી ન જાય એ બધું ધ્યાન રાખવું. સારા છોકરાની સાથે રહેવું, વેજિટેરિયન રહેવું, અભ્યાસમાં ધ્યાન આપવું ને ટી.વી.માં પણ સારું જ જોવું.'

કીર્તન કહે : 'કોઈ એક નિયમ મને આપો.'

સ્વામીશ્રી કહે : 'દર વરસે બીજા એકને સત્સંગ કરાવીશ તો તારો સત્સંગ પણ દૃઢ રહેશે અને એના માટે આપણા સંપ્રદાયના ગ્રંથોનું વાચન નિયમિત કરવું.'

કીર્તન કહે : 'મહારાજે વચનામૃતમાં સત્પુરુષનો મહિમા ઘણીબધી જગ્યાએ કહ્યો છે, તો એમનું યથાર્થ સ્વરૂપ કઈ રીતે ઓળખવું ?'

સ્વામીશ્રી કહે : 'સત્પુરુષમાં હેત થાય તો હેતે કરીને જીવ જોડાય. 'એ કહે, એ બોલે, એ બધું બરાબર જ છે,' – એવો વિશ્વાસ આવે, આત્મબુદ્ધિ થાય, હેતે કરીને જે વાત કરે એ મનાય, અને એમ સત્પુરુની નજીક અવાય.'

•

૧૮-૯-૨૦૦૭, ન્યૂયોર્ક

વિવેકનિધિ સ્વામીએ આણંદના શતાબ્દી મહોત્સવ વખતના એક પ્રસંગની સ્મૃતિ કરતાં કહ્યું કે 'અન્ય સંપ્રદાયના એક સાધુ એ પ્રસંગે ઉપસ્થિત હતા. તેમનું આસન અને આપનું આસન સરખું ન હતું, ત્યારે આપે ખૂબ ખખડાવીને મને વાત કરી હતી. આપના આસન ઉપર તેઓને બેસવાની વાત કરી હતી. બાકી, સ્ટડી સર્કલમાં એ સાધુ આવતા ત્યારે તો અમારી ભેગા નીચે જ બેસી જતા હતા, પરંતુ આપે તેઓને માન આપ્યું. આપ નિર્માની છો એટલે આપ આવું કરી શકો.'

સ્વામીશ્રી કહે : 'જોગીબાપા જુએ તો તો દંડવત્ કરવા મંડી પડે.'

વિવેકનિધિ સ્વામી કહે : 'આ યુગમાં તો એ શક્ય જ નથી.'

સ્વામીશ્રી કહે : 'એ યુગ તો અનાદિથી ચાલ્યો આવે છે ને ! બીજાને માન આપવાનું, એમાં આપણે નીચા થઈ જતા નથી.'

અનિર્દેશ સ્વામી કહે : 'જે અમાની હોય એ જ બીજાને માન આપી શકે.'

સ્વામીશ્રીએ પોતાની વાતને યોગીજી મહારાજની વાત ઉપર લઈ જતાં કહ્યું : 'જોગીબાપા સૌને માન જ આપે. તેઓ અમાની હતા ને ! એટલે જોગીબાપા તો દંડવત્ કરવા મંડી પડે. ઠેકાણુંય ન હોય, તો પણ એને દંડવત્ કરવા મંડી પડે.'

વિવેકનિધિ સ્વામી કહે : 'એ વખતે તો સંસ્થા પણ નાની હતી. અત્યારે જુઓ તો આપના જેવા કોઈ યુગપુરુષ નથી.'

સ્વામીશ્રી કહે : 'આપણે તો શ્રીજીમહારાજની

આજ્ઞા છે અને આપણા ગુરુ પણ એ જ કરતા આવ્યા છે, એટલે એની રીતે રીત આપણી જોઈએ. સૌ આપણા કરતાં મોટા છે. અને આપણે સૌથી નાના છીએ... એમ જ માનવું.'

•

સ્વામીશ્રી ૧૯૮૮ની સાલમાં જ્યારે ટ્રીનીદાદ પધાર્યા ત્યારે ત્યાં પીટર હેન્કલ નામના મુમુક્ષુને મળ્યા હતા. તેઓ સ્વામીશ્રીના કાર્યથી પ્રભાવિત થયા હતા અને સ્વામીશ્રીએ તેઓનું નામ બદલીને પરીક્ષિત પાડ્યું હતું. આજે તેઓ ખાસ દર્શને આવ્યા હતા. હવે તો તેઓના વાળ પણ ધોળા થઈ ગયા હતા. તેઓએ સ્વામીશ્રીના જૂના પ્રસંગની વાત કરતાં કહ્યું : '૮૮માં જ્યારે હું એટલાન્ટા આવ્યો ત્યારે મંદિરમાં સ્વામીજી પૂજા કરી રહ્યા હતા. પૂજા પછી એમણે મારી સામે દૃષ્ટિ કરી એ હજી હું ભૂલી શક્યો નથી. મારા અંતરમાં એ મૂર્તિ ઊતરી ગઈ છે. એ સ્મૃતિ કરું છું અને હું ગદ્‌ગદ થઈ ઊઠું છું. મારે સ્વામીજી સાથે વાત કરવા માટે ગુજરાતી શીખવું છે.'

•

૧૯-૯-૨૦૦૭, ન્યૂયોર્ક

યોગી ત્રિવેદીએ યુવક-મંડળનો રિપોર્ટ આપ્યા પછી કિશોરો વતી પ્રતિનિધિએ વાત કરતાં કહ્યું : 'આજે સ્વામીશ્રી જે આજ્ઞા કરે છે, એ શ્રીજીમહારાજની કરેલી જ આજ્ઞા છે. જે કિશોરો તિલક-ચાંદલો કરીને અભ્યાસમાં જાય છે, એ સૌ ઊભા થાય.'

ઘણા કિશોરો ઊભા થયા. એટલે સ્વામીશ્રીએ પૂછ્યું કે 'કોઈને મુશ્કેલી આવે છે ?'

એક કિશોર કહે : 'સાથેના વિદ્યાર્થીઓ મશ્કરી કરે છે.'

કુણાલ કહે : 'સારી જોબ મળવામાં ક્યારેક મુશ્કેલી થાય, પણ આ કૃપેશ સી.પી.એ. થયો છે અને કેતકને પણ સારી જોબ છે. એ બંને તિલક-ચાંદલો કરીને જ જાય છે.'

સ્વામીશ્રીએ એ બંનેને પૂછ્યું કે 'તમને કોઈ આવું પૂછતા નથી ને ?'

કૃપેશ કહે : 'પૂછે છે, પણ હું એને સમજાવું છું.'

સ્વામીશ્રી કહે : 'પછી વાંધો નથી આવતો ને ?'

'ના.'

સ્વામીશ્રી સૌને સંબોધીને કહે : 'બધાએ આ જ રીતે હિંમત રાખવાની. આને વાંધો નથી આવતો એવી રીતે આપણને પણ નહીં આવે. મહારાજને સંભારીને જવાબ આપવો.'

•

૨૨-૯-૨૦૦૭, ઈસ્ટ બ્રૂંસવીક (ન્યૂજર્સી)

એટલાન્ટાથી ડૉ. આસીફ તૌફિક ખાસ દર્શન માટે જ ઠેઠ અહીં આવ્યા હતા. યોગસાગર સ્વામીને અકસ્માત થતાં તેઓએ ઇમરજન્સીમાં સફળ ઑપરેશન કરી દીધું હતું. આજે ખાસ સ્વામીશ્રીનાં દર્શને જ તેઓ આવ્યા હતા. રોજા હતા છતાં તેઓ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપતાં કહ્યું : 'આપને અમારે સાધુ કા પ્રેમ સે કામ કિયા હૈ, ઔર વો બચ ગયે હૈં. ઉનકા પુણ્ય આપકો મિલેગા.'

બીજા દિવસે સવારે તેઓ પૂજામાં પધાર્યા ત્યારે વિવેકસાગર સ્વામીને ગઈકાલની અનુભૂતિની વાત કરતાં કહે : 'સ્વામીશ્રીએ મારા માથા ઉપર હાથ મૂક્યો ને દિવ્ય કરંટ શરીરમાં પ્રસરી ગયો હોય એવું અનુભવાયું. રાત્રે ઊંઘ ન આવી. સ્વામીશ્રીનું મુખારવિંદ આખી રાત દેખાયા કર્યું.'

•

૭:૦૦ વાગે સ્વામીશ્રી સભામાં પધાર્યા ત્યારે મંચ પર એક સંવાદ ચાલુ હતો. શાસ્ત્રીજી મહારાજના સમર્પિત સંતો-હરિભક્તોની ગાથાનો સંવાદ થઈ ચૂક્યો હતો. અને ત્યાર પછી મંચ ઉપર બે કાર્યકરો એક નાની નાટિકા રજૂ કરી રહ્યા હતા. નરેશસિંહ તથા ચંદ્રેશ (ગાના) સમર્પણની વાતો ગૂંથી રહ્યા હતા. ચંદ્રેશે સ્વામીશ્રીના પધારતાં જ વાત ઉપાડતાં કહ્યું : 'સંસ્થામાં અમારે પણ ઘણું આપવું છે, પણ હું બાપાને વિનંતી કરું છું કે પહેલા તમે અમને ટાટા-બિરલા જેવા સૌથી મોટા ઉદ્યોગપતિ બનાવી દ્યો અને પછી બધું જ આપી દઉં.'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'એટલું આપીએ તો તું અહીં નહીં આવે.'

•

ત્રણ દિવસની યુ.એસ.એ.માં સંસ્થાના કાર્યવાહકોની મૅનેજમેન્ટ શિબિર ચાલી રહી હતી. આ મૅનેજમેન્ટ શિબિરમાં આશીર્વાદ દરમ્યાન સ્વામીશ્રીએ 'ભગવાન સર્વકર્તા છે, સાકાર છે, દિવ્ય છે,' એમ ઉપાસનાની

વાતો કરી. એ બધી વાતોના નિરૂપણની સમાપ્તિમાં ચોથા અંગની વાત રહી ગઈ કે 'ભગવાન કાયમ પ્રગટ છે.' સ્વામીશ્રીના આશીર્વાદ પૂરા થયા એટલે સામે બેઠેલા કાર્યકરોમાંથી ડિમાન્ડ આવી કે 'બાપા ! ભગવાન પ્રગટ છે – એ વાત તો રહી ગઈ.'

સ્વામીશ્રી મૌન રહ્યા. થોડી વારે કહે કે 'વાત તો થયેલી જ છે ને ! એમાં બીજું શું કહેવાનું છે ?'

'પણ અમારે આપના મુખે સાંભળવી છે.'

'આ હર્ષદ (ડલાસ) કહે જ છે ને બધા ને !'

'તોય આપના મુખે સાંભળવું છે.' હરિભક્તોએ કહ્યું.

સ્વામીશ્રી કહે : 'એમાં કહેવાનું શું ? આપણે જાણીએ છીએ ને આપણો પ્રગટનો સંપ્રદાય છે. શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજ પ્રગટ છે, છે ને છે જ. એટલી વસ્તુનું ધ્યાન રાખવાનું. એ પુરુષો ગયા છે એવું આપણે માનવાનું નથી. એ આપણી સાથે જ છે, દર્શન આપે છે ને પ્રત્યક્ષ છે.'

હરિભક્તોને આટલું જ જોઈતું હતું. તાળીઓના ગડગડાટથી આખો હૉલ ગાજી ઊઠ્યો. શિબિરની સમાપ્તિ ટાણે જે મુદ્દો સૌને સમજવાનો હતો એ મુદ્દો સાક્ષાત્ મુખેથી સાંભળવા મળતાં સૌની શિબિર સાર્થક થઈ હોય એવું સૌને અનુભવાયું.

•

જ્ઞાનેશ્વર સ્વામી કહે : 'સંતો અને હરિભક્તો સત્સંગરૂપી વસ્ત્રના તાણાવાણા છે.'

સ્વામીશ્રી સામે બેઠેલા સૌને પૂછતાં વચ્ચે જ કહે : 'તાણાવાણામાં સમજ્યા ? વસ્ત્રમાં તાણા ને વાણા ભેગા થાય તો જ પહેરાય એવું વસ્ત્ર બને. એમ બધાએ ભેગા મળીને કામ કરવાનું છે. બધાએ ધ્યાનપૂર્વક સાંભળ્યું છે. સંપ અને એકતા છે તો કામ દીપી ઊઠશે. મહારાજ દયા કરશે.'

•

૨૪-૯-૨૦૦૭, ઈસ્ટ બ્રૂંસવીક (ન્યૂજર્સી)

અમેરિકા અને કેનેડાના વિચરણનો આજે છેલ્લો દિવસ હતો. અહીંથી વિદાય લઈને સ્વામીશ્રી લંડન પધારવાના હતા. વિદાયનાં વમળો ઘુમરાતાં હતાં. પાનખરનો પ્રારંભ થઈ ચૂક્યો હતો. હીમના આગમનના એંધાણ વર્તાઈ રહ્યા હતા અને ત્યાં એવી તે કઈ જાદુઈ છડીનો ઈલમ અનુભવાયો કે સઘળું શાંત થઈ ગયું ? વિદાયનાં વમળો સ્વયં વમળાઈ ગયાં. પાનખરમાં પણ વસંતનો રોમાંચ રોમરોમમાં વ્યાપી ગયો અને હૈયાંમાં હૂંફ અનુભવાઈ.

હા.

એક અદ્વિતીય અને અવિસ્મરણીય સ્મૃતિનો માહોલ વિદાયની છેલ્લી ક્ષણોમાં સ્વામીશ્રીના ઉતારામાં ૧૨મા માળે, આમ જુઓ તો એકાંતમાં સૌને અનુભવવા મળ્યો.

સ્વામીશ્રીની પૂજા વહેલી પતી ગઈ હતી. અલ્પાહાર પણ સમાપ્ત થઈ ગયો હતો અને હવે વિદાયની ઘડીઓ ગણાતી હતી. અમેરિકામાં રહીને સેવા કરતા તથા ભારતથી આવેલા સંતો સામે બેઠા હતા અને સૌને વિદાય પહેલાં પગે લાગવાનો આદેશ થયો. ત્યાં તો સ્વામીશ્રીના અંતરમાં જ ઉમળકો આવી ગયો અને અહીં ઉપસ્થિત એક એક સંતને પ્રેમથી ભેટ્યા. આ સુખ અવર્ણનીય હતું. સૌની આંખોમાં કૃતજ્ઞતાનાં અશ્રુ વહી રહ્યાં હતાં. દર્શન કરનાર સંતોને પણ રોમાંચ થતો હતો તો ભેટનારની તો શું કથા ! સ્વામીશ્રી ઊભા ઊભા આવનાર પ્રત્યેક સંતને હૃદયથી આવકારો આપીને સ્મૃતિના બે બોલ કહેતાં કહેતાં અત્યંત ભાવાર્દ્ર થકા સૌને મળી રહ્યા હતા. ભેટવું એ તેઓની સાહજિક પ્રકૃતિ નથી, પરંતુ આજે તેઓને ઉમળકો હતો અને આ ઉમળકાના સુખની તો વાત જ જુદી ને ! સંતો માટે પણ આ ઓચિંતો લાભ હોઈ સૌ રોમાંચિત થઈ ઊઠ્યા હતા. મનની તમામ મૂંઝવણો, વિરહનો ભાર ઓગળી જાય એવી આ ક્ષણ હતી. સ્વામીશ્રી સ્વયં બોલી ઊઠ્યા : 'સાગમટે નોતરું છે.'

અમેરિકાના છેલ્લા દિવસની સ્મૃતિના તોલે સમગ્ર દિવસોને મૂકી શકાય એવી આ અવિસ્મરણીય ક્ષણ હતી.

•

૨૫-૯-૨૦૦૭, લંડન

પૂજામાં આજે ચંદનનો ચાંદલો કર્યો હતો. સંતો જ દર્શન માટે બેઠા હતા. સ્વામીશ્રીના આ એકાંતના વિરલ દર્શનની સ્મૃતિ સૌ કરી રહ્યા હતા. હળવા મૂર્તિનાં કીર્તનો ગાવામાં આવ્યાં. ફોટોગ્રાફરોએ પણ પૂજાના ખૂબ ફોટા પાડ્યા. પૂજાના અંતે સ્વામીશ્રીએ પણ આ બાબતમાં કોમેન્ટ કરતાં અશોક આશિયરને કહ્યું : 'બહુ

ફોટા પાડ્યા.'

'ફોટા તો બહુ પાડીએ છીએ, પણ હૃદયમાં હજી એકે ફોટો પડતો નથી, એ કરો.'

'કેટલા વરસથી પાડે છે ?'

'વીસ વરસથી.'

સ્વામીશ્રી કહે : 'વીસ વરસથી મંડ્યો છે ને તોય મૂર્તિ પડતી નથી, તો ફોટા શું કામ પાડે છે ?'

અશોક કહે : 'અંદર હજી કચરો બહુ પડ્યો છે ને ! એટલે મૂર્તિ ક્યાંથી અંદર જાય ?'

સ્વામીશ્રી કહે : 'તો પછી ફોટા શું કામ પાડે છે ?'

અશોક કહે : 'પ્રયત્ન કરતા રહીએ તો ક્યારેક મૂર્તિ અંદર ઊતરી જાય ને ! ઊતરી જશે ને ?'

સ્વામીશ્રી કહે : 'તને શ્રદ્ધા છે ને ?'

'મને તો છે જ. જે મળ્યા છે એ સર્વોપરિ છે.'

સ્વામીશ્રી મંદ સ્મિત સાથે કહે : 'બસ ત્યારે, તને શ્રદ્ધા છે તો થશે.'

સ્વામીશ્રી કહી રહ્યા હતા કે આત્મ-સાક્ષાત્કારનું પહેલું પગથિયું છે – શ્રદ્ધા.

•

૨૮-૯-૨૦૦૭, લંડન

અહીં રહેતા અને દક્ષિણ ભારતમાં અચાનક અક્ષર-નિવાસી થયેલા મફતભાઈના જમાઈએ તેઓનાં પત્નીએ લખેલા પ્રશ્નો સ્વામીશ્રી આગળ વાંચી સંભળાવ્યા. તેઓનાં પત્નીને મનમાં વસવસો હતો કે છેલ્લી ક્ષણોમાં અમે કોઈ અમારા પિતાને મળી ન શક્યા.

સ્વામીશ્રીએ આ બાબતમાં દિશાદર્શન આપતાં કહ્યું : 'અકસ્માત તો ગમે ત્યારે ગમે તેને થાય. ભગવાનની એમ જ ઇચ્છા હશે એમ માનવું. નિમિત્ત જ એવું હશે ! એમને નિષ્ઠા અને સમજણ હતી એટલે ભગવાનના ધામમાં જ ગયા છે. માટે મળ્યા, ન મળ્યા એનો બહુ વિચાર ન કરવો. એમનો આત્મા ભગવાન પાસે જ છે. ન મળ્યા એમાં પણ શ્રીજીમહારાજની મરજી સમજવી અને બળ રાખવાનું.'

•

સીડનીથી જ્ઞાનપુરુષ સ્વામીનો ફોન હતો. તેઓએ સ્વામીશ્રીને ઓળખાણ આપતાં કહ્યું કે 'રઢુના જગદીશભાઈનો દીકરો અલ્પેશ અહીં છે.'

સ્વામીશ્રીએ તેઓને સામે પ્રશ્ન કરતાં કહ્યું : 'તેં એને ઓળખ્યો ? હું ઓળખાણ આપું.' એમ કહેતાં સ્વામીશ્રી કહે : 'પુરુષોત્તમપુરાના મોટા સ્વામી હતા, એમના ઈશ્વરભાઈ દાજીના દીકરા જગદીશનો એ દીકરો છે.' આ રીતે સ્વામીશ્રી એમનું સગપણ બોલી ગયા અને ત્યાર પછી તેઓ માટે જ્ઞાનપુરુષ સ્વામીને કેટલીક ભલામણ કરી.

પ્રત્યેક સત્સંગી અને એમાં પણ સંસ્થાના પાયામાં જે હરિભક્તો છે, એને સ્વામીશ્રી ક્યારેય ભૂલતા નથી અને ટાણે-કટાણે એનો નાનો-મોટો પક્ષ પણ રાખે છે.

•

મુલાકાતો દરમ્યાન નૈનેશ પટેલ સ્વામીશ્રી પાસે આવ્યા અને બે હાથ જોડીને કહે : 'અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિના ધારકને જય સ્વામિનારાયણ.'

એટલું કહીને એ નજીક આવ્યા, એટલે તરત જ સ્વામીશ્રી કહે : 'હજી કંઈ શીખ્યો લાગતો નથી !'

સ્વામીશ્રીની કહેવાની રીત એ પ્રમાણેની હતી એટલે નૈનેશ મૂંઝાયો.

મેં કહ્યું : 'ગુરુ પાસે આવીએ ત્યારે દંડવત્ કરવા જોઈએ.'

એ સમજી ગયા અને દંડવત્ કરવા લાગ્યા.

આ જોતાં જ સમર્થન આપતાં સ્વામીશ્રી કહે : 'જ્યારે આવે ત્યારે આ યાદ રાખવું. મહારાજની આજ્ઞા છે. ઠાકોરજી પાસે જાય ત્યારે પણ આ જ રીતે દંડવત્ કરવા. સંતો મળે તો નીચે નમીને પંચાંગ પ્રણામ કરવા ને હરિભક્તોને હાથ જોડીને જય સ્વામિનારાયણ કરવા. આ આપણો વિવેક છે. ભગવાનની આજ્ઞા છે. ભલે બીજે બધે ટટ્ટાર રહીએ, પણ અહીં તો નિર્માનીપણે જ રહેવું જોઈએ.'

•

સારંગપુરથી ભદ્રેશ સ્વામીએ લખેલો પત્ર વંચાયો. એક સંદર્ભમાં તેઓએ લખ્યું હતું કે 'આ કાર્ય તાત્કાલિક થઈ જાય એ માટે ઐશ્વર્ય વાપરો.'

આ સંદર્ભમાં વળી આનંદપ્રિય સ્વામીએ ઉમેરો કરતાં કહ્યું : 'આટલું બધું ઐશ્વર્ય છે ને નહીં વાપરો તો કટાઈ જશે.'

સ્વામીશ્રી તરત જ કહે : 'એમ કંઈ કટાઈ જતું હશે ? વાપરે કે ન વાપરે તોય આ તો કટાય નહીં જ. એ તો ઘણી વખત જરૂર પડે છતાં ન પણ વાપરે !'

આટલું કહીને સ્વામીશ્રી અટકી તો ગયા, પણ પાછળના પ્રતિધ્વનિત થતાં શબ્દો ઘણું કહી રહ્યા હતા.

•

૨૯-૯-૨૦૦૭, લંડન

મુલાકાતો દરમ્યાન હોલેન્ડવાસી ડચ હરિભક્ત હનકોપને સ્વામીશ્રી મળ્યા. હોલેન્ડવાસી સત્સંગી મહિલા શ્રીમતી જેનેટના પતિ શ્રી ફોન તાજેતરમાં અક્ષરનિવાસી થયા હતા. ત્યાર પછી જેનેટને ખાલીપણું લાગતું હોવાથી થોડાક વ્યથિત રહેતા હતા. એ સંદર્ભમાં તેઓએ સ્વામીશ્રી પાસે હનકોપ દ્વારા આશીર્વાદ માગ્યા હતા. સ્વામીશ્રીએ હનકોપને સમજાવતાં કહ્યું કે 'સત્સંગ થયો છે તો હવે સમજણ રાખતાં શીખવું. પતિ ધામમાં ગયા છે, પણ વહેલા-મોડા બધાને જવાનું જ છે. એમનો સંબંધ હતો એટલે સંબંધે કરીને ભગવાનની સેવામાં બેસી ગયા છે. જગત નાશવંત છે, જવાનું તો બધાને છે જ, કોઈ વહેલું ગયું તો કોઈ મોડું; પણ ભગવાનનો આશરો છે એટલે ધામમાં જ જાય. માટે જે કંઈ ભૂતકાળ હતો એ ભૂલી જ જવાનું. જાણે કંઈ હતું જ નહીં અને આનંદમાં રહેવાનું.'

•

એક હરિભક્ત આવ્યા. સ્વામીશ્રી સમક્ષ રડતાં સૂરે કહે : 'મેં મોટી સેવા લખાવી હતી, પરંતુ હજી હું આપી શક્યો નથી. સેવા લખાવી શકું એવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'એમાં ચિંતા કરવાની જરૂર નહીં. જેટલું અપાય એટલું આપજો, ન અપાય તોય વાંધો નહીં, પણ ચિંતા કરશો નહીં. ભગવાન દેશકાળ સારા કરશે.'

•

૩૦-૯-૨૦૦૭, લંડન

અહીંના નિવૃત્ત ટ્રસ્ટી ભાનુભાઈના સસરા સોમાભાઈ શિવાભાઈ પટેલ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીએ તેઓની ઉંમર પૂછી.

સોમાભાઈ કહે : '૯૩ વર્ષ.'

સ્વામીશ્રી કહે : 'તમે તો મારાથી પણ આગળ નીકળી ગયા.'

સોમાભાઈ કહે : 'તમારે તો આખી દુનિયાનો બોજો છે. અમારે ક્યાં કંઈ જવાબદારી છે ? અમે તો બેઠાં બેઠાં ખાઈએ પીએ અને ભજન કરીએ છીએ. આપને આખી દુનિયાનો બોજો ઉપાડવાનો છે.'

સ્વામીશ્રી કહે : 'બોજો તો ભગવાન ઉપાડે છે. આપણે તો ભગવાનને સોંપી દઈએ અને ઉપાડે એ.'

સ્વામીશ્રી કેવળ હસ્યા. નાના-મોટા ભાવી-ગુણભાવી દરેકના અંતરમાં સ્વામીશ્રીનું સ્થાન કેવું છે એની ઝાંખી થઈ.

•

ભ્રમણ દરમ્યાન એક બિનભારતીય મહિલા હરિભક્તનો પત્ર વંચાયો. કેટરિના નામનાં આ બહેન મૂળ યુરોપના લેટીવીયા દેશનાં છે. અહીં મંદિરે હમણાં હમણાં આવતાં થયાં છે. નીલકંઠવર્ણીનો અભિષેક પણ નિયમિત રીતે કરાવે છે. તેઓને એક રાત્રે સ્વામીશ્રી સ્વપ્નામાં આવ્યા અને સ્વપ્નમાં એણે સ્વામીશ્રીનો સ્પર્શ કર્યો તો સ્વામીશ્રીનું આખું ગાતરિયું ભગવામાંથી ભૂરું થઈ ગયું. સ્વામીશ્રીએ એને કહ્યું કે 'તારાં બધાં જ પાપ અને વાસનાઓને લઈ લીધાં છે.' બીજે દિવસે જ્યારે એ જાગી ત્યારે એને અત્યંત આનંદનો વાસ્તવિક અનુભવ થવા લાગ્યો, અને જાણે કે ભાર હળવો થઈ ગયો હોય એવું અનુભવાયું. અને એટલે જ એણે આ પ્રકારનો પત્ર લખીને સ્વામીશ્રીને જણાવ્યું કે 'આપે મારા ઉપર ખૂબ ઉપકાર કર્યો છે. આપને રાજી કરવા માટે હું નિયમિત સત્સંગ કરીશ. દારૂ છોડી દીધો છે, માંસાહારનો પણ ત્યાગ કરી દીધો છે. અને નિયમિત શિક્ષાપત્રી વાચું છું. હવે આગળ શું કરવું ? એનું મને માર્ગદર્શન આપજો.'

•

ભ્રમણ પછી સ્વામીશ્રી આસન કરવા માટે પધાર્યા. પલંગ ઉપર સૂતા ને મને બોલાવીને કહે : 'વૉકિંગ વખતે સામે જ સુનીલભાઈ બેઠા હતા. તેઓને કહેજો કે રોકાય, પછી મળીશું.'

આસન પછી સ્વામીશ્રી સોફા ઉપર વિરાજમાન થયા. સુનીલભાઈ સ્વામીશ્રીને મળવા માટે આવ્યા. તેઓ આવીને તરત સ્વામીશ્રીને કહે : 'લાખો હરિભક્તો છે. આ બધાની વચ્ચે આટલાં વરસો પછી પણ આપે મારું નામ યાદ રાખ્યું છે ! મને જબરજસ્ત આશ્ચર્ય થાય છે.'

સ્વામીશ્રીએ તેઓના વ્યવહારની પણ બધી જ વાતો પૂછીને માર્ગદર્શન આપ્યું અને છેલ્લે અમને તેઓનો પરિચય આપતાં કહ્યું કે 'સુનીલભાઈ નૈરોબીના ચંદુભાઈ કોઠારીના દીકરા થાય. તેઓના દાદા

શિવાભાઈ મૂળ સુણાવના. શાસ્ત્રીજી મહારાજના ચુસ્ત ભક્ત હતા. સેવા સારી કરી હતી અને આ સુનીલને ખૂબ વાતો કરીને સત્સંગમાં રાખ્યો છે. વચ્ચે પંદર વર્ષ આવતો બંધ થઈ ગયો હતો.'

એક-એક હરિભક્ત આધ્યાત્મિક માર્ગે આગળ વધે એ માટે સ્વામીશ્રી કેટલી ચીવટ રાખે છે !

•

ભોજન દરમ્યાન આગેવાન કાર્યકરોનો પરિચય અપાયો. છેલ્લે સંતોએ બંને કાર્યકરોનો પરિચય આપતાં કહ્યું કે 'બંને કાર્યકરો માટે સૌને ખૂબ માન છે.

વળી, હર્ષદભાઈ કહે : 'આ દેવેન ઉત્સાહી છે અને બધા પાસેથી કામ લેતાં સારું આવડે છે, એટલે આયોજન કમિટીના ચૅરમૅન તરીકે નીમ્યા છે.'

'ના, ના.' દેવેને સંકોચાતાં કહ્યું.

સ્વામીશ્રી કટાક્ષમાં કહે : 'આપણે તો મિટિંગ થાય તો ચૅરમૅનની ખુરશીમાં બેસી જવું ને ?'

દેવેન કહે : 'ના, ના, સ્વામી ! આપણે તો બધા કહે એ પ્રમાણે કરવાનું હોય !'

સ્વામીશ્રી કહે : ''એ જ ચૅરમૅન. 'જે કામ કરે એ કાર્યકર' એવું જોગીબાપા કહેતા.''

સ્વામીશ્રીએ સહજમાં દાસપણાનું સૂત્ર આપી દીધું.

•

કાર્યકરો માટેની ત્રણ દિવસની શિબિરના છેલ્લા દિવસે સ્વામીશ્રીને પૂછવામાં આવ્યું કે 'આપની દૃષ્ટિએ આદર્શ કાર્યકર એટલે શું ?'

સ્વામીશ્રીએ આ પ્રશ્નનો અદ્ભુત ઉત્તર આપતાં કહ્યું :

''ભગવાનનો સંબંધ થાય એ નિર્ગુણ કહેવાય છે. શિક્ષાપત્રીમાં આપે વાંચ્યું હશે કે ભગવાનના સંબંધે કરીને તે તે વસ્તુ નિર્ગુણ થઈ જાય છે. ભગવાનના સંબંધે દાદાખાચરના દરબારના લીંબડાનો મહિમા છે, એમ ભગવાનના ભક્તનો મહિમા હોય. લીંબડો કડવો છે, સડી ગયો છે, એ જોતા નથી, પણ મહારાજના સંબંધે પગે લાગીએ છીએ. એમ હરિભક્તોમાં કંઈક એવું (દોષ જેવું) લાગે તો એ જોયા કરતાં, એને ભગવાનનો સંબંધ થયો છે, મોટાપુરુષ સાથે હેત થયું છે, સેવા કરે છે, એ આપણે જોવાનું છે. સ્વભાવ દરેકે ટાળવાના છે. જો મહિમા હશે તો સ્વભાવ ટળી જશે, મોટાપુરુષનાં વચન પળાશે ને સારું થશે. વૃંદાવન, મથુરા, અયોધ્યા એ ભગવાનના સંબંધે કરીને નિર્ગુણ કહેવાય; એમ ભગવાનના સંબંધે કરીને ભગવાનના ભક્તો પણ નિર્ગુણ થઈ જાય છે. નિર્ગુણમાં બીજું જોવાનું ન હોય. દેખાય છતાં 'નથી દેખાતું' એવું આપણે કરવાનું છે. તો આપણને શાંતિ થાય. શિબિરો કરીએ છીએ પણ આ વસ્તુની અંદર દૃઢતા ન થઈ હોય, મહિમાનો આપણે વિચાર ન કર્યો હોય ત્યાં સુધી વાતો (અભાવ) ચાલે. જોગી મહારાજની દૃષ્ટિએ જો આપણે જોઈએ તો જોગી મહારાજને કોઈના વિષે અભાવ નહીં. 'સત્સંગમાં આવ્યો છે એટલે સારો છે, સંબંધમાં આવ્યો છે એટલો સારો છે.' (અટલાદરા – ચંપલ ચોરને યોગીજી મહારાજે મુક્ત કહ્યો) આપણે જેને ચોર જોઈએ છીએ એને જોગી મહારાજ મુક્ત જુએ છે. કેટલી મોટી વિશાળ દૃષ્ટિ ! હવે એવા પુરુષ મળ્યા છે, તો એમની જે દૃષ્ટિ છે એ દૃષ્ટિ આપણે મેળવીએ તો કોઈ જાતનો સત્સંગમાં વાંધો ન આવે. દરેક રીતે સારી સેવા થાય, મહિમા સમજાય, એકબીજા પ્રત્યેનો પ્રેમ વધે.

''બહાદુરીની વાત કરીએ પણ જીવમાં જો ભગવાન અને સંતનું બળ ન હોય, સત્સંગનું બળ ન હોય, તો મિયાં ફુસકું થવાય. સત્સંગી થાય એને વચનામૃત, શિક્ષાપત્રી બધું હોય જ, આપણે વાંચીએ છીએ ખરા ને સાંભળીએ છીએ ખરા, પણ દૃઢતા થઈ નથી. દૃઢતા થઈ હોય તો એ માણસ કોઈ દિવસ ક્યારેય પાછો ન પડે, નિયમનો ભંગ ન થાય, કારણ કે દૃઢતા થઈ કે 'આ ભગવાન ને સંતને ગમતું નથી. ભગવાન અને સંતને ગમતું નથી એટલે મારાથી બહારલું ખવાય નહીં; સત્સંગીમાં, સત્સંગમાં કોઈનું અપમાન થાય નહીં; સત્સંગમાં નિર્માનીપણે રહેવાય.' પણ એ ન હોય તો મનમાં ડગમગાટ થાય.

''સત્સંગ તો એકદમ નિર્મળ ને પવિત્ર છે. ભગવાન ને સંત ને એમનો આ સત્સંગ-સમુદાય એ સ્વચ્છ છે, એ સારા જ છે. એની અંદર કાંઈ જોવા જેવું નથી. જે જોવાનું છે એ આપણી અંદર છે. 'હું સૌથી ખરાબ છું. બધા સારા છે.' ગુણાતીતાનંદ સ્વામીએ વાત કરી છે કે 'આ બધા સમજે છે ને હું કાંઈ સમજતો નથી, એમ માનવું.' પછી કોઈ સમજતો ન હોય ને અભણ હોય ને ગમે તે નાત-જાતનો હોય, પણ સત્સંગમાં

આવ્યો છે ને સત્સંગના માર્ગે ચાલ્યા છે એ બધા સારા જ છે. પણ ના, 'બધા કરતાં હું સમજું છું. આ તો મૂરખનો રાજા છે, બેવકૂફ છે,' એમ માને તો ? તું બેવકૂફનો રાજા છે એની તને ખબર પડે છે ? આપણે ભગવાનની આજ્ઞા-ઉપાસના, નિયમ-ધર્મની કેટલી દૃઢતા છે ? આપણામાં જુઓ તો બધું દેખાશે. મહિમાની દૃષ્ટિ હશે, નિશ્ચયની દૃષ્ટિ હશે, સંબંધની દૃષ્ટિ હશે, તો કંઈ વાંધો નહીં આવે. માટે એક વસ્તુ છે કે સત્સંગમાં આપણું જ કલ્યાણ થાય એને માટે આવ્યા છીએ, પણ બધાનું નબળું જોયા કરશો તો એના અવગુણ આપણામાં આવશે અને આપણા ગુણ હશે એ જતા રહેશે. દરેકમાંથી સારી વસ્તુ લઈ લો તો તમારી પાસે બધી સારી વસ્તુ આવશે. આ રીતે બધામાં સારું જોતા શીખીએ તો સારું થાય, ને ખોટું જોતાં જોતાં આપણે ખોટા થઈ જઈએ. આપણે સત્સંગમાં માન-મોટપ માટે આવ્યા છીએ ? આપણે ભગવાનને રાજી કરવા આવ્યા છીએ, તો એમની ઇચ્છાથી જે જાતની સેવા મળે, જેવી જાતની સેવા મળે એ કરવી.

"મૂળ હજી દેહભાવ છે એટલે બીજાનું દેખાય છે, આપણું દેખાતું નથી. 'હું સર્વથી સારો શ્રેષ્ઠ છું, ભણેલો છું.' ભણેલો છે, પણ તું હજુ દેહભાવમાં તો છે ! દેહભાવ એ જ તો આપણું અજ્ઞાન છે.

"જો આત્માની દૃષ્ટિએ જોઈએ તો શેઠિયા-શાહુકાર, કુટુંબ-પરિવાર કોઈ વસ્તુ જ નથી. એ દૃષ્ટિ જો કેળવાય તો બધામાં સારું દેખાય. જો દેહભાવ ટળે તો દિવ્યતા થઈ જાય, પડદો ખસી જાય તો મૂર્તિઓનાં દર્શન થાય. આવરણ ખસી જાય તો કેટલાં સરસ દર્શન થાય ! એમ આ દેહરૂપ આવરણ જ છે. દેહના ભાવને બદલે, 'હું તો ભગવાનનો ભક્ત છું, દાસનો દાસ છું' – એ દૃઢતા કરવી."

આદર્શ બનવા માટે સ્વામીશ્રીએ વ્યાવહારિક આવડતની વાત ન કરી, માત્ર આધ્યાત્મિક ઊંડાણની વાત જ કરી.

•

સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા વિરાજ્યા. સામે નિત્યસ્વરૂપ સ્વામી બેઠા હતા. સ્વામીશ્રી તેઓને કહે : 'વાંચો.' તેઓ આજુબાજુ જોઈ રહ્યા હતા. આ જોઈને સૌ હસવા લાગ્યા. એટલે સ્વામીશ્રી કહે : 'કાંઈક બોલ.' તેઓ સ્વામીની વાત બોલ્યા.

સ્વામીશ્રી કહે : 'ક્યાંના છે ?'

સંતો કહે : 'ધોળકા મંદિરના પૂજારી છે.'

કોઈ કહે : 'એ બધે જ પહેલા હોય. સવારે ઊઠવામાં પણ સૌથી પહેલા.'

સ્વામીશ્રી કહે : 'એટલો ગુણ લેશો તો તમને આનંદ રહેશે કે સવારે વહેલા ઊઠે છે.'

•

એક કિશોરે પ્રસંગ કહ્યો કે "૨૦૦૪માં આપ લંડન આવ્યા હતા ત્યારે કિશોરોની ઇચ્છા હતી કે 'બાપા સંતુર વગાડે.' આપને સંતુર આપ્યું ત્યારે આપ વાયોલીનની જેમ વગાડવા લાગ્યા. પછી કોઈએ કહ્યું કે 'આના તાર ઉપર લાકડી મારીને વગાડાય.' આ સાંભળીને આપ નગારાની જેમ વગાડવા માંડ્યા. સૌને ખૂબ આનંદ આવ્યો."

સ્વામીશ્રી કહે : 'નગારું વગાડેલું ખરું ને ! નાના હતા ત્યારે મંદિરમાં નગારું વગાડવા જતા એટલે એ આવડે.'



|| બ્રહ્મમનનમ્ ||

સત્સંગમાં આવ્યા અને માન-સન્માન ન મળ્યું તો એની ચિંતા ન કરવી. આપણે અહીં ભગવાન માટે આવ્યા છીએ. આપણે પોતાના કલ્યાણ માટે આવ્યા છીએ. આ સમજણ હશે તો કોઈનો અવગુણ નહીં આવે. માણસ છે એટલે સ્વભાવ તો રહેવાના, પણ આપણે પાછી વૃત્તિ વાળીને વિચારવું કે 'મેં આ કર્યું છે શા માટે ? ભગવાન માટે.' એટલે કદાચ એવો કોઈ હોય તો એને ન ગણતાં આપણા મનમાં ઉત્સાહ, ઉમંગ, પ્રીતિ, સંપ, સુહૃદભાવ, એકતા રાખીને જો કામ કરીશું તો આપણા જીવને આનંદ થશે.

▩

લોકો એમ માને છે કે 'આ મંદિરો કર્યાં છે એ પથરા ખડક્યા છે ને આ પથરા શું કામ કરે ?' પણ આ પથરા નથી ખડક્યા. પથરામાં રહીને ભગવાન બોલે છે અને દરેકને પ્રેરણા આપે છે. આ બધી જ વસ્તુ ચૈતન્ય છે, કારણ કે એને ભગવાનનો સંબંધ થયો છે. ભગવાન ચૈતન્ય અને દિવ્ય છે, તો એના સંબંધે બધું દિવ્ય બને છે.

▩

છોકરાને અભ્યાસમાં પ્રોત્સાહન આપો છો, એ જ રીતે મંદિરમાં આવવા માટે પણ પ્રોત્સાહન આપો ને તમે પણ જાવ. તમે જશો તો છોકરાને પ્રેરણા મળશે. દરેક મા-બાપે પોતાની ફરજ સમજીને પોતાના બાળકોને સારા સંસ્કાર આપવા. બાળકને સાચવશો તો બાળક આપણને સાચવશે.

▩

ગમે તે ભગવાનને માનતા હોઈએ કે ગમે તે ભગવાનની ભક્તિ કરતા હોઈએ, પણ દરેક શાસ્ત્રમાં એક જ લખ્યું છે કે 'સાચા સંત મળે તો ભગવાનની પ્રાપ્તિ થાય અને ભગવાનને વિષે ભક્તિ થાય.' ભગવાન ભજવાની સાચી રીત સાચા સંતો બતાવે છે.

▩

ઝાડને તો મૂળ છે, પણ દેહને કોઈ મૂળ નથી; ગમે ત્યારે મૃત્યુ થાય. માટે એક અનુસંધાન રહેવું જોઈએ કે 'એક દિવસ આ બધું મૂકીને જવાનું છે.' સંસાર સાચો દેખાય છે, પણ આંખ મીંચાય પછી બધું ખોટું છે. પાંચ મિનિટનું સ્વપ્ન આવે એમ આ સિત્તેર વર્ષનું સ્વપ્ન છે, એમ માનીને ભગવાનનો આશરો કરીએ તો સુખ અને શાંતિ રહે.

▩

જીવનમાં જેટલી ભગવાનની ભક્તિ, જેટલી શ્રદ્ધા અને જેટલો ભગવાન તરફનો આદર હશે, એટલું આપણા જીવની અંદર પરિવર્તન થશે.

▩

ગમે એટલા પૈસા મળે, ગમે એટલી સમૃદ્ધિ મળે, ગમે એટલી મોટાઈ મળે તોય દુ:ખ રહેવાનું, કારણ કે દુ:ખ ખોટી અને મોટી અપેક્ષાઓમાં છે. અપેક્ષા હોય એટલે ગમે એટલું મળે તોય ઓછું લાગે. બીજાનું જુએ એટલે પોતાનું ઓછું લાગે – 'મારા કરતાં એનો બંગલો સારો છે. મારા કરતાં એની પાસે પૈસા વધારે છે. મારા કરતાં એની સમૃદ્ધિ વધારે છે. મારા કરતાં એનો હોદ્દો મોટો છે.' આવું મનમાં રહ્યા કરે. એટલે સહેજે જ દુ:ખ રહ્યા કરે. પણ એમ ન જાણે કે 'એને ભગવાનની ઇચ્છાથી મળ્યું છે અને મને પણ જે મળ્યું છે એ ભગવાનની ઇચ્છાથી જ છે.' આવું માને તો સંતોષ રહે અને શાંતિ રહે.

▩

સંત-સમાગમથી આત્માનું જ્ઞાન થાય, અને ત્યારે મનનું દુ:ખ મટી જાય છે.

▩

ગામમાં મંદિર થાય તો વળી લોકો એમ કહે કે 'આટલાં બધાં મંદિરોની જરૂર શું છે ? એક મંદિર કર્યું તો ચાલે.' પણ આટલા મોટા શહેરમાં કેસીનો કેટલા બધા હોય છે ? બાર કેટલા બધા હોય છે ? એના માટે કંટાળો આવે છે ? એનાથી તો નુકસાન છે, છતાં કોઈ બોલતું નથી, તો પછી ભગવાનનાં મંદિરો થાય એમાં વાંધો શું છે ? એકના બે થાય ને બેના હજાર થાય તોય સારી જ વાત છે. એમાંથી લાભ જ થવાનો છે.

▩

જે ખરો ભક્ત હોય એને વિચાર આવે જ નહીં કે 'હું આટલી ભક્તિ કરું છું, આટલો સત્સંગ કરું છું, આટલી સેવા કરું છું ને છતાં મને જ કેમ મંદવાડ આવ્યો ?' એને તો એક જ વૃત્તિ રહે કે 'મહારાજની ઇચ્છા. એમની ઇચ્છાથી જે થતું હશે એ આપણા કલ્યાણ માટે છે. મને શરીરમાં આસક્તિ હશે એટલે રોગ મૂકીને પણ ભગવાન મારી કસર ટાળે છે. સંસારમાં બંધન ન થાય એના માટે ભગવાન આવું કરે છે.' આવી સમજણ ખરો ભક્ત રાખે છે. આ સમજણ ન હોય તો સત્સંગ મૂકીને ચાલ્યા જાય કે 'લ્યો, તમારી કંઠી ને તમારી માળા.' આપણે સત્સંગ મૂકીશું એમાં ભગવાનને ખોટ નહીં આવે. જે ખરેખરા ભક્ત થાય એની જ પરીક્ષા લેવાય છે.

▩

દેહનો વહેવાર ન સાચવીએ તો સંસારમાં મુશ્કેલી ઊભી થાય, અને આત્માનો વ્યવહાર ન સમજીએ તો સંસારનાં દુ:ખના ઢગલામાંથી ઊંચા આવી શકીએ નહીં. માટે બેયનું બેલેન્સ કરતાં શીખવું. આ જ્ઞાન એના માટે છે.

▩

દેહનો વ્યવહાર કરવો, પણ એમાં રાત-દિવસ ઓતપ્રોત થઈને એના જ વિચારો કરવાની જરૂર નથી.

▩

સો અવગુણમાં એક ગુણ પણ સારો હોય તો એને ગ્રહણ કરી લેવો ને બીજા નવ્વાણું અવગુણો મૂકી

દેવા, તો આગળ વધાશે.

ભગવાનનો મહિમા સમજાશે તો આપણું બધું જ અભિમાન ચાલ્યું જશે. આપણા સ્વભાવ-દોષ ચાલ્યા જશે.

ભગવાનનું કર્તાપણું અખંડ રાખવું, નહીં તો માન આવી જાય કે 'મેં કર્યું અને મારાથી થયું.' માન આવે તો પડ્યા હેઠા, પછી માલ ન રહે, કારણ કે અવગુણ આવે, અભાવ આવે. એમ થાય કે 'અમને પૂછ્યું નહીં.' ભાઈ ! પૂછવાનું શું છે ? આપણે તો ભગવાન ભજવા આવ્યા છીએ. કેવળ કલ્યાણ માટે સત્સંગમાં જોડાયા છીએ. હોદ્દા-અધિકાર માટે ક્યાં આવ્યા છીએ ?

અવગુણ લેવો હોય તો આપણામાં કેટલા અવગુણ પડ્યા છે ? ક્રોધ આવી જાય છે, ઈર્ષ્યા આવી જાય છે એને જુઓ ને ! બીજાનું શું કરવા જોવું ?


લીંબડો કડવો હોય કે સડી ગયો હોય તો પણ ભગવાનનો સંબંધ થયો હોય તો એને પગે લાગીએ છીએ અને એની સામે બીજી રીતે જોતા નથી, એમ હરિભક્તોમાં પણ કાંઈક દોષ જેવું લાગે તો એને જોયા કરતાં એને સંબંધ થયો છે, મોટાપુરુષ સાથે હેત થયું છે ને સેવા કરે છે, એ જ જોવાનું છે. મહિમા હશે તો કામ થશે.

દરરોજ ખાઈએ છીએ એટલે 'આજે નથી ખાવું' એવો વિચાર આવે છે ખરો ? ઓફિસમાં ફાઈલો એની એ જ ચાલતી હશે. દુકાનમાં ઘરાક આવે ત્યારે એનો એનો જ માલ બતાવવાનો થતો હશે, છતાં કંટાળો આવે છે ? કારણ શું છે કે એમાંથી કમાણી થવાની છે એમ મનાઈ ગયું છે. એ જ રીતે ભજન કરવામાં કંટાળો ન લાવવો. નિયમ-ધર્મ રાખવામાં પણ કંટાળો ન લાવવો. સત્સંગ કરવામાં પણ કંટાળો ન લાવવો.

આજે ઘણા ધર્મો ધર્મ-પરિવર્તન કરે છે,
પોતાના ધર્મમાં ખેંચવાની વાત કરે છે, પણ આપણે એવું નથી.
એને તમે એવો ઉપદેશ આપો,
એવું જ્ઞાન આપો અને એવી સમજણ આપો
કે એ સારા માર્ગે ચાલે.
એનું જીવન સુધરે એ જ મોટું પરિવર્તન છે.
લાલચ આપીને ધર્મ-પરિવર્તન કરાવીને માણસ વધારવાની વાત નથી.
અમે ધર્મ-પરિવર્તનની વાત કરતા જ નથી.
એને સંસ્કાર આપીએ છીએ કે જેથી એના દુર્ગુણો જાય ને
એના જીવનનું પરિવર્તન થાય.
જીવમાંથી દોષ, સ્વભાવ, અવગુણો એ બધું નીકળે.

- પ્રમુખસ્વામી મહારાજ

પ્રસંગમ્



ઓક્ટોબર ૨૦૦૭



'દુનિયામાં બાહ્ય વિકાસ થયો છે, પણ આંતરિક વિકાસ માટે આપણાં શાસ્ત્રો, અવતારો, સંતો છે.
વિશ્વનું કલ્યાણ થાઓ, દરેક મનુષ્ય સુખી થાઓ, એ આપણી શુભ ભાવનાઓ છે.
બધાનું સારું ઇચ્છવું, ભલું ઇચ્છવું એ આપણો ધર્મ છે.
એ જ્ઞાન ભગવાન સ્વામિનારાયણે આપ્યું છે. તે આપણા જીવનમાં દૃઢ થાય
એ માટે આ બધાં આયોજનો છે. તે વાત ગ્રહણ કરીશું તો અંતરમાં શાંતિ થશે.
આપણા ઘરમાં રામરાજ છે તો આખી દુનિયામાં રામરાજ થશે.'

- પ્રમુખસ્વામી મહારાજ

૧-૧૦-૨૦૦૭, લંડન

મુલાકાત દરમ્યાન એક કાર્યકરને લઈને તેઓના સંબંધીઓ આવ્યા. આ કાર્યકરને કેન્સર થયું હતું. સંબંધીઓએ સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો કે 'આખી જિંદગી સેવા કરી તોય કેન્સર કેમ થયું ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાનને આ ને આ જન્મે કસર ટાળવી હોય એટલે આવા રોગ મૂકે. આપણને મનાય નહીં, પણ ભગવાનની ઇચ્છા હોય એ સારા માટે જ હોય. એમની ઇચ્છાથી રોગ પણ આવે. સુખ-દુઃખ તો આવવાનાં જ છે, પણ ભગવાન જે કરતા હશે તે સારા માટે જ કરતા હશે.'

•

અમૃત નામના એક મંદબુદ્ધિના બાળકે સ્વામીશ્રીને આવીને કહ્યું : 'ઇન્ડિયા કેવું છે ?'

'તારે ત્યાં રહેવા આવવું છે એટલે પૂછે છે ?'

'ના, ના, હું તો એમ કહું છું કે આપ અહીં લંડનમાં જ રોકાઈ જાવ. ભારતમાં જશો જ નહીં.'

સ્વામીશ્રી કહે : 'કેમ ?'

'ભારતમાં પાકિસ્તાનીઓ બહુ છે. એના કરતાં લંડન સલામત છે.'

સ્વામીશ્રી કહે : 'આને આવું બધું કહે છે કોણ ? ક્યાંથી ખબર પડે છે ?'

એના પિતાશ્રી કહે : 'એને રેડિયો સાંભળવાનો અને ટી.વી. જોવાનો બહુ શોખ છે.'

સ્વામીશ્રી એને સંબોધીને કહે : 'આપણી વેબ-સાઇટ પર આપણા ફોટા ને આપણા સમાચાર જોવા, એટલે તને વાંધો ન આવે.'

સ્વામીશ્રીએ આ બાળકને પણ પ્રેરણા આપવામાં શ્રદ્ધા રાખી.

છેલ્લે અમૃતે સ્વામીશ્રીના માથા ઉપર હાથ મૂકી આશીર્વાદ આપ્યા. સૌ હસી પડ્યા. સ્વામીશ્રીના મુખ ઉપર એ જ સાહજિકતા હતી. બાળકની આવી ચેષ્ટાથી સ્વામીશ્રી પણ હસી પડ્યા.

•

એક યુવક દર્શને આવ્યો. સારી ફેકલ્ટીમાં અભ્યાસ કરે છે, પણ છેલ્લાં કેટલાંક વરસોથી ફાઇનલ પરીક્ષામાં નાપાસ થાય છે. સ્વામીશ્રી પાસે એ આશીર્વાદ લેવા આવ્યો ત્યારે સંતોએ કહ્યું કે 'એના અંગત જીવનમાં વ્યસન અને ઘણાં દૂષણો છે. મીટ પણ ખાય છે.'

સ્વામીશ્રી કહે : 'મીટ ખાય ને દૂષણો રાખે, તેમાં ટાઇમ જાય, ને ઇચ્છા રાખે કે સફળ થાઉં; પણ પછી પાસ ક્યાંથી થાય ? મીટ તો પાપ કહેવાય. પાર્ટીમાં જાય ને પછી મગજ બગડે ને પછી પાસ ન થાય એમાં વાંક કોનો ? માટે આ બધું બંધ કર. તું પણ પહેલાં આવતો. હવે ફરીથી નિયમિત આવવા માંડ.'

સ્વામીશ્રીને કેટલો ખટકો છે !

•

૨-૧૦-૨૦૦૭, લંડન

કોપલેન્ડ સ્કૂલના હોદ્દેદારો ડૉ. આઈ. પી. પટેલ તથા હેડમાસ્ટર સર એલન અને અન્ય હોદ્દેદારો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા.

સર એલન કહે : 'મારા માથે બે વખત હાથ મૂકો. એક મારા માટે અને બીજી મારા સ્કૂલ માટે.'

તેઓ સ્કૂલનું રીનોવેશન કરે છે. ૨૫૦૦ છોકરાઓને સમાવી શકાય એવી ક્ષમતાવાળી સ્કૂલ અને એનું સંકુલ બાંધી રહ્યા છે. સર એલને ઇચ્છા પ્રદર્શિત કરી કે 'અમે અહીં ઈંટ લઈને આવીશું. આપ ઈંટ ઉપર હાથ મૂકીને એને પ્રસાદીની કરી આપજો. આપના

આશીર્વાદથી સફળતા મળે જ છે. સને ૧૯૯૫માં આ સ્કૂલમાં ૮૦૦ છોકરાઓ હતા ને તે વખતે સ્કૂલ ડગુમગુ થઈ રહી હતી, પણ આપે આશીર્વાદ આપ્યા તો આજે ૨૫૦૦ છોકરાઓ થઈ ગયા. લગભગ ૧૫ કરોડ પાઉન્ડના ખર્ચે અમે નવી સ્કૂલ બાંધીએ છીએ. એ આપના આશીર્વાદના પ્રતાપથી જ.'

ગોરા હોય કે કાળા, સ્વામીશ્રીના દિવ્ય આશીર્વાદમાં સૌને દૃઢ શ્રદ્ધા અને પ્રતીતિ છે.

•

ડુસરના એક મુમુક્ષુ દર્શને આવ્યા. તેઓ કહે : 'પૂજામાં બેસીએ ત્યારે જ મન આઘુંપાછું થાય છે.'

સ્વામીશ્રી કહે : 'ઘણાં વરસનો ચકરાવો હોય એટલે તરત જ મન હેઠું ન બેસે, પણ ધીરે ધીરે એ ઠરશે. ભજન ચાલુ રાખજો. પૂજા અને ભજનને વળગી રહેજો.'

•

મોતીચંદ શાહ આફ્રિકામાં પુરાણી હતા. તેઓના પૌત્ર મહેશભાઈને લઈને જી. એસ. પટેલ આવ્યા હતા. મહેશભાઈ સ્વામીશ્રીને કહે : 'તમારી આંખનાં દર્શન થાય છે ને એનાથી હૃદય તૃપ્ત થઈ જાય છે. તમને યાદ કરીને અંતર પ્રફુલ્લિત રહે છે.'

આ સાંભળતાં સ્વામીશ્રી કહે : 'સારું છે. તમને ભાવના છે, પણ સત્સંગ નિયમિત કરજો.'

•

ભોજન વખતે સામે બેઠેલા યુવકોનો પરિચય અપાતો હતો. તેમાં જે. સી. પટેલના દીકરા યતિનભાઈને ઊભા કર્યા. તેઓ સહેજ ખૂણામાં હતા. એટલે જમતાં જમતાં નમીને થોડાક વાંકા નમીને તેઓની સામે જોઈને સ્વામીશ્રી કહે : 'કામ કરે છે ખરો એમ ને ?'

'હા.'

'સારું થયું. પાછો આવી ગયો ખરો ! અમને એમ કે જતો રહ્યો છે, પણ કાર્ય કરે છે એ બહુ જ સારું છે.'

ખોવાયેલા પુત્રની પ્રાપ્તિ થતાં જે આનંદ થાય એવો આનંદ સ્વામીશ્રીના મુખ ઉપર જોઈ શકાતો હતો. યતિન કેટલાંક વરસો સત્સંગની પ્રવૃત્તિથી દૂર રહ્યો હતો. એનો ખ્યાલ પણ સ્વામીશ્રીને છે.

•

૪-૧૦-૨૦૦૭, લંડન

કોલી મંડળનો અહેવાલ ધીરુભાઈએ રજૂ કર્યો. આ વિસ્તારમાં રહેતા રમેશભાઈ પટેલને ૧૯૯૨માં સ્વામીશ્રીનાં દર્શનનો યોગ પ્રાપ્ત થયો હતો, પરંતુ એ યોગ તેઓના હાથમાંથી સરકી ગયો હતો, કારણ કે મળવાનો મેળ ન પડ્યો અને પૂજા પછી સ્વામીશ્રી તરત જ નીકળી જવાના હતા. તેઓ નિરાશ હૃદયે દૂર ઊભા હતા. ત્યાં પસાર થયેલા સ્વામીશ્રીએ તેઓને જોયા અને અંતર્યામીપણે કહ્યું : 'કાંઈ પૂછવું છે ?'

સ્વામીશ્રીના આ પ્રશ્નથી તેઓનું સમાધાન થઈ ગયું. તેઓ કહે : 'મને ત્યારથી એવું મનાઈ ગયું કે આ પુરુષને કાંઈ જ પૂછવાની જરૂર નથી. તેઓ બધું જ જાણે છે.'

•

રેડીંગ સત્સંગ મંડળનો અહેવાલ પંકજભાઈ ત્રિવેદી આપી રહ્યા હતા. વીડિયો પ્રેઝન્ટેશન તૈયાર કરીને તેઓ લાવ્યા હતા. સ્ક્રીન એ રીતે ગોઠવાયો હતો કે પાછળ બેઠેલાઓને સ્વામીશ્રીનાં દર્શન ન થાય. સ્વામીશ્રીએ એ વાતની નોંધ લીધી અને સ્ક્રીનને ખૂણામાં ખસેડવાની આજ્ઞા કરી.

નારાયણચરણ સ્વામી કહે : 'તમારે ત્રાંસું ન જોવું પડે એટલે આ રીતે રાખ્યો છે.'

સ્વામીશ્રી કહે : 'હું જોઉં છું ને પાછળવાળાને પણ દેખાય ને !' એમ કહીને બાજુમાં ખસેડાવ્યો, ખૂણામાં લેવડાવ્યો. આ આવરણ ખસી જતાં પાછળ બેઠેલા હરિભક્તો રાજી થઈ ગયા.

સ્વામીશ્રીએ પોતાની અનુકૂળતા કરતાં બીજાની અનુકૂળતાનો વિચાર પહેલો કર્યો.

•

અહીંના ઇસ્કોન મંદિરના મુખ્ય વડા ગૌરીદાસ તેઓના શિષ્યવૃંદ સાથે આવ્યા હતા. ગૌરીદાસે હાર પહેરાવીને સ્વામીશ્રીના આશીર્વાદ મેળવ્યા.

તેઓ કહે : 'થોડાક વખત પહેલાં મારા પિતાને પણ આપને મળવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. મારા પિતા મૂળ સ્કોટલેન્ડના છે. આપને મળીને જ્યારે તેઓ સ્કોટલેન્ડ ગયા ત્યારે કેટલાક કેથલીક મિત્રોને ભેગા કરીને કહ્યું કે હું હિંદુ ધર્મના પોપને મળ્યો છું. ગૌરવથી તેઓ આ વાત સૌને કરતા હતા.' વળી તેઓ કહે : 'અહીં અમે બે મિલિયન પાઉન્ડના ખર્ચે ગોશાળા બાંધી રહ્યા છીએ. આપ આશીર્વાદ આપો જેથી અમારું કાર્ય

સંપન્ન થાય. અમે દૃઢપણે માનીએ છીએ કે તમે જે આશીર્વાદ આપો એ સફળ થાય જ છે.'

•

૫-૧૦-૨૦૦૭, લંડન

યુગાન્ડાના જાણીતા ઉદ્યોગપતિ મયૂરભાઈ માધવાણી દર્શને આવ્યા હતા. તેઓ કહે : ''કકીરામાં અત્યારે જે કંઈ છે એ આપના આશીર્વાદથી છે. યુગાન્ડામાં અનિશ્ચિત વાતાવરણ હતું અને ફરી વાર જમીન સંપાદન માટેની ઑફર આવી ત્યારે મેં આપને પૂછ્યું હતું કે 'આ બધું લઈએ એ બરાબર છે ?' ત્યારે આપે કહ્યું હતું કે 'લઈ જ લેજો. વાંધો નહીં આવે.' અને આપે હિંમત અને પ્રેરણા આપી, એને કારણે આજે કકીરા ફરીથી ઊભું થઈ શક્યું.''

•

બે ભાઈઓ વારાફરતી દર્શને આવ્યા. તેઓ બંને વચ્ચેના વહેવાર જાણતા સંતોએ બંનેને ભેગા કરી સ્વામીશ્રી પાસે લાવીને કહ્યું કે 'આ બંને એકબીજા સાથે બોલતા નથી.'

'શું વાંધો છે ?'

'કાંઈ નહીં. ગેરસમજ છે.'

'એવું શું કામ કરવું ? ગમે ત્યારે ભાઈઓ જ કામ લાગશે. આ દેશમાં રહીએ છીએ, સૌ સૌનો ધંધો કરીએ છીએ. દરેકનો વ્યવહાર જુદો છે, તો પછી વાંધો શું કામ રાખવો ? જે હોય એ ભૂલી જવું અને મનમાંથી કાઢી નાખવું. બંનેય વ્યવસ્થિત બોલવાનો વ્યવહાર રાખજો.'

સ્વામીશ્રીના ટૂંકા ઉપદેશમાં જ બંને ભાઈઓ સંમત થઈ ગયા. પૂર્વગ્રહ દૂર થઈ ગયો.

•

લ્યૂટન રહેતા મનસુખભાઈ પટ્ટણી દર્શને આવ્યા. તેઓને શારીરિક રીતે ખૂબ જ તકલીફો છે. અતિશય ડાયાબિટીસને લીધે તેઓ અંધાપાના આરે આવીને ઊભા છે. તેઓનાં પત્નીને પણ ઘણાં ઑપરેશનો કરાવ્યાં છે.

તેઓ વતી ચિત્તરંજનભાઈ પટેલે વાત કરતાં સ્વામીશ્રીને કહ્યું : 'આખું સત્સંગ મંડળ કહે છે કે એમની તકલીફો દૂર કરો, કારણ કે એમનાં સગાંઓ કહે છે કે 'તું સ્વામિનારાયણની કંઠી બાંધે છે એટલે આ દુઃખ આવ્યાં છે. કંઠી તોડી નાખ, તો બધું સારું થઈ જશે.'

ચિત્તરંજનભાઈ હજુ તો રજૂઆત કરે ત્યાં મનસુખભાઈ કહે : 'બાપા ! આપ નિશ્ચિંત રહેજો. અમે તમારા સુખે સુખિયા છીએ. તમારા બળે જીવીએ છીએ. કોઈ કાળે ગમે એવી પરિસ્થિતિ આવશે, પણ આ કંઠી તૂટશે નહીં. મહારાજ આવે તોય કંઠી જશે નહીં.'

તેઓની આવી નિષ્ઠા, હિંમત ને બળ જોઈ સ્વામીશ્રી પણ ગદ્ગદ થઈ ગયા અને ખૂબ આશીર્વાદ વરસાવ્યા.

•

શૈલેનભાઈ પોપટ આવીને કહે : 'હું આપનો આભાર માનવા માટે આવ્યો છું. ૨૦૦૪માં જ્યારે આપ અહીં પધાર્યા ત્યારે મારી દીકરી સાંભળી કે બોલી શકતી ન હતી. હું આપના આશીર્વાદ લેવા માટે આવ્યો ને આપે આશીર્વાદનું ફૂલ ને પ્રસાદીનું જળ આપ્યું. એના પ્રતાપે આજે છોકરી બોલતી અને સાંભળતી થઈ ગઈ છે.'

•

એક મુમુક્ષુ આવ્યા. તેઓ જે ઘરમાં રહે છે એમાં તેઓને ભૂતની શંકા પેસી ગઈ છે અને એટલે જ રાત્રે ઘરમાં સૂવાને બદલે પોતાની મોટરકારમાં સૂવે છે. આવી શંકા અને બીકને કારણે એક વાર હાર્ટએટેક પણ આવી ગયો છે.

સ્વામીશ્રી કહે : 'ગભરાવાની જરૂર નથી. તમારું મકાન સારું છે, કિંમતી છે અને એટલે કોઈની નજર એના ઉપર બગડી હશે ને પચાવી પાડવા માટે આવી વાતો ફેલાવી હશે. માટે શંકા કર્યા વગર શાંતિથી ઘરમાં રહેવા જજો, કશું જ નહીં થાય. સંતો આવીને મહાપૂજા કરી જશે. અને છતાં જો બીક લાગતી જ હોય તો સારો ભાવ આવે ત્યારે વેચી દેજો અને બીજે રહેવા જતા રહેજો.'

•

૬-૧૦-૨૦૦૭, લંડન

પેરિસ બાળમંડળનો એક બાળક સ્વામીશ્રી પાસે આવીને કહે : 'હું તમને કેનેડા મળવા આવ્યો હતો એ તમને યાદ છે ?'

'હા.' સ્વામીશ્રીએ કહ્યું.

બાળક કહે : 'હું એક વાર ગાળ બોલ્યો છું, એની માફી માગું છું.'

સ્વામીશ્રી કહે : 'ફરી વાર હવેથી બોલતો નહીં.'

સ્વામીશ્રીનું સાંનિધ્ય એવું છે કે નાના-મોટા સૌને વગર કહ્યે સહજપણે અંતર્દૃષ્ટિ થાય છે.

•

આજે દરેક યુવકે તિલક-ચાંદલો કર્યો હતો. આનંદપ્રિય સ્વામીએ ચંદ્રેશ(બાકરોલ)ની સામે જોઈને સ્વામીશ્રીને પૂછ્યું : 'આનો તિલક-ચાંદલો શોભે છે ને ?'

'અતિ.'

'રોજ કરે તો તમને ગમે ?'

'અતિશય ગમે.' સ્વામીશ્રીએ ભારપૂર્વક કહ્યું.

સાથે ચંદુ પણ બેઠો હતો. એને જોતાં સ્વામીશ્રી કહે : 'લગન થયા ત્યારે ચાંદલો કરેલો ?'

ચંદુ કહે : 'આવડો મોટો.'

'તો આમાં કેમ શરમ આવે ?'

ચંદ્રેશ કહે : 'શરમ કંઈ આવતી નથી, પણ શરમ એ વાતની આવે છે કે તમે મને ચાર વખત તિલક-ચાંદલો કરવાનું કહ્યું, છતાં હજી ચાલુ કર્યો નથી, પણ આજથી ચોક્કસ કરીશ.'

આટલું કહેતાં વળી એણે ઉમેર્યું કે 'હું એકલો નહીં, પણ અહીં બેઠેલા બધા જ કરશે.' એમ કહીને બધાને બોલાવતાં કહે : 'બધા બોલો કે આજથી ચોક્કસ તિલક-ચાંદલો કરીશું.' સૌને એ બોલાવડાવ્યું.

સ્વામીશ્રીની રુચિ સૌએ અધ્ધર ઝીલી લીધી ને રાજીપો લઈ લીધો.

•

મુલાકાત દરમ્યાન એક નાનો બાળક સ્વામીશ્રી પાસે આવીને કહે : 'તમે ભગવાન જેવા સાધુ છો.'

સ્વામીશ્રી કહે : 'અહોહોહો ! તને કોણ કહી ગયું ?'

•

એક યુવક દર શનિવારે સત્સંગ સભામાં જતા હતા. તેઓનાં પત્નીને આ ગમતું ન હતું.

એક દિવસ એ યુવકે કહ્યું : 'હું હૉટલમાં કે ક્લબમાં તો નથી જતો ને ? સભામાં જઉં છું, જ્યાં સારા વિચારો અને સંસ્કાર મળે છે. એમાં તારી ને મારી લાઈફ સારી રહે એવું જ્ઞાન આપવામાં આવે છે. તારે પણ આવવું જોઈએ.'

એની આ દલીલ પછી એનાં પત્ની પણ આવતાં થયાં ને સત્સંગમાં ગમવા માડ્યું. અત્યારે બાલિકા મંડળના સંચાલિકા છે.

સ્વામીશ્રી કહે : 'બરાબર છે. આ જ રીતે પ્રેમથી સમજાવવું જોઈએ. ઉતાવળ કરી નાખવાથી કામ બગડે. એક વખત ના પાડે, પણ પછી આવે. ધીરજ રાખવી પડે.'

•

યુગાન્ડાથી હરીશભાઈ ભૂપતાણી આવ્યા હતા. શતાબ્દીનો લાભ લેવા માટે આવેલા તેઓએ સ્વામીશ્રીને વિનંતી કરતાં કહ્યું કે 'આશીર્વાદ એવા આપો કે લોભી ને લાલચુ થવાય.'

તેઓની આ વાત સાંભળતાં સ્વામીશ્રી બે મિનિટ મૌન થયા, એટલે ફોડ પાડતાં તેઓ કહે : 'આપનો લાભ લેવામાં લોભી અને લાલચુ થવાય એવા આશીર્વાદ માગું છું.'

આ સાંભળતાં સ્વામીશ્રી કહે : 'તો ઠીક, બાકી એકલી પેલી વાત કરો તો ના જ પાડીએ ને, કે આપણે તો એ બધું મૂકવાનું છે ! પણ તમે હોશિયાર એટલે આ રીતે વાત કરી. જેમ ચોર ચોરી કરે છે, એમ કથાવાર્તામાં આપણે જ્ઞાનની ચોરી કરવાની છે, અને લાભ લેવામાં લોભી ને લાલચુ થવાનું છે. કથાવાર્તામાં લાલચુ થઈએ તો જ્ઞાન મળે ને આગળ વધાય.'

•

૭-૧૦-૨૦૦૭, લંડન

અમેરિકાથી એક હરિભક્તનો ફોન હતો. તેઓના સુપુત્રને અચાનક માથાના દુખાવાની બીમારી શરૂ થઈ. ભણવામાં હોશિયાર આ વિદ્યાર્થી આ દુ:ખાવાને લીધે ભણવામાં પોતાનું મન એકાગ્ર કરી શકતો ન હતો. વળી જૂની સ્કૂલ છોડીને સારામાં સારી સ્કૂલમાં એને દાખલ કર્યો, પણ આ બીમારીને લીધે એ ભણવામાં પાછો પડવા લાગ્યો. એમાં અધૂરામાં પૂરું ક્લાસના વિદ્યાર્થીઓ એને મહેણાં મારવા લાગ્યા કે 'આ સ્કૂલને તું લાયક નથી.' આવા સંજોગોને કારણે એ હતાશ ને હતાશ થતો ગયો અને સ્કૂલે જવાનું જ બંધ કરી દીધું. ઘણા બધાએ સમજાવ્યું પણ એનામાં ફેર ન પડ્યો, ત્યારે સ્વામીશ્રીએ જાતે એને ફોનમાં વાત કરતાં કહ્યું : 'તું સારી સ્કૂલમાં ગયો છે તો અભ્યાસ સારો કરજે. તું ભણવામાં હોશિયાર છે એટલે બીજાને ઈર્ષ્યા આવે, એટલે તને મહેણાં મારી મારીને આવું કરી નાખે. પણ આપણે લોકોના શબ્દ સામે ધ્યાન ન આપવું. લોકો તો શબ્દો બોલશે, પણ ધ્યાનમાં ન લેવા. અભ્યાસ સારો કરજે, મહેનત કરજે,

તો સફળતા મળશે, હિંમત રાખજે.'

સ્વામીશ્રીના આશીર્વાદની એના ઉપર સવળી અસર પડી અને બીજે દિવસથી સ્કૂલમાં જવાનું ચાલુ કરવા માટે આશીર્વાદ માગ્યા. આજે એ આખા વર્ગમાં સૌથી હોશિયાર વિદ્યાર્થી છે.

•

૮-૧૦-૨૦૦૭, લંડન

વિદેશયાત્રામાં સ્વામીશ્રી સાથે ઘણા સંતો જોડાયા હતા. આ સંતો આજે ભારત જઈ રહ્યા હતા. આ સંતો વતી અમૃતવદન સ્વામી કહે : 'સ્વામી ! આપે કૃપા કરી ને સેવા માટે અહીં અમને પરદેશ મોકલ્યા, એટલે આપનો આભાર માનીએ છીએ.'

આ સાંભળતાં ભાવ સાથે લાગણીસભર અવાજે સ્વામીશ્રી કહે : 'તમે બધા અહીં આવ્યા, ખૂબ ભીડો વેઠ્યો, ખૂબ સત્સંગ કરાવ્યો, ખૂબ ફર્યા, ખૂબ સત્સંગ વધાર્યો, હરિભક્તોને રાજી કર્યા. તમે બધા આવ્યા તો બહુ સારું થયું. એટલે તમને હાર અર્પણ કરવો પડે ને !' એમ કહેતાં બેઠેલા લગભગ ૪૭થી વધારે સંતોને કહે : 'લ્યો, તમને હાર અર્પણ.'

•

૧૦-૧૦-૨૦૦૭, લંડન

મૂળ ગોંડલના અને અહીં શેક્સપિયરના નાટકો શિખવાડવા માટેના ઉત્તમ શિક્ષક અને અંગ્રેજીના મહા-વિદ્વાન એવા સિકંદર જોષીને સ્વામીશ્રી મળ્યા. મોટી મોટી કંપનીઓમાં મૅનેજમેન્ટ કન્સલટન્ટ તરીકે પણ તેઓ સેવા આપે છે. બૅરિસ્ટરોને પણ કોર્ટમાં કઈ રીતે રજૂઆત કરવી એ તેઓ શીખવે છે.

સિકંદર કહે : 'મારા મનમાં એક પ્રશ્ન છે. આપને તો ભગવાન સાથેનો નિત્ય સંબંધ છે. પૂજામાં જ્યારે આપ બેઠા હો, એ વખતે આપને વિચારો કેવા આવે છે ?'

સ્વામીશ્રી કહે : 'અમને ગુરુ સમર્થ મળ્યા છે, અને સર્વોપરિ જ્ઞાન એમણે આપ્યું છે. જે કંઈ કાર્ય થાય છે, એ ભગવાનનું આ કાર્ય છે. અને આ દુનિયામાં જે કોઈ છે એ બધાનું સારું થાય એ અમારી ભાવના છે. અને ભગવાન રાજી થાય અને કોઈ દુઃખી હોય તો એના માટે પ્રાર્થના પણ કરીએ છીએ. અમારા ગુરુ એવા હતા કે જેમના જીવનમાં વિશ્વના કલ્યાણની જ ભાવનાઓ હતી. કોઈના સારા માટે હંમેશાં તેઓ તત્પર રહેતા.'

•

મુલાકાતો દરમ્યાન બ્રેન્ટ નોર્થના સાંસદ અને 'લેબર ફ્રેન્ડ્સ ઑફ ઇન્ડિયા'ના સ્થાપક બેરી ગાર્ડિનરને મળ્યા. અહીં ઉજવાયેલા શતાબ્દીના ઉત્સવ પછી બ્રિટિશ પાર્લામેન્ટમાં તેઓએ 'અરલી ડે મોશન' (EDM) પસાર કર્યું હતું. જેમાં સંસ્થાનાં કાર્યોની પ્રશંસા કરીને સાંસદોની સહી મેળવવાની ઝુંબેશ સ્વયંભૂ રીતે તેઓએ કરી હતી. આ જ પ્રકારની મોશન ડાઉન બટલર નામની મહિલા સાંસદે પણ કરી હતી.

EDM 2038
BAPS CENTENARY AND THE VISIT OF HIS HOLINESS PRAMUKH SWAMI MAHARAJ TO THE UK - 08-10-2007

Gardiner, Barry - MP for Brent North

That this House congratulates the Bochasanwasi Shri Akshar Pururshottam Swaminarayan Sanstha (BAPS) on one hundred years of devoted service to poor communities and charitable causes around the globe; welcomes the visit of His Holiness Pramukh Swami Maharaj to London to join with devotees in marking this auspicious occasion; and looks forward to BAPS continuing to flourish so as to find in the joy of others, their own.

7 Signatures

Gardiner, Barry
Butler, Dawn
Caton, Martin
Cryer, Ann
Devine, Jim
McDonnell, Alasdair
Vis, Rudi.

EDM 2049
BAPS CENTENARY
08-10-2007

Butler, Dawn - MP for Brent South

That this House congratulates BAPS Shri Swaminarayan Mandir in Brent South, the largest such temple outside India, on the anniversary of their centenary; further congratulates them on the amazing event held in a packed Wembley Arena in the presence of His Holiness Pramukh Swami Maharaj and broadcast around the world; welcomes their commitment to charity work and their recent successful fundraising for breast cancer awareness charities, £ 12,000 thus far; notes that BAPS believes that a social commitment is central to their spiritual activities; and congratulates BAPS on a centenary of commitment to social justice and co-operation, a year after the labour Party celebrated a centenary of working to deliver these values in Government.

11 Signatures

Butler, Dawn
Gardiner, Barry
Slaughter, Andy
Thornberry, Emily
Vaz, Keith
Pound, Stephen
Jones, Lynne
Caton, Martin
Cryer, Ann
Francis, Hywel
Devine, Jim

આ ઝુંબેશને લીધે મંદિર માટે ખૂબ જ સારો પ્રભાવ સંસદમાં પણ પડ્યો છે.

બેરી ગાર્ડિનરને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. તેઓને પૂછવામાં આવ્યું કે 'તમને 'અર્લી ડે મોશન' પસાર કરવા માટેની પ્રેરણા કઈ રીતે મળી ?'

ત્યારે તેઓ કહે : 'આ સંસ્થાએ વિશ્વના કલ્યાણ માટે જે કાર્ય કર્યું છે એની જાણ બધાને થવી જોઈએ – એવી મારી ભાવના હતી.'

સ્વામીશ્રીએ રાજી થઈને તેઓને આશીર્વાદ આપ્યા.

•

જામનગરનો અમિત ત્રિવેદી અહીં વિશેષ અભ્યાસ માટે આવ્યો છે. સ્વામીશ્રીના આશીર્વાદ તો ઘણી વખત લીધા છે, પણ મનમાં કેટલાંય વરસોથી એવો સંકલ્પ હતો કે 'બાપા મારી સાથે હાથ મિલાવે.'

સ્વામીશ્રીને એણે આ વાત કરી અને સ્વામીશ્રીએ તરત જ હાથ મિલાવીને એનો સંકલ્પ તો પૂરો કર્યો, પરંતુ ત્યાર પછી સાચી રીત શિખવતાં કહે : 'હાથ મિલાવવા કરતાં બે હાથ જોડીને નમસ્કાર કરવા તે વધારે સારું છે.'

•

પ્રસિદ્ધ મુસ્લિમ ગુણભાવી અને ઉદ્યોગપતિ જી. કે. નૂન સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેઓ કહે : 'શતાબ્દીના ઉત્સવમાં આપે જે પ્રવચન કર્યું એ બહુ પસંદ પડ્યું. આપે કહ્યું કે 'ધર્મ તો એક છે, વિચારધારા અલગ અલગ છે.'

સ્વામીશ્રી કહે : 'ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે કે જેને માનો એમાં દૃઢ રહો, પણ બીજા કોઈનો અનાદર ન કરો, ખંડન ન કરો; જે સારું છે એ આપણે લેવાનું છે. કોઈ માણસ બધી રીતે નકામો હોય, પણ તેમાંય એકાદ ગુણ તો હોય જ. એ ગુણ આપણે લઈ લઈએ તો શાંતિ રહે. એમ બીજા ધર્મમાં પણ જે સારું છે એ લઈએ, તો અંદરોઅંદરના ઝઘડા મટી જાય.'

જી. કે. નૂન કહે : 'આપ આ ઉંમરે દેશ-વિદેશમાં ફરીને અમારા જેવાની જે ખિદમત કરો છો, એ બહુ જ મોટી વાત છે.'

•

૧૧-૧૦-૨૦૦૭, લંડન

એક બાળકને સ્વામીશ્રી મળ્યા. આ બાળકે બાળ-સહજવૃત્તિથી મંદિરના પાર્કિંગમાં એક મર્સીડીસ ગાડીને લોખંડના સળિયા વડે લિસોટા પાડી દીધા હતા ને કાચને તોડી નાખ્યો હતો.

બાળક સ્વામીશ્રી આગળ આવ્યો ત્યારે એ કહે : 'મારાથી ભૂલ થઈ ગઈ છે.'

સ્વામીશ્રી કહે : 'તને કોઈએ શિખવાડેલું ?'

'ના.'

'તો પછી આવો વિચાર કેમ આવ્યો ?'

એણે કહ્યું : 'મારા પપ્પાની ગાડી કરતાં આ ગાડી સારી લાગી એટલે મનમાં ઈર્ષ્યા જાગી ને ક્રોધ ઊપજ્યો.'

નાના બાળકનો આવો ઈર્ષ્યાભાવ જોઈ સ્વામીશ્રી આશ્ચર્યચકિત થઈ ગયા. છતાં મોટા દિલથી એની ભૂલને માફ કરતાં સ્વામીશ્રી કહે : 'આ રીતે કોઈનીય ઈર્ષ્યા ન કરવી. આવું કરવાથી તારી ગાડી સારી થઈ જવાની નથી. નાનપણથી આવી ટેવ પડી જાય તો આગળ જતાં ઘણું નુકસાન થાય. માટે ફરીથી હવે આ કરીશ નહીં. ભગવાને ભૂલ માફ કરી છે. કોઈને નુકસાન કરવું નહીં. એવું કરવાને બદલે સારી રીતે ભણીશ તો સારી નોકરી મળશે ને આવી ગાડી પણ મળશે.'

•

જમતાં પહેલાં સ્વામીશ્રી વડીલ ભક્તરાજ ચત્રભુજભાઈ દાલિયાને મળ્યા. ગયા વખતે આવ્યા એના કરતાં આ વખતે એકદમ ફ્રેશ લાગતા હતા. મોઢા ઉપર તેજ હતું. જાણે કે છેલ્લી વાર મળવા માટે આવ્યા હોય એવી તાજગી હતી.

સ્વામીશ્રી તેઓની નજીક ગયા. તેઓ વ્હીલચૅરમાં હતા. પહેલાં જેવું બળ કરવાનો પ્રયત્ન તેઓ કરતા હતા. સ્વામીશ્રી પણ રાજી થયા. માથે હાથ મૂક્યો. મેં કહ્યું : 'છડી બોલો.' ને એવા જોરથી છડી બોલવાનો પ્રયત્ન કર્યો. છડી પુકારીને પછી કહે : 'બાપા ! ન્યાલ થઈ ગયા, આપ મળ્યા !!'

સહેજ નમીને માથે હાથ મૂકીને સ્વામીશ્રી કહે : 'તમે તો ન્યાલ થઈ જ ગયા છો. જોગીબાપાએ હાથ પકડ્યો છે એટલે અક્ષરધામમાં જ બેઠા છો. જોગી-બાપાની દયા છે એટલે ન્યાલ જ છો.'

આ તેઓની છેલ્લી મુલાકાત હતી.

•

કૃષ્ણમૂર્તિ પટ્ટણીનો નાનો ચિરંજીવી સ્વામીશ્રી પાસે આવ્યો અને સ્વામીશ્રીને કહે : 'આપ નાના હતા અને ભણતા હતા ત્યારે આપ ક્રિકેટનો સામાન લેવા જતા હતા, ને એ જ વખતે શાસ્ત્રીજી મહારાજનો સાધુ થવા આવવાનો પત્ર આવ્યો તો તે વખતે આપને શું વિચાર આવ્યો ?'

સ્વામીશ્રી કહે : 'પત્ર કોનો આવ્યો ? શાસ્ત્રીજી મહારાજનો !! તો એ આજ્ઞા તો પહેલી પાળવાની હોય જ ને ! બીજું બધું મૂકી દેવાનું.'

•

૧૨-૧૦-૨૦૦૭, લંડન

સ્વામીશ્રીના સાંનિધ્યમાં પોતાના અનુભવની વાત કરતાં ધવલ મિસ્ત્રીએ કહ્યું : ''સપ્ટેમ્બર ૨૦૦૪ના દિવસે આપને એક પત્ર લખ્યો, જેમાં મારી અંગત બાબતો લખી હતી; પરંતુ એમાં નામ અને સરનામું લખવાનું ભૂલી ગયો. મને પાછળથી આ વાતનો ખ્યાલ આવ્યો ને મનમાં મુઝાયો કે 'પત્ર વાંચ્યા પછી મોકલશે કોને ?' પણ આપની કૃપાથી આગલી રાત્રે સંતોએ મુલાકાત કરી આપી. આપે મને પાસે બોલાવ્યો. ખભે હાથ મૂક્યો અને મારી વાત સાંભળીને કહ્યું કે 'અમે હૃદયથી પ્રાર્થના કરીએ છીએ. ભગવાનને હૃદયથી પ્રાર્થના કરીએ એ હંમેશાં સાંભળે જ છે.' આપે મારી વાત ધીરજથી સાંભળી અને મા-બાપ પણ ન આપી શકે એવો પ્રેમ આપ્યો ને માર્ગદર્શન આપ્યું, ને મારું જીવન બદલાઈ ગયું. જીવનમાં બળ મળી ગયું કે જીવન જીવવું છે તો કેવળ આપના માટે જ. કારણ કે બધી જ ભૂલો માફ કરે એવું હૃદય આપનું છે.''

આજે આ ધવલ દુનિયાની પ્રસિદ્ધ કૉલેજ 'લંડન સ્કૂલ ઑફ ઇકોનોમીક્સ'માં ડિસ્ટીંક્શન સાથે ઉત્તીર્ણ થયો છે.

•

દીપેન પટેલે પોતાની વાત કરતાં કહ્યું કે 'હું રોજની જેમ ટ્રેનના પ્રથમ ડબ્બામાં બેસવાનો પ્રયત્ન કરી રહ્યો હતો, પરંતુ એ દિવસે ભીડ એટલી બધી હતી કે હું ઘૂસી ના શક્યો. પરિણામે, મારે બીજા ડબ્બામાં બેસવું પડ્યું. કૉલેજમાં જવાની ઉતાવળ હતી અને હું બેઠો તો ખરો, ત્યાં જ બૉમ્બ ફૂટ્યા. ટ્રેન હજી ઊપડી ત્યાં જ ધડાકો થયો. ડબ્બામાં ધુમાડો ધુમાડો થઈ ગયો. ટ્રેનની બધી બાજુ તૂટેલી હતી. બધી જ બાજુ ધુમાડો હતો, એટલે મારા શ્વાસમાં પણ ધુમાડો જવા લાગ્યો. મને આ પ્રકારનો કોઈ અનુભવ ન હતો. હું ગભરાઈ ગયો, પણ પૉકેટ કેલેન્ડર કાઢીને મહારાજને પ્રાર્થના કરવા લાગ્યો. વીસ મિનિટ પસાર થઈ. કેટલાય માણસો એવા હતા કે જે લોહીથી ઘાયલ થઈને આમથી તેમ પડ્યા હતા. ગભરાઈ જવાથી હું તો રડવા લાગ્યો.

મારા ફેફસામાં પણ ધુમાડા ભરાઈ ગયા હતા, પરંતુ હું બચી ગયો. જો રોજની જેમ પ્રથમ ડબ્બામાં ચડ્યો હોત તો તો મરી જ જાત, કારણ કે એ જ ડબ્બામાં બૉમ્બ વિસ્ફોટ થયો હતો.'

•

રાકેશ ગુંચાલાએ પોતાની વાત કરતાં કહ્યું : 'દોઢ વર્ષ પહેલાં મારા મોઢામાં ગાંઠ થઈ. નિદાન થયું કે 'આ કેન્સરની ગાંઠ છે.' ૨૦૦૬માં ઑપરેશન ઉપર ઑપરેશન થવા લાગ્યાં. લગભગ હૉસ્પિટલ જ મારું બીજું ઘર બની ગયું. હું સરખી રીતે ખાઈ પણ શકતો ન હતો. ઘણી વાર એટલો અસહ્ય દુખાવો થતો કે રહેવાતું નહીં. આ પરિસ્થિતિમાં મને એક જ વિચારે બળ આપ્યું અને એ આપની મૂર્તિ ! આપની મૂર્તિનાં સ્મૃતિ-દર્શન કરીને હું બળમાં આવી જતો. મને કેન્સરની સામે લડવાની શક્તિ મળતી. જે થાય છે એ આપની મરજીથી થાય છે – એવું મને દૃઢ થયું. જો કે મારે મારા શરીરની વાત નથી કરવી. ૨૦૦૦ની સાલમાં ગુરુભક્તિ દિને આપે સૌ કિશોરોને કહ્યું હતું કે 'આ સમૈયાની સ્મૃતિ કરશે એને અક્ષરધામ મળશે.' આવા અદ્‌ભુત આશીર્વાદ આગળ મારા શરીરના દુઃખનો કોઈ હિસાબ નથી. આપ જ મારા મોક્ષના દાતા છો. આપની ઇચ્છાથી જ હું જીવું છું.'

ખરેખર ! રાકેશ જે રીતે આખો દિવસ સેવામાં પ્રવૃત્ત રહે છે, એ જોતાં કોઈને પણ લાગે નહીં કે આ કિશોરને કેન્સર થયું હશે.

•

સભા પછી ૮:૪૦ વાગે ઠાકોરજી જમાડવા વિરાજ્યા. કલ્પેશ વાળંદ સ્વામીશ્રીના ભોજનના આસન આગળ ફૂટરેસ્ટ ગોઠવવા આવ્યો.

પ્રમાણમાં ઠીંગણા આ કિશોરને જોતાંવેંત સ્વામીશ્રી કહે : 'તને જોઈને જ બધાને મજા આવે છે. બધાને તારા જેવા થવું છે !'

'હા, સત્સંગમાં તો નાના જ થવું.' કલ્પેશે પ્રૌઢ ઉત્તર આપ્યો, એટલે રાજી થઈને હાથનું લટકું કરીને સમર્થન સૂચવતાં સ્વામીશ્રી કહે : 'તેં સારામાં સારી વાત કરી. સત્સંગમાં નાના થઈએ તો જ મજા આવે.'

•

મુલાકાતો દરમ્યાન સ્વામીશ્રીનાં દર્શને ૪૦ જેટલા નામધારી શીખ સંપ્રદાયના ભક્તોનો સમૂહ દર્શને આવ્યો. લેસ્ટર, બર્મિંગહામ વગેરેથી દૂર દૂરથી તેઓ ખાસ આશીર્વાદ લેવા માટે આવ્યા હતા.

એક શીખ યુવાનના માથે પાઘડી ન જોતાં સ્વામીશ્રીએ તરત જ પૂછ્યું કે 'તમારે દાઢી અને પાઘડી કેમ નથી ?'

'કાઢી નાખી છે.'

સ્વામીશ્રી કહે : 'રાખજો. ધર્મનો નિયમ પહેલો રાખવો.'

સ્વામીશ્રીએ એક ઇતર ધર્મના મુમુક્ષુને તેના ધર્મની દૃઢતા માટે પ્રેરણા આપી તે સૌને સ્પર્શી ગયું.

•

૧૪-૧૦-૨૦૦૭, લંડન

આસન કરીને સ્વામીશ્રી પલંગ ઉપર વિરાજ્યા. સામે નવદીક્ષિત પાંચ પાર્ષદો દર્શન માટે બેઠા હતા. એમાં મહાભારતની વાત નીકળતાં સ્વામીશ્રી પાર્થ ભગતને કહે : 'પાંચે ભાઈઓનાં નામ ખબર છે ?' તેઓ નામ બોલી ગયા.

આ સંદર્ભમાં હરિન ભગત કહે : 'પાંડવ સરખા અમે પાંચ ને આપ યજ્ઞપુરુષદાસ.'

આ સાંભળતાં ખડખડાટ હસી પડતાં સ્વામીશ્રી કહે : 'હરિભાઈ તત્ત્વજ્ઞાની છે.'

હરિન ભગત કહે : 'આ વખતે સાતમી મેએ આપના વિદેશયાત્રાનો પ્રવાસ શરૂ થયો ત્યારે એટલો ઉત્સાહ હતો કે 'આફ્રિકા જઈશું, અમેરિકા જઈશું, લંડન જઈશું.' ને જાણે કે હજી હમણાં જ નીકળ્યા હોય એવું લાગ્યું અને યાત્રા પૂરી થઈ ગઈ એ પણ ખબર ન પડી. આ જ રીતે સાધુમાં જિંદગી જતી રહે એવું કરજો.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનના ભક્તને કથાવાર્તા, ભજન-કીર્તન, સેવા કરતાં કરતાં દિવસો ક્યાં જાય એ જ ખબર ન પડે. જેમ ગૃહસ્થને ધંધામાં આસક્તિ છે, તો એને ખબર નથી પડતી, એમ ભજન-કીર્તનમાં મન જોડી દઈએ તો ખબર જ ન પડે કે દિવસો ક્યાં જાય છે ? મન બરાબર રહે તો કાંઈ ખબર ન પડે.'

અંબરીષ ભગત કહે : 'અંતરશત્રુ નડે છે.'

સ્વામીશ્રી કહે : 'એ તો આવશે જ, પણ મહારાજ બેઠા છે ને ! ભક્તિ કરતાં કરતાં વિઘ્ન તો આવે, સિદ્ધિઓ પણ આવે, આઇસક્રીમ આવે, પીઝા આવે,

પણ આપણે સમજીને આપણી રીતે સંયમ રાખવાનો, નહીં તો મન એવું છે કે લલચાયા કરે.'

સ્વામીશ્રી સહજ સહજમાં અધ્યાત્મ-માર્ગે ડગલાં ભરતા મુમુક્ષુઓને નિમિત્ત ઊભું કરીને જ્ઞાન અને સમજણ દઢાવતા રહે છે.

•

૧૫-૧૦-૨૦૦૭, લંડન

આ વખતની વિદેશયાત્રાનો આજે છેલ્લો દિવસ હતો. ડૉ. કિરણભાઈ દોશીએ સ્વામીશ્રીનું બી.પી. માપ્યું. આ રોજનો ક્રમ છે. આજે કિરણભાઈને સંબોધીને સ્વામીશ્રી કહે : 'ડૉક્ટરને હાશ થઈ. આખી યાત્રામાં સાજાસમા લાવ્યા.'

ડૉ. કિરણભાઈ કહે : ''એ તો આપની જ સ્વયં ઇચ્છા હતી. આપ આફ્રિકા આપની જ ઇચ્છાથી આવ્યા. એટલે આપે જ બરાબર તબિયત રાખી. સારંગપુરથી જ્યારે આફ્રિકા જવા અંગે આપે ફોન કર્યો ત્યારે અમારી ઇચ્છા તો હતી નહીં, પણ આપે તરત જ કહ્યું : 'મહારાજ, સ્વામીની ઇચ્છા છે એટલે વાંધો નહીં આવે.' ને આફ્રિકામાં પણ બધી જગ્યાએ વ્યવસ્થા સારી કરી.''

યોગીચરણ સ્વામી કહે : 'સ્વામીબાપાએ જ સ્વયં શરીર સાચવ્યું.'

ડૉ. કિરણભાઈ કહે : 'મોમ્બાસામાં હતા ત્યારે ઉપરનું બી.પી. ૬૦ હતું ને એક બાજુ ફોનમાં શાંતિથી તેઓ વાત કરતા હતા ! ને વળી બીજે દિવસે તો બોટમાં હતા. આ એમની જ લીલા કહેવાય ને ? મારે સ્વામીશ્રીને તપાસવા આવવાનું હોય ત્યારે માનસિક રીતે તૈયાર થઈને આવવું પડે કે 'હું મારા દર્દીને ટ્રીટ કરવા જઉં છું,' કારણ કે આવું બધું જોયું હોય એટલે દિવ્યભાવમાં જતા રહીએ તો ટ્રીટમેન્ટની ફરજ ચૂકી જવાય. બાકી, એમની ઇચ્છાથી જ સારી રીતે બધું ચાલે છે.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનની ઇચ્છા અને શાસ્ત્રીજી મહારાજ અને જોગીબાપાની દયા ને આશીર્વાદને લીધે ચાલે છે, અને સંતો અને હરિભક્તોનો પ્રેમ છે એટલે ચાલે છે.'

યોગીચરણ સ્વામી કહે : 'ક્યારેક ક્યારેક એમની દયા ઓછી હોય એવું લાગે, કારણ કે ક્યારેક વળી પાછા માંદા પડી જાવ છો.'

સ્વામીશ્રી કહે : 'એ તો સુખ અને દુઃખ ભેગું જ આવે. ક્યારેક પેલું ને ક્યારેક પેલું. એ તો સંતાકુકડી રમ્યા જ કરે, આપણે મહારાજની ઇચ્છાથી જ જીવવાનું.'

ડૉ. કિરણભાઈ કહે : 'આફ્રિકા જવાનું ગોઠવાયું ત્યારે મેં ખાલી એમ કહ્યું કે 'યોગીબાપાએ જેમ ચિઠ્ઠી નાખી એમ આપણે પણ ચિઠ્ઠી નાખીએ.' તો એ વખતે બાપાએ કહ્યું કે 'યોગીબાપાની રીત જુદી, આપણે તો મહારાજની ઇચ્છા છે એટલે જવું છે.'

આ બધી વાતોને કાપી નાખતાં વાતની સમાપ્તિ કરતાં સ્વામીશ્રી કહે : 'મારા ભાઈ ! યાત્રા સારી થઈ ગઈ. સમાસ સારો થયો.'

•

સ્વામીશ્રી બેન્ટલી કારમાં વિરાજમાન હતા. ગાડીમાં *'માણકીએ ચડ્યા રે મોહન વનમાળી'* એ કીર્તન વાગી રહ્યું હતું. યુવકોની ખાસ સૂચના પ્રમાણે આ કીર્તન વગાડવામાં આવી રહ્યું હતું. માણકીના કીર્તન સાથે આજનો વિદાયનો સંદર્ભ જોડીને આ વાત જ્યારે જીતુભાઈએ કરી ત્યારે સ્વામીશ્રી કહે : 'નાના-મોટા દરેકનો ભાવ એવો છે કે માણકી જાય જ નહીં. અત્યારે સભાનું આયોજન હતું નહીં, તોય સભા ચિક્કાર થઈ ગઈ હતી.'

જીતુભાઈ કહે : 'આપ અહીં આવ્યા અને ત્રણ અઠવાડિયાં ક્યાં પસાર થઈ ગયાં એ જ ખબર ના પડી.'

સ્વામીશ્રી કહે : 'અમારેય એવું થઈ ગયું. કથા-વાર્તા, ભજનમાં દિવસો ક્યાં જતા રહ્યા એ જ ખબર ના રહી.'

•

વાતમાંથી વાત નીકળતાં મૅનેજમેન્ટ અને સંચાલનની વાતનો સાર કહેતાં સ્વામીશ્રી કહે : 'આપણે ત્યાં શ્રીજીમહારાજની એવી દયા છે કે કોઈપણ વાતમાં ક્યારેય કોઈનો વિરોધ નહીં. બધા સંપ રાખીને એક રુચિમાં ભળી જાય. બધાને શ્રીજીમહારાજને રાજી કરવાનું તાન ! ભજન-ભક્તિ અને પ્રેમથી બધું કરે.'

જીતુભાઈ કહે : 'આપે ગુરુભક્તિ કરીને એવા પાઠ શીખવ્યા છે કે ગુરુની આજ્ઞામાં ભળી જવું.'

સ્વામીશ્રી કહે : 'વાત સાચી છે. જે કંઈ સેવા કરવાની હોય એ 'હું'ભાવ ટાળીને જ કરવાની છે. શ્રીજીમહારાજની કૃપાથી જ બધું થાય છે. આ મંદિર થયું

એ પણ મહારાજની દયા ને ! બાકી ખાણમાંથી પથ્થર કાઢવા, ઘડવા ને એ બધુંય પાછું અહીંના કાયદા-કાનૂન પ્રમાણે રહીને કરવાનું, એ કેવી રીતે શક્ય બને !'

•

એરપોર્ટ પર જતી વખતે ગાડીમાં વિરાજમાન સ્વામીશ્રીને જીતુભાઈ કહે : 'બાપા ! આપને તો કોઈ ભીડો પડ્યો નથી ને !'

'ના, ના, ભીડો શેનો ? બધાએ બહુ સાચવ્યું.'

નારાયણચરણ સ્વામી કહે : 'સ્વામીશ્રીને ક્યારેય કોઈ ભીડો લાગતો જ નથી, બાકી એમની ઉંમર પ્રમાણે જોઈએ તો સખત ભીડો વેઠે છે.'

સ્વામીશ્રી કહે : 'આપણને કદાચ થોડો ભીડો પડે, પણ હરિભક્તોને શાંતિ થઈ જાય ને ! નાના-મોટા બધાને એટલે મળી લીધું. બધાનો એટલો ઉત્સાહ દેખાય છે. અને આફ્રિકા, અમેરિકા, અહીં લંડનમાં અને બધે શતાબ્દી ઉત્સવ પણ સારામાં સારા થઈ ગયા. જય જયકાર થઈ ગયો. કોઈ વિઘ્ન કે અડચણ આવ્યાં નહીં. મહારાજ ભળ્યા. એમ દેશમાં પણ શતાબ્દીનો સમૈયો સર્વોપરિ થઈ જશે.'

•

૧૬-૧૦-૨૦૦૭, મુંબઈ

સ્વામીશ્રી મુંબઈના ઍરપોર્ટ ઉપર ઊતર્યા. અહીં અધિકારીઓએ સ્વામીશ્રીના આશીર્વાદ લીધા. ઍરપોર્ટ મૅનેજર શ્રી રવિ બેદાડેએ સ્વામીશ્રીને કહ્યું કે 'આપના ચોથી વાર દર્શન કરવાનો સુયોગ મને પ્રાપ્ત થઈ રહ્યો છે. આ પહેલાં ત્રણ વખત જ્યારે જ્યારે આપનાં દર્શન થયાં ત્યાર પછી મારા જીવનમાં મહત્ત્વપૂર્ણ પરિવર્તનો આવ્યાં છે ને મારી ખૂબ પ્રગતિ થઈ છે. આપનાં દર્શન એ મારા માટે ખૂબ જ ભાગ્યની વાત છે.'

•

રાત્રે જમ્યા પછી કેટલાક સંતો સ્વામીશ્રી આગળ આવીને વીંટળાઈ ગયા. જેમાં મહારાષ્ટ્ર અને ખાનદેશનાં ગામોના વિચરણની વાતો થઈ. દિવ્યનયન સ્વામી કહે : 'જામગે ગામમાં આપે અડધી રાત્રે પધરામણી કરી હતી. એના પરિણામે આજે ત્યાં મંદિર થયું છે. આપે દાખડો કર્યો એવો તો અમારાથી થતો નથી.'

સ્વામીશ્રી કહે : 'તમે બધા સંતો દાખડો કરો જ છો ને !'

આનંદજીવન સ્વામી કહે : 'આપના સંકલ્પે જ બધાં કામ થાય છે.'

સ્વામીશ્રી કહે : 'જોગીબાપાનો સંકલ્પ છે અને એમના સંકલ્પને લીધે દેશ અને પરદેશમાં બધે સત્સંગનું કાર્ય ખરેખરું ઉપડ્યું છે.'

દિવ્યનયન સ્વામી કહે : 'આપના સંકલ્પથી સાત ખાનદેશી સાધુ થયા છે.'

સ્વામીશ્રી કહે : 'એ સારું થયું. જે દેશના હોય એની ભાષામાં જો નિરૂપણ થાય તો સમાસ સારો થાય અને સૌને આત્મીયતા થાય. એટલે જે તે દેશમાં રહેતા હોય એ ભાષા શીખવી જ જોઈએ.'

દિવ્યનયન સ્વામી કહે : '૯૮ની સાલમાં આપને હૃદયની તકલીફ હતી, છતાં ધૂળિયા પ્રતિષ્ઠા કરવા આપ બે દિવસ માટે પણ પધાર્યા હતા. આપનો ખરેખરો દાખડો છે તો સત્સંગ વધે છે.'

સ્વામીશ્રી કહે : 'દાખડો વેઠનારા વેઠી ગયા. બાકી એમની કૃપાથી લીલાલહેર છે. પેલા એમને (શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજને) તો ખાવાનાં કે કોઈ એક ઠેકાણાં હતાં નહીં, ચાલીને જવાનું, વાહનનું ઠેકાણું નહીં. એટલે એમના માટે જેટલું કરીએ એટલો લાભ. અગવડમાં જેટલું કામ થાય છે એટલું સગવડમાં થતું નથી. આપણે કાયમ એમની સામે દૃષ્ટિ રાખીને એમના સંકલ્પને પૂરો કરવા માટે પ્રયત્ન કરવો.'

જ્ઞાનવત્સલ સ્વામી કહે : '૮૭ વરસે આટલો દાખડો કોઈથી ન થાય.'

'૮૭ વરસની ક્યાં વાત છે ? એ તો બધું યોગી-બાપાની દયાથી જ થાય છે. એમની દયાથી સંતો વધ્યા છે ને કામ થાય છે.'

આનંદજીવન સ્વામી કહે : 'છેલ્લા શ્વાસ સુધી અમારાથી આ રીતે સેવા થતી રહે એવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનને રાજી કરવા જ આવ્યા છીએ, એટલે એ સેવા કરવાની જ છે. હરિભક્તો ઉત્સાહ અને સમર્પણભાવવાળા છે. એમને પણ રાજી કરવાના છે.'

•

૧૭-૧૦-૨૦૦૭, મુંબઈ

સ્વામીશ્રીને લંડનથી ચાર્ટર્ડ પ્લેનમાં મૂકવા માટે

આવેલા હરિભક્તો પૈકીના અશોકભાઈ (હેન્ડન) તથા યોગેશભાઈ પટેલ (યુરોપા) આજે એ જ વિમાનમાં પાછા લંડન જઈ રહ્યા હતા. સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપ્યા.

લંડનથી જ્યારે આવ્યા ત્યારે ઍરપોર્ટ ઉપર સ્વામીશ્રીએ વ્યવસ્થાપકોને બેથી ત્રણ વખત ફેરવી ફેરવીને પૂછ્યું હતું કે 'સાથેના સંતો-હરિભક્તોની અહીં મંદિરે આવવા માટેની ગાડીની વ્યવસ્થા થઈ ગઈ છે ને ?' સૌએ હા પાડી હતી, પરંતુ છેલ્લે આ હરિભક્તોને ટેક્સીમાં આવવું પડ્યું હતું. સ્વામીશ્રીએ આ સમાચાર જાણ્યા ત્યારે આકળા થઈ ગયા હતા.

અત્યારે જ્યારે આ હરિભક્તો વિદાય લેવા આવ્યા ત્યારે અપરાધ થયો હોય એવા દીનભાવે કહે : 'અમે તમારું સાચવી ન શક્યા માટે માફ કરજો.'

'હોય કંઈ ?' સ્વામીશ્રીની આવી વિનમ્રતા જોતાં હરિભક્તો પણ ગળગળા થઈ ગયા.

નિર્ભય સ્વામી કહે : 'આ બધા તો આપના જ જંબુરિયા છે.'

યોગેશભાઈ કહે : 'અમે આપના નથી ?'

'તમે તો છો જ, પણ અમારી પણ ફરજ ખરી ને ! તમે ઠેઠ અમને ચાર્ટર્ડ પ્લેનમાં મુંબઈ સુધી લઈ આવ્યા અને અમે તમારું ગાડીનું પણ સાચવી ન શક્યા એટલે અમને પણ થોડું તો થાય ને !'

યોગેશભાઈ કહે : 'એવું આપે વિચારવાનું ન હોય, ઊલટું આવું આપ બોલો છો એમાં અમને દુઃખ થાય છે.'

સ્વામીશ્રી પણ કહે : 'અમને પણ દુઃખ થાય ને !'

યોગેશભાઈ કહે : 'બાપા ! આપની દયાથી એટલી સમજણ છે.'

સ્વામીશ્રી કહે : 'મોટો સમુદાય છે ને એમાં ઘણી વખત આવું થઈ જાય. સમજણ છે કે 'આવું થવાનું,' એટલે વાંધો નહીં, પણ તોય અમારા તરફથી અમે તમારી માફી માગીએ છીએ.'

સ્વામીશ્રીની વિનમ્રતાથી બંને હરિભક્તો ગદ્‌ગદ થઈ ઊઠ્યા.

•

મહારાષ્ટ્ર વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ અને જાણીતા લોકનેતા અરુણભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેઓ કહે : 'હું તો બીજું વિશેષ કાંઈ સમજતો નથી, પણ એટલું સમજું છું કે આધ્યાત્મિકતા એટલે શું ? તો જે 'મારું' એમ કહે એને ભગવાન મારે, અને જે 'તારું' કહે એને ભગવાન તારે.'

તેઓનાં આવાં સૂત્રાત્મક વાક્ય સાંભળીને સ્વામીશ્રી રાજીપા સાથે કહે : 'અહં અને મમત્વ એ માયા જ છે. 'મારું' કે 'હું' હંમેશાં નુકસાનકારક છે. બધું ભગવાનનું જ છે. આપણું કશું જ નથી. બધું ભગવાનનું માનીએ એમાં કોઈ વાંધો ન આવે.'

•

૧૮-૧૦-૨૦૦૭, મુંબઈ

સાંકરીથી આજે સંતો દર્શને આવ્યા હતા. જેમાં શ્રુતિવલ્લભ સ્વામીએ ૨૦૦ કલાકના અને યોગીતીર્થ સ્વામીએ ૧૦૦ કલાકના પ્રવાહી ઉપવાસ કર્યા હતા. સંતોની આવી ભાવનાથી સ્વામીશ્રી ખૂબ પ્રસન્ન થયા.

આસન કરીને સ્વામીશ્રી બેઠા હતા ત્યારે સામેથી જ અત્યંત ભાવવાહી સૂરે દૂર બેઠેલા આ સંતોને નજીક બોલાવતાં કહે : 'આવો, બધા તપસ્વી છો. પગે લાગીએ.'

સંતો એમ સમજ્યા કે 'પગે લાગવાનું સામેથી કહે છે,' એટલે ઉત્સાહથી નજીક આવી પહોંચ્યા. સ્વામીશ્રી થોડાક નીચા નમ્યા ત્યારે ખબર પડી કે એમને પોતાને જ ઇચ્છા હતી કે સંતોનો ચરણસ્પર્શ કરવો ! પગે લાગવાની ભાવના સાથે સ્વામીશ્રી બેઠાં બેઠાં નીચા નમ્યા હતા. સંતોએ એમ ન કરવા દીધું એ તો સ્વાભાવિક છે. સંતો સ્વામીશ્રીને પગે લાગ્યા એટલે માથે પ્રેમાળ સ્પર્શ કરીને સ્વામીશ્રી કહે : 'બધા દૂર દૂરથી આવ્યા છો, તપસ્વી છો, યોગીબાપા રાજી થશે.'

•

૧૯-૧૦-૨૦૦૭, મુંબઈ

પત્રવાંચન કર્યા પછી એક હરિભક્તને મળ્યા.

આ હરિભક્તનો આર્થિક વ્યવહાર સારો ચાલે તે માટે સ્વામીશ્રીએ તેમને સઘળી વ્યવસ્થા કરીને માર્ગદર્શન આપ્યું હતું. પરંતુ આ હરિભક્તના સુપુત્રને જવાબદારીનું ભાન ન હોવાથી ઉડાઉની જેમ પૈસા ખર્ચીને દેવું કરી નાખે છે. આવું બે-ચાર વખત થયા પછી હવે તો એવી પરિસ્થિતિ આવી ગઈ કે કોઈપણ જવાબદારને પૂછ્યા વગર એણે બધી જમીનો વેચી દીધી. પરિણામે, ઉધાર લીધેલા પૈસાને કારણે માથાભારે

માણસો હવે એની પાછળ પડીને મારી નાખવાની ધમકી આપે છે.

આ સંદર્ભમાં તેઓ દોડતાં દોડતાં સ્વામીશ્રી પાસે આવ્યા. તેઓના પિતાશ્રી રડતાં સ્વરે કહે : 'બાપા ! હવે બધું આપના હાથમાં છે.'

સ્વામીશ્રી કહે : 'પણ આ તારો દીકરો હાથમાં રહ્યો છે જ ક્યાં ?'

'અમારો જીવ જોખમમાં છે.'

'પણ જોખમમાં લાવનાર આ તારો દીકરો જ છે. અમે પહેલેથી જ કહેલું કે ગમે એમ ખર્ચો કરીશ નહીં. એવું સરસ આયોજન કરી આપેલું કે એના વ્યવહારમાં શાંતિથી જીવી શકે ને કોઈ ચિંતા નહીં, અને જમીનો એના હાથમાં જ રહે; પણ તમને કે મને પૂછ્યા વગર મનફાવે એમ ગાડીઓ લઈ આવે. હપ્તા ભરી ન શકાય એટલે ગાડીઓ પાછી જતી રહે અને પૈસા ઉડાડે, પછી મેળ ક્યાંથી પડે ? અમને પણ કહેતો નથી.'

સ્વામીશ્રી પાસે આ હરિભક્ત પહેલી જ વાર આવ્યા ન હતા, અત્યાર સુધીમાં અનેક વખત મળ્યા છે. દર વખતે આવી જ પરિસ્થિતિમાં આવતા તેઓને આજે પણ પ્રેમથી સાંભળ્યા અને માર્ગદર્શન આપ્યું.

•

રાજકીય આગેવાન અરુણભાઈ ગુજરાતીએ પોતાની ભાવના વ્યક્ત કરતાં કહ્યું :

"બી.એ.પી.એસ.ને ૧૦૦ વર્ષ પૂરાં થાય છે. પ્રાર્થના કરીએ કે બાપાને પણ ૧૦૦ વર્ષ પૂરાં થાય. આપના જેવા સદ્‌ગુરુ મળે એ જીવનનું સૌથી મોટું ભાગ્ય છે.

એક કવિએ કહ્યું છે ને –

'नदी में चलता है उसे नीर कहते है,

सरहद पे जो लड़ता है उसे वीर कहते हैं,

दूध में चावल मिला दो उसे खीर कहते हैं,

और प्रमुखस्वामी जैसे सद्‌गुरु मिले, उसे तकदीर कहते हैं।'

પ્રમુખસ્વામી કર્મયોગી છે. તેઓનું જીવન જ સ્વયં પુરુષાર્થ છે. માન્યામાં આવતું નથી કે બાપા ૭ લાખ કાગળ લખે, ૭૦૦ મંદિરનાં નિર્માણ કરે અને સાથે સાથે માનવતાનું પણ નિર્માણ કરે. બાપા ! તમારી કોઈ બરાબરી નહીં કરી શકે. એક સામાન્ય મંડપ હોય એને પણ કેટલા પીલર હોય છે ? પીલર વગર મંડપ નીચે આવી જાય. જ્યારે આ આકાશને કોઈ સ્તંભ નથી, પણ એના સ્તંભ છે પ્રમુખસ્વામી મહારાજ. બીજાના માટે જીવવું એ તેઓનો જીવનમંત્ર છે. ભૂકંપ થાય ને બે કલાકમાં જ ત્યાં રસોડું શરૂ થઈ જાય, આવું આયોજન કઈ ગવર્નમેન્ટ કરી શકે ?"

•

શિવસેનાના કાર્યાધ્યક્ષ ઉદ્ધવજી ઠાકરેએ મરાઠી ભાષામાં પોતાની ભાવના વ્યક્ત કરતાં કહ્યું કે –

"આજે પ્રમુખસ્વામીના આશીર્વાદ મને મળ્યા એ મારાં મોટાં ભાગ્ય છે. હું જ્યારે સભામાં આવ્યો અને પ્રમુખસ્વામીને નમસ્કાર કરવા ગયો ત્યારે એમણે મને કહ્યું કે 'આપણે પહેલાં પણ મળ્યા છીએ.' મને ખૂબ આશ્ચર્ય થયું, કારણ કે બાર વર્ષ પહેલાં ૧૯૯૫ની સાલમાં પ્રમુખસ્વામી જ્યારે ૭૫ વર્ષના હતા એ વખતે હું એમને એક જ વખત મળ્યો છું. આટલા લાખો હરિભક્તોની વચ્ચે પણ આ પણ સ્વામીજીને યાદ છે ! આવું સ્મરણ કઈ રીતે રહી શકે ?! મારે મન આ જ ચમત્કાર છે. મોટે ભાગે સ્વામીજીને જોઈને 'કાંઈક ચમત્કાર કરે' એવી આશા સાથે બધા આશીર્વાદ લેવા દોડાદોડી કરતા હોય છે, પણ હું માનું છું કે પ્રમુખ-સ્વામી સ્વયં એક ચમત્કાર છે. અને એ બાબતમાં કોઈ આશ્ચર્ય પણ નથી, કારણ કે એમણે એવો સમાજ ઊભો કર્યો છે. હું અહીં આવ્યો ત્યારે નાના છોકરાઓ વ્યસન-મુક્તિની વાતો સમજાવતા હતા. જો કે દારૂ કે સિગારેટ મેં જીવનમાં ક્યારેય લીધાં જ નથી, પરંતુ મને વિચાર આવ્યો કે 'આજે દેશની મોટી સમસ્યા એ છે કે તરુણ પેઢી ક્યાં જઈને અટકશે ? જો કે સમાજના મોટા ભાગના લોકોને એની ચિંતા થતી જ નથી. પરંતુ જ્યારે આવા વાતાવરણમાં આવાં નાનાં બાળ-બાલિકાઓ વ્યસનમુક્તિની વાત કરે ત્યારે જરૂર એમ થાય છે કે હવે આપણે કોઈ ચિંતા કરવાની જરૂર નથી, કારણ કે પ્રમુખસ્વામીનું સમર્થ નેતૃત્વ આવાં નાનાં બાળકોથી માંડીને સૌને મળ્યું છે.

હું ગાંધીનગરના અક્ષરધામ મંદિરમાં ગયો છું. આતંકવાદીઓ કરતાં ભક્તિની શક્તિ કેટલી મોટી છે એ મેં ત્યાં જોયું છે. દેશમાં આજે કોઈપણ દીપસ્તંભ હોય તો એ પ્રમુખસ્વામી છે.

એમના જીવનનો એક અંશ પણ જો આપણા જીવનમાં ઊતરે તોય આપણું કામ થઈ જાય."

•

૨૦-૧૦-૨૦૦૭, મુંબઈ

મુલાકાત દરમ્યાન સાંગલીની જુગલ જોડી ગોપાલભાઈ અને ચંપકભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા.

ચંપકભાઈએ સ્વામીશ્રીને ગોપાલભાઈ માટે વિનંતી કરતાં કહ્યું કે 'એમના ધંધામાં બરકત આવતી નથી, તો આશીર્વાદ આપો.'

ગોપાલભાઈ કેફમાં કહે : 'આપ ચિંતામણિતુલ્ય મળ્યા છો એટલે મારે બીજી કોઈ ચિંતા નથી. ધંધાનું જે થવું હશે એ થશે, પણ આપ મળ્યા એ મારા માટે વધારે મહત્ત્વનું છે.'


સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'એ તો બધું બરાબર છે, પણ ધંધાની જવાબદારી છે તો એ પણ કરવું જ પડે. એની વિનંતી બીજા પાસે ક્યાં કરવાની છે ? ભગવાન અને સંત પાસે કરીએ એમાં વાંધો નહીં.'

•

આઈ.સી.આઈ.સી.આઈ. બેન્કના સી.ઈ.ઓ. કામથ સાહેબ તથા તેઓના સંબંધી સ્વામીશ્રીનાં દર્શન માટે આવ્યા. સ્વામીશ્રી કહે : 'आप बहुत प्रवृत्त होते हैं, लेकिन भगवान के दर्शन के लिए आते हैं। तो भगवान भी आपका सब काम करते हैं।'

કામથ સાહેબ કહે : 'वो डीसीप्लीन यहाँ दृढ़ हुई। भगवान के साथ एक बार आकर मन की शांति लेकर आगे चलते हैं। अब तक यहाँ प्रार्थना कर के जो काम किया वो सफल ही हुआ है।'

સ્વામીશ્રી કહે : 'भगवान को याद कर के काम करते हैं, तो सफल ही होता है, क्योंकि करनेवाले वो ही है।'



|| બ્રહ્મનનમ્ ||

ભગવાનની પ્રાપ્તિ થવી, જ્ઞાન થવું ને એ માર્ગે ચાલવું એ કાંઈ સહેલી વાત નથી. બહુ જન્મનાં પુણ્ય હોય ત્યારે આવો જોગ થાય છે. માટે એ પ્રાપ્તિનો કેફ હંમેશાં રાખવો.

■

ખોળિયું તો પડી રહેવાનું છે, પણ અનંત કાળથી જે જન્મ-મરણ ચાલ્યા કરે છે, એમાંથી છૂટવાની બારી તો ભગવાન અને સંત બે જ છે. ભગવાનનો આશરો કરીને સારી રીતે એમની ભક્તિ કરવી અને સંત પાસેથી જ્ઞાન શીખવું.

■

પોતાને જે પ્રાપ્તિ થઈ છે, જે સત્સંગ થયો છે, એ બીજાને પણ થાય એનો વિચાર કરવો. ધંધામાં એક દુકાનથી લાભ થાય તો બીજી કરીએ છીએ, એમ આપણને આ પણ લાભ થયો છે તો બીજાને પણ એ લાભ થાય એ પ્રયત્ન કરતા રહેવું. દુનિયાની વાતોમાં જેટલો ઉત્સાહ છે એટલો ઉત્સાહ સત્સંગની વાતમાં પણ રાખવો.

■

ભગવાનનો આનંદ આવી જાય, ભગવાનનું જ્ઞાન થઈ જાય, એટલે જગત ખોટું થઈ જાય.

■

જગતમાં મોહ અને મમતા છે ત્યાં સુધી અપ-ડાઉન થયા કરશે. અપ-ડાઉન એટલે શું ? પૈસા મળે તો અપ અને પૈસા જાય તો ડાઉન. દીકરા મરી ગયા તો ડાઉન. પણ જો ભગવાનને કર્તા સમજીએ તો અપ-ડાઉન આવે નહીં.

■

કેટલીક વાર ઘરે મહેમાન આવ્યા હોય તો એમ થઈ જાય કે 'રવિવારની સભામાં નહીં જવાય. એની સાથે

બેસવું પડશે.' મહેમાનને ખોટું ન લાગે એટલા માટે આપણે રવિસભામાં જતા નથી. તો પછી ભગવાનને ખોટું નહીં લાગે ? જેણે આપણને જન્મ આપ્યો છે, જેણે આપણને બુદ્ધિ-શક્તિ આપી છે, એના માટે આપણે નહીં કરીએ તો ખોટું નહીં લાગે ? જે ખરેખરા નિષ્ઠાવાળા હરિભક્ત છે, એ તો મહેમાન આવ્યા હોય એને પણ કહી દે કે 'ચાલો, રવિવારની સભા છે. તમને પણ દર્શન થશે ને લાભ થશે.'


આપણે અત્યારે જાગીએ છીએ, હાલીએ છીએ ને ચાલીએ છીએ, છતાં મડદા જેવા જ છીએ. મડદા જેવા એટલે શું કે જ્યાં સુધી આત્મજ્ઞાન નથી અને આત્મા-પરમાત્માની સમજણ નથી આવી, ત્યાં સુધી મડદા જેવા જ છીએ, અજ્ઞાની છીએ. એટલે જ શાસ્ત્રો કહે છે કે 'આત્મા-પરમાત્માની પ્રાપ્તિ કરો, એના માટે ઊઠો અને ઊભા થાવ, મહાન પુરુષોની પાસે જાવ. મહાન પુરુષો આપણને નિશાન બતાવે છે અને નિશાન સુધી લઈ જાય છે.'

આખી જિંદગી બીજું-ત્રીજું કર્યું હોય એટલે અંતકાળે આખી ફિલ્મ દેખાય ને ગભરામણ થાય. પછી જીવ જાય જ નહીં, તરફડિયાં માર્યા કરે. પણ એવા સમામાં મહારાજનાં દર્શનની સ્મૃતિ થાય તો પેલું દુઃખમાત્ર ટળી જાય ને ભગવાનના ધામમાં જતો રહે, એટલી મોટી આ પ્રાપ્તિ છે.

અભ્યાસ કરવાથી ડિગ્રી મળે છે,
વેપાર કરવાથી પૈસા મળે છે,
એમ આપણને દેખાય છે,
પણ સત્સંગમાં જવાથી શું લાભ ? એમ પ્રશ્ન રહ્યા કરે.
પણ જો નિશાળમાં શિક્ષક ભણાવે એ પ્રમાણે કરીએ તો લાભ થાય છે.
એમ સત્સંગ પણ આધ્યાત્મિક સ્કૂલ છે,
એમાં વિશ્વાસ રાખીને વાતોને જીવમાં ઉતારીએ તો લાભ થાય.
સત્સંગમાં શ્રદ્ધા અને વિશ્વાસ બેય જોઈએ.
શ્રદ્ધા હોય તો કામ મૂકી ન દે, મંડ્યો રહે.

- પ્રમુખસ્વામી મહારાજ

પ્રસંગમ્



નવેમ્બર ૨૦૦૯

સાક્ષાત્ સ્થાન અક્ષર દેરીમાં નૂતનવર્ષારંભે પ્રાર્થના... ગોંડલ, તા. ૧૦-૧૧-૨૦૦૭



'અક્ષર દેરી અને અક્ષર મંદિર મહાપ્રતાપી છે. યોગીજી મહારાજ સૌને આશીર્વાદ આપતા કે અહીં જે આવશે તેનું શ્રેય થશે, સંકલ્પો પૂરા થશે.
આજે દિવાળીનો અવસર છે તો અહીં પ્રાર્થના કરીએ કે દરેકના હૃદયમાં દીવા પ્રગટે, પ્રકાશ થાય અને અંધકાર દૂર થાય. શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનો દીવો આપણને અખંડ ઉજાસ આપે છે. તેનાથી અખંડ આનંદ રહે છે.
પ્રકાશ એટલે સાચું જ્ઞાન. આવું જ્ઞાન થયું છે તો આ છેલ્લો જન્મ.'

- પ્રમુખસ્વામી મહારાજ

૧-૧૧-૨૦૦૭, ગોંડલ

ભાદરણના રાજેશે છેલ્લે જ્યારે પ્રાર્થના કરી કે 'સત્સંગમાંથી ક્યારેય પાછા ન પડાય.' ત્યારે સ્વામીશ્રીએ સામેથી તેઓના વડવાઓનાં નામ બોલવા કહ્યું. રાજેશભાઈના પિતા વિજયભાઈ અને તેઓના પિતા મધુભાઈનું નામ આવતાં સ્વામીશ્રી કહે : 'અમે ભણતા ત્યારે તારા દાદા ભાદરણ મંદિરના કોઠારી હતા. મંદિરનો વહીવટ કરતા. તારા પરિવાર ઉપર તો પહેલેથી જ દૃષ્ટિ છે. એટલે અસલ છે તે આપણે સાચવી રાખવાનું છે.'

•

મુલાકાતો દરમ્યાન એક વિદ્યાર્થી સ્વામીશ્રી પાસે આવ્યો. એને નિષ્કપટ થવું હતું. ઊગતી યૌવન-અવસ્થાને કારણે સ્વાભાવિક રીતે વિજાતીય આકર્ષણ થતાં આ વિદ્યાર્થી એકાગ્રતાથી ભણી શકતો ન હતો. અહીં સમૈયામાં આવે ત્યારે ભોજનશાળામાં ખાસ પીરસવા માટે જ તે જતો અને એ દરમ્યાન એનાં આકર્ષણોને માનસિક રીતે પોષતો. અને પરિણામે એની એકાગ્રતા નાશ પામી હતી. એક ઠેકાણે બેસીને ભણી શકતો ન હતો. સ્વામીશ્રીએ એને ઠપકો આપતાં કહ્યું કે 'રોજ પ્રાયશ્ચિત્તરૂપે ૨૫ માળા કરજે અને પેલું ભૂલવાનું જ છે, એમ વિચાર કર. સારો અભ્યાસ કરીશ તો આગળ જતાં સારું ઠેકાણું મળશે. અત્યારથી જ એકાગ્રતા નહીં રાખે તો તને કોણ રાખશે ? માટે ફરીથી હવે એવું ન થાય એ વિચાર રાખજે.'

•

૨-૧૧-૨૦૦૭, ગોંડલ

મુલાકાતો દરમ્યાન એક હરિભક્ત દર્શને આવ્યા. આર્થિક રીતે સંપન્ન હોવા છતાં એમણે લોનથી લીધેલા મકાનની લોન ભરાશે કે નહીં, એ વિચારમાં તેઓ ડીપ્રેશનમાં આવી ગયા હતા. પતિ અને પત્ની બંને કમાતા હતાં અને સારી રીતે લોન ભરી શકે એવી પરિસ્થિતિ હતી, છતાં કોણ જાણે કેમ પણ ડીપ્રેશન હટતું જ નહોતું. મનમાં એવા વિચારો ઘોળાતા હતા કે રાતની ઊંઘ હરામ થઈ જતી હતી. એટલું નહીં, ઘણી વખત આત્મહત્યાના પણ વિચાર આવી જતા હતા.

સ્વામીશ્રીએ તેઓને બળ આપતાં કહ્યું : 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરવું. લોન તો ભરપાઈ થવાની જ છે, માટે એ બાબતની ચિંતા કરવી નહીં. ચિંતા કરવાથી કશું વળતું નથી. માટે ભગવાનનું બળ રાખીને પ્રામાણિકપણે પુરુષાર્થ કરજો અને આગળ વધજો.'

•

થોડા દિવસ પહેલાં સ્વામીશ્રી બીમાર પડ્યા હતા. ધીમે ધીમે સ્વસ્થ થઈ રહેલા સ્વામીશ્રીએ આજે સભામાં જવાની ઇચ્છા વ્યક્ત કરી. બાળમંડળનો વિશિષ્ટ કાર્યક્રમ રાખવામાં આવ્યો હોવાથી બાળ-સભામાં આવવા માટે લગભગ ૭:૦૦ વાગે નીકળ્યા. પહેલા અક્ષર દેરીએ દર્શન જતી વખતે રાયણ નીચે બદલપુરના હરિભક્તોને જોઈને ઊભા રહ્યા ને કહ્યું : 'દરબારો ! કેમ છે ?'

'અમને તો સારું છે, પણ આપની તબિયત જોવા આવ્યા છીએ.' આટલું કહેતાં દરબારોમાંથી હરિભાઈ કહે : 'પણ તમે આવું કેમ કર્યું ?'

'કરવું પડે ને !' સ્વામીશ્રી સહજ સ્વસ્થભાવે બોલી ઊઠ્યા. થોડી વારના મૌન પછી વળી કહે : 'આમાં કંઈ શોખ થતા નથી, પણ મહારાજની ઇચ્છાથી રોગ આવે છે, ને જાય છે. શરીર તો ઘરનું રોગ છે.'

આટલું કહેતાં વળી સુધારતાં કહે : 'રોગનું ઘર

છે. તમારે ઘરે મહેમાન આવે તો એમને તરત પાછા ઓછા કાઢી મુકાય છે ? બે દિવસ તો રાખવા પડે ને ! એ એનો ધર્મ બજાવે.'

સ્વામીશ્રીની સહજ સ્વસ્થતા, સાંખ્યવૃત્તિનો અને કર્તાપણાનો ભાવ સૌને અનુભવાયો.

•

૩-૧૧-૨૦૦૭, ગોંડલ

ગઢડામાં છેલ્લા લગભગ આઠેક મહિનાથી સેવામાં રોકાયેલા સાધકો આજે દર્શને આવ્યા હતા. આ સાધકોમાં જયેશભાઈ મોરડિયાએ વિનંતી કરતાં કહ્યું કે 'બાપા ! આપના જેવી સાધુતા, સહનશક્તિ અને બ્રહ્મસ્થિતિ થાય એવા આશીર્વાદ અમને સૌને આપજો.'

સ્વામીશ્રી કહે : 'વિપરીત પ્રસંગોમાં કોઈ મારે કે કોઈ કહી જાય કે કાંઈ કરે એમાં તમે બધા સહનશીલતા રાખો એટલે એમાં બ્રાહ્મીસ્થિતિ જ છે. આવો પ્રસંગ આવે તો ઊભા જ ન રહે, પાછા સારંગપુર પણ ન જાય અને ઘર ભેગા થઈ જાય કે 'ચાલો, અહીં ક્યાં આવી પડ્યા ?' પણ સહન કરે ને ધીરજ રાખે તો એટલી સ્થિતિ જ કહેવાય.'

જયેશભાઈ કહે : 'એવા પ્રસંગોમાં સંકલ્પો તો ઘણા થાય, પણ એ વખતે આપની સાધુતા યાદ આવે એવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'એ જ બ્રહ્મસ્થિતિ છે ને ! શૂરવીર હોય એ તો વળી પાછા તરત ઊભા થઈ જાય, પણ આપણો સાધુતાનો માર્ગ છે, સહન કરવાનો માર્ગ છે.'

•

૪-૧૧-૨૦૦૭, ગોંડલ

એક મુમુક્ષુ સ્વામીશ્રી પાસે આવ્યા. ભણેલા-ગણેલા આ મુમુક્ષુ કહે : 'આજે કથામાં સાંભળ્યું કે 'કોઈ ગમે એટલું ઉશ્કેરે તોય ઉશ્કેરાવું નહીં,' પણ તોય ગુસ્સો આવી જાય છે, એનું શું કરવું ?'

સ્વામીશ્રી કહે : 'ક્રોધ અંદર પડ્યો છે, એટલે ગુસ્સે થઈ જવાય ખરું, પણ સત્સંગ કરતાં કરતાં નીકળી જશે. માટે સત્સંગમાં આવતા જજો. આજે કથામાં સાંભળ્યું ને જેમ અંતર્દૃષ્ટિ થઈ ને વિચાર આવ્યો, એમ રોજ આવશો તો ધીમે ધીમે નીકળી જશે.'

•

મુલાકાતો દરમ્યાન એક યુવક આવ્યો. લગ્ન થયે ૬ વર્ષ થયાં છતાં સંતાન થયું ન હતું. એને કારણે ડિપ્રેશનમાં આવીને એ તમાકુના રવાડે ચડી ગયો હતો.

સ્વામીશ્રી તરત જ કહે : 'તમાકુ ખાવાથી અથવા દારૂ પીવાથી કાંઈ છોકરા ઓછા થવાના છે ? એનાથી ઊલટી તકલીફ થાય ! માટે એ બધું મૂકીને ભગવાનનો આશરો દૃઢ કર, એમને પ્રાર્થના કર, એમની દયાથી જે ઇચ્છા હશે એમ થશે, પણ જીવન બરબાદ તો નહીં થાય ને !'

•

૬-૧૧-૨૦૦૭, ગોંડલ

આજે પૂજામાં હમીર શાહ નામના કિશોરે કીર્તનો ગાયાં. તેઓની સાથે હનીફભાઈ શાહે તબલાંની સંગત આપી. બંને મુસ્લિમ પિતા-પુત્રને સ્વામીશ્રી પ્રત્યે અપાર આદર અને સદ્‌ભાવ છે, અને એટલે જ જ્યારે જ્યારે સ્વામીશ્રી અહીં પધારે ત્યારે અચૂક તેઓ દર્શને આવતા રહે છે. ગયા વરસે હનીફભાઈએ સ્વામીશ્રીના હસ્તે વ્યસન છોડ્યું હતું. આજ પર્યંત તેઓએ વ્યસન કર્યું નથી. તેઓને યાદ પણ આવતું નથી. આ વ્યસનના વળગણની મુક્તિનું કારણ તેઓ સ્વામીશ્રીની દુઆ સમજે છે.

•

એક યુવક સ્વામીશ્રીનાં દર્શને આવ્યો. આ યુવકને એક દીકરી હતી જ. તાજેતરમાં બીજી દીકરીનો જન્મ થતાં આખો પરિવાર હતાશ થઈ ગયો. એટલું જ નહીં, પણ આ યુવાન તો આપઘાત કરવાનો વિચાર કરવા લાગ્યો. સ્વામીશ્રીએ જ્યારે આ વાત સાંભળી ત્યારે એના અજ્ઞાન ઉપર દયા ખાતા હોય એ રીતે હસતાં માથે હાથ મૂકતાં કહે : 'દીકરો આવવો કે દીકરી એ આપણા હાથમાં ઓછું છે ? એ ભગવાનના હાથમાં છે. ભગવાન જે કરે છે એ સારું છે, માટે દુઃખ ન કરવું. એમની દયાથી દીકરો આવશે ખરો, પણ રડવાથી કે આપઘાત કરવાથી દીકરો ઓછો આવશે ? ભજન કર, પ્રાર્થના કર, તારો સંકલ્પ પૂરો કરશે. અને કદાચ નહીં આવે તોય આ બંને દીકરીઓ દીકરા કરતાં પણ સવાઈ સેવા તમારી કરશે. માટે દીકરીઓને પણ દીકરા જેવી જ માનીને મોટી કરજે.'

•

મયૂર અજમેરાએ તાજેતરમાં પોતાને થયેલા

એક્સીડન્ટ અને ઓપરેશન અને જલદી આવેલી રૂઝ અને સાજગીની વિગતે વાત કરીને કહ્યું : 'આપના પ્રતાપે જ હું સાજો થયો. રોજ રાત્રે આવીને તમે મને સાજા કરી જતા હતા.'

સ્વામીશ્રી કહે : 'હું તો અહીં હતો. ત્યાં કઈ રીતે સાજા કરું ?'

મયૂર કહે : 'કોઈને ધામમાં તેડવા જાવ એ રીતે.'

સ્વામીશ્રી કહે : 'ભગવાન પ્રત્યે તારી ભક્તિ છે એટલે તને દર્શન આપે અને સારું કરે છે.'

•

ભોજન દરમ્યાન ધર્મકુંવર સ્વામીએ ભાદરા ગામના હરિભક્તોની અને ગ્રામજનોની વિશેષતાની વાતો કરી. તેઓ કહે : 'ગામના ઘરડા હરિભક્તો હજી પણ સ્મૃતિ કરે છે કે જ્યારે પ્રતિષ્ઠા હતી અને પાણી ખેંચવાનું હતું એ વખતે પ્રમુખસ્વામી રાતોરાત સેવા કરતા અને મંદિર આગળ રેતીના ઢગલામાં જ સૂઈ જતા.'

સ્વામીશ્રી કહે : 'એ દહાડે ગામના લોકોએ ખૂબ સહકાર આપ્યો હતો. પથરા લાવવા, ગાડાં ચલાવી દેવા, પાઈપલાઈન માટે ખોદકામ કરવું, એ માટે જવાનિયાઓએ ખૂબ સહકાર આપ્યો હતો.'

વળી, સ્વામીશ્રી કહે : ''એક વખત ભાદરા હતા અને ઉત્તરાયણ આવી. મેં જ્ઞાની(જ્ઞાનપ્રસાદ સ્વામી)ને કહ્યું કે 'ચાલો, ઝોળી માગીએ.' તો કહે : 'અહીં પટેલિયા કોઈ આપશે જ નહીં.' તો પણ મેં કહ્યું : 'ચાલો તો ખરા, જે આવે એ !' લઈ ગયા તો થોડું ભેગું થયું.''

જ્ઞાની સ્વામી કહે : 'બે-પાંચ મણ ભેગું થયું હતું.'

સ્વામીશ્રી કહે : 'ઝોળી ભરાણી કે ન ભરાણી કે ઓછી આવી, પણ કાંધ તો પડી ને !'

•

૮-૧૧-૨૦૦૭, ગોંડલ

ભ્રમણ પછી આસન કરીને સ્વામીશ્રી ઊભા થયા. સામે હર્ષદભાઈ ચાવડા બેઠા હતા. તેઓ સ્વામીશ્રીને કહે : 'પહેલાં તો આપને સ્નાન કરાવવાનો ખૂબ લાભ મળતો. હવે તો જોવાય મળતું નથી.'

'આ બધું (મંદિરોનાં નિર્માણની સેવાનું કાર્ય) તું કરે છે એ નવરાવવા બરાબર જ છે ને !' સ્વામીશ્રીએ કહ્યું અને ત્યાર પછી કહે : 'આજ્ઞાથી તું પથ્થરની સેવા કરે છે અને આટલો બધો દાખડો કરે છે, એ મારી અંગત સેવા જ છે.'

•

૯-૧૧-૨૦૦૭, ગોંડલ

હર્ષદભાઈ ચાવડાએ યોગીજી મહારાજના પ્રસંગોની કેટલીક સ્મૃતિઓ કરાવી.

હર્ષદભાઈ ચાવડા કહે : 'બાપા ! આપે મને બહુ સાચવ્યો છે.'

સ્વામીશ્રી કહે : 'આપણે શું સાચવવાના ? જોગીબાપાએ સાચવ્યો. છાણ-વાસીદાંથી માંડીને બધી સેવા તું કરતો. તું અને કૃષ્ણકાંત બે જણે ખૂબ સેવા કરી છે. યોગીબાપાને રાજી કર્યા છે. એમણે તમને સાચવ્યા છે.'

વળી વાત કરતાં હર્ષદભાઈ ચાવડા કહે : 'યોગી મહારાજની રીત કરતાં આપની રીત જુદી છે. એ સમજાતું નથી.'

સ્વામીશ્રી કહે : 'એ તો અલૌકિક ને દિવ્ય ! એમની રીત જુદી. બોલવું-ચાલવું બધું દિવ્યતમ દિવ્યતમ... ભવ્યતમ ભવ્યતમ... એમને લીધે જ બધું કામ થાય છે. એમની લીલામાં જો મનુષ્યભાવ આવે તો પતી જાય. આપણે તો એમની રીત ક્યાંથી હોય ? આપણે તો હજી શીખીએ છીએ. જ્યારે એમનું તો બધું દિવ્ય ને દિવ્ય જ હતું.'

હર્ષદ કહે : 'કોઈ બાબતમાં ના પાડવી હોય તો જોગીબાપા ટ્રીકથી ના પાડે, ને આપ તો સીધેસીધી જ ના પાડી દો છો.'

સ્વામીશ્રી કહે : 'એમનું બધું દિવ્ય. એ બધું મનુષ્યલીલા સમજવાની. એમનામાં કોઈ દોષ ન હતા. એમણે જે કંઈ લીલા કરી એમાં આનંદ આવ્યો ને ? તો એ લીલા અને બેય લીલા, બેય ચરિત્રનાં ગાન કરવાં, એમાં આનંદ જ આવે.'

•

મુલાકાતો દરમ્યાન એક યુવકને લઈને એના સ્નેહીઓ આવ્યા. ખરાબ સોબતને કારણે આ યુવક ઘરમાંથી કંટાળીને ભાગી ગયો હતો, પરંતુ ટ્રેનમાં પકડાઈ ગયો એટલે સ્વામીશ્રી પાસે લાવ્યા.

સ્વામીશ્રીએ એને પૂછ્યું : 'કેમ ભાગી ગયો હતો ?'

એ કહે : 'ઘરે બધા વઢે એ ગમતું ન હતું.'

સ્વામીશ્રી કહે : 'તારાં મા-બાપ તારા સારા માટે કહેતાં હતાં ને ? તું ભણે નહીં, રખડ્યા કરે અને નપાસ

થાય તો એ તો તને કહે જ ને ? તારા હિત માટે કહે છે. તું રખડ્યા કરે એમાં પૈસા, સમય અને બધું જ જાય. બારમા ધોરણમાં છે એ વિચાર કરીને, હિંમત હાર્યા વગર ભગવાનને પ્રાર્થના કરીને હવેથી મહેનત કરજે. બધું સારું થશે.'

•

૧૦-૧૧-૨૦૦૭, ગોંડલ

ભાવનગરનો દીપ વ્યાસ નામનો નાનો બાળક દર્શને આવ્યો. સવારથી એને તાવ હતો અને તાવમાં એક જ રટણ હતી કે 'મને બાપા પાસે લઈ જાવ, મારે બાપાને ગિફ્ટ આપવી છે.' એનો તાવ ઊતર્યો પછી અત્યારે એને સ્વામીશ્રી પાસે લઈ આવવામાં આવ્યો.

સ્વામીશ્રીને જ્યારે આ વાત કરી ત્યારે સ્વામીશ્રી કહે : 'શું ગિફ્ટ આપવી છે ?' એ બાળક કંઈ બોલ્યો નહીં. એની પાસે કશું હતું નહીં.

એટલે સ્વામીશ્રી કહે : 'લે, હું તને ગિફ્ટ આપું.' એમ કહીને પ્રસાદનું બૉક્સ પ્રેમથી એને આપ્યું અને એ બાળકનો ભાવ પૂરો કર્યો.

•

એક પ્રસંગે પ્રેરણાવચનો કહેતાં સ્વામીશ્રી કહે :

'ભક્તિ અને સત્સંગ કરતાં જઈએ તો આત્મબળ વધતું જાય. આપણે આત્મબળ જ વધારવાનું છે ને ! વાંચન, માળા, પ્રદક્ષિણા કરો છો, એ કરતાં રહેવું. શરીરથી કામ તો થાય, પણ અંદરથી ભગવાનમાં મન રાખતા શીખવું.'

•

૧૧-૧૧-૨૦૦૭, રાજકોટ

રાજ્યના નાણામંત્રી વજુભાઈ દર્શને આવ્યા હતા. વાતચીતમાં તેઓ કહે : 'હજી આ ઉંમરે પણ આપ ભીડો ખૂબ વેઠો છો.'

સ્વામીશ્રી કહે : 'ગુરુઓ જે ભીડો વેઠી ગયા છે, રાત-દિવસ જોયા વગર કામ કર્યું છે એવું તો આપણે ક્યાં કરીએ છીએ ? એમણે તો રાત-દિવસ કામ કર્યું છે. અને એ દા'ડે તો એવાં સાધનો પણ નહીં, પગે ચાલીને પણ જવું પડે. ગાડું મળે તો ગાડામાં જવાનું થાય. અને છતાં એ બેસી નથી રહ્યા, તો આપણે તો ક્યાં એટલો ભીડો વેઠીએ છીએ ?'

•

૧૩-૧૧-૨૦૦૭, રાજકોટ

હાઈકોર્ટના જસ્ટિસ કાપડિયા સાહેબને મળ્યા. તેઓ સ્વામીશ્રી માટે પોતાનો પ્રતિભાવ આપતાં કહે : 'આપની જે એનર્જી છે એના પ્રવાહનો થોડો અંશ પણ જો અમારામાં આવે તો અમને એમ લાગે છે કે અમારા માટે કશું જ અશક્ય નથી.' વળી, તેઓ કહે : 'હું એટલા માટે પ્રભાવિત છું કે સંસ્થાનું બધું જ વેલ-પ્લાન્ડ છે અને એ બધું આપને લીધે છે. આપની એનર્જી છે એટલે છે.'

સ્વામીશ્રી કહે : 'ના, શ્રીજીમહારાજને લીધે છે.'

'પણ માધ્યમ તો આપ જ છો ને !'

'પણ પ્રેરણા એમની જ છે.' સ્વામીશ્રી સહજ દાસભાવે બોલી ઊઠ્યા.

•

૧૪-૧૧-૨૦૦૭, રાજકોટ

'દિવ્ય ભાસ્કર' સમાચારપત્રના નિવાસી તંત્રી કાનાભાઈ બાંટવાને મળ્યા. કાનાભાઈ સ્વામીશ્રીને કહે : 'એવું જોવા મળે છે કે સારા માણસો દુઃખી થતા હોય છે. એ દુઃખી કેમ થાય છે ? દુઃખ કેમ આવે છે ?'

સ્વામીશ્રી કહે : 'દુઃખ સારાને જ આવે ને ! રામને આવ્યું, કૃષ્ણને આવ્યું ને બધાને આવ્યું. કામ તો સારું જ કરતા હતા, પણ દુઃખ આવ્યું. સત્યને હંમેશાં સહન કરવું જ પડે છે, પણ ધીરજ રાખવી પડે, તો અંતે વિજય થાય.'

કાનાભાઈ કહે : 'અત્યારની નવી પેઢીમાં વ્યસન ભયંકર હદે પેસી ગયા છે. આ વ્યસનમુક્તિના કાર્યમાં આપની સંસ્થા સારામાં સારું કાર્ય કરે છે.'

સ્વામીશ્રી કહે : 'ભગવાન સ્વામિનારાયણ હંમેશાં એવું કહેતા કે સદાચાર એ જ ધર્મ છે. સદાચારી જીવન અને નિર્વ્યસની જીવન જીવે તો સમાજમાં સુખી રહે અને અધ્યાત્મમાર્ગમાં પણ આગળ વધે.'

કાનાભાઈ કહે : 'આજની નવી પેઢી માટે શું કરી શકાય ?'

સ્વામીશ્રી કહે : 'પહેલેથી જ એને સંસ્કારો મળતા રહે એ કરવું જોઈએ. આજે માતા-પિતા તરફથી પણ સંસ્કાર મળવા અઘરા છે અને શિક્ષણમાં તો આજે ધર્મની વાત જ નથી આવતી. એટલે એને લીધે કૉલેજોમાં અને બધે કેટલું ખરાબ થતું રહે છે ? માટે

પહેલું તો એના જીવનમાં સંસ્કારનું સિંચન થવું જોઈએ.'

કાનાભાઈ કહે : 'ગઈકાલે આપે ટી.વી.નાં દૂષણોની જે વાત કરી હતી એ બિલકુલ યોગ્ય છે.'

સ્વામીશ્રી કહે : 'વિજ્ઞાન સારું છે, એની ના નથી, એનાથી સુવિધા વધી છે અને વિકાસ પણ થયો છે, પણ અંતરમાં વિકાસ થયો નથી. અંતરમાં વિકાસ કરવા માટે છે સત્સંગ. દૂષણનો ત્યાગ કરવો એ સત્સંગમાંથી શિખાય. ટી.વી.માં સારું આવે છે, પણ લોકોને વિવેક ક્યાં છે ? એટલે ખરાબ જ જુએ. ખરાબ લખેલું હોય એ માણસ પહેલું વાંચે છે.'

કાનાભાઈ કહે : 'અમે સારું લખવા જઈએ તો વાંચનારાઓની સંખ્યા ઘટી જાય છે. એટલે મન હોય કે ન હોય, પણ ખૂન, બળાત્કાર એવા સમાચારો લેવા જ પડે છે.'

સ્વામીશ્રી કહે : 'સારા સમાચાર આપતા રહો તો પ્રજા ધીમે ધીમે એવા વિચારોથી પણ ઘડાય.'

•

૧૫-૧૧-૨૦૦૭, રાજકોટ

જમ્યા પછી સ્વામીશ્રી જસ્ટિસ એચ. કે. રાઠોડને મળ્યા. સ્વામીશ્રી કહે : 'તમારું મૂળ ગામ કયું ?'

'ધારી.'

'ઓ...હો...હો... તો અમારે પણ પગે લાગવું પડે. એ તો જોગીબાપાની ભૂમિ કહેવાય !'

•

૧૬-૧૧-૨૦૦૭, રાજકોટ

ભોજન દરમ્યાન રાજકોટ ક્ષેત્ર-૨ના કાર્યકરોએ 'અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતના પ્રવર્તક શાસ્ત્રીજી મહારાજ' વિષયક ગોષ્ઠિ રજૂ કરી. સ્વામીશ્રી ખૂબ રાજી થયા અને જમ્યા પછી કહે : 'આપણે તો કાયમ એની એ જ વાત કરવાની છે - અક્ષર અને પુરુષોત્તમ... અક્ષર અને પુરુષોત્તમ... જેમ રોજ ભાત-દાળ અને શાક ખાઈએ છીએ ને ! બીજું કાંઈ થાય છે ? ખાવું જ પડે. એમ આ વાત કર્યે જ છૂટકો છે.'

આટલું કહેતાં ટેલિફોન એક્સચેન્જમાં ફરજ બજાવતા દામજીભાઈ ટાંકને કહે : 'તમે ઑફિસે જઈને શું કરો છો ? ટેલિફોનનું જ કામ ને ?'

'હા. એ જ ને !'

'બીજે દહાડે શું કરવાનું ?'

'એ જ.' દામજીભાઈએ કહ્યું.

એટલે થોડુંક અટકીને સ્વામીશ્રી કહે : 'આ પણ એવું જ છે. જેમ ટેલિફોનનું કામ કરવામાં કોઈ દિવસ કંટાળો આવતો નથી, એમ આ કામ કરવામાં પણ કંટાળો આવવો ન જોઈએ. આપણે એ જ કરવાનું છે.'

•

મુલાકાતો દરમ્યાન એક નાના બાળકને લઈને એક હરિભક્ત દર્શને આવ્યા. સ્વામીશ્રીને ફરિયાદ કરતાં કહે : 'આ મારો નાનો બાળક. રાત્રે બે-બે વાગ્યા સુધી ટી.વી. જ જોયા કરે છે. ચેનલો ફેરવ્યા કરે. અમે એને બહુ ઠપકારીએ છીએ, પણ માનતો જ નથી. ટી.વી. જો બંધ કરી દઈએ, તો એને પેટમાં દુ:ખે અને બૂમાબૂમ કરી મૂકે છે.'

સ્વામીશ્રી પેલા નાના અને અબૂધ બાળકના ગાલે હાથ ફેરવતાં કહે : 'એવું કશું દુ:ખે જ નહીં. ટી.વી. જોવાનું મૂકી દે. અભ્યાસ પૂરેપૂરો કર, નહીં તો પાછળથી દુ:ખી થઈશ.'

•

આજે હરિકૃષ્ણ મહારાજની રજત-તુલાનો કાર્યક્રમ અને સમીપ દર્શન રાખવામાં આવ્યા હતા. એટલે પહેલેથી જ આસન મંચની ધારે રાખી દેવામાં આવ્યું. પહેલાં આસન આગળ હતું. સ્વામીશ્રીએ બેસતાં પહેલાં જ અપૂર્વમુનિ સ્વામીને પૂછ્યું કે 'ઠાકોરજીની તુલા ક્યાં આવવાની છે ?' તેઓએ જે રીતે નિર્દેશ કર્યો એ જોતાં સ્વામીશ્રીને ખ્યાલ આવી ગયો કે તુલા પાછળ આવશે. એટલે તરત જ સ્વામીશ્રીએ પોતાનું આસન પણ પાછળ લેવડાવ્યું.

ઠાકોરજીના આસનથી પોતાનું આસન આગળ હોય એવું સ્વામીશ્રીના દાસત્વભાવમાં ક્યારેય સંભવે નહીં.

•

એક તરુણ દર્શને આવ્યો. એ કહે : 'મારાં મા-બાપનો વિશ્વાસ મારા ઉપરથી ઘટી ગયો હોય એવું લાગે છે.'

'તું વ્યસન કરે છે ?'

'હા.'

'તો પછી મા-બાપનું કહ્યું નહીં માનતો હોય એટલે એવું જ થાય ને !' સ્વામીશ્રીએ કહ્યું અને હિતની વાત

કરતાં આગળ કહે : 'તને વ્યસન હોય અને તારા સારા માટે તારાં મા-બાપ તને ખખડાવે એટલે તને વસમું લાગે. એટલે પછી વિશ્વાસ તૂટે જ ને ! અત્યારે તારે તો ભણવાનું જ હોય ! એમાં જ એકાગ્ર થા, તો જ તારું કામ થશે, અને મા-બાપ કહે તેમ કર, પછી મા-બાપને પણ વિશ્વાસ આવશે.'

•

૧૭-૧૧-૨૦૦૭, રાજકોટ

ડિસેમ્બર મહિનામાં ચંદ્રકાન્તભાઈ પૂજારા તરફથી અહીં ભાગવત પારાયણનું આયોજન થયું હતું. અપૂર્વમુનિ સ્વામી આ પારાયણ વાંચવાના હતા. તેઓને લઈને પૂજારા સ્વામીશ્રીને મળવા માટે આવ્યા અને આમંત્રણ પત્રિકા સ્વામીશ્રીને અર્પણ કરી અને અપૂર્વમુનિ સ્વામીને નિર્દેશીને તેઓ કહે : 'બાપા ! આ અપૂર્વમુનિ સ્વામી સારી અને સાચી કથા કરે એવા આશીર્વાદ આપો.'

આ સાંભળતાં સ્વામીશ્રી કહે : 'સંતોને બીજું શું હોય ? એને તો સારી ને સાચી જ વાત કરવાની હોય ને ! મૂળ આપણે સારી વાત સાંભળવાની છે.'

સ્વામીશ્રીએ અદ્ભુત મર્મ કરી દીધો.

•

૨૧-૧૧-૨૦૦૭, સારંગપુર

હરિભક્તોને મળીને સ્વામીશ્રી આરામમાં જવા માટે ઊભા થયા.

કીર્તનપ્રિય સ્વામી કહે : 'આપે સ્વપ્નામાં મને બે-ચાર વખત એમ કહ્યું કે 'બધું શીખી લેજે.' એમાં શું સમજવાનું ?'

'તેં કઈ લાઇન લીધી છે ?' સ્વામીશ્રીએ સામે પ્રશ્ન કર્યો.

'સાધુતાની.' કીર્તનપ્રિય સ્વામીએ કહ્યું.

'બસ, ત્યારે. એ જ કરવાનું છે. એ જ શીખવાનું છે. મોટામાં મોટી લાઇન એ જ છે. એમાં બધું આવી ગયું. ભણવાનું, સેવા કરવાની ને આજ્ઞા થાય એમ કરવાનું, એ બધું કરીએ એ આપણી લાઇન છે. આ બધું શીખી જવાનું.'

•

૨૨-૧૧-૨૦૦૭, સારંગપુર

એક મુમુક્ષુ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેઓને પોતાના ઉપરી સાથે કેટલોક ખટરાગ હતો. કેટલાય વખતથી તેઓને મળવા ગયા ન હતા. થોડા દિવસ પહેલાં જ્યારે આ મુમુક્ષુ સ્વામીશ્રી પાસે આવ્યા ત્યારે સ્વામીશ્રીએ તેઓને સામેથી કહ્યું કે 'આપણે સામેથી મળવા જવામાં શું વાંધો છે ? મળી લેવું એક વખત.'

સ્વામીશ્રીના વચને પોતાના અહંને નીચો કરીને હિંમત કરીને તેઓ મળવા માટે ગયા તો સામી વ્યક્તિ વધારે કઠોર, અહંથી ભરપૂર હોવા છતાં ખુલાસાપૂર્વક દોઢ કલાક સુધી તેઓને શાંતિથી મળ્યા અને પૂર્વગ્રહ તણાઈ ગયા. આ વાત જ્યારે આ મુમુક્ષુએ સ્વામીશ્રીને કહી ત્યારે સ્વામીશ્રીએ સૂત્રાત્મક વાક્ય કહેતાં કહ્યું : 'આપણે નમીએ તો સામો દસ ગણો નમે. સામેથી ગયા તો ફરક પડ્યો અને ગેરસમજ દૂર થઈ.'

•

૨૪-૧૧-૨૦૦૭, બોચાસણ

નવસારીથી પુરુષોત્તમચરણ સ્વામીનો ફેક્સ આવ્યો હતો. આ ફેક્સ ધર્મચરણ સ્વામી વાંચી રહ્યા હતા, કારણ કે સ્વામીશ્રી નાસ કરી રહ્યા હતા. નાસની વરાળ મુખ ઉપર પથરાતી હતી. એને કારણે મુખ ઉપર પ્રસ્વેદબિંદુઓ જેવી જળની લકીરો શોભતી હતી. નાસ લેતાં લેતાં પણ સ્વામીશ્રી પત્ર-શ્રવણ કરી રહ્યા હતા. ધર્મચરણ સ્વામી એક અક્ષરને ઉકેલી શકતા ન હતા, એટલે તેઓ અટક્યા, ત્યારે સ્વામીશ્રીએ નાસને લીધે મુખ આગળના ધુંધળા વાતાવરણમાંથી દૃષ્ટિ કરીને ચશ્માં વગર પણ એ શબ્દ ઉકેલી આપ્યો. હરિભક્તોની અનેક આંટીઓ ઉકેલનારા સ્વામીશ્રીની નજર તળેથી હજારો પ્રકારના હસ્તાક્ષરો પસાર થયા હોય, ત્યારે આવા શબ્દ ઉકેલવા એ તેઓ માટે સહજ વાત હતી.

•

૨૫-૧૧-૨૦૦૭, બોચાસણ

સાથે ફરી રહેલા સાધકો શાસ્ત્રીજી મહારાજની દેરીએ ઊભા હતા. એમાંના લંડનના ડીલન પટેલની તબિયત ગઈકાલથી સારી ન હતી. સ્વામીશ્રીને આ વાતની જાણ થઈ હતી, એટલે અત્યારે એને જોતાંવેંત સ્વામીશ્રીએ તરત જ તબિયતની પૂછપરછ કરી અને ગળામાં હાથ ફેરવ્યો અને પ્રેમથી માતૃ-વાત્સલ્યની અનુભૂતિ કરાવતાં કહે : 'આવતીકાલે દિલ્હી ને એ બાજુ જવાનું છે તો ગરમ કપડાં ને દવા ને ધાબળો એવું

બધું લેતા જજો.'

•

એક કિશોર સ્વામીશ્રીનાં દર્શને આવ્યો હતો. આ કિશોરે વાત કરતાં કહ્યું : 'મારા પિતાજી મને દર્શને આવતાં રોક્યા કરે છે અને જ્યારે કહું કે 'મંદિરે જઉં છું,' ત્યારે તરત જ મને કહે કે 'તને કોઈ મંદિર લખી નહીં આપે, માટે ત્યાં જવાની જરૂર નથી.' આજે પણ પરાણે હું આપનાં દર્શને આવ્યો છું. આપ મને પત્રમાં આશીર્વાદ લખી આપો જેથી બળ રહે.'

સ્વામીશ્રીએ તરત જ ધર્મચરણ સ્વામીને બોલાવ્યા અને પત્ર લખી આપવા કહ્યું. તેઓએ પત્ર લખ્યા પછી સ્વામીશ્રીએ પણ એમાં આશીર્વાદ લખી આપ્યા.

•

૨૬-૧૧-૨૦૦૭, બોચાસણ

ભગવત્ચરણ સ્વામી કહે : 'હું તો માનું છું કે મંદિરો કરવા એ જ મોટામાં મોટી સેવા છે અને આપણે તેમાં થોડું-ઘણું કામ કર્યું હોય એટલે આપણને પણ પુણ્યનો થોડો ભાગ તો મળતો રહે ને !'

સ્વામીશ્રી કહે : ''બધું કરીએ પણ ભાગ મળે એવી આશા રાખવી નહીં. એવી ઇચ્છા પણ રાખવી નહીં. નિઃસ્પૃહી રહેવાનું. 'મારાથી થયું છે અને મને ભાગ મળવો જોઈએ' – એવી કોઈ ભાવના રાખવી જ નહીં. નિઃસ્વાર્થ સેવાની આપણે વાત કરીએ છીએ ને ! આપણે ક્યાં કંઈ કરીએ છીએ ?! આપણો કોઈ ભાગ પણ નથી. આ તો હજારોને લાભ થાય એ બરાબર છે.''

ભગવત્ચરણ સ્વામી કહે : 'પણ આપણે થોડું કામ કર્યું હોય એટલે ઇચ્છા તો રાખવી ને !'

સ્વામીશ્રી કહે : 'ઇચ્છા રાખીએ તો ગયા. એ પણ ભાગ જ રાખ્યો કહેવાય ને ! કરનાર અને પ્રેરણા આપનાર, કર્તાહર્તા શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીબાપા છે; પછી આપણો ભાગ ક્યાંથી આવ્યો ?'

ભગવત્ચરણ સ્વામી કહે : 'પણ નિમિત્ત તો કહેવાઈએ ને ?'

સ્વામીશ્રી કહે : 'જો નિમિત્ત માનીએ તો તો સેવા નકામી થાય.'

ભગવત્ચરણ સ્વામી કહે : 'મને આવી વાત કરનાર હજી સુધી કોઈ નથી મળ્યું. આપે જ મારું ધ્યાન દોર્યું. હવેથી એવો શબ્દ હું નહીં વાપરું.'

સ્વામીશ્રી કહે : 'સેવા મળી એ આપણાં મોટાં ભાગ્ય !! સેવા કરીએ એમાં ખાલી ભગવાન રાજી થાય એ જ ભાવના રાખવી. મહારાજ, શાસ્ત્રીજી મહારાજ તથા જોગીબાપાએ કર્યું છે એ ભાવના રાખવી. એ ક્યારેય માથે રાખીને ગયા નથી, એ રીત આપણને શીખવી. આપણે પણ એ જ રીત રાખવી.'

ભગવત્ચરણ સ્વામી કહે : 'આ આધ્યાત્મિક વાત થઈ.'

•

ઋતુ પરિવર્તન થતાં સ્વામીશ્રીને શરદી થઈ હતી. શરદીને લીધે આજે નાક ખૂબ જ દદડતું હતું. ક્યારેક તો એટલી અધીરાઈ આવી જતી કે એક વખત તો નારાયણચરણ સ્વામીનું ગાતરિયું લઈને નાક લૂછવું પડ્યું. અત્યારે પણ શરદીને લીધે ગળતું નાક વારે વારે છીંકીને સાફ કરવું પડતું હતું. એના માટે ટીસ્યૂ રાખવામાં આવ્યા હતા. એક ટીસ્યૂ સ્વામીશ્રીને આપવામાં આવ્યું, એનાથી નાક છીંકી લીધું, પરંતુ પલળેલું ટીસ્યૂ બાજુમાં ઊભેલા સંત લેવા ગયા કે તરત સ્વામીશ્રીએ ના પાડી દીધી અને કહ્યું કે 'હજી પણ આ ફરી વાર છીંકવામાં કામ લાગશે.'

પેલા સંત આગ્રહપૂર્વક લેવા ગયા ત્યારે પુણ્ય-પ્રકોપ સાથે કહે : 'રાખ ને !' આટલું કહીને બંને ટીસ્યૂ ઠેઠ સુધી પકડી રાખ્યા અને કોઈને લેવા દીધા નહીં. મેં એ જ વપરાયેલા ટીસ્યૂની સાઇડ ચેઇન્જ કરી આપી તો રાજી થયા.

•

ભ્રમણ પછી સ્વામીશ્રી પલંગ ઉપર વિરાજમાન હતા.

ડૉ. નિકુલ કહે : 'બાપા ! આપે ખરેખરી શરદી ગ્રહણ કરી છે.'

'શરીર છે, એટલે કંઈક તો આવે જ ને !'

'પણ આ તો વારે વારે આવે છે.' મેં કહ્યું.

સ્વામીશ્રી કહે : 'વારે વારે આવે તોય સ્વીકારવી પડે ને ! કોઈ મળવા આવે તો ના ઓછી પડાય ?'

ડૉ. નિકુલ કહે : 'આપની તબિયત સારી હોય તો બધાને આનંદ આવે ને !'

સ્વામીશ્રી કહે : 'કેટલુંક આમથી આવે ને કેટલુંક એમથી આવે છે.'

સ્વામીશ્રી દરેકનું અંગીકાર કરે છે એ આજે જાતે

જ કહ્યું. એટલે મેં કહ્યું કે 'હવે ઊંધું કરો – આપનું અમને આપી દો. અમે તો શરદીથી ટેવાયેલા છીએ. અમે એની સાથે પનારા પાડી દઈશું, આપ ગ્રહણ ન કરો.'

સ્વામીશ્રી ભાવાર્દ્ર થઈને હસવા લાગ્યા.

•

૨૭-૧૧-૨૦૦૭, બોચાસણ

ભોજન દરમ્યાન 'યજ્ઞપુરુષ ચરિતમ્'નું શ્રવણ કર્યું, જેમાં શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે વેઠેલા ભીડાની વાતો વંચાઈ. આ વાત ઉપરથી સ્વામીશ્રીએ જે ભીડો વેઠ્યો છે એની રજૂઆત સંતોએ કરી.

નારાયણચરણ સ્વામી કહે : '૧૯૭૫ની સાલમાં શરદ પૂનમ પછી ધારી પ્રતિષ્ઠાના દિવસોમાં સ્વામીશ્રી બારપટોળી પધાર્યા હતા. જેમાં રાત્રે ૧૨-૦૦ વાગે સભા પૂરી થઈ અને ત્યાર પછી હરિભક્તોએ એવી વિનંતી કરી કે 'અમારે ત્યાં પધરામણીએ આવો.' બાપાએ પધરામણીઓ કરી અને ત્યાંથી જ્યારે રાજુલા પહોંચ્યા ત્યારે રાત્રે ૧-૩૦ વાગ્યા હતા.'

સર્વમંગલ સ્વામી કહે : 'ઉમલાવમાં પ્રતિષ્ઠા હતી અને પ્રતિષ્ઠાની સભામાં એક વ્યક્તિનું પ્રવચન રાખ્યું ન હતું, પરંતુ એમણે તો કોઈને સાંભળ્યા વગર મંગલાચરણ શરૂ કરી દીધું, એટલે સ્વામીશ્રીએ ઈશારો કરીને એમની સામે માઇક ગોઠવાવ્યું. એમણે તો પોણો કલાક સુધી પ્રવચન કર્યું. એમાં ને એમાં બપોરના ૧૨:૩૦ વાગી ગયા. હજી પધરામણીઓ તો બાકી જ હતી. જમવાનું કોઈ બીજે ઠેકાણે હતું, પણ એ પહેલાં ૪૫ પધરામણીઓ કરી. એ વખતે સ્વામીબાપાની સ્પીડ તો એટલી બધી કે પાછળ થેલો લઈને દોડવું પડે. ભર ઉનાળો ને પંખાની તો વાત નહીં. આવી પરિસ્થિતિમાં પણ સ્વામીબાપાએ પ્રેમથી પધરામણી કરી. ત્યાર પછી ઠાકોરજી જમાડ્યા અને જમ્યા પછી સીસવા પધાર્યા.'

•

'ચિત્રલેખા' સામયિકના સબ એડીટર અને ગુણભાવી કેતનભાઈ મીસ્ત્રી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. આજે તેઓની વીસમી લગ્નગાંઠ હતી. આ લગ્ન એનીવર્સરી સગાં અને મિત્રો વચ્ચે ઉજવવાની જગ્યાએ તેઓ ખાસ અહીં સ્વામીબાપાના આશીર્વાદ લેવા માટે જ આવ્યા હતા. તેઓ કહે : 'બી.એ.પી.એસ.ને ૧૦૦ વર્ષ થાય છે. એના વિકાસના આપ માર્ગદર્શક પણ છો અને સાક્ષી પણ છો. આ ૧૦૦ વર્ષના ગાળાને નિહાળતાં આપને કેવી ભાવના થાય છે અને આપનો શો સંદેશ છે ? શતાબ્દીની સાચી ઉજવણી કઈ રીતે થાય ?'

સ્વામીશ્રી કહે : ''શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની સાધુતા એ જ આના વિકાસના મૂળમાં છે. એમણે સાધુતા રાખીને નિર્માનીપણે પોતાનું કામ કર્યું. પોતાને સહન કરવું પડ્યું. વિક્ષેપ પણ ઘણા આવ્યા, પણ એમના મનમાં સિદ્ધાંત નક્કી થયો હતો કે 'અક્ષર અને પુરુષોત્તમનું જ્ઞાન સાચું છે, ભક્તે સહિત ભગવાનની ઉપાસના એ વૈદિક જ્ઞાન છે – જેને શાસ્ત્રમાં બ્રહ્મ અને પરબ્રહ્મ કહે છે; આ વૈદિક જ્ઞાન સાચું છે અને શ્રીજી-મહારાજ આ જ્ઞાનને પ્રવર્તાવવા માટે પધાર્યા હતા.' આ વાત એમના જીવમાં નક્કી થઈ અને સાચી વાત સૌને પહોંચે એ માટે એમણે કાર્ય ઉપાડ્યું. એમનો ધ્યેય સાચો હતો અને શાસ્ત્રીજી મહારાજ ધ્યેયનિષ્ઠ હતા. એટલે એમણે નક્કી જ કર્યું કે 'સાચી વાત છે તો બધાને કરવી. ભલે વિઘ્ન આવે.' તો એ કામ તેઓએ શરૂ કર્યું. ને ધીરે ધીરે એમની સાધુતા, વિદ્વત્તા અને સહનશીલતાને લીધે સૌને આ જ્ઞાન સમજાવા માંડ્યું. મૂળ ભગવાન સ્વામિ-નારાયણની આજ્ઞા પ્રમાણે તેઓ વર્તતા. એટલે બધાને ભાવના થઈ કે 'સંત સારા છે ને સિદ્ધાંત પણ સાચો છે.' આ રીતે સંપ્રદાય આગળ વધ્યો છે. યોગીજી મહારાજ પણ આર્ષદ્રષ્ટા હતા. એમણે પણ બાળ, કિશોર, યુવા-મંડળોની શરૂઆત કરી અને ભણેલા-ગણેલા યુવાનોને સાધુ કર્યા ને પરદેશમાં પણ જવાનું થયું. આફ્રિકામાં જઈને તેઓએ સત્સંગ કરાવ્યો અને પછી લંડન પણ ગયા. મંદિરો કરીને પ્રતિષ્ઠા કરી. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ બંને દિવ્ય મહાપુરુષો હતા, એકદમ સાધુતા ! જીવન એટલું પવિત્ર હતું કે બધા પ્રત્યે દિવ્યભાવ. એટલે એ રીતે કાર્ય આગળ વધ્યું. એમણે અનેક સંકલ્પો કર્યા હતા – દેશ અને પરદેશમાં સત્સંગ વધે, દિલ્હીમાં અક્ષરધામ થાય. એમના આ સંકલ્પો પ્રમાણે કામ થયાં, મંદિરો પણ થયાં, સત્સંગ પણ વધ્યો, પણ મુખ્ય કારણ હતું : સાધુતા !''

•

૨૮-૧૧-૨૦૦૭, બોચાસણ

અમદાવાદ રહેતા મૂળ ધર્મજના રશ્મિભાઈના સુપુત્ર પોતાના સુપુત્રને લઈને આવ્યા. સ્વામીશ્રી આગળ

રોસ્ટ્રમ ઉપર એને સૂવડાવીને કહે : 'એનું નામ પાડવાનું છે, મીન રાશિ છે.'

'ધ્યેય રાખજો.' સ્વામીશ્રીએ કહ્યું અને ત્યાર પછી નાના શિશુ તરફ દૃષ્ટિ કરતાં એને સંબોધીને સ્વામીશ્રી કહે : 'ધ્યેય નામ છે, તો ધ્યેય રાખજે ભગવાન ભજવાનું.'

•

મુલાકાત દરમ્યાન સ્વામીશ્રી હાડેવાવાળા મુસ્લિમ હરિભક્ત હમીરભાઈને મળ્યા. વરસોથી તેઓ તિલક-ચાંદલા સહિત પૂજા પણ કરે છે. સ્વામીશ્રીને હમીરભાઈ કહે : 'તમે ભગવાનને યાદ કરો ત્યારે...' આટલું કહેતાં વળી તરત જ કહે : 'તમે જ મારા ભગવાન છો, તો મને બે મિનિટ યાદ કરજો, મારું સારું થાય.'

સ્વામીશ્રી કહે : 'તમને યાદ કરું જ છું !'

તેઓને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા.

સામાન્ય સ્થિતિવાળા આ ભાવિક હરિભક્ત જ્યારે રૂમમાંથી બહાર નીકળ્યા ત્યારે તરત જ તેઓની ચિંતા કરતાં સ્વામીશ્રી કહે : 'એમને જમાડ્યા ?'

•

૨૯-૧૧-૨૦૦૭, બોચાસણ

એક મુમુક્ષુ દર્શને આવ્યા. તેઓના ભાઈએ દગો કરીને ધંધો અને મિલકત પડાવી લીધી હતી અને એને કારણે ડિપ્રેશનમાં આવી ગયેલા આ ભાઈની વાણી મૂક થઈ ગઈ હતી અને થોડી થોડી વારે તેઓ ચિડાઈ જતા હતા. આવા ચિડિયા સ્વભાવને લીધે ઘરમાં પણ વાતાવરણ ભારે રહેતું હતું.

સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપતાં કહ્યું : 'ડિપ્રેસ થવાથી પૈસા ઓછા આવવાના છે ? થઈ ગયું એ થઈ ગયું. હવે મહેનત કરવા માંડો અને ભગવાનને પ્રાર્થના કરવા માંડો. આપણે જીવીએ છીએ તો પૈસા આજે નહીં તો કાલે આવશે, માટે બધું ભૂલી જાવ.'

•

પેટલાદના એક હરિભક્ત દર્શને આવ્યા. તેઓ કહે : 'હું નારાયણદાસ પુરુષોત્તમદાસનો પૌત્ર થાઉં.'

સ્વામીશ્રી કહે : 'આ નારાણદાસ સંસ્થાના ટ્રસ્ટી હતા ને હું જ્યારે પેટલાદ ભણવા ગયો ત્યારે એમના ઘરે રહીને પરીક્ષા આપતો હતો.'

•

૩૦-૧૧-૨૦૦૭, બોચાસણ

પૂજા પછી જાણીતા દાનવીર રાહુલભાઈનાં ધર્મ-પત્નીનું મહિલા વિભાગમાં સન્માન કરવામાં આવ્યું. રાહુલભાઈને ગઈકાલે રૂમમાં મળીને સ્વામીશ્રીએ હાર પહેરાવ્યો જ હતો, છતાં સ્વામીશ્રી કહે : 'અત્યારે સ્ટેજ ઉપર બોલાવો.'

સંતો કહે : 'ગઈકાલે રૂમમાં તેઓનું સ્વાગત કરેલું જ છે.'

સ્વામીશ્રી કહે : 'રૂમમાં કર્યું એ રૂમમાં કહેવાય. અત્યારે બોલાવવા જોઈએ.'

જો કે હાર હતો નહીં, એટલે સ્વામીશ્રીએ વધારે ટકોર કરતાં કહ્યું : 'હંમેશાં આ બાબતનું ધ્યાન રાખવું. આવું હોય ત્યારે સ્ટેજ ઉપર બોલાવીને આશીર્વાદ આપવામાં શું ખાટું-મોળું થઈ જવાનું છે ?'

•

રાજેશ્વર સ્વામીએ સ્વામીશ્રીની જન્મભૂમિ ચાણસદમાં નવા બંધાયેલા મંદિરની મૂર્તિપ્રતિષ્ઠાના સંદર્ભમાં કહ્યું : 'ચાણસદ ગામવાળા બધા કહે છે કે આટલી બધી ધામ-ધૂમ કરીએ છીએ, તો બાપુને તો લાવો !'

સ્વામીશ્રી નિરુત્તર રહીને હસવા લાગ્યા.

રાજેશ્વર સ્વામી કહે : 'ગામના લોકો કહે છે કે બાપુને ફોટામાં તો બહુ જોયા છે, પણ નાના-મોટા તમામ પ્રત્યક્ષ જુએ એવી ઇચ્છા છે.'

ચતુર્ભુજ સ્વામી કહે : 'ગામવાળા ને સત્સંગમાં બધા રાજી થાય એવું કરો.'


સ્વામીશ્રી તરત જ કહે : 'મારા ઉપર તો બધા રાજી જ છે.'

સ્વામીશ્રી આ કહી રહ્યા હતા ત્યારે એમના વચનમાં સંપૂર્ણ સંતોષ અને આત્મવિશ્વાસનો રણકાર હતો.

સત્સંગમાં આવ્યા અને માન-સન્માન ન મળ્યું
તો એની ચિંતા ન કરવી. આપણે અહીં ભગવાન માટે આવ્યા છીએ.
આપણે પોતાના કલ્યાણ માટે આવ્યા છીએ.
આ સમજણ હશે તો કોઈનો અવગુણ નહીં આવે.
માણસ છે એટલે સ્વભાવ તો રહેવાના,
પણ આપણે પાછી વૃત્તિ વાળીને વિચારવું કે
'મેં આ કર્યું છે શા માટે ? ભગવાન માટે.'
એટલે કદાચ એવો કોઈ હોય તો એને ન ગણતાં
આપણા મનમાં ઉત્સાહ, ઉમંગ, પ્રીતિ, સંપ, સુહૃદભાવ, એકતા રાખીને
જો કામ કરીશું તો આપણા જીવને આનંદ થશે.

- પ્રમુખસ્વામી મહારાજ

પ્રસંગમ્



ડિસેમ્બર ૨૦૦૯



'આપણે ભગવાનને રાજી કરી શકીએ, ભગવાનનું સુખ આવે, સમાજની સેવા થાય,
આવાં સારાં કાર્યો થાય એ જ ભાવના હંમેશાં રહે છે.
આવું કાર્ય કરવા માટે શ્રીજીમહારાજ, એમના પાંચસો પરમહંસો, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ
ગામોગામ અને ઘરોઘર ફર્યા છે. એ કાર્ય અત્યારે પણ ચાલુ છે.
એમના પ્રતાપથી, એમની ઈચ્છા ને દયાથી, આપ બધાના સહકારથી આ કાર્ય થયું છે.
માટે આપ બધાને પણ ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું અને આપનું જીવન ધન્ય બને તે પ્રાર્થના કરું છું.'

– પ્રમુખસ્વામી મહારાજ

૩-૧૨-૨૦૦૭, બોચાસણ

સ્વામીશ્રીના જન્મસ્થાન ચાણસદમાં મંદિર તૈયાર થયું હતું. સમગ્ર સત્સંગ અને ગ્રમજનોની ઇચ્છા હતી કે 'સ્વામીશ્રી પ્રતિષ્ઠા કરવા પધારે.' આજે એ નિમિત્તે ચાણસદ ગામના સત્સંગની વાત ત્યાંના મંડળ સંચાલકે કરી. ભોજન પછી સમગ્ર ગામ વતી સિદ્ધાર્થભાઈ અને મનુભાઈએ મીઠાઈની માટલી અને સાકરનો પડો સ્વામીશ્રીને અર્પણ કર્યો. મહિલા મંડળે પણ હાથે ફોલેલા ચોખા સ્વામીશ્રી માટે મોકલ્યા હતા. એ ચોખા ગામના હરિભક્તોએ સ્વામીશ્રીને અર્પણ કર્યા અને ત્યાર પછી ગામના પટેલથી માંડીને દરેક જ્ઞાતિના આગેવાન અને હરિભક્તો તથા ગુણભાવીઓ સ્વામીશ્રીને મળ્યા. લગભગ ૧૫૦ જેટલા આ ગ્રામવાસીઓમાંથી મોટા ભાગનાને સ્વામીશ્રી નામ અને રહેઠાણ સહિત ઓળખતા હતા. આ વિશેષતા જોવા જેવી હતી. છેલ્લે એક હરિભક્ત કહે : 'હું તો દાદાઓના વખતથી ગામનો મુખી કહેવાઉં. હું આપને વિનંતી કરું છું કે આપ અમારા ગામમાં પધારો. આખી દુનિયામાં તમે વિચરણ કરો છો, તો અહીં શું વાંધો છે ?'

સ્વામીશ્રી કહે : 'હું તો ત્યાં ઘણું રહ્યો છું (પૂર્વાશ્રમમાં), હવે ફરીથી ક્યાં આવવું ?'

'આપ નથી આવતા એટલે ગામમાં વારે વારે કાળ પડે છે. અમારા જ ગામને ટાળો એ સારું ન કહેવાય. કાંઈ નહીં તો આરતી કરવા પધારો.'

સ્વામીશ્રી નિર્લેપભાવે કહે : 'અહીં બધું કરી દીધું છે, હવે ત્યાં આવવાની જરૂર નથી.'

'અમારી વિનંતી છે, આપ ખાસ પધારો. હેલિકૉપ્ટરમાં આવો, પુષ્પવૃષ્ટિ કરો અને અમારા આખા ગામનો ઉદ્ધાર કરો.'

સ્વામીશ્રી કહે : 'મહારાજ-સ્વામી વિરાજશે એટલે ગામનો ઉદ્ધાર થઈ જશે. અમારા આશીર્વાદ છે.'

સ્વામીશ્રીએ સહેજ પણ મચક ન આપી. ગામના મુસલમાન, હરિજન, ચારણથી માંડીને આદિવાસી સહિત બધા જ ગ્રામવાસીઓ અહીં સ્વામીશ્રીને આમંત્રણ આપવા માટે આવ્યા હતા.

•

૫-૧૨-૨૦૦૭, બોચાસણ

કંપાલાથી આવેલા હરીશભાઈ ભૂપતાણી પણ ચાણસદમાં મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે આવ્યા હતા, એટલે તેઓ સ્વામીશ્રીને કહે : 'બાપા ! આપ આખી દુનિયામાં વિચરણ કરો છો, તો કાલે ચાણસદ પણ આવશો ને ?'

તેઓની વાત ઉપર સ્વામીશ્રી મૌન રહ્યા, એટલે હરીશભાઈ કહે : 'જે ગામમાં આપણે જન્મ્યા હોઈએ એ ગામનું ઋણ ન હોય ? ઋણ તો ચૂકવવું જોઈએ ને !'

સ્વામીશ્રી કહે : 'એ ઋણ તો ભગવાન ચૂકવનારા હોય છે. આપણે શું ચૂકવવાના ? ભગવાન ચૂકવશે. તમારા જેવા ભક્તો ત્યાં જશે એટલે ચૂકવાઈ જશે.'

હરીશભાઈ કહે : 'આપ તો અનાસક્ત છો. તો પછી આપને ગામમાં જવામાં શું વાંધો છે ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાનની આજ્ઞા છે, એ જોવાનું ને ! આપણે તો એમની આજ્ઞા પહેલી, પછી બીજું બધું.'

હરીશભાઈ કહે : 'હું તો સત્સંગમાં નવો છું એટલે મને એવો ખ્યાલ હતો નહીં કે 'ત્યાગીએ પોતાના મૂળ ગામમાં જવાય નહીં.' હું તો ખાસ ચાસણદની પ્રતિષ્ઠા માટે આવ્યો છું, પણ એમાંયે મને તો એમ કે 'ત્યાં આપનો લાભ મળશે,' એટલે જ આવ્યો છું. આપનો લાભ મળવાનો ન હોય તો ત્યાં શું જવું ?'

સ્વામીશ્રી કહે : 'આ જમાનો એવો છે કે બધું ઑટોમૅટિક થઈ જાય. આપણે ન જઈએ તો પણ કામ થઈ જાય.'

હરીશભાઈ કહે : 'ન જવાનું ટેક્નિકલ કારણ શું ?'

સ્વામીશ્રી કહે : 'ટેક્નિકલ જ છે. આજ્ઞા છે એ પ્રમાણે વર્તવાનું.'

હરીશભાઈએ ઘણી બધી રીતે સ્વામીશ્રીને આગ્રહ કરી જોયો, પણ સ્વામીશ્રી એકના બે ન થયા.

•

સમય થતાં સ્વામીશ્રીએ નાસ લીધો. એ દરમ્યાન વૈદકીય પદ્ધતિની વાત યોગીવંદન સ્વામીએ કરી. વમન અને વિરેચનથી થતાં ફાયદા વગેરેની વાત નીકળતાં સ્વામીશ્રી તરત જ કહે :

'મૂળ સંયમ રાખતા શીખે તો કોઈ રોગ ન થાય. સંયમ રાખે એમાં બધું જ આવી જાય. કહ્યું છે ને કે ભોગે રોગભયમ્। આજે તો ચાઇનીઝ ને એ બધું ખાવા જોઈએ, પછી શું થાય ? એક તો ખાવું છે ને પછી અપેક્ષા રાખે કે 'રોગ ન થાય,' એ કેવું કહેવાય ?! મૂળ સંયમ રાખતા શીખવું જોઈએ.'

યોગીવંદન સ્વામી કહે : 'આપ દૃષ્ટિ કરો તો જ સંયમ રહે.'

સ્વામીશ્રી કહે : 'દૃષ્ટિ તો છે જ, પણ મનમાં તો થવું જોઈએ ને કે મારે સંયમ રાખવો છે ! સંયમ તો કાયમ માટે જોઈએ.'

•

૬-૧૨-૨૦૦૭, બોચાસણ

હરિભક્તોને મળીને સ્વામીશ્રી ૧૨:૪૫ વાગે નાસ લેવા વિરાજ્યા.

સ્વામીશ્રીએ નાસ લેવાનું ચાલુ કર્યું ને ધર્મચરણ સ્વામીને કહે : 'જમણી બાજુ પત્રો લાવો હું લખીશ.'

'ઉતાવળ નથી, નાસ લઈ લો.' ધર્મચરણ સ્વામીએ કહ્યું.

એટલે સ્વામીશ્રી કહે : 'બેય કામ સાથે થશે. નાસ પણ લેવાશે અને લખવાનું પણ થશે.'

સ્વામીશ્રીએ નાસ પૂરો થતાં સુધી પત્રલેખન કર્યું. સૌનાં દુઃખ ફેડવાની સ્વામીશ્રીની કેટલી અધીરાઈ છે !

આરામમાં જતી વખતે જનમંગલ સ્વામી કહે : 'અમને એમ કે રૂમમાં આપ નવરા હશો, પણ તમે તો નાસ લેતાં લેતાં પણ ટપાલ લખતા હતા.'

સ્વામીશ્રીએ હસીને પ્રતિસાદ આપ્યો પણ કાંઈ બોલ્યા નહિ.

•

૭-૧૨-૨૦૦૭, બોચાસણ

સ્વામીશ્રી ચાણસદમાં એક વાર પણ પધારીને ફક્ત આરતી ઉતારી જાય – એવી સમગ્ર સત્સંગીઓની માગ હતી. સૌની આવી ભાવનાને જોઈને અટલાદરાથી જ મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, ત્યાગવલ્લભ સ્વામી, ઈશ્વરચરણ સ્વામીએ સ્વામીશ્રીને ફોનમાં વિનંતિ કરતાં કહ્યું કે 'અહીં ઘણા-બધા હરિભક્તો પધાર્યા છે. સૌની ભાવના છે કે આપ એક કલાક માટે પણ અહીં પધારો.'

સ્વામીશ્રી કહે : 'બધા પધાર્યા છે તો બધાને આશીર્વાદ છે.'

ઈશ્વરચરણ સ્વામી કહે : 'આપને આજે વિનંતી કરીએ છીએ કે આપ અહીં પધારો અને આશીર્વાદ આપો.' વળી તેઓ કહે : 'મહંત સ્વામી પણ વિનંતી કરે છે.'

સ્વામીશ્રી કહે : 'આશીર્વાદ છે.'

ત્યાગવલ્લભ સ્વામી કહે : 'મંદિરમાં પધારવાનો વાંધો નહીં.'

પૂર્વાશ્રમના સંદર્ભમાં સ્વામીશ્રી કહે : 'ઘણી વખત પધાર્યા છીએ એટલે આશીર્વાદ છે.'

સૌએ ખૂબ આગ્રહ કર્યો, પરંતુ સ્વામીશ્રીએ વાતને ટાળી દીધી.

•

શાસ્ત્રીજી મહારાજના ખંડમાં એક યુવક સ્વામીશ્રીને કહે : 'જેનો જન્મ દિવસ હોય એ વિશિષ્ટ કાંઈક સંકલ્પ કરે. આજના આપના જન્મદિને શું સંકલ્પ છે ?'

સ્વામીશ્રી કહે : 'ભક્તિ કરો એ.'

•

૯-૧૨-૨૦૦૭, બોચાસણ

લંડન યુવક મંડળે ભજવેલા 'પરમાનંદ' નામક સાંસ્કૃતિક કાર્યક્રમની વીડિયો ભોજન વખતે સ્વામીશ્રીએ નિહાળી. આનંદપ્રિય સ્વામીએ એમાં વિશેષ વિગતો સાથે સાથે કહી.

પરમ આનંદની વાત પૂરી થઈ અને સ્વામીશ્રીએ સામે બેઠેલા એક મુમુક્ષુને પૂછ્યું : 'તને કેવું રહે છે ?'

'આપ મળ્યા એટલે પરમ આનંદ.'

'આનંદની વાત કરે છે, પણ ક્યાંક આઘુંપાછું થાય ખરું.'

'સ્વભાવ હોય એટલે થાય.'

સ્વામીશ્રી કહે : 'બસ, એ જ છે. સ્વભાવ ગયો તો જ આનંદ છે, બાકી તો એવું જ !'

•

એશિયા-પેસિફિક દેશોમાં રહેતા એક યુવકનો પત્ર હતો. પત્ર વાંચ્યા પછી તરત જ સ્વામીશ્રીએ ઉત્તર આપવાની જગ્યાએ એને ફોન જોડાવ્યો. વ્યાવહારિક જવાબદારી અને ખાસ કરીને પત્ની સાથેની જવાબદારીમાં તેઓ પાછા પડતા હતા, કારણ કે એને બાળક માટેની ઇચ્છા હતી નહીં, અને ઘરનાની બધાની ઇચ્છા હતી કે 'બાળક હોવું જોઈએ.' એની પત્નીના પિતાજી તરફથી અને એ યુવકના પિતાજી તરફથી પણ સ્વામીશ્રી ઉપર આ સંદર્ભમાં પત્ર આવતા રહેતા કે 'આપ જ આને સમજાવો, તમારું માનશે, અમારું તો માનતો જ નથી.'

આ સંદર્ભમાં ફોન જોડાવીને સ્વામીશ્રીએ ફોનમાં વાત કરતાં કહ્યું : 'તમે સત્સંગ કરો છો અને ભક્તિ કરો છો એ સારી વાત છે, પણ વ્યવહારમાં રહ્યા એટલે વ્યવહારમાં પણ ધ્યાન આપવું જોઈએ. પર્વતભાઈ ખરેખરા ભક્ત હતા, પણ વ્યવહારમાં હતા તો ખેતીમાં પણ ધ્યાન આપતા અને છોકરા પણ હતા. દાદાખાચર પણ ભક્ત હતા, તેમને પણ વ્યવહારમાં કંઈ વાંધો આવ્યો નથી, બંધન થયું નથી. માટે ઘરના બધા રાજી થાય એમ કરવું. બાળક પણ થાય અને વ્યવહાર પણ ચાલે. તારે શું કહેવું છે ?'

'આપની જેવી આજ્ઞા. કુટુંબમાં બધા રાજી થાય એમ કરવું જ જોઈએ, તો જ ભગવાન ભજવાનું સુખ આવે.'

સ્વામીશ્રી કહે : 'બરાબર છે, આશીર્વાદ છે, બધા રાજી થાય એમ કરજે.'

•

૧૦-૧૨-૨૦૦૭, બોચાસણ

બોસ્ટનથી આવેલા એક યુવકે સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહ્યું : 'બાપા ! ક્રોધ કાઢી નાખો.'

'મારે કાઢવાનો છે કે તારે ?' સ્વામીશ્રીએ સામે પ્રશ્ન કર્યો.

યુવક કહે : 'બાપા ! આપની કૃપાથી મારે ટાળવાનો છે.'

સ્વામીશ્રી કહે : 'પ્રયત્ન તારે કરવાનો છે, તો કૃપા ને દયા થાય.'

સ્વામીશ્રીએ સાધનાની વાત સમજાવી.

•

અમદાવાદથી તપોવત્સલ સ્વામી અને વેદાંતપ્રિય સ્વામી દર્શને આવ્યા હતા. તપોવત્સલ સ્વામીએ સાત દિવસના સળંગ ઉપવાસ કર્યા હતા. તેઓની આવી તપ-સાધનાથી સ્વામીશ્રી ગળગળા થઈને કહે : 'સંતો બધા તપ બહુ કરે છે.' આટલું કહીને થોડી વાર મૌન રહ્યા. આંખો ભાવાર્દ્ર થઈ ગઈ. મુખ ઉપર પણ ભાવાર્દ્રતા લીંપાયેલી હતી.

થોડી વાર પછી અમદાવાદમાં શતાબ્દી મહોત્સવની પૂર્વ તૈયારી ચાલતી હતી એના સંદર્ભમાં સ્વામીશ્રી કહે : 'માપમાં તપ થાય એ સારું. ત્યાં પાછી સેવા કરવાની હોય, કથાવાર્તા, સેવા, ભજન એ બધું સારું થાય ને !' સ્વામીશ્રીની આત્મીયતાપૂર્ણ કરુણા દેખાઈ રહી હતી.

•

૧૨-૧૨-૨૦૦૭, બોચાસણ - અમદાવાદ

બી.એ.પી.એસ.ની ગંગોત્રીસમા બોચાસણથી આજે સ્વામીશ્રી સંસ્થાનો શતાબ્દી મહોત્સવ ઊજવવા માટે અમદાવાદ જવા નીકળ્યા.

ઠાકોરજીનાં દર્શન અને પ્રાર્થના કરીને સ્વામીશ્રી ગાડીમાં વિરાજમાન થયા, ત્યારે જ તેઓએ ફોડ પાડ્યો કે 'પેટલાદ થઈને નડિયાદવાળો રસ્તો લેવો અને ત્યાંથી એક્સપ્રેસ હાઈવે પર ચડવું.'

સામાન્યપણે આણંદ થઈને સ્વામીશ્રી એક્સપ્રેસ હાઈવે પર પધારતા હોય છે.

બહાર ઍસ્કોર્ટ તૈયાર હતી. ત્યાં ગાડી ઊભી રખાવીને સ્વામીશ્રીએ આ રસ્તે લેવાની વાત પોલીસોને કહી. ત્યારે પોલીસોએ એમ કહ્યું કે 'અમને આણંદવાળા રસ્તે થઈને લઈ જવાનો આદેશ છે.' છતાં સ્વામીશ્રીએ કહ્યું કે 'તમે ફરીથી કહેવડાવી દ્યો કે આ બાજુથી અમારે નીકળવું છે.'

પોલીસે એ બાબતની જાણ ઠેઠ ગાંધીનગર સુધી

કરી અને ત્યાર પછી આગળ વધ્યા.

સ્વામીશ્રી પત્ર વાંચવામાં મશગૂલ હતા, પરંતુ પેટલાદ વટ્યા પછી જેવું મહેળાવ ગામ આવ્યું ને સ્વામીશ્રીએ પત્રવાંચન બંધ કર્યું. એકીનજરે સ્વામીશ્રી મહેળાવની આ સીમથી ઠેઠ મંદિર પસાર થયું ત્યાં સુધી શાસ્ત્રીજી મહારાજના જન્મસ્થાનનાં દર્શન કરતા રહ્યા. એની માટીની મહેકને અંતરમાં ભરતા રહ્યા. સતત એકનજરે દર્શન કરી રહેલા સ્વામીશ્રીના અંતરમાં કૃતજ્ઞભાવ હતો, ગુરુને અર્ઘ્ય અર્પણ કરવા માટેની પરાભક્તિ હતી અને શતાબ્દી મહોત્સવનો હાર અર્પણ કરવાની તત્પરતા જણાઈ આવતી હતી. તેઓની તન્મયતા અદ્‌ભુત હતી. જાણે આજુબાજુ કશું છે જ નહીં, એ રીતે દર્શન કરીને સ્વામીશ્રીએ શતાબ્દી મહોત્સવની સફળતાની પ્રાર્થના કરીને ગામની ભાગોળે ઊભેલા હરિભક્તોને ગાડીમાં પસાર થતાં થતાં જ દર્શન આપીને આગળ વધી ગયા.

•

૧૨-૧૨-૨૦૦૭, અમદાવાદ

રાત્રીભોજન માટે સ્વામીશ્રી બહાર પધાર્યા ત્યારે ભોજનકક્ષ સંતો વડે ભરાઈ ચૂક્યો હતો. કેટલાક હરિભક્તો બેઠા હતા. જેમાં નૈરોબીના હર્ષદભાઈ રાણા કહે : 'અમારા ઘરમાં તો નાનો પ્રસંગ હોય તો પણ મૂંઝાઈ જઈએ ને આપના ઘરે તો આટલો મોટો પ્રસંગ છે, છતાં આપ તો શાંતિથી બેઠા છો !'

સ્વામીશ્રી કહે : 'ભગવાનનું કામ ભગવાન કરે છે એટલે. ભગવાન બધામાં પ્રેરણા કરે છે. સંતો-હરિભક્તો બાઈઓ-ભાઈઓ બધાંમાં ભગવાને પ્રેરણા કરી છે, તો કામ થાય છે, પછી આપણે શું કામ માથે લઈને ફરવું ?'

•

થાળ આવી ગયો હતો. ગોંડલથી આવેલા ભક્તિ-કિશોર સ્વામી ગોંડલની વાડીમાં પકવેલો ગોળ લઈને આવ્યા હતા. જેમાં રસિયો ગોળ પણ હતો. ઘનશ્યામ મહારાજને ધરાવીને આ ગોળ તેઓ લાવ્યા હતા. એ ગોળ થાળમાં મૂકવામાં આવ્યો. સ્વામીશ્રીએ તરત જ પૂછ્યું : 'ધરાવ્યો છે ?'

'હા. ત્યાંથી ધરાવીને લાવ્યા છીએ.'

એ જવાબ મળ્યા પછી સ્વામીશ્રીએ રસિયો ગોળ અંગીકાર કર્યો.

યોગીજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજના વખતના કેટલાક ભક્તોના સ્વભાવની લાક્ષણિકતાઓની વાતો જૂના જૂના સંતોએ કરવા માંડી. સૌને આનંદ આવ્યો. હરિભક્તોની દૈહિક પ્રકૃતિ અને લીલાઓની વાતો ઠેઠ સુધી ચાલી.

છેલ્લે સ્વામીશ્રી કહે : 'આપણે બધી વાત થઈ. જૂના જૂના હરિભક્તોને સંભાર્યા. આ તો સ્વભાવ અને પ્રકૃતિની વાતો છે, પણ એમની નિષ્ઠા અને સમજણ ને સેવા ખૂબ, એમાં કોઈ પ્રકારે ખામી નહીં. આ તો સંભારીએ એટલે આનંદ આવે એ બરાબર છે, બાકી ભક્તોની બધી ક્રિયા દિવ્ય. મંદિરનું જરાય બગડવા ન દે, એવા એ ભક્તો હતા.'

સ્વામીશ્રી મહિમાની મૂર્તિ છે અને નાનામાં નાના હરિભક્તનો પણ મહિમા રાખવાની તેઓની રુચિ છે.

•

૧૪-૧૨-૨૦૦૭, અમદાવાદ

અમેરિકાથી આવેલા પરેશ અજમેરાને જોતાં જ સ્વામીશ્રી કહે : 'તું તો લેન્સ પહેરતો હતો ને !'

સ્વામીશ્રીની આ સ્મૃતિથી એની આંખો પહોળી થઈ ગઈ, જે એનાં ચશ્માંમાંથી આરપાર દેખાતું હતું.

એ કહે : 'ત્રીસ વર્ષ પહેલાં હું લેન્સ પહેરતો હતો એ હજી આપને યાદ છે ! ત્યાર પછી તો હું ચશ્માં ઉપર આવી ગયો છું !'

•

૧૫-૧૨-૨૦૦૭, અમદાવાદ

શતાબ્દી ઉત્સવની ભવ્ય સભા પછી મંચ પરથી સ્વામીશ્રી લિફ્ટમાંથી નીચે પધાર્યા ત્યાં પ્રખ્યાત લેખક કાન્તિ ભટ્ટને જોતાં જ સ્વામીશ્રીએ સામેથી તેઓને નામથી બોલાવ્યા, ત્યારે તેઓ બીજા સંતને કહેવા લાગ્યા કે 'મને ખબર જ હતી કે પ્રમુખસ્વામી ક્યારેય કોઈને ભૂલે નહીં. વરસો પછી હું મળ્યો, છતાં એમણે મને યાદ રાખ્યો !'

સ્વામીશ્રીની આવી આત્મીયતાથી તેઓ આનંદથી છલકાઈ ઊઠ્યા.

•

૧૭-૧૨-૨૦૦૭, અમદાવાદ

સ્વામીશ્રી રોજના ક્રમ પ્રમાણે આમ તો બપોરે

૧૨:૦૦ વાગ્યા પછી ભ્રમણ કરીને આસન કર્યા પછી જ્યૂસ સાથે ગોળી અંગીકાર કરે છે, પરંતુ આજની વાત કાંઈક અલગ જ હતી. સ્વામીશ્રી આસન દરમ્યાન જ નિરાંતે નસકોરા બોલાવવા લાગ્યા હતા.

મીઠા અને ધીમા સ્વરે આવતા નસકોરાનો ધ્વનિ રૂમને ભરી દઈ રહ્યો હતો. રૂમમાં અંધારું થઈ ચૂક્યું હતું અને સ્વામીશ્રી નિરાંતે પોઢી ગયા હતા.

હા.

આજનો દિવસ કયો હતો ?

અલબત્ત, સ્વામીશ્રીના પોતાના જ જન્મદિવસનો !

પોતાના જન્મદિને જ્યારે પોતાને જ અભિનંદન આપવા માટે સવારથી હજારો નહીં, બલ્કે લાખો માણસોની અભિનંદનવર્ષા થઈ રહી હોય, અને સાંજના અતિ ભવ્ય કાર્યક્રમમાં પોણા ત્રણ લાખ જેટલા માણસો ઊમટવાના હોય, અને એકે એક આંખો અને હૃદયના કેન્દ્રમાં જે વ્યક્તિ હોય, એ વ્યક્તિ શું આજનો પોતાનો જન્મદિવસ ભૂલી ગયા હશે કે આટલી નિરાંતે આસન દરમ્યાન જ ઊંઘી જઈ શકે !

'સ્વ'ને જે ભૂલી જઈ શકે એ જ જન્મ જયંતીને યોગ્ય છે ને !

•

આજના દિવસે ૮૬ વર્ષના એક વૃદ્ધાએ પોતે જાતે ફોલેલા ચોખાની પોટલી સ્વામીશ્રીને મોકલાવી હતી. એ પોટલી જ્યારે ખોલી ત્યારે ધ્રૂજતા હાથ સાથેના અક્ષરવાળી ચિઠ્ઠીમાં એક જ વાક્ય લખ્યું હતું : 'બાપા ! અક્ષરધામમાં લઈ જજો.'

સ્વામીશ્રીએ એ ચોખા રાંધીને ઠાકોરજીને ધરાવવાનું કહ્યું.

•

સંસ્થા શતાબ્દી અને સ્વામીશ્રીનો જયંતી-ઉત્સવ અદ્‌ભુત રીતે ઉજવાયો. સમગ્રતયા આવો મહોત્સવ ગુજરાતના ઇતિહાસમાં જ નહીં, ભારતના ધાર્મિક જગતમાં અદ્વિતીય હતો. પોણા ત્રણ લાખ હરિભક્તો સભામાં ઉપસ્થિત હતા.

મહોત્સવની પૂર્ણાહુતિ બાદ સ્વામીશ્રી ૯:૨૫ વાગે મંદિરે પધારીને ઠાકોરજી જમાડવા વિરાજ્યા ત્યારે દર્શન કરી રહેલા સૌ સંતો બોલી રહ્યા હતા : 'અદ્‌ભુત... અદ્‌ભુત...'

જનમંગલ સ્વામી કહે : 'સ્વામિનારાયણ ભગવાનથી માંડીને અત્યાર સુધીની પરંપરામાં આટલો ભવ્ય અને વિશાળ સમૈયો ક્યારેય નહીં થયો હોય !'

સ્વામીશ્રીએ વાત કાપી નાખતાં કહ્યું : 'ભગવાનના વખતમાં તો આનાથી પણ મોટા સમૈયા થતા અને સમૈયામાં લાખો હરિભક્તો આવતા. ભગવાન હોય ત્યાં આવા ઉત્સવ થાય જ ને !'

•

૨૫-૧૨-૨૦૦૭, અમદાવાદ

આજે સમાચાર આવ્યા કે રાજ્યના નવી વિધાનસભાના નવા ચૂંટાયેલા નરેન્દ્રભાઈ મોદી અત્યારે મુખ્યમંત્રી તરીકે શપથવિધિ લેવા જતા પહેલાં સ્વામીશ્રીના ખાસ આશીર્વાદ લેવા માટે આવવાના છે.

નરેન્દ્રભાઈ પહેલાં દસેક મિનિટ રોકાવાના હતા, એટલે સ્વામીશ્રીએ તેઓને મંદિર પર ઠાકોરજીનાં દર્શન કરાવીને લાવવાનું સૂચન કર્યું હતું. ત્યાર પછી તેઓના સંદેશ પ્રમાણે ફક્ત પાંચેક મિનિટ રોકાવાના હોઈ વ્યવસ્થાપક સંતોએ સ્વામીશ્રીને પૂછ્યું કે 'સીધા જ આપનાં દર્શને લાવીએ તો ચાલે ?'

'કેમ ? ઠાકોરજીનાં દર્શન કેમ નહીં ?'

'એમને સમય ઓછો છે ને આપની સાથે હરિકૃષ્ણ મહારાજ તો છે જ.'

'તો પણ સ્થાનદેવતા કહેવાય, એમને પહેલાં પગે લાગવું પડે. આપણે તો પહેલાં ભગવાન જ રાખવા ને પછી આપણે છીએ.' સ્વામીશ્રીએ આટલી ટૂંકી સમય-મર્યાદામાં ભગવાનનાં દર્શન કરાવવાનો વિશેષ આગ્રહ રાખ્યો.

મુલાકાત ખંડમાં સ્વામીશ્રીની ડાબી બાજુએ સોફો રાખવામાં આવ્યો હતો. વચ્ચે હરિકૃષ્ણ મહારાજ વિરાજમાન હતા. થોડીક ક્ષણોમાં દર્શન કરીને નરેન્દ્રભાઈ આવી પહોંચ્યા અને પંચાંગ પ્રણામ કરીને ચરણસ્પર્શ કર્યો. સ્વામીશ્રીએ ઘનશ્યામ મહારાજનો પ્રસાદીનો હાર તેઓને પહેરાવીને આશીર્વાદ આપ્યા ને કહ્યું : 'ભગવાન રક્ષા કરે, ખૂબ સારામાં સારું કાર્ય થાય, ગુજરાત અને દેશનો વિકાસ થાય એ આશીર્વાદ છે. એકતાથી સઘળું કાર્ય થાય એ આશીર્વાદ છે.'

તેઓ બેઠા પછી શાંતિપાઠનું ગાન થયું અને સ્વામીશ્રીએ કંકુ વડે અનામિકાથી તેઓના કપાળે

લાંબો રાજતિલક જેવો ચાંદલો કરીને ચોખા ચોડ્યા અને નાડાછડી બાંધી આપી અને ત્યાર પછી પ્રસાદીની માળા અને કંઠી પણ તેઓને આપી. બીમારી પછી પણ સ્વામીશ્રીની અશક્તિ સ્પષ્ટપણે જણાઈ આવતી હતી, કારણ કે સ્વામીશ્રીના હાથ ધ્રૂજતા હતા.

છેલ્લે રાજ્યતિલક અભિષેકમંત્ર બોલાવીને સ્વામીશ્રીએ તેઓના માથે અક્ષતવર્ષા કરી અને માથા ઉપર બંને હાથ મૂકીને પુનઃ આશીર્વાદ આપ્યા અને બાજુમાં વિરાજમાન હરિકૃષ્ણ મહારાજને જાતે જ લઈને તેઓના માથે મૂક્યા. એ વખતે સ્વામીશ્રીનો હાથ ખૂબ જ ધ્રૂજતો હતો અને છતાં સ્વામીશ્રી ઉમળકાથી તેઓને આશીર્વાદ આપતા હતા અને હરિકૃષ્ણ મહારાજનો પરિચય કરાવતાં કહે : 'આ હરિકૃષ્ણ મહારાજનું ગુણાતીતાનંદ સ્વામી અને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે પૂજન કરેલું છે. એ આપની અખંડ રક્ષા કરે અને બધાં કામ કરે ને ઠેઠ દિલ્હી સુધીનું કામ થાય એ આશીર્વાદ છે.'

ઠાકોરજીના પ્રસાદમાંથી મોં મીઠું કરાવતાં સ્વામીશ્રીએ કાજુકતરીમાંથી કટકો લઈને તેઓને આપ્યો અને ત્યાર પછી અંજીરપાક લઈને તેઓના મોઢામાં મૂક્યો ને કહ્યું : 'કાયમ મોઢું મીઠું રહે એ આશીર્વાદ છે.'

ઘડીભરમાં તો સમય વીતી ગયો. પુનઃ માથે હાથ મૂકતાં સ્વામીશ્રી કહે : 'રાજકીય રીતે, સામાજિક રીતે અને આર્થિક રીતે કોઈ રીતે વિઘ્ન ન આવે.' એમ કહેતાં તેઓના માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા અને ત્યાર પછી નરેન્દ્રભાઈ સરદાર પટેલ સ્ટેડિયમમાં શપથ લેવા માટે વિદાય થયા.

•

૨૭-૧૨-૨૦૦૭, અમદાવાદ

ભોજન દરમ્યાન સેન ડીયાગોથી આવેલા વ્યોમેશભાઈ ભટ્ટને મળ્યા. વિશ્વપ્રસિદ્ધ આઇ.ટી. કંપની HP(હ્યુલેટ-પેકાર્ડ)ના પ્રિન્ટિંગ ડિવિઝનના વાઇસ પ્રેસિડન્ટ અને સત્સંગીબંધુ તરીકે તેઓ ખાસ લાભ લેવા માટે અમદાવાદમાં ચાર દિવસ રોકાયા હતા. વરસે છ કરોડ પ્રિન્ટર અને સાઠ કરોડ કાર્ટ્રિજનું વેચાણ કરતી આ કંપની સો અબજ ડૉલરની છે. આવી વિશાળ કંપની અને યાહુ ઇમેલ સર્વિસીસના ડિરેક્ટર વ્યોમેશભાઈએ કંપનીની વિગતો અને પોતાને સત્સંગથી થતા લાભની વિગતે વાત કરી.

વ્યોમેશભાઈને જ્યારે પૂછવામાં આવ્યું કે 'તમે આટલા મોટા પદ ઉપર છો તો તમે સ્વામીશ્રીને કઈ દૃષ્ટિથી નિહાળો છો ?''

તેઓ સ્વામીશ્રીને સંબોધીને કહે : 'આપ આટલું બધું કામ કરી રહ્યા છો, આટલાં મંદિરો બાંધો છો, પરંતુ એની સાથે આપની જે નમ્રતા છે, એ અદ્‌ભુત છે. આટલી સફળતા મળ્યા પછી બીજા હોય એને તો ગરમી આવી જાય અને એનાથી જ પડતી થાય છે. આપની નમ્રતામાંથી મને જે શીખવા મળ્યું છે એ બીજે ક્યાંય નથી મળ્યું. બહુ જ સફળ હોય, પરંતુ નમ્રતા ન હોય એવા ફેંકાઈ ગયેલા મેં અનેક જોયા છે.

'સૌથી પહેલાં ભગવાન, સંસ્થા, સંતો, હરિભક્તો અને છેલ્લે તમે - એ વાત આપના વલણમાં અદ્‌ભુત છે અને એ ખૂબ જ અઘરામાં અઘરું છે. આટલા બધા હરિભક્તો તમારી પાછળ અને આપ સૌથી નમ્ર.

'બીજું, આપ નાના બાળકની જેમ હસો છો, એ ખૂબ ગમે છે. સુખી કોણ ? એની કસોટી કઈ ? કે જે સૌથી વધુ હસી શકે તે. આપ જે નિખાલસતાથી હસો છો એ જોતાં લાગે કે આપ સૌથી વધુ સુખી છો. જે ખરેખર અંદરથી હસી શકે. હાસ્ય તો અંદરથી આવવું જોઈએ, એ આપનામાં છે. અને એના માટે અત્યંત પવિત્રતા જોઈએ, જે બાળકમાં હોય છે અને આપનામાં છે.

'અમેરિકામાં સુખી થવા માટે પાંચ-પાંચ દિવસના કોર્સ હોય છે. કેટલી ગાડી ! કેટલી સંપત્તિ ! પણ તોય સુખી નથી હોતા. તમારામાં મેં જે ભાવ જોયો એ ક્યાંય નથી જોયું.

'વળી, મારી બે દીકરીઓ ધર્મમાં ચુસ્ત રહે છે, એ આપના લીધે છે. અમેરિકામાં બર્કલી જેવી યુનિવર્સિટીમાં ભણે છે, છતાં ત્યાં પણ અગિયારસ કરે છે. એ આ સંસ્થાના કારણે, તમારે લીધે. અમેરિકામાં રહીને આટલો સત્સંગ કરે છે, એ હું માની જ શકતો નથી.'

•

૨૮-૧૨-૨૦૦૭, અમદાવાદ

પૂજા પછી સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શન માટે વ્હીલ-ચૅરમાં વિરાજીને જઈ રહ્યા હતા. અભિષેક મંડપમ્‌ની બહારની બાજુએ ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડથી આવેલા બાળકો બેઠા હતા. સૌ સ્વામીશ્રી નજીક આવ્યા એટલે

સમૂહમાં 'જય સ્વામિનારાયણ' બોલ્યા. સ્વામીશ્રીની પ્રસન્ન નજર પ્રત્યેક બાળક ઉપર પડી રહી હતી.

એમાંના એક બાળકની આંખ લાલ અને ચોળ્યા પછીની ઝીણી થયેલી જોઈને નજીક આવતાં આવતાં જ સ્વામીશ્રીએ પોતાની આંખ ઝીણી કરીને જિજ્ઞાસાપૂર્વક પેલા બાળકને વહાલથી પૂછ્યું કે 'કેમ આંખ ઝીણી થઈ ગઈ છે ?' એમ કહીને પોતાનો હાથ લંબાવ્યો. એ બાળક પણ નજીક આવ્યો, એટલે આંખ ઉપર હાથ ફેરવતાં સ્વામીશ્રી કહે : 'આંખ લાલ થઈ ગઈ છે. બહુ ખંજવાળ્યું લાગે છે.'

'હા.' પેલા બાળકે જવાબ આપ્યો.

એની આંખમાં ઇન્ફેક્શન હતું, એ પામી ગયેલા સ્વામીશ્રીએ એને આંખે હાથ ફેરવી, વહાલ કરીને કાયમની સ્મૃતિ અને આશીર્વાદ આપી દીધા.

•

મુંબઈથી પૂર્વ કેન્દ્રિય મંત્રી સુરેશ પ્રભુ આવવાના હતા. સ્વામીશ્રી પત્રવાંચનનું કાર્ય કરી રહ્યા હતા. થોડી વારમાં સુરેશ પ્રભુ આવ્યા અને વી.આઇ.પી. પ્રતીક્ષા ખંડમાં બેઠા. સ્વામીશ્રી નિખિલેશ સ્વામીને કહે : 'બોલાવી લ્યો.'

નિખિલેશ સ્વામી કહે : 'પણ આપનું ટપાલનું કામ ચાલું છે ને !'

'એમાં શું વાંધો છે ? આપણે આપણું કામ કરીએ છીએ. એ આવે એટલે બંધ કરી દઈશું.' સ્વામીશ્રીની આ કર્મઠતા હતી.

સુરેશ પ્રભુ ઘણી આંતરરાષ્ટ્રીય એજન્સીઓમાં મોટા હોદ્દા ઉપર છે. ખાસ કરીને પર્યાવરણ અને જળ-સ્રોતની ચિંતા તેઓ કરે છે. એ બાબતની વાત આવતાં સ્વામીશ્રી કહે : 'પાણીનો સંગ્રહ થાય એ માટે શું કરાય ?'

'ચેકડેમ વગેરે બાંધવા જોઈએ.'

'તો પછી મોટા ડેમ બંધાય એનો વિરોધ શું કામ થાય છે ?' સ્વામીશ્રીનો નિર્દેશ નર્મદાયોજના તરફ હતો.

'કારણ કે આપણે વૈજ્ઞાનિક રીતે આ લોકોને સમજાવવામાં કાચા પડીએ છીએ, અને સાથે સાથે કેટલીક વિદેશી સંસ્થાઓને આપણા દેશમાં આવો વિકાસ ન થાય એમાં પણ રસ હોય છે.'

આ સાંભળતાં સ્વામીશ્રી તેઓને જ કહે કે 'જે બધા વિરોધ કરે છે, એને તમે સમજાવો અને વિરોધને ટાળો. પરદેશવાળા સ્વાર્થ માટે કરે છે, પણ એ બધાને પણ સમજાવો.'

સ્વામીશ્રીના અંતરમાં ગુજરાત અને ભારતનું હિત કેટલું વસ્યું છે ?!

•

૨૯-૧૨-૨૦૦૭, અમદાવાદ

મુલાકાતમાં એક જૂના હરિભક્તનો પૌત્ર પણ હતો. અમેરિકામાં રહીને ઉછરેલા આ યુવકને કોઈ અમેરિકન સ્ત્રી સાથે પ્રેમ થઈ ગયો હતો અને એની સાથે લગ્ન કરવાની મનમાં ગાંઠ વાળી હતી. બીજી બાજુ એનાં માતુશ્રીથી માંડીને બીજા કોઈને આ લગ્ન સ્વીકાર્ય ન હતા. આ બાબતમાં અંદરોઅંદર મતભેદ અને સંઘર્ષ રહેતા હતા.

એનાં માતુશ્રીએ આજે સ્વામીશ્રી પાસે એને મોકલ્યો હતો. એના સંબંધીએ સ્વામીશ્રીને સઘળી વાત કરી, ત્યારે પેલા યુવકે થોડીક પ્રતિકારાત્મક દલીલ કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ સ્વામીશ્રીએ એને સમજાવતાં કહ્યું કે 'ત્યાંના લોકોનું માનસ કેવું છે એ જોવું. એ લોકો સ્વતંત્ર રીતે રહ્યા હોય, એટલે અત્યારે પ્રેમ જેવું લાગે પણ પછી સ્વતંત્ર થઈ જાય એટલે તને સત્સંગ પણ ન રાખવા દે અને છૂટું કરીને ચાલ્યું જાય, કોઈ મર્યાદા નહીં. અને એટલું ધ્યાન રાખવું કે આપણો જન્મ માતા-પિતાથી છે. એટલે સૌથી પહેલાં એમની રુચિ જોવી. જો એમની રુચિ ન હોય તો ન કરવું.'

•

હ્યુસ્ટનવાળા જયંતીભાઈના કો'ક સગાનો નાનો પુત્ર દર્શને આવ્યો હતો. સ્વામીશ્રીની સામે જોઈને કહે : 'બાપા ! મને આપનું હસવું બહુ ગમે છે. અત્યારે તમે હસશો ?'

સ્વામીશ્રીએ ફક્ત બાળકનો ભાવ પૂરો કરવા જ હસીને થાપો આપતાં કહે : 'તું પણ કાયમ હસતો રહેજે.'

•

૮:૨૫ વાગે ભોજન શરૂ થયું. એ દરમ્યાન દિલ્હી અક્ષરધામને ગિનિસ વર્લ્ડ બુકમાં સ્થાન મળ્યું હતું, એના સમાચાર જુદાં જુદાં રાજ્યોનાં દૈનિક પત્રોમાં આવ્યા હતા. એ દૈનિક પત્રોના સમાચારનું પણ પઠન થયું. સમગ્ર દેશમાં થયેલો ઉદ્‌ઘોષ નિહાળીને સ્વામીશ્રી

બોલ્યા : 'જોગીબાપાનો સંકલ્પ હતો, એટલે બીજામાં ને તીજામાં આવે જ રાખે છે.'

સાથે સાથે સ્વામીશ્રી કહે : 'વિજ્ઞાન વધ્યું તે વિજ્ઞાનની (ઇલેક્ટ્રોનિક મિડિયાની) સેવા સારી થઈ ગઈ. જોગીબાપાનો સંકલ્પ હતો તો બધા દેશો સુધી પહોંચી ગયું ને ! મૂળ જોગીબાપાનો સંકલ્પ.'

ઈશ્વરચરણ સ્વામી કહે : 'આપે એને સાક્ષાત્ કર્યું.'

સ્વામીશ્રી કહે : 'મૂળ એમનો સંકલ્પ જ એવો હતો.'

ઈશ્વરચરણ સ્વામી કહે : 'ને આપે પૂરો કર્યો.'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'આપ દરેક વાતમાં કે કાર્યમાં શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજને આગળ રાખો છો, ઠાકોરજીને હંમેશાં આગળ જ રાખો છો.'

સ્વામીશ્રી કહે : 'જોગીબાપાને તો ડગલે ને પગલે ઠાકોરજી આગળ જ જોઈએ.'

આ વાતમાં પણ સ્વામીશ્રીએ ગુરુ અને ઠાકોરજીને આગળ કરી દીધા.

•


૩૧-૧૨-૨૦૦૭, અમદાવાદ

સ્વામીશ્રી છેલ્લા ઘણા દિવસથી બિમાર હતા, એટલે મુલાકાતો રદ કરવામાં આવી હતી. આજે ભોજન પછી બે-ચાર મુલાકાત જ હતી. હર્ષદભાઈ રાણા દર્શને આવ્યા. આજે ૨૦૦૭ના વર્ષની છેલ્લી રાત્રી અને છેલ્લો દિવસ હતો. તેઓ સ્વામીશ્રીને કહે : 'આજે છેલ્લો દિવસ. કાલથી નવું વરસ.'

સ્વામીશ્રી કહે : 'આપણે તો દિન દિન દિવાળી. આપણે ક્યાં નવું કે જૂનું હોય ? આપણે તો રોજ નવું વરસ જ સમજવાનું.'



શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ



પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ (જન્મ : તા. ૭-૧૨-'૨૧, ચાણસદ, જિ. વડોદરા)

'બીજાના ભલામાં આપણું જ ભલું છે...!' – આ જીવનસૂત્ર સાથે લાખો લોકોને હૂંફ આપનાર પ્રમુખસ્વામી મહારાજ એક વિરલ સંતવિભૂતિ છે. ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના તેઓ પાંચમા ગુરુદેવ છે.
આ વાત્સલ્યમૂર્તિ સંતના સાંનિધ્યમાં શંકાઓ શમે છે, દ્વિધાઓ દૂર થાય છે, આઘાત અદૃશ્ય થાય છે, મન શાંતિનો અનુભવ કરે છે. એમના નિર્વ્યાજ વાત્સલ્યની અપાર વર્ષામાં બાળકો, યુવાનો, વૃદ્ધો, ભણેલા કે અભણ, દેશ કે વિદેશના સૌ કોઈ ધન્ય થઈ જાય છે.
આફ્રિકાના પછાતો અને આદિવાસીઓથી માંડીને અમેરિકાવાસીઓ સુધી સૌને તેઓએ સમતાથી ચાહ્યા છે.
બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા(બી.એ.પી.એસ.)ની અનેકવિધ આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિના સૂત્રધાર સ્વામીશ્રીએ, કઠિન પુરુષાર્થથી એક વિરાટ ચારિત્ર્યવાન સમાજ ખડો કર્યો છે.
લોકોના હિત માટે, આ પરોપકારી સંતે ૧૭,૦૦૦થી વધુ ગામોમાં વિચરણ કર્યું છે; ૨,૫૦,૦૦૦ થીય વધુ ઘરોની વ્યક્તિગત મુલાકાત લીધી છે; ૭,૦૦,૦૦૦ થીય વધુ પત્રો લખ્યા છે. અક્ષરધામ જેવા જગવિખ્યાત સંસ્કૃતિધામ ઉપરાંત, જગતભરમાં ૭૦૦થીય વધુ મંદિરોનું સર્જન કરીને તેમણે સંસ્કૃતિનાં ચિરંતન સ્મારકો સ્થાપ્યાં છે.
મહારાષ્ટ્ર, કચ્છના ભૂકંપપીડિતોથી લઈને સૌરાષ્ટ્રના દુષ્કાળમાં રિબાતાં પશુઓ સુધી કે ચેન્નાઈના ત્સુનામી અને આંધ્ર-ઓરિસ્સાનાં વાવાઝોડાંમાં તારાજ થયેલાં લોકો સુધી આ કરુણામૂર્તિ સંતની કરુણા વહી છે.
એટલે જ, આંતરરાષ્ટ્રીય ધુરંધરોથી લઈને આદિવાસી સુધીના અસંખ્ય લોકોએ તેમને હૃદયપૂર્વક ચાહ્યા છે.
તેઓની વિરાટ સિદ્ધિઓનું રહસ્ય છે : પરબ્રહ્મનો સાક્ષાત્કાર.
અનેક મુમુક્ષુઓએ તેમના સાંનિધ્યમાં પરબ્રહ્મની દિવ્ય અનુભૂતિ કરી છે, ઉચ્ચ આધ્યાત્મિક શિખર પ્રાપ્ત કર્યું છે, અને અનેક કરી રહ્યા છે.

જેઓના
સહજ પ્રસંગે
સહજાનંદનો સાક્ષાત્કાર થાય અને
મોક્ષનું દ્વાર ઊઘડ્યાની પ્રતીતિ થાય.
એવા સંતવર્ય પ્રમુખસ્વામી મહારાજનું જીવન
સ્વયં એક ચમત્કાર છે.
તેઓના જીવનની પારદર્શિતામાં અભિવ્યક્ત થતી સાદગી,
સાદગીમાં છુપાયેલી નિર્દંભ સાધુતા,
સાધુતામાં ફોરી રહેલા અનંત કલ્યાણકારી સદ્‌ગુણો,
પરમાત્મા સાથેની અખંડ તન્મયતા,
આવા અનેક સદ્‌ગુણોનાં પુષ્પો સ્વામીશ્રીના પ્રસંગમાં મઘમઘે છે.
તેને જોતાં પ્રતીતિ થાય છે કે અહીં સાક્ષાત્ શ્રીહરિની જ સુવાસ મઘમઘે છે.
અને એટલે જ સ્વામીશ્રીનો સહજ પ્રસંગ જેને સાંપડ્યો છે
એ સૌને એ બ્રહ્મભીની મહેંક લાગ્યા વિના રહી નથી.
'પ્રસંગમ્' પુસ્તકમાં એવા બ્રહ્મભીના પ્રસંગોની એક મહેંક છે,
સ્વામીશ્રીની રોજનીશી સાથે નોંધાયેલા દિવ્ય પ્રસંગોની સહજ રજૂઆત છે.
અહીં તેઓના નાના મોટા કોઈ પણ પ્રસંગોમાં અવગાહન કરનારને
તેઓના અનંત દિવ્ય અને કલ્યાણકારી ગુણોનું સહજ દર્શન થાય છે.
ખાસ તો તેઓના 'પ્રસંગ' દ્વારા જ તેઓનો પ્રસંગ કઈ રીતે કરવો
એ શીખવા મળે છે. જો કે અહીં આ રીતે સ્વામીશ્રીને માપવાનો
પ્રયાસ હરગિજ નથી. અહીં વિનમ્ર પ્રયાસ છે
સ્વામીશ્રીને પામવાનો.



$ 3.00
ISBN: 81-7526-398-9